ॐ

नमः श्रीसिद्धेभ्यः

# પ્રસાદ નં. – ૨૭૦

વી. નિ સં. ૨૪૭૮, શ્રાવણ સુદ ૪, વર્ષ ૨જું. પુસ્તક દસમું,
સોનગઢ, તા. ૨૬-૭-૫૨, શનિવાર.

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

(અષાડ વદ ૧૪, રવિવાર, ૨૦-૭-૫૨ સવારે)

## ૧૧. બોધિદુર્લભ અનુપ્રેક્ષા

ગાથા-૨૮૪

जीव: अनन्तकालं वसति निगोदेषु आदिपरिहीन: ।
तत: नि:सृत्य पृथ्वीकायादिक: भवति ।।२८४।।

અર્થ :- આ જીવ, સંસારમાં અનાદિકાળથી માંડી અનંતકાળ તો નિગોદમાં રહે છે અને ત્યાંથી નીકળી પૃથ્વીકાયાદિ પર્યાયને ધારણ કરે છે. અનાદિથી અનંતકાળ સુધી નિત્યનિગોદમાં જીવનો વાસ છે. ત્યાં એક શરીરમાં અનંતાનંત જીવોના આહાર, શ્વાસોશ્વાસ, જીવન-મરણ સમાન છે. એક શ્વાસમાં અઢારમાં ભાગ જેટલું આયુષ્ય છે. ત્યાંથી નીકળી કદાચિત્ પૃથ્વી-અપ-તેજ-

**વાયુકાયપર્યાય પામે છે. એ પર્યાયો પામવી દુર્લભ છે.**

અર્થ :- આ જીવ સંસારમાં અનાદિકાળથી માંડી અનંતકાળ તો નિગોદમાં રહે છે. જુઓ, મનુષ્યપણું દુર્લભ છે, તેમાં સાચી સમજણ ઘણી દુર્લભ છે. ''મનુષ્યદેહનાં ટાણાં રે વહાલા તને ફરી નહિ મળે રે, ઊંટના ભવમાં તને કાંટા ખાવા પડશે ને માર પડશે વગેરે'' તત્વજ્ઞાન વિનાનાં વૈરાગ્ય ઘણા કરે તેની કિંમત નથી. મિથ્યાત્વરહિત, જ્ઞાનગર્ભિત નિત્યાનંદના મહિમાવાળો વૈરાગ્ય તે અપૂર્વ છે. નિત્ય નિગોદમાંથી નીકળી પાંચ સ્થાવર એકેંદ્રિય શરીર પામે છે. નિત્ય નિગોદમાં એક શરીરમાં અનંતા જીવો, તેનો આહાર, શ્વાસ, જીવન, મરણ સમાન છે. એક શ્વાસના અઢારમાં ભાગ જેટલું આયુષ્ય છે. માંડ માણસ થાય ત્યાં અભિમાનમાં આંધળો થાય છે. આગળ કહેશે કે અનંત પ્રકારે સર્વજ્ઞકથિત ધર્મ પામવો દુર્લભ છે.

**ગાથા-૨૮૫**

**આગળ કહે છે કે–ત્યાંથી નીકળી ત્રસપર્યાય પામવી દુર્લભ છે :-**

तत्र अपि असंख्यकालं बादरसूक्ष्मेसु करोति परिवर्त्तनम्।
चिंतामणिवत् दर्ल्लभं त्रसत्वं लभते कष्टेन ।।२८५।।

**અર્થ :- ત્યાં પૃથ્વીકાય આદિમાં સૂક્ષ્મ તથા બાદરકાયોમાં અસંખ્યાત્કાળ ભ્રમણ કરે છે ત્યાંથી નીકળી ત્રસપણું પામવું ઘણા કષ્ટે પણ દુર્લભ છે, જેમ ચિંતામણી પામવું દુર્લભ છે તેમ.**

**ભાવાર્થ :- પૃથ્વી આદિ સ્થાવરકાયથી નીકળી ચિંતામણીરત્નની માફક ત્રસપર્યાય પામવી દુર્લભ છે.**

અર્થ :- પૃથ્વીકાય આદિમાં સૂક્ષ્મ તથા બાદરકાયોમાં અસંખ્યકાળ ભમે છે, ત્યાંથી નીકળી ત્રસપણું પામવું દુર્લભ છે. જેમ ચિંતામણિ રત્ન દુર્લભ છે તેમ. હિત-અહિતનો નિર્ણય કરી, અંદરમાં ચૈતન્ય ભગવાનપણું જાગ્રત કરવાના ટાણાં આવ્યા છે, તેમાં પુરુષાર્થ કરે તો સુલભ છે.

ગાથા-૨૮૬

**આગળ કહે છે કે–ત્રસપણું પણ પામે તો ત્યાં પંચેન્દ્રિયપણું પામવું દુર્લભ છે :-**

**विकलेन्द्रियेषु जायति तत्र अपि आस्ते पूर्व्वकोटय:।**
**तेभ्य: नि:सृत्य कथमपि पन्चैन्द्रिय: भवति ।।२८६।।**

**અર્થ :- સ્થાવરમાંથી નીકળી ત્રસ થાય ત્યાં પણ બેઈન્દ્રિય, ત્રણઈન્દ્રિય, ચારઈન્દ્રિયરૂપ વિકલત્રયપણાને પામે ત્યાં કરોડોપૂર્વ રહે છે, ત્યાંથી નીકળી પંચેન્દ્રિયપણું પામવું મહાકષ્ટથી પણ દુર્લભ છે.**

**ભાવાર્થ :- વિકલત્રયમાંથી નીકળી પંચેન્દ્રિયપણું પામવું દુર્લભ છે. જો વકલત્રયમાંથી ફરી સ્થાવરકાયમાં જઈ ઉત્પન્ન થાય તો ત્યાં ફરી ઘણો કાળ ભોગવે એટલા માટે પંચેન્દ્રિયપણું પામવું અતિશય દુર્લભ છે.**

અર્થ :- એકેંદ્રિયમાંથી નીકળી ત્રસ વિકલેંદ્રિય થાય – બે-ત્રણ-ચાર ઈંદ્રિયવાળાને વિકલત્રય કહે છે. ત્યાં કરોડો પૂર્વ રહે છે ત્યાંથી નીકળી પંચેંદ્રિયપણું પામવું દુર્લભ છે.

ગાથા-૨૮૭

**स: अपि मनसा विहीन: न च आत्मानं परं अपि जानाति।**
**अथ मन:सहित: भवति स्फुटं तथा अपि तिर्यक् भवेत् रैाद्र:।।२८७।।**

**અર્થ :- વિકલત્રયમાંથી નીકળી પંચેન્દ્રિય કદી થાય તો અસંજ્ઞિ–મનરહિત થાય છે. ત્યાં સ્વ તથા પરનો ભેદ જાણતો નથી. કદાચિત્ મનસહિત સંજ્ઞિ પણ થાય તો તિર્યંચ થાય છે અર્થાત્ રૌદ્ર-ક્રૂર પરિણામી બિલ્લી, ઘૂવડ, સર્પ, સિંહ અને મચ્છાદિ થાય છે.**

**ભાવાર્થ :- કદાચિત્ પંચેન્દ્રિય થાય તો અસંજ્ઞિ થાય છે પણ સંજ્ઞિપણું દુર્લભ છે. વળી સંજ્ઞિ પણ થાય તો ત્યાં ક્રૂર તિર્યંચ થાય કે જેના પરિણામ નિરંતર પાપરૂપ જ રહે છે.**

અર્થ :- અહો ! આવી દુર્લભતા જાણી, સ્વસન્મુખ થવાનો ઉપદેશ છે. મનવાળો પંચેંદ્રિય પશુ થાય તો રૌદ્ર-ક્રૂર પરિણામી બિલ્લી, ઘૂવડ, સર્પ, સિંહ, મચ્છરાદિ થાય. સર્વજ્ઞનો ધર્મ, તેનું શ્રવણ, ગ્રહણ, ધારણ અને અનુભવન દુર્લભ છે એમ સમજી સાચા માર્ગનો મહિમા લાવી સમ્યક્ રત્નત્રય શીઘ્ર અંગીકાર કરો એમ ઉપદેશ છે. ચૈતન્ય હીરલો ચિદાનંદ સુખરાશી સિધ્ધસ્વરૂપી શું છે તેનું ભાન ક્રૂર પશુઓને હોતું નથી તેથી તે પરમ દુર્લભ છે.

**ગાથા-૨૮૮**

**આગળ ક્રૂરપરિણામીઓનો નર્કવાસ થાય છે એમ કહે છે :-**

**सः तीव्राशुभलेश्यः नरके निपतति दुःखदे भीमे।**
**तत्र अपि दुःखं भुङ्क्ते शरीरं मानसं प्रचुरं।।२८८।।**

**અર્થ :- ક્રૂર તિર્યંચ થાય તો તે તીવ્ર અશુભપરિણામથી અશુભલેશ્યાસહિત મરી નરકમાં પડે છે. કેવું છે નરક ? મહાદુઃખદાયક અને ભયાનક છે, ત્યાં શરીરસંબંધી તથા મનસંબંધી પ્રચુર (ઘણાં તીવ્ર-આકરાં) દુઃખ ભોગવે છે.**

અર્થ :- ક્રૂર પશુઓ છે તે તીવ્ર પાપભાવથી મરીને નરકમાં પડે છે. કેવું છે તે નરક ? મહાદુઃખદાયક અને ભયાનક છે, ત્યાં શરીર-મન-સંબંધી આકરાં દુઃખ અબજો વર્ષ ભોગવે છે.

અહીં મનુષ્ય થયો ત્યાં મધ, માંસ, દારૂ,ઈંડા, કોડલીવર, હિંસા, જૂઠ, વ્યભિચાર આદિ કુકર્મ સેવે તે નરકમાં અસંખ્ય વર્ષ મહાપાપનાં ફળને ભોગવે છે. જુવાનીની ફાટ હોય, લોહી ચટકા ભરતું હોય, તેથી કોઈ સારી શીખામણ માને નહિ. વળી કોઈ ધર્મના વાડામાં આવે ત્યાં કુગુરુના પક્ષમાં પડી, કદાગ્રહમાં ફસાઈ સાચાની નિંદા કરે. આમ અનંત પ્રકારે સત્યધર્મની દુર્લભતા જાણી, સ્વસન્મુખતાનો ઉપાય જલ્દી કરવાનો ઉપદેશ છે.

# પ્રસાદ નં. – ૨૭૨

**વી. નિ સં. ૨૪૭૮, શ્રાવણ સુદ ૬, વર્ષ ૨જાું. પુસ્તક દસમું,**
**સોનગઢ, તા. ૨૮-૭-૫૨, સોમવાર.**

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(શ્રાવણ સુદ ૧, મંગળવાર, ૨૨-૭-૫૨ સવાર)**

સમ્યગ્દૃષ્ટિ જીવ ધર્મની દુર્લભતાનો વિચાર કરે છે. સમ્યગ્દર્શન અનંતકાળમાં પૂર્વે એક સેકંડ પણ પ્રાપ્ત નથી કર્યું, તે પ્રાપ્ત કરવું જીવને મહાદુર્લભ છે.

પહેલાં તો નિગોદદશામાંથી નીકળીને ત્રસપર્યાય પામવી દુર્લભ છે. કદાચિત ત્રસ થયો તો તેમાં પંચેંદ્રિયપણું તથા તેમાં પણ સંજ્ઞીપણું પામવું દુર્લભ છે. પંચેન્દ્રિય સંજ્ઞીપણામાં પણ નરક-તિર્યંચના ભયાનક દુઃખો ભોગવે છે. તેમાં મનુષ્યપણું બહુ મોંઘું છે. આત્મા શું ને સમ્યગ્જ્ઞાન શું - તે સમજણ અનંતકાળમાં જીવને દુર્લભ છે. મનુષ્યપણું તો દુર્લભ છે, પણ સમ્યગ્દર્શન તો તેનાથીયે પરમ દુર્લભ છે. પહેલાં મનુષ્યપણાની દુર્લભતા બતાવે છે.

**ગાથા-૨૮૯**

**આગળ કહે છે કે–એ નરકમાંથી નીકળી તિર્યંચ થાય તો ત્યાં પણ દુઃખ સહે છે :–**

**ततः निःसृत्य पुनरपि तिर्य्यक् जायते पापं।**
**तत्र अपि दुःखं अनन्तं वसहते जीवः अनेकविधं।।२८९।।**

**અર્થ :– એ નરકમાંથી નીકળી ફરી તિર્યંચગતિમાં ઊપજે છે ત્યાં પણ જેમ પાપરૂપ**

**થાય તેમ આ જીવ અનેકપ્રકારનાં અનંત દુઃખ વિશેષતાપૂર્વક સહે છે.**

અર્થ :- એ નરકમાંથી નીકળી ફરી તિર્યંચગતિમાં ઊપજે છે ત્યાં પણ જેમ પાપરૂપ થાય તેમ આ જીવ અનેક પ્રકારનાં અનંત દુઃખ વિશેષતાપૂર્વક સહે છે.

નરકમાંથી નીકળીને તિર્યંચ થાય. ત્યાં માંસભક્ષણ વગેરે મહાપાપ કરીને પાછો નરકમાં જાય છે. જ્યાં અનંતકાળે મનુષ્ય થાય ત્યાં પણ જો ધર્મ સમજવાની દરકાર ન કરે તો ફરી પાછો અનંતકાળ નરક-નિગોદમાં રખડે છે. ઉંદર થાય ને બીજો તેના ઉપર ધગધગતું (ગરમ) પાણી રેડે. એ પ્રમાણે તિર્યંચ વગેરે ગતિનાં ભયંકર દુઃખો જીવ ભોગવે છે. મનુષ્યપણું પામ્યો ત્યારે દરકાર કરી નહિ. મનુષ્યપણું પામીને સત્ સાંભળવા મળવું દુર્લભ છે, ને તેમાય તેનો નિર્ણય કરીને સમ્યગ્દર્શન કરવું તે તો અપૂર્વ છે. એક જગ્યાએ ભૂંડને જીવતું બાંધીને અગ્નિમાં શકરકંદની જેમ બાફતા હતા. જુઓ, જીવની દશા ! પણ મનુષ્ય થઈને આત્માની દરકાર ન કરે તેને સંસારમાં આવા અનંત અવતાર થાય છે. સમ્યગ્દૃષ્ટિ કહે છે કે હવે મારે આ અવસર ગુમાવવો નથી. હું સમ્યગ્દર્શનપૂર્વક ચારિત્રદશા પ્રગટ કરી, વીતરાગતા અને કેવળજ્ઞાન કરીને હવે મુક્તિ પામવાનો છું, હવે આ સંસારમાં આવા અવતાર કરવાનો નથી.

ગાથા-૨૯૦

**આગળ કહે છે કે–મનુષ્યપણું પામવું મહાદુર્લભ છે ત્યાં પણ મિથ્યાદૃષ્ટિ બની પાપ ઊપજાવે છે.**

रत्नं चतुष्पथे इव मनुजत्वं सुष्टुदुर्ल्लभं लब्धवा।
म्लेच्छ: भवेत् जीव: तत्र अपि पापं समर्जयति।।२९०।।

**અર્થ :- તિર્યંચમાંથી નીકળી મનુષ્યગતિ પામવી અતિ દુર્લભ છે. જેમ ચાર પંથ વચ્ચે રત્ન પડી ગયું હોય તો તે મહાભાગ્ય હોય તો જ હાથમાં આવે છે તેમ (માનવપણું) દુર્લભ છે. વળી એવો દુર્લભ મનુષ્યદેહ પામીને પણ જીવ મિથ્યાદૃષ્ટિ બની પાપ ઊપજાવે છે.**

**ભાવાર્થ :- મનુષ્ય પણ કદાચિત્ થાય તો ત્યાં મ્લેચ્છખંડ આદિમાં વા મિથ્યાદૃષ્ટિઓની સંગતિમાં ઊપજી પાપ જ ઊપજાવે છે.**

અર્થ :- તિર્યંચમાંથી નીકળી મનુષ્યગતિ પામવી અતિ દુર્લભ છે. જેમ ચાર પંથ વચ્ચે રત્ન પડી ગયું હોય તો તે મહાભાગ્ય હોય તો જ હાથમાં આવે છે તેમ (માનવપણું) દુર્લભ છે. વળી આવો દુર્લભ મનુષ્યદેહ પામીને પણ જીવ મિથ્યાદૃષ્ટિ બની પાપ ઊપજાવે છે.

મનુષ્યપણું પામીને ઘણા જીવો તો ધર્મને માનતા નથી, પરલોકને માનતા નથી ને ધર્મનો અનાદર કરીને મહાપાપ બાંધી નરક-નિગોદમાં રખડે છે. મનુષ્યપણું પામે તેમાં અનાર્ય થાય, મિથ્યાદૃષ્ટિ પાપી જીવોના સંગે પાપ ઊપજાવે-પણ આર્યપણું અને સત્સંગ મળવો દુર્લભ છે.

આગળ કહે છે કે - મનુષ્ય પણ થાય અને તે આર્યખંડમાં પણ ઊપજે તો પણ ત્યાં ઉત્તમ કુળાદિ પામવાં અતિ દુર્લભ છે.

**ગાથા-૨૯૧**

**આગળ કહે છે કે - મનુષ્ય પણ થાય અને તે આર્યખંડમાં પણ ઊપજે તો પણ ત્યાં ઉત્તમ કુળાદિ પામવાં અતિ દુર્લભ છે.**

**अथ लभते आर्य्यवत्त्वं तत्र न अपि प्राप्नोति उत्तमं गोत्रं।**
**उत्तमकुले अपि प्राप्ते धनहीन: जायते जीव:।।२९१।।**

**અર્થ :- મનુષ્યપર્યાય પામી કદાચિત્ આર્યખંડમાં પણ જન્મ પામે તો ત્યાં ઉચ્ચકુળ પામવું દુર્લભ છે. કદાચિત્ ઉચ્ચકુળમાં પણ જન્મ પામે તો ત્યાં ધનહીન દરિદ્રી થાય અને તેનાથી કાંઈ સુકૃત્ય નહિ બનતાં પાપમાં જ લીન રહે છે.**

અર્થ :- મનુષ્યપર્યાય પામી કદાચિત્ આર્યખંડમાં પણ જન્મ પામે તો ત્યાં ઉચ્ચકુળ પામવું દુર્લભ છે. કદાચિત્ ઉચ્ચકુળમાં પણ જન્મ પામે તો ત્યાં ધનહીન દરિદ્રી થાય અને તેનાથી કાંઈ સુકૃત્ય નહિ બનતાં પાપમાં જ લીન રહે છે.

કદાચ આર્યખંડમાં જન્મે, તો ત્યાં પણ ઉત્તમકુળ પામવું દુર્લભ છે. ખાનદાન કુળ, સારા માતાપિતા તથા ધર્મની લાગણીવાળા જીવોનો સંગ મળવો દુર્લભ છે. ખાનદાન જીવને પાપની લાગણી થતાં પણ શરમ-શરમ લાગે. ઊંચ કુળમાં અવતરીને પણ ધર્મની લાગણી થવી તે દુર્લભ છે. ઊંચ કુળમાં અવતરે ત્યાં પણ આખી જીંદગી પાપમાં લીન રહે, ધર્મની લાગણી ઉત્પન્ન થવી તે પણ દુર્લભ છે. પાપભાવમાંથી નવરો થાય ત્યારે કાંઈક સારું કામ કરેને ?

પૈસાવાળા પૈસાની મમતાના પાપભાવમાં સલવાણા, ને દરિદ્રી જીવો પૈસા કમાવાના પાપભાવમાં સલવાણા, તેમાંથી નિવૃત્ત થઈને અંદર ધર્મની લાગણી ઊપજવી તે દુર્લભ છે. આત્માનું કાંઈક હિત કરવાની લાગણી પણ બહુ થોડા જીવોને ઊપજે છે.

ગાથા-૨૯૨

**अथ धनसहित: भवति स्फूटं इन्द्रियपरिपूर्णता तत: दुर्ल्लभा।**
**अथ इन्द्रियसम्पूर्ण: तथापि सरोग: भवेत् देह:।।२९२।।**

**અર્થ :- વળી જો ધનવાનપણું પણ પામે તો ત્યાં ઈંદ્રિયોની પરિપૂર્ણતા પામવી અતિ દુર્લભ છે. કદાચિત્ ઈંદ્રિયોની સંપૂર્ણતા પણ પામે તો ત્યાં રોગસહિત દેહ પામે પણ નિરોગ હોવું દુર્લભ છે.**

અર્થ :- વળી જો ધનવાનપણું પણ પામે તો ત્યાં ઈંદ્રિયોની પરિપૂર્ણતા પામવી અતિ દુર્લભ છે. કદાચિત્ ઈંદ્રિયોની સંપૂર્ણતા પણ પામે તો ત્યાં રોગસહિત દેહ પામે પણ નિરોગ હોવું દુર્લભ છે.

ઉત્તમકુળ અને ધનવાનપણું પામે તો ત્યાં પાંચ ઈંદ્રિયોની પૂર્ણતા પામવી અતિ દુર્લભ છે. ઈંદ્રિયો વગેરેની પૂર્ણતા હોય તો ત્યાં શરીર રોગી હોય, ક્ષય થાય. અહીં આ બધું બતાવવાનો હેતુ પૈસા કે શરીર વગેરેનો મહિમા બતાવવાનો નથી, પણ આવું મનુષ્યપણું પામીને અંદર આત્માની સમજણ કરવાં માટે આ વર્ણન છે. ભાઈ ! આવું દુર્લભ મનુષ્યપણું પામ્યો તો હવે એવું કર કે આ સંસારભ્રમણનો અંત આવી જાય. બોધિ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તેની દુર્લભતા છે, માટે તેનો પ્રયત્ન કર. બીજું તો અનંતવાર મળી ગયું, મનુષ્યપણું અને સ્વર્ગ પણ અનંતવાર મળ્યું પણ અંદરમાં ચિદાનંદ સ્વભાવનું ભાન પૂર્વે કદી કર્યું નથી, તેથી તે જ ખરેખર મહાદુર્લભ છે, માટે તે જ કરવાં જેવું છે.

અરે જીવ ! ''મનુષ્યભવનાં ટાણાં રે ફરીને નહિ મળે'' માટે આત્માની દરકાર કરીને તત્વની સમજણ કર. અત્યારે ``सब अवसर आ चूका है'' માટે જે રીતે આત્માનું કલ્યાણ થાય એવું કર.

જુઓ તો ખરા, મનુષ્યપણામાં ધર્મશ્રવણની પણ કેવી દુર્લભતા છે :-

ગાથા-૨૯૩–૨૯૪

**अथ नीरोग: भवति स्फूटं तथापि न प्राप्नोति जीवितं सुचिरं।**
**अथ चिरकालं जीवति तत् शीलं नैव प्राप्नोति।।२९३।।**

**અર્થ :- અથવા કદાચિત્ નિરોગ પણ થાય તો ત્યાં જીવન અર્થાત્ દીર્ઘાયુ ન પામે, એ પામવું દુર્લભ છે. અથવા કદાચિત્ દીર્ઘ આયુ પણ પામે તો ત્યાં શીલ અર્થાત્ ઉત્તમ પ્રકૃતિ-ભદ્રપરિણામ ન પામે તેથી સુષ્ટુ (ઉત્તમ-ભદ્ર-સરળ) સ્વભાવ પામવો દુર્લભ છે.**

**अथ भवति शीलयुक्त: तथापि न प्राप्नोति साधुसंसर्गम्।**
**अथ तमपि कथं अपि प्राप्नोति सम्यक्त्वं तथा अपि अतिदुर्ल्लभम्।।**
**२९४।।**

**અર્થ :- કદાચિત્ ઉત્તમસ્વભાવ પણ પામે તો ત્યાં સાધુ-પુરુષોની સંગતિ પામે નહિ અને તે પણ કદાચિત્ પામે તો ત્યાં સમ્યગ્દર્શન પામવું–સત્શ્રદ્ધાન થવું અતિ દુર્લભ છે.**

અર્થ :- અથવા કદાચિત્ નિરોગ પણ થાય તો ત્યાં જીવન અર્થાત્ દીર્ઘાયુ ન પામે, એ પામવું દુર્લભ છે. અથવા કદાચિત્ દીર્ઘ આયુ પણ પામે તો ત્યાં શીલ અર્થાત્ ઉત્તમ પ્રકૃતિ-ભદ્રપરિણામ ન પામે તેથી સુષ્ટુ (ઉત્તમ-ભદ્ર-સરળ) સ્વભાવ પામવો દુર્લભ છે.

ખાનદાન કુળ, ધનવાનપણું, નીરોગ શરીર તથા લાંબુ આયુષ્ય એ બધુંય પામીને પણ અંતરમાં ઉત્તમ સરળ સ્વભાવ પામવો દુર્લભ છે. પરિણામમાં તીવ્ર વક્રતા હોય, મહાસંક્લિષ્ટ પરિણામ હોય, ક્રોધ-માન-માયા-લોભ તીવ્ર હોય ત્યાં ધર્મનો વિચાર ક્યાંથી કરે ? વિષયકષાયનો લંપટી હોય ને સરળ મંદકષાયનાં પરિણામ પણ ન હોય તેને ધર્મની પાત્રતા પણ નથી, એટલે મંદકષાયનાં સરળ પરિણામ થવા પણ દુર્લભ છે. હજી ધર્મ તો જુદી ચીજ છે. સરળ પરિણામ થયા તે કાંઈ ધર્મ નથી. પણ અહીં તો એમ કહે છે કે સરળ પરિણામ થવાં પણ દુર્લભ છે તો પછી ધર્મની દુર્લભતાની તો શી વાત ! ઘણા જીવોને સરળ પરિણામ થવાં છતાં સત્સમાગમ મળવો દુર્લભ છે. કોઈ લૌકિક માણસો પણ મંદકષાયવાળા હોય છે, પણ વીતરાગી સર્વજ્ઞશાસનના તત્વ સમજાવનારનો સત્સમાગમ મળવો બહુ દુર્લભ છે. મંદકષાય કરે, પણ કુદેવ-કુગુરુના સંગે ચડીને ઊંધી શ્રધ્ધાને પોષીને મનુષ્યપણું હારી જાય છે. વીતરાગી દેવ-ગુરુનો સમાગમ

મળવો મહાદુર્લભ છે. ધર્મનું યથાર્થ સ્વરૂપ સમજાવનારા જ્ઞાની પુરુષોનો સમાગમ મહાભાગ્યથી મળે છે, સત્ સમજવાની યોગ્યતા હોય ત્યારે આવી વાણી સાંભળવા મળે અને સત્સમાગમ પામીને પણ અંતરમાં સમ્યગ્દર્શન પામવું તે તો પરમ દુર્લભ છે.

અહો ! જંગલમાં વિચરતા આત્માના આનંદમાં ઝૂલતા એવા વીતરાગી સંતમુનિઓના દર્શન પામવાં પણ દુર્લભ છે. કોઈ મહાભાગ્યે એવો સત્સમાગમ મળ્યો તો ત્યાં સત્ સમજીને અંતરમાં જ્ઞાનાનંદ સ્વભાવની દૃષ્ટિ કરવી તે દુર્લભ છે. એવા સમ્યગ્દર્શન વગર બધુંય એકડા વગરનાં મીંડા જેવું છે. સર્વજ્ઞ ભગવાને કહેલા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રધ્ધા થયા પછી પણ અંદર સમ્યગ્દર્શન થવું તો અપૂર્વ પુરુષાર્થ માંગે છે. મનુષ્યપણું, સરળ પરિણામ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રધ્ધા તે દુર્લભ હોવા છતાં તે તો પૂર્વે અનંતવાર પામી ગયો છે, પણ સમ્યગ્દર્શન અપૂર્વ ચીજ છે. જુઓ, અત્યારે સબ અવસર આવી ગયો છે, માટે સત્ય સમજીને આત્માનું કલ્યાણ કરી લેવું- એવો ઉપદેશ છે. ''અહો ! હું પરિપૂર્ણ ભગવાન છું, મારો આત્મા જ પરમાત્મા છે, રાગાદિની વૃત્તિ ઊઠે તેટલું મારું સ્વરૂપ નથી'' આવી આત્મશ્રધ્ધા થવી તે દુર્લભ છે. દુર્લભતા વર્ણવતાં વર્ણવતાં ઠેઠ સ્વભાવની શ્રધ્ધા સુધી લાવ્યા. સ્વભાવની શ્રધ્ધા કરીને સમ્યગ્દર્શન કરવું તે જ પૂર્વે કદી નહિ કરેલ એવું અપૂર્વ દુર્લભ છે. તીર્થંકરના સમવસરણમાં ગયો, પણ ભગવાને જે રીતે કહ્યું તેવું આત્મસ્વરૂપ તેના અંતરમાં ન બેઠું, તેથી સંસાર પરિભ્રમણનો અંત ન આવ્યો.

સમ્યગ્દર્શન પછી ચારિત્રની પણ દુર્લભતા છે તે કહે છે.

**ગાથા-૨૯૫**

**सम्यक्त्वे अपि च लब्धे चारित्रं नैव गृह्णाति जीवः।**
**अथ कथमपि तत् अपि गृह्णाति तत् पालयितुं न शक्नोति।।२९५।।**

**અર્થ :- કદાચિત્ સમ્યક્ત્વ પણ પામે તો ત્યાં આ જીવ ચારિત્ર ગ્રહણ કરે નહિ, કદાચિત્ ચારિત્ર પણ ગ્રહણ કરે તો તેને નિર્દોષપણે પાલન કરી શકે નહિ.**

અર્થ :- કદાચિત્ સમ્યક્ત્વ પણ પામે તો ત્યાં આ જીવ ચારિત્ર ગ્રહણ કરે નહિ, કદાચિત્ ચારિત્ર પણ ગ્રહણ કરે તો તેને નિર્દોષપણે પાલન કરી શકે નહિ.

અહો ! સમ્યગ્દર્શન થયું તે મહા અપૂર્વ ચીજ છે, પણ તે સમ્યગ્દર્શન પછી પણ વીતરાગી ચારિત્રરૂપ મુનિદશા થવી તે દુર્લભ છે. સમ્યગ્દર્શન પછી સમ્યક્ ચારિત્રની દુર્લભતા છે. પહેલાં સમ્યગ્દર્શનની વાત કરીને પછી ચારિત્રની વાત લીધી. સમ્યગ્દર્શન વગર તો ચારિત્ર હોય જ નહિ.

અહો ! ચારિત્રદશા તો અલૌકિક છે. અંદર રોમરોમમાં વૈરાગ્ય છવાઈ ગયો હોય ! સિધ્ધ જેવા અતીંદ્રિય આનંદનો ઘણો અનુભવ અંદર કરે છે. જેમ જંગલમાં ફરતા સિંહ-વાઘ ત્રાડ નાખે છે તેમ જંગલમાં આત્માનંદમાં ઝૂલતા સંતો કેવળજ્ઞાનને માટે અંદરમાં પુરુષાર્થની ત્રાડ નાખે છે. મુક્તિ લેવા માટે આવી મુનિદશા પ્રગટ કરવી જોઈએ. મુનિદશા હઠથી થતી નથી. સમ્યગ્દર્શન થતાં અનંત સંસાર તો કપાઈ ગયો, પણ અંદરમાં ચૈતન્યની લીનતાથી કેવળજ્ઞાન થાય-એવી જે ઉગ્ર ચારિત્રદશા તે દુર્લભ છે.

પ્રશ્ન :- "સમજ પીછે સબ સરલ હૈ" - એમ કહ્યું છે ને ?

ઉત્તર :- ત્યાં તો સમજણ સહેલી છે એની વાત કરી છે. સમ્યગ્દર્શન પછી ક્રમે ક્રમે રાગનો અભાવ કરીને અલ્પકાળે ચારિત્રનો પુરુષાર્થ થયા વિના રહેશે નહિ - એ અપેક્ષાએ જ્ઞાનીને બધું સહજ કહેવાય. જ્ઞાનીને સ્વભાવના અવલંબને બધાં સમાધાન વર્તે છે. સમ્યગ્દર્શન સહિત સમ્યક્ ચારિત્ર ગ્રહણ કરે તો તે ચારિત્રદશાનું નિર્દોષરૂપે પાલન કરવું દુર્લભ છે.

ગાથા-૨૯૬

**रत्नत्रये अपि लब्धे तीव्रकषायं करोति यदि जीव:।**
**तत् दुर्गतिषु गच्छति प्रणष्टरत्नत्रय: भूत्वा।।२९६।।**

**અર્થ :- આ જીવ કદાચિત્ રત્નત્રય પણ પામે, અને ત્યાં તીવ્રકષાય કરે તો નાશને પ્રાપ્ત થયું છે રત્નત્રય જેનું એવો બની દુર્ગતિમાં ગમન કરે છે.**

અર્થ :- આ જીવ કદાચિત્ રત્નત્રય પણ પામે, અને ત્યાં તીવ્રકષાય કરે તો નાશને પ્રાપ્ત થયું છે રત્નત્રય જેનું એવો બની દુર્ગતિમાં ગમન કરે છે.

ભાવલિંગી સાધુ હોય ને કોઈવાર દુશ્મન વગેરે ઉપર તીવ્ર ક્રોધ કરે તો ચારિત્રનો નાશ થઈ જાય, ને સમ્યગ્દર્શનનો પણ નાશ થઈ જાય ! રાજા વગેરે ઉપર ક્રોધ થતાં તેને

કષાયથી બાળી નાખે તો રત્નત્રયથી ભ્રષ્ટ થઈને નરકાદિમાં રખડે છે. આ દુર્લભતા બતાવવા માટેની વાત છે.

અહો ! આવું મનુષ્યપણું અને તેમાં રત્નત્રયરૂપ બોધિની દુર્લભતા છે, માટે જીવને રત્નત્રયની પ્રાપ્તિ થાઓ ! એમ હવે કહે છે.

**ગાથા-૨૯૭**

**એવું મનુષ્યપણું દુર્લભ છે એટલા માટે (જીવને) રત્નત્રયની પ્રાપ્તિ થાઓ ! એમ કહે છે :-**

**रत्नं इव जलधिपतितं मनुजत्वं तत् अपि भवति अति दुर्ल्लभम्।**
**एवं सुनिश्चयित्वा मिथ्यात्वकषायान् त्यजत।।२९७।।**

**અર્થ :- જેમ મહાન સમુદ્રમાં પડી ગયેલું રત્ન ફરી પામવું દુર્લભ છે તેમ આ મનુષ્યપણું પામવું દુર્લભ છે એવો નિશ્ચય કરી હે ભવ્યજીવો ! આ મિથ્યાત્વ અને કષાયને છોડો, એવો શ્રી ગુરુઓનો ઉપદેશ છે.**

અર્થ :- જેમ મહાન સમુદ્રમાં પડી ગયેલું રત્ન ફરી પામવું દુર્લભ છે તેમ આ મનુષ્યપણું પામવું દુર્લભ છે એવો નિશ્ચય કરી હે ભવ્યજીવો ! આ મિથ્યાત્વ અને કષાયને છોડો, એવો શ્રી ગુરુઓનો ઉપદેશ છે.

મોટા દરિયામાં મોજાં ઊછળતાં હોય, ને અંદર રત્ન પડી જાય તો તે હાથ આવવું જેમ દુર્લભ છે, તેમ સંસારસમુદ્રમાં અનંતકાળે મનુષ્યપણું હાથ આવ્યું છે, તે ફરી ફરીને મળવું મોંઘુ છે. માટે હે ભવ્યજીવો ! આ દુર્લભ મનુષ્યપણામાં સત્સમાગમે મિથ્યાત્વ અને કષાયભાવોને છોડો ને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયને અખંડપણે આરાધો ! આવો શ્રી ગુરુઓનો ઉપદેશ છે.

**આગળ કહે છે કે–જો કદાચિત્ એવું દુર્લભ મનુષ્યપણું પામી જીવ શુભભાવોથી દેવપણું પામે તો ત્યાં ચારિત્ર પામતો નથી :-**

**अथवा देव: भवति स्फूटं तत्र अपि प्राप्नोति कथमपि सम्यक्त्वं।**
**तत् तपश्चरणं न लभते देशयमं शीललेशं अपि।।२९८।।**

**અર્થ :- અથવા મનુષ્યપણામાં કદાચિત્ શુભ પરિણામોથી દેવ પણ થાય અને કદાચિત્ ત્યાં સમ્યક્ત્વ પણ પામે તો ત્યાં તપશ્ચરણ-ચારિત્ર પામતો નથી. દેશવ્રત-શ્રાવકવ્રત તથા શીલવ્રત એટલે બ્રહ્મચર્ય અથવા સપ્તશીલનો લવલેશ પણ પામતો નથી.**

અર્થ :- અથવા મનુષ્યપણામાં કદાચિત્ શુભ પરિણામોથી દેવ પણ થાય અને કદાચિત્ ત્યાં સમ્યક્ત્વ પણ પામે તો ત્યાં તપશ્ચરણ-ચારિત્ર પામતો નથી. દેશવ્રત-શ્રાવકવ્રત તથા શીલવ્રત એટલે બ્રહ્મચર્ય અથવા સપ્તશીલનો લવલેશ પણ પામતો નથી.

મનુષ્ય થઈને શુભ પરિણામ કર્યા ને અનંતવાર દેવ થયો. તે દેવલોકમાં કદાચ સમ્યગ્દર્શન પામે, પણ ત્યાં ચારિત્રદશા હોતી નથી. દેવોને વ્રતાદિ હોતાં નથી. ઈંદ્ર-ઈંદ્રાણી સમ્યગ્દૃષ્ટિ એકાવતારી છે. તેઓ ભગવાનના જન્મ વગેરે પ્રસંગે આવીને ભક્તિ કરે છે. તેમને આત્માનું ભાન હોય છે, પણ ત્યાં ચારિત્રદશા હોતી નથી. લોકાંતિકદેવો સમ્યગ્દૃષ્ટિ હોય છે, બ્રહ્મચારી જ હોય છે, પણ ત્યાં વ્રતરૂપ બ્રહ્મચર્ય હોતું નથી. દેશવ્રત-શ્રાવકવ્રત તથા શીલવ્રત એવા પંચમ ગુણસ્થાનને યોગ્ય સંયમ ત્યાં હોતો નથી. માટે રત્નત્રયની મહાદુર્લભતા છે. રત્નત્રય મનુષ્યપણામાં જ હોય છે, માટે મનુષ્યપણું પામીને રત્નત્રયની આરાધના કરવાનો ઉપદેશ છે.

# ``દુર્લભ માનવજીવનનું કર્તવ્ય''

**શ્રાવણ સુદ ૨ બુધવાર તા. ૨૩-૭-૧૯૫૨**

આત્માના ભાનપૂર્વક જ્ઞાની જીવ વસ્તુસ્વરૂપ અનુસાર બાર વૈરાગ્યભાવના ભાવે છે. તેમાં રાગ તૂટીને જ્ઞાનની એકાગ્રતા વધતી જાય છે, તેનું નામ ધર્મ અને સંવર છે. અહીં ૧૧ મી બોધિદુર્લભભાવનાનું વર્ણન ચાલે છે.

ચિદાનંદ આત્માના શ્રધ્ધા, જ્ઞાન ને રમણતા તે અનંતકાળમાં જીવને દુર્લભ છે. સર્વજ્ઞ પરમાત્માએ કહેલું યથાર્થ વસ્તુસ્વરૂપ શું છે ? તેનું શ્રવણ પણ અનંતકાળે મળવું મોંઘું છે, ને શ્રવણ પછી પણ અંતરમાં સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્ર થવાં તે તો પરમ દુર્લભ છે.

સમ્યગ્દર્શન પછી પણ ચારિત્રની દુર્લભતા છે. સમ્યગ્દર્શન તો ચારે ગતિમાં થાય છે, પણ છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલતી વીતરાગી ચારિત્રદશા તો મનુષ્યગતિમાં જ થાય છે, માટે તેની દુર્લભતા છે એમ વર્ણવે છે.

**ગાથા-૨૯૯**

**આગળ કહે છે કે – આ મનુષ્યગતિમાં જ તપશ્ચરણઆદિક છે એવો નિયમ છે :–**

**मनुजगतौ अपि तप: मनुजगतौ महाव्रतं सकलं।**
**मनुजगतौ ध्यानं मनुजगतौ अपि निर्वाणम्।।२९९।।**

**અર્થ :- હે ભવ્યજીવ ! આ મનુષ્યગતિમાં જ તપનું આચરણ હોય છે. આ મનુષ્યગતિમાં જ સમસ્ત મહાવ્રત હોય છે, આ મનુષ્યગતિમાં જ ધર્મ-શુક્લધ્યાન હોય છે તથા આ મનુષ્યગતિમાં જ નિર્વાણ અર્થાત્ મોક્ષની પ્રાપ્તિ હોય છે.**

અર્થ :- હે ભવ્યજીવ ! આ મનુષ્યગતિમાં જ તપનું આચરણ હોય છે. આ મનુષ્યગતિમાં જ સમસ્ત મહાવ્રત હોય છે, આ મનુષ્યગતિમાં જ ધર્મ-શુક્લધ્યાન હોય છે તથા આ મનુષ્યગતિમાં જ નિર્વાણ અર્થાત્ મોક્ષની પ્રાપ્તિ હોય છે.

જ્ઞાનાનંદ ચૈતન્યસ્વરૂપ આત્માનું ભાન કરીને તેમાં લીન થવું ને ઈચ્છાની ઉત્પત્તિ જ ન થવી તેનું નામ તપ છે. બહારથી રોટલા છૂટે તે કાંઈ ખરેખર તપ નથી. જુઓ, હું શુધ્ધ જ્ઞાનમૂર્તિ છું, દેહથી ભિન્ન ને રાગથી પાર છું - એવું સમ્યક્ આત્મભાન તો તિર્યંચને અને નારકીને પણ થાય છે. સ્વર્ગના દેવોને પણ થાય છે, પણ પછી વિશેષ ચારિત્રદશા તો મનુષ્યગતિમાં જ થાય છે. તિર્યંચમાં પાંચમું ગુણસ્થાન હોય, પણ ત્યાં મુનિદશા ન હોય. દેહની ક્રિયા તો જડ છે. તેમાં કાંઈ ચારિત્ર કે તપ નથી, અંદર રાગની વૃત્તિ ઊઠે તે પણ વિકાર છે. તે ખરેખર તપ કે ચારિત્ર નથી, પણ દેહથી ને રાગથી પાર ચૈતન્યસ્વભાવનું ભાન કરીને તેમાં વિશેષ લીનતા થતાં વીતરાગભાવ થાય છે તેનું નામ ચારિત્ર અને તપ છે. એવું ચારિત્ર ને તપ મનુષ્યગતિ સિવાય બીજે હોતું નથી, માટે હે જીવ ! આવી દુર્લભતા જાણીને તું આત્માની આરાધના કર. મનુષ્યપણું પામીને આવા રત્નત્રયધર્મની આરાધના કરે તેનું મનુષ્યપણું સફળ છે.

સમસ્ત મહાવ્રત મનુષ્યપણામાં જ હોય છે. અહો ! મહાવ્રતધારી મુનિવરોને રોમરોમમાં વૈરાગ્ય છવાઈ ગયો હોય છે. અંદર ચિદાનંદસ્વરૂપમાં લીન થઈને ઘણી વીતરાગતા થઈ ગઈ છે. મનુષ્યપણામાં સમ્યગ્દર્શનપૂર્વકની આવી મુનિદશા પ્રાપ્ત કરવી તે જ સફળતા છે. વિષયકષાયમાં ગૃધ્ધિ થઈને કાળ ગુમાવે ને આત્માની દરકાર ન કરે તે તો મનુષ્યભવ હારી જાય છે. તેણે મનુષ્યભવની દુર્લભતા જાણી નથી. વળી ધર્મ-શુક્લધ્યાન તથા મુક્તિ પણ આ મનુષ્યભવમાં જ થાય છે, માટે મનુષ્યપણામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રધર્મની આરાધના કરવી તે જ સફળતા છે.

જે જીવ ધર્મની દરકાર કરતો નથી ને વિષયકષાયમાં જીવન ગૂમાવે છે તે જીવ ચિંતામણિ જેવો માનવભવ હારી જાય છે એ વાત દૃષ્ટાંતથી કહે છે.

**ગાથા-૩૦૦**

**इति दर्ल्लभं मनुजत्वं लब्धवा ये रमन्ते विषयेषु।**
**ते लब्ध्वा दिव्यरत्नं भूतिनिमित्तं प्रज्वालयन्ति।।३००।।**

**અર્થ :- એવું આ મનુષ્યપણું પામી જે ઈંદ્રિય-વિષયોમાં રમે છે તે દિવ્ય અમૂલ્ય રત્નને પામી ભસ્મને માટે દગ્ધ કરે છે.**

**ભાવાર્થ :- અતિ કઠણતાથી પ્રાપ્ત થવા યોગ્ય એવો આ મનુષ્યપર્યાય એક અમુલ્ય રત્નતુલ્ય**

**છે તેને વિષય-કષાયોમાં રમી વૃથા ગુમાવવો યોગ્ય નથી.**

અર્થ :- એવું આ મનુષ્યપણું પામી જે ઈંદ્રિય-વિષયોમાં રમે છે તે દિવ્ય અમૂલ્ય રત્નને પામી ભસ્મને માટે દગ્ધ કરે છે.

બાજરો સળે નહિ તેને માટે તેમાં રાખ નાખવી હોય, ત્યાં રત્નને બાળીને તેની રાખ કરે-તો તે મૂરખો કહેવાય. તેમ મહામોંઘુ મનુષ્યપણું અનંતકાળે મળ્યું તે રત્ન જેવું છે. જે જીવ વિષયકષાય ખાતર તે મનુષ્યપણું ગૂમાવે છે ને આત્માનું ભાન કરતો નથી-તે જીવ રાખને માટે રત્નને બાળે છે.

એક માણસ પાસે કિંમતી રત્નનો હાર હતો. તેને દોરાની જરૂર પડી, તેથી દોરાને માટે તેણે રત્નનો હાર તોડી નાખ્યો, તેમ અહીં મનુષ્યભવ પામીને જે અજ્ઞાની જીવ ચૈતન્ય રત્નને ઓળખતો નથી, ને વિષયોમાં સુખ માનીને તેમાં જ રમે છે તે જીવ મનુષ્યપણું હારી જઈને અનંત સંસારમાં રખડે છે. મનુષ્યપણાની દુર્લભતા શા માટે વર્ણવી ? કે ધર્મ સમજવા માટે ! જો ધર્મ ન સમજે તો મનુષ્યપણું હારી જાય છે. અનંતવાર મનુષ્યપણું પામ્યો, પણ આત્માની દરકાર ન કરી. તેથી પાછો સંસારમાં જ રખડ્યો. માટે આત્માની સમજણ કરી લેવા જેવી છે. સત્સમાગમે સાધુ-સંત પુરુષો પાસેથી ચૈતન્યસ્વભાવનું શ્રવણ કરીને તેનો નિર્ણય કરવો જોઈએ. **અહો ! મનુષ્યપણાની આવી દુર્લભતા સમજીને તો ચૈતન્યને જ ધ્યેય બનાવવા જેવો છે.** જેણે ચૈતન્યને ધ્યેય ન બનાવ્યો ને એકલા પરને જ ધ્યેય બનાવ્યું તે જીવ સ્વવિષયને ચૂકીને પરવિષયોમાં રમે છે, તે કેવો છે ? કે રાખને માટે રત્નને બાળી નાખે છે. જુઓ, વિષયોને તો રાખની ઉપમા આપી. વિષયોમાં અજ્ઞાની સુખ માને છે પણ ચેતન્યને તે જાણતો નથી. વિષયો તો રાખ જેવા છે, ને આત્મા અમૂલ્ય ચિંતામણિ રત્ન છે. મધ્યદરિયે વહાણમાં બેઠો હોય, ને ખીલાની જરૂર પડે ત્યાં વહાણનો ખીલો કાઢે તો તે મૂર્ખ કહેવાય. તેમ મનુષ્યપણું તે તો સંસારના મધ્યદરિયે વહાણ મળ્યું છે, તેને વિષયભોગમાં ગૂમાવે ને આત્માની દરકાર ન કરે તો તે મૂઢ છે. અરે જીવ ! આત્મા તરફ વલણ કર ! આત્માનો મહિમા કરીને મનુષ્યપણાંની સફળતા કર !

જુઓ, દેવો પણ ''મનુષ્યપણું ક્યારે પામીએ'' એવી ભાવના કરે છે. તે શા માટે ? શું વિષયો માટે મનુષ્યપણાંને ઈચ્છે છે ? ના, દેવોને વિષય-ભોગો તો ઘણાં મળ્યા છે, પણ આત્માનું પૂર્ણ કલ્યાણ મનુષ્યપણામાં જ થાય છે, તેથી તેઓ મનુષ્યપણાંની ભાવના કરે છે. અહો ! આવું દુર્લભ મનુષ્યપણું પામીને, આત્માના કલ્યાણનો ઉપાય કરવો તે જ કર્તવ્ય

છે.

આગળ કહે છે કે આ મનુષ્યપણામાં રત્નત્રયને પામી તેનો ઘણો આદર કરો.

ગાથા-૩૦૧

**આગળ કહે છે કે આ મનુષ્યપણામાં રત્નત્રયને પામી તેનો આદર ઘણો કરો.**

**इति सर्वदुर्ल्लभदुर्ल्लभं दर्शनं ज्ञानं तथा चारित्रं च।**
**ज्ञात्वा च संसारे महादरं कुरुत त्रयाणां अपि।।३०१।।**

**અર્થ :- આ બધું દુર્લભમાં પણ દુર્લભ જાણી તથા દર્શન-જ્ઞાન-ચારિત્ર સંસારમાં દુર્લભથી પણ દુર્લભ જાણો. એ દર્શન-જ્ઞાન-ચારિત્રનો હે ભવ્યજીવો ! તમે ઘણો આદર કરો !**

**ભાવાર્થ :- નિગોદમાંથી નીકળી ઉપર કહ્યાં અનુક્રમથી સર્વ દુર્લભથી પણ દુર્લભ જાણો ! વળી તેમાં પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિ તો અત્યંત દુર્લભ સમજો ! તેને પામીને ભવ્ય જીવોએ તેનો મહાન આદર કરવો યોગ્ય છે.**

અર્થ :- આ બધું દુર્લભમાં પણ દુર્લભ જાણી તથા દર્શન-જ્ઞાન-ચારિત્ર સંસારમાં દુર્લભથી પણ દુર્લભ જાણો. એ દર્શન-જ્ઞાન-ચારિત્રનો હે ભવ્યજીવો ! તમે ઘણો આદર કરો !

અહો ! સંસારમાં મનુષ્યપણું અને સત્સમાગમ વગેરે મહાદુર્લભ તો છે, પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે તો દુર્લભથી પણ દુર્લભ છે. અરે જીવો ! આવું મનુષ્યપણું પામીને સાચા દેવ-ગરુ-શાસ્ત્રને ઓળખીને તેનો મહા આદર કરો, કુદેવ-કુગુરુનો આદર છોડો, ને મહા પ્રયત્નપૂર્વક આદરથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને સેવો. હે ભવ્ય જીવો ! મનુષ્યપણું પામીને આત્માના સ્વભાવનો આદર કરો.

નિગોદમાંથી નીકળી ઉપર કહ્યાં અનુક્રમથી સર્વ દુર્લભથી પણ દુર્લભ જાણો ! વળી તેમાં પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિ તો અત્યંત દુર્લભ સમજો ! તેને પામીને ભવ્ય જીવોએ તેનો મહાન આદર કરવો યોગ્ય છે.

વસી નિગોદ ચીર નીકસી ખેદ સહી ધરણી તરુની બહુ,
પવનવોદ જલ અગ્નિ નિગોદ લહી જરન મરન સહુ;
લટ ગિંડોળ ઉટકણ મકોડ તન ભમર ભ્રમણ કર.

જલ વિલોલ પશુ તન સુકોલ નભચર સર ઉરપર;
ફિરિ નરકપાત અતિ કષ્ટસહી, કષ્ટ કષ્ટ નરતન મહત.
તહં પાય રત્નત્રય ચિગદ જે, તે દુર્લભ અવસર લહત.

નિગોદમાંથી નીકળીને ત્રસપણું પામવું દુર્લભ છે. તેમાંય પંચેંદ્રિયપણું, સંજ્ઞીપણું, મનુષ્યપણું, દીર્ઘ આયુ, પંચેંદ્રિયોની પૂર્ણતા, ઊંચુ કૂળ, ધર્મની બુધ્ધિ, સત્સમાગમ – એ બધુંય મળવું દુર્લભ છે, છતાં તે અપૂર્વ નથી, તે તો પૂર્વે મળી ગયું છે, પણ આત્માનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પામવું તે ''અપૂર્વ દુર્લભ'' છે. અનંતકાળના ભવભ્રમણથી ઊગરવાનું ટાણું આ મનુષ્યભવમાં છે, તેમાં જો આત્માની દરકાર કરી નહિ તો ફરી આવો અવસર મળવો મહાદુર્લભ છે. માટે આવી દુર્લભતા સમજીને આ મનુષ્યપણામાં ચૈતન્યસ્વભાવ આત્માના મહાઆદરપૂર્વક પ્રયત્ન કરીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના કરવી – એવો શ્રી સદ્ગુરુઓનો ઉપદેશ છે.

એ પ્રમાણે બોધિદુર્લભ અનુપ્રેક્ષા સમાપ્ત થઈ.

**અષાડ સુદ ૩, બુધવાર, ૨૫-૬-૫૨**

# ૧૨ ધર્માનુપ્રેક્ષા

## ધર્મનું મૂળ સર્વજ્ઞ છે.

આ ધર્માનુપ્રેક્ષામાં જૈનદર્શનનો સાર ગોઠવી દીધો છે. સમ્યગ્દષ્ટિ કેવું વસ્તુસ્વરૂપ વિચારે છે તે પણ આમાં વર્ણવ્યુ છે. ધર્મ અનુપ્રેક્ષાનું વર્ણન કરતાં પહેલાં સર્વજ્ઞદેવનું સ્વરૂપ બતાવે છે. કેમકે ધર્મનું મૂળ સર્વજ્ઞ છે. સર્વજ્ઞતા તે આત્માનું પૂર્ણ સ્વરૂપ છે. આત્માનો જ્ઞાનસ્વભાવ

છે. તેમાંથી જ્ઞાનની પરિપૂર્ણ દશા પ્રગટે છે. તેનું નામ સર્વજ્ઞતા છે. સર્વજ્ઞતા બહારથી નથી આવતી. જેણે સર્વજ્ઞને ન માન્યા તેણે આત્માને ન માન્યો, જ્ઞાનગુણને ન માન્યો, પર્યાયનું પરિપૂર્ણ સામર્થ્ય ન માન્યુ, સર્વજ્ઞે કહેલાં શાસ્ત્રો ન માન્યા. આત્માના જ્ઞાનસ્વભાવના અવલંબને રાગ અને અલ્પજ્ઞતાનો નાશ કરીને સર્વજ્ઞદશા પ્રગટી, તે સર્વજ્ઞદેવ ધર્મનું મૂળ છે. જેને સર્વજ્ઞની પ્રતીત નથી તેને આત્માની પ્રતીત થતી નથી ને તેને સમ્યગ્દર્શન થતું નથી. સર્વજ્ઞને જાણતાં અલ્પજ્ઞતા કે રાગદ્વેષ સર્વજ્ઞને નથી તેથી મારા આત્માનું પણ તે સ્વરૂપ નથી. એમ રાગ અને અલ્પજ્ઞતામાં હેયબુધ્ધિ થઈને પરિપૂર્ણ જ્ઞાનસ્વભાવમાં ઉપાદેયબુધ્ધિ થઈ, તેનું નામ ધર્મ છે. ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે, પણ તે સમ્યગ્દર્શન સર્વજ્ઞની પ્રતીત વગર થતું નથી, માટે અહીં એમ કહ્યું કે ધર્મનું મૂળ સર્વજ્ઞ છે. સર્વજ્ઞને જાણ્યાં તેણે આત્માનો પરિપૂર્ણ સ્વભાવ જાણ્યો. સર્વજ્ઞ થવાની પ્રતીત થઈ એટલે અલ્પજ્ઞતા અને રાગનો તે જ્ઞાતા રહ્યો પણ તેની રુચિ ન રહી. સર્વજ્ઞદેવ કાંઈ ન જાણે એમ બને જ નહિ. કોઈ કહે કે અમુક અપેક્ષિત ધર્મોને સર્વજ્ઞ ન જાણે તો તેમ બને નહિ. જે ધર્મ શ્રુતજ્ઞાનમાં જણાય તે કેવળજ્ઞાનમાં ન જણાય એમ કેમ બને ? અહો ! સર્વજ્ઞતા તો આત્માનો સ્વભાવ છે. તે શું ન જાણે ? સર્વજ્ઞતા નક્કી કરે તો પદાર્થોમાં ત્રણ કાળની પર્યાય ક્રમબધ્ધ થાય છે એ પણ નક્કી થઈ જાય, એટલે પોતે જ્ઞાતાદ્રષ્ટા રહી જાય. માટે પહેલાં અહીં ધર્મના મૂળ તરીકે સર્વજ્ઞને વર્ણવે છે.

ગાથા-૩૦૨

### य: जानाति प्रत्यक्षं त्रिकालगुणपर्यायै: संयुक्तं।
### लोकालोकं सकलं स: सर्वज्ञ: भवेत् देव:।।३०२।।

**અર્થ :- ત્રિકાલગોચર સમસ્ત ગુણ-પર્યાયો સહિત સંપૂર્ણ લોક-અલોકને જે પ્રત્યક્ષ જાણે છે તે સર્વજ્ઞદેવ છે.**

**ભાવાર્થ :- આ લોકમાં જીવદ્રવ્ય અનંતાનંત છે. તેનાથી અનંતાનંતગુણા પુદ્‌ગલદ્રવ્યો છે. એક એક આકાશ, ધર્મ અને અધર્મદ્રવ્ય છે તથા અસંખ્યાત કાળાણુદ્રવ્યો છે. લોકાકાશની પાર (આસપાસ) અનંતપ્રદેશી આકાશદ્રવ્ય છે, તે અલોક છે. તે સર્વ દ્રવ્યોનો અનંત સમયરૂપ ભૂતકાળ તથા તેનાથી અનંતગુણા સમયરૂપ ભવિષ્યકાળ છે. તે કાળના સમયસમયવર્તી એક દ્રવ્યના અનંત અનંત પર્યાય છે તે બધાય દ્રવ્યપર્યાયોને યુગપત્ (એક સાથે) એક સમયમાં પ્રત્યક્ષ સ્પષ્ટ ભિન્ન ભિન્ન જેમ છે તેમ જેનું જ્ઞાન જાણે છે તે સર્વજ્ઞદેવ છે. એજ દેવ છે બાકી બીજાને દેવ કહેવામાં**

**આવે છે તે કહેવામાત્ર છે. અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે જે ધર્મનું સ્વરૂપ કહેવામાં આવશે તે ધર્મનું યથાર્થ સ્વરૂપ ઇન્દ્રિયગોચર નથી પણ અતીન્દ્રિય છે અને જેનું ફળ સ્વર્ગ-મોક્ષ છે તે પણ અતીન્દ્રિય છે. છદ્મસ્થને ઇન્દ્રિયજ્ઞાન છે તે પરોક્ષ છે. એ જ્ઞાનગોચર નથી કે તે સર્વ પદાર્થોને પ્રત્યક્ષ દેખે તથા ધર્મનું સ્વરૂપ પણ પ્રત્યક્ષ દેખે. એટલા માટે એ ધર્મનું સ્વરૂપ શ્રીસર્વજ્ઞદેવના વચનથી જ પ્રમાણ છે. અન્ય છદ્મસ્થનું કહેલું પ્રમાણ નથી પરંતુ સર્વજ્ઞના વચનની પરંપરાપૂર્વક છદ્મસ્થ કહે તે પ્રમાણ છે તેથી ધર્મના સ્વરૂપકથનમાં મૂળકારણરૂપ સર્વજ્ઞનું અહીં સ્થાપન કર્યું.**

અર્થ :- ત્રિકાલગોચર સમસ્ત ગુણ-પર્યાયો સહિત સંપૂર્ણ લોક-અલોકને જે પ્રત્યક્ષ જાણે છે તે સર્વજ્ઞદેવ છે.

અનંતા દ્રવ્યો અનંતા ગુણો, તેમાં એકેક ગુણની ત્રણકાળની અનંતી પર્યાયો, એકેક પર્યાયમાં અનંતા અવિભાગ-પ્રતિચ્છેદો– તે બધાને કેવળજ્ઞાન જાણે છે. કેવળજ્ઞાનમાં બીજા અનંત સિધ્ધ ભગવંતો જણાય છે. જ્ઞાનગુણની એક પર્યાયનું કેટલું સામર્થ્ય !! અપૂર્ણ જાણે એવી સર્વજ્ઞદશા ન હોય. સર્વજ્ઞ ભગવાન તો એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણે છે, પણ એમ નથી કે ભવિષ્યની પર્યાય થશે ત્યારે જાણશે ! ભવિષ્યમાં ક્યાં સમયે કઈ પર્યાય થશે તે બધું અત્યારે જ સર્વજ્ઞના જ્ઞાનમાં જણાઈ ગયુ છે. આવા સર્વજ્ઞસ્વભાવનો નિર્ણય કરવો તેમાં જ અપૂર્વ પુરુષાર્થ છે. ''કેવળી ભગવાને દીઠા હશે તેટલા ભવ થશે પછી પુરુષાર્થ કરવાનું ક્યાં રહ્યું ?'' એમ કોઈ કહે - તો તેને કહે છે કે અરે ભાઈ ! તેં સર્વજ્ઞની પ્રતીત કરી છે ? જો સર્વજ્ઞની પ્રતીત કરે તો તેમાં જ્ઞાનનો પુરુષાર્થ આવી જાય છે, ને તેને અનંત ભવ હોતા જ નથી. ભગવાને તેના અનંત ભવ દેખ્યા જ નથી. સર્વજ્ઞનો નિર્ણય કરે તેને રાગ અને અલ્પજ્ઞતાની દૃષ્ટિ છૂટીને સ્વભાવદૃષ્ટિનો પુરુષાર્થ થઈ જાય છે.

ભાવાર્થ :- આ લોકમાં જીવદ્રવ્ય અનંતાનંત છે. તેનાથી અનંતાનંતગુણાં પુદ્‌ગલદ્રવ્યો છે. એક એક આકાશ, ધર્મ અને અધર્મદ્રવ્ય છે તથા અસંખ્યાત કાળાણુદ્રવ્યો છે. લોકાકાશની પાર (આસપાસ) અનંતપ્રદેશી આકાશદ્રવ્ય છે, તે અલોક છે. તે સર્વ દ્રવ્યોનો અનંત સમયરૂપ ભૂતકાળ તથા તેનાથી અનંતગુણા સમયરૂપ ભવિષ્યકાળ છે. તે કાળના સમયસમયવર્તી એક દ્રવ્યના અનંત અનંત પર્યાય છે તે બધાય દ્રવ્યપર્યાયોને યુગપત્ (એક સાથે) એક સમયમાં પ્રત્યક્ષ સ્પષ્ટ ભિન્ન ભિન્ન જેમ છે તેમ જેનું જ્ઞાન જાણે છે તે સર્વજ્ઞદેવ છે.

ત્રણકાળના સમયો કરતાં પણ અલોકના પ્રદેશો અનંતગુણા છે. કાળના સમયમાં પણ

ભૂતકાળ કરતાં ભવિષ્યકાળના સમયો અનંતગુણા છે. આવા વસ્તુ સ્વભાવને જાણવાનો તારા જ્ઞાનનો સ્વભાવ છે. બસ ! આવા જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરીને સ્વસન્મુખ દૃષ્ટિ ફેરવ – એ જ ધર્મ છે. જગતમાં અનંતા દ્રવ્યો છે. એકેક દ્રવ્યમાં અનંતા ગુણો છે ને એક સાથે અનંત ગુણોની અનંતી પર્યાયો (દરેક ગુણની એકેક પર્યાય) છે, ને તે દરેક પર્યાયમાં અનંત અવિભાવ પ્રતિચ્છેદ પડે છે. તે બધાયને કેવળજ્ઞાન ભિન્ન ભિન્ન જાણે છે. આવા કેવળજ્ઞાનના સામર્થ્યની કબૂલાત કરે તેના જ્ઞાનમાં પણ અનંતુ સામર્થ્ય આવે છે. તેમાં પ્રતીત આવી, પુરુષાર્થ આવ્યો. સર્વજ્ઞતામાં બધુંય ભિન્ન ભિન્ન જણાય છે, ને સર્વદર્શીપણું તો બધું સામાન્યરૂપે દેખે છે. સર્વજ્ઞતા જેને પ્રગટી છે તે જ દેવ છે, એ સિવાય બીજા દેવો તે તો કહેવામાત્ર છે. દિવ્યજ્ઞાન જેને હોય તે જ દેવ છે. અહો ! ત્રણકાળ ત્રણલોકના સમસ્ત પદાર્થોને પ્રત્યક્ષ ન જાણે તો તે જ્ઞાનને દિવ્ય કોણ કહે ? સર્વજ્ઞતાની જેને પ્રતીત નથી તેને ધર્મની જ પ્રતીત નથી, તેને કિંચિત ધર્મ થતો નથી. સર્વજ્ઞતા તે જીવની એક પર્યાયનો સ્વભાવ છે. તે સર્વજ્ઞતાને ન માને તો તેણે આત્માના જ્ઞાનસ્વભાવને જ નથી માન્યો, તે મિથ્યાદૃષ્ટિ છે. સર્વજ્ઞદેવે ત્રણકાળ ત્રણલોકને જાણ્યો છે ને તેમાં જે કાળે જે પર્યાય દેખી છે તે જ પર્યાય થાય છે. તેમાં ફેરફાર થતો નથી. આમ જે નથી માનતો તે જીવ પ્રગટપણે મિથ્યાદૃષ્ટિ છે. એ વાત આગળ ૩૨૧-૨૨-૨૩ ગાથામાં આવશે.

વસ્તુની અમુક પર્યાય નિયત અને અમુક પર્યાય અનિયત એમ નથી. દરેક સમયની પર્યાય તો નિયત છે, અનિયતપણું કહેવું હોય તો આ અપેક્ષાએ કહી શકાય કે નિયત સ્વભાવ સિવાયના બીજા પુરુષાર્થ વગેરે ધર્મ તે અનિયત છે. 'નિયત' સિવાયના બીજા ધર્મો તે 'અનિયત' છે, નિયત સિવાયના બીજા ચાર સમવાયો છે તે 'નિયત' ધર્મરૂપે નથી માટે તેમને 'અનિયત' કહેવાય છે.

વસ્તુમાં ત્રણેકાળની અવસ્થાઓ ક્રમબધ્ધ જ થાય છે. કોઈ અવસ્થા આડી અવળી થતી નથી – આવો જ વસ્તુ સ્વભાવ છે. વસ્તુસ્વભાવના આ મહાસિધ્ધાંતનું રહસ્ય નહિ સમજનારા અજ્ઞાનીઓ કહે છે કે આ એકાંતવાદ થઈ જાય છે પણ ખરેખર તો તેમાં જ અનેકાંતવાદ છે. કેમકે નિયતની સાથે જ પુરુષાર્થ, જ્ઞાન, શ્રધ્ધા વગેરે ધર્મો પણ રહેલા જ છે. નિયતસ્વભાવના નિર્ણયની સાથે રહેલા સમ્યક્ પુરુષાર્થને, સમ્યક્ શ્રધ્ધાને, સમ્યક્ જ્ઞાનને, સ્વભાવને વગેરેને ન સ્વીકારે તો જ અનેકાંતવાદ કહેવાય.

અજ્ઞાની તો, નિયતવસ્તુસ્વભાવના નિર્ણયમાં આવી જતો જ્ઞાનનો પુરુષાર્થ, સર્વજ્ઞના નિર્ણયનો પુરુષાર્થ, સ્વસન્મુખ શ્રધ્ધા-જ્ઞાન વગેરેને સ્વીકાર્યા વગર જ નિયતની (-જેમ થવાનું હશે તેમ થશે એવી) વાત કરે છે. તેથી તેને તો એકાંતનિયત કહેવાય.

પરંતુ જ્ઞાની તો નિયતવસ્તુસ્વભાવના નિર્ણયમાં સાથે જ રહેલાં એવા સમ્યક્ પુરુષાર્થને, સ્વસન્મુખ જ્ઞાનને–શ્રધ્ધાને, સ્વભાવને, કાળને, નિમિત્તને બધાને સ્વીકારે છે, તેથી તે મિથ્યાનિયત નથી, પણ સમ્યક્નિયતવાદ છે. તેમાં જ અનેકાંતવાદ આવી જાય છે.

નિયતને અને તેની સાથે નિયત સિવાયના બીજા અનિયતને (એટલે કે પુરુષાર્થ, કાળ, સ્વભાવ, જ્ઞાન, શ્રધ્ધા, નિમિત્ત વગેરેને) પણ જ્ઞાની સ્વીકારે છે. માટે તેને નિયત-અનિયતનો મેળ થયો, અહીં 'અનિયત'નો અર્થ 'અક્રમબધ્ધ' એમ ન સમજવો, પણ નિયતની સાથે રહેલાં નિયત સિવાયના પુરુષાર્થ વગેરે ધર્મોને અહીં 'અનિયત' કહ્યાં છે - એમ સમજવું. એ રીતે વસ્તુમાં 'નિયત' 'અનિયત' બન્ને ધર્મો એક સમયે એક સાથે છે, એટલે અનેકાંત સ્વભાવ છે, ને તેની શ્રધ્ધામાં અનેકાંતવાદ છે.

ક્રમબધ્ધ પર્યાયમાં પુરુષાર્થ વગેરેનો ક્રમ પણ ભેગો જ છે, તેથી ક્રમબધ્ધ પર્યાયની પ્રતીતમાં પુરુષાર્થ વગેરેની પ્રતીત પણ આવી જ જાય છે. પુરુષાર્થ કાંઈ ક્રમબધ્ધ પર્યાયોથી જુદો રહી જતો નથી. એથી નિયતના નિર્ણયમાં પુરુષાર્થ ઊડી જતો નથી પણ ભેગો આવી જ જાય છે. માટે નિયત સ્વભાવની શ્રધ્ધા તે અનેકાંતવાદ છે એમ સમજવું. જે વસ્તુના પર્યાયોને નિયત-ક્રમબધ્ધ થતાં ન માને અથવા તો ક્રમબધ્ધ પર્યાયના નિર્ણયમાં રહેલા સમ્યક્ પુરુષાર્થને ન માને તેને અનેકાંતમય વસ્તુસ્વભાવની ખબર નથી. તે મિથ્યાદ્રષ્ટિ છે.

સર્વજ્ઞની પ્રતીતપૂર્વક જેણે નિયતનો નિર્ણય કર્યો તેણે પોતાના પુરુષાર્થથી સ્વભાવમાં રહીને તે નિર્ણય કર્યો છે. તે પોતાની પર્યાયના સ્વકાળમાં નિર્ણય કર્યો છે, ને પરનિમિત્તોના અભાવપણે રહીને તે નિર્ણય કર્યો છે. એટલે નિયતના નિર્ણયમાં એક સમયમાં પાંચે સમવાય સમાઈ જાય છે, ને સ્વભાવ સન્મુખ દ્રષ્ટિ થઈને પર્યાયબુધ્ધિ છૂટી જાય છે એટલે મોક્ષમાર્ગ થઈ ગયો.

સર્વજ્ઞદેવ એક સમયમાં બધા પદાર્થોને ને ત્રણકાળને જાણે છે આવા સર્વજ્ઞ છે તે જ દેવ છે, ને એવા સર્વજ્ઞદેવ ધર્મનું મૂળ છે.

"અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે જે ધર્મનું સ્વરૂપ કહેવામાં આવશે તે ધર્મનું યથાર્થ સ્વરૂપ ઇંદ્રિયગોચર નથી પણ અતીંદ્રિય છે અને તેનું ફળ સ્વર્ગ-મોક્ષ છે તે પણ અતીંદ્રિય છે."

છ એ દ્રવ્યો, તથા તેના ગુણ-પર્યાય પણ અતીંદ્રિયજ્ઞાનથી જ જણાય તેવા છે. જીવ વગેરે પાંચ અરૂપી દ્રવ્યો છે- તે તો ઇંદ્રિય ગમ્ય નથી, ને પુદ્ગલ પરમાણુ પણ ઇંદ્રિય ગમ્ય નથી, ઇંદ્રિયથી દેખાય છે તે સ્થૂલ પર્યાય છે, તે મૂળ દ્રવ્ય નથી. મૂળ દ્રવ્ય તો ઇંદ્રિયગોચર નથી. છ દ્રવ્યો અતીંદ્રિય ગમ્ય છે, તેના ગુણો ને તેની પર્યાયો પણ અતીંદ્રિયજ્ઞાનથી જ જણાય તેવા

છે. વળી જીવની ગુણસ્થાન વગેરે પર્યાયો, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-મુનિદશા વગેરે ઈંદ્રિય ગમ્ય નથી. તે બધું અતીંદ્રિયજ્ઞાનનો વિષય છે ને તેને જાણનારૂં જ્ઞાન અતીંદ્રિય છે. વળી ધર્મના ફળરૂપ જે સ્વર્ગ-મોક્ષ વગેરે છે તે પણ ઈંદ્રિયથી જણાતા નથી, તે પણ અતીંદ્રિયજ્ઞાનથી જ જણાય છે. તે સ્વર્ગાદિ અનુમાનથી જણાય છે ખરા, પણ તે અનુમાન ક્યારે સાચું કહેવાય ? કે અંશે પ્રત્યક્ષજ્ઞાન થયું હોય તો તે અંશ પ્રત્યક્ષપૂર્વકનું અનુમાન સાચું કહેવાય. અહીં તો એમ સિધ્ધ કરવું છે કે ધર્મ અને ધર્મનું ફળ તે અતીંદ્રિયજ્ઞાનથી જ ગમ્ય છે ને તેવું અતીંદ્રિય જ્ઞાન સર્વજ્ઞને જ હોય છે. તેથી અતીંદ્રિય એવા સર્વજ્ઞને ઓળખ્યા વગર ધર્મ થઈ શકે નહીં. ભવિષ્યની સ્વર્ગ-મોક્ષ વગેરે પર્યાયો તે ઈંદ્રિય જ્ઞાનનો વિષય નથી પણ અતીંદ્રિય જ્ઞાનનો વિષય છે. સર્વજ્ઞતાનો નિર્ણય કર્યા વગર ધર્મનું એક પગલું પણ આગળ નહિ ચાલે. અહો ! કેવળજ્ઞાન તો ''સર્વચક્ષુ'' છે, ''આગમ ચક્ષુ'' તે પરોક્ષ છે, અજ્ઞાની જીવો ''ઈંદ્રિય ચક્ષુ'' છે. છદ્મસ્થ જ્ઞાનીને અંશે પ્રત્યક્ષ સ્વસંવેદન જ્ઞાન થયું છે, પણ હજી પૂર્ણ પ્રત્યક્ષ નથી. આત્માના અસંખ્ય પ્રદેશો તેમ જ ત્રણકાળ ત્રણલોક કાંઈ તેમાં પ્રત્યક્ષ નથી દેખાતા, સ્વસંવેદન અપેક્ષાએ પ્રત્યક્ષપણું છે. ને કેવળી ભગવાનને તો બધુંય પૂર્ણ પ્રત્યક્ષ છે. આખોય જ્ઞાન સ્વભાવ તેમને ખીલી ગયો છે. તે જ્ઞાનનું સામર્થ્ય અનંત અનંત છે. આકાશની અનંતતા કરતાં પણ તેના સામર્થ્યની અનંતતા છે. સર્વજ્ઞશક્તિ તે પર્યાયનું પરિપૂર્ણ સામર્થ્ય બતાવે છે. તેનું વર્ણન સમયસારની ૪૭ શક્તિઓમાં કહ્યું છે. સર્વજ્ઞશક્તિની પ્રતીત કરે તો સમ્યગ્દર્શન થાય છે. ખરેખર આત્મા એકલી ક્ષયોપશમ પર્યાયના અવલંબનથી જણાતો નથી. સ્વભાવના અવલંબને આત્મા જણાય છે. એક સમયની ક્ષયોપશમ પર્યાય જેટલો આખો આત્મા નથી. સર્વજ્ઞદેવની આજ્ઞા તે ધર્મ છે. સર્વજ્ઞદેવની આજ્ઞા એટલે શું ? કે સર્વજ્ઞ જેવા પરિપૂર્ણ જ્ઞાનસ્વભાવની પ્રતીત કરવી ને અલ્પજ્ઞતા તથા રાગની રુચિ છોડવી, તથા તે સ્વભાવની સન્મુખ એકાગ્ર થઈને સર્વજ્ઞતા પ્રગટ કરવી, એનું નામ સર્વજ્ઞદેવની આજ્ઞા છે. જેણે સર્વજ્ઞસ્વભાવને નથી માન્યો તે જીવે ખરેખર સર્વજ્ઞની આજ્ઞા માની નથી. સર્વજ્ઞની આજ્ઞા પ્રમાણે જે કથન હોય તે જ પ્રમાણ છે.

કેવળી ભગવાનના દિવ્ય ધ્વનિમાં બધું રહસ્ય એક સાથે આવે છે. ઉત્કૃષ્ટ શ્રોતાની જેટલું સમજવાની યોગ્યતા હોય તે બધુંય ભગવાનની વાણીમાં એક સમયમાં એક સાથે આવે છે. શ્રોતા તરીકે કાંઈ કેવળજ્ઞાની તો હોય નહિ, છઠ્ઠા ગુણસ્થાન સુધીના જીવો શ્રોતા હોય, તેને તો ક્ષયોપશમિક જ્ઞાન જ હોય ને તેને જેટલું સમજવાની તાકાત હોય તે બધુંય સર્વજ્ઞની વાણીમાં આવે છે. સર્વજ્ઞના જ્ઞાનમાં તો બધું એક સાથે જણાય છે. એવા સર્વજ્ઞની વાણી પ્રમાણરૂપ છે ને તે સર્વજ્ઞની પરંપરામાં સંતોએ જે ષટ્ખંડાગમ, સમયસારાદિ શાસ્ત્રો રચ્યાં છે તે પણ પ્રમાણ છે, વાચ્યને સમજનારા જીવો સર્વજ્ઞની પરંપરામાં થયા તેમની વાણી તે પણ આગમ

છે. આગમનો આશય સમજનારા જીવો પણ પરંપરા થતાં આવ્યા છે. સમજનારા વગર એકલી વાણીને આગમ કહેવાય નહિ, આગમનો આશય સમજનારા પુરુષોની પરંપરા સર્વજ્ઞથી ચાલી આવી છે, માટે તે આગમ પ્રમાણ છે. જ્ઞાનની પરંપરા વગર વાણીની પરંપરા કહેવાય નહિ માટે મૂળ કહેનારા સર્વજ્ઞ હોવા જોઈએ અને તેની પરંપરાએ તેનો આશય ઝીલનારા સંતો હોય તેની વાણી પણ પ્રમાણ છે. પણ સર્વજ્ઞની પરંપરા જેમાં ન હોય તે વાણી પ્રમાણ નથી.

એક સર્વજ્ઞનો નિર્ણય કરે તો તેમાં અનંત સર્વજ્ઞોનો નિર્ણય થઈ જાય છે. અનંત સર્વજ્ઞો છે. તેનું ક્ષેત્ર સિધ્ધલોક છે. સદેહે વિચરતાં સર્વજ્ઞો છે, તેનું ક્ષેત્ર મહાવિદેહ વગેરે છે – એમ બધાનો નિર્ણય સર્વજ્ઞના નિર્ણયમાં આવી જાય છે. સર્વજ્ઞના સામર્થ્યનો નિર્ણય કરતાં અલ્પજ્ઞતામાં આદરબુધ્ધિ રહેતી નથી પણ સ્વભાવની દૃષ્ટિ થઈ જાય છે. એ રીતે સર્વજ્ઞનો નિર્ણય કરતાં જ્ઞાનસ્વભાવની સન્મુખ દૃષ્ટિ જાય છે, ને ધર્મ થાય છે. માટે ધર્મ કરનારે પહેલાં સર્વજ્ઞનો નિર્ણય કરવો જોઈએ. સર્વજ્ઞના નિર્ણય વિના ધર્મ થઈ શકે નહિ.

# પ્રસાદ નં. – ૨૪૭

**વી. નિ સં. ૨૪૭૮, શ્રાવણ સુદ ૧૧, વર્ષ ૨જું. પુસ્તક નવમું, સોનગઢ, તા. ૩-૭-૫૨, ગુરુવાર.**

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(અષાડ સુદ ૪, ગુરુવાર, ૨૪-૬-૫૨ સવાર)**

આ ધર્મ અનુપ્રેક્ષા ચાલે છે. આત્માના જ્ઞાનાનંદસ્વભાવની સન્મુખ રુચિ રાખીને ધર્મી જીવ બાર ભાવનાનું ચિંતવન કરીને અંતરમાં એકાગ્રતા વધારે છે તે સંવર છે. અંતર્દૃષ્ટિ વગર આવી ભાવના યથાર્થ હોય નહિ. અહીં ધર્મભાવનામાં પહેલાં સર્વજ્ઞને સિધ્ધ કરે છે. સર્વજ્ઞને ન માને તેને ધર્મભાવના હોય નહિ, કેમકે ધર્મનું મૂળ તો સર્વજ્ઞ છે.

જે જીવ સર્વજ્ઞને માનતો નથી તેને કહે છે :-

**ગાથા-૩૦૩**

**આગળ જે સર્વજ્ઞને માનતો નથી તેને કહે છે :-**

**यदि न भवति सर्वज्ञ: तत् क: जानाति अतीन्द्रियं अर्थं।**
**इन्द्रियज्ञानं न जानाति स्थूलं अपि अशेषपर्यायम्।।३०३।।**

**અર્થ :- હે સર્વજ્ઞના અભાવવાદી ! જો સર્વજ્ઞ ન હોય તો અતીંદ્રિય પદાર્થો–ઈંદ્રિયગોચર નથી એવા પદાર્થોને કોણ જાણે ? ઈંદ્રિયજ્ઞાન તો ઈંદ્રિયોના સંબંધમાં આવેલા વર્તમાન સ્થૂલ પદાર્થોને જાણે છે. તેના પણ સમસ્ત પર્યાયોને તે જાણતું નથી.**

**ભાવાર્થ :- સર્વજ્ઞનો અભાવ મીમાંસક તથા નાસ્તિક કહે છે તેને અહીં નિષેધ્યા છે કે જો સર્વજ્ઞ ન હોય તો અતીન્દ્રિયપદાર્થોને કોણ જાણે ? કારણ કે ધર્મ–અધર્મનું ફળ તો અતીન્દ્રિય છે, તેને સર્વજ્ઞ વિના (યથાર્થ-પૂર્ણ) કોઈ જાણી શકતું નથી એટલા માટે ધર્મ–અધર્મના ફળને ચહાતો જે પુરુષ છે તે તો સર્વજ્ઞને માન્ય કરી તેના વચનાનુસાર ધર્મના સ્વરૂપનો નિશ્ચય કરી અંગિકાર કરો !**

અર્થ :- હે સર્વજ્ઞના અભાવવાદી ! જો સર્વજ્ઞ ન હોય તો અતીંદ્રિય પદાર્થો–ઈંદ્રિયગોચર નથી એવા પદાર્થોને કોણ જાણે ? ઈંદ્રિયજ્ઞાન તો ઈંદ્રિયોના સંબંધમાં આવેલા વર્તમાન સ્થૂલ પદાર્થોને જાણે છે. તેના પણ સમસ્ત પર્યાયોને તે જાણતું નથી.

આત્માનો જ્ઞાનસ્વભાવ છે. તે જ્ઞાનસ્વભાવની પ્રતીત કરીને તેમાં એકાગ્ર થતાં એવું પરિપૂર્ણ જ્ઞાન પ્રગટે છે કે સર્વ પર્યાયોને તે જાણે છે. જે જીવને આવા જ્ઞાનસ્વભાવની પ્રતીત થાય તેને સર્વજ્ઞની પ્રતીત તો હોય જ. છએ પદાર્થો અતીંદ્રિયજ્ઞાનનો વિષય છે, જો સર્વજ્ઞ ન હોય તો તે અતીંદ્રિય પદાર્થોને કોણ જાણે ? આત્મા અમૂર્ત અતીંદ્રિય છે, તેમ જ ધર્માસ્તિકાય વગેરે ચારે દ્રવ્યો પણ અરૂપી અતીંદ્રિય છે તથા મૂળ પુદ્‌ગલદ્રવ્ય પણ સૂક્ષ્મ અતીંદ્રિય છે - એ રીતે છએ પદાર્થો અતીંદ્રિય છે, ઈંદ્રિય જ્ઞાનથી તે જણાતા નથી. જો સર્વજ્ઞ ન હોય તો આ છ પદાર્થોને કોણ જાણે ? છએ દ્રવ્યો જગતમાં સત્ છે તો તેનું જ્ઞાન પણ હોવું જ જોઈએ. એવું જ્ઞાન સર્વજ્ઞને છે.

જુઓ, ઘણાં કહે છે કે સંસારદશામાં આત્મા મૂર્ત થઈ ગયો છે, તો તેની વાત જૂઠી છે. આત્મા ત્રણે કાળે અમૂર્ત જ છે. જો અત્યારે આત્મા કર્મનાં સંગથી મૂર્ત થઈ ગયો હોય તો તો મોક્ષ પણ મૂર્ત દ્રવ્યનો જ થાય. એટલે મોક્ષમાં આત્મા તો ન રહ્યો ! આત્મા તો અમૂર્તસ્વભાવી અતીંદ્રિય જ્ઞાનનો જ વિષય છે. વળી ભૂત-ભવિષ્યના પદાર્થો તેમ જ દૂર ક્ષેત્રે રહેલાં પદાર્થો તે ઈંદ્રિય જ્ઞાનથી જણાતાં નથી, તો તેના જાણનાર કોઈક હોવા તો જોઈએ, તે સર્વજ્ઞ જ્ઞાનથી જણાય છે. જો સર્વજ્ઞ ન હોય તો 'જગતમાં અતીંદ્રિય પદાર્થો છે' એમ ક્યાંથી જણાય ? સર્વજ્ઞ વિના તેને કોણ જાણે ? વળી ધર્મ અને અધર્મ તથા તેના ફળરૂપ મોક્ષ-સ્વર્ગ કે નરક તે બધાં પણ અતીંદ્રિય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ વીતરાગપર્યાય તે અતીંદ્રિય છે, તેમ જ પુણ્ય-પાપના ભાવ પણ અતીંદ્રિય છે, એને સર્વજ્ઞ વિના કોણ જાણે ? માટે જગતમાં સર્વજ્ઞ છે એમ નક્કી કરવું જોઈએ. સર્વજ્ઞનો નિર્ણય કરીને પછી તેમના કહેલાં તત્વોનો નિર્ણય કરો.

સર્વજ્ઞદેવે કહેલાં ધર્મનું વર્ણન કરે છે :-

ગાથા-૩૦૪

**तेन उपदिष्ट: धर्म्म: सङ्गाशक्तानां तथा असङ्गानां।**
**प्रथम: द्वादशभेद: दशभेद: भाषित: द्वितीय:।।३०४।।**

**અર્થ :- એ સર્વજ્ઞદેવથી ઉપદેશિત ધર્મ બે પ્રકારથી છે. એક તો સંગથી આસક્ત ગૃહસ્થનો અને બીજો અસંગ મુનિનો. ત્યાં પ્રથમ ગૃહસ્થનો ધર્મ તો બાર ભેદરૂપ છે તથા મુનિનો ધર્મ દશ ભેદરૂપ છે.**

તેમાં ગૃહસ્થધર્મનાં બાર ભેદ છે તે કહે છે.

ગાથા-૩૦૫-૩૦૬

આગળ ગૃહસ્થધર્મનાં બાર ભેદોનાં નામ બે ગાથામાં કહે છે :-

**सम्यग्दर्शनशुद्ध: रहित: मद्यादिस्थूलदोषै:।**
**व्रतधारी सामयिक: पर्व्वव्रती प्राशुकाहारी।।३०५।।**
**रात्रिभोजनविरत: मैथुनसारम्भसङ्गत्यक्त: च।**
**कार्यानुमोदविरत: उद्दिष्टाहारविरत: च।।३०६।।**

**અર્થ :- સમ્યગ્દર્શન શુધ્ધ છે જેને એવા (૧) મદ્યાદિક સ્થૂલ દોષોથી રહિત દર્શનપ્રતિમા ધારક (૨) પાંચ અણુવ્રત-ત્રણ ગુણવ્રત-ચાર શિક્ષાવ્રત એવા બાર વ્રતોસહિત વ્રતપ્રતિમાધારી (૩) સામાયિક પ્રતિમાધારી (૪) પર્વવ્રતી (પૌષધોપવાસ પ્રતિમાધારી) (૫) પ્રાસુક આહારી (૬) રાત્રિભોજનત્યાગી (૭)મૈથુનત્યાગી (૮) આરંભત્યાગી (૯) પરિગ્રહત્યાગી (૧૦) કાર્યાનુમોદનારહિત (૧૧) ઉદ્દિષ્ટાહારવિરત – એ પ્રમાણે (અગિયાર પ્રતિમા અને એક શુધ્ધ સમ્યગ્દર્શનમૂળ મળી) શ્રાવકધર્મનાં બાર ભેદ છે. તેમાં પ્રથમ ભેદ તો પચ્ચીસ મળદોષરહિત શુધ્ધ અવિરતસમ્યગ્દર્શન છે તથા બાકીનાં અગિયાર ભેદ પ્રતિમાઓનાં વ્રતોસહિત હોય તે વ્રતીશ્રાવક છે.**

અર્થ :- સમ્યગ્દર્શન શુધ્ધ છે જેને એવાં (૧) મદ્યાદિક સ્થૂલ દોષોથી રહિત દર્શનપ્રતિમા ધારક (૨) પાંચ અણુવ્રત-ત્રણ ગુણવ્રત-ચાર શિક્ષાવ્રત એવાં બાર વ્રતોસહિત વ્રતપ્રતિમાધારી (૩) સામાયિક પ્રતિમાધારી (૪) પર્વવ્રતી (પૌષધોપવાસ પ્રતિમાધારી) (૫) પ્રાસુક આહારી (૬) રાત્રિભોજનત્યાગી (૭)મૈથુનત્યાગી (૮) આરંભત્યાગી (૯) પરિગ્રહત્યાગી (૧૦) કાર્યાનુમોદનારહિત (૧૧) ઉદ્દિષ્ટાહારવિરત – એ પ્રમાણે (અગિયાર પ્રતિમા અને એક શુદ્ધ સમ્યગ્દર્શનમૂળ મળી) શ્રાવકધર્મનાં બાર ભેદ છે. તેમાં પ્રથમ ભેદ તો પચ્ચીસ મળદોષરહિત શુધ્ધ અવિરતસમ્યગ્દર્શન છે તથા બાકીનાં અગિયાર ભેદ પ્રતિમાઓનાં વ્રતોસહિત હોય તે વ્રતીશ્રાવક છે.

જુઓ, સૌથી રહેલાં તો શુધ્ધ સમ્યગ્દર્શન તે જ ગૃહસ્થનોનો ધર્મ છે. સમ્યગ્દર્શન વગર તો કોઈ પ્રકારનો ધર્મ હોતો નથી. અહીં નિશ્ચય શ્રધ્ધાને જ શુધ્ધ સમ્યગ્દર્શન કહ્યું છે. દેવ-ગુરુ-શાસ્ત્રની વ્યવહારશ્રધ્ધા તે શુભરાગ છે, તે ખરેખર શુધ્ધ સમ્યગ્દર્શન નથી. તેથી અહીં શુધ્ધ સમ્યગ્દર્શન કહીને શુધ્ધાત્માની શ્રધ્ધારૂપ નિશ્ચય સમ્યગ્દર્શનની વાત લીધી છે. ધર્મનો સૌથી પહેલો ભેદ આવું શુધ્ધ સમ્યગ્દર્શન છે. ચારિત્ર તે ધર્મ છે ને સમ્યગ્દર્શન તે ધર્મનું મૂળ છે. અહીં તે સમ્યગ્દર્શનને પણ ધર્મ કહ્યો છે. સમ્યગ્દર્શન તે પહેલો ધર્મ છે ને પછી અગિયાર પડિમાઓ હોય છે. એ રીતે કુલ ૧૨ ભેદ ગૃહસ્થધર્મનાં હોય છે. ગૃહસ્થને માટે કોઈ બીજો ધર્મ નથી. તેને પ્રથમ સમ્યગ્દર્શન હોવું જોઈએ. સમ્યગ્દર્શન પછી જ પાંચમા ગુણસ્થાનની પડિમાઓ હોય છે.

પહેલી દર્શનપડિમા છે, તેમાં મધ-માંસાદિક સ્થૂળ દોષોનો ત્યાગ હોય છે. કોઈ એમ કુતર્ક કરે કે દર્શનપડિમાવાળાને મદ્યાદિકનો ત્યાગ કહ્યો તો ત્યાર પહેલાં ચોથા ગુણસ્થાને તે હોય ? તેનો ઉત્તર :- એમ નથી, ચોથા ગુણસ્થાને પણ મધ-માંસ વગેરેનાં ભક્ષણનો ભાવ હોય નહીં. અરે ! ચોથા ગુણસ્થાને રહેલાં પણ પાત્ર જીવને મધ-માંસાદિનો ભાવ હોય નહીં. પુરુષાર્થસિધ્ધિઉપાયમાં કહ્યું છે કે મધ-માંસાદિનો જેને ત્યાગ નથી તે જીવ તો દેશનાને પણ પાત્ર નથી. પણ ચોથા ગુણસ્થાન સુધી હજી કોઈ સૂક્ષ્મ અતિચાર લાગી જાય છે ને દર્શનપડિમાવાળા શ્રાવકને તો નિરતિચારપણે મધ-માંસાદિનો ત્યાગ હોય છે. માંસાદિનો સીધો ખોરાક તો સમ્યગ્દ્રષ્ટિને હોય જ નહીં, ને પાંચમા ગુણસ્થાને તો એ કષાય ચોકડીનો નાશ થઈ ગયો છે.

બીજી વ્રતપડિમા છે, ત્યાં સ્વભાવનાં આશ્રયે શુદ્ધતા વધતાં ઘણો રાગ મંદ થઈ જાય છે. દ્રવ્યનાં આશ્રયે શુદ્ધતા વધે છે, તે અનુસાર પડિમા હોય છે. પાંચમા ગુણસ્થાનમાં શુદ્ધતાના પણ અસંખ્ય પ્રકાર પડે છે, સુક્ષ્મતાએ અનંત પ્રકાર પડે છે, પણ તે બધી શુદ્ધતા અંતરમાં

દ્રવ્યના અવલંબને છે. પાંચમા ગુણસ્થાને પડિમા હોય છે, તેમાં બીજી વ્રતપડિમા છે, ત્યાં બાર વ્રત હોય છે.

ત્રીજી સામાયિક પડિમા છે. શ્રાવક ધર્માત્મા અંતર્ સ્વરૂપમાં એકાગ્રતાનો અભ્યાસ કરે છે. તેમાં કોઈ કોઈ વાર તો શ્રાવકને સામાયિક વખતે અંતરમાં નિર્વિકલ્પદશા થઈ જાય છે, અંતરમાં જ્ઞાયકસ્વરૂપમાં નિર્વિકલ્પ લીનતા જામી જાય છે.

ચોથી પૌષધ ઉપવાસ પડિમા છે. તેમાં સ્વભાવના આશ્રયે વિશેષ શુદ્ધતા પ્રગટી છે. જેમ જેમ પડિમા વધે છે તેમ તેમ સ્વભાવનો અનુભવ વધતો જાય છે, ને પ્રત્યાખ્યાનાવરણનો અનુભાગ ઘટતો જાય છે. જેમ જેમ ચેતન્યનો અનુભવ વધતો જાય છે તેમ તેમ જડનો અનુભાગ ઘટતો જાય છે. આવો નિમિત્તનૈમિત્તિકસંબંધ છે. પાંચમા ગુણસ્થાને અનંતાનુબંધી તેમ જ અપ્રત્યાખ્યાનાવરણીય કષાયનો તો અભાવ જ છે, ને જેમ જેમ શુદ્ધતા વધતી જાય છે તેમ તેમ પ્રત્યાખ્યાનાવરણીય કષાય પણ ઘટતો જાય છે.

સામાયિક હંમેશા હોય છે, પૌષધઉપવાસ પર્વતિથિએ હોય છે, ને છેવટે સંથારો હોય છે. આ રીતે શ્રાવકને ચૈતન્યના અનુભવનો અભ્યાસ હોય છે. વ્રત અને પડિમા તે તો અંતર સ્વભાવની શુદ્ધતાના પ્રકારો છે, તેને બદલે અજ્ઞાનીઓ શુદ્ધિને ભૂલીને બહારનાં ત્યાગમાં ને રાગમાં જ પડિમા વગેરે માની બેઠા છે. જેમ એક બાઈ ચોખા ખાંડતી હતી, ત્યાં ચોખા નીચે હતા ને ઉપર ફોતરા દેખાતાં હતા. તે જોઈને બીજી મૂરખી બાઈએ વિચાર્યું કે આ બાઈ ફોતરાં ખાંડતી લાગે છે ! એમ જાણીને પોતે પણ ઘેર જઈને ફોતરાં ખાંડવા બેઠી ! તેમ ધર્મી જીવને તો અંતર સ્વભાવની દૃષ્ટિપૂર્વક ભક્તિ વગેરેનો ભાવ આવે છે. ભગવાનનો જન્મ થતા ઈંદ્રો આવીને ભક્તિથી તાંડવનૃત્ય કરે છે પણ તે વખતે અંતરસ્વભાવમાં દૃષ્ટિ પડી છે. ત્યાં અજ્ઞાની એકલી બહરની ક્રિયાને અને રાગને દેખે છે ને પોતે ભક્તિ કરીને તેને ધર્મ માને છે, પણ અંદરનું તેને ભાન નથી. જ્ઞાનીને તો અંદરની દૃષ્ટિ પડી છે તેને લીધે ધર્મ થાય છે. કાંઈ રાગને લીધે કે નાચવાને લીધે તેને ધર્મ થયો નથી. ચોથા ગુણસ્થાને એવો ભક્તિ-પૂજાનો ભાવ આવે છે જરૂર, પણ ધર્મ તો અંતરસ્વભાવની રુચિ અને એકાગ્રતામાં છે. અજ્ઞાની બહારથી ધર્મ માની લ્યે છે તે વસ્તુસ્વરૂપને સમજ્યો નથી.

પાંચમી પડિમામાં પ્રાસુક આહાર છે એટલે કે ત્યાં સચિત્તઆહારનો ભાવ હોતો નથી. અંતરસ્વભાવમાં એટલો વીતરાગભાવ પ્રગટ્યો છે કે ત્યાં સદોષ આહારનો વિકલ્પ જ આવતો નથી, તેથી સચિત્તઆહાર છોડ્યો એમ કહેવાય છે. ''પ્રાસુકઆહારી'' એમ કહેવામાં આહાર કરવાં ઉપર વજન નથી, પણ સચેત આહારનો ભાવ તેને હોતો નથી – એમ બતાવવું છે. ગૃહસ્થનાં ધર્મ અપેક્ષાએ આ સચિત્તત્યાગપડિમા તે છઠ્ઠો ધર્મ છે. પહેલો ધર્મ શુદ્ધ સમ્યગ્દર્શન

છે તેના વગર તો બીજો કોઈ પણ ધર્મ હોતો નથી. આહાર તો જડ છે, તેને આત્મા ત્રણકાળમાં કદી ગ્રહતો કે છોડતો નથી. અજ્ઞાની કહે છે કે "अनादिकालसे आत्मा कभी कर्मसे छूटा नहि" અહીં કહે છે કે "निश्चयसे अनादिकालसे आत्मा कभी कर्मको छूता नहि" આત્મા જડ પદાર્થોને કદી સ્પર્શતો નથી, તો તે આહારને ગ્રહે કે છોડે એ વાત ક્યાં રહી ?

છઠ્ઠી પડિમામાં રાત્રિભોજનત્યાગ છે. સાતમી પડિમામાં મૈથુનત્યાગ છે. આઠમી પડિમામાં આરંભત્યાગ છે, નવમીમાં પરિગ્રહત્યાગ છે, દશમી પડિમામાં અનુમતિત્યાગ છે ને અગિયારમી પડિમામાં ઉદ્દિષ્ટત્યાગ છે. આ પ્રમાણે શુદ્ધ સમ્યગ્દર્શનસહિતની અગિયાર પડિમાઓ મળીને કુલ બાર ભેદ ગૃહસ્થધર્મનાં છે. જુઓ, આ બધાં ભેદો અંતરસ્વભાવનાં અવલંબને શુધ્ધતાપૂર્વકનાં છે. સ્વભાવનાં ભાન વિના એકલો શુભરાગ કરે તેને કાંઈ પડિમા ન કહેવાય.

પહેલાં કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની માન્યતા છૂટી જાય. સમ્યગ્દર્શનનાં પચીસ દોષરહિત શુદ્ધ સમ્યગ્દર્શન તો પ્રથમ હોવુ જોઈએ. જ્ઞાનમદ, કુળમદ વગેરે દોષો સમ્યગ્દ્રષ્ટિને હોય નહીં. કેવળજ્ઞાનનો પિંડ આત્મા છે તેની જેને દૃષ્ટિ થઈ તેને અલ્પજ્ઞાનનો કે કુળ વગેરેનો ગર્વ આવે જ નહીં. અંતરસ્વભાવમાં ચૈતન્યનાં નિધાન દેખ્યા હોય તે જીવ બહારનાં પદાર્થથી પોતાની મોટાઈ માનતો નથી. નિયમસારમાં કહે છે કે :-

છે જીવ વિધવિધ, કર્મ વિધવિધ, લબ્ધિ છે વિધવિધ અરે !
તે કારણે નિજપરસમય સહ વાદ પરિહર્તવ્ય છે. ૧૫૬

અર્થ :- નાના પ્રકારના જીવો છે, નાના પ્રકારનું કર્મ છે, નાના પ્રકારની લબ્ધિ છે; તેથી સ્વસમયો અને પરસમયો સાથે (સ્વધર્મીઓ અને પરધર્મીઓ સાથે) વચનવિવાદ વર્જવા યોગ્ય છે.

નિધિ પામીને જન કોઈ નિજ વતને રહી ફળ ભોગવે,
ત્યમ જ્ઞાની પરજનસંગ છોડી જ્ઞાનનિધિને ભોગવે. ૧૫૭

અર્થ :- જેમ કોઈ એક (દરિદ્ર માણસ) નિધિને પામીને પોતાનાં વતનમાં (ગુપ્તપણે) રહીને તેનાં ફળને ભોગવે છે, તેમ જ્ઞાની પરજનોનાં સમુહને છોડીને જ્ઞાનનિધિને ભોગવે છે.

ચૈતન્ય સ્વભાવની દૃષ્ટિપૂર્વક જ બાર ધર્મો હોય છે. તેમાં સૌથી પહેલો સમ્યગ્દર્શન ધર્મ છે. તે સમ્યગ્દર્શન વગેરે ધર્મોનુ વર્ણન કરે છે. તેમાં પહેલાં અવિરત સમ્યગ્દ્રષ્ટિનુ વર્ણન કરતાં સમ્યગ્દર્શન પામનાર જીવ કેવો હોય તેની યોગ્યતાનું વર્ણન કરે છે.

**ગાથા-૩૦૭**

**આગળ એ બારે ધર્મોનું સ્વરૂપપ્રભૃતિનું વ્યાખ્યાન કરે છે ત્યાં પ્રથમ જ અવિરતસમ્યગ્દૃષ્ટિનું**

**સ્વરૂપ કહે છે. તેમાં પણ પહેલાં સમ્યક્ત્વઉત્પત્તિની યોગ્યતાનું નિરૂપણ કરે છે :-**

**चतुर्गतिभव्यः संज्ञी सुविशुद्धः जाग्रत्पर्याप्तः।**
**संसारतटे निकटः ज्ञानी प्राप्नोति सम्यक्त्वं।।३०७।।**

**અર્થ :- આવો જીવ સમ્યક્ત્વને પામે છે કે જે પ્રથમ તો ભવ્યજીવ હોય કારણ કે અભવ્યને સમ્યક્ત્વ થાય નહીં, વળી ચારે ગતિમાં સમ્યક્ત્વ ઊપજે છે. ત્યાં પણ મનસહિત સંજ્ઞીને ઊપજે છે પણ અસંજ્ઞીને ઊપજતું નથી, તેમાં પણ વિશુદ્ધ (શુભ) પરિણામી અને શુભલેશ્યાસહિત હોય. અશુભલેશ્યામાં પણ શુભલેશ્યાસમાન કષાયસ્થાનકોમાં હોય તેને પણ ઉપચારથી વિશુદ્ધ કહેવામાં આવે છે. પરંતુ સંક્લેશપરિણામોમાં સમ્યક્ત્વ ઊપજતું નથી. જાગૃતાવસ્થામાં થાય પણ નિદ્રાવસ્થામાં થાય નહીં, પૂર્ણપર્યાપ્તિવાળાને થાય પણ અપર્યાપ્ત અવસ્થામાં થાય નહીં. સંસાર કિનારો જેને નજીક વર્તતો હોય અર્થાત્ નિકટભવ્ય હોય, કારણ અર્ધપુદ્‌ગલપરાવર્તન કાળ પહેલાં સમ્યક્ત્વ ઊપજતું નથી, તથા જ્ઞાની હોય એટલે સાકારઉપયોગવાન હોય કારણ કે નિરાકાર દર્શનોપયોગમાં સમ્યક્ત્વ ઊપજતું નથી. આવા જીવને સમ્યક્ત્વની ઉત્પત્તિ થાય છે.**

અર્થ :- આવો જીવ સમ્યક્ત્વને પામે છે કે જે પ્રથમ તો ભવ્યજીવ હોય કારણ કે અભવ્યને સમ્યક્ત્વ થાય નહીં, વળી ચારે ગતિમાં સમ્યક્ત્વ ઊપજે છે. ત્યાં પણ મનસહિત સંજ્ઞીને ઊપજે છે પણ અસંજ્ઞીને ઊપજતું નથી, તેમાં પણ વિશુદ્ધ (શુભ) પરિણામી અને શુભલેશ્યાસહિત હોય. અશુભલેશ્યામાં પણ શુભલેશ્યાસમાન કષાયસ્થાનકોમાં હોય તેને પણ ઉપચારથી વિશુદ્ધ કહેવામાં આવે છે. પરંતુ સંક્લેશ પરિણામોમાં સમ્યક્ત્વ ઊપજતું નથી. જાગૃતાવસ્થામાં થાય પણ નિદ્રાવસ્થામાં થાય નહીં, પૂર્ણપર્યાપ્તિવાળાને થાય પણ અપર્યાપ્ત અવસ્થામાં થાય નહીં. સંસાર કિનારો જેને નજીક વર્તતો હોય અર્થાત્ નિકટભવ્ય હોય, કારણ અર્ધપુદ્‌ગલપરાવર્તન કાળ પહેલાં સમ્યક્ત્વ ઊપજતું નથી, તથા જ્ઞાની હોય એટલે સાકારઉપયોગવાન હોય કારણ કે નિરાકાર દર્શનોપયોગમાં સમ્યક્ત્વ ઊપજતું નથી. આવા જીવને સમ્યક્ત્વની ઉત્પત્તિ થાય છે.

નિદ્રામાં સમ્યગ્દર્શન ઊપજતું નથી, સમ્યગ્દર્શન પ્રગટ થતી વખતની આ વાત છે. સમ્યગ્દર્શન થયા પછી નિદ્રા વગેરે હોય, ઊંઘતો હોય ને સમ્યગ્દર્શન પ્રગટી જાય એમ ન બને, પણ સમ્યગ્દર્શન પ્રગટ્યા પછી તો ઊંઘ વખતે પણ તેનો કાંઈ નાશ થઈ જતો નથી. ઊંઘ વખતે

પણ સમ્યગ્દર્શન હોય છે. એ જ પ્રમાણે સમ્યગ્દર્શન પ્રગટ તો પર્યાપ્તદશામાં થાય, પણ પછી તો અપર્યાપ્તદશામાં પણ ક્ષાયિક સમ્યક્ત્વ હોય ! સમ્યગ્દર્શન ઊપજતી વખતે જ્ઞાનઉપયોગ હોય છે, દર્શનઉપયોગ નથી હોતો. એ પ્રમાણે બધાં બોલ સમજી લેવા. આવી યાગ્યતા હોય તે જીવ સમ્યગ્દર્શન પામે છે, ને પછી જ વ્રત-પડિમા વગેરે હોય છે.

**અષાડ સુદ ૫, શુક્રવાર, ૨૭-૬-૫૨**

ધર્મ એટલે વસ્તુનું સ્વરૂપ, તેને અનુસરીને વિચારણા ચાલે તેનું નામ ધર્મ અનુપ્રેક્ષા છે. યથાર્થ ધર્મ અનુપ્રેક્ષા સમ્યગ્દૃષ્ટિને જ હોય છે. સમ્યગ્દર્શન પણ આત્માનો ધર્મ છે. તેની આ વ્યાખ્યા ચાલે છે. ધર્મ એટલે આત્માની વીતરાગી પર્યાય. સમ્યગ્દર્શન પણ વીતરાગી પર્યાય છે. ચોથા ગુણસ્થાનનું સમ્યગ્દર્શન તે પણ ખરેખર વીતરાગ છે. ચોથા ગુણસ્થાને પણ નિશ્ચય સમ્યગ્દર્શન છે. તે સમ્યગ્દર્શનના ત્રણ પ્રકાર છે. ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક.

તેમાં ઉપશમ અને ક્ષાયિકસમ્યકત્વની ઉત્પત્તિ કેવી રીતે થાય છે તે કહે છે :-

ગાથા-૩૦૮

**આગળ સમ્યક્ત્વના ત્રણ પ્રકાર છે તેમાં ઉપશમ અને ક્ષાયિકસમ્યક્ત્વની ઉત્પત્તિ કેવી રીતે થાય છે તે કહે છે :-**

**सप्तानां प्रकृतीनां उपशमत: भवति उपशमं सम्यक्त्वं।**
**क्षयत: च भवति क्षायिकं केवलिमूले मनुषस्य।।३०८।।**

**અર્થ :- મિથ્યાત્વ, સમ્યગ્મિથ્યાત્વ, સમ્યક્પ્રકૃતિમિથ્યાત્વ, અનંતાનુબંધીક્રોધ-માન-માયા-લોભ એ સાત મોહકર્મની પ્રકૃતિઓનો ઉપશમ થતાં ઉપશમસમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે તથા એ સાતે મોહકર્મની પ્રકૃતિઓનો ક્ષય થતાં ક્ષાયિકસમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે. આ ક્ષાયિકસમ્યક્ત્વ કેવળજ્ઞાની**

**વા શ્રુતકેવળીના નિકટપણામાં કર્મભૂમિના મનુષ્યને જ ઊપજે છે.**

**ભાવાર્થ :- અહીં એમ જાણવું કે ક્ષાયિક સ્કયક્ત્વનો પ્રારંભ તો કેવલી-શ્રુતકેવલીની નિકટતામાં કર્મભૂમિના મનુષ્યને જ થાય છે તથા તેની નિષ્ટાપના (પૂર્ણતા) અન્ય ગતિમાં (ચારે ગતિમાંથી કોઈ એકમાં) પણ થાય છે.**[1] ([1] જુઓ ગોમટ્ટ. જીવ. ગાથા ૬૪૭)

અર્થ :- મિથ્યાત્વ, સમ્યગ્મિથ્યાત્વ, સમ્યક્પ્રકૃતિમિથ્યાત્વ, અનંતાનુબંધીક્રોધ-માન-માયા-લોભ એ સાત મોહકર્મની પ્રકૃતિઓનો ઉપશમ થતાં ઉપશમસમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે તથા એ સાતે મોહકર્મની પ્રકૃતિઓનો ક્ષય થતાં ક્ષાયિકસમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે. આ ક્ષાયિકસમ્યક્ત્વ કેવળજ્ઞાની વા શ્રુતકેવળીના નિકટપણામાં કર્મભૂમિના મનુષ્યને જ ઊપજે છે.

અંતર સ્વભાવનું અવલંબન લેતાં મિથ્યાત્વાદિ પ્રકૃતિઓનો ઉપશમ કે ક્ષય થઈ જાય છે. અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવને પાંચ પ્રકૃતિઓ જ હોય છે, સમ્યક્મિથ્યાત્વ અને સમ્યક્પ્રકૃતિ મિથ્યાત્વ - એ બે પ્રકૃતિ તેને હોતી નથી. તેથી પ્રથમ ઉપશમ સમ્યગ્દર્શન પામનાર જીવને પાંચ પ્રકૃતિઓનો જ ઉપશમ થાય છે. આત્માના સ્વભાવની દૃષ્ટિ થતાં ઉપશમ કે ક્ષાયિક સમ્યગ્દર્શન પ્રગટે છે ને ત્યાં દર્શનમોહકર્મની પ્રકૃતિનો ઉપશમ કે ક્ષય તેના કારણે થઈ જાય છે. ક્ષાયિક સમ્યગ્દર્શન પામવાની લાયકાતવાળા જીવને કેવલી કે શ્રુતકેવલીની નિકટતામાં જ ક્ષાયિક સમ્યગ્દર્શન થાય છે. જુઓ, અહીં નિમિત્ત કેવું હોય તેનું જ્ઞાન કરાવ્યુ છે. કેવલી ભગવાન પાસે તો લાખો સમકિતી બેઠા હોય, તે બધા કાંઈ ક્ષાયિક સમ્યકત્વી નથી હોતા, જેની લાયકાત હોય તેને જ ક્ષાયિક સમકિત થાય છે, ને તેને કેવલી-શ્રુતકેવલી નિમિત્ત કહેવાય છે. બીજા ઘણા જીવો ક્ષયોપશમ સમકિતી છે માટે કેવલી-શ્રુતકેવલીના કારણે કાંઈ ક્ષાયિક સમકિત થતુ નથી, પણ ક્ષાયિક સમકિત પ્રગટ કરવાની લાયકાતવાળો જીવ કેવલી-શ્રુતકેવલીની નિકટમાં જ તેનો પ્રારંભ કરે છે. કર્મભૂમિના મનુષ્યને જ તેનો પ્રારંભ થાય છે. પછી તેની પૂર્ણતા સ્વર્ગાદિ ચારે ગતિમાં થાય છે.

ભાવાર્થ :- અહીં એમ જાણવું કે ક્ષાયિક સમ્યક્ત્વનો પ્રારંભ તો કેવલી-શ્રુતકેવલીની નિકટતામાં કર્મભૂમિના મનુષ્યને જ થાય છે તથા તેની નિષ્ટાપના (પૂર્ણતા) અન્ય ગતિમાં (ચારે ગતિમાંથી કોઈ એકમાં) પણ થાય છે.

હવે ક્ષયોપશમ સમ્યક્ત્વ કેવી રીતે થાય છે તેની વાત કરે છે :-

**ગાથા-૩૦૯**

**આગળ ક્ષાયોપશમિકસમ્યક્ત્વ કેવી રીતે થાય છે તે કહે છે :-**

**अनुदयात् षण्णां स्वजातिरूपेण उदयमानानाम्।।**
**सम्यक्त्वकर्मोदये क्षायोपशमिकं भवेत् सम्यक्त्वं।।३०९।।**

**અર્થ :- પૂર્વોક્ત સાત પ્રકૃતિઓમાંથી છ પ્રકૃતિઓનો ઉદય ન હોય તથા સજાતિ એટલે સમાનજાતિયરૂપ પ્રકૃતિ ઉદયરૂપ હોય તથા સમ્યક્કર્મપ્રકૃતિનો ઉદય થતાં ક્ષાયોપશમિકસમ્યક્ત્વ થાય છે.**

**ભાવાર્થ :- મિથ્યાત્વ અને સમ્યગ્મિથ્યાત્વના ઉદયનો અભાવ હોય, સમયક્પ્રકૃતિનો ઉદય હોય, અનંતાનુબંધીક્રોધ-માન-માયા-લોભના ઉદયનો અભાવ હોય તથા વિસંયોજન કરી અપ્રત્યાખ્યાનાવરણાદિરૂપથી ઉદયમાન હોય તે વેળા ક્ષયોપશમ સમ્યક્ત્વ ઊપજે છે. આ ત્રણે સમ્યક્ત્વની ઉત્પત્તિનું વિશેષ કથન શ્રી ગોમટ્ટસાર-લબ્ધિસારથી જાણવું.**

પૂર્વોક્ત સાત પ્રકૃતિઓમાંથી છ પ્રકૃતિઓનો ઉદય ન હોય પણ સજાતિય પ્રકૃતિરૂપે તેનો ઉદય હોય તથા સમ્યક્કર્મપ્રકૃતિનો ઉદય થતાં ક્ષાયોપશમિક સમ્યક્ત્વ થાય છે.

દર્શનમોહ અને ચારિત્રમોહ તે બન્ને સજાતિય છે, તેમાં અનંતાનુબંધીની પ્રકૃતિઓનો ઉદય ન હોય, પણ તે અપ્રત્યાખ્યાન વગેરેરૂપે થઈને ઉદયમાં આવે.

ભાવાર્થ :- મિથ્યાત્વ અને સમ્યગ્મિથ્યાત્વના ઉદયનો અભાવ હોય, સમયક્પ્રકૃતિનો ઉદય હોય, અનંતાનુબંધીક્રોધ-માન-માયા-લોભના ઉદયનો અભાવ હોય તથા વિસંયોજન કરી અપ્રત્યાખ્યાનાવરણાદિરૂપથી ઉદયમાન હોય તે વેળા ક્ષયોપશમ સમ્યક્ત્વ ઊપજે છે. આ ત્રણે સમ્યક્ત્વની ઉત્પત્તિનું વિશેષ કથન શ્રી ગોમટ્ટસાર-લબ્ધિસારથી જાણવું.

જુઓ, આત્મામાં ક્ષયોપશમ સમ્યક્ત્વ પરિણામ થાય ત્યાં સામે છ કર્મપ્રકૃતિમાં તેના કારણે આવી અનુદયરૂપદશા હોય છે, કાંઈ આત્મા તેનો કર્તા નથી. બન્નેનો નિમિત્ત નૈમિત્તિક સંબંધ એવો છે પણ આત્માને કારણે કર્મની દશા થઈ એમ નથી, તેમજ કર્મનો ઉદય અટક્યો માટે આત્મામાં સમ્યક્ત્વ થયુ એમ પણ નથી. અંતરંગમાં પોતાની સામગ્રી પરિપૂર્ણ થઈ ત્યાં સામે અનુકૂળ નિમિત્ત જ હોય. અહીં આત્માને સમ્યગ્દર્શન થાય ને સામે કર્મમાં અનંતાનુબંધીનો ઉદય રહ્યાં કરે એમ બને નહીં. અહીં સમ્યગ્દર્શન થતાં કર્મમાં અનંતાનુબંધીનો ઉદય પણ

હોય જ નહી એવો મેળ છે, પણ આત્મા કાંઈ કર્મનો કર્તા નથી. ચોથા પાંચમાં વગેરે ગુણસ્થાને સમકિતમોહનીયનો ઉદય હોવા છતાં તેનું નવું બંધન થતું નથી, એવી જ જીવના પરિણામની યોગ્યતા છે. જુઓ, એકેન્દ્રિય જીવને એક સાગરની જ ઉત્કૃષ્ટ સ્થિતિ હોય છે, વિશેષ હોતી નથી. પણ જ્યાં એકેન્દ્રિયમાંથી પંચેન્દ્રિય થાય છે ત્યાં પહેલાં જ સમયમાં અંતઃકોડાકોડી સાગરોપમની સ્થિતિ બાંધે છે. તો તે ક્યાંથી બાંધી ? સામે નિમિત્તરૂપે તો એક સાગરથી વધુ સ્થિતિ છે જ નહીં છતાં અંતઃકોડાકોડી સાગરનું બંધન કઈ રીતે કર્યું ? કેમકે જીવનો સ્વતંત્ર પુરુષાર્થ છે. એકેક સમયની પર્યાય સ્વતંત્ર છે. ઉદય પ્રમાણે જ પરિણામ થાય એમ નથી. વળી બારમા ગુણસ્થાને ભાવ બંધ છે પણ દ્રવ્ય બંધ થતો નથી. પૂર્વે બંધાયેલાં કર્મો છે પણ નવા કર્મો બંધાતા નથી. હજી બારમા ગુણસ્થાને ભાવ મોક્ષ થયો નથી. જ્ઞાનાદિ ગુણો હીણારૂપે પરિણમે છે તેથી ભાવ બંધ છે. પણ ત્યાં જ્ઞાનાવરણીયઆદિ જડ કર્મનો બંધ થતો નથી, માટે જીવને કારણે પુદ્‌ગલ કર્મ થયા એમ નથી. તેમજ પદ્‌ગલ કર્મને કારણે જીવના પરિણામ થયા એમ પણ નથી, જીવ પુદ્‌ગલ બન્નેના સમય-સમયની પર્યાય સ્વતંત્ર છે.

આગળ ઔપશમિક–ક્ષાયોપશમિક્સમ્યકત્વ, અનંતાનુબંધીનું વિસંયોજન તથા દેશવ્રત એ ત્રણેનું પ્રાપ્ત થવું તથા છૂટી જવું ઉત્કૃષ્ટતાથી કહે છે :-

### ગાથા-૩૧૦

**આગળ ઔપશમિક–ક્ષાયોપશમિકસમ્યક્ત્વ, અનંતાનુબંધીનું વિસંયોજન તથા દેશવ્રત એ ત્રણેનું પ્રાપ્ત થવું તથા છૂટી જવું ઉત્કૃષ્ટતાથી કહે છે :-**

गृह्णाति मुञ्चति जीवः द्वे सम्यक्त्वे असंख्यवारान्।
प्रथमकषायविनाशं देशव्रतं करोति उत्कृष्टं।।३१०।।

**અર્થ :- ઓપશમિક–ક્ષાયોપશમિક એ બંને સમ્યક્ત્વ તથા અનંતાનુબંધીનો વિનાશ અર્થાત્ વિસંયોજન એટલે તેને અપ્રત્યાખ્યાનાદિરૂપ પરિણમાવવું અને દેશવ્રત એ ચારેને આ જીવ અસંખ્યાત વાર ગ્રહણ કરે છે તથા છોડે છે.**

**ભાવાર્થ :- પલ્યના અસંખ્યાતમાં ભાગપ્રમાણ જે અસંખ્યાત છે તેટલી વાર ઉત્કૃષ્ટપણે (ઉપરના ચારેને) આ જીવ ગ્રહણ કરે તથા છોડે તે પછી મુક્તિ પ્રાપ્ત થાય છે.**

ઉપશમ સમ્યગ્દર્શન કોઈ જીવને અસંખ્યવાર આવે છે ને અસંખ્યવાર છૂટે છે. કોઈને ક્ષયોપશમ સમ્યક્ત્વ પણ અસંખ્યવાર આવે છે. કોઈ જીવને ક્ષયોપશમમાંથી ક્ષાયિક થઈ જાય, અસંખ્યાતવાર ઉપશમ સમ્યક્ત્વ વગેરે આવવાનું કહ્યું છે તે તો ઉત્કૃષ્ટતાની અપેક્ષાએ કથન છે.

ભાવાર્થ :- પલ્યના અસંખ્યાતમાં ભાગપ્રમાણ જે અસંખ્યાત છે તેટલી વાર ઉત્કૃષ્ટપણે (ઉપરના ચારેને) આ જીવ ગ્રહણ કરે તથા છોડે તે પછી મુક્તિ પ્રાપ્ત થાય છે.

એ પ્રમાણે સાત પ્રકૃતિના ઉપશમ, ક્ષય અને ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલું સમ્યક્ત્વ કેવી રીતે જાણી શકાય ? એવા તત્વાર્થ શ્રદ્ધાનને નવ ગાથાસૂત્રો દ્વારા કહે છે :-

ગાથા-૩૧૧-૩૧૨

**એ પ્રમાણે સાત પ્રકૃતિના ઉપશમ, ક્ષય અને ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલું સમ્યક્ત્વ કેવી રીતે જાણી શકાય ? એવા તત્વાર્થ શ્રદ્ધાનને નવ ગાથાસૂત્રો દ્વારા કહે છે :-**

य: तत्वं अनेकान्त नियमात् श्रद्धाति सप्तभङ्गै: ।
लोकानां प्रश्नवशत: व्यवहारप्रवर्त्तनार्थे च।।३११।।
य: आदरेण मन्यते जीवाजीवादि नवविधं अर्थं।
श्रुतज्ञानेन नयै: च स: सद्दष्टि: भवेत् शुद्ध:।।३१२।।

**અર્થ :- તે પુરુષ સપ્તભંગો દ્વારા અનેકાન્તતત્વોનુ નિયમથી શ્રદ્ધાન કરે છે, કારણ કે લોકોના પ્રશ્નવશ વિધિ-નિષેધથી વચનના સાત જ ભંગ થાય છે. યથા (શ્રી રાજવાર્તિકસૂત્ર ૫ કારિકા ૫ પૃષ્ટ ૨૪) તેથી વ્યવહાર પ્રવર્તના અર્થે પણ સાતભંગોથી વચનની પ્રવૃત્તિ થાય છે. વળી જે જીવ-અજીવાદિ નવ પ્રકારના પદાર્થોને શ્રુતજ્ઞાનપ્રમાણથી અને તેના ભેદ જે નય તેનાથી પોતાનો આદર, યત્ન-ઉદ્યમથી માને – શ્રદ્ધાન કરે તે શુદ્ધ સમ્યગ્દષ્ટિ છે.**

**ભાવાર્થ :- વસ્તુનું સ્વરૂપ અનેકાન્ત છે. જેમાં અનેક અંત અર્થાત્ ધર્મ હોય તેને અનેકાન્ત કહે છે. તે ધર્મ, અસ્તિત્વ-નાસ્તિત્વ, એકત્વ-અનેકત્વ, નિત્યત્વ-અનિત્યત્વ, ભેદત્વ-અભેદત્વ, અપેક્ષત્વ-અનઅપેક્ષત્વ, દૈવસાધ્યત્વ, પૌરુષસાધ્યત્વ, હેતુસાધ્યત્વ, આગમસાધ્યત્વ, અંતરંગત્વ, બહિરંગત્વ, ઈત્યાદિ તો સામાન્યધર્મ છે તથા દ્રવ્યત્વ, પર્યાયત્વ, જીવત્વ, અજીવત્વ, સ્પર્શત્વ, રસત્વ, ગન્ધત્વ, વર્ણત્વ, શબ્દત્વ, શુદ્ધત્વ, અશુદ્ધત્વ, મૂર્તત્વ, અમૂર્તત્વ, સંસારીત્વ, સિદ્ધત્વ,**

**અવગાહત્વ, ગતિહેતુત્વ, સ્થિતિહેતુત્વ, વર્તનાહેતુત્વ, ઈત્યાદિ વિશેષ ધર્મ છે.**

અર્થ :- તે પુરુષ સપ્તભંગો દ્વારા અનેકાન્ત તત્વોનું નિયમથી શ્રદ્ધાન કરે છે, કારણ કે લોકોના પ્રશ્નવશ વિધિ-નિષેધથી વચનનાં સાત જ ભંગ થાય છે. (જુઓ શ્રી રાજવાર્તિક સૂત્ર ૫ કારિકા ૫ પૃષ્ટ ૨૪) તેથી વ્યવહાર પ્રવર્તના અર્થે પણ સાતભંગોથી વચનની પ્રવૃત્તિ થાય છે. વળી જે જીવ-અજીવાદિ નવ પ્રકારના પદાર્થોને શ્રુતજ્ઞાન પ્રમાણથી અને તેનાં ભેદ જે નય તેનાંથી પોતાનો આદર, યત્ન-ઉદ્યમથી માને – શ્રદ્ધાન કરે તે શુદ્ધા સમ્યગ્દષ્ટિ છે.

જુઓ, આ ગાથા ઘણી અલૌકિક છે, અધ્યાત્મનું રહસ્ય તેમાં મૂકી દીધું છે.

તત્વ અનેકાંતસ્વરૂપ છે, એટલે કે જીવ જીવપણે છે, જીવ અજીવપણે નથી. એમ અસ્તિ નાસ્તિ આદિ સપ્તભંગી વડે અનેકાંતતત્વને નિયમથી શ્રદ્ધે છે તે જીવ સમ્યગ્દષ્ટિ છે, ને તેમાં ભૂલ હોય તો તે મિથ્યાદૃષ્ટિ છે. વળી ધર્મીની વાણીમાં પણ અનેકાંતસ્વરૂપ તત્વ જ આવે છે. આત્મા આત્માપણે છે ને આત્મા કર્મપણે નથી, રાગ રાગપણે છે ને કર્મપણે નથી. આમ બધાં તત્વોને જેમ છે તેમ પ્રતીતમાં લ્યે, તેમજ લોકવ્યવહારમાં પણ એજ પ્રમાણે કહે.

પ્રશ્નવશે જીવાદિ તત્વોમાં સપ્તભંગી દ્વારા કથન કરે તે સ્યાદ્વાદ છે. અનેકાંત સ્વરૂપનું પ્રતિપાદન કરે ત્યાં દરેક જીવ અનંતગુણરૂપ, ધ્રુવ પર્યાયથી અભેદ ત્રિકાળ અંતઃતત્વ છે, તેમાં પુણ્ય-પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષરૂપ ક્ષણિક પર્યાયનો અભાવ છે ને પુણ્ય, પાપ, આસ્રવ વગેરે પર્યાય તે કાળે તેપણે છે પણ તેટલો જીવ નથી. એમ જીવાદિને શ્રુતજ્ઞાન પ્રમાણથી તથા તેનાં ભેદ જે નિશ્ચય, વ્યવહારનય તેના વડે પોતાના આદર-યત્નથી માને-જાણે છે તે શુદ્ધ સમ્યક્દૃષ્ટિ થાય છે.

જીવ, અજીવ, પુણ્યાદિ નવ પદાર્થને પૃથક-પૃથક જાણે, એક તત્વમાં બીજાને ન ભેળવે. પૃથક-પૃથક લક્ષણથી અનેકાંતથી જાણે તો યથાર્થ જાણ્યું કહેવાય.

ભાવ આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ એ જીવની એક સમયની પર્યાય છે તથા દ્રવ્ય આસ્રવ, બંધ વગેરે નિમિત્તરૂપે પુદ્‌ગલની એક સમયની પર્યાય છે.

ભાવાર્થ :- વસ્તુનું સ્વરૂપ અનેકાંત છે. એક દ્રવ્ય છે તે એક ગુણરૂપ નથી, એક ગુણ તે બીજા ગુણરૂપે નથી. પોતારૂપે છે અન્યરૂપે નથી. એક પર્યાય છે તે પૂર્વની ને પછીની અન્ય પર્યાયરૂપે નથી. છે તે બીજાથી નથી. એ રીતે જેમાં અનેક અંત અર્થાત્ ધર્મ હોય તેને અનેકાંત કહે છે, તે ધર્મ છે. અસ્તિત્વ-નાસ્તિત્વ, એકત્વ-અનેકત્વ, નિત્યત્વ-અનિત્યત્વ, ભેદત્વ-અભેદત્વ વગેરે રૂપે છે. જે ધર્મ જે અપેક્ષાએ છે તે જ ધર્મ બીજી અપેક્ષાએ નથી. દ્રવ્ય સામાન્યપણે

નિત્ય, અભેદ, શુદ્ધ છે. તે પર્યાયથી પણ એમ જ છે એમ નથી. દરેક ધર્મ પોતાથી છે, પરથી નથી.

પ્રશ્ન :- આસ્રવ છે તે જીવથી ભિન્ન છે કે અભિન્ન છે ?

ઉત્તર :- પર્યાય અપેક્ષાએ જીવથી અભિન્ન છે, દ્રવ્ય અપેક્ષાએ ભિન્ન છે. જીવ સ્વાધીન છે કે પરાધીન ? તેનો ઉત્તર સમજ્યા વિના લોકો કહે છે કે જીવ કથંચિત્ સ્વાધીન, કથંચિત્ પરાધીન તો તેનો અર્થ એમ નથી, પણ પર્યાય અપેક્ષાએ જીવ પોતે પરાશ્રયરૂપ-પરાધીનરૂપ પરિણમે છે, પોતે દ્રવ્ય સ્વભાવનો આશ્રય ચૂકીને પરાશ્રય કરે તો પર્યાયમાં પરાધીન કહેવાય છે. કોઈ પરાધીન કરતું નથી. પરદ્રવ્ય સન્મુખ દ્રષ્ટિ કરે તો પરાધીન અને સ્વદ્રવ્ય સન્મુખ દ્રષ્ટિ કરે તો સ્વાધીન એમ પ્રમાણજ્ઞાન કરવું જોઈએ. વસ્તુ અનેકાંતસ્વરૂપ છે, તેને સમજે તો ''કર્મ રખડાવે'' એવી માન્યતા રહે નહીં. કર્મે રખડાવ્યો નથી પણ જીવ પોતાની ભૂલથી રખડ્યો છે, પણ પર્યાયબુધ્ધિવાળો જીવ એમ માને છે કે મને પર રખડાવે છે. જેને દ્રવ્યદૃષ્ટિ છે તેને દ્રવ્યદૃષ્ટિમાં શુદ્ધતાની ધારા ચાલી જાય છે ને જેને પર્યાયદૃષ્ટિ છે તે જીવની દૃષ્ટિ નિમિત્ત ઉપર ચાલી જાય છે, અનેકાંત સ્વરૂપને જાણે તો પર્યાયબુદ્ધિ છૂટીને સ્વભાવ તરફ દૃષ્ટિ વળી ગયા વિના રહે નહીં.

# પ્રસાદ નં. – ૨૭૨

**વી. નિ સં. ૨૪૭૮, અષાડ સુદ ૧૩, વર્ષ ૨જું. પુસ્તક નવમું,**
**સોનગઢ, તા. ૫-૭-૫૨, શનિવાર.**

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(અષાડ સુદ ૬, શનિવાર, ૨૮-૬-૫૨ સવાર)**

**હવે પ્રશ્નકારના પ્રશ્નવશાત્ વિધિ-નિષેધરૂપ વચનના સાત ભંગ થાય છે. તેને સ્યાત્ એ પદ લગાવવું. સ્યાત્ એટલે કથંચિત્–કોઈ પ્રકારથી એવા અર્થમાં છે, એ વડે વસ્તુને અનેકાન્તરૂપ સાધવી. ત્યાં (૧) વસ્તુ સ્યાત્ અસ્તિરૂપ છે એ પ્રમાણે કોઈ પ્રકારથી પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી વસ્તુને અસ્તિત્વરૂપ કહે છે, (૨) વસ્તુ સ્યાત્ નાસ્તિત્વરૂપ છે એ પ્રમાણે પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નાસ્તિત્વરૂપ કહે છે, (૩) વસ્તુ સ્યાત્ અસ્તિત્વ-નાસ્તિત્વરૂપ છે એ પ્રમાણે વસ્તુમાં બંને ધર્મ હોય છે અને વચનદ્વારા ક્રમથી કહેવામાં આવે છે, (૪) વસ્તુ સ્યાત્ અવક્તવ્ય છે એ પ્રમાણે વસ્તુમાં બંને ધર્મ એક કાળમાં હોય છે તોપણ વચનદ્વારા એક કાળમાં તે કહ્યાં જતાં નથી તેથી તે કોઈ પ્રકારથી અવક્તવ્ય છે, (૫) વસ્તુ સ્યાત્ અસ્તિઅવક્તવ્ય છે એ પ્રમાણે અસ્તિત્વથી કહી જાય છે અને બંને ધર્મ એક કાળમાં છે તેથી કહી જતી નથી એ રીતે વક્તવ્ય પણ છે તથા અવક્તવ્ય પણ છે, તેથી સ્યાત્ અસ્તિઅવક્તવ્ય છે. (૬) એ જ પ્રમાણે વસ્તુ સ્યાત્ નાસ્તિઅવક્તવ્ય છે, એમ કહેવી, (૭) તથા બંને ધર્મ ક્રમપૂર્વક કહ્યાં જાય પણ એક સાથે કહ્યાં ન જાય માટે વસ્તુ સ્યાત્ અસ્તિનાસ્તિ અવક્તવ્ય છે એ પ્રમાણે સાત જ ભંગ કોઈ પ્રકારથી સંભવે છે. અને એજ રીતે એકત્વ, અનેકત્વ આદિ સામાન્ય ધર્મો ઉપર સાતભંગ વિધિ-નિષેધ પૂર્વક લગાવવા. જેવી જેવી જ્યાં અપેક્ષા સંભવિત હોય ત્યાં તેવી લગાવવી.**

વળી એ જ પ્રમાણે જીવત્વ આદિ વિશેષ ધર્મોમાં પણ (સાત સાત ભંગ) લગાવવા. જેમ જીવ નામની વસ્તુ ઉપર સ્યાત્ જીવત્વ–સ્યાત્ અજીવત્વ ઈત્યાદિ પ્રકારે લગાવવા. ત્યાં અપેક્ષા આ પ્રમાણે છે કે–પોતાનો જીવત્વધર્મ પોતાનામાં છે માટે જીવત્વ છે પણ પર અજીવનો અજીવત્વધર્મ તેમાં નથી તો પણ અન્ય ધર્મોને મુખ્ય કરી કહીએ તે તેની અપેક્ષાએ જીવત્વ છે ઈત્યાદિ પ્રકારથી લગાવવા. તથા જીવ અનંત છે એની અપેક્ષાએ પોતાનું જીવત્વ પોતાનામાં છે અને પરનું જીવત્વ તેમાં નથી તેથી એ અપેક્ષાએ જીવત્વ અજીવત્વ છે એમ પણ સાધી શકાય છે. ઈત્યાદિ અનાદિનિધન અનંતજીવ–અજીવ વસ્તુ છે તે સર્વમાં પોતપોતાના દ્રવ્યત્વ પર્યાયત્વ આદિ અનંત ધર્મ છે તે સર્વ સહિત સપ્તભંગ સાધવા. વળી તેના સ્થૂલપર્યાય છે તે પણ ચિરકાળસ્થાયી અનેકધર્મરૂપ  હોય છે, જેમ કે જીવ, સંસારી–સિદ્ધ, સંસારીમાં ત્રસ અને સ્થાવર, તેમાં મનુષ્ય–તિર્યંચ આદિ, પુદ્‌ગલમાં પણ અણું–સ્કંધ–ઘટ–પટ આદિ, હવે તેમાં પણ કથંચિત્ વસ્તુપણું સંભવે છે, એ પણ ઉપર પ્રમાણે સપ્તભંગથી સાધવા. વળી એજ પ્રમાણે જીવ–પુદ્‌ગલના સંયોગથી થયેલા આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, પુણ્ય, પાપ, અને મોક્ષ આદિ ભાવમાં પણ બહુધર્મપણાની અપેક્ષાએ તથા પરસ્પર વિધિ-નિષેધથી અનેક ધર્મરૂપ કથંચિત્ વસ્તુપણું સંભવે છે, એ સર્વ પણ સપ્તભંગથી સાધવા.

જેમ એક પુરુષમાં પિતાપણું, પુત્રપણું, મામાપણું, ભાણેજપણું, કાકાપણું અને ભત્રિજાપણું આદિ ધર્મ હોય છે તે પોતપોતાની અપેક્ષાએ વિધિ-નિષેધપૂર્વક સાતભંગ દ્વારા જાણવા. આ નિયમથી જાણવું કે–વસ્તુ માત્ર અનેક ધર્મસ્વરૂપ છે તે સર્વને જે અનેકાન્ત જાણી શ્રદ્ધાન કરે તથા એજ પ્રમાણે લોકમાં વ્યવહાર પ્રવર્તાવે તે સમ્યગ્દૃષ્ટિ છે. જીવ, અજીવ, આસ્રવ, બંધ, પુણ્ય, પાપ, સંવર, નિર્જરા અને મોક્ષ એ નવ પદાર્થ છે તેને ઉપર પ્રમાણે જ સાતભંગથી સાધવાં. તેનું સાધન શ્રુતજ્ઞાનપ્રમાણ છે, તેના ભેદ દ્રવ્યાર્થિક–પર્યાયાર્થિક છે અને તેના પણ ભેદ નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત નય છે. વળી તેના પણ ઉત્તરોત્તર જેટલાં વચનના પ્રકાર છે તેટલાં ભેદ છે તેને પ્રમાણસપ્તભંગી તથા નયસપ્તભંગીના વિધાન દ્વારા સાધી શકાય છે. તેનું કથન પ્રથમ લોકભાવનામાં કર્યું છે, તથા તેનું વિશેષ કથન શ્રીતત્વાર્થસૂત્રની ટીકાથી જાણવું. એ પ્રમાણે પ્રમાણ–નયદ્વારા જીવાદિ પદાર્થોને જાણીને જે શ્રદ્ધાન કરે તે સમ્યગ્દૃષ્ટિ થાય છે.

અહીં આ વિશેષ જાણવું કે–નય, વસ્તુના એક એક ધર્મના ગ્રાહક છે અને તે પોતપોતાના વિષયરૂપ ધર્મને ગ્રહણ કરવામાં સમાન છે તોપણ પુરુષ પોતાના પ્રયોજનવશ તેને મુખ્ય–ગૌણ કરીને કહે છે. જેમ જીવ નામની વસ્તુમાં અનેક ધર્મ છે તોપણ ચેતનપણું આદિ પ્રાણધારણપણું અજીવોથી અસાધારણ જોઈ એ અજીવોથી (જીવને) જુદો બતાવવા માટે પ્રયોજનવશ

મુખ્ય કરી ચેતનવસ્તુનું જીવ નામ રાખ્યું. એજ પ્રમાણે સર્વ ધર્મોને પ્રયોજનવશ મુખ્ય ગૌણ કરવાની વિધિ જાણવી.

અહીં એજ આશયથી અધ્યાત્મની કથનીમાં મુખ્યને તો નિશ્ચય કહ્યો છે તથા ગૌણને વ્યવહાર કહ્યો છે, ત્યાં અભેદધર્મને તો પ્રધાનપણે નિશ્ચયનો વિષય કહ્યો અને ભેદ–નયને ગૌણ કરી વ્યવહાર કહ્યો પણ દ્રવ્ય તો અભેદ છે તેથી નિશ્ચયનો આશ્રય દ્રવ્ય છે, તથા પર્યાય ભેદરૂપ છે તેથી વ્યવહારનો આશ્રય પર્યાય છે. ત્યાં પ્રયોજન આ છે કે–વસ્તુને ભેદરૂપ તો સર્વ લોક જાણે છે–અને જે જાણે છે તે જ પ્રસિદ્ધ છે, તેનાથી તો લોક પર્યાયબુદ્ધિ છે. અર્થાત્ જીવને નર–નારકાદિક પર્યાય છે, રાગ–દ્વેષ–ક્રોધ–માન–માયા–લોભાદિ પર્યાય છે તથા જ્ઞાનના ભેદરૂપ મતિજ્ઞાનાદિ પણ પર્યાય છે, એ સર્વ પર્યાયોને જ લોક જીવ માને છે તેથી એ પર્યાયોમાં અભેદરૂપ અનાદિ અનંત એકભાવરૂપ ચેતનાધર્મને ગ્રહણ કરી તેને નિશ્ચયનયનો વિષય કહી જીવદ્રવ્યનું જ્ઞાન કરાવ્યું, અને પર્યાયાશ્રિત ભેદનયને ગૌણ કર્યો, અભેદદૃષ્ટિમાં તે (ભેદ–નય) દેખાતો નથી તેથી અભેદનયનું દૃઢશ્રદ્ધાન કરાવવાં માટે કહ્યું કે–પર્યાયનય છે તે વ્યવહાર છે–અભૂતાર્થ છે–અસત્યાર્થ છે. ભેદબુદ્ધિના એકાન્તનું નિરાકરણ કરવા માટે આમ કહેવામાં આવે છે પરંતુ ત્યાં એમ નથી કે આ ભેદ છે તેને અસત્યાર્થ કહ્યો છે–વસ્તુનું સ્વરૂપ નથી. જો એ પ્રમાણે કોઈ સર્વથારૂપ માને તો તે અનેકાન્તમાં સમજ્યો નથી પણ સર્વથા એકાન્તશ્રદ્ધાથી મિથ્યાદૃષ્ટિ જ રહે છે. અધ્યાત્મશાસ્ત્રમાં જ્યાં નિશ્ચય–વ્યવહારનય કહ્યાં છે ત્યાં પણ એ બંનેના પરસ્પર વિધિ–નિષેધપૂર્વક સપ્તભંગથી વસ્તુને સાધવી. જો એકને સર્વથા સત્યાર્થ માનવામાં આવે અને એકને સર્વથા અસત્યાર્થ માનવામાં આવે તો ત્યાં મિથ્યાશ્રદ્ધાન થાય છે માટે ત્યાં પણ કથંચિત્ સમજવું.

વળી અન્ય વસ્તુને અન્યમાં આરોપણ કરી પ્રયોજન સાધવામાં આવે છે તેને ઉપચારનય કહેવામાં આવે છે અને તે પણ વ્યવહારનયમાં જ ગર્ભિત છે એમ કહ્યું છે, જ્યાં પ્રયોજન નિમિત્ત હોય ત્યાં ઉપચાર પ્રવર્તે છે. જેમ ઘીનો ઘડો કહીએ ત્યાં માટીના ઘડાનાં આશ્રયે ઘી ભર્યું હોય ત્યાં વ્યવહારીજનોને આધાર–આધેયભાવ દેખાય છે તેને પ્રધાન કરીને કહેવામાં આવે છે કે ઘીનો ઘડો છે લોક પણ એમ જ કહેવાથી સમજે અને ઘીનો ઘડો મંગાવે તો તેને લાવે, તેથી ઉપચારમાં પણ પ્રયોજન સંભવે છે. એ જ પ્રમાણે અભેદનયને મુખ્ય કરવામાં આવે ત્યાં અભેદદૃષ્ટિમાં ભેદ દેખાતો નથી ત્યારે તેમાં જ ભેદ કહે તે અસત્યાર્થ છે એટલે ત્યાં પણ ઉપચાર સિદ્ધ થાય છે. આ મુખ્ય–ગૌણના ભેદને (રહસ્યને) સમ્યગ્દૃષ્ટિ જાણે છે, મિથ્યાદૃષ્ટિ અનેકાન્તવસ્તુને જાણતો નથી પણ સર્વથા એક ધર્મ ઉપર દૃષ્ટિ પડતાં તેને જ સર્વથારૂપ વસ્તુ માની અન્ય ધર્મોને કાંતો સર્વથા ગોણ કરી અસત્યાર્થ માને છે અને કાંતો

**અન્ય ધર્મોનો સર્વથા અભાવ જ માને છે–મિથ્યાશ્રદ્ધાનને દૃઢ કરે છે. અને તે મિથ્યાત્વ નામની કર્મપ્રકૃતિના ઉદયથી યથાર્થશ્રદ્ધા થતી નથી તેથી એ પ્રકૃતિના કાર્યને પણ મિથ્યાત્વ જ કહેવામાં આવે છે. એ પ્રકૃતિનો અભાવ થતાં તત્વાર્થોનું યથાર્થશ્રદ્ધાન થાય છે તે આ અનેકાન્તવસ્તુમાં પ્રમાણનયથી સાતભંગ દ્વારા સાધવામાં આવે તે સમ્યક્ત્વનું કાર્ય છે. તેથી તેને પણ સમ્યક્ત્વ જ કહેવામાં આવે છે એમ જાણવું.**

**જૈનદર્શનની કથની અનેક પ્રકારથી છે તેને અનેકાન્તરૂપ સમજવી અને તેનું ફળ અજ્ઞાનનો નાશ થઈ ઉપાદેયની બુદ્ધિ તથા વીતરાગતાની પ્રાપ્તિ છે, આ કથનનો મર્મ (રહસ્ય) પામવો મોટા ભાગ્યથી બને છે. આ પંચમકાળમાં હાલ આ કથનીના વક્તા ગુરુનું નિમિત્ત સુલ્લભ નથી તેથી શાસ્ત્રને સમજવાનો નિરંતર ઉદ્યમ રાખી (શાસ્ત્રને યથાર્થ) સમજવું યોગ્ય છે. કારણકે મુખ્યપણે તેના આશ્રયે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. જોકે જિનેંદ્રપ્રતિમાનું દર્શન તથા પ્રભાવનાઅંગનું દેખવું ઈત્યાદિ સમ્યક્ત્વની પ્રાપ્તિનાં કારણો છે તોપણ શાસ્ત્રશ્રવણ કરવું, ભણવું, તેને ચિંત્વન કરવું, ધારણ કરવું તથા હેતુ–યુક્તિપૂર્વક સ્વમત–પરમતના ભેદને (તફાવતને) જાણી નયવિવક્ષા સમજી વસ્તુના અનેકાન્તસ્વરૂપનો નિશ્ચય કરવો એ મુખ્ય કારણ છે. તેથી ભવ્યજીવોએ તેનો (આગમના અભ્યાસનો) ઉપાય નિરંતર રાખવો યોગ્ય છે.**

અહીં સમ્યગ્દર્શન કેવી રીતે જાણી શકાય ? એવા તત્વાર્થ શ્રદ્ધાનને કહે છે. જીવ, અજીવાદિ નવ પ્રકારના પદાર્થોને શ્રુતજ્ઞાનપ્રમાણથી અને તેના ભેદ જે નય તેના વડે પોતાના આદર-યત્ન-ઉદ્યમથી માને - શ્રદ્ધાન કરે તે શુદ્ધ સમ્યગ્દૃષ્ટિ છે.

જુઓ, જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ – એ નવ પદાર્થોનું યથાર્થ જ્ઞાન કરવું તે સમ્યગદર્શન છે. જીવ-અજીવાદિ નવપદાર્થો સ્વતંત્ર છે. પૃથક પૃથક છે. જીવ જીવપણે છે અજીવપણે નથી, અજીવ અજીવપણે છે, સંવર સંવરપણે છે આસ્રવાદિપણે નથી, નિર્જરા નિર્જરાપણે છે બીજાં આઠપણે નથી – એમ જાણવું તે જ્ઞાનનું કાર્ય છે. તે જ્ઞાનનું કારણ સમ્યગ્દર્શન છે પણ અહીં કાર્યને કારણનો આરોપ આપીને જ્ઞાનને સમ્યગ્દર્શન કહેલ છે.

જીવ જીવપણે છે, બીજા અજીવાદિ આઠ તત્વોપણે નથી. કર્મની પર્યાય અને એનાં દ્રવ્ય-ગુણ પુદ્‌ગલ છે-અજીવ છે, એ જીવમાં નથી. પુણ્ય-પાપાદિ આસ્રવતત્વમાં સંવરતત્વ નથી-એમ અનેકાંત છે, ને વાણીમાં પણ એવો અનેકાંમય વ્યવહાર હોય છે અને સમ્યગ્દૃષ્ટિને એવો જ પ્રતીતમાં આવે છે. એક એક તત્વમાં સપ્તભંગી ઊતરે છે. પર્યાયે પર્યાયે સ્વતંત્રતાની સિધ્ધિ

કરે છે, એ નવ પદાર્થોનું સપ્તભંગી દ્વારા પ્રમાણજ્ઞાન થાય છે, તે સમ્યક્ત્વનું કાર્ય છે. અહીં કાર્યમાં કારણનો આરોપ આપીને તેને શુદ્ધ સમ્યક્ત્વ કહેલ છે. સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનને અવિનાભાવ સંબંધ છે.

આ વિષય ઘણો ઊંચો અને અદ્ભૂત છે. પણ જીવો સમજવાની દરકાર કરતા નથી. આના ભાવાર્થમાં શ્રી જયચંદ્રજી પંડિતે તો ઘણી સરસ વાત કરી છે. અનેકાંતનું સ્વરૂપ યથાર્થ જાણવું જોઈએ, અને જેમ છે તેમ યથાર્થપણે સ્વતંત્રતાનો નિર્ણય કરવો જોઈએ.

ભાવાર્થ :- વસ્તુનું સ્વરૂપ અનેકાંત છે. નવે પદાર્થો છે તે વસ્તુ છે. પર્યાય પણ કથંચિત્ વસ્તુ છે. એટલે નવે પદાર્થ અનેકાંતસ્વરૂપ છે. એ વસ્તુના સામાન્ય ધર્મો કહે છે.

**અસ્તિત્વ-નાસ્તિત્વ :** આત્મા પોતાપણે છે અને પરપણે નથી. અજીવ અજીવપણે છે અને જીવપણે નથી. એમ દરેક પદાર્થ – સંવરાદિ પોતાપણે છે અને આસ્રવાદિપણે નથી.

**એકત્વ-અનેકત્વ :** આત્મા દ્રવ્યે એક છે અને ગુણ-પર્યાયે અનેક પણ છે. એમ અજીવમાં પણ એક-અનેકપણું છે.

**નિત્યત્વ-અનિત્યત્વ :** આત્મા દ્રવ્ય અપેક્ષાએ કથંચિત્ નિત્ય છે અને પર્યાય અપેક્ષાએ અનિત્ય પણ છે.

**ભેદત્વ-અભેદત્વ :** દરેક આત્મા અને પુદ્ગલમાં દ્રવ્ય અપેક્ષાએ અભેદત્વ છે અને પર્યાય અપેક્ષાએ ભેદત્વ છે.

**અપેક્ષત્વ-અનઅપેક્ષત્વ :** આત્મા અને દરેક પદાર્થ નિરપેક્ષસ્વરૂપ છે એમ નક્કી કર્યા પછી તેને અપેક્ષા લાગુ પડે છે. જીવ-અજીવાદિ નવે પદાર્થો નિરપેક્ષ છે. જેમ કે માણસ છે એમ નિરપેક્ષ નક્કી કર્યા પછી આ વાણિયો છે કે બ્રાહ્મણ છે એમ સાપેક્ષપણું લાગુ પડે છે.

''આત્મામાં કથંચિત્ ઉપાદાનથી કાર્ય થાય છે તે નિરપેક્ષપણું છે અને કથંચિત્ નિમિત્તથી થાય છે એમ માનવું તે સાપેક્ષપણું છે'' એમ કોઈ કહે તો તે વાત ખોટી છે, તે અનેકાંત નથી. કાર્ય તો ઉપાદાનથી જ થાય છે પણ એ વખતે જે નિમિત્ત હોય તેનાથી થાય છે એમ કહેવું તે સાપેક્ષપણું છે. પણ નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થતું નથી. સમ્યગ્દર્શન છે તે નિરપેક્ષ છે, દ્રવ્યના આશ્રયે તે થાય છે એમ કહેવું તે સાપેક્ષપણું છે. એમ સંવર-નિર્જરા છે તે નિરપેક્ષ છે તે નિરપેક્ષ છે તે દ્રવ્યના આશ્રયે છે એમ કહેવું તે સાપેક્ષ છે પણ ઉપવાસાદિ પરના કારણે થાય છે એ સાપેક્ષપણું નથી. એ પ્રમાણે નવે પદાર્થોમાં લઈ લેવું.

**દૈવસાધ્યત્વ-પૌરુષસાધ્યત્વ :** આ સામાન્ય ધર્મ છે. તેને સમજ્યાં વગર ઘણાં લોકો ગરબડ કરે છે. આત્મામાં કર્મના કારણે થાય છે અને પરમાં આત્માના પુરુષાર્થના કારણે થાય છે

એમ માને તે મિથ્યાદૃષ્ટિ છે. પૈસો આદિ જે સંયોગો મળે છે તે તો વસ્તુની પોતાની યોગ્યતાથી આવે છે. એમાં પૂર્વના કર્મ અને આત્માનો વિકલ્પ નિમિત્તમાત્ર છે. વિકલ્પના કારણે કે કર્મના કારણે તે વસ્તુ આવી નથી. દૈવ અને પુરુષાર્થના સ્વરૂપને નહીં સમજનારા લોકો કહે છે કે ''ધર્મથી ધન મળે અને ધનથી ધર્મ થાય'' એમ દૈવ અને પુરુષાર્થને લગાવે છે, પણ તે વાત ખોટી છે. વળી કોઈ લાડવાનું દૃષ્ટાંત આપીને કહે છે કે પુરુષાર્થથી લાડવા મેળવ્યા તે દૈવવાદીને પણ મળ્યા, એ વાત પણ ખોટી છે. કેમકે પુરુષાર્થથી લાડવા મળે નહીં. આત્માની ઈચ્છાના કારણે પૈસો મળતો નથી અને કર્મના કારણે પણ પૈસો આવતો નથી. પૈસાની લાયકાતથી પૈસો આવે છે. તેમાં કર્મ અને વિકલ્પ નિમિત્ત છે. વર્તમાન ઈચ્છા તે પુરુષાર્થસાધ્યત્વ અને કર્મનું નિમિત્ત તે દૈવસાધ્યત્વ છે. આત્મામાં માક્ષદશા થાય છે તે પુરુષાર્થથી જ થાય છે. તેમાં કર્મનો અભાવ નિમિત્ત છે અને સંઘયણાદિ પણ નિમિત્ત છે. એમ ત્રણે સ્વતંત્ર છે. પરનો સંયોગ આવવાનો તે આવવાનો અને જવાનો તે જવાનો – એમાં ફેરફાર થઈ શકે નહીં. ભોજન મળવાનું તે મળવાનું. ''દાણે દાણે ખાનારનું નામ લખેલું છે'' એમ કહે છે અનો અર્થ એ છે કે જે જે અનાજ મળવાનું તે મળવાનું, તે નક્કી છે. એમાં પુરુષાર્થ કે કર્મ કાંઈ કરતું નથી. ઈચ્છા અને કર્મ નિમિત્તમાત્ર છે.

નિમિત્તદૃષ્ટિવાળો જીવ કહે છે કે આત્મા ખાય છે ત્યારે તેને સંતોષ થાય છે. આત્મા ખાઈ શકતો નથી. એ વાત તેને બેસતી નથી. વળી તે કહે છે કે કર્મ પ્રેરક નિમિત્ત છે. એનો ઉદય આવે ત્યારે આત્માને વિકાર કરવો જ પડે – આમ તે માને છે. આવા જીવોને સમજાવવાં કોઈ તીર્થંકર કે કેવળી પણ નિમિત્તરૂપે સમર્થ નથી – તેવી તેની સ્વતંત્ર પર્યાય છે. અહો ! પાણીનું બિંદુ કે અનાજનો દાણો મોઢામાં આવવાનો હોય ત્યારે આવે, અને ગળે ઊતરવાનો હોય ત્યારે ઊતરે અને પેટમાં રહેવાનો હોય તો રહે. એમાં આત્માની ઈચ્છા કાંઈ કરી શકે નહીં. ઘરમાં શાક આવે છે તે આત્માની ઈચ્છાથી કે પૈસાના કારણે આવે છે એમ નથી, પણ અજ્ઞાનીને આ વાત અંતરમાં બેસતી નથી. દરેકેદરેક પદાર્થનું પરિણમન એના કારણે થાય છે. મેં કપડું છોડ્યું અને ત્યાગી થયો એમ માનનારો પોતાના સ્વધર્મત્યાગરૂપી મોહને કરે છે કેમકે કપડું આત્માની ઈચ્છાના કારણે છૂટ્યું નથી પણ એના કારણે છૂટ્યું છે. તેમ જે માનતો નથી તેને પુરુષાર્થસાધ્ય અને દૈવસાધ્યની ખબર નથી માટે મિથ્યાદૃષ્ટિ છે.

**<u>હેતુસાધ્યત્વ-આગમસાધ્યત્વ :</u>** હેતુ અને દલીલ દ્વારા વસ્તુની સિદ્ધિ કરવામાં આવે છે એને હેતુસાધ્યત્વ કહેવાય છે. આગમમાં તો સર્વજ્ઞે કહેલી પરંપરા હોય છે, જેમ કે : છ મહિનાને આઠ સમયમાં ૬૦૮ જીવો મુક્ત થાય છે તો એમાં તર્ક-દલીલ કામ લાગે નહીં. તે આગમથી સિદ્ધ થાય છે. કોઈ કહે કે આત્મામાં જ જ્ઞાનસ્વભાવ છે અને બીજામાં કેમ

નહીં ? તો એમાં તર્ક કામ લાગે નહીં. એક-એક પર્યાયમાં અનંત સપ્તભંગી ઊતરે છે. અસંખ્ય દ્વીપ-સમુદ્ર છે, અસંખ્ય શ્રાવક-શ્રાવિકા છે, અસંખ્ય ચંદ્ર સૂર્ય છે. એ બધું આગમથી સિદ્ધ થાય છે. તેમાં હેતુ લાગુ પડે નહીં. આગમ પ્રમાણે ન માને તો તે દેવ-ગુરુ-શાસ્ત્રને પણ માનતો નથી.

**અંતરંગત્વ-બહિરંગત્વ :** દરેક પદાર્થમાં પોતાની અપેક્ષાએ અંતરંગત્વ છે ને પરપદાર્થની અપેક્ષાએ બહિરંગત્વ છે.

**દ્રવ્યત્વ-પર્યાયત્વ :** આ ધર્મ પણ સામાન્ય છે.

આ રીતે સામાન્ય ધર્મની વ્યાખ્યા થઈ. હવે વિશેષ ધર્મોની વાત કરે છે.

**જીવત્વ :** આ ધર્મ જીવમાં જ હોય છે, અજીવમાં હોતો નથી.

**અજીવત્વ :** અજીવમાં જ હોય છે માટે તે બન્ને વિશેષ ધર્મ છે. **સ્પર્શત્વ, રસત્વ, ગંધત્વ, વર્ણત્વ. શબ્દત્વ :** આ ગુણો પુદ્‌ગલ દ્રવ્યમાં જ હોય છે. **શુદ્ધત્વ, અશુદ્ધત્વ** અમૂક જીવ-પુદ્‌ગલોમાં જ હોય છે, બધાં જીવ-પુદ્‌ગલોમાં હોતો નથી. **મૂર્તત્વ** ખાસ પુદ્‌ગલ દ્રવ્યનો જ ધર્મ છે. **અમૂર્તત્વ** પુદ્‌ગલ સિવાય બીજાં પાંચ દ્રવ્યોનો વિશેષ ધર્મ છે. આત્માને કોઈ ઠેકાણે મૂર્તત્વ કહેલ છે, તે તો મૂર્તના સંયોગે ઉપચારથી કહેલ છે. ખરેખર જીવ મૂર્ત થતો નથી. મૂર્ત થાય તો જીવનો નાશ થઈ જાય. **સંસારિત્વ, સિદ્ધત્વ** એ બન્ને પ્રકાર જીવના છે, બન્ને પ્રકારમાં જીવ તો અમૂર્તિક જ છે. સંસાર પર્યાય ચૌદમાં ગુણસ્થાન સુધી હોય છે કેમકે ત્યાં સુધી અસિદ્ધત્વ છે. સંસારિત્વ જીવનું સ્વતત્વ છે, પણ તે બધાં જીવોમાં નથી, તેથી વિશેષગુણ છે.

**અવગાહત્વ** આકાશ દ્રવ્યનો વિશેષગુણ છે. **ગતિહેતુત્વ** ધર્માસ્તિકાયનો, **સ્થિતિહેતુત્વ** અધર્માસ્તિકાયનો, **વર્તનાહેતુત્વ** કાળનો ઈત્યાદિ વિશેષધર્મ છે.

હવે પ્રશ્નકારના પ્રશ્નવશાત્ વિધિ-નિષેધરૂપ વચનના સાત ભંગ થાય છે. સામાન્ય ધર્મના સાત ભંગ અને વિશેષધર્મના પણ સાતભંગ થાય છે. તેને 'સ્યાત્' પદ લગાવવું. સ્યાત્ એટલે કથંચિત્-કોઈ પ્રકારથી એવા અર્થમાં છે. એ વડે વસ્તુને અનેકાંતરૂપ સાધવી.

(૧) **વસ્તુ સ્યાત્ અસ્તિરૂપ છે.** એ પ્રમાણે કોઈ પ્રકારથી પોતાનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી વસ્તુને અસ્તિત્વરૂપ કહે છે. (૨) **વસ્તુ સ્યાત્ નાસ્તિરૂપ છે.** એ પ્રમાણે પરવસ્તુનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નાસ્તિત્વરૂપ કહે છે. દરેક પદાર્થ અસ્તિરૂપ છે. તેને સર્વથા અસ્તિરૂપ માનવામાં આવે તો તે પદાર્થો પૃથક-પૃથક નહીં રહેતાં એકરૂપ થઈ જાય પણ પોતાથી અસ્તિરૂપ છે, તે પરથી નાસ્તિરૂપ છે. એક પુદ્‌ગલના સ્કંધમાં દરેક પુદ્‌ગલપરમાણું પૃથક-પૃથક પોતાનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિરૂપ છે અને બીજાં પરમાણુનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નાસ્તિરૂપ છે. એમ જીવ અજીવાદિ નવ પદાર્થો છે તેમાં સ્યાત્ અસ્તિનાસ્તિરૂપ ભંગ પડે છે. તેનાથી વસ્તુ

સ્વતંત્ર સિદ્ધ થાય છે.

## અષાડ સુદ ૭, રવિવાર, ૨૯-૬-૫૨

આ ધર્મભાવનાની વ્યાખ્યા ચાલે છે. વસ્તુ અનેકાંતમય છે, તે સપ્તભંગ દ્વારા જાણીને યથાર્થ શ્રદ્ધા કરવી તે સમ્યગ્દર્શનરૂપી ધર્મ છે. જીવાદિ નવ પદાર્થ પણ વસ્તુ છે, તેમાં પણ સપ્તભંગી ઊતરે છે.

(૧) જીવ અને પુદ્‌ગલ દરેક વસ્તુ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે, તે સ્યાત્ અસ્તિરૂપધર્મ છે. (૨) દરેક જીવ અને પુદ્‌ગલ પરનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નથી, તે સ્યાત્ નાસ્તિરૂપધર્મ છે. (૩) વસ્તુ સ્યાત્ અસ્તિત્વ-નાસ્તિત્વરૂપ છે. એ પ્રમાણે વસ્તુમાં બન્ને ધર્મો હોય છે અને બન્ને ક્રમથી કહી શકાય છે.(૪) વસ્તુ સ્યાત્ અવક્તવ્ય છે. વસ્તુમાં અસ્તિનાસ્તિરૂપ બન્ને ધર્મો એકી સાથે હોવા છતાં એકી સાથે કહી શકાતાં નથી. માટે કોઈ અપેક્ષાએ વસ્તુ અવક્તવ્ય છે. (૫) વસ્તુ સ્યાત્ અસ્તિ અવક્તવ્ય છે. આત્મા પોતાપણે છે એમ કહી શકાય છે પણ અસ્તિનાસ્તિ બન્ને ધર્મો એક સાથે કહી શકાતા નથી. (૬) વસ્તુ સ્યાત્ નાસ્તિ અવક્તવ્ય છે. આત્મા અને દરેક દ્રવ્ય પરથી નાસ્તિરૂપ છે પણ અસ્તિ-નાસ્તિ બન્ને ધર્મો એક સાથે કહી શકાતા નથી. (૭) વસ્તુ સ્યાત્ અસ્તિ-નાસ્તિ અવક્તવ્ય છે. પદાર્થના બન્ને ધર્મો ક્રમપૂર્વક કહી શકાય છે પણ એક સાથે કહી શકાતા નથી. એ અપેક્ષાએ આત્મા કથંચિત્ અસ્તિ-નાસ્તિ અવક્તવ્ય છે. આ સાત ભંગો સ્વતંત્ર છે. તેનાથી વસ્તુનું સ્વરૂપ યથાર્થ જાણી શકાય છે.

આ રીતે અસ્તિ-નાસ્તિના સાત ભંગ થયા. તે પ્રમાણે બીજા એકત્વ-અનેકત્વ વગેરે સામાન્ય ધર્મો ઉપર સપ્તભંગ વિધિ-નિષેધપૂર્વક લગાવવા. જેમકે (૧) જીવ સ્યાત્ એકત્વરૂપ છે. (૨) સ્યાત્ અનેકરૂપ છે. (૩) સ્યાત્ એક-અનેકરૂપ છે. (૪) સ્યાત્ અવક્તવ્ય છે, કેમકે બન્ને ધર્મ એક સાથે કહી શકાતા નથી. (૫) સ્યાત્ એકત્વ અવક્તવ્ય છે. (૬) સ્યાત્ અનેકત્વ અવક્તવ્ય છે. (૭) સ્યાત્ એક-અનેક અવક્તવ્ય છે. આમ બધા ધર્મોમાં સપ્તભંગ ઊતરે છે.

વળી એ જ પ્રમાણે જીવત્વ આદિ વિશેષ ધર્મોમાં પણ સાત-સાત ભંગ લગાવવા. જેમ જીવ નામની વસ્તુ ઉપર 'સ્યાત્ જીવત્વ-સ્યાત્ અજીત્વ' ઈત્યાદિ પ્રકારે લગાવવા. ત્યાં અપેક્ષા આ પ્રમાણે છે કે પોતાનો જીવત્વ ધર્મ પોતાનામાં છે માટે જીવત્વ છે પણ પર અજીવનો અજીવત્વધર્મ તેમાં નથી માટે જીવ નામની વસ્તુમાં અજીવત્વ છે અને જીવત્વધર્મ સિવાયના બીજા ધર્મોને મુખ્ય કરીને કહીએ તો તેની અપેક્ષાએ પણ અજીવત્વ છે. આ રીતે જીવ નામના પદાર્થમાં (૧) જીવત્વ અને (૨) અજીવત્વ લાગુ પડે છે, તે અનેકાંત છે. એવી રીતે (૩) સ્યાત્

જીવત્વ-અજીવત્વ છે, (૪) સ્યાત્ અવક્તવ્ય છે, (૫) સ્યાત્ જીવત્વ અવક્તવ્ય છે, (૬) સ્યાત્ અજીવત્વ અવક્તવ્ય છે, (૭) સ્યાત્ જીવત્વ, અજીવત્વ અવક્તવ્ય છે.

જીવ અનંત છે. એની અપેક્ષાએ પોતાનું જીવત્વ પોતાનામાં છે અને પરનું જીવત્વ તેમાં નથી. તેથી એ અપેક્ષાએ અજીવત્વ છે, એમ પણ સાધી શકાય છે. આ આત્માની અપેક્ષાએ દુનિયા બધી અનાત્મા છે. આ જીવની અપેક્ષાએ સિદ્ધ અને કેવળીનો જીવ તે અજીવ છે. આવી અનેકાંત વસ્તુની સ્થિતિ છે. કોઈ એમ કહે છે કે જગતના બધા એકાંત ધર્મોને મેળવીને ભગવાને અનેકાંત કરેલ છે, પણ એમ નથી. વસ્તુનો સ્વભાવ જ અનેકાંતસ્વરૂપ છે. ભગવાને કાંઈ નવું કર્યું નથી. મહાવીર ભગવાને યજ્ઞ બંધ કરાવ્યા અને અનંત જીવોનો ઉદ્ધાર કર્યો એમ કોઈ કહે તો તે વાત ખોટી છે. ભગવાને પરમાં કાંઈ કર્યું નથી. પોતાનામાં પુરુષાર્થપૂર્વક વીતરાગદશા પ્રગટ કરી મુક્તદશા પામ્યા છે. આ જીવની અપેક્ષાએ તીર્થંકરનો જીવ તે અજીવ છે – એમ ન જાણે તેને અનેકાંતસ્વરૂપની ખબર નથી.

શાસ્ત્રમાં મહાસત્તાનું વર્ણન આવે છે. તે મહાસત્તા 'છે' પણું બતાવે છે. 'નથી' એમ બતાવતી નથી અને એને જાણવાનો હેતુ વીતરાગતા છે. કેમકે 'છે' એમાં ફેરફાર કરવાપણું રહેતું નથી. 'છે' એમાં 'આ આમ કેમ ?' એવો પ્રશ્ન રહેતો નથી. એમાં વિકલ્પનો અવકાશ જ નથી. તેથી વીતરાગ દૃષ્ટિ થાય છે. રાગ છે, વીતરાગતા છે, બંધ છે, મોક્ષ છે, અસ્તિરૂપ ધર્મ છે, નાસ્તિરૂપ ધર્મ પણ છે એમ 'છે' પણામાં એકલું જ્ઞાન જ રહે છે. જ્ઞાન સિવાય વિકલ્પ કે નિમિત્તને તેમાં અવકાશ જ નથી. શાસ્ત્રની વાણી મર્મવાળી છે. જ્ઞાન તે મર્મને યથાર્થ જાણી લે છે. અજ્ઞાનીને આશય ખ્યાલમાં આવતો નથી. પંચાસ્તિકાયમાં અર્થસમય, જ્ઞાનસમય અને શબ્દસમયની વાત આવે છે. પદાર્થોનો જે સ્વભાવ છે તેને જ્ઞાન જાણે છે અને શબ્દ પણ એવો જ હોય છે. સાકર પદાર્થ છે, જ્ઞાન પણ સાકરનું થાય છે અને સાકર એવો શબ્દ પણ છે. જ્ઞાન કાંઈ આડું અવળું જાણે તો તે મિથ્યાત્વ છે. જ્ઞાન જેમ છે તેમ જાણે છે માટે તે સમ્યક્ છે અને એમાં જ વીતરાગતા છે.

આ રીતે અનાદિનિધન અનંત જીવ-અજીવ વસ્તુ છે. તે સર્વમાં પોતપોતાના દ્રવ્યત્વ, પર્યાયત્વ આદિ અનંતધર્મ છે, તે સર્વ સહિત સપ્તભંગ સાધવા જીવ અને પુદ્ગલો અનંતાનંત છે. તે બધા પોતપોતાના દ્રવ્યત્વ-પર્યાયત્વધર્મથી છે અને પરના દ્રવ્યત્વ-પર્યાયત્વધર્મથી નથી. એટલે અદ્રવ્યત્વ-અપર્યાયત્વરૂપ છે. એમ વસ્તુ પોતાના સ્વવીર્યથી છે અને પરના વીર્યથી નથી. એમ બધાં વિશેષ ધર્મોમાં સપ્તભંગી ઊતરે છે, તે બધાં ભંગો સ્વતંત્ર છે. પરની અપેક્ષા રાખતાં નથી. એટલે પરના કારણે તે ભંગો નથી. એક ભંગ બીજા ભંગની અપેક્ષા રાખતો નથી. એમ અનેકાંતસ્વરૂપ છે તે સ્વતંત્રતાને નક્કી કરે છે.

વળી (૧) જીવ અને (૨) પુદ્‌ગલના સ્થૂલપર્યાય છે તે પણ ચિરકાળ સ્થાયી અનેક ધર્મરૂપ હોય છે, જેમકે - જીવ. સંસારી-સિદ્ધ, સંસારદશા અનાદિસાંત છે અને સિદ્ધદશા સાદિઅનંત છે. એ રીતે ચિરકાળ સ્થાયી છે. સંસારીમાં ત્રસ અને સ્થાવર એમ બે ભેદ છે. તેમાં મનુષ્ય તિર્યંચાદિના ભેદો છે, તે જીવની પર્યાયો છે. મનુષ્યાદિની પર્યાય એક એક સમયની હોવા છતાં સ્થૂળપણે ઘણો કાળ એવી ને એવી રહે છે. તેથી તે ચિરકાળસ્થાયી કહેવાય છે. તેથી એમાં પણ કથંચિત્ વસ્તુપણું સંભવે છે. માટે એના પણ સાત ભંગ પડે છે અને પુદ્‌ગલમાં પણ અણુ-સ્કંધ-ઘટ-પટ આદિની પર્યાયો છે, તેમાં પણ કથંચિત્ વસ્તુપણું સંભવે છે. તેથી તેમાં પણ સપ્તભંગી ઊતરે છે.

વળી એ જ પ્રમાણે જીવ-પુદ્‌ગલના સંયાગથી થયેલા આસ્રવાદિ ભાવોમાં પણ બહુધર્મપણાની અપેક્ષાએ તથા પરસ્પર વિધિ-નિષેધથી અનેક ધર્મરૂપ કથંચિત્ વસ્તુપણું સંભવે છે. માટે તેમાં પણ સપ્તભંગ પડે છે, તે હવે કહે છે.

<u>**(૩) આસ્રવ :**</u> દયા, દાન, ભક્તિ, પૂજા આદિના પરિણામો આસ્રવ છે. તે આસ્રવ આસ્રવથી છે, જીવ-અજીવાદિથી નથી. આસ્રવ જડકર્મના કારણે નથી, કેમકે તે સ્વથી છે અને પરથી નથી. એમ આસ્રવનો અસ્તિ-નાસ્તિધર્મ છે. નૈમિત્તિકની પર્યાય નિમિત્તથી નથી, પણ પોતાથી છે - એમ અનેકાંત છે. પણ કોઈ અપેક્ષાએ આસ્રવ પોતાના કારણે છે ને કોઈ અપેક્ષાએ કર્મના કારણે થાય છે એમ અનેકાંત નથી. આત્મા કથંચિત્ પોતાના કારણે અગિયારમા ગુણસ્થાનેથી પડે છે અને કથંચિત્ કર્મના ઉદયની બળજોરીથી પડે છે, એમ અનેકાંતનું સ્વરૂપ નથી. આસ્રવના પરિણામ પોતાથી થયા છે પણ કર્મના કારણે કે પૂર્વની પર્યાયના કારણે થયા નથી. એવો અસ્તિ-નાસ્તિરૂપધર્મ આસ્રવનો છે, તે અનેકાંત છે અને એ રીતે આસ્રવની સપ્તભંગી છે.

પૂર્વના સંસ્કારના કારણે વર્તમાન પર્યાય થતી નથી. અજ્ઞાની સંસારની પર્યાય દરેક સમયે નવી-નવી પોતાના ઊંધા પુરુષાર્થથી કરે છે, ત્યારે પૂર્વના સંસ્કારને કારણે થઈ એમ કહેવામાં આવે છે. પણ પૂર્વના કારણે વર્તમાન પર્યાય થઈ નથી. કેમકે પૂર્વ પર્યાયનો તો વ્યય થઈ ગયો છે. તે પર્યાય વર્તમાન પર્યાયમાં આવતી નથી. વર્તમાન આસ્રવપર્યાય પોતાપણે છે અને પૂર્વ પર્યાયપણે નથી. આસ્રવપર્યાય સ્વથી અસ્તિરૂપ છે તે નિશ્ચય છે અને તે પર્યાય પરથી નાસ્તિરૂપ છે તે વ્યવહાર છે. વર્તમાન આસ્રવભાવ કરે તો પૂર્વની વાસનાને ઉપચાર લાગુ પડે છે પણ ખરેખર તો આસ્રવપર્યાય સ્વતંત્ર છે. એમ જે જ્ઞાન જાણે તે પ્રમાણજ્ઞાન છે અને તેને અહીં સમ્યગ્દર્શન કહ્યું છે.

<u>**(૪) બંધતત્વ :**</u> બંધ આત્માની વિકારી અવસ્થા છે. તે દ્રવ્યબંધના કારણે નથી. કેમકે

બંધ પોતાથી છે અને કર્મથી નથી એવો બંધનો અસ્તિ-નાસ્તિરૂપ ધર્મ છે. બંધ બંધથી છે અને જીવથી નથી, બંધ બંધથી છે અને સંવર-નિર્જરા આદિથી નથી. એવું બંધતત્વનું સ્વતંત્ર સ્વરૂપ છે. નવે પદાર્થો સ્વતંત્ર છે. આત્મવસ્તુ અસ્તિરૂપ છે, એમાં રાગની ત્રિકાળ નાસ્તિ છે. વસ્તુસ્વભાવની દૃષ્ટિ થતાં રાગનો ત્યાગ થઈ જાય છે. રાગનો ત્યાગ કરવો પડતો નથી. રાગને પૃથક કરવો એ વ્યવહારનું કથન છે, તે ઉપચાર છે. ઉપચારને યથાર્થ માની લેવો તે મિથ્યાત્વ છે. સ્વની એકાગ્રતા થતાં રાગની ઉત્પત્તિ થતી નથી. સ્વનો આદર થતાં પરનો આદર છૂટી જાય છે. સ્વનું લક્ષ છૂટી પરનું લક્ષ કરે તો આસ્રવ અને બંધ થાય છે. પણ પરે રાગ કરાવ્યો નથી. રાગ રાગથી છે અને પરથી નથી. આ અનેકાંતનું સ્વરૂપ છે. હવે સંવર, નિર્જરા, પુણ્ય, પાપ, મોક્ષનું સ્વતંત્રપણું અનેકાંત દ્વારા સમજાવશે.

# પ્રસાદ નં. – ૨૫૧

**વી. નિ સં. ૨૪૭૮, અષાડ સુદ ૧૫, વર્ષ ૨જું. પુસ્તક નવમું,**
**સોનગઢ, તા. ૭-૭-૫૨, સોમવાર.**

# શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(અષાડ સુદ ૮, સોમવાર, ૩૦-૬-૫૨ સવાર)**

આ ધર્મ ભાવના ચાલે છે. ધર્મ (સ્વભાવ) એક એક દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં છે. દરેક ધર્મ સ્વતંત્ર છે. એમ જાણે તો પર્યાય સ્વસન્મુખ વળે અને સ્વતંત્રદશા પ્રગટ થાય. પણ પર્યાયને સ્વતંત્ર ન માને પણ કર્મની બળજોરીથી થાય છે એમ માને તો તેને પરસન્મુખતાથી હઠી સ્વસન્મુખ થવાનો અવકાશ રહેતો નથી. તેથી તે જીવને ધર્મ થતો નથી. અહીં સમય સમયની પર્યાય સ્વતંત્ર છે તે સિદ્ધ કરે છે. પર્યાયનું સ્વતંત્રપણું માને તેને પરસન્મુખતા છૂટી સ્વસન્મુખતા થયા વગર રહેતી નથી. તેને સમ્યગ્જ્ઞાન-દર્શનરૂપી ધર્મ થાય છે એની વાત ચાલે છે.

નવ પદાર્થો છે. તે દરેક સ્વતંત્ર છે. (૧) જીવ (૨) અજીવ. પદાર્થ પોતાથી છે અને પરથી નથી. જીવ-પુદ્ગલના સંયોગે (૩) આસ્રવ (૪) બંધની પર્યાય થાય છે, તે પણ પોતાથી છે અને પરથી નથી. એમ ચાર પદાર્થની વાત થઈ છે. આસ્રવ કે બંધમાં કોઈ પર પદાર્થોનો પ્રભાવ પડતો નથી. નિમિત્તની પ્રધાનતાથી આસ્રવ થાય છે એમ માનવામાં આવે તો અનેકાંતપણું રહેતું નથી. માટે ભાવબંધ દ્રવ્યબંધ અનુસાર થાય છે એ વાત ખોટી છે. દ્રવ્યબંધમાં ભાવબંધની નાસ્તિ છે અને ભાવબંધમાં દ્રવ્યબંધની નાસ્તિ છે. બન્ને પોતપોતાની અસ્તિરૂપે છે, એમ અનેકાંત સ્વરૂપ બન્નેની સ્વતંત્રતા બતાવે છે. આમ પર્યાયની સ્વતંત્રતા કબૂલવી તેને અહીં શુદ્ધ સમ્યગ્દર્શન

કહેલ છે.

જૈનદર્શનમાં તો ઠેકાણે ઠેકાણે સ્વતંત્રતા બતાવે છે. એને બદલે અત્યારના કોઈ પંડિતો શાસ્ત્રનો આધાર આપીને કહે છે કે જૈનદર્શનમાં ઠેકાણે ઠેકાણે 'છાયાવાદ દટ રહા હૈ' એટલે જ્યાં ત્યાં નિમિત્તનો પ્રભાવ પડે છે એમ બતાવે છે. પણ જૈનદર્શનનું એવું સ્વરૂપ નથી. અનેકાંત તો દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેની સ્વતંત્રતા બતાવે છે અને જ્યાં સુધી સ્વતંત્ર વસ્તુ છે એમ ખ્યાલમાં ન આવે ત્યાં સુધી સ્વતંત્રપણે ધર્મની પર્યાય પ્રગટતી નથી.

**(૫) સંવરતત્વ :** આત્મામાં નિર્વિકલ્પ શાંતિ થાય તે સંવરદશા છે. તે સંવર સ્વથી છે અને પરથી નથી. સંવર એક સમયની પર્યાય પોતાથી છે અને તે આશ્રવ, બંધ, નિર્જરા, મોક્ષ, જીવ કે અજીવથી નથી. એમ અનેકાંત માનવું તે સંવરતત્વની સ્વતંત્રતા છે. કર્મના રોકાવાથી તો સંવરદશા થઈ નથી પણ જીવ સામાન્ય છે એના કારણે પણ સંવરદશા નથી. કેમકે સામાન્યના કારણે વિશેષ માનવામાં આવે તો વિશેષ સ્વતંત્ર રહેતું નથી. દ્રવ્યનું સામાન્યપણું તો એકરૂપ છે, પર્યાયમાં એકપણું હોતું નથી. જો સર્વથા દ્રવ્યના આશ્રયે પર્યાય માનવામાં આવે તો પર્યાયનું અનેકપણું સિદ્ધ થતું નથી. માટે સંવર સંવરના આશ્રયે છે અને જીવના આશ્રયે નથી – તે અનેકાંત છે. નિરપેક્ષ સંવર પર્યાય સિદ્ધ થયા પછી દ્રવ્યના આશ્રયે થઈ એમ કહેવું તે સાપેક્ષપણું છે. આ રીતે સંવર તત્વની સ્વતંત્રતા અનેકાંતથી સિદ્ધ થાય છે અને તેને તેમ માનવું તે સમ્યગ્દર્શન છે.

**(૬) નિર્જરાતત્વ :-** આત્મામાં પહેલા સમયે જે શુદ્ધિ હોય છે તેના કરતાં બીજા સમયે વિશેષ શુદ્ધિ થાય છે તેને નિર્જરા કહે છે. આ નિર્જરા નિર્જરાથી છે અને આસ્રવ, બંધ કે કર્મોના અભાવથી નથી. વળી તે નિર્જરા સંવરથી કે જીવથી પણ નથી, આનું નામ નિર્જરાતત્વનું અનેકાંતપણું છે. સામાન્ય જીવ તો એક પ્રકારે છે અને નિર્જરા અનેક પ્રકારવાળી છે -- એકરૂપ નથી. જો સામાન્ય જીવના આશ્રયે સર્વથા નિર્જરા હોય, તો એકરૂપ જ થવી જોઈએ પણ સામાન્યની જેમ વિશેષમાં એક પ્રકાર નથી. માટે કથંચિત્ સામાન્યમાં વિશેષની નાસ્તિ છે અને વિશેષમાં સામાન્યની નાસ્તિ છે. જો એમ ન હોય તો વિશેષમાં જે વિવિધતા છે તે રહેતી નથી. આ રીતે પર્યાયની સ્વતંત્રતા નક્કી થાય છે. પર્યાય પર્યાયની સ્વતંત્ર યોગ્યતા પ્રમાણે થાય છે, એમ પ્રથમ નિરપેક્ષપણે માનવું જોઈએ.

પુદ્‌ગલ સામાન્ય દ્રવ્ય છે. એની પર્યાય પણ સ્વતંત્ર નિરપેક્ષ છે. પુદ્‌ગલની પર્યાય કોઈ નિમિત્ત કે સ્વદ્રવ્યની પણ અપેક્ષા રાખતી નથી. એક પરમાણુની પર્યાય એક અંશ સફેદ હોય તો તે બીજે સમયે અનંત અંશ કાળી અથવા તો સફેદ થાય છે. એમાં કોઈ પરદ્રવ્ય નિમિત્ત નથી. વળી તે પર્યાય સામાન્યની પણ અપેક્ષા રાખતી નથી કેમકે સામાન્યની અપેક્ષા

સર્વથા રાખે તો સામાન્ય તો એકરૂપ છે અને પર્યાયમાં તો અનેકરૂપ વિવિધતા થઈ છે તે થાય નહિ માટે કથંચિત્ પર્યાય સ્વતંત્ર છે એમ નિર્ણય કરવો તે સમ્યગ્દર્શન છે. નિર્જરા સ્વથી છે અને પરથી નથી એવી વસ્તુસ્થિતિ છે એને ન સમજે તેને ત્રણ કાળમાં દ્રવ્યદ્રષ્ટિ થાય નહિ. પર્યાયને પરતંત્ર – પરના કારણે માને તેને સ્વસન્મુખતા થતી નથી.

ઘડાની પર્યાય છે તે ઘડાથી છે, તે પર્યાય કુંભારથી તો થઈ નથી પણ અહીં તો કહે છે કે તે ઘડાની પર્યાય માટીથી પણ નથી. "ઘડો છે" તે ઘડાથી છે, તે સ્વતંત્ર છે. માટીથી છે એમ માનવામાં આવે તો માટી તો સામાન્ય એક પ્રકારે છે તો વિશેષ ઘડો, રામપાત્ર વગેરેની અનેકતા હોઈ શકે નહિ. માટીથી ઘડાને કહેવો તે અપેક્ષિતિ કથન છે. આવું અનેકાંતનું સ્વરૂપ છે. સામાન્ય-વિશેષ બન્ને કથંચિત્ ભિન્ન છે. આમ સામાન્ય-વિશેષની સ્વતંત્રતા કબૂલ કરે તો સમ્યગ્દર્શન થાય.

આવી પર્યાયની સ્વતંત્રતા છે. તે વાતને ગુપ્ત રાખવી ન જોઈએ. કેમકે આ વાતને સમજ્યા વિના ત્રણ કાળમાં ધર્મ થાય એમ નથી. એક સમયની પર્યાય સ્વતંત્ર છે એમ સાબિત ન થાય તો ત્રિકાળ દ્રવ્ય સ્વતંત્ર છે તે સાબિત થઈ શકશે નહિ. અસ્તિ-નાસ્તિરૂપ બન્ને પરસ્પર વિરુદ્ધ શક્તિનું પ્રકાશવું તે અનેકાંતનું સ્વરૂપ છે. આવો વસ્તુનો સ્વભાવ છે.

આત્મામાં નિર્જરાની પર્યાયનો ઉત્પાદ થાય છે તે વખતે કર્મની પર્યાય પણ ફરે છે. કર્મરૂપ પર્યાયનો વ્યય થઈ બીજું પરિણમન થાય છે તે પરિણમન પણ દ્રવ્યના કારણે નથી. એમ નિરપેક્ષ સિદ્ધ કર્યા પછી તે ક્યા દ્રવ્યની પર્યાય છે એમ સાપેક્ષપણું લાગુ પડે છે. પર્યાય પણ અકારણીય છે એમ માન્યા વગર ક્યા કારણે થઈ એવી અપેક્ષા લાગુ પડતી નથી. આ પુસ્તક ઊંચું થયું છે, તેનો આધાર હાથ કે આંગળી તો નથી પણ પુસ્તકના દ્રવ્યના આધારે પણ તે પર્યાય થઈ છે - એમ પણ નથી. કેમકે પર્યાય પર્યાયના કારણે છે તે નિરપેક્ષ અસ્તિપણું છે અને દ્રવ્યના કારણે નથી તે નાસ્તિરૂપ તે પર્યાયનો ધર્મ છે. આ રીતે જ્ઞાનસામાન્યને સામાન્ય અને વિશેષને વિશેષરૂપ કબૂલે છે. જેમ છે તેમ સ્વતંત્રપણે કબૂલે તે અનેકાંત છે. એકબીજામાં ઘાલમેલ કરે નહિ તે જ્ઞાતાનું પરિણમન સમ્યગ્જ્ઞાન છે અને તે જ સમ્યગ્દર્શન છે. સમ્યક્ દ્રષ્ટિ થઈ તે કારણનું કાર્ય સમ્યગ્જ્ઞાન છે. સમ્યગ્દર્શન તો પરમ પારિણામિકભાવના આશ્રયે થયું છે પણ તેની સાથે રહેલું જ્ઞાન બધાં પદાર્થોને સ્વતંત્ર જાણે છે.

આ અનેકાંત સ્વરૂપની વાત શાંતિથી સમજવા જેવી છે, એમ ને એમ કાઢી નાખવાં જેવી નથી. મૂળ ગાથામાં આચાર્ય ભગવાને જે શબ્દો વાપર્યા છે તે અદ્ભુત છે. ચૌદ પૂર્વનો સાર એમાં મૂક્યો છે. નવ પદાર્થોને અનેકાંતથી યથાર્થ જાણે તે શુદ્ધ સમ્યગ્દર્શન છે – એમાં દરેક પદાર્થને સ્વતંત્ર બતાવી દીધો છે. આ વાતને નહિ સમજનાર અજ્ઞાની કહે છે કે સમ્યગ્દ્રષ્ટિને

રાગ થાય છે તે ચારિત્રમોહના ઉદયના કારણે થાય છે કેમકે સમ્યગ્દૃષ્ટિ વિકારનો કર્તા નથી. તો તે આ અનેકાંતને સમજ્યો નથી. સમ્યગ્દૃષ્ટિને જે રાગ થાય છે તે પોતાની નબળાઈથી સ્વતંત્ર થાય છે. પણ તેને સ્વભાવદૃષ્ટિ હોવાથી તે રાગને પોતાનું કર્તવ્ય માનતો નથી, તેથી તેનો કર્તા નથી એમ કહેલ છે. પણ તે વિકાર પોતાની નબળાઈના કારણે થયેલો છે એમ જાણે તો તે અનેકાંત છે. આવું વસ્તુનું સ્વરૂપ છે.

જુઓ, અહીં તો કહે છે કે નિર્જરા પોતાના કારણે છે, તે સંવર કે દ્રવ્યસામાન્યના કારણે નથી. તો પછી તે નિર્જરા કર્મના અભાવના કારણે છે એ વાત તો રહેતી નથી. નિર્જરા તે પર્યાયમાં શુદ્ધિની વૃદ્ધિના અંશો છે, તે સ્વથી છે. સંવર નિર્જરા બન્ને પોતપોતાથી છે અને બન્નેમાં અસ્તિ-નાસ્તિરૂપ ધર્મ છે. પરનો પ્રભાવ પડે છે એમ માનવું તે તો બે દ્રવ્યનો ખીચડો કરવાં જેવું થયું. એટલે કે શ્રદ્ધામાં અનેકાંતપણું નહિ રહેતાં એકાંતપણાનો ખીચડો થયો. સામાન્ય છે તે વિશેષને સ્પર્શતું નથી અને વિશેષ છે તે સામાન્યને સ્પર્શતું નથી, બન્ને સ્વતંત્ર છે. નિર્જરા દ્રવ્યને સ્પર્શતી નથી. પર્યાય દ્રવ્યની સન્મુખ થાય છે માટે દ્રવ્યના આશ્રયે શુદ્ધ પર્યાય પ્રગટે છે એમ કહેવાય છે છતાં પર્યાય પણ સ્વતંત્ર છે. એમ નિરપેક્ષ નક્કી કર્યા વગર દ્રવ્યના આશ્રયે થાય છે એ અપેક્ષા પણ કહી શકાશે નહિ. આમ વસ્તુસ્થિતિ સમજ્યા વગર સાધુપણું કે શ્રાવકપણું હોઈ શકે નહિ. ત્રિકાળ વસ્તુ અને પર્યાયની સ્વતંત્રતાના ભાન વિના ધર્મ થઈ શકે નહિ. ધર્મ તો સ્વતંત્ર પર્યાય છે. ધર્મ ધર્મીના આશ્રયે થાય છે એ તો અપેક્ષા લગાવવી હોય ત્યારે કહેવાય પણ ધર્મની નિરપેક્ષ પર્યાયને પોતા સિવાય કોઈ પરનો આધાર નથી. નિર્જરા તત્વની સપ્તભંગી આ રીતે પર્યાયનું સ્વતંત્રપણું બતાવે છે.

<u>**(૭) પુણ્યતત્વ :-**</u> આત્મામાં દયા, દાન, ભક્તિ. પૂજા આદિના શુભ પરિણામ થાય છે તે પુણ્ય છે. તે પરિણામ કર્મથી નથી, પાપથી નથી, દ્રવ્યથી નથી, પરક્ષેત્રથી નથી, પુણ્ય પુણ્યથી છે એમ નક્કી કર્યા પછી તે કેમ થયા તે અપેક્ષા લાગુ પડે છે. પુણ્યને પુણ્યરૂપ જાણવું, પાપને પાપરૂપ જાણવું, કર્મને કર્મરૂપ જાણવું, દરેકને ભિન્ન ભિન્ન જાણવું તે અનેકાંત છે. ભગવાનના દર્શન કરવાથી કે સમેતશિખરથી પુણ્ય નથી તેમ જ પુણ્ય જીવથી પણ નથી. બન્ને તત્વ ભિન્ન છે. પુણ્ય પુણ્યરૂપ છે તે એનો અસ્તિધર્મ છે અને પુણ્ય છે તે જીવ, અજીવ, પાપાદિરૂપે નથી એ પુણ્યનો નાસ્તિરૂપ ધર્મ છે. માટે પુણ્ય જીવથી નથી. એ અનેકાંત છે એમ જાણવું તે સમ્યગ્દર્શન છે.

<u>**(૮) પાપતત્વ :-**</u> આત્મામાં હિંસા, ક્રોધાદિના પરિણામ થાય છે તે પાપ છે. મિથ્યાત્વાદિને પણ પાપ કહેવાય છે. તે પાપના પરિણામ પાપથી છે. તે પરિણામ કર્મથી કે નિમિત્તથી તો નથી પણ પાપ સિવાય પુણ્ય, બંધ, આસ્રવ કે જીવથી પણ નથી. સંવર, નિર્જરા, મોક્ષથી પણ

નથી. પાપ પાપરૂપે છે અને પરરૂપે નથી એ અનેકાંત છે. આવા અનેકાંતને સમજ્યા વિના આત્મામાં પાપના પરિણામ થાય છે તે કથંચિત્ કર્મના ઉદયના કારણે થાય છે તે સ્યાદ્વાદ છે એમ અજ્ઞાની માને છે. આવી રીતે સ્યાદ્વાદમાં ગોટાળો વાળે છે. તેથી તે શ્રદ્ધાથી ભ્રષ્ટ છે. અહીં તો કહે છે કે પાપતત્વ પોતાથી છે, પરથી નથી. મિથ્યાત્વના પરિણામ મિથ્યાત્વથી છે પણ દર્શનમોહના ઉદયના કારણે નથી તે અનેકાંત છે.

આત્મામાં મિથ્યાત્વાદિ પાપના પરિણામ થાય છે તેનું શાસ્ત્રમાં ત્રણ પ્રકારથી કથન છે. તેનો અનેકાંતપૂર્વક બરાબર અર્થ સમજવો જોઈએ.

(૧) ગોમ્મટસારાદિ વ્યવહાર ગ્રંથોમાં આત્મામાં જે મિથ્યાત્વાદિના પરિણામ થાય છે અથવા તો જ્ઞાનની હીણપ થાય છે તે કર્મના નિમિત્તના કારણે છે એમ કહેલ છે. ત્યાં તો નિમિત્તની પ્રધાનતાથી કથન કરેલ છે. પણ ખરેખર કર્મના કારણે તે પરિણામ નથી, અહીં આત્માની અવસ્થા પાપપરિણામની હોય છે ત્યારે ક્યું નિમિત્ત છે તેનું જ્ઞાન કરાવેલ છે.

(૨) સમયસારાદિમાં જ્ઞાનીને રાગ થાય છે તે ચારિત્રમોહના ઉદયના કારણે થાય છે. જ્ઞાની તેનો કર્તા નથી એમ કહેલ છે તો ત્યાં તે પાપના પરિણામ પાપથી છે, કર્મથી કે બીજાથી નથી, એમ નિર્ણય કર્યા પછી જ્ઞાનીને જે અવ્રતાદિના પરિણામ છે તે સંયોગસંબંધ તરીકે છે તેથી તેને કર્મના કારણે છે એમ કહેલ છે. વિકારનું લક્ષ છૂટી ગયું છે અને સ્વભાવદૃષ્ટિ થઈ છે માટે તે વિકાર કર્મજન્ય છે એમ ત્યાં કહેલ છે.

(૩) અહીં નવ પદાર્થનું અનેકાંતપૂર્વક જ્ઞાન કરાવતાં પાપના પરિણામ પાપથી છે, પરથી કે કર્મથી નથી, જીવથી પણ નથી એમ નિરપેક્ષ સ્વતંત્ર પરિણામને અસ્તિ-નાસ્તિરૂપ અનેકાંતથી સિદ્ધ કરેલ છે.

આમ એક એક સમયની રાગની પર્યાયને ત્રણ પ્રકારથી સિદ્ધ કરેલ છે એમાં વિરોધ આવતો નથી. અજ્ઞાનીને આ વાતની સમજણ નથી એટલે વિરોધ લાગે છે.

રામચંદ્રજી ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ હતા. એ જ ભવમાં મુક્તિ પામવાના છે. એમને છ માસ સુધી રાગના પરિણામ રહે છે તે ચારિત્રમોહના ઉદયના કારણે નથી, પૂર્વની વાસનાના કારણે છે એમ પણ નથી. પહેલા સમયની વાસના બીજા સમયમાં રહેતી નથી. તે રાગના પરિણામ છે તે પોતાથી છે, પૂર્વ પર્યાયના કારણે તો નહિ પણ દ્રવ્યના કારણે પણ નથી. રાગ રાગના કારણે છે, પરને કારણે નથી, એમ માનવું તે અનેકાંત છે. લીલોતરીજીવનું શરીર કપાય છે તે તો જડની ક્રિયા છે, તે કપાવાની ક્રિયાથી પાપના પરિણામ નથી. નિમિત્તના કારણે કહેવું તે ઉપચાર કથનમાત્ર છે. આ આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષની પર્યાય જીવ-પુદ્ગલના સંયોગે થયેલી છે એમ ઉપર વાત આવી છે અને દરેક પર્યાયનું અનેકાંત સ્વરૂપ બતાવવા

અહીં તે પર્યાયો જીવ-પુદ્ગલના સંયોગે થયેલી નથી પણ પોતાથી છે એમ કહેલ છે, તે વાતને બરાબર સમજવી જોઈએ.

આત્મામાં જ્યારે આસ્રવાદિની પર્યાય થાય છે ત્યારે નિમિત્તનો સદ્ભાવ અને અભાવરૂપ ઉપસ્થિતિ કેવી હોય છે તેનું જ્ઞાન કરાવવા જીવ-પુદ્ગલના સંયોગે થયેલી પર્યાયો છે એમ કહેલ છે. ખરેખર તો પર્યાયમાં પર સંયોગનો અભાવ છે માટે પાપ પાપથી છે, સંયોગથી નથી, કર્મથી નથી અને જીવ ત્રિકાળ ધ્રુવ સ્વભાવ છે એનાથી પણ નથી. આમ અનેકાંતનુ સ્વરૂપ છે. તેને યથાર્થ જાણવું જોઈએ.

આત્મા પોતે વિભાવભાવરૂપે પરિણમે તો કર્મમાં આરોપ આપીને નિમિત્તથી કહેવાય છે કે કર્મના ઉદયથી વિભાવ થયો પણ ખરેખર પાપના પરિણામ પોતાથી છે, કર્મથી નથી તે અનેકાંત છે અને આમ અનેકાંતને જે યથાર્થ જાણે છે તે જ સમ્યગ્દષ્ટિ છે.

**સ્વતંત્રતાનો દિવ્ય સંદેશો સુણાવનાર**
**શ્રી સદ્ગુરુદેવનો ... ... ... જય હો !**

**અષાડ સુદ ૯, મંગળવાર, ૧-૭-૫૨**

આ ધર્મભાવનાનો અધિકાર છે. દ્રવ્ય-ગુણ-પર્યાયમાં અનેક ધર્મો છે. જેમ દ્રવ્યમાં અનેક સ્વભાવો છે તેમ પર્યાયમાં પણ અનેક સ્વભાવો-ધર્મો છે. એક એક સમયની પર્યાય છે તે પોતાનું અસ્તિત્વ પોતાથી ટકાવી રાખે છે. એમાં પરથી નાસ્તિત્વનો ધર્મ છે. એમ ન હોય તો પર્યાયનું અસ્તિત્વ રહી શકે નહિ. એ દ્રવ્ય, ગુણ અને પર્યાયના ધર્મોનો વિચાર સમ્યગ્દષ્ટિ પોતાના સ્વભાવસન્મુખ રહીને કરે છે, તેમાં જેટલો રાગ ઘટે છે તે ધર્મ છે.

<u>**(૯) મોક્ષતત્વ :-**</u> આત્માની પૂર્ણ નિર્મળદશા તે મોક્ષ છે. આ મોક્ષપર્યાય સ્વથી છે અને પરથી નથી. એટલે કે કર્મોના અભાવના કારણે નથી અને મોક્ષમાર્ગથી પણ નથી. આ રીતે અસ્તિ-નાસ્તિ, અવક્તવ્ય આદિ સાત ભંગો મોક્ષની પર્યાયમાં પણ પડે છે. મોક્ષ આદિ શબ્દ વાપર્યો છે. આદિમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર, પ્રમાદ, કષાય વગેરેનાં જેટલાં પેટા ભેદો છે તે દરેકમાં પણ સાત ભંગ ઉતારવા. મિથ્યાત્વ પોતાથી છે, પરથી નથી, સમ્યગ્દર્શન સમ્યગ્દર્શનથી છે, પરથી નથી, ચારિત્ર ચારિત્રથી છે સમ્યગ્દર્શનથી નથી.

સમયસાર ગાથા ૨૭૩માં કહેલ છે કે અજ્ઞાની ચારિત્રરહિત છે કેમકે તે નિશ્ચય ચારિત્રના કારણરૂપ જ્ઞાન-શ્રદ્ધાથી રહિત છે, ત્યાં બીજી વાત સમજાવવી છે. ખરેખર તો ચારિત્ર ચારિત્રથી છે, સમ્યગ્દર્શનથી નથી પણ જેને સમ્યગ્દર્શન હોય તેને સમ્યક્ચારિત્ર હોય છે. સમ્યગ્દર્શનરૂપી ભૂમિકા વિના સમ્યક્ચારિત્રરૂપી ઝાડ થતું નથી. એમ કહીને ત્યાં સમ્યગ્દર્શનની પ્રધાનતા બતાવવી છે અને અહીં તો ચારિત્ર ચારિત્રથી છે, સમયગ્દર્શનથી નથી એમ અનેકાંત બતાવવું છે. શુદ્ધ ક્ષાયિક સમ્યગ્દર્શન હોવા છતાં ચારિત્ર નથી માટે દર્શનથી ચારિત્ર નથી પણ ચારિત્ર ચારિત્રથી છે. આમ વિધિ-નિષેધથી વસ્તુ સિદ્ધ થાય છે.

આ રીતે દરેક વસ્તુમાં બહુધર્મપણાની અપેક્ષાએ તથા પરસ્પર વિધિ-નિષેધથી અનેક ધર્મરૂપ કથંચિત્ વસ્તુપણું સંભવે છે. પર્યાય પણ કથંચિત્ સત્ છે એટલે એમાં પણ વસ્તુપણું સંભવે છે. વળી તે વસ્તુમાં અસ્તિ-નાસ્તિરૂપ અનંતધર્મો છે તે અનેકાંત દ્વારા સિદ્ધ થાય છે.

જેમ એક પુરુષમાં પિતાપણું, પુત્રપણું, મામાપણું, ભાણેજપણું, કાકાપણું અને ભત્રીજાપણું આદિ ધર્મ હોય છે તે પોતપોતાની અપેક્ષાએ વિધિ-નિષેધપૂર્વક સાત ભંગ દ્વારા જાણવા. પહેલા તો પુરુષમાં પોતાના ધર્મો પોતાથી છે એમ નક્કી કર્યા પછી અપેક્ષા લાગુ પાડવી અને તે ધર્મો અસ્તિ-નાસ્તિથી અનેકાંત દ્વારા સિદ્ધ થાય છે. આ નિયમથી જાણવું કે વસ્તુમાત્ર અનેક ધર્મસ્વરૂપ છે. તે સર્વને જે અનેકાંત જાણી શ્રદ્ધાન કરે તથા એ જ પ્રમાણે લોકમાં વ્યવહાર પ્રવર્તાવે તે સમ્યગ્દૃષ્ટિ છે. આત્મા પોતાથી છે અને પરથી નથી અને પર્યાય પણ પોતાથી છે અને પરથી નથી એમ અનેકાંત દ્વારા વસ્તુને સમજીને શ્રદ્ધા કરે છે તે વાણીમાં પણ એવી જ પ્રરૂપણા કરે છે, એનો વ્યવહાર પણ એવો જ હોય છે. તો તે સમ્યગ્દૃષ્ટિ છે. અનેકાંતના સ્વરૂપમાં જે ગોટો વાળે છે અને પ્રરૂપણા પણ જેની યથાર્થ નથી તે તો મિથ્યાદૃષ્ટિ છે.

જીવ, અજીવ, આસ્રવ, બંધ, પુણ્ય, પાપ, સંવર, નિર્જરા અને મોક્ષ એ નવ પદાર્થ છે. તેને ઉપર પ્રમાણે જ સાત ભંગથી સાધવા. તેનું સાધન શ્રુતજ્ઞાનપ્રમાણ છે, કેમકે શ્રુતજ્ઞાનમાં નય પડે છે. તેના દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એવા બે ભેદ છે. સામાન્ય ત્રિકાળ ધ્રુવને વિષય

કરે તે દ્રવ્યાર્થિકનય છે. એક સમયની પર્યાયને વિષય કરે તે પર્યાયાર્થિકનય છે. તે બન્ને નયને અહીં નિશ્ચયમાં લીધાં છે.

દ્રવ્યાર્થિક તથા પર્યાયાર્થિકનયના પણ ભેદ નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ૠજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂતનય છે. વળી તેના પણ ઉત્તરોત્તર જેટલાં વચનના પ્રકાર છે તેટલાં ભેદ છે. તેને પ્રમાણસપ્તભંગી તથા નયસપ્તભંગીના વિધાન દ્વારા સાધી શકાય છે. એક ધર્મની પ્રધાનતાથી આખાં દ્રવ્યનું જ્ઞાન થાય તે પ્રમાણસપ્તભંગી છે અને એક ધર્મ દ્વારા તે તે ધર્મનું જ જ્ઞાન થાય તે નયસપ્તભંગી છે. અથવા તો કહેનારનો આશય એક ધર્મ દ્વારા આખાં દ્રવ્યને બતાવવું હોય તો તે પ્રમાણસપ્તભંગી છે અને એક ધર્મ દ્વારા એક ધર્મને જ બતાવવો હોય તો તે નયસપ્તભંગી છે. એનું કથન પ્રથમ લોકભાવનામાં કર્યું છે તથા તેનું વિશેષ કથન શ્રી તત્વાર્થસૂત્રની ટીકાથી જાણવું. એ પ્રમાણે પ્રમાણ-નય દ્વારા જીવાદિ પદાર્થોને જાણીને જે શ્રદ્ધાન કરે તે શુદ્ધ સમ્યગ્દૃષ્ટિ થાય છે. શુદ્ધ સમ્યગ્દૃષ્ટિને આવું જ્ઞાન હોય છે અને સમ્યગ્દૃષ્ટિ ન હોય તો આવું જ્ઞાન-શ્રદ્ધાન કરીને સમ્યગ્દૃષ્ટિ થાય છે.

જે કાળે જે અવસ્થા થઈ છે તે સ્વથી થઈ છે અને પરથી થઈ નથી તે અનેકાંત છે અને જ્ઞાતા-દ્રષ્ટારૂપ વીતરાગતાનો તે હેતુ છે. પોતે પોતાના અજ્ઞાનથી રખડે છે અને પરથી રખડતો નથી. કેમકે પરિભ્રમણનો ભાવ તે આત્માની પર્યાય છે. પોતે સ્વતંત્રપણે કર્તા થઈને તે પરિણમન થયું છે, પરથી તે પરિણમન થયું નથી. અજ્ઞાનીને એમ લાગે છે કે "કર્મના કારણે સંસારમાં ભ્રમણ છે એમ કહેતા નથી માટે ગોમ્મટસારની અને ચરણાનુયાગની વાત આમાં રહેતી નથી" ગોમ્મટસારમાં અને ચરણાનુયોગમાં નિમિત્તનું કથન છે, ત્યાં પણ પરના કારણે છે એમ કહેતા નથી. જેમ છે તેમ નિમિત્ત-ઉપાદાનનું જ્ઞાન કરવું જોઈએ. કોઈ શાસ્ત્રમાં એવું કથન ન હોય કે કોઈ વસ્તુ સ્વથી છે અને પરથી પણ છે. પરથી હોય અને સ્વથી ન હોય એમ પણ ન હોય. સ્વથી છે અને પરથી નથી એ જ અનેકાંત છે અને તે વીતરાગતાનો હેતુ છે.

તીર્થંકર ભગવાનને વાણી છૂટે છે તે કેવળજ્ઞાન છે માટે છૂટે છે એમ નથી. મહાવીર ભગવાનને કેવળજ્ઞાન હતું પણ ૬૬ દિવસ સુધી વાણી છૂટી નહિ. વળી ગૌતમ ગણધર આવ્યા માટે વાણી છૂટી એમ પણ નથી. વાણી વાણીને કારણે છે, પરના કારણે નથી તે અનેકાંત છે. ગૌતમ ગણધરની સ્વકાળલબ્ધિ પાકી ગઈ હતી તેથી ઈંદ્ર તેમને લાવવામાં નિમિત્ત કહેવાયા. વળી ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ, ઈંદ્ર કે ગણધર પ્રશ્ન પૂછે તો ભગવાનની વાણી નીકળે છે, બીજા પ્રશ્ન કરે તો નીકળતી નથી, માટે નિમિત્તની પ્રધાનતા છે એમ કોઈ કહે તો તે બરાબર નથી. વાણીના કાળે વાણી નીકળે છે, પરના કારણે વાણી નથી. ગણધર આવ્યા

ત્યારે વાણી નીકળી એ નિમિત્તનું કથન છે. અહીં તો કહે છે દરેકે દરેક પર્યાયમાં અનેકાંત છે. સ્વથી છે અને પરથી નથી એમ શ્રદ્ધાન કરવું તે સમ્યગ્દર્શન છે.

કોઈ એમ કહે છે કે "નિમિત્તની પ્રધાનતા ન હોય તો તમો સમયસાર, પ્રવચનસારાદિ ગ્રંથો કેમ વાંચો છો ? અને પદ્મપુરાણ, આદિપુરાણ કેમ વાંચતા નથી ? એ શું નિમિત્તની પ્રધાનતા નથી ?" તો તેને કહે છે કે જ્ઞાન શાસ્ત્રના કારણે નથી અને શાસ્ત્ર વિકલ્પના કારણે નથી. શાસ્ત્ર શાસ્ત્રથી છે વિકલ્પથી નથી, વિકલ્પ વિકલ્પથી છે શાસ્ત્રથી નથી અને જ્ઞાન જ્ઞાનથી છે શાસ્ત્રથી નથી. જ્ઞાનની પર્યાય થવાની હતી માટે સમયસાર આવ્યું એમ નથી અને સમયસાર આવ્યું માટે જ્ઞાનની પર્યાય થઈ એમ પણ નથી. જ્ઞાન જ્ઞાનના કારણે છે, ઈચ્છા અને શાસ્ત્રના કારણે નથી. આવું અનેકાંતનું સ્વરૂપ છે. તે જીવોએ સાંભળ્યું નથી એટલે તેને એકાંત લાગે છે પણ ખરું અનેકાંત જ આ છે અને તે વીતરાગતાનું કારણ છે.

પંડિત બનારસીદાસજી નિમિત્ત-ઉપાદાનના દોહામાં કહે છે કે "उपादान विधि निर्विचन, है निमित्त उपदेश" અહીં નિર્વચનનો અર્થ એવો છે કે ઉપાદાનમાં એક જ પ્રકાર છે કે દરેકે-દરેક પર્યાય પોતાની યોગ્યતાથી જ થાય છે. જેમ કે વાણી વાણીની યોગ્યતાથી થાય છે, ભગવાનના કારણે થતી નથી. ગરમ પાણી પોતાની યોગ્યતાથી થાય છે, અગ્નિના કારણે નહિ. લાકડી લાકડીની યોગ્યતાથી ઊંચી થઈ છે, હાથના કારણે નહિ. પૈસો પૈસાની યોગ્યતાથી આવે છે, ડહાપણના કારણે આવતો નથી, પુણ્યના કારણે પણ આવતો નથી. રૂપિયાના એક એક પરમાણુની પર્યાય પોતાની યોગ્યતાથી છે અને બીજા પરમાણુની પર્યાયથી નથી. આ વીતરાગી વિજ્ઞાન છે. આ સમજ્યા વિના વીતરાગતા થાય એમ નથી.

અહીં આ વિશેષ જાણવું કે; નય, વસ્તુના એક એક ધર્મના ગ્રાહક છે અને તે પોતપોતાના વિષયરૂપ ધર્મને ગ્રહણ કરવામાં સમાન છે. એટલે કે આત્મામાં જે નયજ્ઞાન છે તે એક એક ધર્મને ગ્રહણ કરે છે. નિશ્ચયનયનો વિષય ત્રિકાળને ગ્રહણ કરે છે અને વ્યવહારનયનો વિષય વર્તમાનને ગ્રહણ કરે છે. પોતપોતાના વિષયને ગ્રહણ કરે છે એ અપેક્ષાએ બન્ને નય સમાન છે. વ્યવહારનયે એક જ ધર્મને ગ્રહણ કર્યો છે એમ નિશ્ચયનયે પણ એક જ ધર્મને ગ્રહણ કર્યો છે એ અપેક્ષાએ બન્ને નય સમાન છે. તો પણ પુરુષ પોતાના પ્રયોજનવશ તેને મુખ્ય-ગૌણ કરીને કહે છે. પોતાનું હિત સાધવા માટે કોઈ નયને મુખ્ય કરે છે અને કોઈ નયને ગૌણ કરે છે.

જેમ જીવ નામની વસ્તુમાં અનેક ધર્મ છે. તો પણ ચેતનપણું આદિ પ્રાણધારણપણું અજીવોથી અસાધારણ જોઈ એ અજીવોથી (જીવને) જુદો બતાવવાં માટે પ્રયોજનવશ મુખ્ય કરી ચેતન વસ્તુનું જીવ નામ રાખ્યું. જીવમાં સામાન્ય-વિશેષ અનંતગુણો છે. અસ્તિત્વ, વસ્તુત્વ, દર્શન,

જ્ઞાન, ચારિત્ર, પ્રભુત્વ આદિ અનંતધર્મો છે, તો પણ એમાંથી ચેતનત્વધર્મને એકને મુખ્ય કરીને અજીવથી જુદો ઓળખાવવા માટે પ્રાણધારણ કરે છે તે જીવ છે એમ ચેતનત્વધર્મને મુખ્ય કરીને જીવ કહ્યો. ચેતનત્વ સિવાય બીજા ગુણોને ગૌણ કરીને અજીવમાં જે ગુણ નથી એને મુખ્ય કરીને જીવ કહ્યો. આ તો દૃષ્ટાંત છે. એ જ પ્રમાણે સર્વધર્મોને પ્રયોજનવશ મુખ્ય-ગૌણ કરવાની વિધિ જાણવી.

સિદ્ધ પરમાત્મા આનંદમૂર્તિ છે. એમ કહેવામાં પ્રયોજન એ છે કે જગતનાં પ્રાણીઓ દુઃખી થઈ રહ્યા છે. તેને સુખી થવું છે. તેને સમજાવવા માટે સુખ અને આનંદ ગુણની પ્રધાનતાથી સિદ્ધનું વર્ણન કર્યું છે. સિદ્ધમાં અનંતગુણો હોવા છતાં આનંદ, સંસારની પર્યાયમાં કે જડમાં નથી, તેનાથી જુદો બતાવવા ખાતર સિદ્ધને આનંદ હોય છે તેની મુખ્યતાથી સિદ્ધ આનંદમૂર્તિ છે એમ કહ્યું છે. આ પ્રમાણે મુખ્યતા-ગૌણતા કરવી. લૌકિકમાં પણ મુખ્યતા-ગૌણતા કરે છે. નાના ભાઈના લગ્ન હોય ત્યારે તેનામાં બીજા ગુણો ન હોય છતાં ત્રણ દિવસ માટે મોટો ઠરાવી વરરાજા કહે છે અને બીજા બાબત ગૌણ કરી નાખે છે. આ દૃષ્ટાંતો છે. હવે સિદ્ધાંત પ્રમાણે અધ્યાત્મમાં વાત કરે છે. મૂળ વાત કરવા માટે દૃષ્ટાંત આપીને આ ભૂમિકા બાંધી છે. હવે મહાસિદ્ધાંત કહે છે. અધ્યાત્મશાસ્ત્રનો મર્મ કહે છે.

અહીં એ જ આશયથી અધ્યાતમ કથનીમાં મુખ્યને તો નિશ્ચય કહ્યો છે તથા ગૌણને વ્યવહાર કહ્યો છે. મુખ્યને નિશ્ચય કહ્યો એમાં સિદ્ધાંત છે. નિશ્ચયને મુખ્ય કહ્યો નથી કેમકે અધ્યાત્મમાં નિશ્ચયનયનો વિષય જ મુખ્ય રહે છે. તેથી મુખ્યને નિશ્ચય અને નિશ્ચયને મુખ્ય કહેવામાં મોટો આંતરો છે. ગૌણને વ્યવહાર કહેલ છે. અધ્યાત્મમાં વ્યવહાર કદી મુખ્ય થાય નહિ. એક આત્મામાં નિશ્ચય અને વ્યવહાર બન્ને સાથે છે. એમાં આત્મા અખંડ ધ્રુવ એકરૂપ છે તેની મુખ્યતા તે જ નિશ્ચય છે. કેમકે દ્રવ્યસ્વભાવના આશ્રયે ધર્મ પ્રગટે છે, ટકે છે, વધે છે. તે પ્રયોજન દ્રવ્યથી સધાય છે. માટે અધ્યાત્મમાં મુખ્યને નિશ્ચય કહ્યો છે. વ્યવહારથી કે નિમિત્તથી ધર્મનો પર્યાય પ્રગટ થતો નથી, ટકતો નથી અને વધતો પણ નથી. તેથી અધ્યાત્મમાં વ્યવહારની મુખ્યતા કદી થતી નથી. અધ્યાત્મમાં આત્માના આશ્રયે સાધકપણું છે. વ્યવહારથી સાધકપણું નથી તેથી એમાં કદી વ્યવહારનું મુખ્યપણું થતું નથી પણ ગૌણપણું જ રહે છે. નિશ્ચયનું ગૌણપણું કદી થતું નથી કેમકે પ્રયોજન તો અખંડ દ્રવ્યના આશ્રયે શુદ્ધ પર્યાય પ્રગટ કરવી તે છે. તેથી મુખ્ય તે નિશ્ચય છે અને ગૌણ તે વ્યવહાર છે. માટે નિશ્ચયને ભૂતાર્થ કહેલ છે અને વ્યવહારને ગૌણ કરી અભૂતાર્થ કહેલ છે.

## પ્રસાદ નં. – ૨૫૩

**વી. નિ સં. ૨૪૭૮, અષાડ વદ ૨, વર્ષ ૨જું. પુસ્તક નવમું,**
**સોનગઢ, તા. ૯-૭-૫૨, બુધવાર.**

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(અષાડ સુદ ૧૨, શુક્રવાર, ૪-૭-૫૨ બપોર)**

# અધ્યાત્મનું રહસ્ય

**(સાધક જીવવસ્તુને કઈ રીતે સાધે છે ?)**

સ્વામી કાર્તિકની ૩૧૧-૩૧૨મી ગાથા ચાલે છે. તેમાં અનેકાંતની વાત ચાલે છે. નવ તત્વોને અનેકાંતસ્વરૂપે જે શ્રદ્ધે તે જીવ સમ્યગ્દૃષ્ટિ છે એમ કહ્યું. હવે અધ્યાત્મશૈલીનું વર્ણન કરે છે. તેમાં મુખ્ય-ગૌણની વાત અલૌકિક રીતે સમજાવે છે.

અજીવથી જુદો ઓળખાવવા માટે ચૈતન્યપ્રાણને મુખ્ય કરીને આત્માને 'જીવ' કહ્યો છે. જીવમાં તો અનંત ધર્મો છે પણ તેને અજીવથી ભિન્ન ઓળખાવવા માટે જીવત્વ ધર્મને મુખ્ય કરીને ઓળખાવ્યો છે.

અધ્યાત્મપ્રકરણમાં મુખ્યને નિશ્ચય કહેવામાં આવે છે, ને ગૌણને વ્યવહાર કહેવામાં આવે છે. જુઓ, અહીં 'નિશ્ચય તે મુખ્ય' એમ ન કહ્યું, પણ 'મુખ્ય તે નિશ્ચય' એમ કહ્યું; કેમકે અધ્યાત્મદૃષ્ટિમાં તો સદાય અભેદની જ મુખ્યતા રહે છે, ને તે જ નિશ્ચય છે. અભેદ તે મુખ્ય છે, ને તે જ નિશ્ચયનો વિષય છે, ને ભેદ છે તે અધ્યાત્મમાં સદાય ગૌણ છે. તેથી

ભેદને ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યો છે. જુઓ વ્યવહાર તે પરને લીધે છે એમ નથી, પણ તે ગૌણ છે માટે તેને વ્યવહાર કહ્યો છે. ભેદ, પર્યાય કે વિકલ્પ તે સ્વનો અંશ છે, તે કાંઈ પરના કારણે નથી. પણ તે અંશના આશ્રયે ધર્મ થતો નથી માટે તેને ગૌણ કરીને વ્યવહાર કહ્યો, ને અભેદને મુખ્ય કરીને તેને નિશ્ચય કહ્યો છે. પણ જો પર્યાયનો અંશ પરને લીધે છે એમ માને તો એકાંત નિશ્ચય થઈ જાય છે એટલે કે મિથ્યાત્વ થઈ જાય છે.

દ્રવ્ય અને પર્યાય, તે બન્ને વસ્તુના જ અંશો છે. તેમાં દ્રવ્યને પ્રધાન કરીને નિશ્ચયનો વિષય કહ્યો ને પર્યાયને ગૌણ કરીને વ્યવહારનો વિષય કહ્યો. પણ પર્યાયને ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યો તેનો અર્થ એમ નથી કે પર્યાય પરને લીધે થાય છે. રાગ તે આત્મા નથી, રાગ તે પુદ્‌ગલના પરિણામ છે—એમ અધ્યાત્મદૃષ્ટિથી કહ્યું, ત્યાં તેનો આશય તે પર્યાયને ગૌણ કરીને અભેદને પ્રધાન બતાવવાનો હતો, પણ પરને લીધે પર્યાય થાય છે એમ કહેવાનો આશય ત્યાં ન હતો. જીવનું પ્રયોજન સિદ્ધ કરવા માટે અભેદ દ્રવ્યને પ્રધાન કરીને તેને નિશ્ચય કહ્યો છે. સામાન્ય દ્રવ્ય અભેદરૂપ છે, તે નિશ્ચયનો આશ્રય છે, ને પર્યાય ભેદરૂપ છે તેથી તે વ્યવહારનો આશ્રય છે. તે દ્રવ્ય અને પર્યાય બન્ને નિશ્ચયથી તો પોતાના જ છે. ક્ષયોપશમ વગેરે ભાવો કે રાગાદિભાવો તે પણ નિશ્ચયથી જીવની જ પર્યાય છે, પણ અહીં અધ્યાત્મમાં અભેદ બતાવવાનું પ્રયોજન હોવાથી ભેદને ગૌણ કહેવામાં આવે છે. "ત્યાં પ્રયોજન આ છે કે વસ્તુને ભેદરૂપ તો સર્વ લોક જાણે છે અને જે જાણે છે તે જ પ્રસિદ્ધ છે, તેનાથી તો લોક પર્યાયબુદ્ધિ છે." જુઓ, પર્યાય પરથી થાય એ વાત તો અહીં લીધી નથી. પણ ક્ષયોપશમ તે હું છું—એમ ક્ષણિક પર્યાય જેટલો પોતાને લોકો માને છે—એમ પોતાની પર્યાયની વાત લીધી છે. પરથી મારી પર્યાય થાય—એ તો સ્થૂળ મિથ્યાત્વ છે, તેની તો અહીં વાત જ લીધી નથી. અહીં તો અધ્યાત્મની સૂક્ષ્મ વાત લેવી છે. તેથી કહ્યું કે લોકો ક્ષણિક પર્યાયને જ પોતાનું સ્વરૂપ માની રહ્યા છે—તેથી પર્યાયબુદ્ધિ છે. ત્રિકાળી તત્વને ભૂલીને ક્ષણિક વ્યક્ત અંશને જ લોકો પોતાનું સ્વરૂપ માની રહ્યા છે.

લોકોને પર્યાય તો પ્રસિદ્ધ છે, પણ ત્રિકાળી દ્રવ્યને તે જાણતા નથી. તેથી તે મિથ્યાદૃષ્ટિ છે. માટે અહીં સામાન્ય દ્રવ્યને પ્રધાન કરીને તેને નિશ્ચય કહે છે, ને પર્યાયને ગૌણ કરીને વ્યવહાર કહે છે. જે જીવ એમ માને કે પરથી મારી પર્યાય થાય છે, તેણે તો પર્યાયના અંશને પણ ન સ્વીકાર્યો. પરને પોતાનું જાણે છે તે વાત તો ન લીધી. લોકો પણ પોતાની પર્યાયના અંશને જ આખી વસ્તુ જાણે છે-એમ કહ્યું. અજીવથી જુદો પાડવા માટે જીવતત્વને તેના વિશેષ ધર્મથી ઓળખાવ્યો, પણ હવે તો જીવતત્વમાં જ મુખ્ય-ગૌણની વાત લ્યે છે. હજી તો જે જીવ પરથી પોતાની પર્યાય માને છે, તેણે તો પોતાની ભેદરૂપ વસ્તુને પણ નથી માની. ભેદરૂપ

વસ્તુને તો બધા લોકો જાણે છે. પર્યાય તો ભેદરૂપ છે, તેથી તેના આશ્રયે વ્યવહાર છે, ને અભેદ વસ્તુ તે મુખ્ય છે, તેથી તે નિશ્ચયનો વિષય છે. અભેદરૂપ દ્રવ્યસ્વભાવને અજ્ઞાની જીવો જાણતાં નથી, ને માત્ર રાગાદિપર્યાયને જ જીવ જાણે છે, તેથી તેને અભેદ વસ્તુની પ્રસિદ્ધિ કરાવવા માટે અભેદને પ્રધાન કરીને તેને નિશ્ચય કહ્યો છે, ને ભેદને–પર્યાયને ગૌણ કરીને વ્યવહાર કહ્યો છે.

જુઓ, પર્યાયમાં વિકાર થાય છે તે પોતાથી જ થાય છે, પણ તે અંશની બુદ્ધિ છોડાવવા અધ્યાત્મમાં તેને અભૂતાર્થ કહી દીધો, પણ પરને લીધે તે વિકાર થયો છે એમ કહેવાનો આશય છે જ નહિ. અનેકાંત વસ્તુ છે તેમાં પણ આત્માને સાધક બનાવવા માટે મુખ્ય-ગૌણ થાય છે–તે અહીં સમજાવ્યું છે. અધ્યાત્મમાં એટલે કે આત્માની સાધકદશા પ્રગટ કરીને તેને ટકાવી રાખવા માટે અભેદ વસ્તુને પ્રધાન કરીને નિશ્ચય કહેવામાં આવે છે. જુઓ, કોઈ વાર પર્યાયને પણ નિશ્ચય કહેવાય છે, પણ અધ્યાત્મમાં તે પર્યાયની કદી મુખ્યતા થતી નથી. અધ્યાત્મમાં અભેદની જ પ્રધાનતા રહે છે. પર્યાયના અંશને તો લોકો જાણે છે, પણ તેમાં જીવના પ્રયોજનની સિદ્ધિ થતી નથી એટલે કે પર્યાયના આશ્રયે શાંતિ થતી નથી, કલ્યાણ થતું નથી. અભેદ દ્રવ્યના આશ્રયે જ શાંતિ થાય છે, માટે અધ્યાત્મમાં જીવનું પ્રયોજન સિદ્ધ કરવા અભેદને જ પ્રધાન કરીને તેને નિશ્ચય કહ્યો છે, ને ભેદને ગૌણ કરીને વ્યવહાર કહ્યો છે.

લોકો પર્યાયના અંશને જ આખું સ્વરૂપ માની રહ્યા છે, એટલે લોકો પર્યાયબુદ્ધિ છે. જીવને નર-નારકાદિક પર્યાય છે. રાગ-દ્વેષ-ક્રોધ-માન-માયા-લોભાદિ પર્યાય છે તથા જ્ઞાનના ભેદરૂપ મતિજ્ઞાનાદિ પણ પર્યાય છે. એ સર્વ પર્યાયને જ લોક જીવ માને છે તેથી એ પર્યાયોમાં અભેદરૂપ અનાદિ અનંત એકભાવરૂપ ચેતનાધર્મને ગ્રહણ કરીને તેને નિશ્ચયનયનો વિષય કહી જીવદ્રવ્યનું જ્ઞાન કરાવ્યું, અને પર્યાયાશ્રિત ભેદ-નયને ગૌણ કર્યો.

જુઓ, ત્રણ વાત લીધી.

(૧) નર-નારકાદિ પર્યાય

(૨) રાગ-દ્વેષાદિ પર્યાય

(૨) જ્ઞાનના ક્ષયોપશમભાવરૂપ મતિ-શ્રુત વગેરે પર્યાય

તેને તો સાધારણ જનતા પણ જાણે છે પણ તે પર્યાયમાં અભેદભાવરૂપ જે અનાદિઅનંત એકરૂપ શુદ્ધ ચૈતન્યવસ્તુ છે તેને લોકો જાણતા નથી. હું મનુષ્ય, હું દેવ, હું રાગી, હું અજ્ઞાની - એમ વર્તમાન અંશરૂપ ભાવને તો જીવો જાણે છે, પણ અનાદિઅનંત એકરૂપ શુદ્ધ ચૈતન્યવસ્તુ છે તે હું છું - એમ અભેદરૂપ વસ્તુને જાણતા નથી. તેથી અભેદરૂપ વસ્તુને ઓળખાવવા માટે ભેદને ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યો. જુઓ, અહીં ભેદને 'ગૌણ' કર્યો છે, પણ તેનો

કાંઈ 'અભાવ' નથી. જેમ આત્મામાં કર્મનો ને પરનો અભાવ છે તેમ કાંઈ ભેદનો ને પર્યાયનો આત્મામાં અભાવ નથી, પણ તે ક્ષણિક અંશ છે, તેને જ લોકો જીવ જાણે છે, તેથી ત્રિકાળી અભેદ વસ્તુ ઓળખાવવા અનાદિઅનંત એકરૂપ ચૈતન્યધર્મને મુખ્ય કરીને તેને નિશ્ચય કહ્યો છે. જુઓ, સમયસારમાં તેને 'જ્ઞાયકભાવ' કહીને નિશ્ચયનો વિષય ઓળખાવ્યો છે.

છઠ્ઠી ગાથામાં કહે છે કે :-

'णवि होदि अप्पमत्तो ण पमत्तो जाणओ दु जो भावो।
एवं भणंति सुद्धं जो सो उ सो चेव।।६।।'

જુઓ, અહીં તેને અનાદિઅનંત એકરૂપ ચેતનાભાવ કહીને ઓળખાવ્યો છે, અધ્યાત્મમાં અભેદરૂપ વસ્તુને જ પ્રધાન કહી છે, કેમકે તેના જ આશ્રયે સાધકભાવ પ્રગટે છે, ટકે છે, વધે છે. ભેદરૂપ પર્યાયના આશ્રયે સાધકભાવ પ્રગટતો નથી, ટકતો નથી, ને વધતો પણ નથી. આ પ્રયોજન બતાવવાં માટે જ સમયસારમાં ગુણસ્થાન વગેરેને પણ જડના કહ્યાં છે. સામાન્યપણે સ્વ તે નિશ્ચય અને પર તે વ્યવહાર એમ કહેવાય, પણ અહીં અધ્યાત્મમાં તો ભેદને ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યો છે. પર્યાય પણ છે તો પોતાની ને તે ક્રમબદ્ધ થાય છે પણ તે પર્યાયની બુદ્ધિથી કલ્યાણ થતું નથી. માટે પર્યાયને ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યો છે પણ પર્યાય પોતાની છે એમ તો જાણ્યું છે. સમયસાર વાંચીને એમ માને કે 'વિકાર કર્મકૃત છે, કર્મ જ વિકાર કરાવે છે' તો તે વાત જૂઠી છે. અરે ભાઈ ! સમયસારમાં તો પર્યાયબુદ્ધિ છોડાવવા માટે તેને ગૌણ કરીને વ્યવહાર કહ્યો છે પણ તે પર્યાય પરથી થાય છે એમ કહેવાનો ત્યાં આશય છે જ નહિ. પહેલાં તો એમ માનતો હતો કે વિકાર થાય તે મારો અપરાધ છે – એમ માનીને વિકાર થાય તેનો ખેદ કરતો અને સમયસાર વાંચીને એમ કહે કે 'વિકાર તો કર્મ કરાવે છે' તો તે નિશ્ચયાભાસી મિથ્યાદૃષ્ટિ છે. અધ્યાત્મમાં તો અભેદ વસ્તુને ઓળખાવવા માટે ભેદને ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યો છે. સમ્યગ્દર્શન તો અભેદ વસ્તુની મુખ્યતાથી થાય છે. કર્મ જ વિકાર કરાવે છે એમ માને તો તો તેને વિકારનો ભય જ ન રહ્યો, તે તો સ્વચ્છંદી થઈ ગયો.

અભેદરૂપ વસ્તુનું જ્ઞાન કરાવવા માટે પર્યાયાશ્રિત ભેદને ગૌણ કર્યો. અભેદદૃષ્ટિમાં ભેદ દેખાતો નથી તેથી અભેદનયનું દૃઢ શ્રદ્ધાન કરાવવા માટે કહ્યું કે પર્યાયનય છે તે વ્યવહાર છે – અભૂતાર્થ છે – અસત્યાર્થ છે. વસ્તુ જેમ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી સત્ છે ને પરનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અભાવરૂપ છે તેમ કાંઈ પોતાની પર્યાયથી તે અભાવરૂપ નથી, પણ અભેદદૃષ્ટિમાં ભેદ દેખાતો નથી, માટે તેને ગૌણ કરીને અભૂતાર્થ કહ્યો છે, તે તો અભેદદૃષ્ટિ

કરાવવા માટે કહ્યું છે. પણ અભેદસ્વભાવની દૃષ્ટિ કરે નહિ ને ઊલટો એમ માને કે પર્યાય છે જ નહિ તો તે પણ મિથ્યાદૃષ્ટિ છે. ભેદબુધ્ધિના એકાંતનું નિરાકરણ કરવા માટે અભેદદૃષ્ટિને પ્રધાન કરીને ભેદને અભૂતાર્થ કહ્યો છે. પરંતુ 'ભેદ તે વસ્તુનું સ્વરૂપ જ નથી' એમ નથી.

એકેક સમયની પર્યાયનો ઉત્પાદ પોતાથી થાય છે, તે પણ નિશ્ચયથી પોતાનો અંશ છે, પણ તે એક અંશ માત્રને જ લોકો જીવ માને છે તેથી પર્યાયબુદ્ધિ છે. પર્યાયના આશ્રયે મોક્ષમાર્ગ સધાતો નથી. અભેદ વસ્તુના આશ્રયે જ મોક્ષમાર્ગ સધાય છે, માટે મોક્ષમાર્ગનું પ્રયોજન સિદ્ધ કરાવવા માટે જ અધ્યાત્મમાં અભેદને પ્રધાન કરીને તેને નિશ્ચય કહ્યો છે, ને ભેદને ગૌણ કરીને વ્યવહાર કહ્યો છે. અહીં તો એકાંત પર્યાયબુદ્ધિનું મિથ્યાત્વ છોડાવવા માટે આ કથન છે. મારી પર્યાય પરથી થાય–એમ જે માને છે તે તો સ્વના અંશને પણ પોતાનો માનતો નથી. તેથી તે તો સ્થૂળ મિથ્યાદૃષ્ટિ છે. ભેદરૂપ પર્યાય એક સમય પૂરતી છે, તેને જ જે વસ્તુ માની લ્યે છે તે એકાંતબુદ્ધિ છે, તે એકાંત પર્યાયબુદ્ધિનું અહીં નિરાકરણ કર્યું છે, તો પછી કર્મ જીવની નર-નારકાદિ પર્યાયને કરે એમ જે માને તેને તો સ્વ-પરની એકત્વબુદ્ધિનું મિથ્યાત્વ છે. નરકગતિ નામકર્મના ઉદયથી જીવ નરકમાં જાય છે એમ કહ્યું, ત્યાં તો નરકપર્યાય તે જીવનું આખું સ્વરૂપ નથી, એમ બતાવવા કહ્યું હતું. એટલે 'નારકી તે જ હું' એવી પર્યાયબુદ્ધિ છોડીને શુદ્ધ ચૈતન્ય વસ્તુની દૃષ્ટિ કરાવવા તે કથન કર્યું હતું પણ પર્યાય પરને લીધે થાય છે–એમ બતાવવા તે કહ્યું નથી. સમય સમયની પર્યાય પણ તારાથી થાય છે. નરકગતિમાં જાય ત્યાં તે સમયની જીવની લાયકાત છે, કર્મને લીધે તે પર્યાય થઈ નથી. તેરમા ગુણસ્થાને કેવળી ભગવાન રહ્યાં છે તે તેમના અશુદ્ધ પારિણામિકભાવને લીધે ત્યાં રહ્યા છે. અઘાતિકર્મને લીધે રહ્યા નથી. પર્યાયબુદ્ધિ છોડાવીને અભેદ વસ્તુની દૃષ્ટિ કરાવવા તેને પ્રધાન કરીને નિશ્ચય કહ્યો છે, ને પર્યાયને ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યો. અભેદદ્રષ્ટિમાં ભેદ દેખાતો નથી માટે તેને અભૂતાર્થ કહ્યો છે. પણ તે પોતાની પર્યાયમાં થાય છે તેથી તે નિશ્ચયથી પોતાનો અંશ છે. તેને પરનો અંશ માને તો સર્વથા એકાંત શ્રદ્ધાથી મિથ્યાત્વ થઈ જાય છે. ઉપશમભાવ, નરકાદિ પર્યાય વગેરે પોતાના ભાવ છે, તેને જો પરને લીધે માની લ્યે તો તે સર્વથા એકાંત શ્રદ્ધા છે એટલે મિથ્યાત્વ છે. પર્યાયનો અંશ પોતાનો છે પણ અજ્ઞાની જીવ તે પર્યાય જેટલો જ પોતાને માનીને પર્યાયબુદ્ધિ થઈ રહ્યો છે, ને અભેદરૂપ શુદ્ધ ચૈતન્યવસ્તુને ઓળખતો નથી, તેથી તેને અભેદરૂપ શુદ્ધવસ્તુ ઓળખાવવા માટે પર્યાયને ગૌણ કરીને તેને અભૂતાર્થ કહ્યો છે.

સામાન્ય-વિશેષરૂપ અનેકાંત વસ્તુ છે, તેમાં અભેદરૂપ વસ્તુને ઓળખાવવા માટે અભેદને પ્રધાન કરીને તેને નિશ્ચય કહ્યો ને ભેદને ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યો. પણ તેમાં પર્યાયને

સર્વથા અસત્યાર્થ માને એટલે કે પર્યાય પરથી થઈ એમ માને તો તે પણ મિથ્યાદૃષ્ટિ છે, માટે અનેકાંત વડે વસ્તુને જેમ છે તેમ સાધવી જોઈએ.

# પ્રસાદ નં. – ૨૫૪

**વી. નિ સં. ૨૪૭૮, અષાડ વદ ૩, વર્ષ ૨જું. પુસ્તક નવમું, સોનગઢ, તા. ૧૦-૭-૫૨, ગુરુવાર.**

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(અષાડ સુદ ૧૩, શનિવાર, ૫-૭-૫૨ સવાર)**

# અધ્યાત્મદૃષ્ટિમાં મુખ્ય-ગૌણનું રહસ્ય

**(સાધકજીવની દૃષ્ટિમાં સદાય અભેદની જ મુખ્યતા હોય છે)**

“અધ્યાત્મશાસ્ત્રમાં જ્યાં નિશ્ચય-વ્યવહારનય કહ્યાં છે ત્યાં પણ એ બન્નેના પરસ્પર વિધિ-નિષેધપૂર્વક સપ્તભંગીથી વસ્તુને સાધવી. જો એકને સર્વથા સત્યાર્થ માનવામાં આવે અને એકને સર્વથા અસત્યાર્થ માનવામાં આવે તો ત્યાં મિથ્યાશ્રદ્ધાન થાય છે. માટે ત્યાં પણ ‘કથંચિત્’ સમજવું.”

અનેકાંત તે વસ્તુનું સ્વરૂપ છે. નવે તત્વોને અનેકાંતથી જે જીવ જાણે તે જીવ સમ્યગ્દૃષ્ટિ હોય છે. અધ્યાત્મકથનીમાં અભેદને મુખ્ય કરીને તેને નિશ્ચય કહ્યો છે, ને ભેદને ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યો છે, ને નિશ્ચયની દૃષ્ટિમાં તેને અભૂતાર્થ કહ્યો છે. પણ તે વ્યવહાર સર્વથા છે જ નહિ અથવા તો તે પરને લઈને છે એમ નથી.

“વળી અન્ય વસ્તુને અન્યમાં આરોપણ કરી પ્રયોજન સાધવામાં આવે છે તેને ઉપચારનય કહેવામાં આવે છે અને તે પણ વ્યવહારનયમાં જ ગર્ભિત છે એમ કહ્યું છે, **જ્યાં પ્રયોજન નિમિત્ત હોય ત્યાં ઉપચાર પ્રવર્તે છે.**”

અધ્યાત્મદૃષ્ટિમાં તો એકલા સ્વદ્રવ્યની જ વાત છે. સ્વદ્રવ્યમાં અભેદને પ્રધાન કરીને તેને નિશ્ચય કહ્યો, ને ભેદને ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યો–અભૂતાર્થ કહ્યો. અને પરવસ્તુનો આરોપ કરીને કથન કરવું તે પણ ઉપચાર છે, તે પણ વ્યવહારમાં ગર્ભિત છે.

"જેમ 'ઘીનો ઘડો' કહીએ ત્યાં માટીના ઘડાનાં આશ્રયે ઘી ભર્યું હોય ત્યાં વ્યવહારીજનોને આધાર-આધેયભાવ દેખાય છે. તેને પ્રધાન કરીને કહેવામાં આવે છે કે 'ઘીનો ઘડો છે.' લોક પણ એમ જ કહેવાથી સમજે અને ઘીનો ઘડો મંગાવે તો તેને લાવે, તેથી ઉપચારમાં પણ પ્રયોજન સંભવે છે." ઘડો તો માટીનો છે, પણ તેમાં ઘીના સંયોગે તેને 'ઘીના ઘડા' તરીકે લોકો ઓળખે છે, તેથી ઘીનો ઉપચાર કરીને માટીના ઘડાને પણ ઘીનો ઘડો કહ્યો. ત્યાં ઉપચારમાં પણ પ્રયોજન સંભવે છે. કઈ રીતે ? કે જેને એકલા ઘડાની ખબર નથી, ને ઘડાના આધારે ઘી રહ્યું છે, તેથી ઘીનો ઘડો કહેવાથી લોકો ઝટ ઓળખે છે અને 'ઘીનો ઘડો' કહેતાં તે ઘડો લાવવાનું સમજી જાય છે. આટલી અપેક્ષાએ ઉપચારમાં પણ પ્રયોજન છે. પણ ઉપચાર તે જ વસ્તુસ્વરૂપ નથી–એ અપેક્ષાએ તેને અપ્રયોજનભૂત કહેવાય છે. પણ જો સર્વથા અપ્રયોજનરૂપ હોય, કાંઈ પણ પ્રયોજન ન હોય તો ઉપચારનું કથન શા માટે કરે ? માટે ઉપચારમાં પણ પ્રયોજન સંભવે છે.

એ જ પ્રમાણે અભેદનયને મુખ્ય કરવામાં આવે ત્યાં અભેદદૃષ્ટિમાં ભેદ દેખાતો નથી, ત્યારે તેમાં જ ભેદ કહેવા તે અસત્યાર્થ છે, એટલે ત્યાં પણ ઉપચાર સિદ્ધ થાય છે.

ભેદ છે તે અભેદ વસ્તુમાં નથી, અભેદની મુખ્ય દૃષ્ટિમાં ભેદ દેખાતા નથી કેમકે અભેદ તે અભેદ છે, તેમાં ભેદ નથી ને ભેદમાં અભેદ નથી. જેમ ઘી તે ઘડો નથી ને ઘડો તે ઘી નથી, બન્ને જુદી વસ્તુ છે. તેમ અભેદમાં ભેદ નથી ને ભેદમાં અભેદ નથી. પણ તેમને સર્વથા વસ્તુભેદ કે પ્રદેશભેદ નથી. ભેદરૂપ પર્યાય તે વસ્તુનો અંશ છે, પણ અભેદરૂપ દ્રવ્યની દૃષ્ટિમાં તે ભેદ દેખાતો નથી. તેથી અભેદ જ્ઞાયક સ્વરૂપમાં ભેદ કહેવા તે અસત્યાર્થ છે–ઉપચાર છે. પર્યાય છે તે સામાન્યદ્રવ્યની છે. ભેદ છે તે અભેદનો છે, વિશેષ છે તે સામાન્યનું છે–એમ કહેવું તે પણ અસત્યાર્થ છે–ઉપચાર છે. અભેદમાં અભેદ જ છે અને ભેદ નથી, સામાન્ય તે સામાન્ય જ છે ને વિશેષ નથી, એ રીતે અભેદમાં ભેદ નથી. છતાં અભેદમાં ભેદ કહેવા તે ઉપચાર છે. આત્માને કેવળજ્ઞાનપર્યાય ઊઘડી, આત્માને ક્ષાયિક સમ્યગ્દર્શન પ્રગટ્યું, એમ કહેવું તે પણ અભેદ દૃષ્ટિમાં ઉપચાર છે. પરને લીધે જીવની પર્યાય થાય એમ માને તેને તો પર સાથે એકત્વબુદ્ધિ થઈ–તે તો મિથ્યાદૃષ્ટિ છે.

સમયે સમયે ક્ષેત્રાંતર પોતાની યોગ્યતાથી થાય છે, ઈચ્છાથી કે કર્મના ઉદયથી ક્ષેત્રાંતર થતું નથી. ઘીના ઘડાનો દાખલો આપીને અહીં ઉપચારનું પ્રયોજન ઓળખાવે છે. પરથી તો

આત્મા જુદો જ છે, એટલે પરને લીધે તેની પર્યાય થાય–એમ માને તે તો અજ્ઞાની છે. પણ સામાન્યરૂપ અભેદ દ્રવ્ય છે ને એક સમયની વિશેષરૂપ પર્યાય છે–ત્યાં અભેદની દૃષ્ટિમાં ભેદ તે ઉપચાર છે. કર્મ નિમિત્ત છે તેનું જ્ઞાન કરાવવા નિમિત્તથી કથન કર્યું કે "આ કર્મના ઉદયથી આમ થયું"-- તે કથન 'ઘીના ઘડા'ની જેમ ઉપચારનું છે. તો અભેદની દૃષ્ટિમાં ભેદ છે નહિ. તેથી અભેદમાં ભેદ કહેવા તે પણ ઉપચાર છે. પરની તો વાત નથી, પણ પોતામાં ને પોતામાં અભેદમાં ભેદ કહેવાં તે ઉપચાર છે. સામાન્યનું વિશેષ છે એમ કહેવું તે ઉપચાર છે. દ્રવ્યની પર્યાય છે એમ કહેવું તે પણ ઉપચાર છે. નિશ્ચયનો વિષય દ્રવ્ય છે ને વ્યવહારનો વિષય પર્યાય છે. નિશ્ચયના વિષયમાં વ્યવહારનો વિષય નથી. છતાં અભેદમાં ભેદ કહેવા તે ઉપચાર કથન છે. ઘીનો ઘડો કહેવામાં જેમ ઘડાને ઓળખાવવાનું પ્રયોજન છે, તેમ અહીં ભેદને અભેદ કહેવું તેમાં તો પ્રયોજન છે જ નહિ, અભેદ દૃષ્ટિમાં ભેદ નથી. અભેદદૃષ્ટિ કરવામાં તો લાભ છે, કેમકે અભેદના આશ્રયે જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટે છે, પણ ભેદના આશ્રયમાં તો કાંઈ પ્રયોજન જ સિદ્ધ થતું નથી. તેથી ભેદને અભેદ કહેવું તેમાં તો કાંઈ પ્રયોજન નથી. નિર્મળ પર્યાય થઈને જેટલી અભેદ થઈ, તેટલી તો અભેદમાં ભળી ગઈ, જુદો વિષય ન રહ્યો. અધ્યાત્મદૃષ્ટિના અભેદ વિષયમાં ભેદ નથી. જુઓ, આ અંતરની દૃષ્ટિનો વિષય છે. આ મૂળ વસ્તુ છે. ચારિત્ર તે ધર્મ છે, ને તેનું મૂળ સમ્યગ્દર્શન છે, પણ તે સમ્યગ્દર્શનનું મૂળ 'અભેદ' છે, ભેદ-નિમિત્ત કે વ્યવહાર તે કાંઈ સમ્યગ્દર્શનનું મૂળ નથી. અભેદના આશ્રયે જ સમ્યગ્દર્શન છે. શાસ્ત્રનું જ્ઞાન પણ સમ્યગ્દર્શનનો આશ્રય નથી. જિનપ્રતિમાના દર્શન વગેરેને સમ્યગ્દર્શનનું કારણ કહ્યું છે તે તો ફક્ત નિમિત્ત છે.

કેવળજ્ઞાનનું મૂળ ચારિત્ર,<br>
ચારિત્રનું મૂળ સમ્યગ્દર્શન,<br>
સમ્યગ્દર્શનનું મૂળ "અભેદ વસ્તુ".

જેને કેવળજ્ઞાન કરવું હોય તેને સમ્યક્ ચારિત્ર જોઈશે, સમ્યક્ ચારિત્ર કરવું હોય તો પ્રથમ સમ્યગ્દર્શન જોઈશે, ને સમ્યગ્દર્શન માટે આવી અભેદ વસ્તુ સમજવી જોઈશે.

માટે જીવનું પ્રયોજન સિદ્ધ કરવા માટે અધ્યાત્મદૃષ્ટિમાં અભેદને મુખ્ય કરીને નિશ્ચય કહ્યો છે, ને તેમાં ભેદનો અભાવ છે, માટે અભેદદૃષ્ટિમાં ભેદને ગૌણ કરીને વ્યવહાર કહ્યો છે.

આ મુખ્ય-ગૌણના ભેદને-રહસ્યને સમ્યગ્દૃષ્ટિ જાણે છે. અભેદદૃષ્ટિમાં પર સાથે તો સંબંધ છે જ નહિ, પણ અભેદમાં ગુણ-ગુણી ભેદ પણ નથી. કેવળજ્ઞાનપર્યાયનો ભેદ પણ નથી. આવી અભેદવસ્તુને અંતરની દૃષ્ટિમાં જ્યાં સુધી ન લ્યે ત્યાં સુધી સમ્યગ્દર્શન, ચારિત્ર,

વીતરાગતા કે કેવળજ્ઞાન થતું નથી. અહો ! અંદરમાં વસ્તુને દૃષ્ટિમાં લેવી જોઈએ. ચૌદ ગુણસ્થાન, જ્ઞાનના પાંચ ભેદો વગેરે માર્ગણાસ્થાનો–તે પણ મારા અભેદ સ્વરૂપની દૃષ્ટિમાં અભૂતાર્થ છે. ભેદ છે તેના લક્ષે રાગ થાય છે, ને અભેદ દ્રવ્યની દૃષ્ટિમાં વીતરાગતા થાય છે. માટે અધ્યાત્મમાં અભેદની જ મુખ્યતા કરીને, અભેદમાં ભેદને અસત્યાર્થ કહ્યો છે. જુઓ, આ વ્યવહારને અભૂતાર્થ કહ્યો તેનું રહસ્ય છે. અભેદ સ્વભાવની દૃષ્ટિ કરી ત્યાં ગુણ-ગુણી ભેદ પણ દેખાતો નથી. અધ્યાત્મની આ વાત સમજવી તે જ મૂળ ચીજ છે. આ સિવાય પરથી રાગ માને, નિમિત્તથી વિકાર થાય એમ માને તેને તો મિથ્યાત્વની મોટી જડ છે. અહીં તો અધ્યાત્મની સૂક્ષ્મ વાત છે. કુંદકુંદાચાર્યદેવ કહે છે કે :-

'ववहारोऽभूयत्थो भूयत्थो देसिदो दु सद्धणओ।
भूयत्थमस्सिदो खलु सम्माइट्ठीहवइ जीवो।।११।।'

અભેદમાં ભેદ નથી. એવી અભેદ સ્વભાવની દૃષ્ટિ તે જ ભૂતાર્થદૃષ્ટિ છે. અભેદની મુખ્યતાની આવી કથનપધ્ધતિ સનાતન જૈન દિગંબર ધર્મ સિવાય બીજે કોઈ ઠેકાણે નથી. આ કથની સર્વજ્ઞની પરંપરા સિવાય બીજા સ્થાનમાં છે જ નહિ. દિગંબર જૈનમાર્ગ કહો કે વીતરાગતાનો માર્ગ કહો તે એકાર્થ છે. તે વીતરાગતા કેમ પ્રગટે તેની આ વાત છે.

વીતરાગતા તે તાત્પર્ય છે પણ તે વીતરાગતા કેમ પ્રગટે ? કે અભેદ સ્વભાવની દૃષ્ટિ કરે તો. વીતરાગતા પોતે તો પર્યાય છે. અભેદ દૃષ્ટિમાં તે વીતરાગપર્યાયની પણ ગૌણતા છે. અભેદ વસ્તુમાં વીતરાગપર્યાય પણ અભૂતાર્થ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ છે. તે અભેદદૃષ્ટિમાં અભૂતાર્થ છે. અભેદદૃષ્ટિમાં એકાકાર અભેદ ચૈતન્યદ્રવ્ય જ મુખ્ય છે, એ જ તેનો વિષય છે.

જુઓ, આ અભેદની મુખ્યતાની વાત ઘણી ગંભીર છે. શાસ્ત્રોનું તાત્પર્ય વીતરાગતા છે. એટલે નિમિત્ત-રાગ-પર્યાય ને ભેદની દૃષ્ટિ છોડીને અખંડ અભેદ વસ્તુનું અવલંબન લીધું ત્યાં વીતરાગતા પ્રગટી તે વીતરાગપર્યાય પણ વ્યવહારનો વિષય છે, અભેદદૃષ્ટિમાં વીતરાગપર્યાય કહેવી તે ઉપચાર છે. અભેદમાંથી વીતરાગપર્યાય પ્રગટી એમ કહેવું તે પણ વ્યવહાર છે. જે વ્યવહાર રત્નત્રયનો શુભરાગ છે તેને મોક્ષમાર્ગ કહેવો તે તો ઉપચાર છે. નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ નિર્મળ પર્યાયને મોક્ષનું કારણ કહેવું તે પણ વ્યવહાર છે; અને અભેદના આશ્રયે વીતરાગપર્યાય પ્રગટી તેને ભેદ પાડીને કહેવી તે પણ વ્યવહાર છે. ખરેખર 'વીતરાગપર્યાય પ્રગટી' એવું પણ અભેદદૃષ્ટિમાં નથી. સમ્યગ્દર્શનાદિ પર્યાય તો અભેદમાં ભળી ગઈ, ત્યાં ભેદ પાડીને કહેવું કે 'અભેદના આશ્રયે સમ્યગ્દર્શન પર્યાય પ્રગટી'

તે પણ વ્યવહાર છે. અભેદદૃષ્ટિ વગર સમ્યગ્દર્શન થતું નથી. ગમે તેટલો જ્ઞાનનો ક્ષયોપશમભાવ હો, ગમે તેવો શુભરાગ હો પણ આવી અભેદદૃષ્ટિ વિના સમ્યગ્દર્શન થતું નથી. માટે અધ્યાત્મદૃષ્ટિમાં મુખ્ય-ગૌણની આ વાત સમજવા જેવી છે. કોઈને એકાંત ન થઈ જાય, તેમ જ અભેદદૃષ્ટિ પણ ન છૂટે એવી આ વાત કરી છે.

"જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ,
ત્યાં ત્યાં તે તે આચરે આત્માર્થી જન એહ."

જુઓ, સમયસારમાં ચૌદ ગુણસ્થાન વગેરેને પુદ્‌ગલના પરિણામ કહ્યાં, ત્યાં અભેદજ્ઞાયકની દૃષ્ટિ કરાવવા માટે કહ્યું છે. પણ કર્મને લીધે જીવના પરિણામ થાય છે–એમ ન સમજવું. ક્ષાયિકભાવને પણ પુદ્‌ગલના પરિણામ કહ્યા, કેમ ? કે ક્ષાયિકભાવ ઉપર લક્ષ કરતાં રાગ થાય છે, ને રાગથી કર્મ બંધાય છે. તેનાથી આત્મામાં એકતા થતી નથી, માટે તે ક્ષાયિકભાવનું લક્ષ છોડાવીને અભેદની દૃષ્ટિ કરાવવા માટે એમ કહ્યું કે ક્ષાયિકભાવ પણ પુદ્‌ગલના પરિણામ છે. ક્ષાયિકભાવ છે તો પોતાની પર્યાય, પણ તે પર્યાય ઉપરની દૃષ્ટિથી રાગ થાય છે માટે અભેદની દૃષ્ટિ કરાવવા માટે અભેદની મુખ્યતા કરીને તે ભેદનું પણ લક્ષ છોડાવ્યું છે. આવી અધ્યાત્મશૈલીને સમ્યગ્દૃષ્ટિ જ જાણે છે. અથવા આવી અધ્યાત્મશૈલીને જાણે તેને સમ્યગ્દર્શન થાય છે. મિથ્યાદૃષ્ટિ અનેકાંત વસ્તુને જાણતો નથી પણ સર્વથા એક ધર્મ ઉપર દૃષ્ટિ પડતાં તેને જ સર્વથારૂપ વસ્તુ માની અન્ય ધર્મોને કાં તો સર્વથા ગૌણ કરી અસત્યાર્થ માને છે અને કાં તો અન્ય ધર્મોનો સર્વથા અભાવ જ માને છે–મિથ્યાશ્રદ્ધાને દૃઢ કરે છે.

અજ્ઞાની કાં તો અભેદને જ પકડીને ભેદને માનતો જ નથી. અથવા ભેદરૂપ પર્યાય પરને લીધે થાય છે એમ માને છે તો તે એકાંત મિથ્યાદૃષ્ટિ છે. પર્યાયને પોતાની માને જ નહિ, ને એકાંત અભેદ પકડે તો તે પણ મિથ્યાદૃષ્ટિ છે. અભેદદૃષ્ટિમાં ભેદને ગૌણ કહ્યો છે, પણ કાંઈ ભેદને સર્વથા અસત્ય નથી કહ્યો. જ્ઞાની તો અભેદ દ્રવ્યની દૃષ્ટિ રાખીને પર્યાયને જાણે છે.

અજ્ઞાનીને અનાદિનું અગૃહીત મિથ્યાત્વ તો છે, ને એકાંત પકડીને વળી તે મિથ્યાત્વને દૃઢ કરે છે. અહો ! અધ્યાત્મનું રહસ્ય તો જુઓ ! અભેદની મુખ્યતાથી જ સમ્યગ્દર્શન થાય છે. અભેદની મુખ્યતાથી જ સમ્યગ્જ્ઞાન, સમ્યક્‌ચારિત્ર, વીતરાગતા ને કેવળજ્ઞાન થાય છે.

હું સર્વ સામર્થ્યધર છું, કેવળજ્ઞાન મારી સર્વ સામર્થ્યરૂપ પર્યાય છે. પણ તે પર્યાય એક સમય પૂરતી છે. અભેદદ્રવ્યની દૃષ્ટિમાં તે પર્યાય પણ ગૌણ છે. ક્ષાયિકભાવ તે તો જીવનો સ્વભાવભાવ છે, તે કાંઈ વિભાવભાવ નથી. પણ સાધકજીવને ક્ષાયિકભાવના લક્ષે વિભાવની ઉત્પત્તિ થાય છે, માટે સાધકને અભેદની દૃષ્ટિ કરાવવા માટે એમ કહ્યું કે "ક્ષાયિકભાવ પણ

વિભાવ છે." ભેદને ગૌણ કરાવીને અભેદની દૃષ્ટિ કરાવવાનું સાધકને છે; કેમકે મુખ્ય-ગૌણ સાધકને હોય છે. કેવળીને કાંઈ મુખ્ય-ગૌણ કરવાનું રહ્યું નથી. તેઓ તો પૂર્ણ થઈ ગયા છે. જેને હજી સાધકદશા છે તેને અભેદ સ્વભાવનું અવલંબન કરાવવા માટે અધ્યાત્મદૃષ્ટિમાં અભેદને મુખ્ય કહ્યો છે ને ભેદને ગૌણ કરીને વ્યવહાર કહ્યો છે. અહો ! આત્માના આનંદસાગરમાં ઝૂલતા સંતોએ અલૌકિક વાત કરી છે. અભેદસ્વરૂપની દૃષ્ટિ કરાવવા ક્ષાયિકભાવને પણ વિભાવ કહ્યો, ત્યાં ક્ષાયિકભાવને સર્વથા પરનો માની લ્યે તો મિથ્યાત્વ દૃઢ થાય છે. જીવે પોતાની પર્યાયમાં અનેકાંતનું સ્વરૂપ ચૂકીને એકાંતની મિથ્યામાન્યતા કરી, ત્યારે સામે મિથ્યાત્વપ્રકૃતિના ઉદયને તેનું નિમિત્ત કહેવાય છે. જીવે મિથ્યાત્વનું કાર્ય પોતામાં કર્યું ત્યારે સ્વભાવનો આશ્રય ન લીધો પણ મિથ્યાત્વપ્રકૃતિનો આશ્રય લીધો. તેથી મિથ્યાત્વપ્રકૃતિ નિમિત્ત છે તેના આરોપથી ઊંધી શ્રદ્ધાને પણ મિથ્યાત્વ કહ્યું. તેમ અનેકાંતરૂપ તત્વાર્થશ્રદ્ધાન તે સમ્યગ્દર્શનનું કાર્ય છે. ખરેખર તત્વાર્થશ્રદ્ધાન તે તો જ્ઞાનની પર્યાય છે. પણ તેમાં સમ્યગ્દર્શન નિમિત્ત છે તેથી તે તત્વાર્થશ્રદ્ધાનને પણ સમ્યગ્દર્શન કહી દીધું. અનેકાંતનું જ્ઞાન તે જ સમ્યગ્દર્શન છે. એમ કારણમાં કાર્યનો ઉપચાર કરીને કહેવાય છે કેમકે જ્યાં અનેકાંતનું આવું સમ્યગ્જ્ઞાન હોય છે ત્યાં સમ્યગ્દર્શન હોય છે. માટે તે જ્ઞાનને પણ સમ્યગ્દર્શન કહેવાય છે.

# પ્રસાદ નં. – ૨૫૬

**વી. નિ સં. ૨૪૭૮, અષાડ વદ ૬, વર્ષ ૨જું. પુસ્તક નવમું,**
**સોનગઢ, તા. ૧૨-૭-૫૨, શનિવાર.**

# શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(અષાડ સુદ ૧૪, રવિવાર, ૬-૭-૫૨ સવાર)**

આ ધર્મભાવનામાં અનેકાંતનું સ્વરૂપ કહે છે. જૈનદર્શનની કથની અનેક પ્રકારથી છે, તેને અનેકાંતરૂપ સમજવી. સ્વંસિદ્ધ પદાર્થ છે તે પરની અપેક્ષા રાખતો નથી, એમ સ્વતંત્રદૃષ્ટિ થઈ તે અનેકાંત છે. તેનું ફળ અજ્ઞાનનો નાશ થઈ ઉપાદેયની બુદ્ધિ તથા વીતરાગતાની પ્રાપ્તિ છે. અનેકાંતમાં સર્વજ્ઞની પ્રતીતિ પણ આવી જાય છે. સર્વજ્ઞે વસ્તુનો સ્વભાવ અનેકાંતરૂપ જોયો છે અને જેવું સર્વજ્ઞે જોયું છે એમ જ થાય છે. મારો સ્વભાવ પણ સર્વજ્ઞપણાનો છે, એમ અલ્પજ્ઞપર્યાયમાં સર્વજ્ઞનો નિર્ણય થાય છે તે પુરુષાર્થ છે. આ ધર્મભાવનાનો અધિકાર શરૂ કરતાં પહેલી ગાથામાં જ સર્વજ્ઞપણાની સિદ્ધિ કરી હતી. અલ્પજ્ઞતામાં સર્વજ્ઞતા નહિ અને સર્વજ્ઞતામાં અલ્પજ્ઞતા નહિ એટલે એક સમયની અલ્પજ્ઞ પર્યાયમાં આત્માની ત્રિકાળ સર્વજ્ઞશક્તિનો અભાવ છે અને સર્વજ્ઞશક્તિમાં પર્યાય અને નિમિત્તનો ત્રણેકાળે અભાવ છે. આમ સમજીને અંતર્મુખદૃષ્ટિ થઈ તે જ પુરુષાર્થ છે.

આત્માના ત્રિકાળી સ્વભાવમાં વિકાર નથી. વળી, પર પદાર્થ આત્મામાં નાસ્તિરૂપ છે એટલે પરના કારણે આત્માને રોકાવું થાય એમ છે જ નહિ. જ્ઞાયકસ્વભાવમાં દૃષ્ટિ જામી ગઈ તે અનેકાંતનું ફળ છે અને તે જ વીતરાગદશાની પ્રાપ્તિ છે. ત્રિકાળ સ્વભાવ જ્ઞાયક હું છું, એની ઉપાદેયબુદ્ધિ તે અનેકાંતનું ફળ છે. સ્યાદ્વાદ તે ફૂદડીવાદ નથી. અત્યારે સ્યાદ્વાદને

ફુદડીવાદ બનાવી દીધો છે. આત્માની એકાગ્રતાથી ધર્મ થાય ? તો કહે કે હા, અને શુભભાવથી ધર્મ થાય ? તો કહે કે હા, ગુરુની કૃપાથી થાય ? તો કહે કે હા, આમ કહે તે તો મિથ્યાવાદ થયો. આત્માના અવલંબન સિવાય રાગથી કે નિમિત્તથી ત્રણ કાળમાં ધર્મ થાય નહિ. તે અનેકાંતનું સ્વરૂપ છે.

શ્રી ગોમ્મટસાર ગાથા ૪૩૬માં નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તી કહે છે :

'जस्स य पायपसायेणणंतसंसारजलहिमुत्तिण्णो।
वीरिदणंदिवच्छो णमामि तं अभयपांदिगुरुं।।૪૨૬।।'

અહો ! ગુરુના ચરણકમળની પ્રસાદીથી હું સંસારનો પાર પામી ગયો છું. પણ એ તો નિમિત્તનું કથન છે. આત્માને પરથી લાભ થાય એમ જ્ઞાની માનતો નથી. પોતાના દ્રવ્યના આશ્રયે સંસારનો અભાવ થાય છે. પર્યાય, વિકાર કે નિમિત્તના આશ્રયે થતો નથી. આત્મામાં ભવ નથી માટે આત્માના આશ્રયે ભવનો નાશ થાય છે. એવું અનેકાંતનું સ્વરૂપ છે, તે પરથી થયું નથી. શાસ્ત્રમાં કથન તો અનેક પ્રકારથી આવે. વ્યવહારના ગ્રંથમાં કહે કે લૂખો આહાર લેવાથી વીર્ય હણાય છે, તો ત્યાં આહારના કારણે વીર્ય હણાતું નથી પણ વીર્ય હણાય છે ત્યારે લૂખા આહારનું નિમિત્ત હોય છે માટે આરોપથી કથન કરેલ છે. દરેક શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. માટે સ્વભાવની અપેક્ષા અને પર્યાય, વિકાર અને નિમિત્તની ઉપેક્ષા કરવી તે અનેકાંતનું ફળ છે.

આ કથનનો મર્મ પામવો મોટા ભાગ્યથી બને છે, એટલે કે શાસ્ત્રના કથનનું રહસ્ય મહાન પુરુષાર્થથી જ પમાય છે. ભાગ્યથી એટલે પૂર્વકર્મના કારણે પમાય છે એમ અજ્ઞાની માને છે પણ એમ નથી. આ પંચમકાળમાં હાલ આ કથનીના વક્તા ગુરુનું નિમિત્ત સુલભ નથી. એટલે પંચમકાળની શરૂઆતમાં તો આચાર્યો, મુનિ, સંતો હતા. પણ વર્તમાનકાળમાં એટલે દોઢસો વર્ષ પહેલાં શ્રી જયચંદ્રજી પંડિતે આ લખ્યું છે તે વખતની વાત છે કે ગુરુનું નિમિત્ત દુર્લભ છે – એમ કહેલ છે. અભાવ છે એમ કહેલ નથી. તેથી શાસ્ત્રને સમજવાનો નિરંતર ઉદ્યમ રાખી સમજવું યોગ્ય છે.

શ્રી નિયમસારશાસ્ત્રમાં કહ્યું છે કે અહો પ્રભુ ! આ તમારું નયચક્ર જાણે ઈંદ્રજાળ છે. ઘડીમાં કહે કે આત્માથી ધર્મ થાય અને ઘડીમાં કહે કે ગુરુના પ્રસાદથી થાય. કેવળજ્ઞાન સ્વભાવના અવલંબને થાય અને વજ્રકાયથી પણ થાય એમ બે વાત શાસ્ત્રમાં આવે તો એનો અર્થ ગુરુગમે સમજાય એમ છે. સ્વભાવથી થાય અને પરથી ન થાય એ યથાર્થ વાત છે. નિમિત્તથી થાય એ તો ઉપચારનું કથન છે. એમ શાસ્ત્રને યથાર્થ સમજવું યોગ્ય છે. તદ્દન તટસ્થ થઈને અપૂર્વ

ધર્મને પ્રાપ્ત કરવા અંતર વિચાર કરો, ગુરુગમ મેળવો. અત્યારે તો ત્યાગી નામ ધરાવીને અને માત્ર શાસ્રનો અભ્યાસ કરી પંડિત નામ ધરાવીને નિમિત્તથી અને રાગથી આત્માને લાભ થાય એમ માને છે માટે પોતે સાચો પુરુષાર્થ કરી સમજવા યોગ્ય છે. કર્મનો ક્ષયોપશમ થાય તો સમજાય એમ નથી અને વર્તમાન સમજાય નહિ એમ પણ નથી.

ભગવાન કુંદકુંદાચાર્યદેવે સમયસારની શરૂઆત કરતાં પહેલી જ ગાથામાં કહેલ છે કે :-

'वंदित्तु सव्वसिद्धे धुवमचलमणोवमं गइं पत्ते।
वोच्छामि समयपाहुडमिणमो सुयकेवलीभणियं।।१।।'

જેણે આત્મામાં સિદ્ધનું સ્થાપન કર્યું એટલે કે તેમનો આદર કર્યો તેને અલ્પજ્ઞતા, વિકાર અને નિમિત્તનો આદર રહેતો નથી. માટે મારો આત્મા સિદ્ધસમાન છે. એવી દૃષ્ટિ કરીને શાસ્ત્ર શ્રવણ કરો તો યથાર્થ સમજાશે. સિદ્ધની ઉપાદેયબુદ્ધિ થઈ તેને સિદ્ધ સિવાય બધાયની હેયબુદ્ધિ રહેશે. અહો ! આચાર્ય ભગવાન તો કહે છે કે હું સિદ્ધ અને તું પણ સિદ્ધ છો. 'सिद्ध समान सदा पद मेरो' એમ સિદ્ધના આદરમાં અંતર સ્વભાવનો આદર આવી ગયો. સ્વભાવને સમજ્યા વગર સિદ્ધને સાચું વંદન થતું નથી. સિદ્ધદશા પ્રગટે છે તે અંતરના આશ્રયે પ્રગટે છે. બહારથી આવતી નથી. મારો સ્વભાવ જ્ઞાયક છે. એમાં રાગ અને નિમિત્ત ત્રિકાળ નથી એવી બુદ્ધિ જામી ગઈ છે, તેની અલ્પકાળમાં મુક્તિ થાય છે.

પદ્મનંદીપચીસીમાં એકત્વઅધિકાર ગાથા ૨૩મીમાં કહેલ છે :-

'तत्प्रति प्रीतिचित्तेन येन वार्तापि हि श्रुता।
निश्चितं स भवेद्भव्यो भाविनिर्वाणभाजनम्।।'

અંતરરુચિપૂર્વક આત્માની વાત પણ જે સાંભળે છે તે મુક્તદશા પામવાને લાયક થઈ ગયો છે, એટલે કે તેને સંસાર હોતો નથી. અનંતવાર ભગવાનના સમવસરણમાં જઈ આવ્યો પણ રુચિપૂર્વક સાંભળ્યું નથી. અંતરમાં સ્વભાવનું અવલંબન કરે, વસ્તુના સ્વભાવને યથાર્થ જાણે તો સાંભળ્યું કહેવાય, સમજે નહિ તો સાંભળ્યું પણ નથી.

અહીં ગુરુગમ દ્વારા જેણે પ્રથમ સાંભળ્યું છે તેને શાસ્ત્રના અભ્યાસની મુખ્યતાથી વાત કરેલ છે કે તેના આશ્રયે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. બીજાં નિમિત્તો કરતાં તેની વિશેષતા બતાવવા માટે શાસ્ત્રના અભ્યાસની મુખ્યતા કહી છે. પણ જેણે પ્રથમ ગુરુગમ દ્વારા શ્રવણ કર્યું હોય તેની વાત સમજવી. આત્મા પોતે પાત્રતા પ્રગટ કરે તો ગુરુઆદિનું નિમિત્ત એના કારણે મળ્યા વગર રહેતું નથી. જીવની પાત્રતાને આધીન થઈને નિમિત્તને આવવું પડે છે

એમ નથી. નિયમસાર ગાથા ૫૩માં સમ્યગ્દર્શન પ્રગટ થવામાં નિમિત્ત કારણના બે પ્રકાર બતાવ્યા છે. એમાં જ્ઞાની પુરુષને ઉપચારથી અભ્યંતર હેતુ કહ્યો છે અને વાણીને બાહ્યનિમિત્ત કહેલ છે. તે પણ ઉપચાર છે. ત્યાં શાસ્ત્રની મુખ્યતા લીધી નથી. અહીં તો બીજાં નિમિત્તોની અપેક્ષાએ શાસ્ત્રઅભ્યાસની મુખ્યતા કહી છે. જો કે જિનેંદ્રપ્રતિમાનું દર્શન તથા પ્રભાવના અંગનું દેખવું ઈત્યાદિ સમ્યક્ત્વની પ્રાપ્તિનાં કારણો છે. તો પણ શાસ્ત્રશ્રવણ કરવું, ભણવું, તેનું ચિંતવન કરવું, ધારણ કરવું તથા હેતુ-યુક્તિપૂર્વક સ્વમત-પરમતના ભેદને જાણી નયવિવક્ષા સમજી વસ્તુના અનેકાંત સ્વરૂપનો નિશ્ચય કરવો એ મુખ્ય કારણ છે.

આત્મા જ્ઞાયક છે, તેની રુચિપૂર્વક શાસ્ત્રઅધ્યયન કાર્યકારી છે. અહીં શાસ્ત્રનું શ્રવણ કરવું – એમ કહેલ છે. પણ એકલું શાસ્ત્ર વાંચવાથી આત્માનું કલ્યાણ થતું નથી. એ સંબંધમાં શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કે :-

યમ નિયમ સંજમ આપ કિયો, પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો;
વનવાસ લિયો મુખ મૈન રહ્યો, દૃઢ આસન પદ્મ લગાય દિયો.
મન પૌન નિરોધ સ્વબોધ કિયો, હઠજોગ પ્રયોગ સુતાર ભયો;
જપ ભેદ જપે તપ ત્યૌંહિ તપે, ઉરસેંહિ ઉદાસી લહી સબપેં.
સબ શાસ્ત્રનકે નય ધારિ હિયે, મત મંડન ખંડન ભેદ લિયે;
વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો.

અહો ! અજ્ઞાનદશામાં અનંતકાળમાં જીવે પંચમહાવ્રત અનંતવાર પાળ્યા, મૌન રહ્યો, ભગવાનનું સ્મરણ કર્યું, આખી દુનિયાથી ઉદાસીન ભાવ કર્યો. એવા સાધનો અનંતવાર કર્યાં. પણ ચૈતન્ય આત્માને ગુરુગમે સમજ્યો નહિ. માટે હેતુયુક્તિપૂર્વક તુલના કરવી. સ્વમત અને પરમતના તફાવતને જાણીને અનેકાંતપૂર્વક સ્વરૂપનો નિર્ણય કરવો એનાથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. માટે ભવ્યજીવોએ આગમના અભ્યાસનો ઉપાય નિરંતર રાખવો યોગ્ય છે.

હવે આગળ સમ્યગ્દૃષ્ટિ થતાં અનંતાનુબંધી કષાયનો અભાવ થઈ તેના કેવા પરિણામ થાય છે તે કહે છે. સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાને શક્તિ અપેક્ષાએ પ્રભુ માને છે પણ હજી પર્યાય પૂર્ણ થઈ નથી એટલે પર્યાયમાં પામર છું એમ માને છે. એમ અનેકાંતનું યથાર્થ જ્ઞાન જ્ઞાનીને હોય છે.

ગાથા-૩૧૩

**આગળ સમ્યગ્દષ્ટિ થતાં અનંતાનુબંધીકષાયનો અભાવ થઈ તેના કેવા પરિણામ થાય છે :-**

**य: न च करोति गर्वं पुत्रकलत्रादिसर्वार्थेषु।**
**उपशमभावान् भावयति आत्मानं मन्यते तृणमात्रं।।३१३।।**

**અર્થ :- જે સમ્યગ્દષ્ટિ છે તે પુત્ર–કલત્ર આદિ સર્વ પરદ્રવ્યો તથા પરદ્રવ્યોના ભાવોમાં ગર્વ કરતો નથી, જો પરદ્રવ્યોથી પોતાને મોટો માને તો તેને સમ્યક્ત્વ શાનું ? ઉપશમભાવોને ચિંતવે છે. અનંતાનુબંધી સંબંધી તીવ્ર રાગ-દ્વેષ પરિણામોના અભાવથી ઉપશમભાવોની નિરંતર ભાવના રાખે છે તથા પોતાના આત્માને તૃણસમાન હલકો માને છે, કારણકે પોતાનું સ્વરૂપ તો અનંતજ્ઞાનાદિરૂપ છે એટલે જ્યાં સુધી તેની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી તે પોતાને તૃણ બરાબર માને છે, કોઈ પદાર્થોમાં ગર્વ કરતો નથી.**

જે સમ્યગ્દષ્ટિ તે પુત્ર-કલત્ર આદિ સર્વ પરદ્રવ્યો તથા પરદ્રવ્યોના ભાવોમાં ગર્વ કરતો નથી. જ્ઞાનીને સર્વજ્ઞશક્તિ મારી છે એમ સામાન્યમાં ભાસ્યું છે પણ વિશેષ એટલે પર્યાયમાં અનંતગુણી પર્યાય પ્રગટ કરવાની બાકી છે એટલે પોતાને તૃણ સમાન જાણે છે. તેથી પરમાં ગર્વ કરતો નથી. આ ચોથા ગુણસ્થાનની દશાની વાત છે. પાંચમાં, છઠ્ઠા, સાતમા ગુણસ્થાનની અને કેવળજ્ઞાન દશાની ભૂમિકા કરતાં અનંતમે ભાગે આ દશા છે માટે સમ્યગ્દષ્ટિ આત્માને તૃણ જેવો પણ માને છે તે અનેકાંત છે અને તેથી જ્ઞાનીને અભિમાન થતું નથી.

શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાની હતા. તેમણે કહ્યું છે કે : "હે કુંદકુંદાદિ આચાર્યો તમારાં વચનો પણ સ્વરૂપાનુસંધાનને વિષે આ પામરને પરમ ઉપકારભૂત થયાં છે તે માટે હું તમને અતિશય ભક્તિથી નમસ્કાર કરું છું" આમ કહીને પોતાની પર્યાયમાં પામરતા છે તે બતાવે છે. વળી કહ્યું છે કે : "અધમાધમ અધિકો પતિત, સકળ જગતમાં હુંય" ત્રિકાળીતત્વ તો પ્રભુ છે, પણ પર્યાયમાં પામરતા છે તેમ જાણે છે. તેથી જ્ઞાનીને અભિમાન થતું નથી. અસ્થિરતાના કારણે જરા માન આવી જાય છે તેને પોતાની નબળાઈ સમજે છે. પરના કારણે જ્ઞાનીને કદી અભિમાન થતું નથી. ચૌદપૂર્વના જ્ઞાનનો ઉઘાડ હોય પણ કેવળજ્ઞાન પાસે તો તે અનંતમે ભાગે છે, એમ જ્ઞાની જાણે છે તેથી તેને ગર્વ થતો નથી.

પરદ્રવ્યના કારણે પોતાને મોટો માને તો તેને સમ્યક્ત્વ શાનું ? એટલે જ્ઞાની પરના કારણે

પોતાને મોટો માનતો નથી. પરની મોટપ આવે તો સ્વની મોટપ રહેતી નથી. ઘણાં શિષ્યો થયા અને ઘણાં ધર્મ પામ્યા તેથી કાંઈ આત્માની મોટપ નથી. સમંતભદ્ર આચાર્યે ભગવાનની સ્તુતિ કરતાં કહ્યું છે કે હે ભગવાન ! આપે ધર્મની પ્રરૂપણા કરી પણ એનું ફળ આવ્યું કે નહિ તે જોવાં પણ રહ્યાં નહિ. એ રીતે જ્ઞાનીને પણ ગર્વ થતો નથી. પોતે ઉપશમભાવને ચિંતવે છે. અનંતાનુબંધી સંબંધી તીવ્ર રાગ-દ્વેષ પરિણામોના અભાવથી ઉપશમભાવોની નિરંતર ભાવના રાખે છે. તથા પોતાના આત્માને તૃણ સમાન હલકો માને છે. સંતમુનિની નગ્ન દિગંબરદશા હોય છે, છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલે છે તે રાગ-દ્વેષના વિકલ્પરહિત વિચરતો હોય છે, તે કર્મનો વેરી છે, આનંદકુંજમાં પડ્યો હોય છે, તેવો ઉપશમભાવ તો મુનિને હોય છે પણ અહીં તો સમ્યગ્દૃષ્ટિના ઉપશમભાવની વાત છે. જ્ઞાનીને રાગ હોય છે તે પોતાની નિર્બળતા માને છે, તેને ગર્વ થતો નથી. તેથી પોતાને તૃણસમાન જાણે છે.

પોતાનું સ્વરૂપ તો અનંત જ્ઞાન, દર્શન, વીર્ય અને સુખરૂપ છે. એટલે જ્યાં સુધી એની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી તે પોતાને તૃણ બરાબર માને છે. કોઈ પદાર્થમાં ગર્વ કરતો નથી. જુઓ, ગાથા ૩૧૧-૩૧૨માં અનેકાંતનું સ્વરૂપ બતાવ્યા પછી આ ગાથામાં જ્ઞાનીને ગર્વ થતો નથી એમ લીધું છે. કેમકે અનેકાંત એમ બતાવે છે કે આ આત્મા શક્તિએ પ્રભુ છે પણ વર્તમાન પર્યાયમાં પામરતા છે – એમ જાણે છે. તેને ગર્વ થતો નથી. દ્રવ્યસ્વભાવને દૃષ્ટિમાં લઈને પર્યાયનું જ્ઞાન કરાવેલ છે.

---

ગાથા-૩૧૪

**विषयासक्त: अपि सदा सर्वारम्भेषु वर्त्तमान: अपि।**
**मोहविलास: एष: इति सर्वं मन्यते हेयं।।३१४।।**

**અર્થ :- જોકે અવિરતસમ્યગ્દૃષ્ટિ ઈન્દ્રિયવિષયોમાં આસક્ત છે, ત્રસ–સ્થાવરજીવોનો ઘાત જેમાં થાય એવા સર્વ આરંભમાં વર્તી રહ્યો છે, તથા અપ્રત્યાખ્યાનાવરણાદિ કષાયોના તીવ્ર ઉદયથી વિરક્ત થયો નથી તોપણ તે એમ જાણે છે કે આ મોહકર્મના ઉદયનો વિલાસ છે, મારા સ્વભાવમાં તે નથી, ઉપાધિ છે–રોગવત્ છે–તજવા યોગ્ય છે, વર્તમાન કષાયોની પીડા સહન થતી નથી તેથી અસમર્થ બની આ વિષયોનું સેવન તથા ઘણા આરંભમાં પ્રવર્તવું થાય છે એમ તે માને છે.** [૧]

---

જો કે અવિરત સમ્યગ્દ્રષ્ટિ ઈંદ્રિય વિષયોમાં આસક્ત છે. ચોથા ગુણસ્થાને અવિરત સમ્યગ્દ્રષ્ટિને ઈંદ્રિયોના વિષયો છૂટ્યા નથી. તીર્થંકર ભગવાન સંસારમાં હોય છે તેમને રાજવૈભવ હોય છે અને ચક્રવર્તી હોય તો છન્નુ હજાર રાણી પણ હોય છે છતાં પોતે સમજે છે કે આ રાગ મારી નિર્બળતાના કારણે છે પણ કર્મના કારણે નથી.

વળી સમ્યગ્દ્રષ્ટિ જીવ ત્રસ-સ્થાવરજીવોનો ઘાત જેમાં થાય એવા સર્વ આરંભમાં વર્તી રહ્યો છે. જુઓ, અહીં જ્ઞાનીને પાંચ ઈંદ્રિયોના વિષયો અને સર્વ પ્રકારના આરંભ હોય છે, એમ કહેલ છે. એનો અર્થ એવો નથી કે દારૂ, માંસાદિ પણ હોય છે. અપ્રત્યાખ્યાનાવરણાદિ કષાયોનાં તીવ્ર ઉદયોથી વિરક્ત થયો નથી. છતાં તે એમ જાણે છે કે, આ મોહકર્મના ઉદયનો વિલાસ છે, એટલે કે મારી નિર્બળતાથી રાગ થાય છે, એમાં નિમિત્ત મોહકર્મ છે તેનું જ્ઞાન કરે છે. પણ મારા સ્વભાવમાં તે નથી. તે કષાયના પરિણામો ઉપાધિ છે – રોગવત્ છે – તજવા યોગ્ય છે. વર્તમાન કષાયોની પીડા સહન થતી નથી તેથી અસમર્થ બની આ વિષયોનું સેવન તથા ઘણાં આરંભમાં પ્રવર્તવું થાય છે એમ તે માને છે. સમ્યગ્દ્રષ્ટિને વિષય, ભોગ, લડાઈ આદિના પરિણામ હોય છે પણ તેને તે પોતાનું સ્વરૂપ માનતો નથી. અને પરના કારણે તે પરિણામો થાય છે એમ પણ માનતો નથી.

---

[1]णोमो इन्दियेसु विरदो णो जीवे थावरे तसे वापि।
जो सद्दहदि जिणुत्त सम्माइट्ठी अविरदो सो।।
ગોમટ્ટસાર જી. ગા. ૨૯

जीवा चोद्दसभेया इंदियविसया तहट्ठवीसं तु।
जे तेसु णेव विरया असंजदा ते मुणेदव्वा।।
ગોમટ્ટસાર જી. ગા. ૪૭૭

અર્થ :- જે ઇન્દ્રિયોના વિષયોથી તથા ત્રસ-સ્થાવરજીવોની હિંસાથી વિરક્ત નથી પરંતુ જિનેન્દ્રદેવ દ્વારા કથિત પ્રવચનનું શ્રદ્ધાન કરે છે તે અવિરતસમ્યગ્દ્રષ્ટિ છે. સંયમ બે પ્રકારનો છે, એક ઇન્દ્રિયસંયમ તથા બીજો પ્રાણસંયમ, ઇન્દ્રિયવિષયોથી વિરક્ત થવાને ઇન્દ્રિયસંયમ કહે છે તથા સ્વ-પરજીવના પ્રાણોની રક્ષાને પ્રાણસંયમ કહે છે. આ (ચોથા) ગુણસ્થાનમાં એ બંને સંયમોમાંથી કોઈ પણ સંયમ હોતો નથી તેથી તેને અવિરતસમ્યગ્દ્રષ્ટિ કહે છે. હા એટલું ખરું કે - પ્રયોજન વિના કોઈ પણ હિંસામાં તે પ્રવત્ત પણ થતો નથી.

અર્થ :- ચૌદ પ્રકારના જીવસમાસમાં અને અઠ્ઠાવીસ પ્રકારના ઇન્દ્રિયવિષયોમાં જે વિરક્ત ન થવું તેને અસંયમ કહે છે. (ગા. ૪૭૭). પાંચ રસ, પાંચ વર્ણ, બે ગંધ, આઠ સ્પર્શ, સાત સ્વર અને એક મન એ ઇન્દ્રિયોના અઠ્ઠાવીસ વિષય છે. (જુઓ - ગો. જી. ગા. ૪૭૮)

### અષાડ સુદ ૧૫, સોમવાર, ૭-૭-૫૨

#### ગાથા-૩૧૫

**उत्तमगुणग्रहणरत: उत्तमसाधूनां विनयसंयुक्त:।**
**साधर्म्मिकानुरागी स सदृष्टि: भवेत् परम:।।३१५।।**

**અર્થ :- વળી કેવો છે તે સમ્યગ્દૃષ્ટિ ? ઉત્તમ ગુણો જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ આદિમાં તો અનુરાગી (ભાવનાવંત) હોય છે. એ ગુણો ધારક ઉત્તમ સાધુજનોના વિનયથી યુક્ત હોય છે તથા પોતાસમાન સમ્યગ્દૃષ્ટિ સાધર્મીજનોમાં અનુરાગી-વાત્સલ્યગુણ સહિત હોય એવો તે ઉત્તમ સમ્યગ્દૃષ્ટિ હોય છે. એ ત્રણે ભાવ ન હોય તો જાણવું કે તેનામાં સમ્યક્ત્વનું યથાર્થપણું નથી.** [1]

આ ધર્માનુપ્રેક્ષા ચાલે છે. ધર્મ એટલે વસ્તુનો સ્વભાવ. આ ભાવના કરતાં સમ્યગ્દૃષ્ટિ જીવને શુદ્ધિ વધે છે, વિકલ્પ તે ભાવના નથી.

સમ્યગ્દૃષ્ટિ જીવ ઉત્તમ ગુણ – સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપાદિને ગ્રહણ કરવામાં અનુરાગી હોય છે તથા ચારિત્રવંત ઉત્તમ ભાવલિંગી સંતો પ્રત્યે વિનય-આદરભાવ સહિત હોય છે. અનાદર કરતો નથી કેમકે તેને વીતરાગભાવની રુચિ છે. તેથી વીતરાગતા ધારક જીવો પ્રત્યે તેને આદર આવે જ છે. પોતાના સ્વભાવનો આદર-બહુમાન આવેલ છે ત્યાં વિકલ્પ હોતાં ગુણી-ધર્મી પ્રત્યે આદરભાવ આવે છે, તે પોતાના કારણે છે. સંતને જોતાં તેવો ધર્માનુરાગ આવ્યો છે-એમ નથી. તથા પોતાસમાન સાધર્મી સમ્યગ્દૃષ્ટિ જીવો પ્રત્યે વાત્સલ્ય આવે છે. આવા ગુણો જેને હોય તે ઉત્તમ સમ્યગ્દૃષ્ટિ જીવ છે. (૧) વીતરાગભાવનો આદર હોય, (૨) વીતરાગભાવના ધારક સંતો પ્રત્યે બહુમાન હોય તથા (૩) સમ્યગ્દૃષ્ટિ સાધર્મી જીવો પ્રત્યે પોતાને વાત્સલ્ય હોય – આવા ત્રણ ગુણો સમ્યગ્દૃષ્ટિને હોય છે.

---

[1] સાધર્મીથી અધિક જસ, પરિજન ઉપર પ્રેમ;
તાસ ન સમકિત માનીએ, આગમ નીતિ એમ.

ગાથા-૩૧૬

देहमिलितं अपि जीवं निजज्ञानगुणेन जानाति यः भिन्नं।
जीवमिलितं अपि देहं कञ्चुकसदृशं विजानाति।।३१६।।

**અર્થ :- આ જીવ, દેહની સાથે મળી રહ્યો છે તોપણ પોતાનો જ્ઞાનગુણ તેને (દેહને) જાણે છે, તે પોતાને દેહથી જુદો જ જાણે છે, વળી દેહ, જીવની સાથે મળી રહ્યો છે તોપણ તેને (દેહને) તે કંચુક એટલે કપડાના જામા જેવો જાણે છે, જેમ દેહથી જામો જુદો છે તેમ જીવથી દેહ જુદો છે એમ તે જાણે છે.**

આ જીવ દેહ સાથે મળી રહ્યો છે. એકક્ષેત્રાવગાહ સંબંધે છે તો પણ પોતાના જ્ઞાનગુણથી પોતાને જડ દેહથી જુદો માને છે. શરીરને કપડાની જેમ પોતાથી ભિન્ન માને છે-આમ અવિરત સમ્યગ્દૃષ્ટિ જાણે છે. તે શરીરાદિ ક્રિયાનો કર્તા કે પ્રેરક પોતાને માનતો નથી. આવું ભાન જેને ન હોય તેને કાંઈ ધર્મ કે સાચા વ્રત-આદિ હોતાં જ નથી.

ગાથા-૩૧૭

निर्जितदोषं देवं सर्वजीवानां दयापरं धर्मम्।
वर्ज्जितग्रन्थं च गुरूं यः मन्यते सः स्फूटं सद्दृष्ठिः।।३१७।
।

**અર્થ :- જે જીવ દોષરહિતને દેવ માને છે, સર્વ જીવોની દયાને શ્રેષ્ઠ ધર્મ માને છે તથા નિર્ગ્રંથગુરુને ગુરુ માને છે તે પ્રગટપણે સમ્યગ્દૃષ્ટિ છે.**

**ભાવાર્થ :-સર્વજ્ઞવીતરાગ અઢારદોષોથી રહિત દેવને દેવ માને છે પણ અન્ય દોષસહિત દેવ છે તેને `આ સંસારી છે, પણ મોક્ષમાર્ગી નથી' એમ જાણી વંદતો–પૂજતો નથી, અહિંસામય ધર્મને ધર્મ જાણે છે પણ દેવતાઓને અર્થે યજ્ઞાદિમાં પશુને ઘાત કરી ચઢાવવામાં (લોકો) ધર્મ માને છે પણ તેમાં પાપ જ જાણી પોતે તેમાં પ્રવર્તતો નથી તથા ગ્રંથી (બાહ્ય–અંતરંગ પરિગ્રહની મુર્છા–પકડ) સહિત અનેક અન્યમતી વેષધારીઓ છે વા કાળદોષથી જૈનમતમાં પણ વેષધારી નિપજ્યાં છે તે સર્વને વેષધારી–પાખંડી જાણે પણ તેને વંદે–પૂજે નહિ, પરંતુ સર્વ પરિગ્રહરહિત**

**હોય તેમને જ ગુરુ માની વંદન–પૂજન કરે. કારણકે દેવ–ગુરુ–ધર્મના આશ્રયથી તો મિથ્યા કે સમ્યક્‌ઉપદેશ પ્રવર્તે છે. એ કુદેવ–કુગુરુ–કુધર્મનું વંદન–પૂજન તો દૂર રહો તેના સંસર્ગમાત્રથી પણ શ્રદ્ધાન બગડી જાય છે માટે સમ્યગ્દૃષ્ટિ તો તેઓની સંગતિ કરતો નથી. સ્વામી સમંતભદ્રઆચાર્યે રત્નકરંડશ્રાવકાચારમાં એમ કહ્યું છે કે–ભયથી, આશાથી, સ્નેહથી કે લોભથી એ કુદેવ–કુઆગમ તથા કુલિંગીવેષધારીને પ્રણામ કે તેમનો વિનય જે સમ્યગ્દૃષ્ટિ છે તે કરતો નથી[૧], તેઓના સંસર્ગથી પણ શ્રદ્ધાન બગડે છે–ધર્મની પ્રાપ્તિ તો દૂર જ રહી એમ જાણવું.**

અર્થ :- જે જીવ દોષરહિતને દેવ માને છે, સર્વ જીવોની દયાને શ્રેષ્ટ ધર્મ માને છે તથા નિર્ગ્રંથગુરુને ગુરુ માને છે તે પ્રગટપણે સમ્યગ્દૃષ્ટિ છે.

સમ્યગ્દૃષ્ટિ જીવ સર્વજ્ઞ વીતરાગ અઢાર દોષરહિત દેવને દેવ માને છે. ભગવાનને ક્ષુધા-તૃષા રોગાદિ હોય નહિ. તીર્થંકરને તો જન્મથી જ નિહાર હોય નહિ. આવા દેવને જે જાણતો નથી તે પ્રગટ મિથ્યાદૃષ્ટિ છે, મોક્ષમાર્ગી નથી. આમ જાણીને સમ્યગ્દૃષ્ટિ જીવ અન્ય સંસારી દેવને માને નહિ કે તેનું પૂજનાદિ કરે નહિ.

ધર્મ તો અહિંસાસ્વરૂપ જાણે. પરજીવને મારવો નહિ તે અહિંસા નથી. કોઈ પણ જીવને મારવાનો કે જિવાડવાનો વિકલ્પ જ ન ઊઠવો તે અહિંસા છે. અરાગી સ્વભાવમાં શ્રદ્ધા-જ્ઞાન-રમણતા તે જ અહિંસા છે. પરને જિવાડું, પરની દયા પાળું – આમ માનનાર જૈન નથી પણ અજૈન મિથ્યાદૃષ્ટિ છે. કેમકે પરનું કાંઈ કરી શકવાની તાકાત કોઈ પરદ્રવ્યમાં નથી.

નિષ્પરિગ્રહી ગુરુ માને. જૈનદર્શન-વીતરાગમાર્ગમાં મુનિઓ આત્માના ભાનસહિત નગ્ન દિગંબર હોય છે. એક તાણો રાખીને મુનિપણું મનાવે તે નિગોદમાં જાય છે. જૈનદર્શનમાં પણ કાળદોષથી વિકૃતિ આવી છે. તેને સમ્યગ્દૃષ્ટિ જીવ કુલિંગી-ભેખધારી-મિથ્યાદૃષ્ટિ જાણે, તેને ધર્મગુરુ જાણે નહિ. તેમની કોઈ પ્રકારે વંદના-પૂજન-આદર કરે નહિ.

સમસ્ત પરિગ્રહ રહિત ભાવલિંગી નગ્ન દિગંબર સંત હોય તેને સમ્યગ્દૃષ્ટિ જીવ ગુરુ તરીકે સ્વીકારીને આદરપૂર્વક વંદન-પૂજનાદિ કરે.

દેવ-ગુરુ-ધર્મના આશ્રયે તો ઉપદેશ વર્તે છે. જો દેવ-ગુરુ-શાસ્ત્ર જ ખોટા હોય તો તેમનો

[૧] **भयाशास्नेहलोभाश्च कुदेवागमलिंगिनाम्।**
**प्रणामं विनयंचैव न कुर्युः शुद्धद्रष्टयः।।** (શ્લોક ૩૦)

ઉપદેશ પણ ખોટો હોય, દેવ-ગુરુ-શાસ્ત્ર સાચાં હોય તો તેમનો ઉપદેશ સાચો હોય. જે જીવ ખોટા દેવ-ગુરુ-શાસ્ત્રનો આદર-બહુમાન કરે છે તે જીવ સમ્યક્શ્રદ્ધાથી ભ્રષ્ટ છે. કુદેવ-કુગુરુને વંદન-પૂજન તો દૂર રહો પણ તેમના સંસર્ગથી પણ શ્રદ્ધા બગડે છે. સાચાં દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રીતિ-બહુમાન જેને આવતું નથી ને ખોટા દેવ-ગુરુ-શાસ્ત્રનું બહુમાન જે છોડતો નથી તે જીવ સ્થૂળ મિથ્યાદ્રષ્ટિ છે. જે સાચી શ્રદ્ધાવાળો હોય તેને સાચાં શ્રદ્ધા-જ્ઞાનવાળા પ્રત્યે આદરભાવ આવ્યા વિના રહેતો નથી. સમ્યગ્દૃષ્ટિ જીવ ધર્મબુદ્ધિથી કદી કુદેવાદિનો સંસર્ગ કરતો નથી. સ્વામી સમંતભદ્રાચાર્યે રત્નકરંડશ્રાવકાચારમાં એમ કહ્યું છે કે ભયથી, આજ્ઞાથી સ્નેહથી કે લોભથી એ કુદેવ-કુઆગમ તથા કુલિંગીવેષધારીને પ્રણામ કે તેમનો વિનય જે સમ્યગ્દૃષ્ટિ છે તે કરતો નથી.

કેવળી ભગવાનને આહાર, પાણી, રોગ માને, સ્ત્રીને અર્હંતપદ કે મુનિપદ માને, મુનિને વસ્ત્રાદિ પરિગ્રહ માને અને પુણ્યથી-નિમિત્તથી ધર્મ થાય, પરનું કરી શકાય છે એમ માને તે કુગુરુ છે. તથા છ દ્રવ્ય, નવતત્ત્વ તથા દેવાદિનું સ્વરૂપ જેમાં વિપરીત છે એવા શાસ્ત્ર તે કુઆગમ છે. પંચમકાળ છે, તેથી આજીવિકા, પૂજ્યતા વગેરે કારણથી તેનો આદર કરવો પડે છે તેને તો પુણ્યતત્વની પણ પ્રતીતિ નથી, તે મૂઢ છે, આત્માર્થી નથી. જેને તત્વમાં વિરોધ છે, નિમિત્તાધીન દૃષ્ટિ છે, શાસ્ત્રમાંથી પણ પરાધીનતા અને રાગનું સ્થાપન કરે તે કુગુરુ છે. ધર્મી જીવ સાચાં દેવાદિનો જ વંદન-વિનય કરે છે, બીજા કુલિંગી કુદેવને તે કદી વંદે નહિ.

ગાથા-૩૧૮

**આગળ મિથ્યાદૃષ્ટિ કેવો હોય છે તે કહે છે :-**

**दोषसहितं अपि देवं जीवहींसादिसंयुतं धर्म्मं।**
**ग्रन्थाशक्तं च गुरुं यः मन्यते सः स्फूटं कुदृष्टिः ।।३१८।।**

**અર્થ :- જે જીવ, દોષોસહિત દેવોને તો દેવ માને છે, જીવહિંસાસહિતમાં ધર્મ માને છે તથા પરિગ્રહાસક્તને ગુરુ માને છે તે પ્રગટપણે મિથ્યાદૃષ્ટિ છે.**

**ભાવાર્થ :- ભાવમિથ્યાદૃષ્ટિ તો અદૃષ્ટ–છુપો મિથ્યાદૃષ્ટિ છે પરંતુ જે રાગ–દ્વેષ–મોહઆદિ અઢાર દોષોસહિત કુદેવોને દેવ માની વંદે–પૂજે છે, હિંસા–જીવઘાતાદિમાં ધર્મ માને છે તથા પરિગ્રહમાં આસક્ત એવા વેષધારીને ગુરુ માને છે તે તો પ્રગટ–પ્રસિદ્ધ મિથ્યાદૃષ્ટિ છે.**

જે જીવ દોષસહિત દેવોને તો દેવ માને ને જે વસ્ત્રપાત્ર રાખે તેને સાધુપણું માને-મનાવે તે મૂઢ છે. તે ક્રમે કરીને નિગોદમાં જાય છે. કેમકે સનાતન સત્યમાર્ગનો વિરોધ તેનું ફળ નિગોદ છે અને આરાધનાનું ફળ મોક્ષ છે, એમ ત્રણે કાળ નિયમ છે. જેના આગમ, ગુરુ, ઉપદેશ મિથ્યા છે તે પ્રગટ સ્થૂળ મિથ્યાદૃષ્ટિ છે ને તેને માનનારા પણ મિથ્યાદૃષ્ટિ છે.

ભાવાર્થ :- ભાવમાં સૂક્ષ્મ મિથ્યાત્વ છે તે છૂપો મિથ્યાદૃષ્ટિ છે. પણ જે અઢાર દોષવાન કુદેવને માને-વંદે છે, જીવ ઘાતાદિમાં ધર્મ માને છે, પુણ્યથી, નિમિત્તથી, શરીરની ક્રિયાથી ધર્મ માને છે તે જ હિંસાધર્મી છે. વસ્ત્રાદિ પરિગ્રહમાં આસક્ત છે એવા વેષધારીને ગુરુ માને તે પણ પ્રગટ મિથ્યાદૃષ્ટિ છે.

કોઈ કહે કે વ્યંતરાદિ દેવ ધનાદિ આપે, રોગ ટાળે, ઉપકાર કરે તો તેનું પૂજન-વંદન કરવું કે નહિ ? તેને કહે છે.

ગાથા-૩૧૯

**આગળ કોઈ કહે કે ``વ્યંતરાદિ દેવ લક્ષ્મી આપે છે–ઉપકાર કરે છે તો તેઓનું પૂજન વંદન કરવું કે નહિ ?" તેને કહે છે :-**

## न ज कोडपि ददाति लक्ष्मीं न क: अपि जीवस्य करोति उपकारं। उपकारं अपकारं कर्म्म अपि शुभाशुभं करोति।।३१९।।

**અર્થ :- આ જીવને કોઈ વ્યંતરાદિ દેવ લક્ષ્મી આપતો નથી, કોઈ અન્ય ઉપકાર પણ કરતો નથી પરંતુ માત્ર જીવનાં પૂર્વસંચિત શુભાશુભ કર્મો જ ઉપકાર કે અપકાર કરે છે.**

**ભાવાર્થ :- કોઈ એમ માને છે કે–"વ્યંતરાદિ દેવ અમને લક્ષ્મી આપે છે–અમારો ઉપકાર કરે છે તેથી તેઓનું અમે પૂજન વંદન કરીએ છીએ," પણ એજ મિથ્યાબુદ્ધિ છે. પ્રથમ તો આ કાળમાં `કોઈ વ્યંતરાદિ આપતો હોય' એવું પ્રત્યક્ષ પોતે દેખ્યું નથી–ઉપકાર કરતો દેખાતો નથી, જો એમ હોય તો તેને પૂજવાવાળા જ દરિદ્રી–દુઃખી–રોગી શા માટે રહે ? માટે તે વ્યર્થ કલ્પના કરે છે. વળી પરોક્ષરૂપ પણ એવો નિયમરૂપ સંબંધ દેખાતો નથી કે જે પૂજે તેમને અવશ્ય ઉપકારાદિ થાય જ છે, માત્ર આ મોહીજીવ નિરર્થક વિકલ્પ જ ઊપજાવે છે. પૂર્વસંચિત શુભાશુભકર્મો છે તે જ આ જીવને સુખ, દુઃખ, ધન, દરિદ્રતા, જીવન–મરણ કરે છે.**

કોઈને કોઈ વ્યંતરાદિ દેવ લક્ષ્મી આપતો-ઉપકાર કરતો દેખાતો નથી. તે કાંઈ કરી શકતો જ નથી. માત્ર પૂર્વનાં પુણ્ય-પાપકર્મ જે પ્રકારે હોય તે જ ઉપકાર-અપકારનું નિમિત્ત બને છે. પુદ્‌ગલપરાવર્તનના નિયમ મુજબ બધું સ્વતંત્ર, ક્રમબદ્ધ, વ્યવસ્થિત છે. અત્યારે તો ભૂત-વ્યંતરના નામે ઢોંગ ચાલે છે. વ્યંતરને પૂજનારા ભિખારા છે, માટે વ્યર્થ કલ્પના કરી અજ્ઞાની ગમે તે ચેષ્ટા કરી કેવળ પાપ બાંધે છે.

કોઈ અનુકૂળતા દેખાય છે તે પુણ્યકર્મના નિમિત્તે હોય છે. પુણ્યોદય હોય તો ભૂલથી પ્રતિકૂળ દવાથી પણ રોગ મટ્યાના દાખલા છે. માટે શુભાશુભકર્મ છે તે જ આ જીવને સુખ, દુઃખ, દરિદ્રતા, રોગ, નીરોગ, જીવન, મરણ, સંયોગ, વિયોગ આદિ કરે છે. સુખ-દુઃખ તો મોહીજીવ માને તો થાય છે.

# પ્રસાદ નં. – ૨૫૮

**વી. નિ સં. ૨૪૭૮, અષાડ વદ ૮, વર્ષ ૨જું. પુસ્તક નવમું,**
**સોનગઢ, તા. ૧૪-૭-૫૨, સોમવાર.**

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(અષાડ વદ ૧, મંગળવાર, ૮-૭-૫૨ સવાર)**

# વીરશાસન જયંતિ મહોત્સવદિન

## સર્વજ્ઞની દિવ્યધ્વનિનું રહસ્ય

આજે ભગવાન મહાવીરના દિવ્યધ્વનિનો દિવસ છે. આજે ભગવાનના શ્રીમુખેથી ૨૫૦૮વર્ષ પહેલાં દિવ્યધ્વનિ છૂટ્યો ને શાસનની ઉત્પત્તિ થઈ. ભગવાનને કેવળજ્ઞાન તો વૈશાખ સુદ ૧૦મે થયું હતું પણ દિવ્યધ્વનિ આજે છુટ્યો. ભગવાનની વાણી છૂટે ને તે ઝીલનાર ગણધરાદિ ન હોય એમ બને જ નહિ. ભગવાનની દેશના ખાલી જાય એમ બને નહિ. કેમકે પૂર્વે આત્માના ભાનસહિત ધર્મવૃદ્ધિના વિકલ્પથી તીર્થંકરનામકર્મ બંધાયું છે, તેના ઉદયકાળ વખતે દિવ્યધ્વનિ છૂટે છે, તે દિવ્યધ્વનિ વખતે સામે ધર્મ સમજનારા જીવો હોય જ છે. ભગવાનની દિવ્યધ્વનિમાં એવાં ન્યાયો આવે કે સમજનારને પોતામાં ધર્મવૃદ્ધિનું જ નિમિત્ત થાય. ધર્મવૃદ્ધિના વિકલ્પથી વાણીના પરમાણુ બંધાયા, તે વાણી સામા જીવોને પણ ધર્મની વૃદ્ધિનું જ નિમિત્ત થાય છે. સમ્યગ્દર્શનથી પડીને પણ અર્ધપુદ્‌ગલપરાવર્તન સંસારમાં રખડે, જગતમાં

અભવ્ય જીવો છે, ઈત્યાદિ બધી વાત દિવ્યધ્વનિમાં આવે છે, પણ સાંભળનારને તો તે વાણી ધર્મની વૃદ્ધિના પુરુષાર્થનું જ નિમિત્ત છે. વાણી તો ધર્મની વૃદ્ધિનું અને ધર્મની ઉત્પત્તિનું જ નિમિત્ત છે. ભગવાનની વાણી ઝીલીને બાર સભાના પાત્ર જીવો સ્વભાવ તરફ ઝૂકે છે, તેમાં ક્યાંય પુરુષાર્થહીનતાની વાત કાઢે–એવું વાણીનું નિમિત્તપણું નથી.

ભગવાનના દિવ્યધ્વનિનો આજે દિવસ છે. ગૌતમસ્વમીને ગણધરપદ આજે થયું ને બાર અંગની રચના પણ આજે થઈ. ભગવાનની વાણી ધર્મવૃદ્ધિનું નિમિત્ત છે, ને સમજનારા પાત્ર જીવો પણ તેવો જ આશય સમજે છે.

આજે શાસ્ત્ર પ્રમાણે શ્રાવણ વદ ૧ છે, ને શાસનનું બેસતું વર્ષ છે, ને કુદરતે દિવ્યધ્વનિ પણ આજે જ છૂટ્યો. તે ધ્વનિ ઝીલીને જેને સમ્યગ્દર્શન ન હતું તેણે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું, ગૌતમસ્વામી ગણધર થયા. આ વીતરાગની વાણી ધર્મની વૃદ્ધિનું કારણ છે. અહો ! મારા આત્માની પૂર્ણતા પામું ! અને જગતના જીવો ધર્મ પામે–એવા ભાવે પૂર્વે વાણીના રજકણો બંધાયા, તેના ઉદયથી જે વાણી છૂટી તે વાણી શિથિલતામાં કે પાછા પડવામાં નિમિત્ત નથી– પણ ધર્મની વૃદ્ધિમાં જ નિમિત્ત છે. એવા દિવ્યધ્વનિનો ધોધ આજે છૂટ્યો.

અહો ! એ કાળ, એ ક્ષેત્ર, એ દિવ્યધ્વનિ ને એવા શ્રોતાઓને ધન્ય છે !!

તે દિવ્યધ્વનિમાં વીતરાગતાનું વર્ણન છે. ક્ષણે-ક્ષણે વીતરાગતા ને શુદ્ધતા વધે–એવી ભાવનાનું આ વર્ણન ચાલે છે. તેમાં અહીં ધર્મભાવનાનું વર્ણન ચાલે છે.

ગાથા-૩૨૦

**भक्त्या पूज्यमान: व्यन्तरदेव: अपि ददाति यदि लक्ष्मीं।**
**तत् किं धर्म्म: क्रियते एवं चिन्तयति सद्दृष्टि:।।३२०।।**

**અર્થ :- વ્યંતરદેવને જ ભક્તિપૂર્વક પૂજતાં જો તે લક્ષ્મી આપે છે તો ધર્મ કરવાનું પ્રયોજન શું ? એમ સમ્યગ્દષ્ટિ વિચારે છે.**

**ભાવાર્થ :- કાર્ય તો લક્ષ્મીથી થાય છે, વ્યંતરદેવને જ પૂજતાં તે લક્ષ્મી આપે છે તો ધર્મ શા માટે સેવવો ? વળી મોક્ષમાર્ગના પ્રકરણમાં સંસારની લક્ષ્મીનો અધિકાર પણ નથી અને સમ્યગ્દષ્ટિ તો મોક્ષમાર્ગી છે–સંસારની લક્ષ્મીને હેય (છોડવા યોગ્ય) જાણે છે તેની તે વાંછા જ કરતો નથી. જો પુણ્યોદયથી મળે તો ભલે મળો ન મળે તો ન મળો ! તે તો માત્ર મોક્ષ સાધવાની જ ભાવના ભાવે છે. તેથી તે સંસારીદેવાદિને શા માટે પૂજે–વંદે ? કદી પણ તેમને**

વંદે–પૂજે નહિ.

અર્થ :- વ્યંતરદેવને જ ભક્તિપૂર્વક પૂજતાં જો તે લક્ષ્મી આપે છે તો ધર્મ કરવાનું પ્રયોજન શું ? એમ સમ્યગ્દ્રષ્ટિ વિચારે છે.

'सिद्धि रिद्धि वृद्धि दीसै घटमैं प्रगट सदा,
अंतरकी लच्छिसौं अजाची लच्छपती हैं।
दास भगवंतके उदास रहैं जगतसौं,
सुखिया सदैव ऐसे जीव समकिती हैं।।' નાટક સમયસાર.

જુઓ, આ અંતરની લક્ષ્મી ! અહો ! જ્ઞાનાનંદ સ્વરૂપ મારી લક્ષ્મી છે, વિષયોમાં – જડમાં મારું સુખ નથી – એમ સ્વરૂપલક્ષ્મીને પામેલો સમ્યગ્દ્રષ્ટિ જડ લક્ષ્મીને પોતાની ગણતો નથી, ને તેની ભાવના કરતો નથી. અહો ! જડ લક્ષ્મી સાથે મારો સંબંધ નથી. મારી અરાગી ચૈતન્યદશા સાથે મારો સંબંધ છે, મારી ચૈતન્યલક્ષ્મી જ મારી છે. એ સિવાય જડલક્ષ્મી આવો કે જાઓ – તે મારી ચીજ નથી. સમ્યગ્દ્રષ્ટિ ગૃહસ્થ હોય તો પણ તેને લક્ષ્મી વગેરેની દીનતા થતી નથી. **સમ્યગ્દ્રષ્ટિ પ્રભુ છે.** પર્યાયમાં પામરતા છે, પણ સ્વભાવની પ્રભુતાનું ભાન છે. ઈંદ્ર આવે તોય તેની પાસે માંગણી ન કરે. અરે ! હું તો ચૈતન્ય લક્ષ્મીનો ધણી ! મારે જડ લક્ષ્મી સાથે સંબંધ નથી. આવું ભાન હોવાથી ધર્મી જીવ કદી દીનતા કરતો નથી. અહો ! મારી પરિપૂર્ણ રિદ્ધિ, સમૃદ્ધિ મારી પાસે છે. રાગ પણ મારી લક્ષ્મી નથી, તો જડ લક્ષ્મી તો ક્યાંય દૂર રહી ! માટે ધર્મી જીવ લક્ષ્મી વગેરેના અર્થે પણ કુદેવાદિનું સેવન કદી કરતો નથી.

હવે સમ્યગ્દ્રષ્ટિ જીવ કેવું વસ્તુસ્વરૂપ વિચારે છે તે કહે છે :-

**ગાથા-૩૨૧-૩૨૨**

**આગળ સમ્યગ્દ્રષ્ટિનો વિચાર કહે છે :-**

**यत् यस्य यस्मिन् देशे येन विधानेन यस्मिन् काले।**
**ज्ञातं जिनेन नियतं जन्म वा अथवा मरणं वा।।३२१।।**

**तत् तस्य तस्मिन् देशे तेन विधानेन तस्मिन् काले।**
**कः शक्नोति चालयितुं इन्द्रः वा अथ जिनेन्द्रः वा।।३२२।।**

**અર્થ :- જે જીવને જે દેશમાં, જે કાળમાં, જે વિધાનથી જન્મ-મરણ ઉપલક્ષણથી દુઃખ-સુખ-રોગ-દરિદ્ર આદિ થવું સર્વજ્ઞદેવે જાણ્યું છે તે એ જ પ્રમાણે નિયમથી થવાનું છે અને તે પ્રમાણે થવા યોગ્ય છે તે પ્રાણીને તે જ દેશમાં તે જ કાળમાં તે જ વિધાનથી નિયમથી થાય છે, તેને ઈંદ્ર કે જિનેન્દ્ર-તીર્થંકરદેવ કોઈ પણ અટકાવી શકતા નથી.**

**ભાવાર્થ :- સર્વજ્ઞદેવ, સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અવસ્થાને જાણે છે અને સર્વજ્ઞના જ્ઞાનમાં જે પ્રતિભાસ્યું છે તે જ નિયમથી થાય છે પણ તેમાં અધિક-હીન કાંઈ થતું નથી—એમ સમ્યગ્દૃષ્ટિ વિચારે છે.**

જુઓ, આજે દિવ્યધ્વનિનો દિવસ છે, ને આ ગાથામાં દિવ્યધ્વનિનો નિચોડ મૂકી દીધો છે.

અર્થ :- જે જીવને જે દેશમાં, જે કાળમાં, જે વિધાનથી જન્મ-મરણ ઉપલક્ષણથી દુઃખ-સુખ-રોગ-દરિદ્ર આદિ થવું સર્વજ્ઞદેવે જાણ્યું છે તે એ જ પ્રમાણે નિયમથી થવાનું છે અને તે જ પ્રમાણે થવા યોગ્ય છે તે પ્રાણીને તે જ દેશમાં તે જ કાળમાં તે જ વિધાનથી નિયમથી થાય છે, તેને ઈંદ્ર કે જિનેન્દ્ર-તીર્થંકરદેવ કોઈ પણ અટકાવી શકતા નથી.

વસ્તુસ્વરૂપનો આવો નિશ્ચય સમ્યગ્દૃષ્ટિને જ હોય છે, મિથ્યાદૃષ્ટિને આવો નિર્ણય યથાર્થ હોતો નથી. જે ક્ષણે જે માબાપથી જે પુત્ર થવાનો તે જ ક્ષણે તે માબાપથી જ તે પુત્ર થશે, તેમાં ફેરફાર કરવા કોઈ સમર્થ નથી. કોઈ કહે કે પુત્ર થવાનો હતો પણ નિમિત્ત ન મળ્યું માટે પુત્ર ન થયો—એ વાત જૂઠી છે. સમ્યગ્દૃષ્ટિ જીવને નિશ્ચય છે કે જે કાળે જે જીવનો જ્યાં જે માતા-પિતાથી જન્મ થવાનો તે જ કાળે તે જીવનો ત્યાં તે જ માતા-પિતાથી જન્મ થશે, તે જ પ્રમાણે જે કાળે જે સંયોગે જેનું મરણ થવાનું તે જ કાળે તે સંયોગથી તેનું મરણ થશે. તેમાં દવા વગેરેથી ફેરફાર કરવા કોઈ સમર્થ નથી. અને તેમાં ફેરફાર કરવાનું સમ્યગ્દૃષ્ટિ માનતો નથી. જુઓ, આ સમ્યગ્દૃષ્ટિની પ્રતીતિ ! આ કાંઈ આપદા વખતે સમાધાન કરવા માટેનું ચિંતવન નથી, પણ યથાર્થ વસ્તુસ્વરૂપનું ચિંતવન છે. જે ક્ષણે જન્મ કે મરણ થવાનું તે ક્ષણમાં એક સમય પણ આઘું કે પાછું થવાનું નથી. જે જીવ આવું નથી માનતો ને ફેરફાર

કરવાનું માને છે તે જીવ આગમનો વિરોધી પ્રગટપણે મિથ્યાદૃષ્ટિ છે.

ધર્મીને દવા વગેરેનો વિકલ્પ આવે પણ તેને પર્યાય ફેરવવાની બુદ્ધિ નથી. મારું સ્વરૂપ જ્ઞાતા-દ્રષ્ટા છે, એક પણ પર્યાયમાં ફેરફાર કરવા કોઈ સમર્થ નથી. બહારમાં જે કાળે જે જીવને જેવો સુખ કે દુઃખનો સંયોગ આવવાનો તે આવવાનો. તેને ફેરવવા ઈંદ્ર, નરેંદ્ર કે જિનેંદ્ર કોઈ સમર્થ નથી. જિનેંદ્રદેવ તેને જાણે છે પણ તેને ફેરવવા તે પણ સમર્થ નથી. આવી સમ્યગ્દૃષ્ટિની દૃઢ પ્રતીતિ છે. જેને આવો નિર્ણય નથી તે જીવ મિથ્યાદૃષ્ટિ છે. પથ્ય આહાર કરું ને ધ્યાન રાખું તો શરીરમાં રોગ ન આવે ને ધ્યાન ન રાખ્યું માટે રોગ આવ્યો–એવી માન્યતા અજ્ઞાનીની છે. જે ક્ષણે શરીરમાં રોગ થવાનો તે ક્ષણે થવાનો જ, તેમાં કોઈ ફેરફાર કરી શકે નહિ, ધર્મી જીવ તો તેનો જ્ઞાતા રહે છે. પોતાની પર્યાયનો પણ જ્ઞાતા, ને પરની પર્યાયનો પણ જ્ઞાતા. ક્યાંય ફેરફાર કરવાની બુદ્ધિ ન રહી.

જુઓ, આ કોની વાણીમાં આવ્યું ? ભગવાન મહાવીર પરમાત્માની વાણીમાં આવી વાત આવી છે. અત્યારે મહાવિદેહમાં સીમંધરપરમાત્મા બિરાજે છે. ત્યાં તેમના દિવ્યધ્વનિમાં પણ આવું વસ્તુસ્વરૂપ તેઓ કહી રહ્યા છે, ને ગણધરો તેને ઝીલી રહ્યા છે.

જે સમયે રોગ, નિરોગ, દારિદ્ર કે ધન આવવાનું હશે તે ક્ષણે તેમ જ થવાનું. સર્વજ્ઞદેવના જ્ઞાનમાં ત્રણ કાળની પર્યાયો જેમ પ્રતિભાસી છે. તે જ પ્રમાણે થવાની, તેમાં ફેરફાર કરવા ઈંદ્ર, નરેંદ્ર, કે જિનેંદ્ર કોઈ સમર્થ નથી. ધર્મી જીવ જાણે છે કે નિર્ધનતા મારામાં નથી, હું તો ચૈતન્ય લક્ષ્મીનો સ્વામી છું અને ધન આવવાનું હશે તો તેના કારણે આવશે, મારા પ્રયત્નના કારણે તે નહિ આવે, હું તો તેનો જાણનાર છું. સર્વજ્ઞદેવે એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જાણ્યા છે, ને મારો તેવો જાણવાનો સ્વભાવ છે. જે બનવાનું તે ફરવાનું નથી, ને જે નહિ બનવાનું તે કદી થવાનું નથી. હું ક્યાંય ફેરફાર કરનારો નથી, પણ જેમ થાય તેમ તેનો જાણનાર જ છું. પરની પર્યાયને તો ફેરવનાર નથી પણ મારી પર્યાયને પણ ફેરવનાર નથી. આમ પોતાના સ્વભાવસન્મુખ રહીને ધર્મીનો નિશ્ચય છે.

સમ્યગ્દર્શનપર્યાય કે સમ્યક્ચારિત્રપર્યાય જે સમયે થવાની તે જ સમયે થવાની. આવો નિર્ણય દ્રવ્યની સન્મુખ રહીને કરે છે, એટલે દ્રવ્ય સ્વભાવની સન્મુખ રહીને જાણનાર રહ્યો, ને રાગ-દ્વેષનો ખદબદાટ ઊડી ગયો, દ્રવ્યદૃષ્ટિથી એકલો વીતરાગભાવ રહ્યો, આ જ જૈનદર્શન છે. તેને ક્ષણે-ક્ષણે જ્ઞાતા-દ્રષ્ટા(પણુ) સ્વભાવની સન્મુખતાથી જ વધે છે. જેને જે સમયે જે નિમિત્તના સંયોગમાં સમ્યગ્દર્શન વગેરે થવાનું તેને તે જ સમયે તે જ નિમિત્તના સંયોગમાં સમ્યગ્દર્શન વગેરે પર્યાય થશે–આમ ધર્મી જાણે છે, એટલે હું કોઈને ધર્મ પમાડી દઊં–એવી મિથ્યાબુદ્ધિ તેને થતી નથી, તે જ્ઞાતા જ રહે છે. **જુઓ, આ સર્વજ્ઞદેવના દિવ્યધ્વનિમાં આવેલ સ્વતંત્રતાનો**

ઢેઢેરો !

બધું ય વ્યવસ્થિત છે, જેમ સર્વજ્ઞે જોયું તે જ પ્રમાણે નિયમથી થવાનું છે.

'जो जो देख्यो वीतरागने सो सो होसी वीरा रे।
बीन देख्यो होसी नहि क्योंहि काहे होत अधीरा रे।।
समयो एक बढै नहि घटसी, जो सुख दुःखकी पीरा रे।
तू क्यों सोच करै न मन कूडो होय वज्र ज्यों हीरा रे।।' બ્રહ્મવિલાસ.

ભગવાન સર્વજ્ઞદેવે જે જે દેખ્યું છે તે તે થાય છે, નહિ થવા યોગ્ય કાંઈ થતું નથી, માટે ફેરફારની બુદ્ધિ છોડીને, તારા સ્વભાવની સન્મુખ થઈને તેના જ્ઞાતા રહેવું–તેનું નામ સાચી ધીરજ છે. જેને આવો નિર્ણય છે તે ધર્મીને જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ છે, ને રાગની, નિમિત્તની કે પર્યાયની બુદ્ધિ છૂટી જાય છે. એટલે સ્વભાવદૃષ્ટિથી જાણનાર જ રહે છે– બસ આ જ મોક્ષનો પુરુષાર્થ છે !

ભગવાન સ્વામી કાર્તિકેયમુનિ સંત હતા. છઠ્ઠા-સાતમાં ગુણસ્થાને ઝૂલતા હતા, આનંદસાગરમાં મસ્ત હતા–નગ્ન દિગંબર અડોલવૃત્તિના ધારક હતા. તેમને વિકલ્પ ઊઠતાં આ શાસ્ત્ર રચાઈ ગયું છે. તેમાં કહે છે કે અહો ! સર્વજ્ઞદેવે જેવું દેખ્યું તેવું જ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં થાય છે. આવી સર્વજ્ઞતાની ને વસ્તુસ્વરૂપની પ્રતીત અજ્ઞાનીને આવતી નથી. અહો ! ક્રમબદ્ધપર્યાયના નિર્ણયમાં તો સ્વભાવસન્મુખ થઈને જ્ઞાતા રહી જાય છે. અહો ! અનંતા સિદ્ધો અને સર્વે કેવળી ભગવંતોના જ્ઞાનમાં જે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જે પ્રમાણે જણાયાં છે તે જ પ્રમાણે નિયમથી થાય છે, આવો સમ્યગ્દૃષ્ટિનો નિશ્ચય છે. આવો નિશ્ચય કરતાં તો જ્ઞાનસ્વભાવનું માહાત્મ્ય આવી ગયું કે અહો ! હું તો જ્ઞાન છું, હું **'જ્ઞ'** સ્વભાવી છું–મારા જ્ઞાનસ્વભાવમાંથી તો જ્ઞાન ને આનંદ જ નીકળે છે. આમ સ્વભાવસન્મુખબુદ્ધિ થઈ જાય છે. જે જીવ આવો વસ્તુસ્વરૂપનો નિર્ણય કરે છે તે સમ્યગ્દૃષ્ટિ છે, ને જે જીવ સંદેહ કરે છે તે મિથ્યાદૃષ્ટિ છે, તેને સર્વજ્ઞની પ્રતીત નથી, જ્ઞાનસ્વભાવની પ્રતીત નથી, સંતોની કે આગમની પણ પ્રતીત નથી.

જુઓ, જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવની અદ્ભુતતા ! જુઓ, આ ધર્મીની જ્ઞાનસ્વભાવની ભાવનાની અચિંત્યતા !!

ભાવાર્થ :- સર્વજ્ઞદેવ, સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અવસ્થાને જાણે છે અને સર્વજ્ઞના જ્ઞાનમાં જે પ્રતિભાસ્યું છે તે જ નિયમથી થાય છે પણ તેમાં અધિક-હીન કાંઈ થતું નથી–એમ સમ્યગ્દૃષ્ટિ વિચારે છે.

**આગળ 'એવો તો સમ્યગ્દૃષ્ટિ છે પણ તેમાં સંશય કરે છે તે મિથ્યાદૃષ્ટિ છે' એમ કહે છે :-**

**एवं यः निश्चयतः जानाति द्रव्याणि सर्वपर्यायान्।**
**सः सदृष्ठिः शुद्धः यः शट्कते सः स्फूटं कुद्दष्टि।।३२३।।**

**અર્થ :- એ પ્રમાણે નિશ્ચયથી સર્વ જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ, અને કાળ એ છ દ્રવ્યોને તથા તે દ્રવ્યોની સર્વ પર્યાયોને સર્વજ્ઞના આગમ અનુસાર જે જાણે છે–શ્રદ્ધાન કરે છે તે શુદ્ધ સમ્યગ્દૃષ્ટિ થાય છે તથા જે એ પ્રમાણે શ્રદ્ધાન નથી કરતો પણ તેમાં શંકા–સંદેહ કરે છે તે સર્વજ્ઞના આગમથી પ્રતિકૂલ છે–પ્રગટપણે મિથ્યાદૃષ્ટિ છે.**

જે સમયે અગિયારમું ગુણસ્થાન આવવાનું તે સમયે તે જ અવસ્થા થશે, જે સમયે પડવાનો તે સમયે પડવાનો - તેમાં ફેરફાર થાય નહીં પણ જે આવો નિર્ણય કરે તેને પોતાને પડવાની શંકા રહેતી નથી, તેને તો સ્વભાવ ઉપર અપ્રતિહત ભાવ રહે છે. તેને પોતાને તો સ્વભાવદૃષ્ટિ થઈ છે એટલે તે સાધક છે, સાધક છે તે તો વીતરાગભાવને વધારે છે, ને બાધકભાવનો નાશ કરતો જાય છે–જે થવાનું છે તે જ થશે–આવો નિર્ણય તો પોતાના જ્ઞાનમાં કર્યો છે, અને તે જ્ઞાનનું વલણ તો સ્વભાવની રુચિ તરફ છે, એટલે હું પરને કરું કે પર મારું કરે એવી બુદ્ધિ ન રહે એટલે પર તરફ વલણ જ ન રહ્યું પણ જ્ઞાનસ્વભાવની સન્મુખ વલણ થઈ ગયું, એટલે પરનો જાણનાર રહ્યો – આમાં વીતરાગભાવ આવે છે. બધાં દ્રવ્યોમાં ક્રમબદ્ધ પર્યાય થાય છે–એટલે ક્યાંય કોઈમાં ફેરફાર કરવાની બુદ્ધિ ન રહી, એટલે જ્ઞાતા જ રહ્યો, તે જ મોક્ષમાર્ગ છે.

જુઓ, ગૌતમ આવ્યા માટે ભગવાનની વાણી છૂટી - એમ નથી. સર્વજ્ઞદેવે તે જ સમયે વાણી નીકળવાનું પહેલેથી જાણ્યું હતું, તે વાણી તેના પરમાણુના કાળે છૂટી છે, ભગવાનને કારણે કે ગૌતમને કારણે વાણી નીકળી નથી, નિમિત્તને લીધે પર્યાયમાં ફેરફાર થાય એમ જે માને છે તે જીવ આગમથી વિરુદ્ધ મિથ્યાદૃષ્ટિ છે.

કર્મની અવસ્થામાં પણ સંક્રમણ, અપકર્ષણ વગેરે તેની અવસ્થાના કાળે ક્રમબદ્ધ થાય છે, જીવને લીધે તે પર્યાય થઈ એમ નથી – આમ સમજનારની દૃષ્ટિ પોતાના સ્વભાવ તરફ હોય છે.

ભગવાનના દિવ્યધ્વનિમાં આ વાત આવી હતી કે જે સમયે જે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની જે અવસ્થા થવાની તે જ સમયે તે જ પ્રમાણે થવાની – આવું વસ્તુસ્વરૂપ છે, તેની જેને પ્રતીત નથી તે જૈન નથી. જૈન તો તેને કહેવાય કે જે જીવ વસ્તુસ્વરૂપ ઓળખીને મિથ્યાત્વ અને રાગ-દ્વેષને જીતે !

સર્વજ્ઞદેવે એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણ્યા છે. ભવિષ્યના અનંતકાળની પર્યાયો પણ અત્યારથી જ્ઞાનમાં જણાઈ ગઈ છે. "ભવિષ્યની પર્યાયો થશે ત્યારે તેને જણાશે"--એમ જે માને તેણે સર્વજ્ઞને જાણ્યા નથી. અહો ! કોઈ જીવ એકાદ ભવે મોક્ષ જશે, કોઈ અનંતભવ પછી મોક્ષ જશે–તે બધુંય ભગવાન અત્યારથી જાણી રહ્યા છે, ભગવાનના તે જ્ઞાનમાં ભવ નથી, ને જેણે એવા ભવરહિત ભગવાનના જ્ઞાનનો નિર્ણય કર્યો તે જીવને પણ ભવની શંકા રહેતી નથી, ને તેને વિશેષ ભવ રહેતા નથી.

જુઓ, આ ગાથામાં જ્ઞાનસ્વભાવના નિર્ણયસહિતની આ વાત છે. ગોમ્મટસારમાં જેને એકાંત નિયતવાતરૂપ ગૃહીત મિથ્યાત્વ કહ્યું છે ત્યાં તો જે જીવ સર્વજ્ઞની પ્રતીત કરતો નથી એવા જીવની વાત છે, અને અહીં તો સર્વજ્ઞના ને જ્ઞાનસ્વભાવના નિર્ણયસહિત સમ્યગ્દૃષ્ટિ જીવના ચિંતવનના વાત છે.

**અહો ! દિગંબર સંતોનો કોઈ પણ ગ્રંથ લ્યો... તે આત્માને ચૈતન્યસ્વભાવમાં થંભાવી દે છે.**

વિજ્ઞાનલય ચિત્ર

સર્વજ્ઞદેવે જે સમયે જે પર્યાય દેખી છે તે જ સમયે તે જ પર્યાય થાય છે – ત્યાં અજ્ઞાનીને એમ લાગે છે કે પુરુષાર્થ ઊડી જાય છે, પણ તે મૂઢ જીવને જ્ઞાનસ્વભાવનો પુરુષાર્થ ભાસતો નથી. અહો ! જ્ઞાનસ્વભાવની સન્મુખ થઈને જ્ઞાતા-દ્રષ્ટા રહ્યો તે જ વીતરાગતા અને કેવળજ્ઞાનનો પંથ છે, તે જ પુરુષાર્થ છે. જેણે આવો નિર્ણય કર્યો તેને સમ્યગ્દર્શન થયા વિના રહે નહીં.

સર્વજ્ઞનો જ્ઞાનસ્વભાવ શક્તિએ ને વ્યક્તિએ પૂર્ણ છે. તેમ મારો સ્વભાવ પણ પરિપૂર્ણ છે–એમ સ્વભાવની પ્રતીત કરીને તેની સન્મુખ દૃષ્ટિ કરી તે સમ્યગ્દૃષ્ટિ જીવ "અચિરં" એટલે કે અલ્પકાળમાં જરૂર મુક્તિ પામે છે. ત્રિલોકનાથનો જે દિવ્યધ્વનિ છૂટ્યો, ગણધરદેવે ઝીલીને શાસ્ત્રો રચ્યાં ને સંતોની પરંપરાથી જે વાણી ચાલી આવી છે, તેમાં આ રહસ્ય રહેલું છે.

વાણીના કાળે વાણી નીકળે છે, ને વિકલ્પના કાળે વિકલ્પ આવે છે, પણ ધર્મી જીવને સ્વભાવની દૃષ્ટિ છે, તે તેનો જ્ઞાતા છે. પર્યાયને ફેરવવી નથી, વાણીને ફેરવવી નથી. અંતરના જ્ઞાનસ્વભાવનો જેણે નિર્ણય કર્યો તે જીવ નિયમથી મોક્ષગામી છે, ને જેને આવી પ્રતીત નથી તે જીવ પ્રગટ મિથ્યાદૃષ્ટિ છે. માટે વસ્તુસ્વરૂપનો નિર્ણય કરીને જ્ઞાનસ્વભાવની સન્મુખ દૃષ્ટિથી વીતરાગભાવે જ્ઞાતા-દ્રષ્ટા રહેવું તે જ મોક્ષનું કારણ છે.

**અપ્રતિહત પુરુષાર્થપ્રેરક શ્રી સદ્‌ગુરુદેવનો**

**જય હો !**

**સદ્ ધર્મવૃદ્ધિકારક ગુરુવાણીનો**

**જય હો !**

## અષાડ વદ ૨, બુધવાર, ૯-૭-૫૨

ગાથા ૩૨૧-૩૨૨-૩૨૩માં આખા જૈનદર્શનનો સાર મૂકી દીધો છે. તેવા યથાર્થ વસ્તુસ્વરૂપને જે માને છે તે શુદ્ધ સમ્યગ્દૃષ્ટિ છે, ને તેમાં સંદેહ કરે છે તે મિથ્યાદૃષ્ટિ છે.

આગળ કહે છે કે જે વિશેષ તત્વને ન જાણતો હોય પણ જિનવચનમાં આજ્ઞામાત્ર શ્રદ્ધાન કરે છે તેને પણ શ્રદ્ધાવાન કહીએ છીએ.

**આગળ કહે છે કે જે વિશેષને ન જાણતો હોય પણ જિનવચનમાં આજ્ઞામાત્ર શ્રદ્ધાન કરે છે તેને પણ શ્રદ્ધાવાન કહીએ છીએ :-**

**यः न अपि जानाति तत्वं सः जिनवचने करोति श्रद्धानं।**
**यत् जिनवरैः भणितं तत् सर्वं अहं समिच्छामि।।३२४।।**

**અર્થ :- જે જીવ, જ્ઞાનાવરણના વિશિષ્ટ ક્ષયોપશમ વિના તથા વિશિષ્ટ ગુરુના સંયોગ વિના તત્વાર્થને જાણી શકતો નથી તે જીવ જિનવચનમાં આ પ્રમાણે શ્રદ્ધાન કરે છે કે—`જિનેંદ્રદેવે જે તત્વ કહ્યું છે તે બધુંય ભલાપ્રકારથી હું ઈષ્ટ કરૂં છું' એ પ્રમાણે પણ તે શ્રદ્ધાવાન થાય છે.**

**ભાવાર્થ :- જે જિનેશ્વરના વચનોની શ્રદ્ધા કરે છે કે `સર્વજ્ઞદેવે કહ્યું છે તે સર્વ મને ઈષ્ટ છે' એવી સામાન્યશ્રદ્ધાથી પણ તેને આજ્ઞાસમ્યક્ત્વી કહ્યો છે.**

જે જીવને વિશેષ ક્ષયોપશમજ્ઞાન નથી એટલે સૂક્ષ્મ તત્વોને જાણી શકતો નથી, ને નિમિત્ત તરીકે તેવું સમજાવનારા વિશિષ્ટ ગુરુનો જોગ પણ નથી તે જીવ મૂળ પ્રયોજનરૂપ તત્વોને જાણીને બીજાં તત્વોની સર્વજ્ઞ અનુસાર શ્રદ્ધા કરે છે તો તે પણ સમ્યગ્દૃષ્ટિ છે. મૂળ વસ્તુસ્વરૂપને પણ જાણે નહિ ને એમ ને એમ કહે કે "ભગવાને કહ્યું તે સાચું" તો તે કાંઈ સમ્યગ્દૃષ્ટિ ન કહેવાય. નિઃશંકતા અંગમાં અંજન ચોરનો દાખલો આપ્યો, પણ તેણે તો પાછળથી શુદ્ધ આત્માની શ્રદ્ધા પ્રગટ કરી તેથી પૂર્વનો આરોપ કરીને તેનો દાખલો આપ્યો છે, પણ જે જીવ નિશ્ચયની શ્રદ્ધા કરીને સમ્યગ્દર્શન પ્રગટ ન કરે ને એકલી ભગવાનના નામે શ્રદ્ધા કરે—તેવા જીવને સમ્યગ્દૃષ્ટિ નથી કહ્યો. ને તેવા જીવનો દાખલો પણ શાસ્ત્રમાં નથી આપ્યો. વિશેષ ક્ષયોપશમના અભાવે ન્યાય-યુક્તિ વગેરે પડખાં ન સમજે પણ મૂળભૂત તત્વોને તો

પોતાના જ્ઞાનથી જાણે છે તેવા જીવની વાત છે. શુદ્ધ આત્માની શ્રદ્ધાપૂર્વકના આજ્ઞાસમ્યક્ત્વની વાત છે. પહેલાં તો ત્રણ ગાથામાં વસ્તુસ્વરૂપ કહ્યું તે પ્રમાણે જાણે, તેમાં જો શંકા કરે તો તે તો મિથ્યાદૃષ્ટિ જ છે.

ભાવાર્થ :- જે જિનેશ્વરના વચનોની શ્રદ્ધા કરે છે કે 'સર્વજ્ઞદેવે કહ્યું છે તે સર્વ મને ઈષ્ટ છે' એવી સામાન્યશ્રદ્ધાથી પણ તેને આજ્ઞાસમ્યક્ત્વી કહ્યો છે.

જૈન દર્શનમાં સર્વજ્ઞપરમાત્માએ જે માર્ગ કહ્યો ને દિગંબર સંતોએ પરંપરાએ ધાર્યો તે જ એક વીતરાગી માર્ગ છે. એવા વીતરાગમાર્ગ સિવાય બીજા માર્ગને માને તે તો સ્થૂળ મિથ્યાદૃષ્ટિ છે. ભગવાનશ્રી કુંદકુંદાચાર્ય, પૂજ્યપાદ આચાર્ય, અમૃતચંદ્રાચાર્ય, ધરસેનાચાર્ય વગેરે દિગંબર સંતોએ વીતરાગ માર્ગને યથાર્થ ટકાવી રાખ્યો છે. જે જીવને વિશેષ સૂક્ષ્મજ્ઞાન ન હોય તે જીવ મૂળભૂત તત્વનો તો નિર્ણય કરે ને બીજામાં બુદ્ધિ ન પહોંચે ત્યાં સર્વજ્ઞની આજ્ઞાનુસાર પ્રતીત કરીને માને – તેને આજ્ઞાસમ્યક્ત્વી કહે છે પણ તે જીવ પોતાના જ્ઞાનસ્વભાવને તો જાણે છે કે હું જ્ઞાન છું, પદાર્થોમાં ક્યાંય ફેરફાર કરનાર હું નથી. જેને આવો નિર્ણય પણ નથી તે તો મિથ્યાદૃષ્ટિ છે. સર્વજ્ઞને માને અને સર્વજ્ઞ જેવા પોતાના આત્મસ્વભાવને જાણે, પણ શાસ્ત્રોના વિશેષ પડખાંનું જ્ઞાન ન હોય તો સર્વજ્ઞની આજ્ઞા પ્રમાણે તેની પ્રતીત કરે છે કે સર્વજ્ઞદેવે જે કહ્યું છે તે મને ઈષ્ટ છે. પણ સર્વજ્ઞનાં શાસ્ત્રોમાં સંદેહ કરતો નથી. એવો જીવ આજ્ઞાસમ્યક્ત્વી છે.

આગળ ત્રણ ગાથામાં સમ્યક્ત્વનું માહાત્મ્ય કહે છે.

**ગાથા-૩૨૫**

**આગળ ત્રણ ગાથામાં સમ્યક્ત્વનું માહાત્મ્ય કહે છે.**

**रत्नानां महारत्नं सर्व्वयोगानां उत्तमं योगं।**
**ऋद्धीनां महर्द्धिः सम्यक्त्वं सर्वसिद्धिकरं।।३२५।।**

**અર્થ :- સર્વ રત્નોમાં પણ મહારત્ન સમ્યક્ત્વ છે, વસ્તુની સિદ્ધિ કરવાના ઉપાયરૂપ સર્વ યોગ, મંત્ર, ધ્યાન આદિમાં (સમ્યક્ત્વ) ઉત્તમ યોગ છે, કારણ કે સમ્યક્ત્વથી મોક્ષ સધાય છે. અણિમાદિ ૠદ્ધિઓમાં પણ (સમ્યક્ત્વ) મહાન ૠદ્ધિ છે. ઘણું શું કહીએ ! સર્વ સિદ્ધિ કરવાવાળું આ સમ્યક્ત્વ જ છે.**

અર્થ :- સર્વ રત્નોમાં પણ મહારત્ન સમ્યક્ત્વ છે, વસ્તુની સિદ્ધિ કરવાના ઉપાયરૂપ સર્વ યોગ, મંત્ર, ધ્યાન આદિમાં (સમ્યક્ત્વ) ઉત્તમ યોગ છે, કારણ કે સમ્યક્ત્વથી મોક્ષ સધાય છે. અણિમાદિ ઋદ્ધિઓમાં પણ (સમ્યક્ત્વ) મહાન ઋદ્ધિ છે. ઘણું શું કહીએ ! સર્વ સિદ્ધિ કરવાવાળું આ સમ્યક્ત્વ જ છે.

અહો ! સમ્યગ્દર્શન મહારત્ન છે. શુદ્ધ આત્માની નિર્વિકલ્પ પ્રતીત તે જ સર્વ રત્નોમાં મહારત્ન છે. લૌકિક રત્નો તો જડ છે, પણ દેહ ભિન્ન કેવળ શુદ્ધ ચૈતન્યનું ભાન કરીને સમ્યગ્દર્શન પ્રગટે તે જ મહારત્ન છે.

પાણીમાં ઊંચું સ્વચ્છ પાણી હોય તેને ઉદકરત્ન કહે છે. સારો પુત્ર થાય તો પુત્રરત્ન કહે, ચક્રવર્તીનો ઊંચો ઘોડો હોય તેને અશ્વરત્ન કહે, –એમ ઊંચી વસ્તુને રત્ન કહે છે, પણ અહીં તો કહે છે કે તે બધાં રત્નો તો કહેવામાત્ર છે, ખરેખર ચૈતન્યસ્વભાવની શુદ્ધ પ્રતીતરૂપ સમ્યગ્દર્શન તે જ સર્વ રત્નોમાં શ્રેષ્ઠ રત્ન છે. ચક્રવર્તીનાં ચૌદ રત્નો કરતાં સાતમી નરકના નારકીનું સમ્યક્ત્વરત્ન શ્રેષ્ઠ છે. સમ્યગ્દર્શન રત્ન પાસે બહારનાં રત્નોની કાંઈ કિંમત નથી. સમ્યગ્દૃષ્ટિ જીવને કોઈ ચળાવવા આવે તો પણ તે શ્રદ્ધાથી ચલિત થતો નથી. સ્વર્ગમાં રત્નોના ઢગલા મળે, તેમાં જીવનું કાંઈ કલ્યાણ નથી. સમ્યગ્દર્શનરત્ન અપૂર્વ કલ્યાણકારી છે. સમ્યગ્દર્શન સર્વ કલ્યાણનું મૂળ છે. તે સમ્યગ્દર્શન વગર જે કરે તે તો બધુંય "રાખ ઉપર લીંપણ" જેવું છે. સમ્યગ્દૃષ્ટિ જીવ લક્ષ્મી-પુત્ર વગેરે માટે કોઈ શીતળા વગેરેને માને નહિ. લોકમાં મંત્ર-તંત્ર-ઔષધ વગેરે છે, તે તો પુણ્ય હોય તો ફળે, પણ આ સમ્યગ્દર્શન રત્ન સર્વ રત્નોમાં એવું શ્રેષ્ઠ રત્ન છે કે દેવો પણ તેનો મહિમા કરે ! સર્વ મંત્રોમાં સમ્યગ્દર્શન જ શ્રેષ્ઠ મંત્ર છે. નમોકકારમંત્રને શ્રેષ્ઠ મંત્ર કહેવાય છે તે તો ઉપચારથી છે, ખરેખર સમ્યગ્દર્શન જ શ્રેષ્ઠ મંત્ર છે. નમોકકારમંત્ર તો અભવ્યજીવે પણ અનંતવાર ગણ્યા, પણ તે તો શુભભાવ છે, સમ્યગ્દર્શન વગર સંસારનો નાશ થાય નહીં. નમોકકારમંત્ર બોલવાનો ભાવ તો રાગ છે, તે જ્ઞાનનું કાર્ય નથી. જ્ઞાનમાં રાગ નથી ને રાગમાં જ્ઞાન નથી. આવા ભાન વિના કલ્યાણ થાય નહીં, માટે સર્વે મંત્રોમાં સમ્યગ્દર્શન જ શ્રેષ્ઠ મંત્ર છે.

સમ્યગ્દર્શનથી તો આત્માની મુક્તિ સાધી શકાય છે. એ સિવાય બીજા મંત્રોથી મોક્ષ સધાતો નથી, માટે સમ્યગ્દર્શન જ શ્રેષ્ઠ મંત્ર છે ને અણિમામહિમા વગેરે ઋદ્ધિઓ પ્રગટે તેના કરતાં પણ સમ્યગ્દર્શન જ શ્રેષ્ઠ ઋદ્ધિ છે. અણિમાઋદ્ધિ વગેરે તો પુણ્યનું ફળ છે ને અભવ્યને પણ તેવી ઋદ્ધિ તો હોય છે, પણ સમ્યગ્દર્શન જ અપૂર્વ ઋદ્ધિ છે. સમ્યગ્દૃષ્ટિ જ સાચી ઋદ્ધિવાળો છે.

'सिद्धि रिद्धि वृद्धि दीसै घटमैं प्रगट सदा।
अंतरकी लच्छीसौं अजाची लच्छपती हैं।।
दास भगवंतके उदास रहैं जगतसौं।
सुखिया सदैत ऐसे जीव समकिती हैं।।'

જેને સમ્યગ્દર્શન છે તે અલ્પકાળમાં સિદ્ધદશા પામશે. અહો ! સમ્યગ્દર્શન જ સર્વ સિદ્ધિનું કરનારું છે. ચક્રવર્તીની ઋદ્ધિ, તીર્થંકરની ઋદ્ધિ, ઈંદ્રની ઋદ્ધિ, વાસુદેવ-બળદેવની ઋદ્ધિ ને મોક્ષની ઋદ્ધિ – એ બધી ઋદ્ધિ સમ્યગ્દૃષ્ટિને જ પ્રાપ્ત થાય છે. મિથ્યાદૃષ્ટિ જીવને તેવી પદવી બંધાતી નથી. ચાંડાળ હોય તે પણ સમ્યગ્દર્શન પામે છે, ને તે સમ્યગ્દૃષ્ટિ ચાંડાળ મિથ્યાદૃષ્ટિ દેવથી પણ શ્રેષ્ઠ છે. રાખની નીચે અંગારો ઢાક્યો હોય તેમ ચાંડાળના દેહમાં રહેલો સમ્યગ્દૃષ્ટિ આત્મા શ્રેષ્ઠ છે. ચાંડાળને મુનિદશા ન હોય, પણ સમ્યગ્દર્શન થાય. હરિકેશી વગેરે ચાંડાળને મુનિદશા હોવાનું કોઈ કહે તો તે વાત જૂઠી છે. એ જ પ્રમાણે સ્ત્રીદેહમાં રહેલાં આત્માને સમ્યગ્દર્શન હોય પણ મુનિદશા ન હોય.

અહો ! સમ્યગ્દર્શન સર્વ સિદ્ધિનું મૂળ છે. જુઓ, સમ્યગ્દૃષ્ટિને કેવી પ્રતીત હોય તે પહેલાં કહેવાઈ ગયું છે. આ તો વીતરાગમાર્ગ છે, તેમાં સત્યને સત્ય જાણવું જોઈએ, આડું અવળું માને તો ચાલે તેમ નથી. આંખમાં તો કદાચ રજકણ સમાય પણ શુદ્ધ વીતરાગમાર્ગમાં જરાય આઘુંપાછું ચાલે તેમ નથી. જેમ વસ્તુસ્વરૂપ છે તેમ તેને જાણીને પ્રતીત કરે, તે સમ્યગ્દર્શન છે, ને તે સમ્યગ્દર્શન જગતમાં શ્રેષ્ઠ છે.

વળી સમ્યગ્દર્શનનો મહિમા કરે છે.

## ગાથા-૩૨૬

**सम्यक्त्वगुणप्रधान: देवेन्द्रनरेन्द्रवन्दित: भवति।**
**त्यक्तव्रत: अपि च प्राप्नोति स्वर्गसुख उत्तमं विविधं।।३२६।।**

**અર્થ :- સમ્યક્ત્વગુણ સહિત જે પુરુષ પ્રધાન (શ્રેષ્ઠ) છે તે દેવોના ઈંદ્રોથી, મનુષ્યોના ઈંદ્ર ચક્રવર્તીઆદિથી વંદનીય થાય છે. અને વ્રતરહિત હોય તો પણ નાના પ્રકારનાં ઉત્તમ સ્વર્ગાદિકના સુખ પામે છે.**

**ભાવાર્થ :- જેનામાં સમ્યગ્દર્શન ગુણ છે તે પ્રધાનપુરુષ છે, તે ઈંદ્રાદિ દેવોથી પૂજ્ય થાય**

**છે. સમ્યક્ત્વસહિત(જીવ) દેવની આયુ બાંધે છે. તેથી વ્રતરહિતને પણ સ્વર્ગગતિમાં જવું મુખ્ય કહ્યું છે. વળી સમ્યક્ત્વ ગુણ પ્રધાનનો આવો પણ અર્થ થાય છે કે –પચ્ચીસ મળદોષરહિત હોય, પોતાના નિઃશંકિતાદિ ગુણસહિત હોય અને સંવેગાદિ ગુણોસહિત હોય એવા સમ્યક્ત્વના ગુણોથી જે પ્રધાનપુરુષ હોય તે દેવેન્દ્રાદિ દ્વારા પૂજનીય થાય છે – સ્વર્ગને પ્રાપ્ત થાય છે.**

અર્થ :- સમ્યક્ત્વગુણ સહિત જે પુરુષ પ્રધાન (શ્રેષ્ઠ) છે તે દેવોના ઈંદ્રોથી, મનુષ્યોના ઈંદ્ર ચક્રવર્તીઆદિથી વંદનીય થાય છે. અને વ્રતરહિત હોય તો પણ નાના પ્રકારનાં ઉત્તમ સ્વર્ગાદિના સુખ પામે છે.

જુઓ, દેવો પણ સમ્યગ્દૃષ્ટિનો આદર કરે છે. અહો, ધન્ય ! ધન્ય ! એમ તેની પ્રશંસા કરે છે. સમ્યગ્દૃષ્ટિ હોય ને વ્રતાદિ ન હોય તો પણ ઈંદ્રો અને ચક્રવર્તીઓ પણ સાધર્મી તરીકે તેનો આદર કરે છે, કે અહો ! ધન્ય છે તને ! ને આવો સમ્યગ્દૃષ્ટિ જીવ વ્રતાદિ રહિત હોવા છતાં અહીંથી મરીને સ્વર્ગમાં વૈમાનિકદેવ થાય છે. મિથ્યાદૃષ્ટિ પુણ્ય બાંધીને ભલે સ્વર્ગમાં જાય પણ ત્યાંથી પાછો ચાર ગતિમાં નરક-નિગોદમાં રખડશે. સમ્યગ્દર્શન સહિત જીવને ઉત્તમ સ્વર્ગ અને ઉત્તમ મનુષ્યનું જ આયુષ્ય બંધાય છે, હલકી ગતિમાં તે જતો નથી.

ભાવાર્થ :- જેનામાં સમ્યગ્દર્શન ગુણ છે તે પ્રધાનપુરુષ છે, તે ઈંદ્રાદિ દેવોથી પૂજ્ય થાય છે. સમ્યક્ત્વસહિત(જીવ) દેવની આયુ બાંધે છે. તેથી વ્રતરહિતને પણ સ્વર્ગગતિમાં જવું મુખ્ય કહ્યું છે. વળી સમ્યક્ત્વ ગુણ પ્રધાનનો આવો પણ અર્થ થાય છે કે –પચ્ચીસ મળદોષરહિત હોય, પોતાના નિઃશંકિતાદિ ગુણસહિત હોય અને સંવેગાદિ ગુણોસહિત હોય એવા સમ્યક્ત્વના ગુણોથી જે પ્રધાનપુરુષ હોય તે દેવેન્દ્રાદિ દ્વારા પૂજનીય થાય છે – સ્વર્ગને પ્રાપ્ત થાય છે.

શંકાદિ આઠ દોષ, જાતિમદ વગેરે આઠ મદ, દેવમૂઢતા, ગુરુમૂઢતા, લોકમૂઢતા તેમ જ કુદેવ-કુગુરુ-કુધર્મ તથા તેના સેવનારા – એ છ અનાયતન – એવા પચીસ પ્રકારના દોષ છે. તે પચીસ દોષ રહિત શુદ્ધ સમ્યગ્દર્શન જેને છે તે શુદ્ધ સમ્યગ્દૃષ્ટિ જીવ દેવો દ્વારા પણ પૂજનીક છે. આવો સમ્યગ્દર્શનનો મહિમા છે.

વળી સમ્યગ્દર્શનનો મહિમા કરે છે.

ગાથા-૩૨૭

**सम्यग्दृष्टिर्जीवः दुर्गतिहेतुं न बध्नाति कर्म।**
**यत् बहुभवेषु बद्धं दुष्कर्म तत् अपि नाशयति।।३२७।।**

**અર્થ :- સમ્યગ્દષ્ટિ જીવ, દુર્ગતિના કારણરૂપ અશુભકર્મોને બાંધતો નથી પરંતુ પ્રથમના ઘણા ભવોમાં બાંધેલા પાપકર્મોનો પણ નાશ કરે છે.**

**ભાવાર્થ :- સમ્યગ્દષ્ટિ મરણ કરીને પ્રથમ નરક વિનાના બાકીના નરકોમાં જતો નથી. જ્યોતિષ, વ્યંતર અને ભવનવાસીદેવ થતો નથી, સ્ત્રીપર્યાયમાં ઊપજતો નથી, પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય (બે-ત્રણ-ચાર ઈંદ્રિયધારી), અસંજ્ઞી, નિગોદ, મ્લેચ્છ તથા કુભોગભૂમિમાં ઊપજતો નથી. કારણ કે તેને અનંતાનુબંધીકષાયના ઉદયના અભાવથી દુર્ગતિના કારણરૂપ કષાયોના સ્થાનકરૂપ પરિણામો થતાં નથી. અહીં તાત્પર્ય એ જાણવું કે–ત્રણ કાળ અને ત્રણ લોકમાં સમ્યગ્દર્શન સમાન કલ્યાણરૂપ અન્ય કોઈ પદાર્થ નથી અને મિથ્યાદર્શન સમાન કોઈ શત્રુ નથી, એટલા માટે શ્રીગુરુનો ઉપદેશ છે કે પોતાના સર્વસ્વ ઉપાય–ઉદ્યમ–યત્નથી પણ એક મિથ્યાત્વનો નાશ કરી સમ્યક્ત્વ અંગીકાર કરવું. એ પ્રમાણે ગૃહસ્થ ધર્મના બાર ભેદોમાં સમ્યક્ત્વ સહિતપણારૂપ પ્રથમ ભેદનું નિરૂપણ કર્યું.**

અર્થ :- સમ્યગ્દષ્ટિ જીવ, દુર્ગતિના કારણરૂપ અશુભકર્મોને બાંધતો નથી પરંતુ પ્રથમના ઘણા ભવોમાં બાંધેલા પાપકર્મોનો પણ નાશ કરે છે.

જુઓ, આવું સમ્યગ્દર્શન તે જ સૌથી પ્રથમ ધર્મ છે. આવા સમ્યગ્દર્શન વગર કદી વ્રત-પડિમા કે મુનીદશા હોતાં નથી. સમ્યગ્દર્શન વગર જીવ ચાર ગતિમાં ભટકી રહ્યો છે. લોકમાં આબરૂની દરકાર કરે છે, પણ ચૈતન્યના ભાન વિના અનાદિકાળથી ચાર ગતિમાં ભટકી રહ્યો છે, તેમાં ચૈતન્યની આબરૂ જાય છે, તેની દરકાર કરતો નથી. સમ્યગ્દષ્ટિ જીવને વ્રત-તપ ન હોય તો પણ તે મોક્ષમાર્ગી છે, ને સમ્યગ્દર્શન વગર વ્રત-તપ કરે તો પણ તે જીવ સંસારમાર્ગી જ છે.

સમ્યગ્દર્શન સહિત જીવને કદી નરકનું, સ્ત્રીનું, તિર્યંચનું કે હલકા દેવ-મનુષ્યનું આયુષ્ય ન બંધાય. સમ્યગ્દષ્ટિ જીવને કદાચ લડાઈના પરિણામ હોય, પણ તેવા વખતે તેને આયુષ્ય બંધાતું નથી. સમ્યગ્દષ્ટિને પાપભાવ આવે ને આશાતા બંધાય પણ તેને નરકાદિનું આયુષ્ય

નહિ બંધાય, તેને ભવ નહિ બગડે. અંતર શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ પડી છે તે ભવને બગડવા દેતી નથી ને ભવને વધવા પણ દેતી નથી. જ્ઞાનસ્વભાવના અનાદરથી જે કર્મો બંધાયા તે કર્મોને જ્ઞાનસ્વભાવની ભાવના વડે સમ્યગ્દૃષ્ટિ નાશ કરી નાખે છે. સમ્યગ્દૃષ્ટિને પૂર્વે અજ્ઞાનદશામાં કોઈ નરકાદિનું આયુષ્ય બંધાઈ જાય, પણ સમ્યગ્દર્શનસહિત જીવને તો નરકાદિનું આયુષ્ય બંધાય જ નહીં. આવો સમ્યગ્દર્શનનો મહિમા છે. માટે શુદ્ધાત્માની ઓળખાણ કરીને આવા સમ્યગ્દર્શન ધર્મને અંગીકાર કરવો.

ભાવાર્થ :- સમ્યગ્દૃષ્ટિ મરણ કરીને પ્રથમ નરક વિનાના બાકીના નરકોમાં જતો નથી. જ્યોતિષ, વ્યંતર અને ભવનવાસીદેવ થતો નથી, સ્ત્રીપર્યાયમાં ઊપજતો નથી, પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય (બે-ત્રણ-ચાર ઈંદ્રિયધારી), અસંજ્ઞી, નિગોદ, મ્લેચ્છ તથા કુભોગભૂમિમાં ઊપજતો નથી. કારણ કે તેને અનંતાનુબંધીકષાયના ઉદયના અભાવથી દુર્ગતિના કારણરૂપ કષાયોના સ્થાનકરૂપ પરિણામો થતાં નથી.

સમ્યગ્દૃષ્ટિ જીવ કદી સ્ત્રીપણે ઊપજે નહિ. મિથ્યાદૃષ્ટિ જ સ્ત્રીપણે ઊપજે છે. તીર્થંકરો જન્મથી જ સમ્યગ્દૃષ્ટિ હોય છે, તે કદી સ્ત્રીપણે અવતરે નહિ. મલ્લિનાથ તીર્થંકર ભગવાન સ્ત્રી ન હતા પણ રાજકુમાર હતા. તીર્થંકર તો મહાપૂજ્ય પુરુષ છે, તે સ્ત્રીપણે કદી ઊપજે નહિ. સ્ત્રીને સમ્યગ્દર્શન થાય, પણ સ્ત્રીપણે ઊપજે તે વખતે તો મિથ્યાદૃષ્ટિ જ હોય. ઈંદ્રાણી સમ્યગ્દૃષ્ટિ હોય છે, પણ ઈંદ્રાણીપણે ઊપજે તે વખતે તો તે મિથ્યાદૃષ્ટિ જ હોય છે. સાધારણ સમ્યગ્દૃષ્ટિ જીવ પણ સ્ત્રીપણે અવતરે નહીં, તો પછી તીર્થંકરોની શી વાત ! સમ્યગ્દૃષ્ટિ કદી સ્ત્રપણે અવતરે નહિ – એ ત્રણેકાળનો નિયમ છે. વળી સમ્યગ્દૃષ્ટિ મ્લેચ્છપણે અવતરે નહિ, કુભોગભૂમિમાં અવતરે નહિ, નિગોદ કે અસંજ્ઞીપણે પણ ઊપજે નહિ. કેમકે તેને અનંતાનુબંધીકષાયનો જ અભાવ છે, તેથી તેને તેવી દુર્ગતિના કારણરૂપ પરિણામ જ થતાં નથી.

## અષાડ વદ ૩, ગુરુવાર, ૧૦-૭-૫૨

અહીં સમ્યગ્દર્શનનો મહિમા બતાવે છે. ત્રણકાળ ત્રણલોકમાં સમ્યગ્દર્શન સમાન કલ્યાણરૂપ અન્ય કોઈ પદાર્થ નથી. સમ્યગ્દર્શન વિના કલ્યાણ થતું નથી. સમ્યગ્દર્શન પછી જ સમ્યક્ચારિત્ર હોય છે. જ્ઞાનાનંદ સ્વભાવની દૃષ્ટિ કરવી તે સિવાય જગતમાં કાંઈ કલ્યાણરૂપ નથી. દેહની ક્રિયાથી પાર, મન-વચનથી રહિત, ને પુણ્ય-પાપથી પણ પાર, અખંડ ચિદાનંદ સ્વરૂપની નિર્વિકલ્પ શ્રદ્ધારૂપ સમ્યગ્દર્શન સમાન આ જગતમાં જીવનું હિતરૂપ બીજું કોઈ નથી, ને મિથ્યાશ્રદ્ધા સમાન અન્ય કોઈ શત્રુ નથી. ચૈતન્યસ્વભાવને ચૂકીને જે જીવ પુણ્યથી ધર્મ માને, શરીરની ક્રિયાથી ધર્મ માને, શરીરની ક્રિયા હું કરું એમ માને તે જીવ મિથ્યાદૃષ્ટિ છે. તે મિથ્યાદૃષ્ટિનાં વ્રત-તપ-સંયમ બધુંય સંસારનું જ કારણ છે. સમ્યગ્દર્શન વગર સાચાં વ્રત-તપ હોય નહીં. સમ્યગ્દર્શનનો મહિમા લોકોના ખ્યાલમાં આવતો નથી, ને મિથ્યાત્વનો દોષ તે જ સૌથી મોટો દોષ છે. સમ્યગ્દૃષ્ટિને અચારિત્રદશામાં રાગ હોય છે, પણ તેનું પાપ બહું અલ્પ છે, મિથ્યાશ્રદ્ધાનું પાપ સૌથી મોટું છે. તે મિથ્યાશ્રદ્ધા જીવને અનંતસંસારમાં રખડાવનાર મોટો શત્રુ છે. માથું કાપે તેના કરતાં પણ મિથ્યાત્વ જ મોટો શત્રુ છે. વીતરાગદેવે કહેલાં શુદ્ધ આત્માના ભાન વિના ભલે પુણ્યની ક્રિયા કરે તો પણ તેનું કિંચિત્ કલ્યાણ થાય નહીં.

**સમ્યગ્દર્શન સમાન કોઈ કલ્યાણ નથી ને મિથ્યાદર્શન સમાન કોઈ પાપ નથી. માટે શ્રીગુરુનો ઉપદેશ છે કે પોતાના સર્વસ્વ ઉપાય-ઉદ્યમ-યત્નથી પણ એક મિથ્યાત્વનો નાશ કરી સમ્યક્ત્વ અંગીકાર કરવું.** મંદ કષાય કરીને તેને ધર્મ માને તો ત્યાં મિથ્યાત્વનું મોટું પાપ ભેગું બંધાય છે. અલ્પ પુણ્યની સાથે મિથ્યાત્વનું મોટું પાપ છે. આત્માના ભાન વગર મિથ્યાત્વનું મહાપાપ ટળતું નથી. અહો ! આત્માના પૂર્ણ પ્રયત્નથી શુદ્ધ ચિદાનંદ સ્વભાવની ઓળખાણ કરીને સમ્યગ્દર્શન કરવું તે જ ભગવાન સર્વજ્ઞનો અને સંતોનો મહાન ઉપદેશ છે. જુઓ, અહીં સમ્યગ્દર્શન માટે ઉદ્યમની વાત કરી. કોઈ કહે કે "સમ્યગ્દર્શન પુરુષાર્થથી થતું નથી, ચારિત્રમાં પુરુષાર્થ છે, ને સમ્યગ્દર્શન તો દૈવથી થાય છે" –તો તેની માન્યતા મિથ્યા છે. સમ્યગ્દર્શન પણ પોતાના પુરુષાર્થથી જ થાય છે. સમ્યગ્દર્શન તે ગૃહસ્થનો સૌથી પહેલો ધર્મ છે. માત્ર દેવ-ગુરુ-શાસ્ત્રને શુભરાગથી માની લે તે કાંઈ ધર્મ નથી, ગૃહસ્થના બાર પ્રકારના ધર્મમાં સૌથી પહેલો ધર્મ સમ્યગ્દર્શન છે, તે સમ્યગ્દર્શન પછી જ વ્રત, પડિમા હોય છે, તેનું વર્ણન હવે પછી કરશે.

# પ્રસાદ નં. – ૨૭૪

**વી. નિ સં. ૨૪૭૮, શ્રાવણ વદ ૬, વર્ષ ૨જું. પુસ્તક દસમું,**
**સોનગઢ, તા. ૩૦-૭-૫૨, બુધવાર.**

# શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(શ્રાવણ સુદ ૨, બુધવાર, ૨૩-૭-૫૨ સવાર)**

## ધર્માનુપ્રેક્ષા

ધર્મ તે અનંત-અનંતકાળે મહાદુર્લભ છે. **ધર્મનું મૂળ સર્વજ્ઞદેવ છે.** તેમણે કહેલું તત્વ યથાર્થ છે. આત્મા જ્ઞાનસ્વભાવી છે. સ્વભાવ શક્તિરૂપે છે, તેનો પૂર્ણપણે વિકાસ થઈ શકે છે. તેવો પૂર્ણ વિકાસ સર્વજ્ઞવીતરાગદેવને છે. તે અનંતા થઈ ગયા ને થશે. વર્તમાનમાં પણ મહાવિદેહક્ષેત્રમાં દેહસહિત અર્હંતદશામાં છે. તેઓ એક સમયમાં ત્રણકાળ ત્રણલોકના સર્વ પદાર્થોનું સ્વરૂપ સર્વ પ્રકારે જાણે છે.

આવા સર્વજ્ઞની જેણે પ્રતીતિ કરી તેણે જ્ઞાતામાત્ર સ્વભાવપણે છું, કર્તા નથી એમ પોતાના જ્ઞાતાસ્વભાવનો પણ નિર્ણય કર્યો ને તેમાં અનંતો પુરુષાર્થ આવ્યો. અલ્પજ્ઞતા, વિકાર ને નિમિત્તની રુચિ ગઈ ને પૂર્ણજ્ઞાનસ્વભાવની રુચિ થઈ. ક્રમબદ્ધ જે જે થયું, થાય છે ને થશે, તેને જાણનારમાત્ર છું, એવી દૃઢતા થઈ ને એકલો જ્ઞાયક જ છું એમ સ્વસન્મુખ બુદ્ધિ થઈ. ત્રિકાળ જ્ઞાતાસ્વભાવ તે જ માત્ર ઉપાદેય છે અને અલ્પજ્ઞતા, વિકાર ને નિમિત્ત હેય છે, એમ નિઃશંકતા થાય છે. જે જે થવાનું તે થાય છે. સર્વજ્ઞે દીઠું તેથી થાય છે – એમ નહિ પણ દરેક વસ્તુનાં વ્યવસ્થિત સ્વભાવથી જ ક્રમબદ્ધ થાય છે, આડીઅવળી કોઈ પર્યાય થતી નથી, અકસ્માત્ કાંઈ થતું નથી. આમ સ્વતંત્ર વસ્તુસ્વભાવને સ્વીકારી, કર્તૃત્વબુદ્ધિ અને વિકારની દૃષ્ટિ છોડી, પરથી ઉદાસ રહ્યો ને સ્વભાવ સન્મુખ પુરુષાર્થવાન થયો તેમાં સ્વદ્રવ્યસન્મુખ જ્ઞાતા રહેવાનો પુરુષાર્થ આવ્યો.

સર્વજ્ઞના નિર્ણયમાં સંપૂર્ણ વસ્તુસ્વરૂપનો નિર્ણય અને છયે દ્રવ્યોની સ્વતંત્રતા જ્ઞાનમાં ભાસી તે ત્રણકાળ ત્રણલોકની વસ્તુસ્થિતિનો નિયમ જાણી લે છે. સર્વજ્ઞનો નિર્ણય કરે તો અત્યારે જ અધૂરાં જ્ઞાનવાળાને પણ ત્રણકાળ ત્રણલોકનો પત્તો લાગે જ, કોઈ વાતમાં શંકા ન પડે.

સ્વભાવની પ્રતીતિ વડે મિથ્યાવાસનાનો નાશ કરે તો સમ્યગ્જ્ઞાન અંદર શક્તિના ભરોસે પ્રગટ થાય છે ને સામાન્ય અંતર સ્વભાવમાં એકાગ્ર થાય તો પૂર્ણ નિર્મળ વિકાસ પ્રગટ થઈ શકે છે ને જેનો સ્વભાવ જાણવું છે તે પૂર્ણપણે પ્રગટ થતાં કોને ન જાણે ? સર્વને સર્વ પ્રકારે એક સમયમાં જાણે જ જાણે.

ગાથા-૩૨૮

**આગળ પ્રતિમાના અગિયાર ભેદ છે તેનું સ્વરૂપ કહે છે–ત્યાં પ્રથમ જ દાર્શનિકશ્રાવકનું સ્વરૂપ કહે છે :-**

**बहुत्रससमन्वितं यत् मद्यमांसादिनिन्दितं द्रव्यं।**
**यः न च सेवते नियमात् सः दर्शनश्रावकः भवति।।३२८।।**

**અર્થ :- ઘણા ત્રસજીવોના ઘાતથી તથા એ સહિત મદિરા-અતિનિંદ્ય એવાં માંસાદિ પદાર્થો છે તેને જે નિયમથી સેવતો નથી–ભક્ષણ કરતો નથી તે દાર્શનિકશ્રાવક છે.**

**ભાવાર્થ :- મદિરા-માંસ તથા આદિ શબ્દથી મધુ અને પાંચ ઉદંબરફળ કે જે ત્રસજીવોના ઘાતસહિત છે, તે વસ્તુઓને પણ જે દાર્શનિકશ્રાવક છે તે ભક્ષણ કરતો નથી. મદ્ય તો મનને મૂર્ચ્છિત કરે છે. ધર્મને ભૂલાવે છે, માંસ ત્રસઘાત વિના થતું જ નથી, મધુની ઉત્પત્તિ પ્રસિદ્ધ ત્રસઘાતનું સ્થાન જ છે અને પીપળ-વડ-પીલુ આદિ ફળોમાં ત્રસજીવો ઉડતા પ્રત્યક્ષ જોવામાં આવે છે. અન્ય ગ્રંથોમાં પણ કહ્યું છે કે એ શ્રાવકના આઠ મૂળગુણો છે, વળી એને ત્રસહિંસાનાં ઉપલક્ષણ કહે છે. એટલા માટે જે વસ્તુઓમાં ત્રસહિંસા ઘણી હોય તે શ્રાવકને અભક્ષ્ય છે--ભક્ષણ યોગ્ય નથી. વળી અન્યાયપ્રવૃત્તિના મૂળરૂપ છે એવાં સાત વ્યસનનો ત્યાગ પણ અહીં કહ્યો છે. જુગાર, માંસ, મદ્ય, વેશ્યા, શિકાર, ચોરી, અને પરસ્ત્રી એ સાત વ્યસન છે. `વ્યસન' નામ આપદા વા કષ્ટનું છે, એના સેવન કરનારને આપદા આવે છે, રાજા વા પંચોના દંડને યોગ્ય થાય છે તથા એનું સેવન પણ આપદા વા કષ્ટરૂપ છે. તેથી શ્રાવક એવાં અન્યાયરૂપ કાર્યો કરતો નથી. અહીં `દર્શન' નામ સમ્યક્ત્વનું છે તથા જે વડે `ધર્મની મૂર્તિ છે' એમ સર્વના જોવામાં આવે તેનું નામ પણ દર્શન છે. જે સમ્યગ્દષ્ટિ હોય - જિનમતને સેવતો હોય**

**અને અભક્ષભક્ષણ-અન્યાય અંગીકાર કરે તો સમ્યક્ત્વને મલિન કરે તથા જિનમતને લજાવે, માટે એને નિયમથી છોડતાં જ દર્શનપ્રતિમાધારી શ્રાવક થાય છે.**

અર્થ :- ઘણા ત્રસજીવોના ઘાતથી તથા એ સહિત મદિરા-અતિનિંદ્ય એવાં માંસાદિ પદાર્થો છે તેને જે નિયમથી સેવતો નથી—ભક્ષણ કરતો નથી તે દાર્શનિકશ્રાવક છે.

સમ્યગ્દર્શનપૂર્વક દ્રવ્યસ્વભાવનું વિશેષ અવલંબન વધતાં પાંચમું ગુણસ્થાન જે શ્રાવકપણું તે પ્રગટ થાય છે, તેમાં ક્રમે-ક્રમે નિર્મળતાની વૃદ્ધિરૂપ પ્રતિમાના અગિયાર ભેદ છે તેનું સ્વરૂપ કહે છે. પ્રતિમા એટલે દૃઢ પ્રતિમાસમાન પ્રતિજ્ઞાની દૃઢતા. દૃષ્ટિમાં વીતરાગતા છે, ચારિત્રમાં સ્વભાવ લીનતા વડે જેટલા અંશે વીતરાગી શાંતિ વધે તેમાં પાંચમા ગુણસ્થાનની વાત છે.

આત્મજ્ઞાન સન્મુખ દૃષ્ટિની મુખ્યતા રાખીને ઘણા ત્રસ જીવોના ઘાતથી જે ઉત્પન્ન થાય છે એવાં અતિ નિંદ્ય મદિરા તથા માંસાદિ પદાર્થો છે તેને નિયમથી સેવતો નથી-ખાતો નથી. ઉંદંબર ફળ, અંજીર, વડ તથા પીપળાનાં ફળ વગેરે દાર્શનિક શ્રાવક લે નહિ. અર્થાત્ તે લેવાના રાગની ઉત્પત્તિ તેને થતી નથી.

❖❖❖

## શ્રાવણ સુદ ૩, ગુરુવાર, ૨૪-૭-૫૨

અહીં અગિયાર પડિમાઓનું વર્ણન કરે છે. પડિમા પાંચમાં ગુણસ્થાને હોય છે, ત્યાર પહેલાં અંતરમાં શુદ્ધ આત્માનું ભાન અને સમ્યગ્દર્શન તો ચોથા ગુણસ્થાને જ હોય છે. સમ્યગ્દર્શન પછી જ પડિમા હોય છે. સમ્યગ્દર્શન વગર કોઈ ધર્મ હોતો નથી. સમ્યગ્દર્શન વડે શુદ્ધ ચૈતન્યને જેણે ધ્યેય બનાવ્યું છે, તેને જ પછી તેમાં એકાગ્રતા વડે રાગ તૂટતાં આવી પડિમા હોય છે. સમ્યગ્દર્શનપૂર્વક શ્રાવકની દશા કેવી હોય તેની આ વાત છે.

ભાવાર્થ :- મદિરા-માંસ તથા આદિ શબ્દથી મધુ અને પાંચ ઉદંબરફળ કે જે ત્રસજીવોના ઘાતસહિત છે, તે વસ્તુઓને પણ જે દાર્શનિકશ્રાવક છે તે ભક્ષણ કરતો નથી. મદ્ય તો મનને મૂર્ચ્છિત કરે છે. ધર્મને ભૂલાવે છે, માંસ ત્રસઘાત વિના થતું જ નથી, મધુની ઉત્પત્તિ પ્રસિદ્ધ ત્રસઘાતનું સ્થાન જ છે અને પીપળ-વડ-પીલુ આદિ ફળોમાં ત્રસજીવો ઉડતા પ્રત્યક્ષ જોવામાં આવે છે. અન્ય ગ્રંથોમાં પણ કહ્યું છે કે એ શ્રાવકના આઠ મૂળગુણો છે, વળી એને ત્રસહિંસાનાં ઉપલક્ષણ કહે છે. એટલા માટે જે વસ્તુઓમાં ત્રસહિંસા ઘણી હોય તે શ્રાવકને અભક્ષ્ય છે--ભક્ષણ યોગ્ય નથી. વળી અન્યાયપ્રવૃત્તિના મૂળરૂપ છે એવાં સાત વ્યસનનો ત્યાગ પણ અહીં કહ્યો છે. જુગાર, માંસ, મદ્ય, વેશ્યા, શિકાર, ચોરી, અને પરસ્ત્રી એ સાત વ્યસન છે. 'વ્યસન' નામ આપદા વા કષ્ટનું છે, એના સેવન કરનારને આપદા આવે છે, રાજા વા પંચોના દંડને યોગ્ય થાય છે તથા એનું સેવન પણ આપદા વા કષ્ટરૂપ છે. તેથી શ્રાવક એવાં અન્યાયરૂપ કાર્યો કરતો નથી. અહીં 'દર્શન' નામ સમ્યક્ત્વનું છે તથા જે વડે 'ધર્મની મૂર્તિ છે' એમ સર્વના જોવામાં આવે તેનું નામ પણ દર્શન છે. જે સમ્યગ્દૃષ્ટિ હોય - જિનમતને સેવતો હોય અને અભક્ષભક્ષણ-અન્યાય અંગીકાર કરે તો સમ્યક્ત્વને મલિન કરે તથા જિનમતને લજાવે, માટે એને નિયમથી છોડતાં જ દર્શનપ્રતિમાધારી શ્રાવક થાય છે.

સમકિતી શ્રાવકને સિદ્ધ પરમાત્મા જેવો અંશે અતીંદ્રિય આનંદ અંદરમાં પ્રગટ થયો છે. તેથી તેમને મદ્ય, માંસાદિ અભક્ષ્ય ખાવાપીવાનો રાગ હોય નહિ. જૈન નામધારી પણ સીધી રીતે મધ, માંસ, દારૂ સેવે નહિ. ખાવાપીવાની ક્રિયા કોઈ જીવ કરી શકે એ વાત નથી પણ ત્રસહિંસા જેમાં થાય તેવા કોઈ ખોરાકનો રાગ સજહ જ્ઞાનસ્વભાવના ભાન વડે ઉત્પન્ન થવા દે નહિ તેને સાચો શ્રાવક કહે છે.

અહીં દર્શન-સમ્યક્ત્વ, વડે ધર્મની મૂર્તિ છે એમ સર્વના જોવામાં આવે. સર્વજ્ઞ વીતરાગના અભિપ્રાયને સારી રીતે જાણી અંતર્મુખ જ્ઞાતાપણાની ગાઢ રુચિ છે તે જિનમતને સેવનારો છે, તે અંતરની વિશેષ શુદ્ધિપૂર્વક અભક્ષ્ય, અન્યાયનાં પાપને સેવે નહિ. જો સેવે તો સમકિતને મલિન કરે છે ને જિનમતની નિંદા કરાવે છે, માટે તેના ત્યાગસહિત અંશે ચારિત્રવાન થતાં જ દર્શનપ્રતિમાધારી શ્રાવક હોય છે.

ગાથા-૩૨૯

**दृढचित्त: य: करोति एवं अपि व्रतं निदानपरिहीन:।**
**वैराग्यभावितमना: स: अपि च दर्शनगुण: भवति।।३२९।।**

**અર્થ :- નિદાન અર્થાત્ આલોક-પરલોકના ભોગોની વાંચ્છારહિત બની ઉપર પ્રમાણે વ્રતમાં દ્રઢચિત્ત થયો થકો વૈરાગ્યથી ભાવિત (આર્દ્ર-કોમળ) થયું છે ચિત્ત જેનું એવો થયો થકો જે સમ્યગ્દ્રષ્ટિપુરુષ (વ્રત) કરે છે તેને દાર્શનિકશ્રાવક કહે છે.**

**ભાવાર્થ :- પ્રથમની ગાથામાં શ્રાવક કહ્યાં તેનાં આ ત્રણ વિશેષ વિશેષણ જાણવાં. પ્રથમ તો દ્રઢચિત્ત હોય, અર્થાત્ પરિષહાદિ કષ્ટ આવવા છતાં પણ વ્રતની પ્રતિજ્ઞાથી ડગે નહિ, બીજું નિદાનરહિત અર્થાત્ આ લોકસંબંધી યશ–સુખ–સંપત્તિ વા પરલોકસંબંધી શુભગતિ આદિની વાંછા રહિત હોય તથા ત્રીજું વૈરાગ્યભાવનાથી જેનું ચિત્ત આર્દ્ર અર્થાત્ સિંચાયેલું હોય, અભક્ષ અને અન્યાયને અત્યંત અનર્થરૂપ જાણી ત્યાગ કરે છે પણ એમ જાણીને નહિ કે `શાસ્ત્રમાં તેને ત્યાગવા યોગ્ય કહ્યા છે માટે ત્યાગવાં' પણ પરિણામમાં તો રાગ મટ્યો નથી (ત્યાં શું ત્યાગ્યું). ત્યાગના અનેક આશય હોય છે, આ (દાર્શનિકશ્રાવકને તો) અન્ય કોઈ આશય નથી, માત્ર તીવ્રકષાયના નિમિત્તરૂપ મહાપાપ જાણી ત્યાગે છે અને એને ત્યાગવાથી જે આગળની (વ્રતાદિ) પ્રતિમાઓના ઉપદેશને લાયક થાય છે. કારણ નિઃશલ્યને વ્રતી કહ્યો છે તેથી શલ્યરહિત ત્યાગ હોય છે. એ પ્રમાણે દર્શનપ્રતિમાધારી શ્રાવકનું સ્વરૂપ કહ્યું.**

અર્થ :- નિદાન અર્થાત્ આલોક-પરલોકના ભોગોની વાંચ્છારહિત બની ઉપર પ્રમાણે વ્રતમાં દ્રઢચિત્ત થયો થકો વૈરાગ્યથી ભાવિત (આર્દ્ર-કોમળ) થયું છે ચિત્ત જેનું એવો થયો થકો જે સમ્યગ્દ્રષ્ટિપુરુષ (વ્રત) કરે છે તેને દાર્શનિકશ્રાવક કહે છે.

અનંતાનુબંધી તથા અપ્રત્યાખ્યાનાવરણીય એમ બે કષાય ચોકડનો નાશ કરી આત્માની આરાધકદશામાં જ્ઞાન વૈરાગ્યની વૃદ્ધિ કરનારો છે તે શ્રાવક છે.

ભાવાર્થ :- પ્રથમની ગાથામાં શ્રાવક કહ્યાં તેનાં આ ત્રણ વિશેષ વિશેષણ જાણવાં. પ્રથમ તો દ્રઢચિત્ત હોય, અર્થાત્ પરિષહાદિ કષ્ટ આવવા છતાં પણ વ્રતની પ્રતિજ્ઞાથી ડગે નહિ.

આ લોકની સગવડતા-યશ-સંપત્તિની આશાથી વ્રત પાળે તો તે વ્રતી નથી. પરલોક સંબંધી

કાંઈ ઈચ્છતો નથી. ધર્મી જીવને નિત્યાનંદ જ્ઞાનમય સ્વભાવ તે જ તેનો પર-ઉત્તમલોક છે, તેમાં જ તે સદા સંતુષ્ટ રહે છે, તેથી તે કોઈ પરની સહાય ઈચ્છતો નથી.

વળી જ્ઞાનસહિત વૈરાગ્યભાવનાથી જેનું ચિત્ત ભિંજાયેલું હોય છે, એવો તે શ્રાવક છે. અતીંદ્રિય ચિદાનંદ સ્વરૂપના ભાન વિના સાચો વૈરાગ્ય હોય નહિ, કોઈ દુઃખગર્ભિત કે મોહગર્ભિત ત્યાગ-વૈરાગ્ય લઈ બેસે છે તે સાચો ત્યાગ નથી.

પંચ ઉદંબર, મધ, માંસ, દારૂ પ્રત્યે જેટલો તીવ્ર કષાય કરે તેના પ્રમાણમાં પાપ છે. તીવ્ર રાગ કરે તેને અભક્ષાદિ ચીજ નિમિત્ત કહેવાય છે. સામે નિમિત્ત છે માટે તીવ્રકષાય થાય એમ નથી. આત્મજ્ઞાનપૂર્વક સ્વભાવની એકાગ્રતાની ભૂમિકામાં તેવો અશુભરાગ હોતો નથી. બાહ્યત્યાગ તો ઉપચારથી કથન છે.

હવે બીજી વ્રતપડિમાનું સ્વરૂપ કહે છે. આ વ્રતપડિમાના વર્ણનની ૪૧ ગાથાઓ છે, તેમાં બારવ્રતોનું વર્ણન કર્યું છે. જુઓ, આ વ્રતપડિમા સમ્યગ્દ્રષ્ટિ જ્ઞાનીને જ હોય છે. આત્માના ભાન વગર એકલો શુભરાગ કરે તે કાંઈ ખરેખર વ્રત નથી. એકડા વગરનાં મીંડાની કિંમત કાંઈ નથી. એકડો હોય તો તેના પછીનું મીંડું સંખ્યામાં ૯ની વૃદ્ધિ કરે છે, બીજું મીંડું ચડે તો ૯૦ની વૃદ્ધિ કરે, તેમ પહેલાં અખંડ ચૈતન્યસ્વભાવની દૃષ્ટિથી સમ્યગ્દર્શન કરવું તે એકડો છે, તેના પછી વ્રત વગેરેમાં તો વિશેષ વીતરાગભાવ છે. સમ્યગ્દર્શનરૂપી એકડા વગર બાહ્યત્યાગ કે શુભરાગ કરે તેને કાંઈ વ્રત કહેતા નથી. માટે સમ્યગ્દર્શન તો મૂળમાં રાખીને જ આ બધા વ્રતોની વાત સમજવી.

### ગાથા-૩૩૦

**આગળ બીજી વ્રતપ્રતિમાનું સ્વરૂપ કહે છે :-**

**पञ्चाणुव्रतधारी गुणव्रतशिक्षाव्रतैः संयुक्तः।**
**दृढचित्तः समयुक्तः ज्ञानी व्रतश्रावकः भवति।।३३०।।**

**અર્થ :- જે પાંચ અણુવ્રત ધારક હોય, ત્રણ ગુણવ્રત તથા ચાર શિક્ષાવ્રતસહિત હોય, દૃઢ ચિત્તવાન હોય, સમભાવથી યુક્ત હોય તથા જ્ઞાનવાન હોય તે વ્રતપ્રતિમાધારક શ્રાવક છે.**

**ભાવાર્થ :- અહીં `અણુ' શબ્દ અલ્પતા વાચક છે. પાંચ પાપમાં અહીં સ્થૂળ પાપોનો ત્યાગ છે તથા તેની `અણુવ્રત' સંજ્ઞા છે. ગુણવ્રત-શિક્ષાવ્રત છે તે આ અણુવ્રતોની રક્ષા કરવાવાળા**

**છે. તેથી અણુવ્રતી તેને પણ ધારણ કરે છે. આ જીવ વ્રતની પ્રતિજ્ઞામાં દૃઢચિત્ત છે, કષ્ટ-ઉપસર્ગ-પરિષહ આવવા છતાં પણ શિથિલ થતો નથી. અપ્રત્યાખ્યાનાવરણકષાયના અભાવથી તથા પ્રત્યાખ્યાનાવરણકષાયના મંદ ઉદયથી આ વ્રત થાય છે. તેથી `ઉપશમભાવસહિતપણું' એવું વિશેષણ આપ્યું છે. જો કે દર્શનપ્રતિમાધારીને પણ અપ્રત્યાખ્યાનાવરણનો અભાવ તો થયો છે પરંતુ પ્રત્યાખ્યાનાવરણકષાયના તીવ્ર સ્થાનકોના ઉદયથી તેને અતિચારરહિત પાંચ અણુવ્રત હોતાં નથી તેથી ત્યાં `અણુવ્રત' સંજ્ઞા નથી. પણ સ્થૂલ અપેક્ષાએ તેને પણ ત્રસઘાત ને અભક્ષભક્ષણના ત્યાગથી અણુવ્રત-અણુત્વ છે. વ્યસનોમાં ચોરીનો ત્યાગ છે એટલે અસત્ય પણ તેમાં ગર્ભિત છે. પરસ્ત્રીનો ત્યાગ છે અને વૈરાગ્યભાવના છે એટલે પરિગ્રહની મૂર્છાનાં સ્થાનક ઘટતાં છે – તેમાં પ્રમાણ પણ તે કરે છે, પરંતુ નિરતિચાર બનતું નથી તેથી તે `વ્રતપ્રતિમા' નામ પામતું નથી. વળી `જ્ઞાની' વિશેષણ છે તે પણ યોગ્ય જ છે કારણ કે સમ્યગ્દૃષ્ટિ બની વ્રતનું સ્વરૂપ જાણી શ્રીગુરુની આપેલી પ્રતિજ્ઞાને ધારણ કરે છે માટે તે જ્ઞાની જ કહેવાય છે એમ જાણવું.**

અર્થ :- જે પાંચ અણુવ્રત ધારક હોય, ત્રણ ગુણવ્રત તથા ચાર શિક્ષાવ્રતસહિત હોય, દૃઢ ચિત્તવાન હોય, સમભાવથી યુક્ત હોય તથા જ્ઞાનવાન હોય તે વ્રતપ્રતિમાધારક શ્રાવક છે.

ભાવાર્થ :- અહીં 'અણુ' શબ્દ અલ્પતા વાચક છે. પાંચ પાપમાં અહીં સ્થૂળ પાપોનો ત્યાગ છે તથા તેની 'અણુવ્રત' સંજ્ઞા છે. ગુણવ્રતશિક્ષાવ્રત છે તે આ અણુવ્રતોની રક્ષા કરવાવાળા છે. તેથી અણુવ્રતી તેને પણ ધારણ કરે છે. આ જીવ વ્રતની પ્રતિજ્ઞામાં દૃઢચિત્ત છે, કષ્ટ-ઉપસર્ગ-પરિષહ આવવા છતાં પણ શિથિલ થતો નથી. અપ્રત્યાખ્યાનાવરણકષાયના અભાવથી તથા પ્રત્યાખ્યાનાવરણકષાયના મંદ ઉદયથી આ વ્રત થાય છે. તેથી 'ઉપશમભાવસહિતપણું' એવું વિશેષણ આપ્યું છે. જો કે દર્શનપ્રતિમાધારીને પણ અપ્રત્યાખ્યાનાવરણનો અભાવ તો થયો છે પરંતુ પ્રત્યાખ્યાનાવરણકષાયના તીવ્ર સ્થાનકોના ઉદયથી તેને અતિચારરહિત પાંચ અણુવ્રત હોતાં નથી તેથી ત્યાં 'અણુવ્રત' સંજ્ઞા નથી. પણ સ્થૂલ અપેક્ષાએ તેને પણ ત્રસઘાત ને અભક્ષભક્ષણના ત્યાગથી અણુવ્રત-અણુત્વ છે. વ્યસનોમાં ચોરીનો ત્યાગ છે એટલે અસત્ય પણ તેમાં ગર્ભિત છે. પરસ્ત્રીનો ત્યાગ છે અને વૈરાગ્યભાવના છે એટલે પરિગ્રહની મૂર્છાનાં સ્થાનક ઘટતાં છે – તેમાં પ્રમાણ પણ તે કરે છે, પરંતુ નિરતિચાર બનતું નથી તેથી તે 'વ્રતપતિમા' નામ પામતું નથી. વળી 'જ્ઞાની' વિશેષણ છે તે પણ યોગ્ય જ છે કારણ કે સમ્યગ્દૃષ્ટિ બની વ્રતનું સ્વરૂપ જાણી શ્રીગુરુની આપેલી પ્રતિજ્ઞાને ધારણ કરે છે માટે તે જ્ઞાની જ કહેવાય

છે એમ જાણવું.

મહાવીતરાગી મુનિવરોને તો ત્રણ પ્રકારના કષાયોનો નાશ થઈને ઘણી વીતરાગતા થઈ ગઈ છે. એવા સંતોને તો મહાવ્રત હોય છે. તેમાં તેમને સૂક્ષ્મ પાપોનો પણ ત્યાગ હોય છે. અહો ! નિર્ગ્રંથ વીતરાગી સંતોને એટલો બધો અકષાયભાવ થઈ ગયા હોય છે કે વસ્ત્રના ગ્રહણનો વિકલ્પ પણ તેમને નથી ઊઠતો, ક્ષણે-ક્ષણે નિર્વિકલ્પ આત્માનુભવમાં ઠરે છે. આવા સંતો તો મહાવ્રતી છે, અને શ્રાવકને સ્થૂળ હિંસાદિ પાપોના ત્યાગરૂપ અંશે વીતરાગભાવ છે, તે દેશવ્રત છે. શ્રાવકને પણ અંતરના ચિદાનંદ સ્વભાવના આશ્રયે વ્રતભાવ પ્રગટ્યો છે. ગમે તેવા પ્રતિકૂળ સંયોગ આવે તો પણ તે પોતાના વ્રતથી ચ્યુત થતો નથી, શિથિલ થતો નથી. સ્વભાવના અવલંબનની તેને એવી દૃઢતા હોય છે કે ગમે દેવા ઘોર પરિષહ કે ઉપસર્ગમાં પણ તે ચ્યુત થતો નથી. શ્રાવકને અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભનો તો પહેલાં સમ્યગ્દર્શન થતાં જ નાશ થઈ ગયો છે, પછી પંચમ ગુણસ્થાન થતાં અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધાદિનો પણ અભાવ થયો છે તથા પ્રત્યાખ્યાનાવરણીય કષાયની ઘણી મંદતા થઈ ગઈ છે. એટલો વીતરાગભાવ પોતાના સ્વભાવના અવલંબને પ્રગટે તેનું નામ વ્રતપડિમા છે. તે સિવાય સાચાં વ્રત કે પડિમા હોતાં નથી. હજી જેને આત્માનું ભાન પણ ન હોય, મુનિદશા કોને કહેવી અને શ્રાવકદશા કોને કહેવી તેનું પણ ભાન ન હોય – તેને સાચા વ્રત ક્યાંથી હોય અને મુનિદશાની તો ગંધ પણ શેની હોય ? પહેલાં સાચી ઓળખાણ કરવા માટેની આ વાત છે. જેમ જેમ સ્વભાવનું અવલંબન વધતું જાય છે તેમ તેમ ઉપલા કષાયોનો રસ પણ ઘટતો જાય છે. વ્રતપડિમાવાળા શ્રાવકને અનંતાનુબંધી તથા અપ્રત્યાખ્યાનાવરણીયનો તો અભાવ જ થયો છે, ને ત્રીજા પ્રત્યાખ્યાનાવરણીય કષાયનો રસ ઘણો મંદ થઈ ગયો છે ને અંદર ઉપશમભાવ ઘણો વધી ગયો છે. જુઓ, આ વ્રતીની દશા ! અંદરના ઉપશમરસમાં લીનતા થઈ છે ત્યાં તીવ્ર હિંસાદિના ભાવો થતાં જ નથી, તેનું નામ વ્રત છે. શ્રાવકનાં બાર વ્રતોનું વર્ણન હવે કરશે.

**શ્રાવણ સુદ ૩, શુક્રવાર, ૨૫-૭-૫૨**

સમ્યગ્દર્શનનો વિષય-ધ્યેય સામાન્ય અખંડ દ્રવ્યસ્વભાવ છે. તેના આલંબનથી જ નિર્મળતારૂપ ધર્મની ઉત્પત્તિ, વૃદ્ધિ ને ટકવું થાય છે. જ્ઞાયકસ્વભાવનું વિશેષ અવલંબન કરતાં પંચમ ગુણસ્થાનને યોગ્ય અંતરંગ શુદ્ધિ થાય છે ને તેટલા પ્રમાણમાં રાગની ઉત્પત્તિ થતી નથી. તે ભૂમિકામાં પાંચ અણુવ્રતાદિનું પાલન સહજ હોય છે, તેમાં હઠ કરવી પડતી નથી. સ્વભાવમાં ભાનપૂર્વકની એકાગ્રતા તે નિશ્ચયવ્રત છે, ને ત્યાં જે શુભરાગનો ભાગ રહે છે તે વ્યવહારવ્રત છે.

ગાથા-૩૩૧-૩૩૨

**આગળ પાંચ અણુવ્રતોમાં પ્રથમ અણુવ્રત કહે છે :-**

**यः व्यावृणोति सदयः आत्मना समं परं अपि मन्यमानः**
**निन्दनगर्हणयुक्तः परिहरमाणः महारम्मान्।।३३१।।**
**त्रसघातं यः न करोति मनोवचनकायैः नैव कारयति।**
**कुर्वन्तं अपि न इच्छति प्रथमव्रतं जायते तस्य।।३३२।।**

**અર્થ :- જે શ્રાવક, બેઈન્દ્રિય, ત્રણઈન્દ્રિય, ચારઈન્દ્રિય અને પંચેન્દ્રિયરૂપ ત્રસજીવોનો મન–વચન–કાયા દ્વારા પોતે ઘાત કરે નહિ, બીજા પાસે કરાવે નહિ તથા કોઈ બીજો કરતો હોય તો તેને ભલો માને નહિ તેને પ્રથમ અહિંસાણુવ્રત હોય છે. તે શ્રાવક કેવો છે ? વ્યાપારાદિ કાર્યોમાં દયાસહિત પ્રવર્તે છે, પ્રાણીમાત્રને પોતાસમાન માને છે, વ્યાપારાદિ કાર્યોમાં હિંસા થાય છે તે બદલ પોતાના દીલમાં પોતાની નિંદા કરે છે, ગર્હાપૂર્વક ગુરુની આગળ પોતાનું પાપ કહે છે, જે પાપ લાગે છે તેનું ગુરુની આજ્ઞા પ્રમાણે આલોચન–પ્રતિક્રમણ અને પ્રાયશ્ચિતાદિક લે છે તથા જેમાં ઘણી ત્રસહિંસા થતી હોય એવા મહાઆરંભયુક્ત મોટા વ્યાપારાદિ કાર્યોને છોડતો થકો પ્રવર્તે છે.**

ભાવાર્થ :- **ત્રસજીવનો ઘાત પોતે કરે નહિ, બીજા પાસે કરાવે નહિ અને કરનારને ભલો જાણે નહિ. પરજીવોને પોતાસમાન જાણે એટલે પરઘાત કરતો નથી. જેમાં ત્રસજીવોનો**

**ઘાત ઘણો થાય એવા મોટા આરંભને છોડે અને અલ્પ આરંભમાં ત્રસઘાત થાય તેમાં પણ પોતાની નિંદા–ગર્હાપૂર્વક આલોચન–પ્રતિક્રમણ–પ્રાયશ્ચિતાદિ કરે, અન્ય ગ્રંથોમાં તેના અતિચારો કહ્યાં છે તે ટાળે. અહીં ગાથામાં અન્ય જીવોને પોતાસમાન કહ્યાં છે તેમાં અતિચાર ટાળવાના પણ આવી ગયા, કારણ કે પરજીવને વધ, બંધન, અતિભારઆરોપણ, અન્નપાનનિરોધનમાં દુઃખ થાય છે, હવે પરજીવોને જો પોતાસમાન જાણે તો તે એમ શા માટે કરે ? (ન જ કરે).**

અર્થ :- જે જ્ઞાતાસ્વભાવમાં વિશેષ જાગૃતિવળો છે તે શ્રાવક બેઈંદ્રિયથી પંચેદ્રિયરૂપ ત્રસજીવોનો મન-વચન-કાયાદ્વારા પોતે ઘાત કરે નહિ, કરાવે નહિ, કરતાને અનુમોદે નહિ. તેને અરાગી સ્વભાવદૃષ્ટિ અને લીનતાના કારણે પ્રથમ અહિંસાણુવ્રત હોય છે.

આત્મા જ્ઞાન અને રાગ સિવાય કાંઈ કરી શકતો નથી, પણ મનવચનકાયાના આલંબનમાં ત્રસઘાતનો ભાવ પોતામાં થવા ન દેવો તેનું નામ અહિંસા છે. હિંસા થતી હોય તો અનુમોદના આપવાનો ભાવ વ્રતીને થતો નથી. પરને મારવાની કે જિવાડવાની ક્રિયા કોઈ આત્માને આધિન નથી પણ શુભઅશુભ રાગ વખતે બાહ્ય શું નિમિત્ત હોય છે તે તરફથી કથન થાય છે. પુણ્ય-પાપરૂપ અધર્મભાવ કે વીતરાગી ધર્મભાવ તો પોતામાં પોતે કરે તો થાય છે, કોઈ કરાવે અથવા પરના કારણે થાય એમ નથી.

જીવોના પ્રાણોનું જીવન-મરણ તો તેના આયુકર્મથી જ છે એમ ધર્મી જાણે છે, પણ કદી પ્રમાદથી પોતાને તીવ્ર રાગ થઈ આવે તો ગુરુ પાસે જઈ પાપની નિંદા કરે છે, આલોચના, પ્રતિક્રમણ, પ્રાયશ્ચિત કરે છે. ગુરુ પાસે વિનયથી નિવેદન કરે છે. બોલવાની ક્રિયા તો જડની છે. તેનાથી પુણ્ય-પાપ નથી, પોતાના પ્રમાદભાવ અનુસાર પુણ્ય-પાપ છે. રાગ મંદ પાડે તો પુણ્ય છે, ધર્મ નથી. મહાઆરંભ છોડે છે, પરની ક્રિયામાં કાંઈ મહાઆરંભ-સમારંભ નથી પણ ત્યાં તીવ્ર રાગ હતો તે અશુભરાગનું આલંબન છોડી જ્ઞાતામાત્ર સ્વભાવમાં અંશે જાગૃતિ વધારી તેનું નામ મહાઆરંભયુક્ત મોટા વ્યાપારાદિ કાર્યોને છોડે છે એમ કહ્યું.

ભાવાર્થ :- પંચમગુણસ્થાને ત્રસઘાત કરે, કરાવે કે અનુમોદે નહિ, પરજીવોને પોતાસમાન જાણે ને જ્ઞાતાપણામાં ધીરજ હોવાથી પરઘાત કરતો નથી. મારવાનો ભાવ કરતો નથી. હું પણ અનંતગુણનો પિંડ પરમાત્મા જેવો છું ને તે બધા જીવ પણ કેવળ જ્ઞાનાનંદની મૂર્તિ છે. વર્તમાન અવસ્થામાં સંસાર-મલિનભાવ છે તે ગૌણ કરીને અસલી આત્મસ્વભાવને મુખ્ય કરીને દેખે છે તેથી કોઈ પ્રત્યે શત્રુ-મિત્રની બુદ્ધિ કરતો નથી, પરજીવને મારવાનો ભાવ સહજ

થતો નથી.

અહો ! પંચમ ગુણસ્થાનવર્તી કોઈ જીવ નિર્ધન કે રોગી હોય તો તેને પણ સર્વાર્થસિદ્ધિ સ્વર્ગના દેવ કરતાં અનંતગુણી અધિક શાંતિ છે કેમકે બે કષાય ચોકડીનો અભાવ થઈ અંતરંગ શાંતિ વધી ગઈ છે. અન્ય જીવોને તે પોતાસમાન માને છે તેથી તેને વધ, બંધન, અતિભારઆરોહણ, અન્નપાનનિરોધન કરે-કરાવે નહિ કારણ કે તેમાં તે પ્રાણીને દુઃખ થાય છે માટે તેવી ક્રૂરતા ન કરે.

ગાથા-૩૩૩-૩૩૪

**આગળ બીજા સત્યાણુવ્રતને કહે છે :-**

**हिंसावचनं न वदति कर्कशवचनं अपि य: न भाषते।**
**निष्ठुरवचनं अपि तथा न भाषते गुह्यवचनं अपि।।३३३।।**
**हितमितवचनं भाषते सन्तोषकरं तु सर्वजीवानां।**
**धर्म्मप्रकाशनवचनं अणुव्रती भवति स: द्वितीय:।।३४।।**

**અર્થ :- જે હિંસાનું વચન ન કહે, કર્કશવાક્ય ન કહે, નિષ્ઠુરવચન ન કહે તથા પરનાં ગુહ્યવચન ન કહે, તો કેવાં વચન કહે ? સ્વ–પરને હિતરૂપ, પ્રમાણરૂપ, સર્વજીવોને સંતોષદાયક અને સદ્ધર્મને પ્રકાશવાવાળાં વચન કહે તે પુરુષ બીજા સત્યાણુવ્રતનો ધારક થાય છે.**

**ભાવાર્થ :- અસત્યવચન અનેક પ્રકારનાં છે, તેનો સર્વથા ત્યાગ તો સકલચારિત્રધારક મુનિને હોય છે અને અણુવ્રતમાં તો સ્થૂલ (અસત્ય)નો જ ત્યાગ હોય છે. જે વચનથી બીજા જીવોનો ઘાત થાય એવાં હિંસાના વચન ન કહે, જે વચન બીજાને કડવું લાગે–સાંભળતાં જ ક્રોધાદિ ઉત્પન્ન થાય એવાં કર્કશવચન ન કહે, બીજાને ઉદ્વેગ, ભય, શોક અને કલહ ઊપજી આવે એવાં નિષ્ઠુરવચન ન કહે, અન્યના ગુપ્તમર્મના પ્રકાશક વચન ન કહે તથા ઉપલક્ષણથી અન્ય પણ એવા કે જેમાં અન્યનું અહિત થાય એવાં વચન ન કહે, ત્યારે કેવાં વચન કહે ? કહે તો હિત–મિત વચન કહે, સર્વ જીવોને સંતોષ ઊપજે તથા જેનાથી સદ્ધર્મનો પ્રકાશ થાય એવા કહે. વળી મિથ્યાઉપદેશ, રહોભ્યાખ્યાન, કુટલેખક્રિયા, ન્યાસાપહાર અને સાકારમંત્રભેદ એ પાંચે અતિચારો ગાથામાં વર્ણન કર્યું તેમાં આવી જાય છે, અહીં તાત્પર્ય આ છે કે–જેથી અન્ય જીવોનું બૂરુ થાય, પોતાના ઉપર આપદા આવી પડે તથા વૃથા પ્રલાપવાક્યોથી પોતાને પણ પ્રમાદ વધે એવાં સ્થૂલઅસત્યવચન અણુવ્રતીશ્રાવક કહે નહિ, બીજા પાસે કહેવરાવે નહિ તથા કહેવાવાળાને ભલો જાણે નહિ તેને આ બીજું અણુવ્રત હોય છે.**

અર્થ :- જે હિંસાનું વચન તેમ જ કર્કશ કે નિષ્ઠુર વચન ન કહે, પરનાં ગુહ્યવચન ન કહે – ખાનગી વાત ઉઘાડી ન પાડે. જ્ઞાનીનાં વચનમાં પ્રામાણિકતા હોય છે. આત્મા વચન બોલી શકે એમ નથી પણ ભાવમાં સ્વરૂપની વિશેષ શાંતિ વધી છે તેથી તીવ્ર પ્રમાદ કરતો નથી. શાસ્ત્રમાં તો કહ્યું છે કે પાંચમા ગુણસ્થાનથી ધર્મી જીવને અનાદેય, અયશઃકીર્તિ, દુર્ભગ અશુભકર્મનો ઉદય નથી. એટલે શું ? કે બહારમાં ભલે શરીર કાળું કે રોગી વગેરે હોય, કોઈ નિંદા કરે, નિર્ધનતા હોય પણ પોતાને એવો માનતો નથી, એવી ખેદરૂપ લાગણી સ્વભાવના જોરે થવા દેતો નથી. તેથી ઉપરનાં અશુભકર્મનો ઉદય તેને માટે ઉદય કહેવાતો નથી.

સામાયિકનો પ્રયોગ એટલે આત્માના અપૂર્વ આનંદનો સ્વાદ જે સમ્યક્દર્શનમાં અનુભવ્યો છે તેને પ્રગટ વિશેષ સ્વાદરૂપ કરવા માટે અંતરમાં વિશેષ લીનતાનો અખતરો બે ઘડી કરે છે, તે આનંદદશાને પાંચમા ગુણસ્થાનની સામાયિક કહે છે. શરીર એક સ્થાને બેસે, વગેરેમાં સામાયિક નથી.

જ્ઞાનીના વચનો આડુંઅવળું ભરડી નાખે એવાં ન હોય, બીજાને અસંતોષ થાય તેની જવાબદારી જ્ઞાનીને નથી પણ બીજાને દુઃખ ન થાય એવું બોલવાના ભાવ પોતાને હોય છે. પણ પુણ્યથી ધર્મ થાય, વ્યવહાર કરે તો નિશ્ચય થાય એમ આડાંઅવળાં વચન ન કહે, પણ સત્યધર્મને પ્રકાશવાવાળાં, સ્વ-પરને હિતરુપ, પ્રમાણરૂપ, સર્વ જીવોને સંતોષદાયક વચન કહે છે. તે બીજા સત્યાણુવ્રતનો ધારક થાય છે.

ભાવાર્થ :- અસત્યવચન અનેક પ્રકારનાં છે, તેનો સર્વથા ત્યાગ તો સકળચારિત્રધારક નગ્ન દિગંબર ભાવલિંગી સંતને હોય છે. ક્ષણે-ક્ષણે સિદ્ધ પરમાત્મા જેવો અતીંદ્રિય આનંદ વેદે જ છે, એવું મુનિપદ છે, તેમને સત્યમહાવ્રત હોય છે. તેના અંશરૂપમાં શ્રાવક સમકિતીને હોય છે. જે વચન બીજાને કડવું લાગે, સાંભળતાં જ ક્રોધ થાય, કર્કશ, ઉદ્વેગ, ભય, શોક અને કલહકારી નિષ્ઠુર વચન બોલવાનો ભાવ ધર્મીને હોય નહિ. આવું ન બોલે તે તો ચરણાનુયોગનું ઉપચારથી કથન છે.

અન્યના ગુપ્ત મર્મનાં પ્રકાશક વચનો ન કહે, જેમાં અન્યનું અહિત થાય એવું ન બોલે. અત્યારે તો શરીરની ક્રિયા કરી શકાય છે, પુણ્યથી-વ્યવહારથી ધર્મ થાય એમ કહેનારા અને સ્વતંત્ર સત્‌નો વિરોધ કરનારા ઉપદેશકો ઘણા છે. જેને વીતરાગતા પ્રગટી છે તેને નીતિનું જીવન સહજ હોય છે. હિત-મિતવચન દ્વારા સદ્ધર્મપ્રકાશક વચન કહે. વળી મિથ્યાઉપદેશ, ગુપ્ત રહસ્યપ્રકાશન, ખોટા લેખ, મૂકેલી થાપણ લેવા આવનાર ભૂલથી ઓછી માંગે તો ઓછી આપે, સાકારમંત્રભેદ એ પાંચે અતિચાર ટાળે છે. તાત્પર્ય એ છે કે જેમાં સ્વ-પરને હાનિ થાય, વૃથા પ્રલાપોથી પોતાને પણ પ્રમાદ વધે એવાં સ્થૂળ અસત્યવચન અણુવ્રતી શ્રાવક કહે નહિ, કહેવડાવે

નહિ અને કોઈ કહે તો ભલું જાણે નહિ.

ગાથા-૩૩૫-૩૩૬

આગળ ત્રીજા અચૌર્યાણુવ્રતને કહે છે :-

य: बहुमुल्यं वस्तु अल्पमूल्येन नैव गृहणाति।
विस्मृतं अपि न गृहणाति लाभे स्तोके हि तुष्यति।।३३५।।
य: परद्रव्यं न हरति मायालोभेन क्रोधमानेन।
दृढचित: शुद्धमति: अणुव्रती स: भवेत् तृतीय:।।३३६।।

અર્થ :- જે શ્રાવક બહુમૂલ્યની વસ્તુ અલ્પમૂલ્યમાં ન લે, કપટથી–લોભથી–ક્રોધથી–માનથી પરનું દ્રવ્ય ન લે, તે ત્રીજા અણુવ્રતધારી શ્રાવક છે. કેવો છે તે ? દૃઢ છે ચિત્ત જેનું, કારણ પામવા છતાં પ્રતિજ્ઞા બગાડતો નથી તથા શુદ્ધ છે–ઉજ્જવલ છે બુદ્ધિ જેની (એવો છે).

ભાવાર્થ :- સાતવ્યસનના ત્યાગમાં ચોરીનો ત્યાગ તો કર્યો જ છે તેમાં આ વિશેષ છે કે–બહુમૂલ્યની વસ્તુ અલ્પમૂલ્યમાં લેવાથી ઝગડો ઉત્પન્ન થાય છે, કોણ જાણે શું કારણથી સામો માણસ અલ્પમૂલ્યમાં આપે છે ? વળી પરની ભૂલી ગયેલી વસ્તુ તથા માર્ગમાં પડેલી વસ્તુ પણ ન લે, એમ ન જાણે કે પેલો નથી જાણતો પછી તેનો ડર શો ? વ્યાપારમાં થોડા જ નફાથી સંતોષ ધારણ કરે, કારણ ઘણા લાલચ–લોભથી અનર્થ ઉત્પન્ન થાય છે, કપટ–પ્રપંચથી કોઈનું ધન લે નહિ, કોઈએ પોતાની પાસે (જમા) ધર્યું હોય તો તેને ન આપવાના ભાવ રાખે નહિ, લોભથી–ક્રોધથી પરનું ધન ખુંચવી લે નહિ, માનથી કહે કે `અમે મોટા જોરાવર છીએ–લીધું તો શું થઈ ગયું ?' એ પ્રમાણે પરનું ધન લે નહિ, એજ પ્રમાણે પરની પાસે લેવરાવે નહિ તથા કોઈ લેનારને ભલો જાણે નહિ. વળી અન્ય ગ્રંથોમાં તેના પાંચ અતિચાર કહ્યાં છે તે આ પ્રમાણે (૧) ચોરને ચોરી માટે પ્રેરણા કરવી, (૨) તેનું લાવેલું ધન લેવું, (૩) રાજ્યવિરૂદ્ધ કાર્ય કરવું, (૪) વેપારમાં તોલ–બાટ ઓછાં અધિકાં રાખવાં, (૫) અલ્પમૂલ્યની વસ્તુ બહુમૂલ્યવાન બતાવી તેનો વ્યવહાર કરવો. એ પાંચ અતિચાર છે એ ગાથાના કહેલાં વિશેષણોમાં આવી જાય છે. એ પ્રમાણે નિરતિચારરૂપે સ્તેય(ચોરી)ત્યાગવ્રતને જે પાળે છે તે ત્રીજા અણુવ્રતધારી શ્રાવક હોય છે.

અર્થ :- જે શ્રાવક બહુમૂલ્યની વસ્તુ અલ્પમૂલ્યમાં લે નહિ, ચોરીનો માલ લે નહિ. સહજાનંદની પૂર્ણપ્રતીતિથી નિઃશંક નિર્ભય હોય છે, તેથી કોઈ પ્રકારે ચોરી કરે, કરાવે કે અનુમોદે એવો તીવ્રરાગ પાંચમા ગુણસ્થાને આવે જ નહિ. કપટ, ક્રોધ, માનથી પરનું દ્રવ્ય ન લે. વળી સહજ વૈરાગી હોવાથી દૃઢ ચિત્તવાળો છે. ગમે તેવી સ્થિતિ ઊભી થાય તો પણ પ્રતિજ્ઞા બગાડે નહિ, તથા તે નિર્મળ મતિવાન છે.

ભાવાર્થ :- સાત વ્યસનનો ત્યાગ પ્રથમ સમ્યગ્દર્શનથી જ હોય છે. પાંચમે ગુણસ્થાને તેના અતિચાર પણ ટાળે છે. તેથી સીધી રીતે ચોરીનો ત્યાગ તો પ્રથમ દર્શનપ્રતિમામાં હોય છે. તેમાં વિશેષ એ છે કે માર્ગમાં કોઈની પડી વસ્તુ ઉઠાવી લે નહિ, થોડા નફાથી સંતોષ રાખે. કારણ કે ઘણા લોભથી અનર્થ ઉત્પન્ન થાય છે. કપટથી ફસાવીને કોઈનું ધન લે નહિ. ભય બતાવી પરધન હરે નહિ, પરની પાસે લેવરાવે નહિ, તે લેનારને ભલો જાણે નહિ.

નિર્મોહી જ્ઞાનાનંદ શાંતિના મહિમા આગળ સંસારની તુચ્છતા જ ભાસે છે તેથી તીવ્ર પાપમાં જોડાણ પાંચમાં ગુણસ્થાને હોય નહિ.

# પ્રસાદ નં. – ૨૭૬

**વી. નિ સં. ૨૪૭૮, શ્રાવણ સુદ ૧૦, વર્ષ ૨જું. પુસ્તક દસમું,**
**સોનગઢ, તા. ૧-૮-૫૨, શુક્રવાર.**

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(શ્રાવણ સુદ ૪, શનિવાર, ૨૬-૭-૫૨ સવાર)**

પંચમ ગુણસ્થાનવાળા શ્રાવકની બીજી પ્રતિમાનું વર્ણન ચાલે છે. વિકારરહિત જ્ઞાયકસ્વભાવના યથાર્થ નિર્વિકલ્પ અનુભવ વડે નિઃશંક થવું તે સમ્યગ્દર્શન છે. પુણ્યની રુચિ, પરમાં કર્તા-ભોક્તાપણાની બુદ્ધિ છૂટી, સ્વસન્મુખ શાંતિવાન થયો છે, પછી જ્ઞાતા દૃષ્ટિમાં લીનતા વડે જેને શુદ્ધિની અંશે વૃદ્ધિ થઈ તે દેશવિરતિ શ્રાવક છે. વાડાના નામધારી શ્રાવકની વાત નથી. શ્રાવિકા હોય તો પણ જાણે છે કે હું શરીરરૂપે નથી, ક્ષણિક પુણ્ય-પાપ તે હું નથી, પુણ્યથી ધર્મ નથી, દેહાદિની ક્રિયા હું કરી શકું નહિ. જ્ઞાતા જ છું એવું પ્રથમથી જ ભાન હોય છે ને ઘણીવાર દેહ, મન, ઈંદ્રિયાદિ પર તરફનું લક્ષ ભૂલી નિર્વિકલ્પ જ્ઞાનાનંદનો અનુભવ પણ કરે છે. એકલું જાણપણું નથી પણ સમ્ગ્દર્શનસહિત અંતર નિર્મળતાના અંશને વધારે છે તેને વ્રતાદિ પ્રતિમા હોય છે ને તે ભૂમિકામાં અતિચારરૂપ મલિનતા થવા દેતો નથી. તેને અકષાય આત્મદશાનો અતીંદ્રિય શાંતિનો સ્વાદ આવે છે.

શ્રાવકને સ્વભાવથી જ સંસારના સર્વભાવથી ઉદાસીનતા છે તેથી (૧) ચોરને પ્રેરણા કરે, કરાવે કે અનુમોદે નહિ, (૨) ચોરે લાવેલ ધન લે નહિ, (૩) રાજ્યવિરુદ્ધ કાર્ય કરે નહિ. તે જાણે છે કે સંસારમાં પુણ્યે મોટા તે મોટા છે. મારી યોગ્યતા એવી છે તો મારે માથે રાજા છે. તે જાણે છે કે આ ખોટું કરે છે પણ તેનો વિરોધ કરવા જેવો છે એમ

વિરોધની ભાવના ન ભાવે. વિકલ્પ આવે પણ રાજ્યવિરુદ્ધ પ્રવૃત્તિમાં ભાગ ન લે; કેમકે સંસારમાં પુણ્યે મોટા તે મોટા મનાય છે ને ધર્મમાં ગુણે મોટા તે મોટા કહેવાય છે.

કોઈ કહે કે અમે લૌકિકમાં નીતિવાળા છીએ માટે માંસ ન ખાય, નીતિવાન હોય તે જ રાજા કે શેઠની નોકરી કરું તો તે સંસારમાં ન ચાલે. કેમકે તેનાં પુણ્ય ઓછાં છે. વળી આવા રાજા કે શેઠ હોય તો જ સલામ કરું, નોકરી કરું એમ જે માને તેને પુણ્યનો ભરોસો નથી. રાજા અન્યાયી હોય તો તારે મધ્યસ્થ રહેવું કારણ કે પૂર્વના કારણ વિના પ્રતિકૂળતા આવે નહિ. માટે સંસારમાં જે પુણ્ય પ્રમાણે મોટા હોય તેને તેના લૌકિક પુણ્ય પ્રમાણે ધર્મી જીવ સ્વીકારે છે, ના ન પાડે.

માતાપિતા મિથ્યાદૃષ્ટિ હોય, પુણ્ય ઓછાં હોય પણ સમકિતી પુત્ર એમ ન માને કે તેઓ ધર્મ પામે, પુણ્યવાન થાય તો જ વિનય કરું ને વડીલ માનું. તે જાણે છે કે આવા સંયોગમાં આવવું તે મારી યોગ્યતા છે–એમ જાણી લોકવ્યવહારમાં પણ વિરોધી વર્તન ન કરે. માતા-પિતા, શેઠ, રાજા વગેરે આવા જ જોઈએ–એમ કોઈ માને છે. પણ દરેક જીવના પૂર્વના કારણ વિવિધ છે તો સંયોગમાં-કાર્યમાં પણ વિચિત્રતા છે. પૂર્વે કારણમાં ફેર હતો તેથી કાર્યમાં ફેર છે. છતાં કાર્યરૂપ ફળને બીજી રીતે માગે છે તે પુણ્ય-પાપના નિયમને સમજતો નથી. કોઈ સંયોગ-વિયોગ અકસ્માત નથી. આ સમયે આવી જ યોગ્યતા હોય–એમ જ્ઞાની જાણે છે.

રસ્તામાં ચોર લૂંટરા મળ્યા, તો તેને મારી નાખવા જોઈએ, ખોટા અમલદાર આવે તો વિરોધ કરવો જોઇએ, એવી સંયોગની અને વિકારની ભાવના ન કરે, વિકલ્પ આવે તો વસ્તુસ્વરૂપ વિચારી જ્ઞાતા રહે પણ ક્રોધ કરવા જેવો કે લંબાવવા જેવો છે, વેર વિરોધ કરીએ તો જ નભી શકાય એવું ધર્મી માને નહિ. સમ્યગ્દૃષ્ટિ વિરોધી સાથે લડાઈ પણ કરે, છતાં ત્યાં તે પોતાની વર્તમાન નબળાઈનો દોષ માને છે, બીજી ક્ષણે રાગ ટળી જાવ એમ ભાવના છે. વિકલ્પ આવે છતાં તેને પોતાની નબળાઈનો દોષ ગણે છે. પણ વિકાર કરવા જેવો છે, રાજ્યકર્તાઓ અન્યાયવાન હોય તો વિરોધ કરવો જોઈએ એમ માનનારને તો આસ્રવની, કર્તાપણાની ભાવના છે ને ત્યાં જ્ઞાતાસ્વભાવનો જ વિરોધ છે.

જ્ઞાનીની દૃષ્ટિ સંસારથી છૂટવાની છે, તેથી રાગરહિત નિવૃત્તસ્વભાવની મુખ્યતા, ભાવના, આદરમાં તે સાવધાન છે, છતાં કોઈ અતિચારમાં જોડાઈ જાય પણ તેનાથી છૂટી શાંત જ્ઞાનભાવમાં ઠરવા જ માંગે છે. પણ સંયોગ પલટાવું ને ક્રોધાદિ કરવા જેવા છે એમ જે માને છે તેને તો શ્રદ્ધામાં મોટો વિરોધ છે. જ્ઞાનીને વીતરાગદૃષ્ટિ જ મુખ્ય છે, તેમાં તો જરાય હાનિ થવા દેતો નથી પણ ચારિત્રમાં નબળાઈથી અતિચાર થઈ જાય તો નિંદા કરી

ખેદ પામે છે, હોંસ લાવી બચાવ નથી કરતો કે આવો દોષ તો ગૃહસ્થમાં હોય તેથી વાંધો નહિ. જો એમ કરે તો સ્વચ્છંદી-મિથ્યાદૃષ્ટિ છે.

ધર્મી અંદર ઠરવાની-શમાવાની ભાવના કરે છે. ક્યારે સર્વ આસક્તિ છોડી, ભાવલિંગી મુનિદશા અંગીકાર કરું, નિર્વિકલ્પ ધ્યાનમાં મસ્ત થઈ, દેહ-ઈંદ્રિયને ભૂલી જંગલમાં શાંત એકાંત સ્વસંવેદનમાં જ રહું, એવી વીતરાગ થવાની તેમને ભાવના છે.

હવે બ્રહ્મચર્યાણુવ્રતનું વ્યાખ્યાન કરે છેઃ-

ગાથા-૩૩૭-૩૩૮

આગળ બ્રહ્મચર્યાણુવ્રતનું વ્યાખ્યાન કરે છે :-

**अशुचिमयं दुर्गन्धं महिलादेहं विरक्तमान् यः।**
**रुपं लावण्यं अपि च मनोमोहनकारणं मन्यते।।३३७।।**
**यः मन्यते परमहिलां जननी भगिनीसुतादिसदृशां।**
**मनसा वचनेन कायेन अपि ब्रह्मव्रती सः भवेत् स्थूलः।।३३८।।**

**અર્થ :- જે શ્રાવક, સ્ત્રીના દેહને અશુચિમય–દુર્ગંધ જાણતો થકો તેના રૂપ–લાવણ્યને પણ (માત્ર) મનને મોહ ઊપજાવવાના કારણરૂપ જાણે છે અને તેથી તેનાથી વિરક્ત થઈ પ્રવર્તે છે, જે પરસ્ત્રી મોટી હોય તેને માતા બરાબર, બરાબર ઉમ્મરવાળી હોય તેને બ્હેન બરાબર તથા નાની હોય તેને દીકરી તુલ્ય મન–વચન–કાયથી જાણે છે તે સ્થૂલ બ્રહ્મચર્યાણુવ્રતધારી શ્રાવક છે. પરસ્ત્રીનો તો મન–વચન–કાય, કૃત–કારિત–અનુમોદનાથી ત્યાગ કરે છે, સ્વસ્ત્રીમાં સંતોષ ધરે, તીવ્રકામવશ વિનોદ–ક્રિડારૂપ ન પ્રવર્તે, સ્ત્રીના શરીરને અપવિત્ર–દુર્ગંધ જાણી વૈરાગ્યભાવનારૂપ ભાવ રાખે તથા કામની તીવ્રવેદના આ સ્ત્રીના નિમિત્તથી થાય છે તેથી તેની રૂપ–લાવણ્યાદિ ચેષ્ટાને મનને મોહિત કરવામાં–જ્ઞાનને ભૂલવવામાં–કામને ઊપજાવવામાં કારણરૂપ જાણી તેનાથી વિરક્ત રહે તે ચોથા અણુવ્રતધારી હોય છે. (૧) પરના વિવાહ કરવા, (૨–૩) પરની પરણી–અપરણીત સ્ત્રીનો સંસર્ગ રાખવો, (૪) કામક્રિડા, (૫) કામનો તીવ્ર અભિપ્રાય, એ તેના પાંચ અતિચાર છે, તે 'સ્ત્રીના દેહથી વિરક્ત રહેવું' એ વિશેષણમાં આવી જાય છે. પરસ્ત્રીનો ત્યાગ તો પહેલી પ્રતિમામાં સાતવ્યસનના ત્યાગમાં આવી ગયો છે, અહીં તો અતિતીવ્ર કામવાસનાનો પણ ત્યાગ છે, તેથી અતિચારરહિત વ્રત પળાય છે, પોતાની સ્ત્રીમાં પણ તીવ્રપણું હોતું નથી.**

**એ પ્રમાણે બ્રહ્મચર્યાણુવ્રતનું કથન કર્યું.**

અર્થ :- બ્રહ્મ નામ અંદર જ્ઞાનાનંદ અનાકુળ શાંતરસથી પૂર્ણ સ્વભાવ છે તેમાં નિર્મળ શ્રદ્ધા-જ્ઞાન-લીનતાથી ચરવું, ઠરવું તે જ બ્રહ્મચર્ય છે. નિશ્ચયથી તો પવિત્ર આત્મલીનતામાં જ બ્રહ્મચર્ય માને છે ને દૃષ્ટિમાં પૂર્ણ બ્રહ્મચર્યભાવની ભાવના છે પણ વર્તમાન રાગની ભૂમિકામાં સ્ત્રીસેવનના રાગનો ત્યાગ કરે છે. તેથી સ્ત્રીના દેહને અશુચિમય જાણી તેના રૂપ લાવણ્યને મનને મોહજનક જાણી તેનાથી વિરક્ત થઈ વર્તે છે. શરીર અશુચિ નથી પણ તે પ્રત્યે ભૂંડો રાગ તે તીવ્ર અશુચિ છે. ધર્માત્મા મોટી સ્ત્રીને માતાતુલ્ય, સમાનવયની સ્ત્રીને બહેનતુલ્ય તથા નાની ઉંમરનીને પુત્રીસમાન દેખે છે. બધા આત્મા અશરીરી પૂર્ણ જ્ઞાનાનંદસ્વરુપ પવિત્ર છે, પણ વર્તમાન પોતે રાગની ભૂમિકામાં છે છતાં વ્યવહારનીતિમાં ભાન છે કે મારે પરસ્ત્રીનો રાગ ન હોય. મિથ્યાદૃષ્ટિ લૌકિક સજ્જનને પણ પરસ્ત્રી સાથે અને સ્ત્રીને પરપુરુષ સાથે ખોટો વ્યવહાર ન હોય, તો આ તો લોકોત્તર સજ્જન છે, સર્વજ્ઞની આજ્ઞાનુસાર પોતાના જ્ઞાનાનંદ સ્વભાવને જ ઉપાદેય માની નીતિમાં વર્તે છે તે જો સ્વસ્ત્રીનો ત્યાગ ન કરી શકે તો પરસ્ત્રી તરફના રાગનો મન-વચન-કાયાથી ત્યાગ કરે છે. એટલો તો સહજ ત્યાગભાવ છે, તે સ્થૂળ બ્રહ્મચર્યાણુવ્રતધારી શ્રાવક છે. પરસ્ત્રીનો તો મન-વચન-કાય, કૃતકારિત અનુમોદનાથી નવકોટિથી ત્યાગ કરે છે. સ્વસ્ત્રીમાં પણ તીવ્ર કામવશ થતો નથી, અયોગ્ય વિનોદ-ક્રિડારૂપ પ્રવર્તે નહિ, સ્ત્રીના શરીરને દુર્ગંધી, મહામોહનું સ્થાન, જ્ઞાનને ભૂલવાનું કારણ જાણી તેનાથી વિશેષ વૈરાગ્યભાવ રાખે છે તથા (૧) અન્યના સંતાનના વિવાહ કરવા, કરાવવા, અનુમોદના કરવી એવી તીવ્રરાગની લપમાં પડે નહિ, (૨-૩) પરની પરણિત, અપરણિત સ્ત્રીનો સંસર્ગ કરે નહિ, (૪) કામક્રીડા કરે નહિ, (૫) કામવાસનાનો તીવ્ર અભિપ્રાય હોય નહિ.

કામવર્ધકપાક, કસ્તુરી, લસણ, ડુંગળી તથા એવી દવાઓ ધર્મીજીવ ન સેવે. એ પાંચ અતિચાર છે. તેનો ત્યાગ કરે. પૌષ્ટિક ખોરાકથી શરીર સારું રહે આવી ભાવના કરે નહિ, સ્વસ્ત્રીમાં પણ તીવ્રરાગરૂપ ઘેલછા હોતી નથી. પરસ્ત્રીનો ત્યાગ તો સાત વ્યસનના ત્યાગમાં પ્રથમ પ્રતિમામાં જ આવી જાય છે. અહીં તો અતિતીવ્ર કામવાસનાનો પણ સહજ ત્યાગ છે, તેથી અતિચાર રહિત વ્રત પાળે છે.

હવે પરિગ્રહપ્રમાણ નામના પાંચમા અણુવ્રતનું કથન કરે છે :-

ગાથા-૩૩૯-૩૪૦

હવે પરિગ્રહપ્રમાણ નામના પાંચમા અણુવ્રતનું કથન કરે છે :-

यः लोभं निहन्य सन्तोषरसायनेन सन्तुष्ठः।
निहन्ति तृष्णाः दुष्ठाः मन्यमानः विनश्वरं सर्वं।।३३९।।
यः परिमाणं करोति धनधान्यसुवर्णक्षेत्रादीनां।
उपयोगं ज्ञात्वा अणुव्रतं पञ्चमं तस्य।।३४०।।

**અર્થ :- જે પુરુષ, લોભકષાયને અલ્પ કરી સંતોષરૂપ રસાયણથી સંતુષ્ટ થતો થકો સર્વ ધન–ધાન્યાદિક પરિગ્રહને વિનાશીક માની દુષ્ટ તૃષ્ણાને અતિશય હણે છે તથા ધન–ધાન્ય–સુવર્ણ–ક્ષેત્રાદિ પરિગ્રહનું પોતાના ઉપયોગ સામર્થ્યને અને કાર્યવિશેષને જાણી તેના અનુસાર પ્રમાણ કરે છે તેને આ પાંચમું અણુવ્રત હોય છે. અંતરંગપરિગ્રહ તો લોભ–તૃષ્ણા છે તેને ક્ષીણ કરે છે તથા બાહ્યપરિગ્રહનું પ્રમાણ કરે છે, દ્રઢચિત્તથી પ્રતિજ્ઞાભંગ ન કરે તે અતિચારરહિત પંચમઅણુવ્રતી છે. એ પ્રમાણે પાંચ અણુવ્રત નિરતિચાર પાલન કરે છે તે વ્રતપ્રતિમાધારીશ્રાવક છે. એ પ્રમાણે પાંચ અણુવ્રતનું વ્યાખ્યાન કર્યું.**

અર્થ :- શ્રાવક લોભકષાયને અલ્પ કરી પોતાના નિર્લોભી, પવિત્ર, અખંડાનંદ સુખમાં સંતોષરૂપ રસાયણથી સંતુષ્ટ થયો થકો, સર્વ ધનધાન્યાદિક પરિગ્રહને વિનાશીક માની દુષ્ટ તૃષ્ણાને અતિશય હણે છે. તથા ધનધાન્ય સુવર્ણ ક્ષેત્રાદિકની પોતાના ઉપયોગ સામર્થ્ય અનુસાર મર્યાદા કરે છે. પાંચ લાખ રૂપિયા આખી જીંદગીમાં મળે તેમ ન હોય છતાં મોટી આશાવાળી ધનમર્યાદા કરે એને તીવ્ર લોભ છે, એવો લોભ શ્રાવકને હોય નહિ. ધર્મ રુચિવાન જીવ પૈસા લઈને દાનમાં દઉં કે તેની વ્યવસ્થામાં રોકાઉં એવી ભાવના પણ ન ભાવે.

## આત્મજીવનશિલ્પી શ્રી સદ્ગુરુદેવનો જય હો !

## શ્રાવણ સુદ ૫, રવિવાર, ૨૭-૭-૫૨

આત્મા પરવસ્તુ – ધન, ધાન્ય, સુવર્ણને ગ્રહણ કરી શકતો નથી, તેમ જ ત્યાગ પણ કરી શકતો નથી. શ્રાવક ભેદજ્ઞાનપૂર્વક જ્ઞાનાનંદની રુચિ અને મુખ્યતામાં વર્તતો દૃઢ ચિત્તથી બાહ્ય પરિગ્રહમાં તૃષ્ણા ઘટાડી અતિચારરહિત પરિગ્રહપરિમાણ દેશવ્રતનું પાલન કરે છે.

હવે તે વ્રતોની રક્ષા કરવાવાળાં સાત શીલ છે તેનું વ્યાખ્યાન કરે છે, તેમાં પ્રથમ ત્રણ ગુણવ્રતમાં પહેલાં ગુણવ્રતને કહે છે :-

ગાથા-૩૪૧-૩૪૨

**આગળ એ વ્રતોની રક્ષા કરવાવાળાં સાત શીલ છે તેનું વ્યાખ્યાન કરે છે, તેમાં પ્રથમ ત્રણ ગુણવ્રતમાં પહેલા ગુણવ્રતને કહે છે :-**

**यथा लोभनाशनार्थं सङ्गप्रमाणं भवेत् जीवस्य।**
**सर्वासु दिक्षु प्रमाणं तथा लोभं नाशयेत् नियमात्।।३४१।।**
**यत् परिमाणं क्रियते दिशानां सर्वासां सुप्रसिद्धानां।**
**उपयोगं ज्ञात्वा गुणव्रतं जानीहि तत् प्रथमं।।३४२।।**

**અર્થ :- લોભનો નાશ કરવા અર્થે જીવને પરિગ્રહનું પ્રમાણ હોય છે, તેમાં પણ સર્વ દિશાઓમાં પરિમાણ કરીને પણ નિયમથી લોભનો નાશ કરે છે તેથી પૂર્વ વગેરે પ્રસિદ્ધ દશ દિશાઓ છે તેનું પોતાના પ્રયોજનભૂત કાર્યથી જરૂરીઆત જાણી પ્રમાણ કરે તે પહેલું ગુણવ્રત છે. પહેલાં કહેલાં પાંચે અણુવ્રતનું ઉપકારી આ ગુણવ્રત છે. અહીં 'ગુણ' શબ્દ ઉપકારવાચક સમજવો. જેમ લોભનો નાશ કરવા માટે પરિગ્રહનું પ્રમાણ કરે છે તેમ લોભનો નાશ કરવા માટે દિશાઓનું પણ પ્રમાણ કરે છે. જ્યાં સુધીનું પ્રમાણ કર્યું હોય તે ઉપરાંતની પેલી બાજુ દ્રવ્યાદિની પ્રાપ્તિ થતી હોય તોપણ ત્યાં જાય નહિ, એ પ્રમાણે લોભને ઘટાડ્યો, તથા પ્રમાણથી પેલી બાજુ ન જવાથી એ બાજુ સંબંધીનું હિંસાનું પાપ પણ લાગતું નથી તેથી એ બાજુ સંબંધી (ગુણવ્રત પણ) મહાવ્રત બરાબર થયાં.**

અર્થ :- લોભનો નાશ કરવા માટે નિર્લોભ, પવિત્ર, સહજ જ્ઞાનાનંદઅમૃતરસથી પૂર્ણ છું એવું ભાન અને અંશે શાંતિરૂપ લીનતા થઈ છે તેવો જ્ઞાની દિશાનું માપ કરે છે કે સર્વ દિશામાં અમુક ગાઉ સુધી જવું, તેથી આગળ ન જવું. જ્ઞાની ચૈતન્યરૂપ અસંખ્યપ્રદેશી ક્ષેત્રને છોડી કદી બાહ્યક્ષેત્રમાં ગયો નથી, જઈ શકતો નથી પણ બાહ્યક્ષેત્રે ગમન કરવાનો રાગ, તૃષ્ણા ઘટાડે છે. નિર્મમત્વ જ્ઞાનશાંતિને અંગીકાર કરે છે અને વર્તમાન નબળાઈથી વધુ ત્યાગ ન કરી શકે તો પ્રયોજન જેટલી જરૂરિયાત જાણી દિશાઓનું માપ કરે તે પાંચે અણુવ્રતના પાલનમાં મમતામાં ઘટાડો કરી, સમતામાં રહેવાની ભાવના પુષ્ટ કરનારું આ પ્રથમ ગુણવ્રત છે.

જેમ બને તેમ લોભનો નાશ કરવા માટે દૂર ક્ષેત્રે જવાના રાગની મર્યાદા કરે છે. પછી તે દિશા મર્યાદાથી દૂર લાખો રૂપિયા વગેરે મળે તેમ હોય તો પણ તે જાય નહિ. એ પ્રમાણે નિવૃત્તિમય વીતરાગ શાંતિની રુચિ વધારી અંશે લોભ ઘટાડ્યો છે. ક્ષેત્રપ્રમાણથી પેલી બાજુ ન જવાથી એ સંબંધી હિંસાનુ પાપ – આકુળતારૂપ ઈચ્છાનું પાપ લાગતું નથી. તેથી તે બાજુ સંબંધી ઈચ્છારહિત થયો એ અપેક્ષાએ તે ગુણવ્રત મહાવ્રત બરાબર થયા.

દેવ આવીને લાલચ આપે અથવા ભય દેખાડે તો પણ દૃઢવ્રતી ચળે નહિ. સંયોગ-ક્ષેત્ર આદિમાં ધર્મ-અધર્મ નથી પણ નિમિત્તથી કથન કર્યું છે. પ્રયોજન તો રાગ ઘટાડી અતીંદ્રિય આત્મશાંતિનું છે. પંચમ ગુણસ્થાનમાં આત્મિક જ્ઞાન શાંતિના અવલંબનમાં સર્વાર્થસિદ્ધિના સમકિતી દેવ કરતાં વધું શાંતિ છે. એ શ્રાવકપણું કેવું હશે ?

ધર્મી જીવની ટેક એવી હોય છે કે પ્રાણ જાય પણ પ્રતિજ્ઞા ન જાય. ધર્મનાથ તીર્થંકર ભગવાનના સ્તવનમાં કહે છે કે :-

"ધર્મ જિનેશ્વિર ગાઉં હો રંગ શું, ભંગ મ પડશો હો પ્રીત જિનેશ્વર,
બીજો મનમંદિર આણું નહિ, એ અમ કુળ વટ રીત જિનેશ્વર."

અશરીરી સિદ્ધની જાતનો જ હું છું તેનો એકનો જ આદર કરવાની મારી દૃઢ ટેક છે તેથી સ્વપ્નેય પુણ્ય-પાપ સંસારની વાતનો આદર કરું નહિ, હું પણ સિદ્ધ ચિદાનંદ પૂર્ણ થયા તેના કુળનો કેડાયત છું, ચાર ગતિમાં જવાનો રાગ કલંક છે. અતીંદ્રિય સિદ્ધ પરમાત્મપણાના મહિમા વડે સર્વ કલંક ટાળી વીતરાગી થવાનો જ છું, એમ ધર્મી ગૃહસ્થદશામાં કોલકરાર કરી દૃઢવ્રતી થાય છે.

હવે આગળ બીજું અનર્થદંડવિરતિ ગુણવ્રત કહે છે :-

ગાથા-૩૪૩

આગળ બીજા અનર્થદંડવિરતિ ગુણવ્રતને કહે છે :-

**कार्यं किमपि न साधयति नित्यं पापं करोति यः अर्थः।**
**सः खलु भवेत् अनर्थः पञ्चप्रकारः अपि सः विविधः।।३४३।।**

**અર્થ :- જે કાર્યથી પોતાનું પ્રયોજન તો કાંઈ સધાય નહિ પણ માત્ર પાપ જ ઉત્પન્ન કરે એવું હોય તેને અનર્થ કહે છે તે પાંચ વા અનેક પ્રકારનાં પણ છે.**

**ભાવાર્થ :- પ્રયોજન વિના પાપ ઊપજાવે તે અનર્થદંડ છે તેના અપધ્યાન, પાપોપદેશ, પ્રમાદચર્યા, હિંસાપ્રદાન તથા દુઃશ્રુતિશ્રવણ એ પાંચ પ્રકાર વા અનેક પ્રકાર પણ છે. તેમાં પ્રથમ ભેદ કહે છે :-**

અર્થ :- જે કાર્યથી પોતાનું પ્રયોજન કાંઈ પણ ન સધાય, માત્ર પાપ જ થાય તે અનર્થદંડરૂપ આત્મહિંસાના પાંચ પ્રકાર મુખ્ય છે.

ભાવાર્થ :- પ્રયોજન વિના પાપ ઊપજાવે તેના અપધ્યાન, પાપ ઉપદેશ, હિંસાના સાધનોનું પ્રદાન તથા દુઃશ્રુતિશ્રવણ એ વા અનેક પ્રકાર છે.

ગાથા-૩૪૪

**परदोषानां ग्रहणं परलक्ष्मीनां समीहनं यत् च।**
**परस्त्री आलोकः परकलहालोकनं प्रथमं।।३४४।।**

**અર્થ :- બીજાના દોષ ગ્રહણ કરવા, અન્યની લક્ષ્મી–ધનસંપદાની વાંછા કરવી, પરની સ્ત્રીને રાગસહિત નીરખવી (તાકી તાકીને જોવી) તથા પરના કલહ જોવા ઈત્યાદિ કાર્યો કરવાં તે પ્રથમ અનર્થદંડ છે.**

**ભાવાર્થ :- પરના દોષ ગ્રહણ કરવામાં પોતાના ભાવ તો બગડે છે પણ પોતાનું પ્રયોજન કાંઈ પણ સિદ્ધ થતું નથી, પરનું બૂરુ થાય અને પોતાનું દુષ્ટપણું માત્ર ઠરે છે. બીજાની સંપદા દેખી પોતે તેની વાંછા કરે તો તેથી કાંઈ પોતાની પાસે તે આવી જતી નથી એટલે**

**એથી પણ નિષ્પ્રયોજન ભાવ જ બગડે છે. બીજાની સ્ત્રીને રાગસહિત (તાકી તાકીને) જોવામાં પણ પોતે ત્યાગી થઈને નિષ્પ્રયોજન ભાવ શા માટે બગાડે ? વળી પરના કલહ જોવામાં પણ કાંઈ પોતાનું કાર્ય સાધ્ય થતું નથી પરંતુ ઉલટી કદાચિત્ પોતાના ઉપર આફત આવી પડે છે. એ પ્રમાણે એ આદિથી માંડી જે જે કાર્યોમાં પોતાના ભાવ બગડે તે તે બધો અપધ્યાન નામનો પ્રથમ અનર્થદંડ છે અને તે અણુવ્રતભંગના કારણરૂપ છે, તેને છોડતાં જ વ્રત દૃઢ ટકે છે. હવે બીજા પાપોપદેશ નામના અનર્થદંડને કહે છે :-**

અર્થ :- ધર્મી જીવ બીજાના દોષ ગ્રહણ કરે નહિ, કુથલી-નિંદા કરે નહિ. પોતાની અપૂર્વ આત્મશાંતિરૂપ સંપદાને પોતાની માનતો સ્વભાવથી સંતોષવાન છે, તેથી અન્યની લક્ષ્મીની વાંચ્છા ન કરે, પરસ્ત્રીને રાગથી નીરખવી, તેની સામે તાકી-તાકીને જોવું, પરના કજીયા જોવા ઈત્યાદિ ન કરે. કેમકે અપ્રત્યાખ્યાનાવરણીય સંબંધી કષાયનો અભાવ કરી સમતારસમાં ઠરતો જાય છે.

ધર્મી જીવ વિનાપ્રયોજન કોઈ સંસારકાર્યમાં રોકાય નહિ. કોઈ સમકિતી ગરીબ પણ હોય. બધા જ્ઞાની સધન જ હોય એમ નથી. સધનતા એ ગુણ નથી, ને નિર્ધનતા એ દોષ નથી. સાતમી નારકમાં સમકિતી હોય તે બાહ્યમાં પાપનો સંયોગ છે છતાં આત્મશાંતિવાન સુખી છે ને બ્રહ્મદત્ત ચક્રવર્તી મિથ્યાદૃષ્ટિ હતો તો દુઃખી છે.

ધર્મી જીવ કોઈના ઝગડામાં પડે નહિ, કેમ કે એવી લપમાં શાંતસ્વરૂપની જાગૃતિ છોડવી પડે છે માટે પાપ ઉપદેશથી ધર્મી જીવ નિવર્તે છે.

**ગાથા-૩૪૫**

## यः उपदेशः दीयते कृषिपशुपालनवाणिज्यप्रमुखेषु।
## पुरुषस्त्रीसंयोगे अनर्थदण्डः भवेत् द्वितीयः।।३४५।।

**અર્થ :- ખેતી કરવી, પશુપાલન, વાણિજ્ય કરવું તથા સ્ત્રી–પુરુષનો સંયોગ જેમ થાય તેમ બતાવવો ઈત્યાદિ પાપસહિત કાર્યોનો બીજાને ઉપદેશ આપવો તેનું વિધાન (રીત) બતાવવું કે જેમાં પોતાનું પ્રયોજન તો કાંઈ સધાય નહિ પણ માત્ર પાપ જ ઉત્પન્ન થાય તે બીજો પાપોપદેશ નામનો અનર્થદંડ છે. બીજાને પાપનો ઉપદેશ કરવામાં પોતાને કેવળ પાપબંધ જ થાય છે અને**

**તેથી વ્રતભંગ થાય છે, એને છોડતાં વ્રતની રક્ષા થાય છે. વ્રત ઉપર ગુણ કરે છે–ઉપકાર કરે છે તેથી તેનું નામ ગુણવ્રત છે.**

અર્થ :- ખેતી કરવી, પશુપાલન, વાણિજ્ય તથા સ્ત્રી-પુરુષનો સંયોગ થાય તેવો ઉપાય બતાવવો ઈત્યાદિ પાપ સહિત કાર્યોનો બીજાને ઉપદેશ આપવો, વિધવા વિવાહની સંમતિ આપવી, વગેરે કાર્યને ધર્મી જીવ અનર્થ-પાપરૂપ માને છે. જે શુભ-પુણ્યકર્મને પણ ઝેર માને તે અનર્થદંડના પાપને ભલું કેમ માને ? ન જ માને.

પશુપાલનમાં આવી કમાણી છે, ઘરનાં ઘી-દૂધના મલાવા કરવા બહું સારું વગેરે મમતા પાંચમા ગુણસ્થાને ન હોય. દયાના ભાવ તે પુણ્ય છે, તેનો નિષેધ નથી. પણ આના પાલનથી લાભ થાય એમ માને નહિ. ખેતી, પશુપાલન વગેરેમાં રોકાવું તે પાપરાગ છે, એમ જાણી વિનાપ્રયોજન એવી તૃષ્ણા ધર્મી કરતો નથી. બીજાને પાપનો ઉપદેશ કરવામાં કેવળ પાપબંધ છે. ગૃહસ્થદશામાં પશુપાલનાદિનો રાગ હોય, પણ બીજાને ઉપદેશ આપી સંસારમાં ઊંડા ઊતારે નહિ, કેમ કે નકામો એવી લપમાં વ્રતનો ભંગ થાય છે. તેના દોષને છોડતાં પાંચ અણુવ્રતની રક્ષા થાય છે. આત્મભાનની જાગૃતિમાં સહજ અશુભનો ત્યાગ થાય છે ને અનર્થદંડના પાપ પરિણામ થતા નથી.

આગળ ત્રીજા પ્રમાદચર્યા નામના અનર્થદંડને કહે છે :-

**ગાથા-૩૪૬**

**આગળ ત્રીજા પ્રમાદચર્યા નામના અનર્થદંડને કહે છે :-**

विफल: य: व्यापार: पृथ्वीतोयानां अग्निपवनानां।

तथा अपि वनस्पतिच्छेद: अनर्थदण्ड: भवेत् तृतीय:।।३४६।।

**અર્થ :- અફળ–નિષ્પ્રયોજન એવા પૃથ્વી, જળ, અગ્નિ અને પવનના વ્યાપારમાં પ્રવૃત્તિ કરવી તથા નિષ્પ્રયોજન હરિત (લીલોતરી) વનસ્પતિકાયનું છેદન–ભેદન કરવું તે ત્રીજો પ્રમાદચર્યા નામનો અનર્થદંડ છે.**

**ભાવાર્થ :- પ્રમાદવશ બની પૃથ્વી–જળ–અગ્નિ–વાયુ અને હરિતકાયની વિનાપ્રયોજન વિરાધના કરે ત્યાં ત્રસ–સ્થાવરજીવોનો ઘાત તો થાય છે જ અને પોતાનું કાર્ય કાંઈ પણ સધાતું**

**નથી તેથી એ કરવામાં વ્રતભંગ થાય છે, એને છોડતાં જ વ્રતની રક્ષા થાય છે.**

અર્થ :- નિષ્પ્રયોજન પૃથ્વી ખોદવી, જળ ઢોળવું, જળમાં પથ્થર ફેંકવા, અગ્નિ-વાયરાના વ્યાપારમાં પ્રવૃત્તિ કરવી તથા લીલોતરી વિનાપ્રયોજન તોડ્યા કરવી તે પ્રમાદચર્યા નામનો અનર્થદંડ છે.

પરનું કરવું-ન કરવું તે વાત નથી પણ તીવ્રકષાયરૂપ આવાં પ્રમાદ કાર્યોમાં ત્રસ-સ્થાવરની હિંસાનું પાપ જ થાય છે તેથી પંચમ ગુણસ્થાનવર્તી આવા નિમિત્તમાં જોડાતો નથી.

હવે હિંસાદાન નામના ચોથા અનર્થદંડને કહે છે :-

ગાથા-૩૪૭

**આગળ હિંસાદાન નામના ચોથા અનર્થદંડને કહે છે :-**

**माज्जार्रप्रभृतिधरणं आयुधलोहादिविक्रय: यत् च।**
**लाक्षाखलादिग्रहणं अनर्थदण्ड: भवेत् तुर्य्य:।।३४७।।**

**અર્થ :- બિલાડાં વગેરે હિંસકજીવોને પાલન કરવા, લોખંડનો વા લોખંડઆદિના આયુધોનો વ્યાપાર કરવો–લેણ દેણ કરવી, લાખ–ખલા આદિ શબ્દથી ઝેરી વસ્તુ આદિની લેણ–દેણ વણજવ્યાપાર કરવો એ હિંસાદાન નામનો ચોથો અનર્થદંડ છે.**

**ભાવાર્થ :- હિંસકજીવોનું પાલન તો નિષ્પ્રયોજન અને પાપરૂપ પ્રગટ જ છે તથા હિંસાના કારણરૂપ શસ્ત્ર–લોહ–લાખઆદિનો વણજવ્યાપાર–લેણદેણ કરવાં તેમાં પણ ફળ તો અલ્પ છે–પાપ ઘણું છે માટે તે પણ અનર્થદંડ જ છે, એમાં પ્રવર્તતાં વ્રતભંગ થાય છે અને તેને છોડતાં વ્રતની રક્ષા થાય છે.**

અર્થ :- બિલાડાં, કૂકડાં, કૂતરા વગેરે હિંસક પશુને પાળવાં, લોખંડ અને લોઢાના હથિયારનો વ્યાપાર તથા લેણ-દેણ કરવી, લાખ, ઝેરી વસ્તુ વગેરેનો વેપાર કરવો તેમાં પાપ જ છે – એમ જાણી એ હિંસાદાન નામનો અનર્થદંડ છોડતાં જ વ્રતની રક્ષા થાય છે.

# પ્રસાદ નં. – ૨૭૮

**વી. નિ સં. ૨૪૭૮, શ્રાવણ સુદ ૧૨, વર્ષ ૨જું. પુસ્તક દસમું,**
**સોનગઢ, તા. ૩-૮-૫૨, રવિવાર.**

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(શ્રાવણ સુદ ૬, સોમવાર, ૨૮-૭-૫૨ સવાર)**

સમ્યગ્દૃષ્ટિ જીવ ધર્મનો વિચાર વિશેષ શુદ્ધતા માટે કરે છે. પંચમ ગુણસ્થાનમાં એક પછી એક પ્રતિમામાં શુદ્ધિની વૃદ્ધિ અને અશુદ્ધિની હાનિ કેમ અને કેટલી હોય છે તેનો વિચાર કરે છે.

હિંસાના કારણરૂપ વણજ વેપારનો રાગ વ્રતી શ્રાવકને હોતો નથી. હિંસાના વ્યાપારીઓ સાથે લેણ-દેણ વગેરેનો સંબંધ રાખે નહિ. નિમિત્તનો કર્તા-હર્તા નથી પણ એના સંબંધમાં રહે તો વ્રતનો ભંગ થાય છે, એને છોડતાં વ્રતની રક્ષા થાય છે.

હવે દુઃશ્રુતિ નામના પાંચમા અનર્થદંડને કહે છે :-

**ગાથા-૩૪૮**

**આગળ દુઃશ્રુતિ નામના પાંચમા અનર્થદંડને કહે છે :-**

**यत् श्रवणं शस्त्राणां भण्डणवशीकरणकामशास्त्राणां।**
**परदोषाणां च तथा अनर्थदण्डः भवेत् चरमः।।३४८।।**

**અર્થ :- જે સર્વથા એકાન્તવાદીઓનાં કહેલાં શાસ્ત્રો કે જે શાસ્ત્ર જેવાં દેખાય છે એવાં**

**કુશાસ્ત્રો, ભાંડક્રિયા–હાસ્ય–કુતૂહલકથનનાં શાસ્ત્રો, વશીકરણ–મંત્રપ્રયોગનાં શાસ્ત્રો, સ્ત્રીઓની ચેષ્ટાના વર્ણનરૂપ કામશાસ્ત્રો એ બધાનું સાંભળવું ઉપલક્ષણથી વાંચવું–શીખવું–સંભળાવવું તથા પરના દોષોની કથા કરવી–સાંભળવી તે દુઃશ્રુતિશ્રવણ નામનો છેલ્લો પાંચમો અનર્થદંડ છે.**

**ભાવાર્થ :- ખોટાં શાસ્ત્રો સાંભળવાં–વાંચવાં–સંભળાવવાં–રચવાં એમાં આપણું કાંઈ પ્રયોજન સિદ્ધ થતું નથી–માત્ર પાપ જ થાય છે. વળી આજીવિકા અર્થે પણ એનો વ્યવહાર કરવો શ્રાવકને ઉચિત નથી. માત્ર વ્યાપારાદિ વડે યોગ્ય આજીવિકા જ શ્રેષ્ટ છે. જેમાં વ્રતભંગ થાય તેવું તે શા માટે કરે ? વ્રતની રક્ષા જ કરવી યોગ્ય છે.**

અર્થ :- જે શાસ્ત્ર જેવાં દેખાય છે પણ કુશાસ્ત્ર છે, સર્વજ્ઞ વીતરાગકથિત તથા ગણધરાદિ વીતરાગી સંતોએ રચેલાં સુશાસ્ત્રથી જેમાં વિરુદ્ધ કથન છે તે બધાં કુશાસ્ત્ર છે. તે એકાંત નિત્ય-અનિત્ય, કર્તા-અકર્તા, શુદ્ધ-અશુદ્ધ જ માની મિથ્યાજ્ઞાનને પોષે છે માટે સર્વજ્ઞકથિત પૂર્વાપર વિરુદ્ધતારહિત સત્શાસ્ત્રને જ જ્ઞાની માને છે. તે મિથ્યાશાસ્ત્ર કુદેવ-કુગુરુની વાત સાંભળે પણ નહિ, તેમનો વિનય પણ કરે નહિ.

કોઈએ જિનાગમનું નામ આપ્યું હોય ને અંદર દેવ, ગુરુ, શાસ્ત્ર તથા તત્વનું સ્વરૂપ વિપરિત કહ્યું હોય, મોક્ષમાર્ગનું અનેક વિરુદ્ધતાવાળું કથન હોય એવાં કુશાસ્ત્રોને તે માને નહિ.

વળી હાસ્ય, કુતૂહલ તથા વશીકરણ-મંત્રનાં શાસ્ત્રો, સ્ત્રીઓની ચેષ્ટાના વર્ણનરૂપ કામશાસ્ત્રો વગેરેને સાંભળે નહિ તેમ જ વાંચે નહિ. એવું શીખવું-શીખવવું અનર્થદંડ છે. પરના દોષોની કથા કરવી કે સાંભળવી – તે દુઃશ્રુતિશ્રવણ નામનો પાંચમો અનર્થદંડ દોષ છે.

એકાંત સંસારવાસનાથી ભરેલાં કોઈ શાસ્ત્ર સાંભળવાં-સંભળાવવાં, વાંચવાં કે રચવાની દરકાર ધર્મી શ્રાવક કરે નહિ. કુશાસ્ત્રનો વેપાર પણ ન કરે, કારણ કે તેમ કરવાથી વ્રતભંગ થાય છે.

આગળ અનર્થદંડના કથનને સંકોચે છે :

ગાથા-૩૪૯

**આગળ અનર્થદંડના કથનને સંકોચે છે :-**

**एवं पञ्चप्रकारं अनर्थदण्डं दु:खावहं नित्यं।**
**य: परिहरति ज्ञानी गुणव्रती स: भवेत् द्वितीय:।।३४९।।**

**અર્થ :- જે જ્ઞાનીશ્રાવક આ પ્રમાણે અનર્થદંડને નિરંતર દુઃખનાં ઊપજાવવાવાળાં જાણીને છોડે છે તે બીજા ગુણવ્રતનો ધારવાવાળો શ્રાવક થાય છે.**

**ભાવાર્થ :- આ અનર્થદંડત્યાગ નામનું ગુણવ્રત, અણુવ્રતોનું ઘણું ઉપકારી છે તેથી શ્રાવકોએ તેનું અવશ્ય પાલન કરવું યોગ્ય છે.**

બાર વ્રતની ભાવના તે સંવર છે કેમકે નિત્ય જ્ઞાયકસ્વભાવની એકાગ્રતાની ભાવના ભાવે છે તેમાં જેટલાં અંશે રાગ ટળી શાંતિમય જાગૃતિ રાખે છે તેટલો ધર્મ છે.

અર્થ :- જે જ્ઞાની શ્રાવક છે તે ઉપર પ્રમાણેના અનર્થદંડને નિરંતર દુઃખકારી જાણી છોડે છે.

ભાવાર્થ :- આ અનર્થદંડત્યાગ નામનું ગુણવ્રત, અણુવ્રતોનું ઘણું ઉપકારી છે તેથી શ્રાવકોએ તેનું અવશ્ય પાલન કરવું યોગ્ય છે.

આગળ ભોગઉપભોગ ત્રીજા ગુણવ્રતને કહે છે :-

ગાથા-૩૫૦

**આગળ ભોગોપભોગ નામના ત્રીજા ગુણવ્રતને કહે છે :-**

**ज्ञात्वा सम्पत्ती: भोजनताम्बूलवस्त्रादीनां।**
**यत् परिमाणं करोति भोगोपभोगं व्रतं तस्य।।३५०।।**

**અર્થ :- જે પોતાના સંપદા અને સામર્થ્ય જાણી (વિચારી) ભોજન–તાંબુલ–વસ્ત્ર આદિનું પ્રમાણ–મર્યાદા કરે તે શ્રાવકને ભોગોપભોગપ્રમાણ નામનું ગુણવ્રત હોય છે.**

**ભાવાર્થ :- ભોજન–તાંબુલ આદિ જે એકવાર ભોગવવામાં આવે તેને ભોગ કહે છે તથા**

**વસ્ત્ર–ઘરેણાં વગેરે વારંવાર ભોગવવામાં આવે તેને ઉપભોગ કહે છે. તેનું પ્રમાણ યમરૂપ પણ હોય છે તથા હરરોજના નિયમરૂપ પણ હોય છે. ત્યાં યથાશક્તિ પોતાના સાધન–સામગ્રીનો વિચાર કરી તેનો યમરૂપ વા નિયમરૂપ પણ ત્યાગ કરે છે તેમાં હરરોજ જરૂરીઆત જાણી તે અનુસાર (નિયમરૂપ) ત્યાગ કર્યા કરે તે અણુવ્રતને ઘણો ઉપકારક છે.**

રાગ તોડીને, પુરુષાર્થની શક્તિ તથા એકાગ્રતાનું જોર દેખે તે મુજબ પ્રતિજ્ઞા લ્યે છે. હઠ કરી, દેખાદેખીથી આવેશમાં આવી જઈને પ્રતિજ્ઞા કરતો નથી પણ સહજ જ્ઞાનમાં સમતાદ્વારા બાહ્ય આલંબનરૂપ રાગ ઘટાડવાનો પ્રયોગ નિત્ય કરે છે.

જે પોતાની સંપદા-સામર્થ્ય જાણી ભોજન, તાંબુલ, વસ્ત્ર આદિનું દરરોજ પ્રમાણ-મર્યાદા કરે છે તે શ્રાવકને ભોગોપભોગપ્રમાણ નામનું ગુણવ્રત હોય છે.

જેનો આજીવન ત્યાગ કરે તે યમ અને અમુકકાળની મર્યાદા સુધી ત્યાગની પ્રતિજ્ઞા કરવી તે નિયમ કહેવાય છે.

ભાવાર્થ :- એકવાર ભોગવવામાં આવે તેવાં ભોજનાદિને ભોગ કહે છે, તથા વસ્ત્રાદિ વારંવાર ભોગવવામાં આવે છે તેથી તેને ઉપભોગ કહે છે. ત્યાં શક્તિ અનુસાર વિચાર કરી તેનો યમરૂપ ત્યાગ કરે છે. તેમાં હંમેશાની જરૂરિયાત જાણી તે ઉપરાંતનો નિયમરૂપ ત્યાગ કરે છે.

આગળ છતી (મોજુદ) ભોગોપભોગની વસ્તુને છોડે છે તેની પ્રશંસા કરે છે :-

**ગાથા-૩૫૧**

**આગળ છતી (મોજુદ) ભોગોપભોગની વસ્તુને છોડે છે તેની પ્રશંસા કરે છે :-**

**यः परिहरति संतं तस्य व्रतं स्तूयते सुरेन्द्रैः।**
**यः मनोमोदकवत् बुभुक्षति तस्य व्रतं अल्पसिद्धिकरं।।३५१।।**

**અર્થ :- જે પુરુષ છતી (પ્રાપ્ત-મોજુદ) વસ્તુનો ત્યાગ કરે છે તેના વ્રતને દેવોનો ઈંદ્ર પણ અભિનંદે છે-પ્રશંસે છે તથા અપ્રાપ્ત વસ્તુનો ત્યાગ તો એવો છે કે જેમ લાડુ તો હોય નહિ અને મનમાં સંકલ્પમાત્ર લાડુની કલ્પના કરી લાડુ ખાય તેવો છે. અહીં અણછતી વસ્તુ સંકલ્પમાત્ર છોડાવી એ વ્રત તો છે પરંતુ અલ્પ સિદ્ધિદાતા છે અર્થાત્ તેનું ફળ અલ્પ છે.**

**પ્રશ્ન :- ભોગોપભોગપરિમાણને અહીં ત્રીજા ગુણવ્રતમાં ગણ્યું પણ તત્વાર્થસૂત્રમાં તો ત્રીજું ગુણવ્રત, દેશવ્રત કહ્યું છે અને ભોગોપભોગપરિમાણવ્રતને ત્રીજા શિક્ષાવ્રતમાં ગણ્યું છે તેનું શું કારણ ? તેનું સમાધાન :-**

**એ આચાર્યોની વિવક્ષાનું વિચિત્રપણું છે. સ્વામીસમંતભદ્રાચાર્યે રત્નકરંડશ્રાવકાચારમાં પણ અહીં કહ્યું તેમ જ કહ્યું છે—એમાં વિરોધ નથી. અહીં તો અણુંવ્રતના ઉપકારકની અપેક્ષા લીધી છે અને ત્યાં (તત્વાર્થસૂત્રમાં) સચિત્તાદિ ભોગ છોડવાની અપેક્ષા—મુનિવ્રતની શિક્ષા આપવાની લીધી છે એટલે એમાં કાંઈ વિરોધ નથી, એ પ્રમાણે ગુણવ્રતનું વ્યાખ્યાન કર્યું. ***

અર્થ :- જે પુરુષ છતી (પ્રાપ્ત-મોજુદ) વસ્તુનો ત્યાગ કરે છે તેના વ્રતને દેવોનો ઈંદ્ર પણ અભિનંદે છે-પ્રશંસે છે તથા અપ્રાપ્ત વસ્તુનો ત્યાગ તો એવો છે કે જેમ લાડુ તો હોય નહિ અને મનમાં સંકલ્પમાત્ર લાડુની કલ્પના કરી લાડુ ખાય તેવો છે. અહીં અણછતી વસ્તુ સંકલ્પમાત્ર છોડાવી એ વ્રત તો છે પરંતુ અલ્પ સિદ્ધિદાતા છે અર્થાત્ તેનું ફળ અલ્પ છે.

શુદ્ધ ચિદાનંદનું ભાન કરી વિશેષ જાગૃતિદ્વારા પરદ્રવ્ય પ્રત્યે રાગ છોડે તે પ્રશંસાયોગ્ય છે. "ન મળે નારી ને થાય બ્રહ્મચારી" એમ નહિ પણ છતી વસ્તુમાં આસક્તિ ટાળી જ્ઞાનાનંદમાં

---

* **दिग्व्रतमनर्थदण्डव्रतं च भोगोपभोगपरिमाणं;**
**अनुब्रंहणाद्गुणानामाख्यान्ति गुणव्रतान्यार्या।।६७।।**

દિગ્વ્રત, અનર્થદંડવ્રત, ભોગોપભોગપ્રમાણવ્રત એ ત્રણ વ્રતો અણુવ્રતોને વધારવાના હેતુરૂપ હોવાથી તેને ગુણવ્રત કહે છે. (રત્નકરંડશ્રાવકાચાર)

**देशावकाशिकं वा सामायिकं प्रोषधोपवासो वा;**
**वैयावृत्यं शिक्षाव्रतानिचत्वारि शिष्टानि।।९१।।**

દેશાવકાશિક, સામાયિક, પ્રોષધોપવાસ અને વૈયાવૃત્ય એ ચાર શિક્ષાવ્રત છે. (રત્નકરંડશ્રાવકાચાર)

**दिग्देशानर्थदंडविरति-सामायिक प्रोषधोपवासोप-**
**भोगपरिभोगपरिमाणातिथिसंविभागव्रतसम्पनश्च।**

દિગ્વ્રત, દેશવ્રત, અનર્થદંડવિરત એ ત્રણ તથા સામાયિક, પ્રોષધોપવાસ, ભોગોપભોગપ્રમાણ અને અતિથિસંવિભાગ એ સાત વ્રતોસહિત ગૃહસ્થવ્રતી હોય છે. (તત્ત્વાર્થસૂત્ર અ. ૭ સૂત્ર ૨૧)

સાવધાન રહેવાની વાત છે. રાગનો ત્યાગ પણ ઉપચારમાત્ર છે, પરનો ત્યાગ તો ઉપચારનો પણ સ્થૂળ ઉપચાર છે. ભાનસહિત નિશ્ચય જ્ઞાતા રહ્યો તે મોક્ષમાર્ગ છે ને ત્યાં શેનો અભાવ હોય છે તેનું જ્ઞાન કરવું તે વ્યવહાર છે.

પ્રશ્ન :- ભોગોપભોગપરિમાણને અહીં ત્રીજા ગુણવ્રતમાં ગણ્યું પણ તત્વાર્થસૂત્રમાં તો ત્રીજું ગુણવ્રત, દેશવ્રત કહ્યું છે અને ભોગોપભોગપરિમાણવ્રતને ત્રીજા શિક્ષાવ્રતમાં ગણ્યું છે તેનું શું કારણ ?

સમાધાન :- એ આચાર્યોની વિવક્ષાની અનેકતા છે. આશય બધાનો સમાન છે, તેથી વિરોધ નથી. સ્વામીસમંતભદ્રાચાર્યે રત્નકરંડશ્રાવકાચારમાં પણ અહીં કહ્યું તેમ જ કહ્યું છે– એમાં વિરોધ નથી. અહીં તો અણુવ્રતના ઉપકારકની અપેક્ષા લીધી છે અને ત્યાં (તત્વાર્થસૂત્રમાં) સચિત્તાદિ ભોગ છોડવાની અપેક્ષા-મુનિવ્રતની શિક્ષા આપવાની અપેક્ષા લીધી છે એટલે એમાં કાંઈ વિરોધ નથી, એ પ્રમાણે ગુણવ્રતનું વ્યાખ્યાન કર્યું.

આગળ મુનિ થવાની ભાવના માટે શિક્ષાવ્રત હોય છે તેનું વ્યાખ્યાન કરે છે ત્યાં પ્રથમ સામાયિક શિક્ષાવ્રત કહે છે.

**ગાથા-૩૫૨**

**હવે આગળ શિક્ષાવ્રતનું વ્યાખ્યાન કરે છે, ત્યાં પ્રથમ સામાયિકશિક્ષાવ્રત કહે છે :-**

**सामायिकस्य करणे क्षेत्रं कालं च आसनं विलयः।**
**मनोवचनकायशुद्धिः ज्ञातव्याः भवन्ति सप्त एव।।३५२।।**

**અર્થ :- પ્રથમ સામાયિક કરવામાં ક્ષેત્ર, કાળ, આસન, લય, મનશુદ્ધતા, વચનશુદ્ધતા અને કાયશુદ્ધતા એ સાત સામગ્રી જાણવા યોગ્ય છે ત્યાં પ્રથમ ક્ષેત્રને કહે છે :-**

અર્થ :- પ્રથમ સામાયિક કરવામાં ક્ષેત્ર, કાળ, આસન, લય, મનશુદ્ધતા, વચનશુદ્ધતા અને કાયશુદ્ધતા એ સાત સામગ્રી જાણવા યોગ્ય છે.

શ્રાવક કોને કહે છે તેનો વિચાર ચોથા-પાંચમા-છઠ્ઠાગુણસ્થાનવાળા જ્ઞાની પણ કરે છે.

સામાયિકકરનારને અશરીરી અરાગી ચિદાનંદ આત્માનું ભાન તો છે જ, અપૂર્વ અમૃતસ્વભાવનો અનુભવ સમ્યગ્દર્શન વખતે થયો છે. પણ વિશેષ શાંતિમય અનુભવ માટે

સામાયિકનો અભ્યાસ કરે છે, ને તે દ્વારા સવાર-બપોર-સાંજ આકાગ્રતા કરે છે. દ્રવ્યાનુયોગ સહિત, ભેદજ્ઞાનપૂર્વક વિશેષ શાંતિ થતાં વિકાર કેમ ઘટે છે તેની વાત છે. સ્વભાવનું અવલંબન લે તો જ રાગ ઘટે છે.

ગાથા-૩૫૩

**यत्र न कलकलशब्द: बहुजनसङ्घट्टनं न यत्र अस्ति।**
**यत्र न दंशादिका: एष: प्रशक्त: भवेत् देश:।।३५३।।**

**અર્થ :- જ્યાં કલકલાટ શબ્દ હોય નહિ, જ્યાં ઘણાં લોકોનું સંઘટ્ટન–આવરોજાવરો ન હોય, જ્યાં ડાંસ–મચ્છર–કીડી–ભ્રમરાદિ શરીરને બાધાકારક જીવો ન હોય, એવું ક્ષેત્ર સામાયિક કરવા માટે યોગ્ય છે.**

**ભાવાર્થ :- જ્યાં ચિત્તમાં ક્ષોભ ઊપજાવવાવાળાં કોઈ કારણો ન હોય ત્યાં સામાયિક કરવી. હવે સામાયિકનો કાળ કહે છે :-**

અર્થ :- સમ્યક્ત્વપૂર્વક આત્મશાંતિ કરનાર પોતાની રુચિને અંદરમાં લંબાવે છે. બહાર એકાંત જંગલમાં જાઉં તો શાંતિ થાય એમ સંયોગની ભાવના ભાવતો નથી. એકાંત તો અરાગી આત્મામાં છે, પણ પુરુષાર્થની નબળાઈ છે તેથી વ્યવહારે વિચાર કરે છે કે સામાયિક કરવા માટે જ્યાં કલકલાટ શબ્દ ન હોય, જ્યાં ઘણા લોકોનું અવર-જવર ન હોય, ઘોંઘાટ ન હોય, ડાંસ, મચ્છર, કીડી, ભ્રમરાદિ શરીરને બાધાકારી જીવ ન હોય એવું ક્ષેત્ર સામાયિક કરવા માટે યોગ્ય છે. ક્ષેત્રથી લાભ-નુકશાન માનતો નથી. અખંડ આનંદધામ, અસંખ્યપ્રદેશી, નિર્મળ, અનંતગુણનો અક્ષય ભંડાર આ આત્મા જ એકાંત ઉત્તમક્ષેત્ર છે એમ જ માને છે. આ તો સાધકને આવો વિકલ્પ આવે છે તેનું અહીં જ્ઞાન કરાવે છે. ભાવનાપૂર્વક શાંતિમાં અંદર ઠરવા માંગે છે, ચિત્તને ક્ષોભકારી સંયોગમાં ઉદ્યમ કરીને જાય નહિ.

ગાથા-૩૫૪

**पूर्वाह्णे मध्यह्णे अपराह्णे त्रिषु अपि नालिकाषट्कम्।**
**सामायिकस्य कालः सविनयनिःस्वेशनिर्दिष्टः।।३५४।।**

**અર્થ :- પૂર્વાન્હ એટલે પ્રભાતકાળ, મધ્યાન્હ એટલે દિવસનો મધ્યવખત અને અપરાન્હ એટલે દિવસનો પાછલો વખત (સંધ્યાસમય) એ ત્રણે કાળમાં છ-છ ઘડીનો કાળ સામાયિકનો છે એમ વિનયસહિત નિઃસ્વ એટલે પરિગ્રહરહિતના ઈશ્વર ગણધરદેવે કહ્યું છે.**

**ભાવાર્થ :- ત્રણ ઘડી પાછલીરાત્રીનો તથા ત્રણ ઘડી દિવસ ઉગ્યા પછીનો એમ છ ઘડીનો કાળ પૂર્વાન્હકાળ છે, બીજા પહોરની પહેલાંની ત્રણ ઘડીથી માંડી પાછળની ત્રણ ઘડી સુધીનો છ ઘડીનો મધ્યાન્હકાળ છે તથા દિવસની છેલ્લી ત્રણ ઘડીથી માંડી રાત્રીની ત્રણ ઘડી સુધીનો છ ઘડીનો અપરાન્હકાળ છે. એ સામાયિકનો ઉત્કૃષ્ટકાળ છે. વળી (પ્રાતઃકાળ, મધ્યાહ્નકાળ અને સંધ્યાકાળ) એમ ત્રણે કાળમાં બબ્બે ઘડીનું સામાયિક પણ કહ્યું છે. એ પ્રમાણે ત્રણ કાળમાં છ ઘડી થાય છે.**

---

અર્થ :- સવાર, બપોર, સાંજ એ ત્રણે કાળમાં છ-છ ઘડી સામાયિકનો કાળ છે એમ વિનયસહિત નિઃસ્વ એટલે નિષ્પરિગ્રહીના ઈશ્વર ગણધરદેવે કહ્યું છે.

ભાવાર્થ :- ત્રણ ઘડી પાછલી રાત્રિનો તથા ત્રણ ઘડી દિવસ ઉગ્યા પછીનો એમ છ ઘડીનો કાળ પૂર્વાન્હકાળ છે, બીજા પહોરની પહેલાંની ત્રણ ઘડીથી માંડી પાછળની ત્રણ ઘડી સુધીનો છ ઘડીનો કાળ મધ્યાન્હકાળ છે તથા દિવસની છેલ્લી ત્રણ ઘડીથી માંડી રાત્રિની ત્રણ ઘડી સુધીનો છ ઘડીનો અપરાન્હકાળ છે. એ સામાયિકનો ઉત્કૃષ્ટકાળ છે. વળી (પ્રાતઃકાળ, મધ્યાન્હકાળ અને સંધ્યાકાળ) એમ ત્રણે કાળમાં બબ્બે ઘડીનું સામાયિક પણ કહ્યું છે. એ પ્રમાણે ત્રણ કાળમાં છ ઘડી થાય છે.

નિરતિચાર સામાયિક પાળવાની વાત છે. જેમાં સ્વભાવના ઉગ્ર અવલંબન વડે શુદ્ધિ વધે છે. પ્રથમ પ્રતિમામાં નિરતિચાર વ્રત હોતા નથી. પણ બીજી વગેરે પ્રતિમામાં નિરતિચાર વ્રત હોય છે. ઉપરની પ્રતિમાઓમાં અકષાયનો અંશ વધે છે અર્થાત્ શુદ્ધિની વૃદ્ધિ થાય છે ને સ્વભાવના અવલંબન વડે વિશેષ સ્થિરતા કરે છે. અનંતાનુબંધી તથા અપ્રત્યાખ્યાનાવરણીય એ બે કષાયચોકડીનો અભાવ કર્યો છે તે ઉપરાંત ત્રીજા પ્રત્યાખ્યાનાવરણીય કષાયનો રસ ક્રમે-ક્રમે મંદ કરે છે.

# શ્રાવકના ધર્મોનું વર્ણન

**શ્રાવણ સુદ ૭, મંગળવાર, ૨૯-૭-૫૨**

આ શ્રાવકના બાર પ્રકારના ધર્મોનું વર્ણન ચાલે છે, તેમાં સૌથી પહેલાં શુદ્ધ ચિદાનંદ આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન કરીને સમ્યગ્દર્શન પ્રગટ કરવું તે ધર્મ છે. સમ્યગ્દર્શન પછી સ્વભાવના આશ્રયે જેમ-જેમ શુદ્ધતા વધતી જાય છે અને રાગ ટળતો જાય છે તેમ-તેમ તે શુદ્ધતાના પ્રમાણમાં શ્રાવકના વ્રતપડિમા તેમ જ મુનિનાં મહાવ્રત વગેરે હોય છે. અંતરમાં ચિદાનંદ ધ્રુવ સ્વભાવની દૃષ્ટિ અને અવલંબન રાખીને આ બધી વાત છે. અહીં શ્રાવકની બીજી વ્રતપડિમામાં બાર વ્રત હોય છે, તેમાંથી સામાયિકવ્રતનું વર્ણન ચાલે છે.

સામાયિકનાં આસન વગેરેનું કથન કરે છે :-

**હવે આસન, લય, તથા મન–વચન–કાયાની શુદ્ધતાને કહે છે :-**

**बन्धित्वा पर्य्यङ्क अथवा उर्द्धेन उद्भू: स्थित्वा।**
**कालप्रमाणं कृत्वा इन्द्रियव्यापारवर्ज्जित: भूत्वा।।३५५।।**
**जिनवचनैकाग्रमना: संपुटकाय: च अञ्जलिं कृत्वा।**
**स्वस्वरूपे संलीन: वन्दनार्थं अपि चिन्तयन्।।३५६।।**
**कृत्वा देशप्रमाणं सर्वसावद्यवर्जित: भूत्वा।**
**य: करोति सामायिकं स: मुनिसदृश: भवेत् श्रावक:।।३५७।।**

**અર્થ :- પંર્યકાસન બાંધી અથવા ઉભા ખડ્‌ગાસને રહીને, કાળનું પ્રમાણ કરી, વિષયોમાં ઈંદ્રિયોનો વ્યાપાર નહિ થવા અર્થે જિનવચનમાં એકાગ્રચિત્ત કરી, કાયાને સંકોચી, હાથની અંજલિ જોડી પોતાના સ્વરૂપમાં લીન થયો થકો અથવા સામાયિક-વંદનાના પાઠના અર્થને ચિંતવતો થકો ક્ષેત્રનું પ્રમાણ કરી સર્વ સાવદ્યયોગ જે ઘર-વ્યાપારાદિ પાપયોગ તેનો ત્યાગ કરી પાપયોગરહિત બની સમાયિકમાં પ્રવર્તે તે શ્રાવક તે કાળમાં મુનિ જેવો છે.**

**ભાવાર્થ :- આ શિક્ષાવ્રત છે. ત્યાં આ અર્થ જણાય છે કે જે સામાયિક છે તે સર્વ રાગ-દ્વેષરહિત બની બહારની સર્વ પાપયોગક્રિયાથી રહિત થઈ પોતાના આત્મસ્વરૂપમાં તલ્લીન બની મુનિ પ્રવર્તે છે. આ સામાયિકચારિત્ર મુનિનો ધર્મ છે. એ જ શિક્ષા શ્રાવકને પણ આપવામાં આવે છે કે સામાયિકના કાળની મર્યાદા કરી તે કાળમાં મુનિની માફક પ્રવર્તે છે. કારણ કે મુનિ થયા પછી આ પ્રમાણે સદા રહેવું થશે, એ અપેક્ષાથી શ્રાવકને તે કાળમાં મુનિ જેવો કહ્યો છે.**

અર્થ :- પંર્યકાસન બાંધી અથવા ઉભા ખડ્ગાસને રહીને, કાળનું પ્રમાણ કરી, વિષયોમાં ઇંદ્રિયોનો વ્યાપાર નહિ થવા અર્થે જિનવચનમાં એકાગ્રચિત્ત કરી, કાયાને સંકોચી, હાથની અંજલિ જોડી પોતાના સ્વરૂપમાં લીન થયો થકો અથવા સામાયિક-વંદનાના પાઠના અર્થને ચિંતવતો થકો ક્ષેત્રનું પ્રમાણ કરી સર્વ સાવદ્યયોગ જે ઘર-વ્યાપારાદિ પાપયોગ તેનો ત્યાગ કરી પાપયોગરહિત બની સમાયિકમાં પ્રવર્તે તે શ્રાવક તે કાળમાં મુનિ જેવો છે.

જુઓ, સામાયિક કોને કહેવાય ? કે પ્રથમ તો આત્માનો ત્રિકાળસ્વભાવ શ્રદ્ધામાં લઈને તેની પ્રતીતિ કરવી તે સમ્યગ્દર્શનરૂપી સામાયિક છે. તે સમ્યગ્દર્શનપૂર્વક સમ્યગ્જ્ઞાન તે પણ જ્ઞાનસામાયિક છે. તે દર્શનસામાયિક અને જ્ઞાનસામાયિક ઉપરાંત ચારિત્રરૂપ સામાયિકની આ વાત છે. સમ્યગ્દર્શન પછી ધ્રુવસ્વભાવના નિર્વિકલ્પ અનુભવનો અખતરો કરે તેને સામાયિક કહેવાય છે. આ સામાયિક વખતે શ્રાવક પણ મુનિ જેવો કહેવાય છે. હજી મુનિદશા તો નથી, પણ સામાયિક કરવા વખતે રાગની ઘણી મંદતા થઈ ગઈ છે તે અપેક્ષાએ તેને મુનિ જેવો કહેવાય છે.

શરીરનું ઊભું રહેવું કે બેસવું તે તો જડની ક્રિયા છે પણ સામાયિકના વિકલ્પ વખતે દેહની એવી ક્રિયા દેહના કારણે થાય છે. સામાયિક કરનાર એકાગ્રચિત્ત કરીને જિનવચનમાં કહેલાં વીતરાગી વસ્તુસ્વરૂપને ચિંતવે છે, તે વખતે કાયાને સંકોચે છે એટલે કે કાયાને ફેરવવા તરફનો વિકલ્પ થતો નથી. તથા અંતરમાં ધ્રુવસ્વભાવનું અવલંબન લઈને સ્વરૂપમાં લીન થાય છે, તે જ પરમાર્થ સામાયિક છે. ત્યાં બહારમાં આસન વગેરે નિમિત્ત કેવાં હોય છે તેનું જ્ઞાન કરાવ્યું છે. દેહની ક્રિયા તે સામાયિક નથી. શુભરાગ આવે તે પણ સામાયિક નથી, પણ અંદરમાં ચિદાનંદસ્વરૂપમાં નિર્વિકલ્પ લીનતા થઈ તે સામાયિક છે. સ્વરૂપમાં લીનતા કોને થાય ? કે જેણે પહેલાં સ્વરૂપને જાણ્યું હોય. પુણ્ય-પાપ અને દેહની ક્રિયાથી પાર ચિદાનંદ ભગવાન હું છું – જેણે એવું ભાન કર્યું હોય તેને તેમાં લીનતા થાય, અને તેને જ સામાયિક હોય. આ

સિવાય બીજાને સાચી સામાયિક હોય નહિ. પહેલાં ગુરુગમે તત્વનો અભ્યાસ કર્યો હોય ને આત્માનું ભાન કર્યું હોય, પછી તેમાં વિશેષ એકાગ્રતાથી શુદ્ધતા પ્રગટે તેનું નામ સામાયિક છે. તે સામાયિક વખતે શ્રાવક વેપાર વગેરેના સાવદ્યભાવ કરે નહિ. જુઓ, દ્રવ્યને લક્ષમાં રાખીને આ બારે ભાવનાઓનું વર્ણન છે.

ભાવાર્થ :- આ શિક્ષાવ્રત છે. ત્યાં આ અર્થ જણાય છે કે સામાયિક છે તે સર્વ રાગ-દ્વેષરહિત બની બહારની સર્વ પાપયોગક્રિયાથી રહિત થઈ પોતાના આત્મસ્વરૂપમાં તલ્લીન બની મુનિ પ્રવર્તે છે. આ સામાયિકચારિત્ર મુનિનો ધર્મ છે. એ જ શિક્ષા શ્રાવકને પણ આપવામાં આવે છે કે સામાયિકના કાળની મર્યાદા કરી તે કાળમાં મુનિની માફક પ્રવર્તે છે. કારણ કે મુનિ થયા પછી આ પ્રમાણે સદા રહેવું થશે, એ અપેક્ષાથી શ્રાવકને તે કાળમાં મુનિ જેવો કહ્યો છે.

જેમ વીતરાગી મુનિઓ નિજસ્વરૂપમાં લીન થઈને સામાયિકધર્મમાં પ્રવર્તે છે, તેમ અહીં શ્રાવકને પણ તેનો ઉપદેશ કર્યો છે. મુનિને કેવો સામાયિકધર્મ હોય તે જાણીને તેની ભાવના કરે, કે અહો ! હું મુનિ થઈશ ત્યારે હું પણ મુનિવરોની માફક આવું આત્મધ્યાન કરીશ, એમ મુનિપણાની ભાવનાસહિત શ્રાવક પોતાની શક્તિ પ્રમાણે સામાયિકનો અખતરો કરે છે. મુનિદશા વગર તો મોક્ષ નથી, માટે શ્રાવક તેની ભાવના કરે છે. તે સામાયિક શીખે છે. મુનિને તો નિરંતર સહજ સામાયિક વર્તે છે, તે તો આનંદકંદ અમૃતસાગરમાં પડ્યા છે, ને શ્રાવકને તેવા અનુભવનો અખતરો અલ્પકાળ હોય છે. મુનિદશા થયા પહેલાં તેનો અભ્યાસ કરે છે કે અહો ! ક્યારે ચૈતન્યમાં એકાગ્ર થઈએ ! આ અપેક્ષાએ શ્રાવકને પણ સામાયિક વખતે મુનિ જેવો કહ્યો છે.

હવે આગળ પ્રોષધોપવાસ નામના બીજા શિક્ષાવ્રતને કહે છે :-

પ્રોષધ એટલે વીતરાગ દૃષ્ટિમાં યથાર્થ પુષ્ટિ હોય પછી અનાકુળ આત્માનંદ અનુભવ વડે આત્માને પોષવો તે પૌષધ છે. સ્વભાવમાં વિશેષ એકાગ્રતાનો અભ્યાસ કરે છે.

---

**હવે આગળ પ્રોષધોપવાસ નામના બીજા શિક્ષાવ્રતને કહે છે :-**

**स्नानविलेपनभूषणस्त्रीसंसर्गगन्धधूपदीपादीन्।**
**य: परिहरति ज्ञानी वैराग्यभरणभूषणं कृत्वा।।३५८।।**
**द्वयो: अपि पर्वणो: सदा उपवासं एकभक्तं निर्विकृतिं।**
**य: करोति एवमादि तस्य व्रतं प्रोषधं द्वितीयं।।३५९।।**

**અર્થ :- જે જ્ઞાની શ્રાવક એક પક્ષનાં આઠમ-ચૌદશ બન્ને પર્વોમાં સ્નાન, વિલેપન, આભૂષણ, સ્ત્રીસંસર્ગ, સુગંધધૂપ, દીપ આદિ ભોગોપભોગની વસ્તુને છોડી વૈરાગ્યભાવનારૂપ આભરણથી આત્માને શોભાયમાન કરી ઉપવાસ વા એકભુક્તિ વા નીરસઆહાર કરે અથવા આદિ શબ્દથી કાંજી કરે વા માત્ર ભાત-પાણી જ લે તેને પ્રોષધોપવાસ નામનું શિક્ષાવ્રત હોય છે.**

**ભાવાર્થ :- જેમ સામાયિક કરવાના કાળનો નિયમ કરી સર્વ પાપયોગથી નિવૃત્ત થઈ એકાંતસ્થાનમાં ધર્મધ્યાનપૂર્વક બેસે છે, તે જ પ્રમાણે સર્વ ઘરકાર્યનો ત્યાગ કરી સમસ્ત ભોગોપભોગસામગ્રી છોડી સાતમ અને તેરસના બે પહોર દિવસ પછી એકાંતસ્થાનમાં બેસી ધર્મધ્યાન કરતો થકો સોળ પહોર સુધી મુનિની માફક રહે તથા નોમ અને પૂર્ણિમા-અમાસના બે પહોર વીત્યા પછી પ્રતિજ્ઞા પૂર્ણ થાય ત્યારે ઘરકાર્યમાં જોડાય તેને પ્રોષધવ્રત હોય છે. વળી આઠમ-ચૌદશના દિવસમાં ઉપવાસનું સામર્થ્ય ન હોય તો એકવાર ભોજન કરે વા નીરસ-કાંજીઆદિ અલ્પ આહાર કરી ધર્મધ્યાનમાં સમય વિતાવે, એ પ્રમાણે આગળ પ્રોષધપ્રતિમામાં સોળ પહોર કહ્યું છે તેમ કરે, પરંતુ અહીં ગાથામાં કહ્યું નથી તેથી સોળ પહોરનો નિયમ ન જાણવો. આ પણ મુનિવ્રતની શિક્ષા જ છે.**

---

અર્થ :- જે જ્ઞાની શ્રાવક એક પક્ષનાં આઠમ-ચૌદશ બન્ને પર્વોમાં સ્નાન, વિલેપન, આભૂષણ, સ્ત્રીસંસર્ગ, સુગંધધૂપ, દીપ આદિ ભોગોપભોગની વસ્તુને છોડી વૈરાગ્યભાવનારૂપ આભરણથી આત્માને શોભાયમાન કરી ઉપવાસ વા એકભુક્તિ વા નીરસઆહાર કરે અથવા આદિ શબ્દથી કાંજી કરે વા માત્ર ભાત-પાણી જ લે તેને પ્રોષધોપવાસ નામનું શિક્ષાવ્રત હોય છે.

સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની સિવાય, શુદ્ધાત્માની પ્રતીતિની ભૂમિકા સિવાય પ્રોષધનાં ઝાડ ઊગે નહિ, તે પ્રોષધમાં વિલેપન, આભૂષણ-ઘરેણાં, સ્ત્રીનો સંસર્ગ, સુગંધી તેલ, ધૂપ, દીપક આદિ ભોગોપભોગ સામગ્રી છોડીને – તે પ્રત્યેનો રાગ છોડીને – રાગ છોડવો તે પણ ઉપચારથી છે પરંતુ જ્ઞાતાદૃષ્ટા સ્વભાવમાં લીન થઈ રાગની ઉત્પત્તિ થવા દેતા નથી. તેણે રાગભોગોપભોગ સામગ્રી છોડી કહેવાય તથા વૈરાગ્યભાવનાનાં આભૂષણ વડે પોતાના આત્માને શોભાયમાન કરે. અખંડ ચૈતન્ય અસ્તિનું ભાન-દૃષ્ટિ છે ત્યાં નાસ્તિથી આવો વૈરાગ્ય હોય છે – એમ કહ્યું છે.

જો પ્રોષધોપવાસ ન થઈ શકે તો એક વખત નીરસ આહાર કરે, માત્ર ભાત અને પાણી જ ગ્રહણ કરે. આ તો બીજી પ્રતિમાની શુદ્ધતામાં રાગનો ઘટાડો અને નિમિત્તનો કેવો અભાવ વર્તે છે તે બતાવ્યું છે.

ભાવાર્થ :- જેમ સામાયિક કરવાના કાળનો નિયમ કરી સર્વ પાપયોગથી નિવૃત્ત થઈ એકાંતસ્થાનમાં ધર્મધ્યાનપૂર્વક બેસે છે, તે જ પ્રમાણે સર્વ ઘરકાર્યનો ત્યાગ કરી સમસ્ત ભોગોપભોગસામગ્રી છોડી સાતમ અને તેરસના બે પહોર દિવસ પછી એકાંતસ્થાનમાં બેસી ધર્મધ્યાન કરતો થકો સોળ પહોર સુધી મુનિની માફક રહે તથા નોમ અને પૂર્ણિમા-અમાસના બે પહોર વીત્યા પછી પ્રતિજ્ઞા પૂર્ણ થાય ત્યારે ઘરકાર્યમાં જોડાય તેને પ્રોષધવ્રત હોય છે. વળી આઠમ-ચૌદશના દિવસમાં ઉપવાસનું સામર્થ્ય ન હોય તો એકવાર ભોજન કરે વા નીરસ-કાંજીઆદિ અલ્પ આહાર કરી ધર્મધ્યાનમાં સમય વિતાવે, એ પ્રમાણે આગળ પ્રોષધપ્રતિમામાં સોળ પહોર કહ્યું છે તેમ કરે, પરંતુ અહીં ગાથામાં કહ્યું નથી તેથી સોળ પહોરનો નિયમ ન જાણવો. આ પણ મુનિવ્રતની શિક્ષા જ છે.

અષ્ટમીનો પ્રોષધોપવાસ હોય ત્યારે આગલી સાતમના બપોરથી નિવૃત્ત થાય, અને નવમીના બપોરે પૂર્ણ કરે તથા ચૌદશનો પ્રોષધોપવાસ હોય ત્યારે તેરસના બપોરથી નિવૃત્ત થઈને પૂર્ણિમા-અમાસનાં બપોર સુધી પ્રોષધોપવાસ રાખે. આમ સોળ પ્રહરનો પ્રોષધોપવાસ કહ્યો છે. સોળ પહોરની ઉત્કૃષ્ટ વાત કરી છે. તેટલી શક્તિ ન હોય તો શક્તિ પ્રમાણે કરે. આગળ પ્રોષધોપવાસ નામની પડિમા આવશે ત્યાં નિયમપૂર્વક સોળ પહોર સુધીના પ્રોષધ ઉપવાસની વાત લેશે.

શ્રાવકને સામાયિકમાં દરરોજનો અખતરો છે,
પ્રોષધ ઉપવાસમાં લગભગ આઠ-આઠ દિવસે અખતરો છે,
ને સંલ્લેખનાવ્રતમાં જીવનપર્યંતનો અખતરો હોય છે.

હવે અતિથિસંવિભાગ નામના ત્રીજા શિક્ષાવ્રતને કહે છે :-

**આગળ અતિથિસંવિભાગ નામના ત્રીજા શિક્ષાવ્રતને કહે છે :-**

**त्रिविधे पात्रे सदा श्रद्धादिगुणैः संयुतः ज्ञानी।**
**दानं यः ददाति स्वकं नवदानविधिभिः संयुतः।।३६०।।**
**शिक्षाव्रतं च तृतीयं तस्य भवेत् सर्वसौख्यसिद्धिकरं।**
**दानं चतुर्विधं अपि च सर्वदानानां सारकरं।।२६१।।**

**અર્થ :- જે જ્ઞાનીશ્રાવક, ઉત્તમ–મધ્યમ–જઘન્ય એ ત્રણ પ્રકારના પાત્રોને અર્થે દાતારના શ્રદ્ધાઆદિ ગુણોથી યુક્ત બની પોતાના હાથથી નવધાભક્તિસહિત થઈને દરરોજ દાન આપે**

**છે તે શ્રાવકનું ત્રીજું અતિથિસંવિભાગશિક્ષાવ્રત હોય છે. એ દાન કેવું છે ? આહાર, અભય, ઔષધ અને શાસ્ત્રદાનના ભેદથી ચાર પ્રકારનું છે. વળી અન્ય જે લૈકિક ધનાદિકના દાન કરતાં આ દાન અતિશય સારરૂપ ઉત્તમ છે. સર્વ સિદ્ધિ અને સુખનું ઉપજાવવાવાળું છે.**

**ભાવાર્થ :- ત્રણ પ્રકારનાં પાત્રોમાં ઉત્કૃષ્ટ તો મુનિ, મધ્યમ અણુવ્રતી શ્રાવક તથા જઘન્ય અવિરતસમ્યગ્દ્રષ્ટિ છે. વળી દાતારના શ્રદ્ધા, તુષ્ટિ, ભક્તિ, વિજ્ઞાન, અલુબ્ધતા, ક્ષમા, અને શક્તિ એ સાત ગુણો છે. વળી અન્ય પ્રકાર આ પ્રમાણે પણ છે – આ લોકના ફળની વાંચ્છા વિનાનો, ક્ષમાવાન, કપટરહિત, અન્યદાતાથી ઈર્ષારહિત, આપ્યા પછી તે સંબંધી વિષાદ વિનાનો, આપ્યાના હર્ષવાળો અને ગર્વ વિનાનો એ પ્રમાણે પણ સાત ગુણો કહ્યાં છે. વળી પ્રતિગ્રહ, ઉચ્ચસ્થાન, પાદપ્રક્ષાલન, પૂજન, પ્રણામ, મનશુદ્ધિ, વચનશુદ્ધિ, કાયશુદ્ધિ તથા આહારશુદ્ધિ એ પ્રમાણે નવધાભક્તિ છે. એ રીતે દાતારના ગુણોસહિત નવધાભક્તિપૂર્વક[1] પાત્રને રોજ ચાર પ્રકારનાં દાન જે આપે છે, તેને ત્રીજું શિક્ષાવ્રત હોય છે. આ પણ મુનિપણાની શિક્ષા માટે છે. જો આપવાનું શીખે તે પ્રમાણે પોતાને મુનિ થયા પછી લેવાનું થશે.**

અર્થ :- જ્ઞાની શ્રાવક ઉત્તમ, મધ્યમ, જઘન્ય ત્રણ પાત્રોને આહારદાન દે, દાતાના શ્રદ્ધાદિ ગુણસહિત પોતાના હાથે, વિનયરૂપ નવધાભક્તિસહિત દરરોજ દાન આપે છે. સમ્યગ્દ્રષ્ટિ પણ બીજા અવિરતિ સમ્યગ્દ્રષ્ટિને યોગ્ય વિનયપૂર્વક દાન આપે તે શુભભાવ છે. સ્વભાવના અવલંબને જેટલો રાગ ઘટ્યો તેટલો સંવર છે. અવિરતિ શ્રાવકધર્માત્માને આહાર દેવાનો ભાવ તે પુણ્ય છે, પાપ નથી.

આહાર, અભય, ઔષધ અને શાસ્ત્રદાન એમ ચાર પ્રકારનું દાન છે. પંચમ ગુણસ્થાનવર્તી શ્રાવક છે તે પણ અવિરતિ સમ્યગ્દ્રષ્ટિને પણ આહારાદિ દાન આપે છે. અશુભમાં ન જવા માટે પૂજા, ભક્તિ, વિનય, દયા, પ્રભાવનાદિમાં હંમેશા દાન આપે. ત્રણે પાત્રને દાન આપે. પાંચમા ગુણસ્થાનવાળો શ્રાવક ચોથા ગુણસ્થાનવાળાને પણ યોગ્ય આદરપૂર્વક દાન આપે છે, તેમ જ મુનિઓને પણ દાન આપે છે. આ દાન અતિશય સારરૂપ ઉત્તમ છે. સર્વસિદ્ધિ અને સુખનું આપવાવાળું છે. લૈકિકદાન કરતાં આ દાનની વિશેષતા છે; કેમકે તેમાં વીતરાગી સ્વભાવની પુષ્ટિની અનુમોદના છે, શુભરાગને ધર્મ માનતો નથી, દેહની ક્રિયા, આહારાદિ દેવાની ક્રિયા

[1] આ દાતારના સાત ગુણો તથા નવધાભક્તિ સંબંધી વિશેષ વર્ણન માટે જુઓ રત્નકરંડશ્રાવકાચાર શ્લોક-૧૧૩.

હું કરી શકું છું એમ માનતો નથી. તેથી સ્વભાવના લક્ષે રાગ ટાળી જેટલી શુદ્ધિ થાય તે ધર્મ સર્વસિદ્ધિ અને સુખનું કારણ છે ને તેના આરોપથી દાનના શુભભાવને અતિશય સારરૂપ કહેલ છે.

કોઈ કહે છે કે અગિયારમી પ્રતિમાધારી ક્ષલ્લક, એલક શ્રાવકપદવીમાં છે તેની પણ નવધાભક્તિ કરે તેને માટે આ ગાથાનો આધાર આપે છે પણ રત્નકરંડ શ્રાવકાચારમાં ૧૧૩માં શ્લોકમાં આ ગાથાનો અર્થ મુનિ, શ્રાવકને જેવું પદ હોય તેને યાગ્ય પદવી અનુસાર વિનય આદિ કરવા કહ્યું છે. અહીં તો પાંચમા ગુણસ્થાનવાળા શ્રાવકની વાત છે. પાંચમાવાળો ચોથાગુણસ્થાનવાળાની નવધાભક્તિ શી રીતે કરે ? માટે "નવધાભક્તિ" કહી છે તે યાગ્યતા અનુસાર સમજવી. મુખ્યપણે મુનિને નવધાભક્તિપૂર્વક આહારદાનની વિધિ છે ને શ્રાવક વગેરેનો યોગ્ય આદર-બહુમાન વગેરે કરે.

ભાવાર્થ :- ત્રણ પ્રકારના પાત્રોમાં ઉત્કૃષ્ટ તો મુનિ, મધ્યમ અણુવ્રતી શ્રાવક તથા જઘન્ય અવિરતસમ્યગ્દષ્ટિ છે. વળી દાતારના શ્રદ્ધા, તુષ્ટિ, ભક્તિ, વિજ્ઞાન, અલુબ્ધતા, ક્ષમા, અને શક્તિ એ સાત ગુણો છે. વળી અન્ય પ્રકાર આ પ્રમાણે પણ છે – આ લોકના ફળની વાંચ્છા વિનાનો, ક્ષમાવાન, કપટરહિત, અન્યદાતાથી ઈર્ષારહિત, આપ્યા પછી તે સંબંધી વિષાદ વિનાનો, આપ્યાના હર્ષવાળો અને ગર્વ વિનાનો એ પ્રમાણે પણ સાત ગુણો કહ્યા છે. વળી પ્રતિગ્રહ, ઉચ્ચસ્થાન, પાદપ્રક્ષાલન, પૂજન, પ્રણામ, મનશુદ્ધિ, વચનશુદ્ધિ, કાયશુદ્ધિ તથા આહારશુદ્ધિ એ પ્રમાણે નવધાભક્તિ છે. એ રીતે દાતારના ગુણોસહિત નવધાભક્તિપૂર્વક પાત્રને રોજ ચાર પ્રકારનાં દાન જે આપે છે, તેને ત્રીજું શિક્ષાવ્રત હોય છે. આ પણ મુનિપણાની શિક્ષા માટે છે. જો આપવાનું શીખે તે પ્રમાણે પોતાને મુનિ થયા પછી લેવાનું થશે.

નવધાભક્તિનો વિનય શ્રાવક દ્વારા થાય તો જ મુનિ આહાર લે છે. એવી સિંહવૃત્તિપૂર્વક ઉગ્ર વૈરાગ્યવાન હોય છે. શરીર માટે સદોષ આહાર અને વિનયરહિત આહાર લે નહિ.

(૧) પ્રતિગ્રહ-મુનીને આવતાં પધારો, પધારો, પધારો-ત્રણ વાર પરમ વિનયસહિત કહે. શ્રાવક, એલક, ક્ષુલ્લક આદિનો તેની પદવી પ્રમાણે વિનય કરે (૨) ઉચ્ચ આસન (૩) પાદપ્રક્ષાલન-પગ ધૂવે (૪) પૂજન-પૂજનસામગ્રીથી વિધિસહિત પૂજન કરે (૫) પ્રણામ (૬) મનશુદ્ધિ-સંસાર વ્યાપાર વગેરે સંબંધી અશુભ વિકલ્પ ન કરે (૭) વચનશુદ્ધિ-કોઈ પ્રત્યે કઠોર વચન ન બોલે (૮) કાયશુદ્ધિ (૯) આહારશુદ્ધિ-ઉદ્દેશિક કે આધાકર્મી વગેરે સદોષ આહાર ન હોય, પણ પોતા માટે કરેલો હોય.

મહાન વીતરાગી સંત નગ્ન દિગંબર મુનિ હોય છે. તેમને મહાભક્તિ-વિનયથી કહે કે પ્રભુ ! મારે મન-વચન-કાયની શુદ્ધિ છે, મલિનતા નથી. એમ મુનિ પાસે કબૂલ કરવું જોઈએ.

મુનિવરોના પુરુષાર્થની અને નિરપેક્ષતાની એવી ઉગ્રતા છે કે નવધાભક્તિ વગર જ્યાં ત્યાંથી આહાર લ્યે જ નહિ. શ્રાવક પણ એવી પ્રસન્નતાપૂર્વક આહાર આપે કે અહો ! ધન્ય મારો અવતાર ! કે મારા આંગણે મુનિરાજનો આહાર થયો !! એ પ્રમાણે મુનિને નવધાભક્તિપૂર્વક તથા મધ્યમ-જઘન્ય પાત્રને તેને યોગ્ય વિનયસહિત, દાતાના ગુણસહિત રોજ ચાર પ્રકારનાં દાન આપે છે. શ્રાવકને આવા પ્રકારનો ભાવ હોય છે, તેનું નામ અતિથિસંવિભાગનામનું શિક્ષાવ્રત છે.

# પ્રસાદ નં. – ૨૮૦

**વી. નિ સં. ૨૪૭૮, શ્રાવણ સુદ ૧૫, વર્ષ ૨જું. પુસ્તક દસમું,**
**સોનગઢ, તા. ૫-૮-૫૨, મંગળવાર.**

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(શ્રાવણ સુદ ૯, ગુરુવાર, ૩૧-૭-૫૨ સવાર)**

સનાતન વીતરાગમાર્ગમાં

## શ્રાવકના ધર્મોનું વર્ણન

**શ્રાવકના ધર્મ અને મુનિના ધર્મના જેટલા પ્રકારો છે તેમાં સૌથી પ્રથમ સમ્યગ્દર્શન છે, અને તે ધર્મનું મૂળ શ્રી સર્વજ્ઞદેવ છે.**

આ ધર્માનુપ્રેક્ષામાં શ્રાવકના ધર્મોનું વર્ણન ચાલે છે. આ ભાવના સમ્યગ્દૃષ્ટિ ચિંતવે છે અને આ ભાવના ચિંતવનારને સૌથી પહેલાં સર્વજ્ઞદેવની પ્રતીત છે. સર્વજ્ઞથી વિરુદ્ધ એવા કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને તે માનતો નથી. સર્વજ્ઞના માર્ગમાં નિર્ગ્રંથ ભાવલિંગી દિગંબર સંત તે ઉત્કૃષ્ટ પાત્ર છે – એમ ઓળખીને ભક્તિપૂર્વક આહારદાન આપે. પાત્ર કોણ છે ને કુપાત્ર કોણ છે તેનું પણ જેને ભાન ન હોય તેને અતિથિસંવિભાગવ્રત હોય નહિ. સાચા પાત્ર ત્રણ પ્રકારનાં છે. ઉત્તમપાત્ર તો મુનિ છે, મધ્યપાત્ર તે શ્રાવક છે, ને અવિરત સમ્યગ્દૃષ્ટિ તે જઘન્યપાત્ર છે. આવા ત્રણ પાત્રથી વિરુદ્ધ તે કુપાત્ર છે. તે કુપાત્રને જે ગુરુ માને તે મિથ્યાદૃષ્ટિ છે તથા જે શાસ્ત્રો આવા ત્રણ પ્રકારના પાત્રનું સ્વરૂપ વિપરીત કહેતાં હોય તે કુશાસ્ત્ર છે ને

તેની માન્યતાવાળો જીવ મિથ્યાદૃષ્ટિ છે, તેને આવું અતિથિસંવિભાગવ્રત હોતું નથી.

વસ્ત્ર-પાત્ર વગેરે પરિગ્રહસહિત મુનિદશા હોવાનું જે માને તે જીવ પાત્ર નથી, અને વસ્ત્રાદિસહિત મુનિદશા કહેનારાં શાસ્ત્રો પણ ખોટાં છે. એવાં કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને જે માને તેને સાચી ભાવના હોતી નથી. જુઓ, આ બાર અનુપ્રેક્ષા સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થ અને છઠ્ઠા ગુણસ્થાનવાળા સંતમુનિ પણ ચિંતવે છે. જે જીવને હજી સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર તથા ખોટા દેવ-ગુરુ-શાસ્ત્ર વચ્ચેનો પણ વિવેક નથી તે જીવ કોઈકની વાત ચોરીને પોતાના નામે વાત કરે છે અને "અમે પણ અધ્યાત્મ જાણીએ છીએ" એમ બતાવીને લોકો પાસેથી માન લેવા માંગે છે, તે મૂઢ જીવો સ્વચ્છંદ સેવી રહ્યાં છે. પહેલાં તો સત્ય સાંભળતાં ઉત્સાહ આવતો, ને હવે તો "અમારામાં પણ આ વાત છે" એમ માનીને કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને પોષે છે. એટલે સત્ય સાંભળવાનો ઉત્સાહભાવ પણ તેને ન રહ્યો ને ગૃહીતમિથ્યાત્વનું તીવ્ર પોષણ થયું. જેને હજી કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની માન્યતા પણ છૂટી નથી – એવા ગ્રહીત મિથ્યાદૃષ્ટિની વાત સાંભળીને સમકિતી-શ્રાવક મૂંઝાય નહિ, અને તેને માને નહિ.

અહો ! ચારિત્રદશા તો અંતરસ્વરૂપમાં ઝૂલતી મહાપવિત્રદશા છે. ત્યાં અંતર-બાહ્ય નિર્ગ્રંથદશા હોય છે, વસ્ત્રના તાણાનો પણ પરિગ્રહ હોતો નથી. આવી મુનિદશા સિવાય બીજી રીતે મુનિદશા મનાવે તો તેને મોક્ષમાર્ગની ખબર નથી, તે જીવ મિથ્યાદૃષ્ટિ છે. માટે કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની માન્યતા તો પહેલાં જ છૂટી જવી જોઈએ. જેને સર્વજ્ઞની પ્રતીત થઈ છે, સાચા નિર્ગ્રંથ ગુરુની ઓળખાણ થઈ છે તથા તેમનાં કહેલાં શાસ્ત્રો ઓળખ્યાં છે અને કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની શ્રદ્ધા છૂટી ગઈ છે એટલે કે નિમિત્ત પલટી ગયું છે, અને પોતાના ઉપાદાનમાં પણ મિથ્યાશ્રદ્ધા છૂટીને સમ્યક્‌શ્રદ્ધા થઈ છે – એવા સમ્યગ્દૃષ્ટિ જીવને રાગ છૂટતાં કેવાં વ્રતો હોય તેનું આ વર્ણન છે. જેને હજી નિમિત્તો પણ પલટ્યાં નથી ને કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર – એવાં અસત્ નિમિત્તોને માની રહ્યો છે, તેને પોતાના ઉપાદાનમાં પણ પલટો થયો નથી અને તેને આવા વ્રતો કે ભાવના હોતાં નથી. આટલો ઉપોદ્‌ઘાત લક્ષમાં રાખીને આ વ્રતની વાત સમજવી.

અહીં બીજી પડિમાવાળા શ્રાવકને જે બારવ્રત હોય છે તેમાં અતિથિસંવિભાગવ્રતનું વર્ણન ચાલે છે.

**આગળ આહારાદિ દાનનું માહાત્મ્ય કહે છે :-**

**भोजनदानेन सौख्यं औषधदानेन शास्त्रदानं च।**
**जीवानां अभयदानं सुदुर्ल्लभं सर्वदानानाम्।।३६२**

**અર્થ :- ભોજનના દાનથી સર્વને સુખ થાય છે, ઓષધદાનપૂર્વક શાસ્ત્રદાન અને જીવનનું અભયદાન છે તે સર્વ દાનોમાં દુર્લભતાથી પમાય એવું ઉત્તમદાન છે.**

**ભાવાર્થ :- અહીં અભયદાનને સર્વથી શ્રેષ્ટ કહ્યું છે :-**

અર્થ :- ભોજનના દાનથી સર્વને સુખ થાય છે, ઓષધદાનપૂર્વક શાસ્ત્રદાન અને જીવનનું અભયદાન છે તે સર્વ દાનોમાં દુર્લભતાથી પમાય એવું ઉત્તમદાન છે.

ભોજનદાનથી સુખ થાય છે, તે તો નિમિત્તનું કથન છે. મુનિને કાંઈક રોગ થયો હોય તો ધર્મી શ્રાવક આહારની સાથે ઔષધિ આપી દે. આહાર સિવાય બીજા વખતે જુદું ઔષધ મુનિઓ લ્યે નહિ અને તેવી રીતે ઔષધ આપવાનો ભાવ પણ સમ્યગ્દૃષ્ટિ શ્રાવકને આવે નહિ. જેઓ મુનિદશામાં પણ બેત્રણ વખત આહાર કરવાનું માને તે મિથ્યાદૃષ્ટિ છે, તેને મુનિદશાની ખબર નથી. જેને મુનિદશા જેવી ઉત્કૃષ્ટ વીતરાગપર્યાય પ્રગટી તેને ગમે ત્યારે ઔષધિ વગેરે લેવાનો ભાવ હોય જ નહિ, આહાર વખતે તેની સાથે નિર્દોષ ઔષધિ શ્રાવક આપે. વળી શાસ્ત્રદાન કરે પણ શાસ્ત્ર શું તેનું જ જેને ભાન ન હોય તે જીવને શાસ્ત્રદાન ક્યાંથી હોય ? અહીં અભયદાનને શ્રેષ્ઠ કહ્યું છે, તેમાં મુખ્યપણે મુનિ વગેરે પાત્ર જીવો સમજવા.

આગળ આહારદાનને મુખ્ય કરીને તેનું કથન કરે છે :-

**આગળ આહારદાનને પ્રધાન કરીને કહે છે :-**

**भोजनदाने दत्ते त्रीणि अपि दानानि भवन्ति दत्तानि।**
**क्षुधातृषाव्याधय: दिने दिने भवन्ति देहिनाम्।।३६३।।**
**भोजनबलेन साधु: शास्त्रं सेवते रात्रिदिवसं अपि।**
**भोजनदाने दत्ते प्राणा: अपि च रक्षिता: भवन्ति।।३६४।।**

**અર્થ :- ભોજનદાન આપતાં ત્રણે દાન આપવા બરાબર થાય છે, કારણ કે પ્રાણીઓને ક્ષુધા-તૃષા નામનો રોગ હરરોજ લાગ્યા જ કરે છે. ભોજનના બળથી સાધુપુરુષ રાત્રિદિવસ શાસ્ત્રોનો અભ્યાસ કરે છે. ભોજન આપવાથી પ્રાણરક્ષા પણ થાય છે, એ પ્રમાણે ભોજનદાનથી ઔષધ-શાસ્ત્ર-અભય એ ત્રણે દાન આપ્યાં એમ સમજવું.**

**ભાવાર્થ :- ભૂખ–તરસરોગ મટવાથી આહારદાન જ ઔષધદાન તુલ્ય થયું, આહારના બળથી સુખપૂર્વક શાસ્ત્રાભ્યાસ થવાથી જ્ઞાનદાન પણ એજ (ભોજનદાન) થયું તથા આહારથી જ પ્રાણોની રક્ષા થાય છે માટે એજ અભયદાન થયું. એ પ્રમાણે એક ભોજનદાનમાં ત્રણે દાન ગર્ભિત થાય છે.**

અર્થ :- ભોજનદાન આપતાં ત્રણે દાન આપવા બરાબર થાય છે, કારણ કે પ્રાણીઓને ક્ષુધા-તૃષા નામનો રોગ હરરોજ લાગ્યા જ કરે છે. ભોજનના બળથી સાધુપુરુષ રાત્રિદિવસ શાસ્ત્રોનો અભ્યાસ કરે છે. ભોજન આપવાથી પ્રાણરક્ષા પણ થાય છે, એ પ્રમાણે ભોજનદાનથી ઔષધ-શાસ્ત્ર-અભય એ ત્રણે દાન આપ્યાં એમ સમજવું.

આહારદાનનો મહિમા બતાવવા માટે તેને અહીં મુખ્ય કરીને કહ્યું છે. આહારના નિમિત્તે સંતપુરુષો રાત્રિદિવસ શાસ્ત્રનો અભ્યાસ કરે છે–એ કથન વ્યવહારનું છે. ખરેખર જ્ઞાન તો ચિદાનંદસ્વભાવના અવલંબને થાય છે, પણ અત્યારે આહારદાનની વાત બતાવવી છે. **શ્રાવક એમ ભાવના ભાવે છે કે અહો ! મારાં આંગણે આજે ધર્મનું કલ્પવૃક્ષ ફળ્યું, મારાં ધન્ય ભાગ્ય કે આજે મુનિનો આહાર મારે ત્યાં થયો.** પોતાના શરીરને આહારથી પોષવાનો ભાવ આવે છે તો મુનિને આહારદાન દેવાનો ભાવ ધર્મીને આવ્યા વિના રહેતો નથી. મુનિનાં પેટામાં શ્રાવક અને સમકિતી પણ સમજી લેવા.


વળી શાસ્ત્રદાન પણ આપે, સંત મુનિઓને માટે શાસ્ત્રો લખીને આપે, ધન ખર્ચીને બીજા પાસે લખાવે. જુઓ, કુંદકુંદ ભગવાને પૂર્વ ભવમાં શાસ્ત્રદાન કર્યું હતું – એવી વાત આવે છે અને તે શાસ્ત્રદાનના ફળમાં તેમને અલૌકિક જ્ઞાન ઊઘડ્યું–એમ વ્યવહારથી કહેવાય છે.

વર્તમાનમાં કુંદકુંદચાર્યદેવનું શાસન અલૌકિક રીતે વર્તે છે, સનાતન જૈનશાસનમાં શ્રી ગૌતમગણધરદેવ પછી તરત કુંદકુંદાચાર્યદેવનું સ્થાન આવે છે :-

**`मंगलं भगवान वीरो मंगलं गोतमो गणी।**
**मंगलं कुंदकुंदार्यो जैन धर्मोऽस्तु मंगलं।।'**

એ રીતે કુંદકુંદભગવાનનું સ્થાન અલૌકિક છે.

હવે ફરીથી દાનનો મહિમા કહે છે :-



**આગળ ફરીથી દાનનું માહાત્મ્ય કહે છે :-**

**इहपरलोकनिरीहः दानं यः ददाति परमभक्त्या।**
**रत्नत्रयेषु स्थपितः सङ्घः सकलः भवेत् तेन।।३६५।।**
**उत्तमपात्रविशेषे उत्तमभक्त्या उत्तमं दानं।**
**एकदिने अपि च दत्तं इन्द्रसुखं उत्तमं ददाति।।३६६।।**

**અર્થ :- જે પુરુષ (શ્રાવક) આલોક-પરલોકના ફળની વાંચ્છારહિત બની પરમ ભક્તિપૂર્વક સંઘના અર્થે દાન આપે છે તે પુરુષે સર્વ સંઘને રત્નત્રય અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થાપ્યો. વળી ઉત્તમ પાત્રવિશેષના અર્થે ઉત્તમ ભક્તિપૂર્વક ઉત્તમદાન એક દિવસ પણ આપેલું ઉત્કૃષ્ટ ઈંદ્રપદના સુખને આપે છે.**

**ભાવાર્થ :- દાન આપવાથી ચતુર્વિધિસંઘની સ્થિરતા થાય છે એટલે દાન આપવાવાળાએ મોક્ષમાર્ગ જ ચલાવ્યો કહીએ છીએ, વળી ઉત્તમપાત્ર, દાતાની ઉત્તમભક્તિ અને ઉત્તમદાન એ બધી વિધિ મળી જતાં તેનું ઉત્તમ ફળ જ થાય છે–ઈન્દ્રાદિપદનું સુખ પ્રાપ્ત થાય છે.**

અર્થ :- જે પુરુષ (શ્રાવક) આલોક-પરલોકના ફળની વાંચ્છારહિત બની પરમ ભક્તિપૂર્વક સંઘના અર્થે દાન આપે છે તે પુરુષે સર્વ સંઘને રત્નત્રય અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થાપ્યો. વળી ઉત્તમ પાત્રવિશેષના અર્થે ઉત્તમ ભક્તિપૂર્વક ઉત્તમદાન એક દિવસ પણ આપેલું ઉત્કૃષ્ટ ઈંદ્રપદના સુખને આપે છે.

જુઓ, સંઘ એટલે મુનિ, અર્જિકા, શ્રાવક, અને શ્રાવિકા. અર્જિકાને પંચમ ગુણસ્થાન હોય છે. સનાતન વીતરાગમાર્ગમાં સ્ત્રીને પાંચમા ગુણસ્થાનથી વિશેષદશા હોતી નથી. **અહો ! વીતરાગમાર્ગને સાધનારા સંત-મુનિઓ, અર્જિકાઓ, શ્રાવકો ને શ્રાવિકા. તેમના પ્રત્યે બહુમાન અને ભક્તિપૂર્વક જેને આહારદાન વગેરેનો ભાવ થાય છે તેને પોતાને અંતરમાં વીતરાગમાર્ગનો આદર છે,** અને નિમિત્ત તરીકે તેણે ચતુર્વિધ સંઘને રત્નત્રયમાર્ગમાં સ્થાપ્યો. સામા જીવો તો પોતાના કારણે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિર રહે છે, પણ આ જીવે તેનું અનુમોદન આપ્યું તેથી નિમિત્ત તરીકે તેણે સંઘને મોક્ષમાર્ગમાં સ્થાપ્યો એમ કહ્યું છે.

**વીતરાગમાર્ગને સાધનારા સંત-મુનિઓ વગેરેનો જેણે આદર કર્યો તેણે સાધકભાવનો આદર કર્યો કે અહો ! આવો સાધકભાવ જગતમાં સદા જયવંત વર્તો ! એટલે તેણે નિશ્ચયથી પોતાના**

<u>**આત્માને મોક્ષમાર્ગમાં સ્થાપ્યો, ને નિમિત્ત તરીકે ચાર સંઘને મોક્ષમાર્ગમાં સ્થાપ્યા.**</u> આથી ઊલટું જેણે એક પણ સંત-મુનિને કે એક પણ સાધક જીવને મારી નાખવાનો અભિપ્રાય કર્યો તેણે ત્રણકાળના અનંતા સાધક સંત-ધર્માત્માઓનો અનાદર કર્યો, એટલે કે જગતમાં સાધકભાવ ન રહો –એવો મહાવિપરિત તીવ્ર પાપભાવ તેના અભિપ્રાયમાં આવ્યો. સાધકભાવ તો જગતમાં સદાય રહેવાનો છે, પણ તેણે પોતાના અભિપ્રાયમાં સાધકભાવની મહાવિરાધના કરી, તેનું ફળ અનંત સંસાર છે. જુઓ, આ અભિપ્રાયની ઉગ્રતા ! જે મને અગવડતા કરે તેને મારે મારવો– એવો જેનો અભિપ્રાય છે તેના અભિપ્રાયમાં એમ આવ્યું કે અનંત જીવો વિરોધ કરે તે અનંતને મારવા, ને અનંતકાળ સુધી મારવા, તથા વિરોધી જીવોને જે મારી નાખતો હોય તેને અનુમોદન આપવું – એ રીતે તે અજ્ઞાનીના અભિપ્રાયમાં અનંતા રાગદ્વેષ છે. તેમ સાધકજીવને અનુમોદન આપવામાં ધર્મીને સાધકભાવનો અનંત આદર છે કે <u>**અહો ! જગતમાં મોક્ષમાર્ગને સાધનારા સંતો સદાય જયવંત રહો, એવા સંતોનું બહુમાન કરનારા જીવો પણ જગતમાં સદાય રહો – એમ તે પોતાના ભાવમાં વીતરાગભાવનો આદર કરનાર છે.**</u> કુદેવ-કુગુરુને જે માનતો હોય તે જીવને ધર્મી શ્રાવક આદરે નહિ. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને ઉડાડીને જે જીવ કુદેવ-કુગુરુ-કુમાર્ગને સ્થાપે છે તે જીવ ત્રણ કાળના સત્યનો અનાદર કરે છે, ને ત્રણ કાળના અસત્યને આદરે છે. જિનમાર્ગમાં મુનિની દશા સદાય નિર્ગ્રંથ દિગંબર જ હોય છે, – જિનકલ્પી હો કે સ્થવિરકલ્પી હો.

ચાર સંઘને ભક્તિપૂર્વક આહારદાન દેનાર જીવને મોક્ષમાર્ગની ભાવના છે, પોતાને વિકલ્પ થાય છે તેની પણ ભાવના નથી. આવો જીવ ઉત્તમપાત્ર એવાં મુનિને ઉત્તમ ભક્તિથી ઉત્તમદાન એકવાર પણ આપે તો તેના ફળમાં ઈંદ્રપદ પામે છે. જુઓ, અહીં ઈંદ્રપદની વાત લીધી, કેમકે આ સમ્યગ્દૃષ્ટિની વાત છે. મિથ્યાદૃષ્ટિને ઈંદ્રપદ હોતું નથી.

જુઓ, મુનિઓને પણ "શાસ્ત્ર જયવંત વર્તો" એવો ભાવ આવે છે. ધરસેનાચાર્યદેવ જેવા મહાન સંતને પણ એવો વિકલ્પ આવ્યો કે અહો ! સર્વજ્ઞપરંપરાથી મને મળેલું આ જ્ઞાન મારી પછી વિચ્છેદ જશે ! એવો ભય થતાં બે મુનિવરોને બોલાવ્યા. તે આવતા હતા ત્યારે મંગલ સ્વપ્ન આવ્યું કે બે ધોરી બળદ ભક્તિથી પોતાના ચરણે નમે છે – એ સ્વપ્ન જોતાં જ ઉલ્લાસ આવતાં એમ આશિર્વાદ નીકળ્યો કે "અહો ! શ્રુતદેવતા જયવંત હો !" પછી તેમણે પુષ્પદંત અને ભૂતબલિ મુનિઓને શાસ્ત્ર ભણાવ્યા અને તે મુનિઓએ ષટ્‌ખંડાગમની રચના કરીને સંઘ પાસે તેનો મોટો મહોત્સવ કરાવ્યો. એ દિવસ શ્રુતપંચમી તરીકે પ્રસિદ્ધ છે. જુઓ, પોતાને પોતાના આત્મામાં મોક્ષમાર્ગ અત્રૂટપણે ટકી રહેવાની ભાવના છે, તેથી તેના નિમિત્ત તરીકે શાસ્ત્રો પણ જયવંત વર્તો–એવો વિકલ્પ આવે છે.

શ્રાવકને ચાર પ્રકારના સંઘ પ્રત્યે વાત્સલ્ય અને ભક્તિપૂર્વક દાનનો ભાવ આવે છે. દાન આપવાથી ચતુર્વિધસંઘની સ્થિરતા થાય છે એટલે દાન આપવાવાળાએ મોક્ષમાર્ગ જ ચલાવ્યો કહીએ છીએ. વળી ઉત્તમપાત્ર, દાતાની ઉત્તમભક્તિ અને ઉત્તમદાન એ બધી વિધિ મળી જતાં તેનું ઉત્તમ જ ફળ થાય છે–ઈંદ્રાદિપદનું સુખ થાય છે.

**અહો ! વીતરાગી મુનિવરો-સંતો ! તમારો સાધકભાવ જગતમાં ટકી રહો, તમારા સાધકભાવમાં વચ્ચે વિઘ્ન ન હો, આવી ભાવનાપૂર્વક જેણે દાન આપ્યું તેણે મોક્ષમાર્ગને ટકાવ્યો.** વસ્તુ લેવાદેવાની મુખ્યતા નથી પણ ત્યાં અંતરમાં વીતરાગતત્વનું બહુમાન છે તેની મુખ્યતા છે. સમ્યગ્દૃષ્ટિને આહારદાન વગેરેનો ભાવ થતાં સાતિશય પુણ્ય બંધાઈ જાય છે, ને તે ઈંદ્રાદિપદવી પામે છે.

અહીં ઈંદ્રપદનું સુખ પામવાની વાત કરી તે નિમિત્તથી છે કેમ કે અહીં તો વ્રતમાં જે શુભરાગ છે તેનું ફળ બતાવવું છે. તેથી તેના ફળને સુખ કહ્યું છે. વ્રતનો ભાવ પણ આસ્રવ છે, પણ આવા પ્રકારનો આસ્રવ પૂર્વે કદી થયો નથી, તેથી આ જુદી જાતનો આસ્રવ છે. "જુદી જાતનો આસ્રવ" કહેવાનું કારણ એ છે કે આ આસ્રવ વખતે ધર્મીને અંદરમાં સમ્યગ્દર્શન અને આત્માના ભાનસહિત વીતરાગતાનો આદર છે, ને આસ્રવનો આદર નથી. મિથ્યાદૃષ્ટિને આવી જાતના પુણ્યનો આસ્રવ થતો નથી. સમ્યગ્દૃષ્ટિની ભૂમિકામાં જ આવા પ્રકારનો યથાર્થ ભાવ હોય છે. જેને હજી સાચા સાધુનું પણ ભાન નથી તેને તો વ્રતનો આસ્રવભાવ પણ યથાર્થ હોતો નથી. 'સત્પુણ્ય' પણ સત્પુરુષના આશ્રય વગર બંધાતાં નથી. છતાં ધર્મી જીવ તે પુણ્યને પણ આદરણીય મારતા નથી.

જે જીવ મિથ્યાદૃષ્ટિ હોય, કુગુરુને માનતો હોય, એવા જીવને આહારદાનના શુભભાવથી પરિતસંસાર થવાનું જે શાસ્ત્ર કહેતાં હોય તે શાસ્ત્રનું કથન મિથ્યાદૃષ્ટિનું છે. સમ્યગ્દર્શન વગર પરિતસંસાર થાય જ નહિ. જે મિથ્યાદૃષ્ટિના શુભભાવથી પરિતસંસાર થવાનું મનાવે, તો પછી અંદરના ત્રિકાળી સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન થાય – એ વાત તે લાવ્યો ક્યાંથી ? તે તો કોઈકની વાત ચોરી લઈને પોતાના નામે ચડાવી દીધી છે. હવે તો સનાતન વીતરાગી માર્ગની વાત ખૂલ્લી રીતે બહાર આવી છે. જેને સત્ય જોઈતું હોય તેણે આ વાત માન્યે છૂટકો છે.

**દિગંબર જૈન શાસનના મહાપ્રભાવક**
**શ્રી સદ્‌ગુરૂદેવનો જય હો !!**

# શ્રાવકના ધર્મોનું વર્ણન

**શ્રાવણ સુદ ૧૦ શુક્રવાર તા. ૧-૮-૧૯૫૨**

આ ધર્માનુપ્રેક્ષા છે. તેમાં શ્રાવકના ધર્મોનું વર્ણન ચાલે છે. શ્રાવકને સમ્યગ્દર્શન તો પહેલાં હોય, વસ્તુસ્વરૂપ અનેકાંત છે તેને ઓળખીને જે શ્રદ્ધા કરે છે તે સમ્યગ્દૃષ્ટિ છે– એ વાત પહેલાં વિસ્તારથી કહી ગયા છે, સર્વજ્ઞદેવ જગતમાં છે, અને તે સર્વજ્ઞદેવે જે પ્રમાણે જે સમયે જે પદાર્થમાં જે પરિણામ થવાનું જાણ્યું છે તે પ્રમાણે તે જ સમયે તેવા પરિણામ થાય છે. જેને આવી પ્રતીત થઈ તેની દૃષ્ટિ ફરી ગઈ. એટલે કે જ્ઞાનસ્વભાવ ઉપર તેની દૃષ્ટિ ગઈ, પોતાના કે પરના જે પરિણામ થાય, તેમાં તેને અરુચિભાવ ન થાય, પણ જ્ઞતા રહે. અલ્પજ્ઞ હોવા છતાં મારામાં સર્વજ્ઞ થવાની તાકાત વર્તમાનમાં પડી છે. એવી પ્રતીત થઈ ત્યાં જ્ઞાતાપણાની દૃષ્ટિ રહી. સર્વજ્ઞ પરિપૂર્ણ જાણે છે ને સાધક સમ્યગદૃષ્ટિ અધુરું જાણે-દેખે છે, છતાં તેને પણ જ્ઞાતાપણાની દૃષ્ટી છે. જુઓ, અનેકાંત વસ્તુસ્વરૂપ છે એટલે કે જીવ તે જીવ છે ને અજીવ નથી, અજીવમાં જીવ નથી ને જીવમાં અજીવ નથી, નવે તત્વોનું સ્વરૂપ પૃથક્ પૃથક્ છે. આત્માના ત્રિકાળ સ્વભાવમાં એક સમયનો વિકાર નથી. એમ અનેકાંતથી જાણીને સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે. એ સિવાય કોઈ પરના આશ્રયે થતાં વિકારભાવથી મોક્ષ થવાનું કહેતા હોય તો તે મિથ્યાદૃષ્ટિ છે. જેણે સર્વજ્ઞદેવને ઓળખ્યા છે, સર્વજ્ઞે કહેલું અનેકાંત વસ્તુસ્વરૂપ જાણ્યું છે એવા સમ્યગ્દૃષ્ટિ જીવને પછી શુદ્ધતા વધતાં વ્રત હોય છે. સનાતન જૈન પરંપરા સિવાય બીજાને જે માને તે જીવ તો મૂઢ છે. ધર્મી જીવ જૈન પરંપરા સિવાય બીજાને માને નહિ

શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક પૃષ્ઠ ૧૩માં કહે છે કેઃ- "કોઈ સત્યાર્થ પદોના સમૂહરૂપ જૈન શાસ્ત્રોમાં અસત્યાર્થ પદ મેળવે પરંતુ જૈન શાસ્ત્રના પદોમાં તો કષાય મટાડવાનું વા લૌકિક કાર્ય ઘટાડવા પ્રયોજન હોય છે, હવે એ પાપીએ તેમાં જે અસત્યાર્થ પદ મેળવ્યાં છે તેમાં કષાય પોષવાનું વા લૌકિક કાર્ય સાધવાનું પ્રયોજન છે. એ પ્રમાણે પ્રયોજન મળતું નહિ આવવાથી જ્ઞાની પરીક્ષા વડે ઠગાતો નથી પણ કોઈ મૂર્ખ હોય તે જ જૈન શાસ્ત્રના નામથી ઠગાય, વળી તેની પરંપરા પણ ચાલતી નથી, તરત જ કોઈ એ અસત્યાર્થ પદોનો નિષેધ કરે છે"

જુઓ, જ્ઞાની તો પરીક્ષા કરીને યથાર્થ વસ્તુ સ્વરૂપને નક્કી કરે છે. વ્રત અને પડિમા

પહેલાં કેવી ભૂમિકા હોવી જોઈએ તેની આ વાત છે.

જેને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખીને તેનું બહુમાન ભક્તિ થયા છે તથા કુદેવાદિની માન્યતા છૂટી ગઈ છે અને અંતરના સ્વભાવની દૃષ્ટિ થઈ છે, એવા જીવને વ્રત હોય છે. કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર કોણ અને સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર કેવા હોય તેને ઓળખીને કુદેવાદિને છોડે અને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને આદરે તો નિમિત્ત વચ્ચેનું ભેદજ્ઞાન થયું કહેવાય, પછી સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર પણ પર છે, તેને લીધે મને ધર્મ થતો નથી, એમ ઓળખવું તે ઉપાદાન નિમિત્ત વચ્ચેનું ભેદજ્ઞાન છે. અને પછી પોતામાં ત્રિકાળ શુદ્ધસ્વભાવ છે તે એક સમયના વિકાર જેટલો નથી. એમ સમજીને સ્વભાવ તરફ વળવું તે સ્વભાવ અને વિકાર વચ્ચેનું ભેદજ્ઞાન છે. ત્યાર પછી જ પડિમા અને વ્રત હોય છે. તેમાં અત્યારે બીજી પડિમાવાળા શ્રાવકના દેશાવગાશિક વ્રતનું વર્ણન કરે છે.

ગાથા-૩૬૭-૩૬૮

**આગળ ચોથા દેશાવકાશિક શિક્ષાવ્રતને કહે છે :-**

**पूर्वप्रमाणकृतानां सर्वदिशानां पुन: अपि संवरणं।**
**इन्द्रियविषयाणां तथा पुन: अपि य: करोति संवरणं।।३६७।।**
**वर्षादिकृतप्रमाणं दिने दिने लोभकामशमनार्थं।**
**सावद्यवर्ज्जनार्थं तस्य चतुर्थं व्रतं भवति।।३६८।।**

**અર્થ :- શ્રાવકે પહેલાં સર્વ દિશાઓનું પ્રમાણ કર્યું હતું તેમાં ફરી સંવરણ કરે-સંકોચ કરે તથા પહેલાં ઈંદ્રિયોના વિષયો સંબંધી ભોગોપભોગ પરિમાણ કર્યું હતું તેમાં પણ સંકોચ કરે, કેવી રીતે ? તે કહે છેઃ- વર્ષ આદિ તથા દિવસ-દિવસ પ્રત્યે કાળની મર્યાદાસહિત કરે, તેનું પ્રયોજન કહે છે—અંતરંગમાં તો લોભ તથા કામ ઈચ્છાના શમન એટલે ઘટાડવા અર્થે તથા બાહ્ય પાપ-હિંસાદિકને છોડવા અર્થે કરે તે શ્રાવકને આ ચોથું દેશાવકાશિક નામનું શિક્ષાવ્રત હોય છે.**

**ભાવાર્થ :- પહેલા દિગ્વ્રતમાં જે મર્યાદા કરી હતી તે તો નિયમરૂપ હતી અને હવે અહીં તેમાં પણ કાળની મર્યાદાપૂર્વક ઘર—હાટ—ગામ વગેરે સુધીની ગમનાગમનની મર્યાદા કરે, તથા ભોગોપભોગવ્રતમાં પણ પહેલાં યમરૂપ ઈન્દ્રિયવિષયોની મર્યાદા કરી હતી તેમાં પણ કાળની**

**મર્યાદાપૂર્વક નિયમ કરે, અહીં સત્તર નિયમ કહ્યા છે તેને પાલન કરે, પ્રતિદિન મર્યાદા કર્યા કરે, આથી લોભ–તૃષ્ણા–વાંછાનો સંકોચ (હાનિ) થાય છે તથા બાહ્ય હિંસાદિ પાપોની પણ હાનિ થાય છે. એ પ્રમાણે ચાર શિક્ષાવ્રત કહ્યાં, આ ચારે વ્રત શ્રાવકને યત્નથી અણુવ્રત તથા મહાવ્રત પાલન કરવાની શિક્ષારૂપ છે.**

અર્થ :- શ્રાવકે પહેલાં સર્વ દિશાઓનું પ્રમાણ કર્યું હતું તેમાં ફરી સંવરણ કરે-સંકોચ કરે તથા પહેલાં ઈંદ્રિયોના વિષયો સંબંધી ભોગોપભોગ પરિમાણ કર્યું હતું તેમાં પણ સંકોચ કરે, કેવી રીતે ? તે કહે છેઃ- વર્ષ આદિ તથા દિવસ-દિવસ પ્રત્યે કાળની મર્યાદા સહિત કરે, તેનું પ્રયોજન કહે છે–અંતરંગમાં તો લોભ તથા કામ ઈચ્છાના શમન એટલે ઘટાડવા અર્થે તથા બાહ્ય પાપ-હિંસાદિકને છોડવા અર્થે કરે તે શ્રાવકને આ ચોથું દેશાવકાશિક નામનું શિક્ષાવ્રત હોય છે.

ચારે અનુયોગનો સાર શું ? કે વીતરાગતા ! એટલે કે સ્વભાવની સન્મુખતા અને પરની ઉપેક્ષા ! આ બાર વ્રતના વર્ણનમાં પણ સ્વભાવના અવલંબનનો જ ઉપદેશ છે. સ્વભાવનું અવલંબન લેતાં શુદ્ધતા વધે ને રાગ તૂટે તે અનુસાર વ્રત-પડિમા વગેરે હોય છે. ત્યાં અમુક પ્રકારનો શુભ વિકલ્પ આવે, પણ તે વિકલ્પના કાળે વિકલ્પ આવે છે. અમુક વખતે અમુક પ્રકારનો વિકલ્પ કરું – એવું કર્તાપણું ધર્મીને નથી, પણ સ્વભાવનું અવલંબન લીધું છે ત્યાં કઈ દશામાં કેટલી હદનો રાગ તૂટ્યો છે ને કેવા પ્રકારનો રાગ રહ્યો છે તે અહીં બતાવેલ છે.

જ્ઞાયક સ્વભાવની દૃષ્ટિપૂર્વકની આ વાત છે. સ્વભાવ તરફની ઉગ્રતા વધતાં જેમ જેમ રાગ છૂટતો જાય છે તેમ તેમ નિમિત્તોનું અવલંબન પણ છૂટતું જાય છે, ચરણાનુંયોગથી નિમિત્તથી વાત થાય. સમાધિમરણનો કાળ નજીક આવે ત્યારે ધર્મીજીવને અંદરમાં વિશેષ જાગૃતિપૂર્વક સ્વસન્મુખતાની વૃદ્ધિનો કાળ છે. તેણે પ્રથમથી જ્ઞાતામાત્રસ્વભાવનું સાધન કર્યું છે તેનો સરવાળો અપૂર્વ સમાધિમરણરૂપ આવે જ છે.

એ પ્રમાણે બીજી વ્રત પડિમાવાળા શ્રાવકનાં બાર વ્રતોનું વર્ણન કર્યું, હવે શ્રાવક અંત સમયમાં દ્રવ્યસ્વભાવનું ઉગ્ર આલંબન લઈ મુનિદશાની ભાવનાસહિત સલ્લેખના કરે છે તેનું વર્ણન કરે છેઃ-

**ગાથા-૩૬૯**

**આગળ અંતસંલ્લેખનાને સંક્ષેપમાં કહે છે :-**

**द्वादशव्रतै: युक्त: य: सल्लेखनां करोति उपशान्त:।**
**स: सुरसौख्य प्राप्य क्रमेण सौख्यं परं लभते।।३६९।।**

**અર્થ :- જે શ્રાવક, બાર વ્રતોસહિત અંત સમયે ઉપશમ ભાવોથી યુક્ત થઈ સલ્લેખના કરે છે તે સ્વર્ગનાં સુખ પામી અનુક્રમથી ઉત્કૃષ્ટ સુખ જે મોક્ષસુખ તેને પ્રાપ્ત થાય છે.**

**ભાવાર્થ : કષાયો અને કાયાની ક્ષીણતા કરવી તેને સલ્લેખના કહે છે. ત્યાં શ્રાવક, બારવ્રતોના પાલન સહિત પાછળથી મરણ સમય જાણતાં પ્રથમ સાવધાન થઈ સર્વ વસ્તુ પ્રત્યેનુ મમત્વ છોડી કષાયોને ક્ષીણ કરી ઉપશમભાવરૂપ મંદકષાયી થાય તથા કાયાને અનુક્રમથી અનશન–ઉણોદરી–નીરસાદિ તપોથી ક્ષીણ કરે. પ્રથમ એ પ્રમાણે કાયાને ક્ષીણ કરે તો શરીરમાં મળ–મૂત્રના નિમિત્તથી જે રોગ થાય છે તે ન થાય–અંતસમયમાં અસાવધાનતા ન થાય, એ પ્રમાણે સલ્લેખના કરે. અંતસમયે સાવધાન બની પોતાના સ્વરૂપમાં વા અરહંત–સિદ્ધપરમેષ્ટિના સ્વરૂપચિંત્વનમાં લીન થઈ વ્રતરૂપ–સંવરરૂપ પરિણામસહિત બન્યો થકો પર્યાયને છોડે તો તે સ્વર્ગસુખને પ્રાપ્ત થાય છે અને ત્યાં પણ આ જ વાંછા રહે છે કે `મનુષ્ય થઈ વ્રત પાલન કરૂં,' એ પ્રમાણે અનુક્રમથી મોક્ષસુખની પ્રાપ્તિ થાય છે.**

અર્થ :- જે શ્રાવક, બાર વ્રતોસહિત અંત સમયે ઉપશમ ભાવોથી યુક્ત થઈ સલ્લેખના કરે છે તે સ્વર્ગનાં સુખ પામી અનુક્રમથી ઉત્કૃષ્ટ સુખ જે મોક્ષસુખ તેને પ્રાપ્ત થાય છે.

જેણે નિશાન તાકી લક્ષને વીંધવાનો અભ્યાસ કર્યો હોય તે ટાણાં આવ્યે શત્રુને જીતી શકે પણ હાથમાં હથિયાર ઝાલતાં ન આવડે તે રણમાં જઈ શું કરશે ? તેમ શ્રાવકદશામાં જેણે ઉત્કૃષ્ટ સ્વભાવની ભાવના ભાવી છે, ગુણીને ગુણની એકતાનું જોડાણ કર્યું છે તેને દેહ છોડવાનાં ટાણાં આવે ત્યારે તે પરમ શાંત રસમાં ઝૂલતાં ને જ્ઞાન-ધ્યાનમાં રમણતાપૂર્વક જાગૃતિમાં દેહ છોડે છે ને મોહ શત્રુને હણે છે. કોઈ કહે કે જેને ઘણો કાળ જ્ઞાન-વૈરાગ્યનો અભ્યાસ હોય તેને શાંતિપૂર્વક મરણ થાય તો તેવો કોઈ નિયમ નથી. કોઈને જુવાન ઉંમર હોય, કોઈ ઘોરઉપસર્ગ આવે, સર્પ-અગ્નિ-પાણીનું પૂર અથવા સિંહનો સંયોગ થાય, દેહની સ્થિતિ આ કાળે આમ જ હોય એમ વિચારી બાહ્ય લક્ષ છોડી ફડાક અંદર સમાઈ શાંતિનો

અનુભવ કરે છે. કંઈ કરવું પડતું નથી પણ તે કાળે ધર્મી જીવને અંતર્મુખ આરાધનાનો સરવાળો છે, તેને જ્ઞાતાદ્રષ્ટાપણાની પ્રસન્નતાપૂર્વક દેહ છોડવાનો એવો જ કાળ નિયત છે. નિર્વિકલ્પ અનુભવ હોય તો દેહના સંયોગનો ખ્યાલ પણ ન હોય, ભૂમિકા યોગ્ય ઉપશમભાવ હોય.

અર્થ :- ભાનસહિત શ્રાવક છે તે બાર વ્રતોસહિત અંતસમયે ઉપશમભાવોસહિત થઈ અંદરમાં સ્વભાવ સન્મુખતામાં વિશેષ ઉત્સાહરૂપ સંલેખના કરે છે. તે કષાયને કૃશ કરી શાંતિ જ વધારે છે છતાં કંઈ રાગ રહ્યો તેથી સ્વર્ગનાં સુખ પામી, અનુક્રમથી ઉત્કૃષ્ટ સુખ – મોક્ષ સુખને પામે છે.

ભાવાર્થ :- અકષાય જ્ઞાયક સ્વભાવનો મહિમા અંદરમાં વર્તે છે. પુરુષાર્થની સ્થિરતારૂપ જમવટ દ્વારા અપૂર્વ શાંતિમાં ઝૂલે તે સમાધિમરણ છે. જેને અપ્રતિહતભાવે ધર્મની શરૂઆત થઈ છે, જેને અંતે પૂર્ણ કેવળજ્ઞાન થવાના ભણકારનો નિર્ણય થઈ ચૂક્યો છે, તેને સમાધિમરણ અને પૂર્ણતાની પ્રથમથી તૈયારી હોય છે. નિરંતર નિઃશંકતા, નિર્ભયતા હોય છે. મરણ ટાણે દવા, ઈંજેક્શન વગેરેના શરણાં ન લે, નાની ઉંમર હોય કે મોટી, પણ બાર વ્રતમાં વીતરાગી જ્ઞાતાદ્રષ્ટાસ્વભાવની ભાવના ભાવી છે, તેથી તેની સ્વસન્મુખ જાગૃતિના પ્રમાણમાં અંદરની શાંતિ હોય જ છે. જ્ઞાની સામે મરણ ટાણે સ્ત્રી, પુત્રાદિ ઊભાં રહે, કંઈ મોહ બતાવે, કહે કે કંઈ ભલામણ કરો, સોંપણી કરો, ધર્મી તેના સામું ન જુએ. અંદરમાં શાંતિની ધારાનો અવસર છે તેથી પરથી સહજ ઉદાસીનતા વર્તે છે. અજ્ઞાનીને બેભાનદશામાં મળમૂત્ર ચાલ્યાં જાય ને કાંઈ આત્મશાંતિ રહે નહિ.

જ્ઞાનીને પ્રથમથી જ નિઃશંકતા છે કે સર્વજ્ઞે જે ક્ષેત્રે, જે કાળે જેમ થવાનું જોયું છે તેમ જ થવાનું છે. તેથી તે નિરંતર સમાધિમાં જ જાગૃત છે. પ્રથમથી જ તૈયારી હોય છે તેથી મરણ કાળ નજીક જાણી, સર્વ પ્રત્યે મમત્વ છોડી કષાયોને ક્ષીણ કરે, આહાર ઘટાડી અનશનાદિ તપદ્વારા કાયાને ક્ષીણ કરે કે જેથી શરીરમાં મળમૂત્રના સંગ્રહથી રોગ થતાં હોય તે ન થાય. અંત સમયમાં પ્રમાદ ન થાય, એમ વિકલ્પ આવે છે. બહારનું પોતાને આધીન માને નહિ, પણ પ્રમાદ-આકુળતા ન વધે તેવી જાગૃતિ રાખે છે. એ પ્રમાણે સ્વસન્મુખતાની શાંતિમાં રમણતાના પ્રયોગરૂપ સંલેખના ધર્મી જીવ કરે છે. અજ્ઞાની શરીરની સંભાળમાં લીન હોય છે. દવા, ચાકરી કરનાર વગેરેની આશા રાખે છે. ત્યારે જ્ઞાની પોતાને જ શરણ માની સર્વસમાધાનમાં વર્તે છે. નિર્વિકલ્પ ધ્યાન ન થઈ શકતું હોય તો પંચપરમેષ્ઠીનું સ્મરણ કરે, જ્ઞાયકમાત્ર શાંતસ્વરૂપ છું એમ ભાવના ભાવે.

અસંખ્યાતા તિર્યંચ સમ્યગ્દૃષ્ટિ છે, પાંચમા ગુણસ્થાનવાળા છે, તેને મરણ વખતે કોઈ પાસે હોતું નથી. અંદરમાં સમતાપૂર્વક જ્ઞાતા જાણનાર જ છું એવી દૃઢતા ને ભાવનાપૂર્વક

એકલો સમાધિમરણ કરે છે. નિઃશંકજ્ઞાતા જ છું એ શ્રદ્ધાના જોરે સમાધિ જ ભાળે છે.

મોક્ષમાર્ગપ્રકાશ પૃ. ૩૨૩માં છે કે "કેવળી-સિદ્ધભગવાન રાગાદિકરૂપ પરિણમતા નથી અને સંસારઅવસ્થાને ઈચ્છતા નથી તે આ શ્રદ્ધાનું જ બળ જાણવું"

ધર્મી જીવ સમાધિમરણ વખતે સ્વરૂપચિંતવન વા પંચપરમેષ્ઠીના ચિંતવનમાં લીન થઈ રાગના અભાવરૂપ નિશ્ચયવ્રત-સંવરરૂપ પરિણામ સહિત બન્યો થકો શરીરને છોડે છે ને સ્વર્ગપદને પામે છે ત્યાં પણ વીતરાગતાની ભાવના રાખે છે કે મનુષ્ય થઈ ચારિત્ર પાળું, એ પ્રમાણે અનુક્રમથી તે મોક્ષસુખને પામે છે.

સમ્યગ્દ્રષ્ટિ વૈમાનિકમાં ઉત્તમ દેવ થાય, સમ્યગ્દ્રષ્ટિ મનુષ્ય મરીને મનુષ્ય ન થાય. મિથ્યાદ્રષ્ટિ મનુષ્ય મરીને મનુષ્ય થાય. સમકિત પામ્યા પહેલાં મનુષ્ય વા તિર્યંચનું આયુષ્ય બંધાઈ ગયું હોય તો તે ભોગભૂમિમાં ઊપજે છે, કર્મભૂમિમાં ન ઊપજે. સ્ત્રીપર્યાયમાં, ભવનત્રિકમાં, નરકમાં, તિર્યંચમાં સમ્યગ્દ્રષ્ટિ ઊપજે નહિ.

# પ્રસાદ નં. – ૨૮૨

**વી. નિ સં. ૨૪૭૮, શ્રાવણ વદ ૨, વર્ષ ૨જાું. પુસ્તક દસમું,**
**સોનગઢ, તા. ૭-૮-૫૨, ગુરુવાર.**

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(શ્રાવણ સુદ ૧૧, શનિવાર, ૨-૮-૫૨ સવાર)**

સર્વજ્ઞની આજ્ઞા પ્રમાણે શ્રાવકની બાર પડિમાનું સ્વરૂપ સમ્યગ્દૃષ્ટિ વિચારે છે. શ્રાવકના બાર ધર્મમાં સૌથી પહેલું સમ્યગ્દર્શન છે, પછી પાંચમા ગુણસ્થાને અગિયાર પડિમા હોય છે, તેમાં બીજી પડિમાનું વર્ણન છે.

ગાથા-૩૭૦

**एकं अपि व्रतं विमलं सद्दृष्टि: यदि करोति दृढचित्त:।**
**तत् विविधर्द्धियुतं इन्द्रत्व प्राप्नोति नियमात्।।३७०।।**

**અર્થ :- જે સમ્યગ્દૃષ્ટિ જીવ, દૃઢચિત્ત બની એક વ્રત અતિચારરહિત નિર્મળ પાલન કરે તો તે નાના પ્રકારની ઋદ્ધિઓથી યુક્ત ઈંદ્રપણાને નિયમથી પ્રાપ્ત થાય.**

**ભાવાર્થ :- અહીં એક પણ વ્રત અતિચારરહિત પાળવાનું ફળ ઈંદ્રપણું નિયમથી કહ્યું ત્યાં એવો આશય જણાય છે કે સર્વ વ્રતોના પાલનના પરિણામ સમાનજાતિના છે, જ્યાં એક વ્રત દૃઢચિત્તથી પાલન કરે ત્યાં તેના અન્ય સમાનજાતિય વ્રતપાલનનું અવિનાભાવિપણું એટલે `બધાંય વ્રત પાળ્યાં' કહે છે. વળી આમ પણ છે કે – જો એક ત્યાગની આખડીને અંતસમયે દૃઢચિત્તથી**

**પકડી તેમાં પરિણામ લીન થતાં પર્યાય છૂટે તો તે કાળમાં અન્ય ઉપયોગના અભાવથી મહાન ધર્મધ્યાનસહિત અન્ય ગતિમાં ગમન થાય તો ઉચ્ચગતિમાં જ થાય એવો નિયમ છે. એવા આશયથી એક વ્રતનું એવું માહાત્મ્ય કહ્યું છે, પણ અહીં એમ ન જાણવું કે એક વ્રત તો પાલન કરે અને અન્ય પાપ સેવ્યા કરે તો તેનું પણ ઉચ્ચફળ થાય છે. એ પ્રમાણે તો ચોરી છોડે અને પરસ્ત્રી સેવ્યા કરે – હિંસાદિ કર્યા કરે તેનું પણ ઉચ્ચફળ થાય, પરંતુ એમ નથી. એ પ્રમાણે બીજી વ્રતપડિમાનું નિરુપણ કર્યું. બાર ભેદોની અપેક્ષાએ આ ત્રીજો ભેદ થયો.**

અર્થ :- જે સમ્યગ્દૃષ્ટિ જીવ, દૃઢચિત્ત બની એક વ્રત અતિચારરહિત નિર્મળ પાલન કરે તો તે નાના પ્રકારની ઋદ્ધિઓથી યુક્ત ઈંદ્રપણાને નિયમથી પ્રાપ્ત થાય.

જેણે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખ્યા છે, ને તે ઉપરાંત કર્મવિકાર વગેરેથી ભેદજ્ઞાન થઈને સ્વભાવમાં અભેદજ્ઞાન થયું છે, શુદ્ધ સમ્યગ્દૃષ્ટિ થયો છે – એવા જીવને ચૈતન્યસ્વરૂપના ચિંતવનમાં વિશેષ એકાગ્રતાથી શુદ્ધતા વધતાં વ્રત-પડિમા હોય છે. અજ્ઞાની તો પરની ક્રિયા હું કરું ને તેનાથી મને ધર્મ થાય – એમ માને છે. એટલે તેને તો પર સાથેનું અભેદજ્ઞાન તે મિથ્યાજ્ઞાન છે, ને પર સાથેનું ભેદજ્ઞાન થઈને આત્માની સાથે અભેદજ્ઞાન થાય તે સમ્યગ્જ્ઞાન છે. પહેલાં યથાર્થ વાતના શ્રવણ વગર તેનો ખ્યાલ ક્યાંથી આવે, તેની રુચિ કયાંથી થાય ને તેનું પરિણમન ક્યાંથી થાય ? માટે યથાર્થ વસ્તુસ્વરૂપનું શ્રવણ કરીને તેનો નિર્ણય કરવો જોઈએ. હજી તો શરીરની અનુકૂળતા હોય તો મને લાભ થાય – એમ જે માને છે તેને તો સાચી દૃષ્ટિ જ નથી, જેને સત્‌દૃષ્ટિ પ્રગટી છે એટલે કે પરથી ભિન્ન પોતાના શુદ્ધાત્માની દૃષ્ટિ થઈ છે – એવો સમ્યગ્દૃષ્ટિ જીવ વિશેષપણે ભેદજ્ઞાન કરીને સ્વમાં એકાગ્રતા કરતો જાય છે, ત્યારે તેને વ્રત અને પડિમા હોય છે. સમ્યગ્દર્શન ઉપરાંત સ્વભાવની દૃઢતાની આ વાત છે. જેને હજી સમ્યગ્દર્શન જ નથી તેને તો વ્રત હોય જ નહિ.

શુદ્ધ આત્માની દૃષ્ટિપૂર્વક તેમાં જ્ઞાનની દૃઢતાપૂર્વક જે ધર્મી જીવ એક પણ વ્રત નિર્મળપણે પાળે છે તે ઈંદ્રપદ પામે છે. સ્વભાવના આશ્રયે એક વ્રત પાળે તો તેમાં બધાંય વ્રતો પણ ભેગાં જ આવી જાય છે. એક અંશે શુદ્ધતા પ્રગટી ને વીતરાગભાવ થયો તેટલાં પ્રમાણમાં અહિંસા વગેરે બધાં વ્રતો આવી જાય છે.

અહિંસાવ્રત હોય ને બીજાં સત્યવ્રત વગેરે ન હોય – એમ ન બને. કેમ કે અહિંસાવ્રતને યોગ્ય જે શુદ્ધતા પ્રગટી તે શુદ્ધતામાં બીજાં વ્રતો પણ આવી જાય છે. એ રીતે એક વ્રતમાં બીજાં બધાં વ્રતો પણ આવી જાય છે – એમ જાણવું.

ભાવાર્થ :- અહીં એક પણ વ્રત અતિચારરહિત પાળવાનું ફળ ઈંદ્રપણું નિયમથી કહ્યું ત્યાં એવો આશય જણાય છે કે સર્વ વ્રતોના પાલનના પરિણામ સમાનજાતિના છે, જ્યાં એક વ્રત દૃઢચિત્તથી પાલન કરે ત્યાં તેના અન્ય સમાનજાતિય વ્રતપાલનનું અવિનાભાવિપણું એટલે 'બધાંય વ્રત પાળ્યાં' કહે છે. વળી આમ પણ છે કે – જો એક ત્યાગની આખડીને અંતસમયે દૃઢચિત્તથી પકડી તેમાં પરિણામ લીન થતાં પર્યાય છૂટે તો તે કાળમાં અન્ય ઉપયોગના અભાવથી મહાન ધર્મધ્યાનસહિત અન્ય ગતિમાં ગમન થાય તો ઉચ્ચગતિમાં જ થાય એવો નિયમ છે. એવા આશયથી એક વ્રતનું એવું માહાત્મ્ય કહ્યું છે, પણ અહીં એમ ન જાણવું કે એક વ્રત તો પાલન કરે અને અન્ય પાપ સેવ્યા કરે તો તેનું પણ ઉચ્ચફળ થાય છે. એ પ્રમાણે તો ચોરી છોડે અને પરસ્ત્રી સેવ્યા કરે – હિંસાદિ કર્યા કરે તેનું પણ ઉચ્ચફળ થાય, પરંતુ એમ નથી. એ પ્રમાણે બીજી વ્રતપડિમાનું નિરુપણ કર્યું. બાર ભેદોની અપેક્ષાએ આ ત્રીજો ભેદ થયો.

ચૈતન્યમૂર્તિ સ્વભાવના ભાનસહિત જેટલાં પ્રમાણમાં ઉપયોગ સ્વમાં જામે છે તેટલાં પ્રમાણમાં બધાં વ્રત આવી જાય છે. ચૈતન્યમાં લીનતા વખતે શુભપરિણામ એવી ઊંચી જાતના જ હોય છે કે ઈંદ્રાદિ પદવીને જ પામે છે. આથી વ્રતનો મહિમા બતાવ્યો છે. જ્યાં ચૈતન્યમાં અંશે લીનતા થઈ ને પંચમ ગુણસ્થાનની શુદ્ધતા પ્રગટી ત્યાં સર્વાર્થસિદ્ધિના દેવ કરતાં પણ તે ઊંચો થયો. આ પ્રમાણે શ્રાવકના ધર્મોના બાર ભેદમાંથી ત્રીજા ભેદનું વર્ણન કર્યું. પહેલું સમ્યગ્દર્શન, પછી દર્શનપડિમા અને વ્રતપડિમા તે ત્રીજો ભેદ છે.

# શ્રાવકના સામાયિકધર્મનું વર્ણન

હવે ત્રીજી સામાયિકપડિમાનું વર્ણન કરે છે :-

**ગાથા-૩૭૧**

**આગળ ત્રીજી સામાયિકપ્રતિમાનું નિરૂપણ કરે છે :-**

**यः करोति कायोत्सर्गं द्वादशावर्त्तसंयुतः धीरः।**
**नमनद्विकं अपि कुर्वन् चतुःप्रणामाः प्रसन्नात्मा।।३७१।।**
**चिन्तयन् स्वस्वरूपं जिनबिम्बं अथवा अक्षरं परमं।**
**ध्यायति कर्मविपाकं तस्य व्रतं भवति सामायिकं।।३७२।।**

**અર્થ :- જે સમ્યગ્દષ્ટિ શ્રાવક, બાર આવર્તસહિત, ચાર પ્રણામસહિત, બે નમસ્કાર કરતો થકો પ્રસન્ન છે આત્મા જેનો એવો ધીર-દ્રઢચિત્ત બનીને કાયોત્સર્ગ કરે છે અને ત્યાં પોતાના ચૈતન્યમાત્ર શુદ્ધસ્વરૂપને ધ્યાવતો-ચિંતવતો રહે છે વા જિનબિંબને ચિંતવતો રહે છે વા પરમેષ્ઠીવાચક પાંચ નમોકારને ચિંતવતો રહે છે વા કર્મોદયના રસની જાતિને ચિંતવતો રહે છે તેને સામાયિવ્રત હોય છે.**

**ભાવાર્થ :- સામાયિકનું વર્ણન પહેલાં શિક્ષાવ્રતમાં કર્યું હતું કે `રાગદ્વેષ છોડી સમભાવપૂર્વક ક્ષેત્ર–કાળ–આસન–ધ્યાન–મનશુદ્ધિ–વચનશુદ્ધિ–કાયશુદ્ધિસહિત કાળની મર્યાદા કરી એકાન્તસ્થાનમાં બેસી સર્વ સાવદ્યયોગનો ત્યાગ કરી ધર્મધ્યાનરૂપ પ્રવર્તે' એમ કહ્યું હતું. અહીં વિશેષ આ કહ્યું કે `કાયાથી મમત્વ છોડી કાયોત્સર્ગ કરે ત્યાં આદિ–અંતમાં બે નમસ્કાર કરે, ચાર દિશા સન્મુખ થઈ ચાર શિરોનતિ કરે, એક એક શિરોનતિમાં મન–વચન–કાયની શુદ્ધતાની સુચનારૂપ ત્રણ-ત્રણ એમ બાર આવર્ત કરે, એ પ્રમાણે કરી કાયાથી મમત્વ છોડી નિજસ્વરૂપમાં લીન થાય વા જિનપ્રતિમામાં ઉપયોગને લીન કરે વા પંચપરમેષ્ટીવાચક અક્ષરોનું ધ્યાન કરે તથા (એમ કરતાં) ઉપયોગ કોઈ હરકત તરફ જાય તો ત્યાં કર્મોદયની જાતિને ચિંતવે કે આ શાતાવેદનીયનું ફળ છે વા આ અશાતાવેદનીયની જાતિ છે વા આ અંતરાયના ઉદયની જાતિ છે ઈત્યાદિ કર્મના ઉદયને ચિંતવે.' આટલું વિશેષ કહ્યું. વળી આ પ્રમાણે પણ વિશેષ જાણવું કે–શિક્ષાવ્રતમાં તો મન–વચન–કાય સંબંધી કોઈ અતિચાર પણ લાગે છે વા કાળની મર્યાદા આદિ ક્રિયામાં હિન-અધિક પણ થાય છે અને અહીં પ્રતિમાની પ્રતિજ્ઞા છે તે તો અતિચારરહિત શુદ્ધ પળાય છે, ઉપસર્ગાદિના નિમિત્તથી પ્રતિજ્ઞાથી ચગતો નથી એમ જાણવું. આના પાંચ અતિચાર છે. મન–વચન–કાયનું અસ્થિર કરવું, અનાદર કરવો, ભૂલી જવું એ (પાંચ) અતિચાર ન લગાવે. એ પ્રમાણે બાર ભેદની અપેક્ષાએ આ સામાયિકપ્રતિમા ચોથો ભેદ થયો.**

અર્થ :- જે સમ્યગ્દષ્ટિ શ્રાવક, બાર આવર્ત સહિત, ચાર પ્રણામ સહિત, બે નમસ્કાર કરતો થકો પ્રસન્ન છે આત્મા જેનો એવો ધીર-દ્રઢચિત્ત બનીને કાયોત્સર્ગ કરે છે અને ત્યાં પોતાના ચૈતન્યમાત્ર શુદ્ધસ્વરૂપને ધ્યાવતો-ચિંતવતો રહે છે વા જિનબિંબને ચિંતવતો રહે છે વા પરમેષ્ઠીવાચક પાંચ નમોકારને ચિંતવતો રહે છે વા કર્મોદયના રસની જાતિને ચિંતવતો રહે છે તેને સામાયિવ્રત હોય છે.

જુઓ, આ સામાયિક સમ્યગ્દૃષ્ટિ શ્રાવકને પાંચમા ગુણસ્થાને હોય છે. આ સામાયિક તે તો શ્રાવકનો ચોથો ધર્મ છે. હજી જેને સમ્યગ્દર્શનનું ઠેકાણું નથી, કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની માન્યતા પણ છૂટી નથી – એવા મિથ્યાદૃષ્ટિ જીવને સામાયિક હોય નહિ. જેને કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની માન્યતા છૂટી ગઈ છે, સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખ્યા છે ને અંતરમાં ચિદાનંદસ્વભાવની દૃષ્ટિપૂર્વક તેમાં અંશે એકાગ્રતા થઈ છે તેને સામાયિકધર્મ હોય છે, હજી તો કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રના સેવનરૂપ ગૃહિત મિથ્યાત્વનો પણ જેને ત્યાગ નથી, તે જીવ "રાગથી ધર્મ ન થાય" એવી અગૃહિત મિથ્યાત્વના ત્યાગની વાત ક્યાંથી લાવ્યો ! તે તો અક્કલ વગરની કોઈકની નકલ કરે છે, પણ પરમાર્થ માર્ગમાં તે ચાલે નહિ. પહેલાં સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું જ જેને ભાન નથી તેને આત્માનું ભાન હોય નહિ. હજી તો સ્ત્રીને તીર્થંકર માને, મલ્લિકુમાર તીર્થંકરને સ્ત્રી મનાવે, હાથીના ભવમાં મિથ્યાદૃષ્ટિસહિત દયા પાળવાથી પરિતસંસાર થવાનું મનાવે–એવા દેવ-ગુરુ-શાસ્ત્રને જે માને તે ગૃહિતમિથ્યાદૃષ્ટિ છે. એવા જીવને સમ્યગ્દર્શન પણ ન હોય, તો પછી શ્રાવકની સામાયિક તો ક્યાંથી હોય ? સામાયિકવાળા જીવની પાત્રતા કેવી હોય ? કે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખે, ને તેમણે કહેલાં શુદ્ધ આત્મસ્વરૂપને ઓળખીને, અંતરની પ્રસન્નતાપૂર્વક તેમાં અંશે એકાગ્રતા પ્રગટી હોય તેને જ સામાયિક વ્રત હોય છે.

કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને છોડ્યા વગર ભેદજ્ઞાનની વાત કરે તે તો એકડા વગરનાં મીંડાં મૂકવા જેવું છે. અહો ! સમ્યગ્દૃષ્ટિનો આત્મા પ્રસન્ન છે, બહારમાં શરીર-મન-વાણી-સ્ત્રી-લક્ષ્મી વગેરેથી તે પ્રસન્નતા માનતો નથી, પણ ચિદાનંદસ્વભાવના અસંખ્યપ્રદેશે અનાકુળ શાંતિના ફૂવારા છૂટ્યા છે – તેથી તેને પ્રસન્નતા છે, ને એવા પ્રસન્નાત્માને સામાયિક હોય છે. વળી તે આત્મા ધીર-ગંભીર છે, અને જ્ઞાનસ્વરૂપમાં લીન થઈને, કાયાથી ઉપેક્ષિત થઈને સામાયિક કરે છે. તે સામાયિકના કાળે તો તે શ્રાવક મુનિ જેવો છે. કેમ કે ત્યાં પોતાના શુદ્ધ ચેતન્ય સ્વરૂપના ચિંતવન સિવાય કોઈ ઉપાધિ નથી. હું જ્ઞાનાનંદ ચૈતન્યમૂર્તિ છું, કોઈ મને રોકનાર નથી – એમ અંદરમાં ચૈતન્યબિંબ થઈને ઠરી જવાનો પ્રયત્ન કરે છે, અને ન ઠરી શકાય ત્યારે જિનબિંબને ચિંતવે છે. જેવા વીતરાગ જિન હોય તેવું જ તેમનું બિંબ પણ વીતરાગ-વસ્ત્ર-શસ્ત્રરહિત હોય, એવા અક્રિય ચૈતન્યબિંબને ચિંતવે છે, અહો ! જિનબિંબમાં વિકલ્પ નથી, તેમ ચિંતવતાં પોતે પોતાના ચૈતન્યબિંબમાં એકાગ્ર થવાનો અભ્યાસ કરે છે – આનું નામ સામાયિક છે. જુઓ, હજી મુનિદશા થઈ નથી, પણ અંતરમાં તે મુનિદશા માટેની તૈયારીનો અભ્યાસ કરે છે. વળી ક્યારેક પંચપરમેષ્ઠીના સ્વરૂપનું ચિંતવન કરે છે. જુઓ પહેલાં પંચપરમેષ્ઠીને બરાબર ઓળખ્યા છે, સ્વરૂપને ઓળખ્યા વગર ચિંતવન કોનું કરે ? મુનિ કેવા હોય, અરિહંતદેવ કેવા હોય, તેનું જેને ભાન નથી તે જીવ ખરેખર પંચપરમેષ્ઠીને નથી નમતો, પણ રાગને નમે છે. નમો

લોએ સવ્વ સાહૂણં એમ બોલે, પણ વસ્ત્ર પાત્રવાળા મુનિ માનતો હોય તો તેણે ખરેખર મુનિને નમસ્કાર કર્યા જ નથી, કેમ કે મુનિ કેવા હોય તેનું જ તેને ભાન નથી. અહીં તો તેનાથી આઘી વાત છે, કુદેવાદિની માન્યતામાં તો મિથ્યાત્વનો મોટો અધર્મ છે, તે પણ જેને છૂટ્યો નથી તેને આ સામાયિકધર્મની તો ગંધ પણ શેની હોય ?

પહેલાં બીજી પડિમાવાળાને શિક્ષાવ્રતમાં સામાયિકનું વર્ણન કર્યું હતું પણ તેમાં હજી અતિચારસહિત સામાયિક હતી, ને આ ત્રીજી પડિમાવાળો શ્રાવક તો સામાયિકવ્રતમાં અતિચાર પણ લાગવાં દેતો નથી, એટલી વિશેષ શુદ્ધતા તેને થઈ ગઈ છે. તે સામાયિકમાં ક્યારેક સર્વજ્ઞદેવને ચિંતવે છે.

સર્વજ્ઞના વિરહમાં ધર્મી જીવ સર્વજ્ઞનું ચિંતવન કરે છે. અહો ! નાથ ! સાક્ષાત્ ભગવાનનો અત્યારે વિરહ છે. એટલે અંતરમાં તેમને યાદ કરીને ચિંતવન કરે છે, અને જિનબિંબને ચિંતવે છે. સાક્ષાત્ જિન કેવા હોય તેનું ભાન છે અને તેને યાદ કરીને જિનબિંબમાં તેમને સ્થાપે છે તથા તેમનું ધ્યાન કરે છે. એમાં પોતે પોતાના અક્રિય ચૈતન્યબિંબના ધ્યાનમાં એકાગ્ર થવાનો અભ્યાસ કરે છે. સામાયિક પડિમાવાળો સામાયિકમાં જ્યારે બેઠો હોય ત્યારે ગમે તેવા ઘોર ઉપસર્ગ આવે, સિંહ આવીને ખાઈ જતા હોય – તો પણ સામાયિકથી ચ્યુત થતો નથી. અંતરમાં એટલી શાંતિ ને વીતરાગતા વધી ગઈ છે. શ્રાવક હોવા છતાં સામાયિકથી ચ્યુત થતો નથી. દેવ આવીને ઉપસર્ગ કરે, મકાન બાળી નાખે, પુત્રને મારી નાખે, શરીરને સિંહ ખાઈ જાય, તો પણ ચૈતન્યની શાંતિરૂપ સામાયિકથી તે ચ્યુત થતો નથી. અંતરમાં તેને એવો જ વીતરાગભાવ થઈ ગયો છે કે તે પ્રકારનો રાગ આવતો નથી. આવો શ્રાવકનો સામાયિકધર્મ છે.

# શ્રાવકનો પૌષધ ધર્મ

જુઓ, ધર્મી શ્રાવક લગભગ આઠ-આઠ દિવસે અંતરમાં ચિદાનંદ સ્વભાવમાં વિશેષ એકાગ્રતાનો પ્રયોગ કરે છે. આહારાદિ છોડી સ્વરૂપમાં એકાગ્રતાનો અખતરો કરે, તેનું નામ પ્રોષધપડિમા છે. પ્રોષધ કરીને બેઠો હોય ને દિવસે છ-છ કલાક સૂઈ રહે – એવું પ્રોષધનું સ્વરૂપ નથી. અહીં તો ચિદાનંદ સ્વરૂપમાં જાગૃતિ વધી ગઈ છે, ને અંદર વીતરાગતાનો અંશ વધી ગયો છે. એવો જીવ તિથિના દિવસે પ્રોષધ ઉપવાસ કરે છે તેને આ ચોથી પડિમા હોય છે. તેનું વર્ણન કરે છે :-

ગાથા-૩૭૩-૩૭૬

આગળ પ્રોષધપ્રતિમાના ભેદ કહે છે :-

सप्तमित्रयोदशिदिवसे अपराह्णे जिनभवने।
क्रियाकर्म कृत्वा उपवासं चतुर्विधं गृहीत्वा।।३७३।।
गृहव्यापारं त्यक्त्वा रात्रिं गमयित्वा धर्मचिन्तया।
प्रत्यूहे उत्थित्वा क्रियाकर्म च कृत्वा।।३७४।।
शास्त्राभ्यासेन पुनः दिवसं गमयित्वा वन्दनां कृत्वा।
रात्रिं नीत्वा तथा प्रत्यूषे वन्दनां कृत्वा।।३७५।।
पूजनविधिं च कृत्वा पात्रं गृहीत्वा नवरित्रिविधं अपि।
भोजयित्वा पात्रं भुञ्जतः प्रोषधः भवति।।३७६।।

અર્થ :- સાતમ અને તેરશના દિવસે બે પહોર પછી જિનચૈત્યાલયમાં જઈ સાયંકાળમાં સામાયિકાદિ ક્રિયાકર્મ કરી ચાર પ્રકારના આહારનો ત્યાગ કરી ઉપવાસ ગ્રહણ કરે, ઘરનો સમસ્ત વ્યાપાર છોડી ધર્મધ્યાનપૂર્વક સાતમ અને તેરશની રાત્રી વ્યતિત કરે, આઠમ અને ચતુર્દશીના પ્રભાતમાં ઉઠી સામાયિક ક્રિયાકર્મ કરે અને તે દિવસ શાસ્ત્રાભ્યાસાદિ કરી ધર્મધ્યાનમાં વિતાવે, સાયંકાળમાં સામાયિકાદિ ક્રિયાકર્મ કરી રાત્રી પણ એજ પ્રમાણે ધર્મધ્યાનમાં ગાળે, નોમ અને પૂર્ણિમાના પ્રભાતકાળમાં સામાયિક વંદનાદિ કરી–જિનપૂજનવિધાન કરી ત્રણ પ્રકારના પાત્રોનું પડગાહન કરી તેમને ભોજન કરાવી પછી પોતે ભોજન કરે તેને પ્રોષધપ્રતિમા હોય છે.

ભાવાર્થ :- પહેલાં શિક્ષાવ્રતમાં પ્રોષધની વિધિ કહી હતી તે અહીં પણ જાણવી. ગૃહવ્યાપાર–ભોગઉપભોગની સમસ્ત સામગ્રીનો ત્યાગ કરી એકાન્તમાં જઈ સોળપ્રહર ધર્મધ્યાનમાં વ્યતિત કરે, અને અહીં વધારામાં આટલું સમજવું કે ત્યાં સોળપ્રહોરના વખતનો નિયમ કહ્યો નહોતો–અતિચારાદિ દોષ પણ લાગતા હતા પરંતુ અહીં તો પ્રતિમાની પ્રતિજ્ઞા છે તેથી સોળપ્રહોરના ઉપવાસનો નિયમ કરી અતિચારરહિત પ્રોષધ કરે છે. આ પ્રોષધ પ્રતિમાના પાંચ અતિચાર છે, જે વસ્તુ જે કાળમાં રાખી હોય તેને ઉઠાવવી–મુકવી, સુવા–બેસવાનો સંથારો કરવો એ બધું વગર દેખે જાણે યત્નરહિત કરવું, આ પ્રમાણે ત્રણ અતિચાર તો આ તથા ઉપવાસમાં

**અનાદર–અપ્રીતિ કરવી અને ક્રિયાકર્મનું વિસ્મરણ કરવું આ પાંચ અતિચાર લાગવા દે નહિ. (તે નિરતિચાર પ્રોષધોપવાસ પ્રતિમા છે).**

અર્થ :- અવિકાર આત્માનું ભાન તો નિરંતર છે જ, તેમાં વિશેષપણે શુદ્ધસ્વભાવનું આલંબન કરી, જ્ઞાન, ધ્યાન, વૈરાગ્યની જાગૃતિ વધારવાનો પ્રયોગ કરે છે. ત્યાં સાતમ તથા તેરસના દિવસે બે પહોર પછી જિન ચૈત્યાલયમાં જઈ, સામાયિકાદિ કરે છે. જિનપ્રતિમા કેવી હોય છે ? અક્રિયબિંબ, પરમ પ્રસન્નતાથી પૂર્ણ, શાંત વીતરાગમૂર્તિ નિર્લેપ નિર્વિકારમુદ્રા હોય છે. આત્માનું અસલી–મૂળ શાંત અક્રિયસ્વરૂપ જોવામાં આદર્શસમાન છે, ધ્યાનનું કારણ વીતરાગતાનું સ્વરૂપ જેણે જાણ્યું છે તેને પૂર્ણસ્વરૂપના સ્મરણનું કારણ છે. અનાદિથી જિનપ્રતિમા છે. જ્ઞાની પણ વીતરાગદેવની પ્રતિમાનાં દર્શન, વંદન, પૂજા, ભક્તિ કરે છે કેમ કે તેમાં વીતરાગતાનું બહુમાન છે.

શ્રાવકને નિર્મળ ભેદજ્ઞાન તો છે, વિશેષ ભેદજ્ઞાનથી એકાગ્રતા કરે છે. ચૈત્યાલય અથવા એકાંત શાંત સ્થળે જઈ સાયંકાળમાં સામાયિકાદિ કરી ચાર પ્રકારના આહારનો ત્યાગ કરી, ઉપવાસ ગ્રહણ કરે. ઘરનો સર્વ વ્યાપાર તજી, ધર્મધ્યાનપૂર્વક સાતમ અને તેરસની રાત્રિ વ્યતિત કરે. આઠમ અને ચૌદસની સવારે સામાયિક ક્રિયા કરી તે દિવસે શાસ્ત્રાભ્યાસાદિ કરી, ધર્મધ્યાનમાં વિતાવે. સાયંકાળે સામાયિકાદિ ક્રિયા કરી રાત્રિ પણ એ જ પ્રમાણે ધર્મધ્યાનમાં ગાળે. નોમ અને પૂનમની સવારે સામાયિક-વંદનાદિ કરી, જિનપૂજન વિધાન કરી, ત્રણ પ્રકારના પાત્રોનું સન્માન કરી, આદરપૂર્વક ભોજન કરાવી પછી પોતે ભોજન કરે. તેને પ્રોષધપ્રતિમા હોય છે.

ધર્માત્મા ગૃહસ્થદશામાં વારંવાર ભાવના કરે કે અહો ! ક્યારે નગ્ન દિગંબર વીતરાગી મુનિ થઈએ ! ચારિત્રની નબળાઈ તજી એકાંત આત્મશાંતિમાં ક્યારે ઝૂલીએ ! એમ ક્રમેક્રમે રાગનો અભાવ કરી, જ્ઞાન-શાંતિમાં સ્થિરતા વધાર્યા કરે છે, એવું ત્રણેકાળે શ્રાવકપદ હોય છે.

**શ્રાવણ સુદ ૧૨, રવિવાર, ૩-૮-૫૨**

# શ્રાવકના ધર્મોનું વર્ણન અને તે માટેની પ્રાથમિક ભૂમિકા

બાર ભાવનામાં આ છેલ્લી ધર્માનુપ્રેક્ષાનું વર્ણન ચાલે છે. તીર્થંકરો પણ ગૃહસ્થપણામાં આ ભાવનાઓ ભાવે છે. ચોથા-પાંચમા-છઠ્ઠા ગુણસ્થાને શ્રાવકો તથા મુનિઓ પણ આ ભાવના ભાવે છે. આ ભાવના તે સંવરનો પ્રકાર છે, અને **ભવ્યજનોને આનંદની જનેતા છે.** આ ભાવના આસ્રવોને ઉત્પન્ન કરનારી નથી પણ સંવર અને આનંદની જનેતા છે. તો આસ્રવરહિત સ્વભાવ કેવો છે ? અને તે સ્વભાવ કહેનારા દેવ-ગુરુ-શાસ્ત્ર કેવા છે તે ઓળખવાનું પણ આમાં આવી જાય છે. જેઓ આસ્રવથી લાભ મનાવતા હોય એવા કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રનું દાસપણું જે સ્વીકારે તે જીવ તો આસ્રવનો દાસ થયો, પણ આસ્રવરહિત એવા સ્વભાવનો અને સર્વજ્ઞ ભગવાનનો દાસ તે ન થયો. આત્માનો સ્વભાવ આસ્રવરહિત છે, તેના ભાનપૂર્વક સમ્યગ્દૃષ્ટિને આવી સંવરભાવના હોય છે.

જેમ મીઠા આંબા પાકે છે તેનું મૂળ તો આંબામાં છે, તેમ આ બારભાવના તત્વજ્ઞાનપૂર્વક હોય છે, તે **તત્વજ્ઞાનનું મૂળ સર્વજ્ઞ છે.** સર્વજ્ઞદેવે જે સાધનથી તત્વજ્ઞાન સાધ્યું અને વાણીમાં જે સાધન કહ્યું તેને ઓળખે, તેવા દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખે, તેને જ યથાર્થ તત્વની ભાવના હોય. કોઈ કહે કે અમે ઈશ્વરની ભક્તિ કરીએ છીએ, તો તેને પૂછે છે કે જેની તમે ભક્તિ કરો છો, તે ઈશ્વર કેવા છે ? તો સામો કહે છે કે – ભક્તોને મદદ કરે અને દુશ્મનનો સંહાર કરે – એવા અમારા ઈશ્વર છે, તો તે ઈશ્વર તો રાગી-દ્વેષી થયો, અને રાગી-દ્વેષી જીવને ઈશ્વર માનીને ભક્તિ કરે તેને અતત્વશ્રદ્ધાન છે, જેની ભક્તિ કરે તેનો તે દાસ થયો, રાગી-દ્વેષીની ભક્તિ કરે તો તે રાગ-દ્વેષનો જ દાસ છે. માટે રાગ-દ્વેષરહિત સર્વજ્ઞદેવ કેવા હોય તેને પ્રથમ જ ઓળખવા જોઈએ.

વીતરાગતાનું પોષણ કરનારાં શાસ્ત્રો કેવાં છે તે ઓળખે નહિ અને રાગ-દ્વેષના પોષક શાસ્ત્રોને જે માને તે જીવે તે શાસ્ત્રના કહેનારા એવા દેવ અને ગુરુને પણ રાગ-દ્વેષના પોષક માન્યા છે, એટલે તેને દેવ-ગુરુ-શાસ્ત્રની સાચી શ્રદ્ધા નથી. તેવા જીવને રાગ-દ્વેષરહિત આત્માની શ્રદ્ધા થાય નહિ અને તેને આવી સંવરભાવના હોય નહિ.

ગારા માટીના શીતળા બનાવીને લોકો કહે છે કે "હે શીતળામાતા ! અમારા દીકરાનું રક્ષણ કરજો" એનો અર્થ શું થયો ? કે મારા પોતામાં તો છોકરાને રાખવાની તાકાત નથી ને ગારામાટીમાં તેવી તાકાત છે, એટલે પોતે તો ગારામાટી કરતાં પણ હલકો થયો ! અહીં તો કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની માન્યતા છૂટીને જેને ચિદાનંદસ્વભાવની શ્રદ્ધા થઈ છે અને તેમાં અંશે એકાગ્રતા થતાં પાંચમા ગુણસ્થાનની પડિમા પ્રગટી છે એવા શ્રાવકના ધર્મોનું વર્ણન છે.

અહીં પ્રોષધ ઉપવાસ નામની ચોથી પડિમાનું વર્ણન ચાલે છે. પહેલાં શિક્ષાવ્રતમાં પ્રોષધની વિધિ કહી હતી તે અહીં પણ જાણવી. ગૃહવ્યાપાર-ભોગઉપભોગની સમસ્ત સામગ્રીનો ત્યાગ કરી એકાંતમાં જઈ સોળ પહોર ધર્મધ્યાનમાં વ્યતીત કરે, અને અહીં વધારામાં આટલું સમજવું કે ત્યાં સોળ પહોરના વખતનો નિયમ કહ્યો ન હતો – અતિચારાદિ દોષ પણ લાગતા હતા. પરંતુ અહીં તો પ્રતિમાની પ્રતિજ્ઞા છે તેથી સોળ પહોરના ઉપવાસનો નિયમ કરી અતિચારરહિત પ્રોષધ કરે છે. આ પ્રોષધપ્રતિમાના પાંચ અતિચાર છે, જે વસ્તુ જે કાળમાં રાખી હોય તેને ઊઠાવવી-મૂકવી, સૂવા-બેસવાનો સંથારો કરવો એ બધું વગર દેખે જાણે યત્નરહિત કરવું, આ પ્રમાણે ત્રણ અતિચાર તો આ તથા ઉપવાસમાં અનાદર-અપ્રીતિ કરવી અને ક્રિયાકર્મનું વિસ્મરણ કરવું, આ પાંચ અતિચાર લાગવા દે નહિ. તે નિરતિચાર પ્રોષધોપવાસ પ્રતિમા છે.

પ્રોષધઉપવાસવાળા શ્રાવક શુદ્ધ આત્માનું ચિંતન કરે છે અથવા પંચપરમેષ્ઠીનું તથા જિનબિંબ વગેરેનું ચિંતવન કરે છે. જુઓ, લગભગ ૨૨૦૦ વર્ષ પહેલાંના આ શાસ્ત્રમાં સંતમુનિરાજે જિનભવન ની વાત મૂકી છે. આવા જિનભવન અને જિનબિંબને જે ન માને તે સંતોનો વિરોધી છે. સર્વજ્ઞનો વિરોધી છે, તેને ધર્મનું ભાન નથી, ને ધર્મનાં નિમિત્તોનું પણ ભાન નથી.

જુઓ, સર્વજ્ઞદેવને માનનારાને કેવી શ્રદ્ધા હોય ? કે બધું વ્યવસ્થિત થાય છે.

જુઓ, વસ્તુની પર્યાયો વ્યવસ્થિત થાય છે કે અવ્યવસ્થિત ? જો વસ્તુની પર્યાય અવ્યવસ્થિત થાય છે એમ માનો તો સર્વજ્ઞ જ સાબિત નહિ થાય. અને જો વસ્તુની બધી પર્યાયો વ્યવસ્થિત જ થાય છે તો પછી નિમિત્તે શું કર્યું ? બીજો તેમાં ફેરફાર શું કરે ? વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય પ્રગટે કે પર્યાયના આશ્રયે નવી પર્યાય પ્રગટે – એ કાંઈ રહેતું નથી, એકલાં સ્વદ્રવ્યનું જ અવલંબન રહે છે. વસ્તુસ્વરૂપની આવી શ્રદ્ધાપૂર્વકના શ્રાવકના ધર્મોનું આ વર્ણન છે.

આગળ પ્રોષધનું માહાત્મ્ય કહે છે.

**ગાથા-૩૭૭**

**આગળ પ્રોષધનું માહાત્મ્ય કહે છે :-**

**एकं अपि निरारम्भं उपवासं यः करोति उपशान्तः।**
**बहुविधसञ्चितकर्म सः ज्ञानी क्षिपति लीलया।।३७७।।**

**અર્થ :- જે જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ, આરંભનો ત્યાગ કરી ઉપશમભાવ-મંદકષાયરૂપ થઈને એક પણ ઉપવાસ કરે છે તે ઘણા ભવોના સંચિત કરેલાં-બાંધેલાં કર્મોને લીલામાત્રમાં ક્ષય કરે છે.**

**ભાવાર્થ :- કષાય–વિષય અને આહારનો ત્યાગ કરી, આલોક–પરલોકના ભોગોની વાંચ્છા છોડી જો એક ઉપવાસ કરે તો તે ઘણા કર્મોની નિર્જરા કરે છે તો પછી જે પ્રોષધપ્રતિમા અંગીકાર કરી એક પક્ષમાં બે ઉપવાસ કરે તેના સંબંધમાં શું કહેવું ! કે સ્વર્ગસુખ ભોગવી મોક્ષને પ્રાપ્ત થાય છે.**

---

અર્થ :- જે જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ, આરંભનો ત્યાગ કરી ઉપશમભાવ-મંદકષાયરૂપ થઈને એક પણ ઉપવાસ કરે છે તે ઘણા ભવોના સંચિત કરેલાં-બાંધેલાં કર્મોને લીલામાત્રમાં ક્ષય કરે છે.

જગતમાં પદાર્થોની અવસ્થા ક્રમબદ્ધ વ્યવસ્થિત થાય છે, હું તેનો ફેરફાર કરનાર નથી, હું તો જાણનાર છું – એમ જેણે નક્કી કર્યું તેની દૃષ્ટિ જ્ઞાનસ્વભાવમાં વળી ગઈ છે તેથી તે જ્ઞાની છે. અકષાયદૃષ્ટિ અને સ્થિરતા દ્વારા આરંભનો ત્યાગ કરી એક પણ ઉપવાસ કરે છે તે શ્રાવક પણ ઘણા ભવોના સંચિત કરેલાં ઘણાં કર્મોને લીલામાત્રમાં ક્ષય કરે છે. જ્ઞાનાનંદમાં સ્વસન્મુખપણે વસવું તે ઉપવાસ છે.

ભાવાર્થ :- મિથ્યાત્વ તે મૂળ કષાય છે. અકષાય શાંત જ્ઞાતામાત્રસ્વરૂપમાં સાવધાન રહી કષાય, વિષય અને આહારનો ત્યાગ કરી અંતર આલંબનમાં જાગૃત રહી આલોક-પરલોકના ભોગોની વાંછા છોડી, નિઃશલ્ય થઈ જો એક પણ ઉપવાસ કરે તો શુદ્ધિની વૃદ્ધિ વડે ઘણાં કર્મોની નિર્જરા કરે છે, તો પછી જે તેનાથી વિશેષ શુદ્ધિથી પ્રોષધપ્રતિમા અંગિકાર કરી એક પક્ષમાં બે ઉપવાસ કરે તેના સંબંધમાં શું કહેવું ?

શ્રાવક ત્રણ શલ્યરહિત હોય છે. (૧) મિથ્યાદર્શનશલ્ય (૨) નિદાનશલ્ય – આલોક તથા

પરલોકનાં સુખની આશા (૩) માયાશલ્ય – કપટ. એ ત્રણ શલ્ય અખંડજ્ઞાન શાંતિની આરાધનામાં મહાવિઘ્નરૂપ છે. તેથી તે ત્રણ શલ્યરહિત જ વ્રતી હોય છે.

બહુ દુઃખ સહન કરે તો નિર્જરા થાય – એમ માનનાર ધર્મને દુઃખદાતા માને છે. દુઃખ માને તો અશાતાકર્મ બંધાય છે. ધર્મમાં તો ઈચ્છા તૂટી નિરંતર અતીંદ્રિય શાંતિનો લાભ છે. એવા શ્રાવક અલ્પરાગનું ફળ સ્વર્ગ પામી શીઘ્ર અવિનાશી મોક્ષસુખ પામે છે.

આગળ કહે છે કે આરંભાદિના ત્યાગ વિના ઉપવાસ કરે તેને નિર્જરા નથી.

ગાથા-૩૭૮

**આગળ આરંભાદિના ત્યાગ વિના ઉપવાસ કરે તેને કર્મનિર્જરા થતી નથી એમ કહે છે :-**

**उपवासं कुर्वन् आरम्भं य: करोति मोहात्।**
**स: निजदेहं शुष्यति न उज्झति कर्मलेशं अपि।।३७८।।**

**અર્થ :- જે ઉપવાસ કરીને ઘરકાર્યના મોહથી ઘર સંબંધી આરંભ કરે છે તે પોતાના દેહને (માત્ર) સુકવે છે પણ તેને લેશમાત્ર કર્મનિર્જરા થતી નથી.**

**ભાવાર્થ :- જે વિષય–કષાય છોડ્યા વિના કેવળ આહારમાત્ર જ ત્યાગ કરે છે અને સમસ્ત ઘરકાર્ય કરે છે તે પુરુષ માત્ર દેહને જ સુકવે છે, તેને લેશમાત્ર પણ કર્મનિર્જરા થતી નથી.**

અર્થ :- જે ઉપવાસ કરી ઘરકાર્યના મોહથી ઘર સંબંધી આરંભ કરે છે તે નિજદેહને માત્ર સુકવે છે. તેને શુભભાવ પણ નથી, તો નિર્જરા તો ક્યાંથી થાય ? ન જ થાય.

મહામુનિ કાર્તિકસ્વામીને શ્રીમદ્ રાજચંદ્ર યાદ કરી બહુમાન કરતા હતા કે અહો ! તે સ્વામીકાર્તિકેયને નમસ્કાર. વ્યાપાર પ્રસંગે મદ્રાસ તરફ જવું થયું હતું ત્યાં નગ્ન ડુંગરા દેખીને નગ્ન અડોલ-દિગંબર સંતવૃત્તિ યાદ આવતી હતી.

આગળ સચિત્તત્યાગપ્રતિમા કહે છે :-

ગાથા-૩૭૯

**આગળ સચિત્તત્યાગપ્રતિમા કહે છે :-**

**सचित्तं पत्त फलं त्वक् मूलं च किशलयं बीजं।**
**यः न च खादति ज्ञानी सचित्तविरतः भवेत् सः अपि।।३७९।।**

**અર્થ :- જે જ્ઞાની સમ્યગ્દષ્ટિશ્રાવક પત્ર-ફળ-છાલ-મૂળ-કુંપળ અને બીજ એ સચિત્તને ભક્ષણ કરતો નથી તેને સચિત્તવિરતિશ્રાવક કહે છે.**

**ભાવાર્થ :- જીવોથી સહિત હોય તેને સચિત્ત કહે છે, પત્ર–ફળ–છાલ–મૂળ–બીજ અને કુંપળ ઈત્યાદિ લીલી વનસ્પતિ સચિત્તને ન ખાય તો તે સચિત્તવિરતપ્રતિમા ધારક શ્રાવક છે.**[1]

અર્થ :- જે જ્ઞાની સમ્યગ્દષ્ટિશ્રાવક પત્ર-ફળ-છાલ-મૂળ-કુંપળ અને બીજ એ સચિત્તને ભક્ષણ કરતો નથી તેને સચિત્તવિરતિશ્રાવક કહે છે.

ખાવાનું છોડવું કે ખાવું તે વાત નથી. જડની ક્રિયા કોઈ જીવ કરી શકતો નથી. સચિત્તના ત્યાગની મુખ્યતા નથી. અંદર વીતરાગતાનું ઘોલન વધતાં શુદ્ધિની ભૂમિકામાં સહેજે એવા અશુભરાગનો ત્યાગ થઈ જાય છે. જે જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ શ્રાવક પાંદડાંવાળાં શાકભાજી, છાલ, મૂળ-કુંપળ અને બીજ, કાચું અન્નપાણી વગેરે સચિત્તને સીધી રીતે ભક્ષણ કરે નહિ તેને

[1] सुक्कं पक्वं तत्तं अंविललवणेहिं मिस्सियं दव्वं।
जं जंतेण य छिण्णं तं सव्वं फासुयं भणियं।।
शुष्कं पक्क तप्त अम्ललवणाभ्यां मिश्रितं द्रव्वं।
यत् यन्त्रेण च छिन्नं तत् सर्वं प्राशुकं भणितम्।।

અર્થ :- સુકાવેલી, પકાવેલી, તપાવેલી, ખટાશ વા લવણથી મેળવેલી, યંત્રથી છિન્નભિન્ન કરેલી તથા શોધેલી એવી બધીય હરિતકાય (લીલોત્રી) પ્રાસુક એટલે જીવરહિત અચિત્ત થાય છે–કહેવાય છે.

यथा शुष्क पक्वध्वस्ताम्ललवणसंमिश्रदग्धादि द्रव्यं।
प्रासुकं ततस्तत्सेवने पापबंधो नास्तिति।।

(શ્રી ગોમટ્ટસાર જીવકાંડ ગા. ૨૨૪ ટીકા)

સચિત્તવિરતિશ્રાવક કહે છે.

નિશ્ચય શુદ્ધિ વિના બાહ્યત્યાગમાત્રમાં પ્રતિમા માનનારા કહે છે કે ચરણાનુયોગ અનુસાર અમારે અમુક પડિમા છે તો તે જૂઠા છે, કેમ કે પ્રતિમા તો નિશ્ચય શુદ્ધિની ભુમિકા અનુસાર છે.

પરની હિંસા અને સચિત્તભક્ષણ કોઈ આત્મા કરી શકતો નથી પણ એ સંબંધી રાગનો ત્યાગ થતાં નિમિત્તથી કથન છે કે આનો ત્યાગ છે.

શ્રી ગોમ્મટસાર જીવકાંડ ગાથા ૨૨૪માં કહ્યું છે કે : સુકાવેલી, પકાવેલી, ખટાશ વા લવણથી મેળવેલી, યંત્રથી છિન્નભિન્ન કરેલી તથા શોધેલી એવી બધીય લીલોતરી પાસુક એટલે જીવરહિત અચિત્ત થાય છે-કહેવાય છે.

ગાથા-૩૮૦

**यः न च भक्षयति स्वयं तस्य न अन्यस्मै युज्यते दातुं।**
**भक्तस्य भोजयिष्यति हि नास्ति विशेषः ततः कः अपि।।३८०।।**

**અર્થ :- વળી જે વસ્તુ પોતે ખાતો નથી તેને અન્યને આપવી પણ યોગ્ય નથી, કારણ કે ખાવાવાળા અને ખવરાવવાવાળામાં કાંઈ વિશેષ (ભેદ) નથી. કૃત તથા કારિતનું ફળ એકસરખું છે તેથી જે વસ્તુ પોતે ન ખાય તે અન્યને પણ નહિ ખવરાવતાં જ સચિત્તત્યાગવ્રત પાલન થાય છે.**

અર્થ :- વળી જે વસ્તુ પોતે ખાતો નથી તે અન્યને આપવી પણ યોગ્ય નથી. કારણ કે ખાવાના અને ખવડાવવાના રાગમાં કાંઈ ફેર નથી. કૃત, કારિત તથા અનુમોદનાનું ફળ સરખું છે. કાચું પાણી, નાગરવેલનાં પાન વગેરે કોઈ સચિત્ત વસ્તુનો જો પોતાને ત્યાગ હોય તો બીજાને તે ન આપે. એવા રાગનો ત્યાગ પાંચમી પ્રતિમામાં હોય છે.

ગાથા-૩૮૧

**य: वर्जयति सचित्तं दुर्जया जिव्हा अपि निर्जिता तेन।**
**दयाभाव: भवति कृत: जिनवचनं पालितं तेन।।३८१।।**

**અર્થ :- જે શ્રાવક સચિત્તનો ત્યાગ કરે છે તેણે જેને જીતવી કઠણ છે એવી જીવ્હાઈંદ્રિયને જીતી, દયાભાવ પ્રગટ કર્યો તથા જિનેશ્વરદેવના વચનને પાલન કર્યું.**

**ભાવાર્થ :- સચિત્તના ત્યાગમાં મોટો ગુણ છે. તેનાથી જીવ્હાઈંદ્રિયનું જીતવું થાય છે. પ્રાણીઓની દયા પળાય છે તથા ભગવાનનાં વચન પાલન થાય છે. કારણ કે હરિતકાયાદિ સચિત્તમાં ભગવાને જીવ કહ્યા છે. એ આજ્ઞાપાલન થઈ. સચિત્તમાં મળેલી વા સચિત્તથી બંધ-સંબંધરૂપ વસ્તુ ઈત્યાદિક તેના અતિચાર છે. એ અતિચાર લગાવે નહિ તો શુદ્ધ ત્યાગ થાય અને ત્યારે જ પ્રતિમાની પ્રતિજ્ઞાનું પાલન થાય છે. ભોગોપભોગવ્રત અને દેશાવકાશિકવ્રતમાં પણ સચિત્તનો ત્યાગ કહ્યો છે પરંતુ ત્યાં નિરતિચાર-નિયમરૂપ (ત્યાગ) નથી અને અહીં નિયમરૂપ નિરતિચાર ત્યાગ હોય છે. એ પ્રમાણે સચિત્તત્યાગ નામની પાંચમી પ્રતિમા વા બારભેદોમાં છઠ્ઠો ભેદ વર્ણન કર્યો.**

અર્થ :- જે શ્રાવક સચિત્તનો ત્યાગ કરે છે તેણે જેને જીતવી કઠણ છે એવી જીવ્હાઈંદ્રિયને જીતી, દયાભાવ પ્રગટ કર્યો તથા જિનેશ્વરદેવના વચનને પાલન કર્યું.

પંચમ પ્રતિમા યોગ્ય શુદ્ધિની વૃદ્ધિ જે શ્રાવકને છે તેને સચિત્તનો ત્યાગ છે, જીવ્હાઈંદ્રિયનું જીતવું થયું છે, દયાભાવ પ્રગટ કર્યો છે તથા તેણે શ્રી જિનઆજ્ઞાનું પાલન કર્યું છે.

# પ્રસાદ નં. – ૨૮૪

**વી. નિ સં. ૨૪૭૮, શ્રાવણ વદ ૪, વર્ષ ૨જું. પુસ્તક દસમું,**
**સોનગઢ, તા. ૯-૮-૫૨, શનિવાર.**

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(શ્રાવણ સુદ ૧૪, સોમવાર, ૪-૮-૫૨ સવાર)**

સર્વજ્ઞદેવે જે સમયે જે પદાર્થમાં જે રીતે સંયોગ-વિયોગ વગેરે જોયું છે, તે જ રીતે થશે, તેમાં ફેરફાર થતો નથી – આમ જેણે નક્કી કર્યું છે એટલે પોતાના જ્ઞાનસ્વભાવની પ્રતીત થઈ છે કે હું તો બધાનો જાણનાર છું, આમ જ્ઞાનસ્વભાવને નક્કી કર્યા પછી તેના અવલંબને શુદ્ધતાના અંશો વધતા જાય – તે અનુસાર પડિમા હોય છે. તેના પ્રકારોનું આ વર્ણન છે. સર્વજ્ઞે જેવું અનેકાંત વસ્તુસ્વરૂપ જોયું તેવું જેણે જાણ્યું છે એટલે પરથી-નિમિત્તથી–વિકારથી ભેદજ્ઞાન થયું છે, એવું ભેદજ્ઞાન તે પ્રથમ ધર્મ છે. તે પછી ભેદજ્ઞાનની વૃદ્ધિ થતાં શુદ્ધતા વધે છે, ને રાગ ટળે છે – તેમાં ૧૧ પડિમા હોય છે. સ્વભાવના આશ્રયે શુદ્ધતા થતાં આ પડિમા સહજ હોય છે. જેટલાં અંશે શુદ્ધતા થઈ તેટલાં અંશે રાગ થતો નથી અને તે પ્રકારનાં સચિત્ત આહાર વગેરે નિમિત્તો પણ છૂટી જાય છે. ત્યાં "સચિત્તનો ત્યાગ કર્યો" વગેરે કથન નિમિત્તથી કહેવાય છે.

ભાવાર્થ :- સચિત્તના ત્યાગમાં મોટો ગુણ છે. તેનાથી જીવ્હાઈંદ્રિયનું જીતવું થાય છે. પ્રાણીઓની દયા પળાય છે તથા ભગવાનનાં વચન પાલન થાય છે. કારણ કે હરિતકાયાદિ સચિત્તમાં ભગવાને જીવ કહ્યા છે. એ આજ્ઞાપાલન થઈ. સચિત્તમાં મળેલી વા સચિત્તથી બંધ-સંબંધરૂપ વસ્તુ ઈત્યાદિક તેના અતિચાર છે. એ અતિચાર લગાવે નહિ તો શુદ્ધ ત્યાગ થાય

અને ત્યારે જ પ્રતિમાની પ્રતિજ્ઞાનું પાલન થાય છે. ભોગોપભોગવ્રત અને દેશાવકાશિકવ્રતમાં પણ સચિત્તનો ત્યાગ કહ્યો છે પરંતુ ત્યાં નિરતિચાર-નિયમરૂપ (ત્યાગ) નથી અને અહીં નિયમરૂપ નિરતિચાર ત્યાગ હોય છે. એ પ્રમાણે સચિત્તત્યાગ નામની પાંચમી પ્રતિમા વા બારભેદોમાં છઠ્ઠો ભેદ વર્ણન કર્યો.

અંતરમાં ચૈતન્યની શાંતિ વધી જતાં સચિત્ત વસ્તુના આહારની લાગણી જ ઉત્પન્ન થતી નથી. એટલે તેણે જીવોની દયા પાળી એમ નિમિત્તથી કહેવાય છે. જેને જે પડિમા હોય તેને તે પ્રકારની શુદ્ધતા અને શાંતિ તો ચોવીસે કલાક રહે છે.

આગળ રાત્રિભોજનત્યાગ નામની છઠ્ઠી પ્રતિમાને કહે છે :-

**ગાથા-૩૮૨**

**આગળ રાત્રિભોજનત્યાગ નામની છઠ્ઠી પ્રતિમાને કહે છે :-**

**यः चतुर्विधं अपि भोज्यं रजन्यां नैव भुञ्जते ज्ञानी।**
**न च भोजयति अन्यं निशिविरतिः सः भवेत् भोज्यः।।३८२।।**

**અર્થ :- જે જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ શ્રાવક રાત્રિ વિષે ચાર પ્રકારના અશન-પાન-ખાદ્ય અને સ્વાદ્ય આહારને ભોગવતો નથી-ખાતો નથી તથા બીજાને તેવું ભોજન કરાવતો નથી તે શ્રાવક રાત્રિભોજનનો ત્યાગી હોય છે.**

**ભાવાર્થ :- માંસભક્ષણદોષ તથા બહુઆરંભી ત્રસઘાતદોષની અપેક્ષાએ રાત્રિભોજનનો ત્યાગ તો પહેલી-બીજી પ્રતિમામાં જ કરાવ્યો છે પરંતુ ત્યાં તો કૃત-કારિત-અનુમોદન તથા મન-વચન-કાયાના કોઈ દોષ લાગે છે તેથી શુદ્ધત્યાગ નથી અને અહીં તો (એ બધા દોષો ટાળી) પ્રતિમાની પ્રતિજ્ઞામાં શુદ્ધત્યાગ થાય છે માટે તેને પ્રતિમા કહી છે.**

અર્થ :- જે જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ શ્રાવક રાત્રિ વિષે ચાર પ્રકારના અશન-પાન-ખાદ્ય અને સ્વાદ્ય આહારને ભોગવતો નથી-ખાતો નથી તથા બીજાને તેવું ભોજન કરાવતો નથી તે શ્રાવક રાત્રિભોજનનો ત્યાગી હોય છે.

જુઓ, દરેક ગાથામાં 'જ્ઞાની' શબ્દ મૂક્યો છે, એટલે કે જેને વસ્તુસ્વરૂપનું સમ્યગ્જ્ઞાન થયું હોય એવા જ્ઞાનીને જ આવી પડિમા હોય છે. અંતરમાં આત્માનું ભાન ન હોય અને

શુભરાગથી રાત્રિભોજન ત્યાગ કરે તેથી કાંઈ પડિમા થઈ જતી નથી. અમુક વખતે હું અમુક પ્રકારનો રાગ કરું – એવી જેની દૃષ્ટિ છે તે મિથ્યાદૃષ્ટિ છે, તેને પડિમા હોય નહિ.

ભાવાર્થ :- માંસભક્ષણદોષ તથા બહુઆરંભી ત્રસઘાતદોષની અપેક્ષાએ રાત્રિભોજનનો ત્યાગ તો પહેલી-બીજી પ્રતિમામાં જ કરાવ્યો છે પણ ત્યાં તો કૃત-કારિત-અનુમોદના તથા મન-વચન-કાયાના કોઈ દોષ લાગે છે તેથી શુદ્ધત્યાગ નથી અને અહીં તો (એ બધા દોષો ટાળી) પ્રતિમાની પ્રતિજ્ઞામાં શુદ્ધત્યાગ થાય છે એ માટે તેને પ્રતિમા કહી છે.

સ્થૂળપણે રાત્રિભોજનનો ત્યાગ તો શ્રાવકને હોય જ, પણ અહીં તો નિયમપૂર્વક અતિચારરહિત, રાત્રિભોજનનો ત્યાગ છે. આહારની ક્રિયા તો સહેજે તેવી હોય છે. પણ શ્રાવકને અંતર્સ્વરૂપના અવલંબને વીતરાગભાવ વધી ગયો છે. ત્યાં રાત્રિભોજનનો વિકલ્પ જ નથી ઊઠતો. અંતરની શુદ્ધિ વગર રાત્રિભોજનના ત્યાગનો શુભરાગ કરે – તેની અહીં વાત નથી. અહીં તો અંતરમાં લીનતાનો અભ્યાસ કરતાં શ્રાવકને સહજ શાંતિ વધતાં તેવો રાગ થતો જ નથી. છઠ્ઠી પડિમાવાળા શ્રાવકનો સહજ એવો જ કાળ છે કે ત્યાં તેને રાત્રિભોજનનો રાગ થતો જ નથી. રાગ છોડું એવી દૃષ્ટિ નથી, પણ જ્યાં અંતરની તેવી શુદ્ધતા થઈ ત્યાં રાગ થવાનો કાળ જ નથી. એવી જ ક્રમબદ્ધપર્યાય છે. ક્રમબદ્ધપર્યાયની પ્રતીત જેને નથી તેને તો સર્વજ્ઞની પણ પ્રતીત નથી. તેને વ્રત કે પડિમા હોય નહિ. પર્યાય તો ક્રમબદ્ધ છે, તેમાં ફેરફાર થતો નથી – એવા નિર્ણયપૂર્વક જ્ઞાનસ્વભાવની દૃષ્ટિ થઈ, ત્યાં તેના અવલંબને સહજ શુદ્ધતા વધતી જાય છે અને ત્યાં તે પ્રકારનો રાગ થતો જ નથી, રાગ થવાનો હતો ને ન થયો– એમ નથી. જે પર્યાય થવાની હોય તેને ફેરવવાની કોઈની તાકાત નથી. જિનેન્દ્રદેવે જાણ્યું છે – પણ ફેરવવાની તાકાત તેમનામાં પણ નથી, તો બીજો તો કોણ ફેરવે ? પહેલાં ૩૨૧-૨૨-૨૩ ગાથામાં સમ્યગ્દષ્ટિને કેવી પ્રતીત હોય તેનું વર્ણન કર્યું છે, તેવી પ્રતીત રાખીને આ વાત છે. પર્યાયનો ફેરફાર કરી દેવાની જેની માન્યતા છે તે તો મિથ્યાદૃષ્ટિ છે. સ્વભાવની દૃષ્ટિસહિત શુદ્ધતા વધતાં રાગ થતો જ નથી – એવી જ સહજ ભૂમિકા છે, તેનું આ વર્ણન છે. છઠ્ઠી પ્રતિમાવાળાને રાત્રિભોજન કરવાનો ભાવ ન હોય તેમ જ કરાવે કે અનુમોદે નહિ. એ વાત ઉત્કૃષ્ટ અપેક્ષાએ એટલે કે ગૃહવાસથી વિરત થયેલા શ્રાવકની અપેક્ષાએ છે. ગૃહસ્થાશ્રમથી જે વિરત નથી એવા ગૃહસ્થ શ્રાવકને એવો રાગ હોય છે કે બીજાને પાણી પાય, રાત્રે બાળકને પાણી આપે, તે એવી ભૂમિકાવાળો છે – એમ તે પોતાની ભૂમિકાને જાણે છે. ગૃહસ્થાશ્રમમાં રહેલાં અને ગૃહસ્થાશ્રમથી વિરત – એવા બે પ્રકારના શ્રાવકો હોય છે. તેમાં અહીં ઉત્કૃષ્ટ અપેક્ષાએ વર્ણન છે.

ગાથા-૩૮૩

## यः निशिभुक्तिं वर्जयति सः उपवासं करोति षण्मासं।
## संवत्सरस्य मध्ये आरम्भं मुञ्चति रजन्याम्।।३८३।।

**અર્થ :- જે પુરુષ રાત્રિભોજન છોડે છે તે એક વર્ષદિવસમાં છ માસના ઉપવાસ કરે છે, રાત્રિભોજનના ત્યાગથી ભોજનસંબંધી આરંભ પણ ત્યાગે છે તથા વ્યાપારાદિ સંબંધી આરંભ પણ છોડે છે તેથી તે મહાન દયા પાલન કરે છે.**

**ભાવાર્થ :- જે રાત્રિભોજન ત્યાગે છે તે વર્ષદિવસમાં છ માસના ઉપવાસ કરે છે તથા અન્ય આરંભનો પણ રાત્રિમાં ત્યાગ કરે છે. વળી અન્ય ગ્રંથોમાં આ પ્રતિમામાં (દિવામૈથુનત્યાગ) એટલે દિવસમાં મન-વચન-કાય, કૃત-કારિત-અનુમોદનપૂર્વક સ્ત્રીસેવનનો ત્યાગ પણ કહ્યો છે. એ પ્રમાણે રાત્રિભોજનત્યાગપ્રતિમાનું નિરૂપણ કર્યું , આ પ્રતિમા છઠ્ઠી છે તથા બાર ભેદોમાં સાતમો ભેદ થાય છે.**

અર્થ :- જે પુરુષ રાત્રિભોજન છોડે છે તે એક વર્ષદિવસમાં છ માસના ઉપવાસ કરે છે, રાત્રિભોજનના ત્યાગથી ભોજનસંબંધી આરંભ પણ ત્યાગે છે તથા વ્યાપારાદિ સંબંધી આરંભ પણ છોડે છે તેથી તે મહાન દયા પાલન કરે છે.

શ્રાવકને તે-તે વખતનો સ્વકાળ જ આવો હોય છે, તેની આ વાત છે. બહારમાં રાત્રે આહારાદિનો સંયોગ ન થયો તે જડનો કાળ છે. જુઓ, અંતરમાં સ્વભાવના અવલંબને રાત્રિભોજનનો રાગ જ છૂટી ગયો છે. દિવસના ભાગમાં આહાર કરતો હોય તે વખતે પણ "રાત્રિભોજન ત્યાગપડિમા"ની શુદ્ધતા તો પડી જ છે. રાત્રિભોજનત્યાગપડિમા રાત્રે જ હોય, ને દિવસે આહાર વખતે ન હોય – એમ નથી. જે-જે પડિમામાં જેટલી શુદ્ધિ છે તેટલી શુદ્ધિ તો નિરંતર છે.

ભાવાર્થ :- જે રાત્રિભોજન ત્યાગે છે તે વર્ષદિવસમાં છ માસના ઉપવાસ કરે છે તથા અન્ય આરંભનો પણ રાત્રિમાં ત્યાગ કરે છે. વળી અન્ય ગ્રંથોમાં આ પ્રતિમામાં (દિવામૈથુનત્યાગ) એટલે દિવસમાં મન-વચન-કાય, કૃત-કારિત-અનુમોદનપૂર્વક સ્ત્રીસેવનનો ત્યાગ પણ કહ્યો છે. એ પ્રમાણે રાત્રિભોજનત્યાગપ્રતિમાનું નિરૂપણ કર્યું , આ પ્રતિમા છઠ્ઠી છે તથા બાર ભેદોમાં સાતમો ભેદ થાય છે.

જેને રાત્રિભોજનનો ત્યાગ હોય – એવી શુદ્ધતા પ્રગટી તેને પોતાને રાત્રે આરંભ કરવાનો

ભાવ ન થાય. રાત્રે વેપાર, રસોઈ વગેરે કાર્ય કરવાનો ભાવ તેને આવે નહિ. આટલી અંતરમાં શુદ્ધતા વધી ગઈ છે. રાત્રિભોજનનત્યાગની પડિમા હોય અને રાત્રે બીજા મોટા આરંભસમારંભ કરતો હોય – એમ ન બને. અંતર્સ્વભાવના અવલંબને જેટલી શુદ્ધતા થઈ ને રાગ તૂટ્યો તેટલો રાગ બધે ઠેકાણેથી છૂટી જાય છે. છઠ્ઠી પડિમાવાળા શ્રાવકને દિવસના ભાગમાં પોતાની સ્ત્રી પ્રત્યે પણ મનમાં વિકલ્પ ઊઠતો નથી. મન-વચન-કાયાથી તેમ જ કૃત-કારિત-અનુમોદનાથી તેને એવો ભાવ જ આવતો નથી. એટલો અંતરની પરિણતિમાં વીતરાગભાવ થઈ ગયો છે.

હવે સાતમી બ્રહ્મચર્ય પ્રતિમાનું વર્ણન કરે છે :-

**ગાથા-૩૮૪**

**આગળ બ્રહ્મચર્યપ્રતિમાનું નિરૂપણ કરે છે :-**

**सर्वासां स्त्रीणां यः अभिलाषं न कुरूते ज्ञानी।**
**मनसा वचसा कायेन च ब्रह्मव्रती सः भवेत् सदयः।।३८४।।**

**અર્થ :- જે જ્ઞાની સમ્યગ્દૃષ્ટિશ્રાવક, દેવાંગના-મનુષ્યણિ-તિર્યંચણિ અને ચિત્રામણની ઈત્યાદિ ચારે પ્રકારની બધીય સ્ત્રીઓનો મન-વચન-કાયાથી અભિલાષ ન કરે તે બ્રહ્મચર્યવ્રતનો ધારક થાય છે. કેવો છે તે ? દયાનો પાલન કરવાવાળો છે.**

**ભાવાર્થ :- સર્વ સ્ત્રીઓનો મનવચનકાય તથા કૃતકારિતઅનુમોદનાથી સર્વથા ત્યાગ કરે તે બ્રહ્મચર્યપ્રતિમા છે.**

અર્થ :- જે જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ શ્રાવક, દેવાંગના-મનુષ્યણિ-તિર્યંચણિ અને ચિત્રામણની ઈત્યાદિ ચારે પ્રકારની બધીય સ્ત્રીઓનો મન-વચન-કાયાથી અભિલાષ ન કરે તે બ્રહ્મચર્યવ્રતનો ધારક થાય છે. કેવો છે તે ? દયાનો પાલન કરવાવાળો છે.

અંતરમાં ચિદાનંદ બ્રહ્મસ્વરૂપ આત્મામાં રમણતા વધતાં એવો અકષાયભાવ થઈ ગયો કે મન-વચન-કાયાથી, કૃત-કારિત-અનુમોદનાથી સર્વ સ્ત્રીઓનો ત્યાગ છે. સમ્યગ્દર્શન થયું ત્યાં જ ભાન તો થયું હતું કે મારું સુખ વિષયોમાં નથી, ને અહીં તો સ્વરૂપમાં એકાગ્રતાનો અંશ વધતાં વિષયની વૃત્તિ જ છેદાઈ ગઈ છે – એવી બ્રહ્મચર્યપડિમાવાળાની દશા છે. જુઓ, અહીં તો ઉત્કૃષ્ટ વાત લીધી એટલે શ્રાવકને પણ નવકોટિએ ત્યાગની વાત લીધી છે. નિરતિચારપણે નવકોટિથી ત્યાગ તો મુનિવરોને હોય છે.

# પ્રસાદ નં. – ૨૮૬

**વી. નિ સં. ૨૪૭૮, શ્રાવણ વદ ૬, વર્ષ ૨જું. પુસ્તક દસમું,**
**સોનગઢ, તા. ૧૧-૮-૫૨, સોમવાર.**

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(શ્રાવણ વદ ૧, બુધવાર, ૬-૮-૫૨ સવાર)**

# શ્રાવકના ધર્મોનું વર્ણન

આ બાર ભાવનાનું વર્ણન છે. તેમાં "ધર્મ અનુપ્રેક્ષા" ચાલે છે. અહીં "ભાવના"નો અર્થ "તેના સ્વરૂપનો વિચાર"– એમ છે. મુનિ હોય તે ક્ષાવકના ધર્મનો પણ વિચાર કરે, આસ્રવનો પણ વિચાર કરે, નરકનાં દુઃખનો પણ વિચાર કરે, તેમાં વૈરાગ્યની વૃદ્ધિ થઈને શુદ્ધતા વધે છે. શ્રાવકધર્મ અને મુનિધર્મ એવા બે પ્રકારના ધર્મોમાં અત્યારે શ્રાવકના ધર્મોનું વર્ણન ચાલે છે. શ્રાવકને સૌથી પહેલાં સર્વજ્ઞ ભગવાનની શ્રદ્ધા સહિત પોતાના આત્માનું સમ્યગ્દર્શન હોય છે તે પ્રથમ ધર્મ છે, અને ત્યાર પછી અગિયાર પડિમા હોય છે. તેમાંથી આઠમી આરંભત્યાગ નામની પડિમાનું વર્ણન કહે છે :-

**ગાથા-૩૮૫**

**આગળ આરંભવિરતિપ્રતિમા કહે છે :-**

**यः आरम्भं न करोति अन्यं कारयति नैव अनुमन्यः।**
**हिंसासंत्रस्तमनाः त्यक्तारम्भः भवेत् सः हि।।३८५।।**

**અર્થ :- જે શ્રાવક ગૃહકાર્ય સંબંધી કાંઈ પણ આરંભ કરતો નથી, અન્ય પાસે કરાવતો નથી તથા કોઈ કરતો હોય તેને ભલો જાણતો નથી તે નિશ્ચયથી આરંભત્યાગી હોય છે. કેવો છે તે ? હિંસાથી ભયભીત છે મન જેનું.**

**ભાવાર્થ :- મન-વચન-કાયાથી તથા કૃત-કારિત-અનુમોદનાથી ગૃહકાર્યના આરંભનો ત્યાગ કરે છે તે આરંભત્યાગ પ્રતિમાધારી શ્રાવક હોય છે. આ પ્રતિમા આઠમી છે અને બાર ભેદોમાં આ નવમો ભેદ છે.**

અર્થ :- જે શ્રાવક ગૃહકાર્ય સંબંધી કાંઈ પણ આરંભ કરતો નથી, અન્ય પાસે કરાવતો નથી તથા કોઈ કરતો હોય તેને ભલો જાણતો નથી તે નિશ્ચયથી આરંભત્યાગી હોય છે. કેવો છે તે ? હિંસાથી ભયભીત છે મન જેનું.

આ પડિમાવાળા શ્રાવકને સચેતવસ્તુની જેમાં હિંસા થતી હોય એવા આરંભના પરિણામ થતા નથી, અંતરમાં ચૈતન્યના અવલંબને એટલી શુદ્ધતા થઈ ગઈ છે, પોતે આરંભ કરતો નથી, કોઈ પાસે કરાવવાના પરિણામ પણ કરતો નથી, અને કોઈ આરંભ કરતો હોય તો તેને અનુમોદવાનો ભાવ પણ થતો નથી. અંતરમાં એટલી ઉદાસીનતા અને શાંતિ વધી ગઈ છે, એટલે લગ્ન-વેપાર વગેરે ગૃહસ્થીનાં કાર્યોમાં લક્ષ જતું નથી.

ભાવાર્થ :- મન-વચન-કાયાથી તથા કૃત-કારિત-અનુમોદનાથી ગૃહકાર્યના આરંભનો ત્યાગ કરે છે તે આરંભત્યાગ પ્રતિમાધારી શ્રાવક હોય છે. આ પ્રતિમા આઠમી છે અને બાર ભેદોમાં આ નવમો ભેદ છે.

આ આઠમી પડિમા સુધી હજી પરિગ્રહનો ત્યાગ નથી, આરંભનો ત્યાગ છે, પણ હજી પૈસા વગેરે રાખવાનો ત્યાગ નથી. ત્યાર પછી નવમી પડિમામાં પૈસા વગેરેનો પરિગ્રહ છૂટી જાય છે. તેનું હવે વર્ણન કરે છે :-

**ગાથા-૩૮૬**

**આગળ પરિગ્રહત્યાગપ્રતિમાને કહે છે :-**

**यः परिवर्जयति ग्रन्थं अभ्यन्तरं बाह्यं च सानन्दः।**
**पापं इति मन्यमानः निर्ग्रन्थः सः भवेत् ज्ञानी।।३८६।।**

**અર્થ :- જે જ્ઞાની સમ્યગ્દૃષ્ટિશ્રાવક, અભ્યંતર તથા બાહ્ય એવા બે પ્રકારના પરિગ્રહ કે જે પાપના કારણરૂપ છે એમ માનતો થકો આનંદપૂર્વક છોડે છે તે પરિગ્રહત્યાગી શ્રાવક હોય છે.**

**ભાવાર્થ :- આભ્યંતરગ્રંથીમાં મિથ્યાત્વ, અનંતાનુબંધીકષાય તથા અપ્રત્યાખ્યાનાવરણકષાય તો પહેલાં છૂટી ગયા છે, હવે પ્રત્યાખ્યાનાવરણ અને તેની સાથે લાગેલ હાસ્યાદિક તથા વેદને ઘટાડે છે. વળી બાહ્યથી ધન-ધાન્યાદિ સર્વનો ત્યાગ કરે છે, પરિગ્રહત્યાગમાં ઘણો આનંદ માને છે કારણ કે જેને સાચો વૈરાગ્ય હોય છે તે પરિગ્રહને પાપરૂપ તથા મોટી આપદારૂપ દેખે છે અને તેના ત્યાગમાં ઘણું સુખ માને છે.**

અર્થ :- જે જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ શ્રાવક, અભ્યંતર તથા બાહ્ય એવા બે પ્રકારના પરિગ્રહ કે જે પાપના કારણરૂપ છે એમ માનતો થકો આનંદપૂર્વક છોડે છે તે પરિગ્રહત્યાગી શ્રાવક હોય છે.

જુઓ, આ સમ્યગ્દૃષ્ટિ શ્રાવકની વાત છે. અંદરમાં ચિદાનંદ ભગવાનની શાંતિનુ વેદન વધી ગયું ત્યાં પરિગ્રહના પરિણામ છૂટી ગયા. એટલે નવમી પડિમાવાળો ધર્માત્મા શ્રાવક પૈસા વગેરેનો પરિગ્રહ રાખે નહિ, અંતરમાંથી તે જાતનો રાગભાવ જ છૂટી ગયો છે, અને બહારમાં તેને પૈસા-મકાન વગેરેનો પરિગ્રહ છૂટી ગયો છે – એથી તેને નિર્ગ્રંથ કહ્યો છે. આ નિર્ગ્રંથપણું કહ્યું તે શ્રાવકને યોગ્ય સમજવું. આત્માના ભાન વગર પૈસા વગેરે ત્યાગીને જંગલમાં જઈને બેસે – તેવાની આ વાત નથી. માટે અહીં કહ્યું કે જ્ઞાની શ્રાવક આનંદપૂર્વક પરિગ્રહને છોડે છે, એકલો બાહ્યત્યાગ નથી. પણ અંદરમાં ચિદાનંદસ્વરૂપનો આનંદ વધી ગયો છે, અંદરમાં ખેદ નથી. પડિમા લઈને બેસે ને પછી કહે કે "અરેરે ! શું કરીએ ? પડિમા છે એટલે આટલું કરવું પડે છે !" તો તેને "આનંદપૂર્વક" પડિમા નથી, તેને પડિમા કહેવાય નહિ. નિમિત્તથી ભિન્ન ને રાગથી અધિક–એવા પોતાના ચૈતન્યસ્વભાવનું ભાન થવા ઉપરાંત, તેના અનુભવનું વેદન વધી ગયું છે, ત્યાં પરિગ્રહની મમતા છૂટી ગઈ છે–આવી દશાવાળા શ્રાવકને નવમી પ્રતિમા હોય છે. પ્રતિમા શું કહેવાય તેનું પણ ઘણા લોકોને ભાન નથી. જુઓ, આ તો હજી શ્રાવકદશાની વાત છે, મુનિદશા તો આથી પણ વધારે ઊંચી છે. આમાં કાંઈ પરાણે ત્યાગ કરવો નથી પડતો, પણ અંતરમાં ચૈતન્યના અવલંબનમાં સ્થિર થયો છે ત્યાં તે તે પ્રકારના રાગ પરિણામ જ થતાં નથી. એનું નામ પડિમા અને ત્યાગ છે. તેમાં આત્માના અમૃતના ઘૂટડાંનો આનંદ આવે છે. પહેલેથી જ એ વાત લીધી છે કે આ અનુપ્રેક્ષાઓ ભવ્યજીવોને

**આનંદની જનની છે.** એ જ પ્રમાણે આ પડિમા વગેરે દશા જેમ જેમ વધતી જાય છે તેમ તેમ અંતરનો આનંદ પણ વધતો જાય છે. ઘણો ત્યાગ થઈ જતાં દુઃખ સહન કરવું પડે છે – એમ નથી, પણ અંતરના અવલંબને જેમ જેમ ત્યાગ વધતો જાય તેમ તેમ આનંદ પણ વધતો જાય છે. વચ્ચે કાંઈક અતિચાર વગેરેના પરિણામ થઈ જાય તો તે પણ તે તે ભૂમિકાની યોગ્યતાનો કાળ છે અને તેની આલોચના તથા પ્રાયશ્ચિત કરવાનો વિકલ્પ આવે તે પણ તે ભૂમિકાના ક્રમમાં જ છે. ક્રમબદ્ધપર્યાયની પ્રતીત રાખીને આ બધી વાત છે, એ વાત તો પહેલાં જ ગાથા ૩૨૧-૨૨-૨૩માં સ્થાપી છે, તે રાખીને આ વાત છે. જેને સર્વજ્ઞની અને ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા નથી તે તો પ્રગટપણે મિથ્યાદૃષ્ટિ છે. તેને વ્રત કે પડિમા હોતાં નથી. આગળ ૩૮૮મી ગાથામાં એ વાત કરશે કે દસમી પડિમાવાળો શ્રાવક **ભવિતવ્યભાવનામાં રત છે** – એટલે તેમાં ખરેખર પોતાના જ્ઞાતાસ્વભાવની દૃષ્ટિ રાખીને તેની ભાવનામાં રત છે.

ભાવાર્થ :- આભ્યંતરગ્રંથીમાં મિથ્યાત્વ, અનંતાનુબંધીકષાય તથા અપ્રત્યાખ્યાનાવરણકષાય તો પહેલાં છૂટી ગયા છે, હવે પ્રત્યાખ્યાનાવરણ અને તેની સાથે લાગેલ હાસ્યાદિક તથા વેદને ઘટાડે છે. વળી બાહ્યથી ધન-ધાન્યાદિ સર્વનો ત્યાગ કરે છે, પરિગ્રહત્યાગમાં ઘણો આનંદ માને છે કારણ કે જેને સાચો વૈરાગ્ય હોય છે તે પરિગ્રહને પાપરૂપ તથા મોટી આપદારૂપ દેખે છે અને તેના ત્યાગમાં ઘણું સુખ માને છે.

જ્યાં પહેલી પડિમા પ્રગટી ત્યારથી જ અનંતાનુબંધી તેમ જ અપ્રત્યાખ્યાનાવરણકષાયનો તો નાશ જ થયો છે, તથા તે ઉપરાંત જેમ જેમ પડિમા વધતી જાય છે તેમ તેમ ત્રીજો પ્રત્યાખ્યાનાવરણકષાય પણ તૂટતો જાય છે. આત્મજ્ઞાનપૂર્વક તેમાં લીનતાપૂર્વકનો જેને વૈરાગ્ય છે તેને જ સાચો વૈરાગ્ય છે, ને તેનો વૈરાગ્ય આનંદપૂર્વકનો છે. વૈરાગ્યમાં ને ત્યાગમાં જેને દુઃખ કે કંટાળો લાગે તેને સાચો ત્યાગ કે વૈરાગ્ય નથી પણ હઠ છે. અપૂવ આનંદનો અંશ તો ચોથા ગુણસ્થાનથી જ શરૂ થઈ ગયો છે, ને પછી પાંચમા ગુણસ્થાને પડિમા દીઠ તે આનંદ વધતો જાય છે. તેમાં નવમી પડિમા થતાં એવો વૈરાગ્ય થઈ જાય છે કે એક પાઈનો પણ પરિગ્રહ રાખતો નથી, પુત્ર વગેરેને લાખો રૂપિયા મળવાની વાત સાંભળે તો પણ રાગ થતો નથી. જુઓ, આ હજી શ્રાવકની વાત છે. હજી મુનિ થયો નથી, ત્યાં પૈસા વગેરેનો પ્રરિગ્રહ છૂટી ગયો છે. વળી તેનું વિશેષ વર્ણન કરે છે :-

ગાથા-૩૮૭

**बाह्यग्रन्थविहीनाः दरिद्रमनुष्याः स्वभावतः भवन्ति।**
**अभ्यन्तरग्रन्थं पुनः न शक्नोति कः अपि त्यक्तु।।३८७।।**

**અર્થ :- બાહ્યપરિગ્રહરહિત તો દરિદ્રીમનુષ્ય સ્વભાવથી જ હોય છે એટલે એવા ત્યાગમાં આશ્ચર્ય નથી પણ અભ્યંતરપરિગ્રહને છોડવા માટે કોઈ પણ સમર્થ થતું નથી.**

**ભાવાર્થ :- જે આભ્યંતર પરિગ્રહ છોડે છે તેની જ વડાઈ છે, સામાન્યપણે આભ્યંતરપરિગ્રહ મમત્વભાવ છે, એને જે છોડે છે તેને પરિગ્રહનો ત્યાગી કહીએ છીએ. એ પ્રમાણે પરિગ્રહત્યાગપ્રતિમાનું સ્વરૂપ કહ્યું. આ પ્રતિમા નવમી છે તથા બાર ભેદોમાં આ દસમો ભેદ છે.**

અર્થ :- બાહ્યપરિગ્રહરહિત તો દરિદ્રીમનુષ્ય સ્વભાવથી જ હોય છે એટલે એવા ત્યાગમાં આશ્ચર્ય નથી પણ અભ્યંતરપરિગ્રહને છોડવા માટે કોઈ પણ સમર્થ થતું નથી.

સર્વજ્ઞની અને પોતાના જ્ઞાનસ્વભાવની પ્રતીતપૂર્વક ભવિતવ્યનો નિર્ણય તો જેને થઈ ગયો છે. જે સમયે જે પદાર્થની જે પર્યાય થવાની તેમાં ફેરફાર થાય નહિ. હું તેનો જ્ઞાતાદ્રષ્ટા છું, જ્ઞાન સિવાય બીજું મારું કર્તવ્ય નથી – આવી શ્રદ્ધા તો ચોથા ગુણસ્થાનથી જ થઈ ગઈ છે ને તે ઉપરાંત વીતરાગભાવ વધતાં પડિમા હોય છે, ત્યાં સહજાનંદના અનુભવપૂર્વકનો ત્યાગ સહજ થઈ જાય છે. અંતરની આનંદદશા વગરનો ત્યાગ હોય તેની વાત નથી. કેમ કે એવો ત્યાગ તો ઢોરને પણ હોય છે. દરિદ્રી મનુષ્ય પાસે પણ ધન વગેરે ન હોય, તેથી કાંઈ તેને ત્યાગી ન કહેવાય. અંદરના ભાનપૂર્વક વીતરાગભાવ થતાં જે ત્યાગ થયો તે જ ત્યાગ છે. અંતરના રાગાદિ પરિગ્રહને છોડનારા વિરલા જ હોય છે. મારા આત્મામાં પરનો અભાવ જ છે એટલે મારો આત્મા નિવૃત્તસ્વરૂપ જ છે – એવા ભાનસહિત તેમાં એકાગ્ર થતાં જેને રાગ છૂટ્યો તેને ત્યાગ છે, જેને હજી પરથી ભિન્નતાનું ભાન નથી, રાગ જરાપણ છૂટ્યો નથી – એવો જીવ કદાચિત્ ત્યાગી હોય – તો તેનો ત્યાગ પુરુષાર્થપૂર્વકનો નથી, પણ તેને તો તે પ્રકારનો સંયોગ જ થવાનો ન હતો તેથી તે સંયોગ ન થયો. જ્ઞાનીને વીતરાગભાવપૂર્વક લક્ષ્મી વગેરેનો ત્યાગ થાય, ત્યાં તેને પણ લક્ષ્મી વગેરેનો સંયોગ તો તે વખતે થવાનો જ ન હતો. તે જડની ક્રિયા તેના કારણે છે, પણ તેને પોતાના ભાવમાંથી પરિગ્રહની

પક્કડ છૂટી ગઈ છે તેથી તેણે પરિગ્રહ છોડ્યો છે – એમ કહેવાય છે. અંતરમાં જેણે હજી મિથ્યાત્વભાવને પણ છોડ્યો નથી તેને તો એકપણ જાતનો ધર્મ હોતો નથી. અંતરમાં સ્વભાવના ભાનસહિત રાગદ્વેષનો ત્યાગ થતો જાય છે, ને આનંદ વધતો જાય છે – એવા શ્રાવકને પડિમા હોય છે.

ભાવાર્થ :- જે આભ્યંતર પરિગ્રહ છોડે છે તેની જ વડાઈ છે, સામાન્યપણે આભ્યંતરપરિગ્રહ મમત્વભાવ છે, એને જે છોડે છે તેને પરિગ્રહનો ત્યાગી કહીએ છીએ. એ પ્રમાણે પરિગ્રહત્યાગપ્રતિમાનું સ્વરૂપ કહ્યું. આ પ્રતિમા નવમી છે તથા બાર ભેદોમાં આ દસમો ભેદ છે.

હવે દસમી અનુમોદનવિરત પ્રતિમા કહે છે :-

ગાથા-૨૮૮

**આગળ અનુમોદનવિરતિ પ્રતિમા કહે છે :-**

**यः अनुमननं न करोति गृहस्थकार्येषु पापमूलेषु।**
**भवितव्यं भावयन् अनुमनविरतः भवेत् सः तु।।३८८।।**

**અર્થ :- જે શ્રાવક, પાપના મૂળ જે ગૃહસ્થનાં કાર્યો તેમાં અનુમોદના ન કરે, કેવી રીતે ? `જે ભવિતવ્ય છે તેમ જ થાય છે' એવી ભાવના કરતો થકો, તે અનુમોદનવિરતિ પ્રતિમાધારી શ્રાવક છે.**

**ભાવાર્થ :- આહારના અર્થે ગૃહસ્થકાર્યના આરંભાદિકની પણ અનુમોદના ન કરે, ઉદાસીન થઈ ઘરમાં પણ રહે વા બાહ્ય ચૈત્યાલય-મઠ-મંડપમાં પણ બેસે, ભોજન માટે પોતાને ઘેર વા અન્ય શ્રાવક બોલાવે તો ત્યાં ભોજન કરી આવે. વળી એમ પણ ન કહે કે `અમારા માટે ફલાણી વસ્તુ તૈયાર કરજો' ગૃહસ્થ જે કાંઈ જમાડે તે જ જમી આવે તે દસમીપ્રતિમાધારી શ્રાવક હોય છે.**

અર્થ :- જે શ્રાવક, પાપના મૂળ જે ગૃહસ્થનાં કાર્યો તેમાં અનુમોદના ન કરે, કેવી રીતે ? 'જે ભવિતવ્ય છે તેમ જ થાય છે' એવી ભાવના કરતો થકો, તે અનુમોદનવિરતિ પ્રતિમાધારી શ્રાવક છે.

જુઓ, શ્રાવકને પહેલેથી જ સર્વજ્ઞની પ્રતીત થઈ છે, ભવિતવ્ય પ્રમાણે જ થાય છે – એવું ભાન તો થયું છે, પણ અહીં જ્ઞાનસ્વભાવની એકાગ્રતાપૂર્વક ભવિતવ્યભાવનાનો વીતરાગભાવ વધી ગયો છે એટલે પાપકાર્યોમાં અનુમતિ પણ આપતો નથી. પુત્ર લાખોના મકાન કરાવતો હોય ત્યાં તેમાં માથું મારવા ન જાય. દીકરા-દીકરીનાં લગ્નની સલાહ ન આપે, નાત વગેરેના જમણમાં શું રાંધવું એવી વાત કરે નહિ, અંદરમાં તે પ્રકારની વૃત્તિ જ ઊઠતી નથી. તે તો **ભવિતવ્ય ભાવનામાં રત છે,** એટલે કે હું તો જ્ઞાતાદ્રષ્ટા છું – એવી એકાગ્રતાપૂર્વક જેમ થાય તેમ જાણે છે. હું આમ કરું ને તેમ કરું – એવો ઊથલપાથલનો ભાવ થતો નથી, અંદરમાં તેવા સંકલ્પ-વિકલ્પ ઊઠતા નથી, એટલી સ્થિરતા થઈ ગઈ છે.

શ્રી મોક્ષમાર્ગ પ્રકાશમાં પણ આ સંબંધમાં ઘણી સરસ વાત કરી છે, ત્યાં કહે છે કે :-

"વળી પોતે વા અન્ય ચેતન-અચેતન પદાર્થ કોઈ પ્રકારે પરિણમતા હોય અને પોતાને તે પરિણમન બૂરું લાગે તો તેને અન્ય પ્રકારે પરિણમાવવા વડે કરીને તે પરિણમનનું પણ બૂરું ઈચ્છે છે. એ પ્રમાણે ક્રોધથી અન્ય ચેતન-અચેતન પદાર્થોનું બૂરું થવાની ઈચ્છા થયા કરે છે, પણ બૂરું થવું વા ન થવું તે તેના ભવિતવ્ય આધીન છે" (પૃ. ૪૩)

આમાં જીવ અને અજીવ બન્નેની ક્રમબદ્ધપર્યાયની વાત સ્પષ્ટ લીધી છે.

"બીજો કોઈ પોતાનાથી ઉંચ કાર્ય કરતો હોય છતાં તેને કોઈ પણ પ્રકારે નીચો દર્શાવે તથા પોતે નીચ કાર્ય કરતો હોય છતાં પોતાને ઊંચો દર્શાવે. એ પ્રમાણે માનવડે પોતાની મહંતતાની ઈચ્છા તો ઘણી કરે, પણ મહંતતા થવી ભવિતવ્ય આધીન છે" (પૃ. ૪૩)

"કષાય વડે ઈષ્ટ સિદ્ધિ અર્થે નાના પ્રકારના છળ પ્રપંચ કરે છતાં ઈષ્ટ-સિદ્ધિ થવી ભવિતવ્ય આધીન છે" (પૃ. ૪૩)

"વળી પોતાનું વા અન્ય સચેતન-અચેતન પદાર્થોનું કોઈ પરિણમન હોવું ઈષ્ટરૂપ માની તેને તે પ્રકારના પરિણમનરૂપ પરિણમાવવા ઈચ્છે. એ પ્રમાણે નાના પ્રકારે લોભથી ઈષ્ટ પ્રાપ્તિની ઈચ્છા તો ઘણી કરે, પરંતુ ઈષ્ટપ્રાપ્તિ થવી ભવિતવ્યઆધીન છે" (પૃ.૪૩)

જેને ક્રમબદ્ધ વસ્તુસ્વરૂપનું ભાન નથી, ને પોતાના ક્રોધાદિ કષાયથી તેમાં ફેરફાર થવાનું માને છે – એવા મિથ્યાદૃષ્ટિ જીવની આ વાત છે.

"વળી અજ્ઞાની જીવ, પોતાને જેવું શ્રદ્ધાન છે તેમ અન્ય પદાર્થોને પરિણમાવવા ઈચ્છે છે. હવે એ અન્ય પદાર્થો જો એ પ્રમાણે પરિણમે તો તેનું શ્રદ્ધાન સાચું થઈ જાય, પરંતુ અનાદિનિધન વસ્તુ ન્યારી-ન્યારી પોતપોતાની મર્યાદાપૂર્વક પરિણમે છે, કોઈ કોઈને આધીન નથી તેમ કોઈ પદાર્થ કોઈનો પરિણમાવ્યો પરિણમતો નથી. છતાં તેને આ જીવ પોતાની ઈચ્છાનુસાર પરિણમાવવા ઈચ્છે છે એ કાંઈ ઉપાય નથી, પણ એ તો મિથ્યાદર્શન જ છે"

(પૃ.૫૫-૫૬)

અહીં તો મિથ્યામાન્યતા તો ટળી ગઈ છે ને તે ઉપરાંત વીતરાગભાવ વધી જતાં આરંભ કાર્યોમાં અનુમોદનાનો ભાવ નથી આવતો.

ભાવાર્થ :- આહારના અર્થે ગૃહસ્થકાર્યના આરંભાદિકની પણ અનુમોદના ન કરે. ઉદાસીન થઈ ઘરમાં પણ રહે વા બાહ્ય ચૈત્યાલય-મઠ-મંડપમાં પણ બેસે, ભોજન માટે પોતાને ઘેર વા અન્ય શ્રાવક બોલાવે તો ત્યાં ભોજન કરી આવે. વળી એમ પણ ન કહે કે 'અમારા માટે ફલાણી વસ્તુ તૈયાર કરજો' ગૃહસ્થ જે કાંઈ જમાડે તે જ જમી આવે તે દસમીપ્રતિમાધારી શ્રાવક હોય છે.

**ગાથા-૩૮૯**

## यः पुनः चिन्तयति कार्यं शुभाशुभं रागद्वेषसंयुक्तः।
## उपयोगेन विहीनः सः करोति पापं विना कार्यं।।३८९।।

**અર્થ :- જે પ્રયોજન વિના રાગદ્વેષ સહિત બની શુભ-અશુભકાર્યોને ચિંતવન કરે છે તે પુરુષ વિના કાર્ય પાપ ઉપજાવે છે.**

**ભાવાર્થ :- પોતે તો ત્યાગી બન્યો છે છતાં વિના પ્રયોજન પુત્રજન્મપ્રાપ્તિ-વિવાહાદિક શુભકાર્યો તથા કોઈને પીડા આપવી-મારવો-બાંધવો ઈત્યાદિક અશુભકાર્યો, એમ શુભાશુભ કાર્યોને ચિંતવન કરી જે રાગદ્વેષ પરિણામ કરી નિરર્થક પાપ ઉપજાવે છે તેને દસમી પ્રતિમા કેમ હોય ? તેને તો એવી બુદ્ધિ જ રહે કે જે પ્રકારનું ભવિતવ્ય છે તેમ જ થશે–જેમ આહારાદિ મળવાં હશે તેમ જ મળી રહેશે' એવા પરિણામ રહે તો અનુમતિત્યાગ પાલન થાય છે. એ પ્રમાણે આ બાર ભેદમાં અગિયારમો ભેદ કહ્યો.**

અર્થ :- જે પ્રયોજન વિના રાગદ્વેષ સહિત બની શુભ-અશુભકાર્યોને ચિંતવન કરે છે તે પુરુષ વિના કાર્ય પાપ ઉપજાવે છે.

ભાવાર્થ :- પોતે તો ત્યાગી બન્યો છે છતાં વિના પ્રયોજન પુત્રજન્મપ્રાપ્તિ-વિવાહાદિક શુભકાર્યો તથા કોઈને પીડા આપવી-મારવો-બાંધવો ઈત્યાદિક અશુભકાર્યો, એમ શુભાશુભ કાર્યોને ચિંતવન કરી જે રાગદ્વેષ પરિણામ કરી નિરર્થક પાપ ઉપજાવે છે તેને દસમી પ્રતિમા

કેમ હોય ? તેને તો એવી બુદ્ધિ જ રહે કે જે પ્રકારનું ભવિતવ્ય છે તેમ જ થશે–જેમ આહારાદિ મળવાં હશે તેમ જ મળી રહેશે' એવા પરિણામ રહે તો અનુમતિત્યાગ પાલન થાય છે. એ પ્રમાણે આ બાર ભેદમાં અગિયારમો ભેદ કહ્યો.

પોતાને અંતરની શાંતિપૂર્વક ઘણું સમાધાન વર્તે છે – તેથી આહારાદિનો યોગ જેમ બનવાનો હશે તેમ બની રહેશે – એને માટે ચિંતા થતી નથી, જ્ઞાનની દૃઢતા વધતી જાય છે. આવા શ્રાવકને દસમી અનુમતિત્યાગ નામની પ્રતિમા છે. જુઓ, સમ્યગ્દૃષ્ટિને પણ એવી નિઃશંક દૃઢતા છે કે જે કાળે જે પદાર્થમાં જે જાતના સંયોગ-વિયોગની અવસ્થા થવાનું સર્વજ્ઞદેવે જોયું છે, તે તે પ્રમાણે જ થાય છે. તેમાં ઇંદ્ર-નરેંદ્ર કે જિનેંદ્ર કોઈ ફેરફાર કરવા સમર્થ નથી, ને તે ઉપરાંત દસમી પડિમાવાળાને તો વીતરાગભાવ વધી ગયો છે.

હવે છેલ્લી અગિયારમી પડિમાનું સ્વરૂપ કહેશે :-

**શ્રાવણ વદ ૨, ગુરુવાર, ૭-૮-૫૨**

આ ધર્માનુપ્રેક્ષાનો અધિકાર છે. ભગવાન કાર્તિકેયસ્વામીને છઠ્ઠા ગુણસ્થાને વિકલ્પ ઊઠતાં આ બાર અનુપ્રેક્ષાઓ લખાઈ ગઈ છે. તેમાં ધર્માનુપ્રેક્ષામાં શ્રાવકની અગિયારમી પડિમાનું વર્ણન કરે છે.

**ગાથા-૩૯૦**

**આગળ ઉદ્દિષ્ટવિરતિ નામની અગીયારમી પ્રતિમાનું સ્વરૂપ કહે છે :-**

**यः नवकोटिविशुद्धं भिक्षाचरणेन भुञ्चते भोज्यं।**
**याचनारहितं योग्यं उद्दिष्ठाहारविरतः सः।।३९०।।**

**અર્થ :- જે શ્રાવક મન-વચન-કાયા તથા કૃત-કારિત-અનુમોદનાજન્ય નવ પ્રકારના દોષરહિત અર્થાત્ નવકોટિ શુદ્ધઆહાર ભિક્ષાચરણપૂર્વક કરે, તેમાં પણ યાચનારહિત ગ્રહણ કરે – પણ**

**યાચનાપૂર્વક ગ્રહણ ન કરે, તેમાં પણ યોગ્ય (નિર્દોષ) ગ્રહણ કરે પણ સચિત્તાદિ દોષસહિત અયોગ્ય હોય તો ન ગ્રહણ કરે તે ઉદ્દિષ્ટઆહારનો ત્યાગી છે.**

અર્થ :- જે શ્રાવક મન-વચન-કાયા તથા કૃત-કારિત-અનુમોદનાજન્ય નવ પ્રકારના દોષરહિત અર્થાત્ નવકોટિ શુદ્ધઆહાર ભિક્ષાચરણપૂર્વક ગ્રહણ કરે, તેમાં પણ યાચનારહિત ગ્રહણ કરે – પણ યાચનાપૂર્વક ગ્રહણ ન કરે, તેમાં પણ યોગ્ય (નિર્દોષ) આહાર ગ્રહણ કરે પણ સચિત્તાદિ દોષસહિત અયોગ્ય હોય તો ગ્રહણ ન કરે તે ઉદ્દિષ્ટઆહારનો ત્યાગી છે.

અખંડ ચૈતન્યસ્વભાવના અવલંબને જેને વિશેષ વીતરાગતા થઈ છે ને રાગ તૂટી ગયો છે, એવો અગિયારમી પડિમાવાળો શ્રાવક ઉદ્દિષ્ટઆહારને લેતો નથી. મન-વચન-કાયાથી કે કૃત-કારિત-અનુમોદનાથી પોતાના માટે કરેલા આહારના ગ્રહણનો વિકલ્પ આવે નહિ, મુનિ તો ન લ્યે, પણ આ શ્રાવક પણ પોતાના માટે બનાવેલી ચીજ ન લ્યે. બજારમાંથી પોતાના માટે લાવેલી ચીજ તે લ્યે નહિ, પાણી કે આહાર કોઈ પાસે માંગે નહિ, યાચનારહિત આહાર ગ્રહણ કરે છે. હજી તો આહારની યાચના કરે, પોતાના માટે કરેલો આહાર લ્યે – એવા જીવને મુનિદશા હોય નહિ, જો તેમાં મુનિપણું મનાવે તો તે અજ્ઞાની છે.

આગમ કેવા હોય ? આગમમાં કહેલાં શ્રાવક કેવા હોય ? મુનિ કેવા હોય, દેવ કેવા હોય ? તેને ઓળખ્યા વિના વસ્ત્રાદિસહિત દશામાં મુનિદશા મનાવે – તે સનાતનમાર્ગ નથી. મુનિપણું ન પાળી શકે તો તે કાંઈ મોટો દોષ નથી, પણ મુનિપણું નામ ધરાવીને વિપરીતપણે પ્રવર્તે, તે મોટો દોષ છે. તેને તો મુનિ કેવા હોય તેની શ્રદ્ધા પણ સાચી નથી. અહો ! વીતરાગમાર્ગના મુનિવરો યાચના કરે નહિ, "સૂજતો આહાર છે ?" એમ મુનિ પૂછે નહિ. અરે ! અગિયારમી પડિમાવાળો શ્રાવક પણ આહારને માટે પૂછે નહિ, તો પછી મુનિદશાની તો શી વાત કરવી ? "નમો લોએ સવ્વ સાહૂણં"માં જે સાધુઓને નમસ્કાર કર્યો છે, તે સાધુની દશા ઘણી વીતરાગી નિર્ગ્રંથ હોય છે. અંતરના આત્માના આનંદમાં ઝૂલતાં ઝૂલતાં ઉત્કૃષ્ટ શ્રાવકને ત્રીજા કષાયનો પણ ઘણો ઘટાડો થઈ ગયો છે, એવા શ્રાવક આહારને યાચે નહિ. યાચના કરવી તેનું નામ યાચના પરિષહ નથી. જેમ જંગલમાં સિંહ કોઈ પાસે આહાર માંગવા ન જાય, તેમ મુનિવરો તો વીતરાગમાર્ગે વિચરનારા સિંહ છે, તે આહારને કોઈ પાસે માંગે નહિ. સહેજે નિર્દોષ આહાર વિધિપૂર્વક મળે તો જ ગ્રહણ કરે, ને અગિયારમી પડિમાવાળો શ્રાવક પણ પોતાના માટેનો દોષિત આહાર લેતો નથી. વીતરાગમાર્ગની આજ્ઞા છે માટે તેમ <u>કરવું પડે છે</u> – એમ નથી. પણ અંતરમાં તે જાતનો રાગ જ તે ભૂમિકામાં થતો નથી, એવી શ્રાવકની

સહજ દશા હોય છે. જુઓ, આ વાત વીતરાગમાર્ગના દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાસહિતની છે, જેને હજી સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું ભાન નથી, આત્માનું ભાન નથી, એવા જીવો શુદ્ધ આહારપાણી લ્યે – તો તેને કાંઈ મુનિપણું કે શ્રાવકપણું કહેવાય નહિ.

ભાવાર્થ :- જે ઘર છોડી મઠ-મંડપમાં રહેતો હોય, ભિક્ષાચરણથી આહાર લેતો હોય, પણ પોતાના નિમિત્તે કોઈએ આહાર બનાવ્યો હોય તો તે આહારને ન લે, યાચનાપૂર્વક ન લે, તથા માંસાદિક વા સચિત્ત એવો અયોગ્ય આહાર ન લે તે ઉદ્દિષ્ટવિરતિ શ્રાવક છે.

જે શાસ્ત્રમાં એમ લખ્યું હોય કે મુનિએ વસ્ત્ર ધોવાં નહિ – પણ તે વાત મૂળમાં જ ફેર છે. મુનિને વસ્ત્ર હોય જ નહિ, પછી ધોવાની વાત ક્યાં રહી ? વસ્ત્ર રાખે, ને વળી આઠ-આઠ મહિના સુધી ધોયા વિના રાખે – તેમાં તો ત્રસ જીવો થઈ જાય, ને મોટી હિંસા થાય. સર્વજ્ઞમાર્ગના મુનિઓને વસ્ત્ર હોય જ નહિ. ત્રણે કાળનો એવો જ મુનિમાર્ગ છે. ને શ્રાવકમાં પણ અગિયારમી પડિમાવાળો શ્રાવક આહારની યાચના કહે નહિ. જુઓ, તો ખરા – બે કથનમાં કેટલો ફેર !! એક તો કહે કે મુનિ આહારની યાચના કરે ! ને અહીં કહે છે કે અગિયારમી પડિમાવાળો શ્રાવક પણ આહારની યાચના કરે નહિ. જરાક વિચાર તો કરો કે કોનું કથન યથાર્થ છે. અંતરના ચિદાનંદસ્વભાવને સાધનારો ઉત્તમ શ્રાવક પણ એવો વૈરાગી હોય છે કે આહાર માંગે નહિ. કોઈની પાસે આહારાદિ માંગવા તે તો ભિખારાપણું ને રાંકાપણું છે. મુનિ તેમ જ ૧૧મી પડિમાવાળો શ્રાવક આહાર માગે તો નહિ, પણ પોતાને માટે કરેલો આહાર પણ ન લ્યે. આવો તેનો વીતરાગભાવ હોય છે.

એ પ્રમાણે શ્રાવકોની અગિયાર પડિમા વર્ણવી.

હવે અંતસમયમાં શ્રાવક આરાધના કરે – તેની વાત કરે છે. પહેલાં બાર વ્રતના વર્ણન પછી સંલ્લેખના વર્ણવી હતી. ત્યાં પણ પાંચમા ગુણસ્થાનવાળાની વાત હતી, ને અહીં પણ પાંચમા ગુણસ્થાનવર્તી ઉત્કૃષ્ટ પડિમાવાળા શ્રાવકના વાત કરે છે.

**ગાથા-૩૯૧**

**આગળ `અંતસમયમાં શ્રાવક આરાધના કરે' એમ કહે છે :-**

**यः श्रावकव्रतशुद्धः अन्ते आराधनं परं करोति।**

**सः अच्युते स्वर्गे इन्द्रः सुरसेवितः भवति।।३९१।।**

**અર્થ :- જે શ્રાવક વ્રતોથી શુદ્ધપુરુષ છે તથા અંતસમયે દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપરૂપ ઉત્કૃષ્ટ આરાધના આરાધે છે તે અચ્યુતસ્વર્ગમાં દેવોથી સેવનિય ઈંદ્ર થાય છે.**

ભાવાર્થ :- જે સમ્યગ્દષ્ટિ શ્રાવક, નિરતિચારપણે અગિયાર પ્રતિમારૂપ શુદ્ધવ્રતને પાલન કરે છે અને અંતસમયે મરણકાળમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ (એ ચાર) આરાધનાને આરાધે છે તે અચ્યુતસ્વર્ગમા ઈંદ્ર થાય છે. આ ઉત્કૃષ્ટ શ્રાવકના વ્રતોનું ઉત્કૃષ્ટફળ છે. એ પ્રમાણે અગિયાર પ્રતિમાઓનું સ્વરૂપ કહ્યું. અન્ય ગ્રંથોમાં તેના બે ભેદ કહ્યા છે. પ્રથમ ભેદવાળો તો એક વસ્ત્ર રાખે, કેશોને કાતરથી વા પાછણાથી સોંરાવે (ક્ષૌર કરાવે), પોતાના હાથથી પ્રતિલેખન કરે, બેસીને ભોજન કરે, પોતાના હાથમાં ભોજન કરે વા પાત્રમાં પણ કરે, ત્યારે બીજા ભેદવાળો કેશોનો લોચ કરે, પ્રતિલેખન પાછળથી કરે, પોતાના હાથમાં જ ભોજન કરે તથા કોપિન ધારણ કરે ઈત્યાદિક, તેની વિધિ અન્ય ગ્રંથોથી સમજવી. એ પ્રમાણે પ્રતિમા તો અગિયાર થઈ તથા બાર ભેદ કહ્યાં હતા તેમાં આ શ્રાવકનો બારમો ભેદ થયો.

હવે અહીં સંસ્કૃત ટીકાકારે અન્ય ગ્રંથાનુસાર કંઈક શ્રાવકનું કથન લખ્યું છે તેને સંક્ષેપમાં લખીએ છીએ :-

છઠ્ઠીપ્રતિમા સુધી તો જઘન્યશ્રાવક કહ્યો છે, સાતમી–આઠમી અને નવમી પ્રતિમાધારકને મધ્યમશ્રાવક કહ્યો છે, તથા દસમી–અગિયારમી પ્રતિમાધારકને ઉત્કૃષ્ટશ્રાવક કહ્યો છે. વળી કહ્યું છે કે સમિતિસહિત પ્રવર્તે તો અણુવ્રત સફળ છે પણ સમિતિરહિત પ્રવર્તે તો વ્રતપાલન કરતો હોવા છતાં અવ્રતી છે.

પ્રશ્ન :- ગૃહસ્થને અસિ, મસિ, કૃષિ, વાણિજ્યના આરંભમાં ત્રસ-સ્થાવર જીવોની હિંસા થાય છે, હવે ત્રસહિંસાનો ત્યાગ તેનાથી કેવી રીતે બને ? તેનું સમાધાન :-

પક્ષ, ચર્યા અને સાધકતા એમ શ્રાવકની ત્રણ પ્રવૃત્તિ કહી છે. ત્યાં પક્ષનો ધારક છે તેને પાક્ષિકશ્રાવક કહે છે, ચર્યાના ધારકને નૈષ્ટિકશ્રાવક કહે છે, તથા સાધકતાના ધારકને સાધકશ્રાવક કહે છે. ત્યાં પક્ષ તો આ પ્રમાણે છે કે – જૈનમાર્ગમાં ત્રસહિંસાના ત્યાગીને શ્રાવક કહ્યો છે તેથી હું મારા પ્રયોજનને માટે વા પરના પ્રયોજનને માટે ત્રસજીવોને હણું નહિ, ધર્મને માટે, દેવતાને માટે, મંત્રસાધનને માટે, ઔષધને માટે, આહારને માટે તથા અન્ય ભોગોને માટે હણું નહિ, એવો પક્ષ જેને હોય તે પાક્ષિક છે. અસિ-મસિ-કૃષિ અને વાણિજ્યાદિ કાર્યોમાં તેનાથી હિંસા તો થાય છે તો પણ મારવાનો અભિપ્રાય નથી, માત્ર પોતાના કાર્યનો અભિપ્રાય છે ત્યાં જીવઘાત થાય છે, તેની આત્મનિંદા કરે છે. એ પ્રમાણે ત્રસહિંસા નહિ કરવાના પક્ષમાત્રથી તેને પાક્ષિક કહીએ છીએ. અહીં અપ્રત્યાખ્યાનાવરણકષાયના મંદઉદયના પરિણામ છે માટે તે અવ્રતી જ છે, વ્રતપાલનની ઈચ્છા છે પણ નિરતિચાર વ્રતપાલન થતાં નથી તેથી તેને પાક્ષિક જ કહ્યો છે.

વળી નૈષ્ટિક થાય છે ત્યારે અનુક્રમે પ્રતિમાની પ્રતિજ્ઞા પળાય છે, આને

**અપ્રત્યાખ્યાનાવરણકષાયનો અભાવ થયો છે તેથી પાંચમા ગુણસ્થાનની પ્રતિજ્ઞા અતિચારરહિત પળાય છે. ત્યાં પ્રત્યાખ્યાનાવરણકષાયના તીવ્ર-મંદ ભેદોથી અગિયાર પ્રતિમાના ભેદ છે. જેમ જેમ કષાય મંદ થતો જાય છે તેમ-તેમ આગલી પ્રતિમાની પ્રતિજ્ઞા થતી જાય છે. ત્યાં એમ કહ્યું છે કે ઘરનું સ્વામીપણું છોડી, ગૃહકાર્ય તો પુત્રાદિકને સોંપે તથા પોતે કષાયહાનિના પ્રમાણમાં પ્રતિમાની પ્રતિજ્ઞા અંગીકાર કરતો જાય. જ્યાં સુધી સકલસંયમ ન ગ્રહણ કરે ત્યાં સુધી– અગિયારમી પ્રતિમા સુધી–નૈષ્ઠિકશ્રાવક કહેવાય છે. જ્યારે મરણકાળ આવ્યો જાણે ત્યારે આરાધનાસહિત થઈ એકાગ્રચિત્ત કરી પરમેષ્ઠીના ચિંતવનમાં રહી સમાધિપૂર્વક પ્રાણ છોડે તે સાધક કહેવાય છે એવું વ્યાખ્યાન છે.**

**વળી કહ્યું છે કે જે ગૃહસ્થ, દ્રવ્યનું ઉપાર્જન કરે, તેના છ ભાગ કરે, એક ભાગ તો ધર્મના અર્થે આપે, એક ભાગ કુટુંબના પોષણમાં આપે, એક ભાગ પોતાના ભોગમાં ખર્ચ કરે, એક ભાગ પોતાના સ્વજનસમૂહના વ્યવહારમાં ખર્ચે અને બાકીના બે ભાગ અનામત ભંડાર તરીકે રાખે. તે દ્રવ્ય કોઈ મોટા પૂજન વા પ્રભાવનામાં અથવા કાળ-દુકાળમાં કામ આવે. એ પ્રમાણે કરવાથી ગૃહસ્થને આકુળતા ઊપજે નહિ અને ધર્મ સાધી શકાય.**

**અહીં સંસ્કૃત ટીકાકારે ઘણું કથન કર્યું છે તથા પહેલાંની ગાથાના કથનમાં અન્ય ગ્રંથોના કથન સધાય છે. કથન ઘણું કર્યું છે તે બધું સંસ્કૃત ટીકાથી જાણવું. અહીં તો ગાથાનો જ અર્થ સંક્ષેપમાં લખ્યો છે. વિશેષ જાણવાની ઈચ્છા હોય તેને રયણસાર, વસુનંદીકૃત શ્રાવકાચાર, રત્નકરંડ શ્રાવકાચાર, પુરુષાર્થસિદ્ધિ ઉપાય, અમિતગતિ શ્રાવકાચાર અને પ્રાકૃતદોહબંધ શ્રાવકાચાર ઈત્યાદિ ગ્રંથોથી જાણવું. અહીં સંક્ષેપમાં વર્ણન કર્યું છે, એ પ્રમાણે બારભેદરૂપ શ્રાવકધર્મનું વર્ણન કર્યું.**

---

અર્થ :- જે શ્રાવક વ્રતોથી શુદ્ધપુરુષ છે તથા અંતસમયે દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપરૂપ ઉત્કૃષ્ટ આરાધના આરાધે છે તે અચ્યુતસ્વર્ગમાં દેવોથી સેવનિય ઈંદ્ર થાય છે.

જુઓ, શ્રાવક કેવો છે ? "सातय तय सुद्धो" એટલે કે શ્રાવક વ્રતોથી શુદ્ધ છે. દેહ છૂટવાનાં ટાણાં આવે ત્યાં અંદરમાં ઉત્કૃષ્ટ આરાધના કરીને વીતરાગી શાંતિમાં ઝૂલતાં દેહ છોડીને સ્વર્ગમાં ઈંદ્ર થાય છે.

અહીં શ્રાવકની વાત છે તેથી તેના ઉત્કૃષ્ટફળ તરીકે સોળમા અચ્યુતસ્વર્ગ સુધીની વાત લીધી. આ વાત ઉત્કૃષ્ટ છે.

ભાવાર્થ :- જે સમ્યગ્દૃષ્ટિ શ્રાવક, નિરતિચારપણે અગિયાર પ્રતિમારૂપ શુદ્ધવ્રતને પાલન

કરે છે અને અંતસમયે મરણકાળમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ (એ ચાર) આરાધનાને આરાધે છે તે અચ્યુત સ્વર્ગમા ઇંદ્ર થાય છે. આ ઉત્કૃષ્ટ શ્રાવકના વ્રતોનું ઉત્કૃષ્ટફળ છે. એ પ્રમાણે અગિયાર પ્રતિમાઓનું સ્વરૂપ કહ્યું. અન્ય ગ્રંથોમાં તેના બે ભેદ કહ્યા છે. પ્રથમ ભેદવાળો તો એક વસ્ત્ર રાખે, કેશોને કાતરથી વા પાછણાથી સોંરાવે (ક્ષૌર કરાવે), પોતાના હાથથી પ્રતિલેખન કરે, બેસીને ભોજન કરે, પોતાના હાથમાં ભોજન કરે વા પાત્રમાં પણ કરે, ત્યારે બીજા ભેદવાળો કેશોનો લોચ કરે, પ્રતિલેખન પાછળથી કરે, પોતાના હાથમાં જ ભોજન કરે તથા કોપિન ધારણ કરે ઈત્યાદિક, તેની વિધિ અન્ય ગ્રંથોથી સમજવી. એ પ્રમાણે પ્રતિમા તો અગિયાર થઈ તથા બાર ભેદ કહ્યાં હતા તેમાં આ શ્રાવકનો બારમો ભેદ થયો.

જુઓ, આ વીતરાગમાર્ગના શ્રાવકની દશા ! મુનિદશા તો હજી આથી પણ ઊંચી છે, જ્યાં સુધી એક કોપિન (લંગોટ)નો કટકો પણ રાખે ત્યાં સુધી પાંચમુ ગુણસ્થાન હોઈ શકે, પણ મુનિદશા હોય જ નહિ. અહો ! સાચા ભાવલિંગી વીતરાગી મુનિ કેવા હોય – તે બતાવવા માટે અત્યારે નમૂનો પણ દેખાતો નથી, આ વાત સમજ્યા વગર ગોટા વાળે તેને વીતરાગમાર્ગનું ભાન નથી.

પહેલાં સાચી શ્રદ્ધા તે ગૃહસ્થનો પ્રથમ ધર્મ છે, ને પછી શ્રાવકની અગિયાર પડિમા કહી તે અગિયાર પ્રકારનો ધર્મ છે – એ રીતે ગૃહસ્થધર્મના બાર ભેદ થયા.

છઠ્ઠી પડિમા સુધી જઘન્ય શ્રાવક છે,

સાતમી-આઠમી ને નવમીવાળા મધ્યમ શ્રાવક છે,

દસ-અગિયાર પડિમાવાળા ઉત્કૃષ્ટ શ્રાવક છે.

પણ તે બધાય આત્માના ભાનસહિત હોય છે.

અંતરમાં આત્માના ભાનસહિત, શાંતિનું વેદન વધતાં તે જાતના વીતરાગભાવસહિત આ વ્રતાદિ હોય તો જ તે સફળ છે. સમિતિગુપ્તિ ઈત્યાદિ મુનિના જેટલાં માર્ગ કહ્યા છે તે બધાયનો એક અંશ શ્રાવકને પોતાની ભૂમિકા પ્રમાણે હોવો જોઈએ. હાલવા-ચાલવામાં, બોલવા વગેરેમાં પ્રમાદનો પાર ન હોય – ક્યાં કેવી હિંસા થાય છે તેનોય વિવેક નથી – એવા જીવને શ્રાવકના વ્રત હોય નહિ. માટે કહ્યું કે સમિતિસહિત પ્રવર્તે તો જ શ્રાવકના અણુવ્રત સફળ છે.

પ્રશ્ન :- ગૃહસ્થને અસિ, મસિ, કૃષિ, વાણિજ્યના આરંભમાં ત્રસસ્થાવર જીવોની હિંસા થાય છે, હવે ત્રસહિંસાનો ત્યાગ તેનાથી કેવી રીતે બને ?

સમાધાન :- પક્ષ, ચર્યા અને સાધકતા એમ શ્રાવકની ત્રણ પ્રવૃત્તિ કહી છે. ત્યાં પક્ષનો ધારક છે તેને પાક્ષિકશ્રાવક કહે છે, ચર્યાના ધારકને નૈષ્ટિકશ્રાવક કહે છે, તથા સાધકતાના ધારકને સાધકશ્રાવક કહે છે. ત્યાં પક્ષ તો આ પ્રમાણે છે કે – જૈનમાર્ગમાં ત્રસહિંસાના ત્યાગીને

શ્રાવક કહ્યો છે તેથી હું મારા પ્રયોજનને માટે વા પરના પ્રયોજનને માટે ત્રસજીવોને હણું નહિ, ધર્મને માટે, દેવતાને માટે, મંત્રસાધનને માટે, ઔષધને માટે, આહારને માટે તથા અન્ય ભોગોને માટે હણું નહિ, એવો પક્ષ જેને હોય તે પાક્ષિક છે. અસિ-મસિ-કૃષિ અને વાણિજ્યાદિ કાર્યોમાં તેનાથી હિંસા તો થાય છે તો પણ મારવાનો અભિપ્રાય નથી, માત્ર પોતાના કાર્યનો અભિપ્રાય છે ત્યાં જીવઘાત થાય છે, તેની આત્મનિંદા કરે છે. એ પ્રમાણે ત્રસહિંસા નહિ કરવાના પક્ષમાત્રથી તેને પાક્ષિક કહીએ છીએ. અહીં અપ્રત્યાખ્યાનાવરણકષાયના મંદઉદયના પરિણામ છે માટે તે અવ્રતી જ છે, વ્રતપાલનની ઈચ્છા છે પણ નિરતિચાર વ્રત પાલન થતાં નથી તેથી તેને પાક્ષિક જ કહ્યો છે.

શ્રાવકને ત્રસહિંસાના પરિણામ હોય નહિ, ત્રસ જીવોને હણવાનો અભિપ્રાય ન હોય, છતાં વેપાર વગેરેમાં ત્રસહિંસા થઈ જતી હોય તો તે શ્રાવકને વ્રતોનો પક્ષ છે, પણ હજી તેવી ચર્યા પાળી શકતો નથી. આત્મજ્ઞાન ટકી રહે છે પણ વ્રતોને અતિચાર રહિત પાળી શકતો નથી. આવા પાક્ષિકશ્રાવકને અહીં ચોથા ગુણસ્થાનવાળો અવ્રતી ગણ્યો છે.

વળી નૈષ્ટિક થાય છે ત્યારે અનુક્રમે પ્રતિમાની પ્રતિજ્ઞા પળાય છે, આને અપ્રત્યાખ્યાનાવરણકષાયનો અભાવ થયો છે તેથી પાંચમા ગુણસ્થાનની પ્રતિજ્ઞા અતિચારરહિત પળાય છે. ત્યાં પ્રત્યાખ્યાનાવરણકષાયના તીવ્ર-મંદ ભેદોથી અગિયાર પ્રતિમાના ભેદ છે. જેમ જેમ કષાય મંદ થતો જાય છે તેમ તેમ આગલી પ્રતિમાની પ્રતિજ્ઞા થતી જાય છે. ત્યાં એમ કહ્યું છે કે ઘરનું સ્વામીપણું છોડી, ગૃહકાર્ય તો પુત્રાદિકને સોંપે તથા પોતે કષાયહાનિના પ્રમાણમાં પ્રતિમાની પ્રતિજ્ઞા અંગીકાર કરતો જાય. જ્યાં સુધી સકલસંયમ ગ્રહણ ન કરે ત્યાં સુધી–અગિયારમી પ્રતિમા સુધી–નૈષ્ટિકશ્રાવક કહેવાય છે. જ્યારે મરણકાળ આવ્યો જાણે ત્યારે આરાધનાસહિત થઈ એકાગ્રચિત્ત કરી પરમેષ્ઠીના ચિંતવનમાં રહી સમાધિપૂર્વક પ્રાણ છોડે તે સાધક કહેવાય છે એવું વ્યાખ્યાન છે.

શ્રાવકને પહેલેથી દેહથી ભિન્નતાનું ભાન તો છે. ને અંતસમયના ટાણે શાંતિ વધારતો, આરાધનાપૂર્વક દેહ છોડે છે. અકસ્માત્ દેહ છૂટવાનાં ટાણાં આવે તો પણ અંદર ચૈતન્યની સંભાળ કરી છે – તેની શાંતિ ભોગવતો દેહ છોડે છે. એટલે સાધકપણાસહિત દેહ છોડે છે – એવો શ્રાવક તે સાધક છે. મરણ વખતે બહારના સંકલ્પ-વિકલ્પનો સંકેલો કરી અંદરમાં આરાધના વધારે છે.

"વળી કહ્યું છે કે જે ગૃહસ્થ, દ્રવ્યનું ઉપાર્જન કરે, તેના છ ભાગ કરે, એક ભાગ તો ધર્મના અર્થે આપે, એક ભાગ કુટુંબના પોષણમાં આપે."

જુઓ, આ જાતનો ઉલ્લાસભાવ ધર્મીશ્રાવકને આવે છે. ભોગ અને દેહને પોષવા માટે

તો ઘણું ખર્ચ કરે ને ધર્મના પ્રસંગમાં કાંઈ પણ ખર્ચવાનો ઉલ્લાસ ન આવે તો તેને ધર્મનો પ્રેમ નથી. અનંતકાળે સાચા દેવ-ગુરુ-ધર્મ પ્રાપ્ત થયા ત્યારે તેને માટે જેને તન-મન-ધનથી હરખ અને ઉલ્લાસ નથી આવતો તેને ધર્મનો પ્રેમ નથી, તેને ગ્રહીત મિથ્યાદૃષ્ટિ કહ્યો છે.

# પ્રસાદ નં. – ૨૮૮

**વી. નિ સં. ૨૪૭૮, શ્રાવણ વદ ૮, વર્ષ ૨જું. પુસ્તક દસમું,**
**સોનગઢ, તા. ૧૩-૮-૫૨, બુધવાર.**

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(શ્રાવણ વદ ૩, શુક્રવાર, ૮-૮-૫૨ સવાર)**

આ ધર્મભાવનાનો અધિકાર ચાલે છે. તેમાં શ્રાવકના બાર પ્રકારના ધર્મોનું વર્ણન કરતાં શ્રાવકની અગિયાર પ્રતિમાનો અધિકાર પૂરો થયો છે. તેમાં ટીકાકાર વિશેષ કહે છે કે ધર્મીને આત્માનું ભાન હોય છે. તેથી ઘણો રાગ ઘટ્યો છે પણ હજુ જે રાગ રહ્યો છે તેને કારણે દેવ-ગરુ-શાસ્ત્ર પ્રત્યે બહુમાન કરે છે. ધર્મી ગૃહસ્થ જે દ્રવ્યનું ઉપાર્જન કરે છે તેના છ ભાગ કરે તેમાંથી એક ભાગ તો ધર્મના અર્થે આપે.

ધર્મીને તૃષ્ણા ઘણી તૂટી ગઈ હોય છે. પણ દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય હજુ છૂટ્યો નથી. તેથી જ્ઞાન, શ્રદ્ધા, રાગ, તન, મન અને ધન એના તરફ વાળે છે. વારંવાર સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર ઉપર તેને પ્રેમ આવે છે. જેમ બાપને દીકરા ઉપર અને દીકરાને બાપ ઉપર પ્રેમ હોય તો વારંવાર યાદ કરે છે અને લૈકિકમાં જેમ સ્ત્રી-પુત્ર માટે ઘરેણાં, વસ્ત્રો, મોટર, મકાન આદિમાં પૈસા વાપરે છે તેમ ધર્મી અહીં કમાણીનો છઠ્ઠો ભાગ ધર્મના કામમાં વાપરે છે. છ લાખની કમાણીમાંથી એક લાખ આપે. છોકરાને આપવા પડે તો આપે, નુકસાન જાય તો આપે પણ ધર્મ માટે આપવા પડે તો આકરું લાગે, તો સમજવું કે તેને ધર્મનો પ્રેમ નથી. ધર્મી જીવને ધર્મ ઉપર પ્રેમ છે તેથી કમાણીમાંથી છઠ્ઠો ભાગ ધર્મ માટે કાઢે છે.

'સત્તાસ્વરૂપ' ગુજરાતી પૃ.૨૪માં ભાગચંદજી છાજડે કહ્યું છે કે :- "પહેલાં મિથ્યાત્વ અવસ્થામાં કુદેવાદિની માન્યતામાં ઉમંગભર્યો કાર્યો કરતો હતો અને હવે ભાગ્યોદયથી સાચા

દેવાદિની પ્રાપ્તિ થઈ અને ઉમંગથી ધનખર્ચ અને પૂજાદિ ન કરે તો તે કૂલટાં સ્ત્રી જેવો છે. કારણ કે આ તો મહાન ગજબ છે કેઃ પોતાના ખરા સ્વામીના સંબંધમાં હર્ષરૂપ કાર્ય ન થાય ! તમે પોતે જ વિચાર કરી જુઓ. અમારે જોરાવરીથી તમને દૂષણ લગાવવા નથી. જો તમારામાં આ જ પ્રમાણે પ્રતીત હોય તો તમોને દોષ અવશ્ય લાગશે. માટે કુદેવાદિની જેમ સુદેવાદિનાં કાર્યોમાં સાચા રસરૂપ વધતાં કાર્યો થતાં જ ધર્માત્માપણું આવશે"

વળી આ શાસ્ત્રમાં આગળ પૃ. ૯ ગાથા-૧૨માં કાર્તિકેયસ્વામી જે મહાન સંતમુનિ હતા તેમણે કહ્યું છે કે : "કાં તો લક્ષ્મીને ભોગવો અથવા તો દયાપ્રધાની થઈને દાન આપો. કોઈ લોભી લક્ષ્મીનો સંચય કરી રાખવા માગે છે તેને ઉપદેશ આપે છે કે લક્ષ્મી ચંચળ છે. કાયમ રહેતી નથી માટે તેને પ્રભુભક્તિ અર્થે અથવા પરોપકાર કે દાનાદિમાં ખર્ચો તથા ભોગવો કેમ કે ધન ભેગું કરવામાં તો મમત્વભાવ રહે છે પણ ઉદારતાપૂર્વક ભોગ સામગ્રીમાં ખરચતાં જગત પણ જશ કરે છે અને ઉજ્જવલ પરિણામ રહે છે અને ઘણો વિષાદ થતો નથી માટે ભોગવવામાં પણ ગુણ છે એમ સમજવું" અહીં તો લોભી પૈસા બિલકુલ વાપરતો નથી તેને કહે છે. પણ જે ત્યાગ કરે છે તેને ભોગવવાની વાત નથી, માટે ધર્મી જીવે એક ભાગ ધર્મ અર્થે વાપરવો યોગ્ય છે.

વળી જે ધન ઉપાર્જન કરે છે તેના છઠ્ઠા ભાગનો એક ભાગ કુટુંબના પોષણમાં આપે, એક ભાગ પોતાના ભોગમાં ખર્ચ કરે, એક ભાગ પોતાના સ્વજનસમૂહના વ્યવહારમાં ખર્ચે અને બાકીના બે ભાગ અનામત ભંડાર તરીકે રાખે. તે દ્રવ્ય કોઈ મોટા પૂજન વા પ્રભાવનામાં અથવા કાળ-દુકાળમાં કામ આવે. એ પ્રમાણે કરવાથી ગૃહસ્થને આકુળતા ઊપજે નહિ અને ધર્મ સાધી શકાય.

અહીં સંસ્કૃત ટીકાકારે ઘણું કથન કર્યું છે તથા પહેલાંની ગાથાના કથનમાં અન્ય ગ્રંથોના કથન સધાય છે. કથન ઘણું કર્યું છે તે બધું સંસ્કૃત ટીકાથી જાણવું. અહીં તો ગાથાનો જ અર્થ સંક્ષેપમાં લખ્યો છે. વિશેષ જાણવાની ઈચ્છા હોય તેને રયણસાર, વસુનંદીકૃત શ્રાવકાચાર, રત્નકરંડ શ્રાવકાચાર, પુરુષાર્થસિદ્ધિ ઉપાય, અમિતગતિ શ્રાવકાચાર અને પ્રાકૃત દોહ બંધ શ્રાવકાચાર ઈત્યાદિ ગ્રંથોથી જાણવું.

બધાં શાસ્ત્રોનો સાર તો વીતરાગતા છે. નિમિત્ત અને રાગની રુચિ છોડી સ્વભાવની રુચિ કરવી તે ચારે અનુયોગનો સાર છે. રાગની તથા નિમિત્તની ઉપેક્ષા કરવી અને સ્વભાવની અપેક્ષા કરવી એ જ સાર છે. પરની ઉપેક્ષા સ્વની સ્વતંત્રતા જાહેર કરે છે. શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર તે ત્રણે વીતરાગભાવ છે, તે શ્રાવકધર્મમાં બાર પ્રકાર હોય છે. તેનું વર્ણન કર્યું. સમ્યગ્દર્શનપૂર્વક અગિયાર પ્રતિમાનું સ્વરૂપ કહ્યું. આ પ્રકારના ધર્મનો વિચાર મુનિ પણ

કરે છે અને મુનિપણું કેવું હોય તેનો પણ મુનિ વિચાર કરે છે અને સમ્યગ્દૃષ્ટિ પણ મુનિપણાનો વિચાર કરે છે કેમકે મુનિ થયા વિના આત્માની પૂર્ણ શાંતિ મળે તેમ નથી. મુનિ થયા વિના કેવળજ્ઞાન થાય નહિ. અંતરબાહ્ય નગ્ન થયા વગર પંચપરમેષ્ઠીમાં ભળે એમ નથી. તેવા મુનિધર્મની વ્યાખ્યા હવેની ગાથામાં કહે છે :-

**ગાથા-૩૯૨**

**यः रत्नत्रययुक्तः क्षमादिभावैः परिणतः नित्यं।**
**सर्वत्र अपि मध्यस्थः सः साधुः भण्यते धर्मः।।३९२।।**

**અર્થ :- જે પુરુષ, રત્નત્રય અર્થાત્ નિશ્ચય–વ્યવહારરૂપ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રથી યુક્ત હોય, ક્ષમાદિ ભાવ અર્થાત્ ઉત્તમ ક્ષમાથી માંડી દશપ્રકારના ધર્મોથી નિત્ય–નિરંતર પરિણામસહિત હોય, સુખ–દુઃખ, તૃણ–કંચન, લાભ–અલાભ, શત્રુ–મિત્ર, નિંદા–પ્રશંસા અને જીવન–મરણ આદિમાં મધ્યસ્થ એટલે સમભાવરૂપ વર્તે અને રાગદ્વેષથી રહિત હોય તેને સાધુ કહે છે–તેને જ ધર્મ કહે છે, કારણ કે જેમાં ધર્મ છે તે જ ધર્મની મૂર્તિ છે–તે જ ધર્મ છે.**

**ભાવાર્થ : અહીં રત્નત્રયસહિત કહેવામાં તેર પ્રકારનું ચારિત્ર છે તે મહાવ્રત આદિ મુનિનો ધર્મ છે તેનું વર્ણન કરવું જોઈએ પરંતુ અહીં દસ પ્રકારના વિશેષ ધર્મોનું વર્ણન છે. તેમાં મહાવ્રત આદિનું વર્ણન પણ ગર્ભિત છે એમ સમજવું.**

અર્થ :- જે પુરુષ (આત્મા) રત્નત્રય અર્થાત્ નિશ્ચય-વ્યવહારરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી યુક્ત હોય તેને જ સાધુ કહે છે, અને તેને જ ધર્મ છે. જુઓ, અહીં પ્રથમ એમ વાત કરેલ છે કે મુનિને આત્માની શ્રદ્ધા હોય તે નિશ્ચય સમ્યગ્દર્શન છે અને દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રતીતનો વિકલ્પ વર્તે છે તે વ્યવહાર સમ્યગ્દર્શન છે. અખંડ આત્માનું જ્ઞાન તે નિશ્ચય છે અને શાસ્ત્રનું જ્ઞાન તે વ્યવહાર છે. સ્વરૂપમાં લીનતાપૂર્વક વીતરાગતા તે નિશ્ચય ચારિત્ર છે અને પંચમહાવ્રત, સમિતિ, ગુપ્તિ, અઠાવીસ મૂળગુણનું પાલન તે બધું વ્યવહાર ચારિત્ર છે. આમ નિશ્ચય અને વ્યવહારનું સ્વરૂપ છે. આવા નિશ્ચય-વ્યવહારની જેને ખબર નથી તે આ રીતે મુનિધર્મની વિચારણા પણ કરી શકે નહિ.

હવે મુનિધર્મની વિશેષ વાત કરે છે કે ક્ષમાદિભાવ એટલે ઉત્તમક્ષમાથી માંડી દસ પ્રકારના

ધર્મોથી નિત્ય-નિરંતર પરિણામસહિત મુનિ હોય છે તે ધર્મ છે. મુનિને સંજ્વલન કષાયથી ઘણી મંદતા હોય છે. એમાં સુખદુઃખ વખતે મધ્યસ્થ રહે છે. અનુકૂળતા અને પ્રતિકૂળતાના સંયોગો વખતે મુનિ આનંદમાં ઝૂલતાં હોય છે, એનું નામ ધર્મ છે. આવી મુનિપણાની દશા હોય છે તેને જે સમજતો નથી તે ધર્મને પણ સમજતો નથી. ધર્મ ધર્મી વિના હોય નહિ અને ચારિત્ર તે મુખ્ય ધર્મ છે, તેનું મૂળ સમ્યગ્દર્શન છે તેથી એના વિના ધર્મ હોય નહિ.

મુનિ તૃણ-કંચન, લાભ-અલાભ, શત્રુ-મિત્ર, નિંદા-પ્રશંસા અને જીવન-મરણ આદિમાં મધ્યસ્થ હોય છે એટલે સમભાવરૂપ વર્તે છે. તેવા રાગદ્વેષરહિત હોય તેને સાધુ કહે છે અને તે ધર્મ છે અને જેમાં ધર્મ છે તે ધર્મની મુર્તિ છે. સાધુ આત્મલક્ષ્મી કેમ પ્રગટ થાય તે બતાવે છે. ફીચર વગેરેના ભાવો કહી જડલક્ષ્મી પ્રાપ્ત કરવાનું તેઓ કહે નહિ. કેમકે લાભ-અલાભમાં તેમને સમભાવ છે. અપયશને સાધુ માનતા નથી. શ્રાવકની દશા પણ સર્વાર્થસિદ્ધિના દેવો કરતાં વધી ગઈ હોય છે. તેમને અપયશ, અનાદેય, દુર્ભાગ્ય – એનો ઉદય હોતો નથી એમ શાસ્ત્રમાં કહેલ છે, કેમકે તેમાં શ્રાવક તથા મુનિને જોડાણ નથી. કોઈ શ્રાવક પાંચમા ગુણસ્થાનવાળો હોય અને ગરીબ હોય, કોઈ નિંદા કરતા હોય પણ એને તે ગણતો નથી, કેમકે તેને બે કષાય તો ટળી ગયા છે. તે પોતાને ભાગ્યવાન માને છે. આત્મા ચિદાનંદસ્વરૂપી છે તેની રુચિ છૂટતી નથી. તે નિંદા આદિને ગણતો નથી. ઘણું જીવીએ તો ઠીક અને હમણાં મરણ ન આવે તો ઠીક – એમ મુનિ માને નહિ. મુનિ તો આહાર લેવા જાય તે વખતે કોઈ રડતું હોય, આગ લાગી હોય તો આહાર લેવાનો વિકલ્પ તોડી નાખે. પોતે અંતર વિચાર કરે કે અમે શાંતિના માર્ગે ચડેલા છીએ, એમાં આ કકળાટ શેનો ? એમ સ્વભાવના આશ્રયે આહારનો વિકલ્પ તોડી નાખે છે પણ ખેદ કરતા નથી. અંતરમાં તો શાંતિના શેરડા છૂટે છે. અત્યારે તો ગમે તેવી વ્યક્તિ સાધુપણું લઈને બેસી જાય છે પણ તે સાધુનો માર્ગ નથી, સાધુપણું એવું હોય નહિ.

મહાવીર ભગવાને ચંદનબાળાની આંખમાં આંસુ જોયા પછી આહાર લીધો તે વાત ખોટી છે. તે બધું કૃત્રિમ બનાવ્યું છે. સાધુધર્મ એવો છે કે આંખમાં આંસુ જુએ તો આહાર લે નહિ, પણ આહારનો વિકલ્પ તોડી નાખી પાછા ફરે – એ મુનિધર્મ છે. હવે આવા ધર્મની જેને ખબર નથી તેને ધર્મને ધરનાર એવા આત્માની ખબર હોતી નથી. કોઈ જીવ અક્કલ વગરની નકલ કરીને પોતાને ધર્મી માને તો તે મિથ્યાદૃષ્ટિ છે. માટે મુનિધર્મનું પહેલાં જ્ઞાન હોવું જોઈએ.

ભાવાર્થ : અહીં રત્નત્રયસહિત કહેવામાં તેર પ્રકારનું ચારિત્ર છે તે મહાવ્રત આદિ મુનિનો ધર્મ છે તેનું વર્ણન કરવું જોઈએ પરંતુ અહીં દસ પ્રકારના વિશેષ ધર્મોનું વર્ણન છે. તેમાં મહાવ્રત આદિનું વર્ણન પણ ગર્ભિત છે એમ સમજવું.

જુઓ, આ ચારિત્રધર્મમાં દસ લક્ષણધર્મનું આવ્યું છે. આ ધર્મનું વર્ણન પર્યુષણપર્વમાં વંચાય છે. પણ અહીં આપણે તે પહેલાં આવેલ છે. ભાદરવા સુદ ૫ થી સુદી ૧૪ સુધી દસ દિવસો છે તે ખરા પર્યુષણપર્વના દિવસો છે. તે પહેલાં ધાર્મિક દિવસો રાખીએ છીએ તે તો સગવડતા ખાતર છે. બાર મહિનામાં ત્રણ વખત દસ લક્ષણપર્વ આવે છે પણ ચોમાસામાં નિવૃત્તિનો કાળ વિશેષ હોય છે એટલે એની મુખ્યતાએ ભાદરવા સુદ ૫ થી ૧૪ સુધીના દિવસોને મહાનપર્વ તરીકે ગણેલ છે. તેમાં દસધર્મ વંચાય છે તેનું વર્ણન હવે કરશે. તેનું સ્વરૂપ શ્રાવક-સમ્યગ્દૃષ્ટિએ પણ બરાબર સમજવું જોઈએ.

ગાથા-૨૯૩

**હવે આગળ દસ પ્રકારના ધર્મોનું વર્ણન કરે છે :-**

**सः च एव दशप्रकारः क्षमादिभावैः सौख्यसारैः।**
**ते पुनः भणिज्यमानाः मन्तव्यः परमभक्त्या।।३९३।।**

**અર્થ :- તે મુનિધર્મ, ક્ષમાદિ ભાવોથી દસપ્રકારનો છે, કેવો છે તે ? સૌખ્યસાર એટલે તેનાથી સુખ થાય છે અથવા તેનામાં સુખ છે અથવા સુખથી સારરૂપ છે એવો છે. આગળ કહેવામાં આવતા દસ પ્રકારના ધર્મો ભક્તિથી–ઉત્તમધર્માનુરાગથી જાણવા યોગ્ય છે.**

**ભાવાર્થ :- ઉત્તમક્ષમા, માર્દવ, આર્જવ, સત્ય, શૌચ, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય એવા દસ પ્રકારના મુનિધર્મ છે તેનું જુદું-જુદું વ્યાખ્યાન આગળ કરે છે :-**

અર્થ :- તે મુનિધર્મ ક્ષમાદિ ભાવોથી દસ પ્રકારનો છે. કેવો છે તે ? સૌખ્યસાર એટલે તેનાથી સુખ થાય છે. વીતરાગનો માર્ગ સુખરૂપ છે, કંટાળો લાગે તેવો નથી. અજ્ઞાની ચારિત્રને કષ્ટરૂપ કહે છે, વેળુના કોળિયા જેવો અને મીણનાં દાંતે લોઢાના ચણા ચાવવા જેવો કહે છે. એટલે તે ચારિત્રધર્મને-મુનિધર્મને દુઃખરૂપ કહે છે. પણ અહીં તો સુખરૂપ છે એમ કહે છે.

અરેરે ! મુનિને કાંઈ હોતું નથી. આપણને તો બધું મળે છે – એમ કહીને મુનિની દયા ખાય છે. તે મુનિનો ધર્મ જ સમજ્યો નથી. મુનિની તો ભક્તિ કરવા જેવી છે, કેમકે ચારિત્ર તો અકષાયભાવ શાંતિનો શેરડો છે. જેને એ સુખ અને શાંતિની ખબર નથી એ મુનિની

દયા ખાય છે. પણ મુનિ તો સુખનો સાર છે, એનામાં સુખ છે. એવા મુનિધર્મના દસ પ્રકાર આગળ કહેવામાં આવશે. તે ધર્મો ભક્તિથી-ઉત્તમધર્માનુરાગથી જાણવા યોગ્ય છે.

## શ્રાવણ વદ ૪, શનિવાર, ૯-૮-૫૨

આ ધર્મભાવનાના અધિકારમાં મુનિધર્મની વાત ચાલે છે. તે ક્ષમાદિ દસ પ્રકારનો છે. તેનાથી સુખ થાય છે. માટે તે ધર્મો ભક્તિથી જાણવા યોગ્ય છે.

ભાવાર્થ :- ઉત્તમ ક્ષમા, માર્દવ, આર્જવ, સત્ય, શૌચ, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય, એવા દસ પ્રકારના મુનિધર્મ છે. મુનિપણા વિના કોઈનો મોક્ષ થતો નથી. અરિહંતના સ્વરૂપનું વર્ણન કરતાં મોક્ષમાર્ગ પ્રકાશ પૃષ્ઠ ૨ માં કહેલ છે કે :- જે ગૃહસ્થપણું છોડી, મુનિધર્મ અંગિકાર કરી **નિજ સ્વભાવસાધનવડે** ચાર ઘાતિકર્મોનો ક્ષય કરી અનંતચતુષ્ટયરૂપે બિરાજમાન થાય છે.

અહીં આ એક લીટીમાં ગૃહસ્થાશ્રમમાં મુનિપણું હોય નહિ અને વસ્ત્રપાત્રવાળા મુનિ હોય નહિ એમ સિદ્ધ કરે છે. પંદરભેદે સિદ્ધ થાય તે વાત ખોટી છે. કેમકે ગૃહસ્થપણું છોડીને, મુનિપણું ગ્રહણ કરે છે એમ કહ્યું છે. નિજસ્વભાવસાધનવડે અરિહંત થાય છે. એમ અરિહંતની ઓળખાણ પ્રથમથી જ સમ્યગ્દૃષ્ટિ કરે છે. અન્યમતીનો વેશ હોય અને કેવળજ્ઞાન થાય એમ બને નહિ. હાથીના હોદ્દે સ્ત્રીને કેવળજ્ઞાન થાય નહિ. કેવળજ્ઞાન નિજસ્વભાવસાધનવડે જ થાય છે એમ ગૃહસ્થાશ્રમમાં નિર્ણય કરવો જોઈએ. અનાદિ સત્યમાર્ગનો એક જ પ્રકાર અને નિયમ છે. ગૃહસ્થાશ્રમ છોડી, મુનિપણું લઈ, છઠ્ઠા-સાતમા ગુણસ્થાને વર્તે છે તેમાં છઠ્ઠે ગુણસ્થાને મુનિને કેવો વિકલ્પ હોય છે એનું વર્ણન કરે છે.

હવે ઉત્તમક્ષમાની વાત કરે છે. સ્વભાવનો અંતર આશ્રય હોવાથી કર્મનો ઉદય ગમે તેવો હોય તો પણ મુનિને કષાયભાવ થતો નથી. કેમકે મુનિ ક્ષમાનો ભંડાર છે.

ગાથા-૩૯૪

હવે પ્રથમ જ ઉત્તમક્ષમાધર્મને કહે છે :-

क्रोधेन यः तप्यति सुरनरतिर्यग्भिः क्रियमाणे अपि।
उपसर्गे अपि रौद्रे तस्य क्षमा निर्मला भवति।।३९४।।

અર્થ :- જે મુનિ દેવ-મનુષ્ય-તિર્યંચાદિ દ્વારા રૌદ્ર-ભયાનક-ઘોર ઉપસર્ગ થવા છતાં પણ ક્રોધથી તપ્તાયમાન ન થાય તે મુનિને નિર્મલ ક્ષમા હોય છે.

ભાવાર્થ :- જેમ શ્રીદત્તમુનિ વ્યંતરદેવકૃત ઉપસર્ગ જીતી કેવળજ્ઞાન ઊપજાવી મોક્ષ ગયા, ચિલાતીપુત્રમુનિ વ્યંતરકૃત ઉપસર્ગને જીતી સર્વાર્થસિદ્ધિ ગયા, સ્વામીકાર્તિકેયમુનિ ક્રોંચરાજાકૃત ઉપસર્ગને જીતી દેવલોક ગયા, ગુરુદત્તમુનિ કપિલબ્રાહ્મણકૃત ઉપસર્ગને જીતી મોક્ષ ગયા, શ્રીધન્યમુનિ ચક્રેરાજકૃત ઉપસર્ગને જીતી કેવળજ્ઞાન ઊપજાવી મોક્ષ ગયા, પાંચસો મુનિ દંડકરાજાકૃત ઉપસર્ગને જીતી સિદ્ધિને (મોક્ષને) પ્રાપ્ત થયા, રાજકુમારમુનિ પાંશુલશ્રેષ્ટિકૃત ઉપસર્ગને જીતી સિદ્ધિને પ્રાપ્ત થયા, ચાણ્યકાદિ પાંચસો મુનિ મંત્રીકૃત ઉપસર્ગને જીતી મોક્ષ ગયા, સુકુમાલમુનિ શિયાલીણીકૃત ઉપસર્ગને સહન કરી દેવ થયા, શ્રેષ્ટિના બાવીસ પુત્રો નદીના પ્રવાહમાં પદ્માસને શુભધ્યાન કરી મરીને દેવ થયા, સુકૌશલમુનિ વાઘણકૃત ઉપસર્ગને જીતી સર્વાર્થસિદ્ધિ ગયા, તથા શ્રીપણિકમુનિ જળનો ઉપસર્ગ સહીને મુક્ત થયા, એવા દેવ–મનુષ્ય–પશુ અને અચેતનકૃત ઉપસર્ગ સહન કર્યા છતાં ત્યાં ક્રોધ ન કર્યો તેમને ઉત્તમક્ષમા થઈ; એ પ્રમાણે ઉપસર્ગ કરવાવાળા ઉપર પણ ક્રોધ ન ઊપજે ત્યારે ઉત્તમક્ષમા હોય છે.

ત્યાં ક્રોધનું નિમિત્ત આવતાં એવું ચિંતવન કરે કે જો કોઈ મારા દોષ કહે છે તે જો મારામાં વિદ્યમાન છે તો તે શું ખોટું કહે છે ? એમ વિચારી ક્ષમા કરવી, વળી જો મારામાં દોષ નથી તો એ જાણ્યા વિના કહે છે ત્યાં અજ્ઞાન ઉપર કોપ શો કરવો ? એમ વિચારી ક્ષમા કરવી, અજ્ઞાનીનો તો બાળસ્વભાવ ચિંતવવો, એટલે બાળક તો પ્રત્યક્ષ પણ કહે અને આ તો પરોક્ષ જ કહે છે એજ ભલું છે, વળી પ્રત્યક્ષ પણ કુવચન કહે તો આમ વિચારવું કે બાળક તો તાડન પણ કરે અને આ તો કુવચન જ કહે છે–તાડતો નથી એજ ભલું છે, વળી જો તાડન કરે તો આમ વિચારવું કે–બાળક અજ્ઞાની તો પ્રાણઘાત પણ કરે અને આ તો માત્ર તાડન જ કરે છે પણ પ્રાણઘાત તો નથી કર્યો ? એજ ભલું છે, વળી પ્રાણઘાત કરે તો આમ વિચારવું કે અજ્ઞાની તો ધર્મનો પણ વિધ્વંસ (નાશ) કરે છે અને આ તો પ્રાણઘાત કરે છે પણ ધર્મનો વિધ્વંસ તો નથી કરતો ! વળી વિચારે કે મેં પૂર્વે પાપકર્મ ઊપજાવ્યાં

**તેનું આ દુર્વચનાદિ ઉપસર્ગ–ફળ છે. આ મારો જ અપરાધ છે બાકી અન્ય તો નિમિત્તમાત્ર છે, ઈત્યાદિ ચિંતવન કરતાં ઉપસર્ગાદિના નિમિત્તથી ક્રોધ ઉત્પન્ન થતો નથી અને ઉત્તમક્ષમાધર્મ સધાય છે.**

અર્થ :- જે મુનિ દેવ-મનુષ્ય-તિર્યંચાદિ દ્વારા રૌદ્ર-ભયાનક-ઘોર ઉપસર્ગ થવા છતાં પણ ક્રોધથી તપ્તાયમાન ન થાય તે મુનિને નિર્મલ ક્ષમા હોય છે. મુનિને ચાર પ્રકારના ઉપસર્ગનો સંયોગ હોય છે. અગ્નિમાં બાળે, પાણીમાં ઝબોળે વગેરે હોય છે. પણ એમનો આત્મા ચિદાનંદ અમૃતસાગરમાં રસબોળ હોય છે અને અંતરસ્થિરતામાં શાંતિના શેરડા આવવાથી તેમને ક્રોધ થતો નથી. અમારા કર્મનો ઉદય છે માટે આવા સંયોગો છે એવો વિકલ્પ પણ મુનિને થતો નથી તે ઉત્તમક્ષમા છે. તે તો સાધકદશામાં શુદ્ધિની વૃદ્ધિ કરી રહ્યા છે, તેમને રોકનાર જગતમાં કોઈ પદાર્થ નથી.

ભાવાર્થ :- મુનિઓ પોતાના સ્વરૂપસાધનવડે, પૂર્ણ શુદ્ધિ કરીને મોક્ષમાં જાય છે, તેવા ઉત્તમક્ષમાધારી મુનિઓના દૃષ્ટાંતો હવે કહે છે.

શ્રીદત્તમુનિ વ્યંતરદેવકૃત ઉપસર્ગને જીતી કેવળજ્ઞાન ઊપજાવી મોક્ષ ગયા. શ્રીદત્તમુનિ પોતે ગૃહસ્થાશ્રમમાં રાજા હતા અને તે તેમની રાણી સાથે રમત રમતા હતા તે વખતે તેમનો એક પોપટ હતો. તેને રાણી ઉપર પ્રેમ હતો. તેથી રાણી જીતે ત્યારે તે બે લીટી કરે અને રાજા જીતે ત્યારે એક લીટી કરે. આ વાતની રાજાને ખબર પડી એટલે કષાય આવવાથી પોપટની ડોક મરડીને તેને મારી નાખ્યો. તે વ્યંતર થયો અને રાજાએ જ્યારે ગૃહસ્થાશ્રમ છોડી દીક્ષા લીધી ત્યારે તેણે ઉપસર્ગ કર્યો, પણ મુનિ તો પોતાના શાંત સ્વભાવમાં ઝૂલી રહ્યા છે. શાંતિના શેરડાપૂર્વક પૂર્ણ શુદ્ધિ કરી મુક્તિને પામ્યા છે. કોઈ કહે કે અહીંસાને લઈને સામાને વેર ન ઉલ્લસે – તે વાત ખોટી છે. બહારમાં તો પુણ્યનો યોગ હોય તો પ્રતિકૂળ સંયોગો ન હોય, નહિતર ઉપસર્ગ પણ હોય. મુનિને પૂર્ણ અહિંસાના પરિણામ છે છતાં ઉપસર્ગ બહારમાં ટાળી શકે નહિ, પણ પોતામાં વીતરાગતા કરી મોક્ષ પ્રાપ્ત કરે છે.

ચિલાતીપુત્રમુનિ વ્યંતરકૃત ઉપસર્ગને જીતી સર્વાર્થસિદ્ધિ ગયા. પૂર્વના વેરી વ્યંતરદેવે કીડીઓ કરીને ઉપસર્ગ આપ્યો પણ મુનિએ ક્રોધ કર્યો નહિ. આત્માના સ્વભાવમાં લીન રહ્યા અને શુદ્ધિની વૃદ્ધિ કરીને દેવ થયા.

સ્વામીકાર્તિકેય કે જેઓ આ ગ્રંથના કર્તા છે તે મુનિ ક્રૌંચરાજાકૃત ઉપસર્ગ જીતી દેવલોક ગયા. સ્વામીકાર્તિકના પિતા હતા તે પોતાની માના પણ પિતા હતા. તે પોતાની પુત્રીને પરણ્યા

હતા. એક વખત રાજકુમાર કહે છે કે માતાજી, આ બધાને મોસાળમાંથી ભેટ આવે છે અને મારે કેમ કાંઈ આવતું નથી ? મારું મોસાળ ક્યાં છે ? ત્યારે તેની માતા રૂદન કરે છે કે અરે પુત્ર ! એ વાત કહી જાય એમ નથી. આ તારો બાપ એ જ મારો બાપ છે. આ સાંભળી રાજકુમારને વૈરાગ્ય થાય છે. અહો ધિક્કાર છે આ સંસારને ! એમ વિચારી પોતે દીક્ષા લે છે. જંગલમાં જાય છે. એક વખત પોતે પોતાની બેનના ગામમાં જાય છે ત્યાં ગોખ ઉપરથી મુનિને જોઈ નીચે આવી પોતાનો ભાઈ અને વળી મુનિ છે તેથી બેન વંદર કરે છે. આ અજાણ્યા નગ્ન પુરુષને વંદન કરતાં જોઈને તેનો ધણી ક્રૌચરાજા ગુસ્સે થાય છે અને મુનિને ઘણો પ્રહાર કરે છે. ત્યારે મુનિની મા જે મરીને વ્યંતર થઈ હતી તે આવીને મુનિને ત્યાંથી લઈ જાય છે. મુનિ સમાધિમરણ કરી દેવલેકમાં જાય છે. આ મુનિ બે હજાર વર્ષ પહેલાં થઈ ગયા છે. ક્ષમાની મૂર્તિ હતા, ક્રોધનો અંશ ન હતો, સાધકદશામાં હતા, શુદ્ધિની વૃદ્ધિ કરતાં હતા.

ગુરુદત્તમુનિ કપિલ બ્રાહ્મણકૃત ઉપસર્ગને જીતી મોક્ષ ગયા. શ્રી ધન્યમુનિ ચક્રરાજકૃત ઉપસર્ગને જીતી કેવળજ્ઞાન ઉપજાવી મોક્ષ ગયા. પાંચસો મુનિ દંડકરાજાકૃત ઉપસર્ગને જીતી સિદ્ધિને પામ્યા, ચાણ્યકાદિ પાંચસો મુનિ મંત્રીકૃત ઉપસર્ગને જીતી મોક્ષ ગયા, રાજકુમારમુનિ પાંશુલશ્રેષ્ઠિકૃત ઉપસર્ગને જીતી સિદ્ધિને પ્રાપ્ત થયા. સુકુમાલમુનિ શિયાલણીકૃત ઉપસર્ગને સહન કરી દેવ થયા. શ્રેષ્ઠિના બાવીસ પુત્રો નદીના પ્રવાહમાં પદ્માસને શુભધ્યાન કરી મરીને દેવ થયા. સુકોશલમુનિ વાઘણકૃત ઉપસર્ગને જીતી સર્વાર્થસિદ્ધિ ગયા તથા શ્રી પાણિકમુનિ જળનો ઉપસર્ગ સહીને મુક્ત થયા.

આ રીતે મુનિઓએ દેવ-મનુષ્ય-પશુ અને અચેતનકૃત ઉપસર્ગ સહન કર્યા છતાં ત્યાં ક્રોધ ન કર્યો. તેમને ઉત્તમ ક્ષમા હતી. આત્મા ક્ષમાની મૂર્તિ છે, એવા સ્વભાવનું ભાન તો પહેલેથી જ છે અને એમાં લીન થતાં કષાયની ઉત્પત્તિ થતી નથી, તે ઉત્તમક્ષમા છે. એ પ્રમાણે ઉપસર્ગ કરવાવાળા ઉપર પણ ક્રોધ ન ઊપજે તે ઉત્તમક્ષમા છે.

મુનિ ક્રોધનું નિમિત્ત આવતાં એવું ચિતવન કરે કે કોઈ મારા દોષ કહે છે તે જો મારામાં વિદ્યમાન છે તો તે શું ખોટું કહે છે ? એમ વિચારી ક્ષમા કરવી, કેમકે હું તે દોષને જાણું છું તે દોષ તેણે કહ્યા માટે અમે બન્ને મિત્ર થયા તેથી એના ઉપર ક્રોધ કરવાનો રહેતો નથી. વળી જો મારામાં દોષ નથી તો એ જાણ્યા વિના કહે છે, ત્યાં અજ્ઞાન ઉપર કોપ શું કરવો ? એમ વિચારી ક્ષમા કરવી. આ બધા ઉપદેશના વાક્યો છે. વસ્તુસ્થિતિ બીજી હોય છે. ઉત્તમક્ષમામાં આવા વિકલ્પોની ઉત્પત્તિ જ હોતી નથી. અજ્ઞાનીનો તો બાળસ્વભાવ ચિંતવવો એટલે બાળક તો પ્રત્યક્ષ કહે છે અને આ તો પરોક્ષ જ કહે છે એટલો આ ભલો

છે એમ જાણીને ક્ષમા કરવી.

વળી કોઈ પ્રત્યક્ષ કુવચન કહે તો આમ વિચારવું કે બાળક તો તાડન કરે અને આ તો કુવચન જ કહે છે, તાડતો નથી, એ જ ભલું છે. વળી જો તાડન કરે તો આમ વિચારવું કે બાળક અજ્ઞાની તો પ્રાણઘાત પણ કરે અને આ તો માત્ર તાડન જ કરે છે પણ પ્રાણઘાત તો નથી કર્યો ? એ જ ભલું છે. વળી પ્રાણઘાત કરે તો આમ વિચારવું કે અજ્ઞાની તો ધર્મનો પણ વિધ્વંસ કરે છે અને આ તો પ્રાણઘાત કરે છે પણ ધર્મનો નાશ તો કરતો નથી ? વળી વિચારે છે કે મેં પૂર્વે પાપકર્મ ઉપજાવ્યાં તેનું આ દુર્વચનાદિ ઉપસર્ગ ફળ છે, આ મારો જ અપરાધ છે. બાકી અન્ય નિમિત્તમાત્ર છે, ઈત્યાદિ ચિંતવન કરતાં ઉપસર્ગ આદિના નિમિત્તથી ક્રોધ ઉત્પન્ન થતો નથી અને ઉત્તમક્ષમાધર્મ સધાય છે.

એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી તો કાંઈ સંયોગના કારણે ક્રોધ થાય એમ છે જ નહિ. કર્મના કારણે અને અપરાધના કારણે સંયોગ મળ્યો એમ કહેવું તે નિમિત્તનું કથન છે. ક્રોધ કરવો નહિ તે પણ ઉપદેશનું કથન છે, આવા ભાનસહિત આત્મામાં લીનતા થતાં ઉપસર્ગ વખતે કષાયની ઉત્પત્તિ જ થતી નથી તે ઉત્તમક્ષમા છે.

**ગાથા-૩૯૫**

**આગળ ઉત્તમમાર્દવધર્મને કહે છે :-**

**उत्तमज्ञानप्रधान: उत्तमतपश्चरणकरणशील: अपि।**
**आत्मानं य: हीलति मार्दवरत्नं भवेत् तस्य।।३९५।।**

**અર્થ :- જે મુનિ ઉત્તમ જ્ઞાનથી તો પ્રધાન હોય તથા ઉત્તમ તપશ્ચરણ કરવાનો જેનો સ્વભાવ હોય તો પણ જે પોતાના આત્માને મદરહિત કરે–અનાદરરૂપ કરે તે મુનિને ઉત્તમમાર્દવ ધર્મરત્ન હોય છે.**

**ભાવાર્થ :- સકલ શાસ્ત્રોને જાણવાવાળો પંડિત હોય તોપણ જ્ઞાનમદ ન કરે, ત્યાં આમ વિચારે કે મારાથી મોટા અવધિ–મનઃપર્યયજ્ઞાની છે, કેવળજ્ઞાની તો સર્વોત્કૃષ્ટ જ્ઞાની છે, હું કોણ છું ? અલ્પજ્ઞ છું. વળી ઉત્તમતપ કરે તોપણ તેનો મદ ન કરે, પોતે સર્વ જાતિ, કુળ, બળ, વિદ્યા, ઐશ્વર્ય અને તપ આદિ વડે સર્વથી મોટો છે તોપણ પરકૃત અપમાનને પણ સહન કરે છે પરંતુ ત્યાં ગર્વ કરી કષાય ઊપજાવતો નથી ત્યાં ઉત્તમમાર્દવધર્મ હોય છે.**

અર્થ :- જે મુનિ ઉત્તમ જ્ઞાનથી તો પ્રધાન હોય તથા ઉત્તમ તપશ્ચરણ કરવાનો જેનો સ્વભાવ હોય તો પણ જે પોતાના આત્માને મદરહિત કરે–અનાદરરૂપ કરે તે મુનિને ઉત્તમમાર્દવ ધર્મરત્ન હોય છે.

તપનો અર્થ દીક્ષા થાય છે. મુનિપણું લઈને બાર બાર મહિનાના ઉપવાસ કરે અને અંતર શાંતિમાં રહે છે, તે એમ વિચારે છે કે ક્યાં કેવળજ્ઞાન અને ક્યાં મારી પર્યાય ! એમ જાણી પર્યાયમાં પામરતા માને છે. તેથી તેને અભિમાન થતું નથી. મુનિ ચિંતવન કરે છે કે ગણધર સંતોને બાર અંગ અને ચૌદપૂર્વનું જ્ઞાન હોય છે. બે ઘડીમાં બાર અંગની રચના કરે, એવી ગણધરની દશા વિચારીને પોતાને નીચો જાણે છે, તેથી મદ થતો નથી. ધવલની ટીકા કરનાર આચાર્ય અગાધ જ્ઞાનના દરિયા હતા છતાં તે જ્ઞાન પણ કેવળજ્ઞાનના અનંતમે ભાગે છે, હું અલ્પજ્ઞાનનો ધારક છું, એમ નિર્માનતા કરે છે. સંત મુનિઓને એક વાંચણી આપે તો કંઠાગ્રે થઈ જાય, એવા કુશાગ્રબુદ્ધિવાળા હતા. અત્યારે તો વારંવાર ગોખે તો પણ ધારણા થાય નહિ. માટે અલ્પ ઉઘાડનું જ્ઞાનીને અભિમાન હોતું નથી. મુનિઓને અગાધ જ્ઞાન હોવા છતાં સ્વભાવની ઉગ્રતામાં તે જ્ઞાનનું માન થતું નથી.

ભાવાર્થ :- સકળ શાસ્ત્રને જાણવાવાળો પંડિત હોય તો પણ તે જ્ઞાનનો મદ ન કરે. અવધિજ્ઞાનવડે કોઈકે લખેલાં શાસ્ત્રોને જાણે એવી તાકાત પ્રગટી હોય પણ જ્ઞાનનો મદ કરે નહિ, અને મનઃપર્યયજ્ઞાનમાં કોને, ક્યા કાળે વિચાર થશે તે પણ જાણી લે. ક્રમબદ્ધપર્યાય છે, ભવિષ્યમાં શું થવાનું છે તેનું પણ જ્ઞાન થાય કેમકે એમ જો જ્ઞાન ન થાય તો એક પણ જ્ઞાન સિદ્ધ થશે નહિ. મુનિ કેટલા દિવસનું આયુષ્ય બાકી છે તે કહે. રાજકુમારને ત્રણ દિવસનું આયુષ્ય બાકી છે – એમ કહેલ અને તે સાંભળી દીક્ષા લીધી છે. રાજકુમારનું માખણના પિંડા જેવું શરીર છે, પગમાં કાંકરી વાગે પણ જાણે છે કે જે સમયે જે સંયોગ થવાનો તે થવાનો, એ ફરે નહિ. એમ ક્રમબદ્ધની શ્રદ્ધાપૂર્વક સ્વભાવની રુચિ કરે છે, પરની રુચિ છોડી દે છે. જ્ઞાનીને સ્વભાવનો મહિમા આવે છે. થોડું જ્ઞાન હોય પણ સમ્યગ્જ્ઞાન હોય તો તે કેવળજ્ઞાનનું કારણ થાય છે, તેનો જ્ઞાનીને મદ થતો નથી.

વળી મુનિ ઉત્તમતપ કરે તો પણ તેનો મદ ન કરે. લૂખો આહાર કરે, કોઈ વખત આહાર ન મળે તો વિકલ્પ તોડી નાખે. આવી દશા થઈ હોય છતાં એનો મદ જ્ઞાનીને થતો નથી. જ્યાં સુધી શુક્લધ્યાનરૂપી મહાન તપ નથી ત્યાં સુધી અધૂરો છું, એમ જાણી તપનો મદ મુનિને થતો નથી, એ ઉત્તમમાર્દવધર્મ છે. ધર્મી જાતિનો મદ કરતો નથી. ધર્મીને માતાપિતાની જાતિથી ઓળખાવવો તે બરાબર નથી. કેમકે આત્માની જાતિ તો સર્વજ્ઞની છે. આત્મા માતાપિતાની જાતિમાં જન્મતો નથી, માટે મુનિને જાતિમદ થતો નથી. મુનિને કુળનો મદ

થતો નથી. શરીરના બળનો મદ ધર્મી કરતો નથી. વિદ્યાનો મદ મુનિ કરતા નથી. કૃષ્ણના પુત્ર શ્રી પ્રદ્યમ્નકુમારે ઘણી વિદ્યા સાધી હતી, પણ તેમને વિદ્યાનો મદ ન હતો, તે તો સમજે છે કે અમો આત્માની વિદ્યાના સાધનાર છીએ. આત્મામાં મદ છે જ નહિ. તેથી મુનિ વિદ્યાનો મદ કરતા નથી, તે ઉત્તમમાર્દવધર્મ છે.

# પ્રસાદ નં. – ૨૯૦

**વી. નિ સં. ૨૪૭૮, શ્રાવણ વદ ૧૦, વર્ષ ૨જું. પુસ્તક દસમું, સોનગઢ, તા. ૧૫-૮-૫૨, શુક્રવાર.**

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(શ્રાવણ વદ ૫, રવિવાર, ૧૦-૮-૫૨ સવાર)**

જુઓ, આ અધિકાર ધર્મભાવનાનો છે. ચારિત્ર તે ધર્મ છે, તે ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા તે મુનિધર્મ છે. તે મુનિધર્મ વિના મોક્ષમાર્ગની શરૂઆત થતી નથી. તેથી જેને મુનિધર્મની ખબર નથી તેને મોક્ષમાર્ગની પણ ખબર નથી. અત્યારે જૈન સંપ્રદાયમાં પણ ચારિત્રના નામે ઘણા ગોટા ચાલે છે પણ તે ઊંધો અભિપ્રાય છે, માટે જીવોએ પરમ ભક્તિથી ધર્મભાવનાનું સ્વરૂપ જાણવા યોગ્ય છે.

અહીં મુનિના ઉત્તમ માર્દવધર્મની વ્યાખ્યા ચાલે છે. મુનિને જ્ઞાનનો મદ હોતો નથી. ઉત્તમ તપ કરે તેનો મદ પણ ન કરે. જાતિ, કૂળ, બળ, વિદ્યા આદિમાં મોટો હોવા છતાં બીજાના અપમાનથી કષાય કે ગર્વ મુનિ કરતાં નથી, તો ત્યાં ઉત્તમમાર્દવધર્મ છે.

મુનિ કેવા હોય ? નિર્માની હોય, પોતાને મોટી લબ્ધિ પ્રગટી હોય, આચાર્યપદ મળ્યું હોય છતાં મુનિ તેનું અભિમાન કરે નહિ. માતાએ જન્મ્યા પ્રમાણે નગ્ન શરીર હોય, વસ્ત્રનો એક તાણો રાખે નહિ. એવું મુનિપદ છે, મોટા ઈંદ્રો આવીને નમસ્કાર કરે તેનો મદ નથી અને સાધારણ પ્રાણી અપમાન કરી જાય તો અપમાન લાગતું નથી. ગણધર નમસ્કારમંત્ર ભણે એમાં મુનિઓને પણ નમસ્કાર કરે છે, એવું મુનિપણું છે.

મુનિપદના સ્વરૂપમાં ગોટાળો કરે અને જેવું સ્વરૂપ હોય તેવું ન માને તે પ્રયોજનભૂત ભૂલ છે માટે મિથ્યાદૃષ્ટિ છે. સત્તાસ્વરૂપમાં પંડિત ભાગચંદ્રજીએ એકાવન મૂળ રકમ કહી

છે. દેવ-ગુરુ-શાસ્ત્ર, છ દ્રવ્ય, નવતત્વ, નિમિત્ત-ઉપાદાન વગેરે મૂળ રકમ છે. તેને યથાર્થ ન જાણે તે મિથ્યાદૃષ્ટિ છે. ઘણી વખત દૃષ્ટાંત આપીએ છીએ કે એક આપો કાઠી હતો, તે વેપારી સાથે નામું મેળવવા બેઠો તો નાની નાની રકમ તે કબૂલ કરે પણ મોટી રકમ આવે ત્યાં હું જાણતો નથી, મે લીધી નથી એમ કહે. તે આપો ચોપડામાંથી બહાર કેવી રીતે નીકળે ? એમ પ્રયોજનભૂત રકમ જેમ કે દેવ કેવા હોય ? ગુરુ કેવા હોય ? શાસ્ત્ર કેવા હોય ? એને તો જાણે નહિ તે કદી સંસારમાંથી બહાર નીકળે નહિ. અહીં તો કહે છે કે મુનિને માન હોતું નથી. આ રીતે ઉત્તમમાર્દવધર્મનું સ્વરૂપ કહ્યું.

**ગાથા-૩૯૬**

**આગળ ઉત્તમઆર્જવધર્મને કહે છે :-**

**यः चिन्तयति न वक्रं करोति न वक्रं जल्पते वक्रं।**
**न च गोपयति निजदोषं आर्जवधर्मः भवेत् तस्य।।३९६।।**

**અર્થ :- જે મુનિ મનમાં વક્રતા ન ચિંતવે, કાયાથી વક્રતા ન કરે, વચનથી વક્રતા ન બોલે તથા પોતાના દોષોને ગોપવે નહિ – છૂપાવે નહિ, તે મુનિને ઉત્તમ આર્જવધર્મ હોય છે.**

**ભાવાર્થ :- મન-વચન-કાયામાં સરળતા હોય અર્થાત્ જે મનમાં વિચારે તે જ વચનથી કહે અને તે જ કાયાથી કરે પણ બીજાને ભૂલવણીમાં નાખવા – ઠગવા અર્થે વિચાર તો કાંઈક કરવો અને કહેવું બીજું તથા કરવું વળી કાંઈ બીજું, ત્યાં માયાકષાય પ્રબળ હોય છે. એમ ન કરે પણ નિષ્કપટ બની પ્રવર્તે. પોતાનો દોષ છૂપાવે નહિ પણ જેવો હોય તેવો બાળકની માફક ગુરુની પાસે કહે ત્યાં ઉત્તમઆર્જવધર્મ છે.**

અર્થ :- જે મુનિ મનમાં વક્રતા ન ચિંતવે, કાયાથી વક્રતા ન કરે, વચનથી વક્રતા ન બોલે તથા પોતાના દોષોને ગોપવે નહિ – છૂપાવે નહિ, તે મુનિને ઉત્તમ આર્જવધર્મ હોય છે.

ભાવાર્થ :- મન-વચન-કાયામાં સરળતા હોય અર્થાત્ જે મનમાં વિચારે તે જ વચનથી

કહે અને તે જ કાયાથી કરે પણ બીજાને ભૂલવણીમાં નાખવા – ઠગવા અર્થે વિચાર તો કાંઈક કરવો અને કહેવું બીજું તથા કરવું વળી કાંઈ બીજું, ત્યાં માયાકષાય પ્રબળ હોય છે. એમ ન કરે પણ નિષ્કપટ બની પ્રવર્તે. પોતાનો દોષ છૂપાવે નહિ પણ જેવો હોય તેવો બાળકની માફક ગુરુની પાસે કહે ત્યાં ઉત્તમઆર્જવધર્મ છે.

પોતાનું માન કે બડાઈ રાખવા માટે કાંઈનું કાંઈ બીજાને સમજાવે એવી વક્રતા મુનિને હોય નહિ. ગુરુની પાસે પોતાનો દોષ જાહેર કરે પણ પોતે સમજે છે કે રાગના કાળે રાગ આવ્યો છે. ક્રમબદ્ધની શ્રદ્ધા હોવા છતાં ભૂમિકાના પ્રમાણમાં રાગ હોય છે. તેનું સહજ જ્ઞાન વર્તે છે. છઠ્ઠી ભૂમિકામાં આવી વિચારશ્રેણી હોય છે, એમાં ફેર પડતો નથી. આ માર્ગ સરળ, સુગમ, અને સહજ છે તેથી મુનિને કૃત્રિમતા હોતી નથી, તે ઉત્તમઆર્જવધર્મ છે.

હવે આગળ ઉત્તમશૌચધર્મને કહે છે. આમા ઝીણી વાત છે તે કહેશે :-

**ગાથા-૩૯૭**

**આગળ ઉત્તમશૌચધર્મને કહે છે.**

**समसन्तोषजलेन च यः धोवति तृष्णालोभमलपुञ्जं।**
**भोजनगृद्धिविहीनः तस्य शुचित्वं भवेत् विमलं।।३९७।।**

**અર્થ : જે મુનિ, સમભાવ અર્થાત્ રાગદ્વેષરહિત પરિણામ અને સંતોષ અર્થાત્ સંતુષ્ટભાવરૂપ જળથી તૃષ્ણા તથા લોભરૂપ મળસમુહને ધોવે છે, ભોજનની ગૃદ્ધિ અર્થાત્ અતિ ચાહનાથી રહિત છે તે મુનિનું ચિત્ત નિર્મળ છે, અને તેને ઉત્તમશૌચધર્મ હોય છે.**

**ભાવાર્થ :- તૃણ-કંચનને સમાન જાણવું તે સમભાવ છે તથા સંતોષ-સંતુષ્ટપણું-તૃપ્તભાવ અર્થાત્ પોતાના સ્વરૂપમાં જ સુખ માનવું એવા ભાવરૂપ જળથી ભવિષ્યમાં મળવાની ચાહનારૂપ તૃષ્ણા તથા પ્રાપ્ત દ્રવ્યાદિકમાં અતિ લિપ્તપણારૂપ લોભ (એ બન્નેના) ત્યાગમાં અતિ ખેદરૂપ મળને ધોવાથી મન પવિત્ર થાય છે. મુનિને અન્ય ત્યાગ તો હોય જ છે પરંતુ આહારના ગ્રહણમાં પણ તીવ્ર ચાહના રાખે નહિ, લાભ-અલાભ, સરસ-નિરસમાં સમભાવ રાખે તો ઉત્તમશૌચધર્મ હોય છે. વળી જીવનલોભ, આરોગ્ય રાખવાનો લોભ, ઈંદ્રિયો તાજી રાખવાનો લોભ તથા ઉપયોગનો લોભ એ પ્રમાણે લોભની ચાર પ્રકારની પ્રવૃત્તિ છે, તે ચારેને પોતાસંબંધી તથા પોતાના સ્વજન-મિત્રાદિ સંબંધી એમ બન્ને માટે ઈચ્છે ત્યારે તેની (લોભની) આઠ ભેદરૂપ પ્રવૃત્તિ થાય છે. જ્યાં આ પ્રમાણે બધોય લોભ ન હોય ત્યાં ઉત્તમશૌચધર્મ હોય છે.**

અર્થ :- જે મુનિ સમભાવ અર્થાત્ રાગદ્વેષરહિત પરિણામ અને સંતોષ એટલે સંતુષ્ટ ભાવરૂપ જળથી તૃષ્ણા અને લોભરૂપ મળસમૂહને ધૂવે છે, અને ભોજનના ગૃદ્ધિ અર્થાત્ અતિ ચાહનાથી રહિત છે તે મુનિનું ચિત્ત નિર્મળ છે, તેને ઉત્તમ શૌચધર્મ હોય છે.

અહો ! મુનિને શાંતિના શેરડામાં અકષાયભાવ પ્રગટ્યો છે. તેથી તે લોભને થવા દેતા નથી. જેમ કોઈ પુરુષ ખાઈને બેઠો હોય તો ગમે તેવું મિષ્ટ ભોજન આપે તો પણ તેને ખાવાની ઈચ્છા થતી નથી. તેમ મુનિને એક શુદ્ધ આહાર લેવા સિવાયની બીજી ઈચ્છા હોતી નથી અને આહારમાં પણ ગૃદ્ધિનો ભાવ મુનિને સહજ હોતો નથી. મુનિ ભિક્ષાર્થે નીકળે તે વખતે ચકલીની ચરક પડે તો વિચાર કરે કે અમો અમૃતના કુંડમાં નહાવા નીકળ્યા તેમાં આ કેમ ? એકદમ આહારની વૃત્તિને તોડી નાખે છે અને નિર્વિકલ્પ શાંતિનો ખોરાક ખાય છે. સમયસારમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવતાં મુનિને માત્ર આધાકર્મી આહારની વાત લીધી છે. એ સિવાય બીજી વાત લીધી નથી. જેમ શરીરમાં મેલ હોય અને ગંગાના પાણીથી ધોઈ નાખે એમ મુનિ નિર્મળ ઉપશમ રસના સ્નાનથી લોભને ધોઈ નાખે છે એટલે કે લોભને પ્રગટ થવા દેતા નથી, એ ઉત્તમશૌચધર્મ છે.

ભાવાર્થ :- તૃણ-કાંચનને સમાન જાણવું તે સમભાવ છે તથા સંતોષ-સંતુષ્ટપણું-તૃપ્તભાવ અર્થાત્ પોતાના સ્વરૂપમાં જ સુખ માનવું એવા ભાવરૂપ જળથી ભવિષ્યમાં મળવાની ચાહનારૂપ તૃષ્ણા તથા વર્તમાન પ્રાપ્ત દ્રવ્યાદિકમાં અતિ લિપ્તપણારૂપ લોભ એ બન્નેના ત્યાગમાં અતિ ખેદરૂપ મળને ધોવાથી મન પવિત્ર થાય છે. મુનિને તૃષ્ણા કે લોભ થતો નથી કેમકે પહેલેથી એટલો તો રાગ છોડ્યો છે. આહારના ગ્રહણમાં પણ તીવ્ર ચાહના મુનિ રાખે નહિ. લાભ-અલાભ, સરસ-નિરસમાં સમભાવ રાખે તો ઉત્તમશૌચધર્મ હોય છે.

કોઈ મુનિ અવધિજ્ઞાની પણ હોય છે. અમુક જગ્યાએ નિધાનનાં ચરૂ હારબંધ પડ્યા છે તેવું જ્ઞાનમાં જણાય પણ હું કોઈ શ્રાવકને બતાવું એવો વિકલ્પ પણ મુનિને આવે નહિ. મુનિ તો "અણગારે જાયા" છે. જેમ ઈંડાનો બે વખત જન્મ છે, તેમ મુનિનો એક વખત માતાના ઉદરથી જન્મ થયો અને અણગારપદ તે બીજો જન્મ છે. તેમને આહાર લેવાની વૃત્તિ સિવાય બીજી વૃત્તિ હોતી નથી. છતાં તે તીવ્ર હોતી નથી. આનંદનો ખોરાક લેનારને તુચ્છ આહારમાં ગૃદ્ધિ થતી નથી. વળી આ ઉત્તમશૌચધર્મમાં વિશેષતા કહે છે.

વળી જીવનલોભ, આરોગ્ય રાખવાનો લોભ, ઈંદ્રિયો તાજી રાખવાનો લોભ તથા ઉપયોગનો લોભ – એ ચાર પ્રકારના લોભની પ્રવૃત્તિ છે, તે ચારેને પોતા તથા પોતાના સ્વજન-મિત્રાદિ સંબંધી એમ બન્ને માટે ઈચ્છે તો આઠ ભેદરૂપ પ્રવૃત્તિ થાય છે. મુનિને આ આઠેય પ્રકારના લોભની પ્રવૃત્તિ હોતી નથી, તે ઉત્તમશૌચધર્મ છે.

ધ્યાન રાખજો ! મુનિને ક્યો ક્યો લોભ હોતો નથી તે કહે છે. પોતાનું કે સ્વજન પરપ્રાણીનું આયુષ્ય મોટું હોય તો ઠીક, ધર્મી જીવનું આયુષ્ય લાંબુ હોય તો ઠીક એવું મુનિ ધર્માત્મા પોતાના આત્મજ્ઞાનમાં રમતા ઈચ્છતા નથી. નીચલી દશામાં એવો વિકલ્પ આવે પણ ચારિત્રવંત મુનિને એવો વિકલ્પ થતો નથી. આચાર્યોનું આયુષ્ય વધારે હોય અને એમનું આરોગ્ય હોય તો સારું, એવો લોભ મુનિને હોતો નથી. કેમકે આયુષ્ય વધતું કે ઘટતું નથી. જે સમયે પૂરું થવાનું તે થવાનું – એમ તે જાણે છે. એટલે એવો વિકલ્પ મુનિને નથી. સમ્યગ્દર્શન ઉપરાંત વીતરાગતાની અહીં વાત ચાલે છે. સમ્યગ્દૃષ્ટિને આર્તધ્યાન અને રૈદ્રધ્યાન બન્ને હોય છે, મુનિને રૈદ્રધ્યાન તો હોતું જ નથી, આર્તધ્યાનમાં પણ નિદાનરૂપ આર્તધ્યાન હોતું નથી, એવી વીતરાગી દશા મુનિને હોય છે, તે ઉત્તમશૌચધર્મ છે.

આંખો સારી હોય તો ભગવાનના દર્શન થાય, શાસ્ત્ર વંચાય વગેરે પ્રકારનો લોભ મુનિ પોતા માટે કે પર માટે પણ કરતાં નથી. જેમ ઊંટનો એક પગ ભાંગે તો ત્યાં જ મરી જાય છે, એમ અંગ મોળું-નબળું પડે તો મુનિ સંથારો કરી નાખે છે. એટલે લાંબુ આયુષ્ય, સારી ઈંદ્રિય અને નિરોગતા હોય તો સારું એવી બુદ્ધિ મુનિને થતી નથી. ત્યાં સુધી તો શરીરાશ્રિત ભાવની વાત આવી. હવે સૂક્ષ્મ વાત કરે છે.

મુનિને ઉપયોગનો લોભ નથી. શુદ્ધ ઉપયોગ રહે અને અંતરમાં ઠરી જાઉં અને શુભાશુભ ટળી જાઓ એવો વિકલ્પ મુનિને ઊઠતો નથી કેમકે મુનિને સહજ શુદ્ધ ઉપયોગ હોય છે. પરનો લોભ તો મુનિને ન જ હોય પણ આ તો સ્વના ઉપયોગની વાત છે. છતાં એનો પણ લોભ હોતો નથી. તે ખરેખર ઉત્તમશૌચધર્મ છે. જેને સ્વભાવની અને ક્રમબદ્ધ પર્યાયની પ્રતીત વર્તે છે તેને આ કાળે શુદ્ધ ઉપયોગ હોય તો ઠીક એવો લોભ હોતો નથી. એને તો સહજ શુદ્ધ ઉપયોગ થઈ જાય છે.

જેમ હીરાના કાંટામાં પા રતિનો પણ ફેર ચાલે નહિ, તેમ સ્વભાવદૃષ્ટિમાં અને ક્રમબદ્ધની પ્રતીતિમાં શુદ્ધ ઉપયોગને હું કરું એવો વિકલ્પ કરવો પાલવે નહિ. અહીં તો કહે છે કે અખંડ જ્ઞાયક સ્વભાવસન્મુખ દૃષ્ટિ હોવાથી શુદ્ધ ઉપયોગ કરું એવો શુભવિકલ્પ પણ મુનિને ઊઠતો નથી. એવા ઉત્તમશૌચધર્મની અહીં વાત છે. મુનિ ખેંચીતાણીને એવા પરિણામ કરતા નથી.

મોક્ષમાર્ગ પ્રકાશ પૃ.૩માં સાધુના સ્વરૂપનું વર્ણન કરતાં પંડિત ટોડરમલ્લજીએ કહ્યું છે કે બાહ્ય નાના પ્રકારનાં નિમિત્ત બને છે પરંતુ ત્યાં કંઈ પણ સુખદુઃખ મુનિ માનતા નથી. વળી પોતાને યોગ્ય બાહ્ય ક્રિયા જેમ બને છે તેમ બને છે પરંતુ તેને ખેંચીતાણી કરતા નથી અને પોતાના ઉપયોગને બહુ ભમાવતા નથી. આ રીતે કોઈ ઉપયોગની ઈચ્છા મુનિને નથી.

એ પ્રમાણે મુનિ ચાર પ્રકારના લોભની પ્રવૃત્તિથી રહિત છે. તેને ઉત્તમશૌચધર્મ હોય છે.

મુનિની એવી દશા હોય છે કે ઉપયોગ ફેરવવાની પણ તેમને ઈચ્છા નથી. એવો મુનિધર્મ છે. તેને પરમભક્તિ વડે જાણવા યોગ્ય છે. તેમ આચાર્ય ભગવાન કહે છે. જેને જેની રુચિ હોય તેનો પુરુષાર્થ કર્યા વગર રહે નહિ અને તેમાં તે વિઘ્નને ગણતો નથી. તેમ મુનિ સ્વરૂપના ઉપયોગમાં વિઘ્નને ગણતા નથી.

**શ્રાવણ વદ ૬, સોમવાર, ૧૧-૮-૫૨**

આ ધર્માનુપ્રેક્ષા છે, છેલ્લી ભાવના છે. શ્રાવકધર્મની વાત આવી ગઈ. મુનિધર્મની વાત ચાલે છે. તેમાં ઉત્તમ સત્યધર્મની વાત કરે છે.

ગાથા-૩૯૮

**આગળ ઉત્તમસત્યધર્મને કહે છે :-**

**जिनवचनं एव भाषते तत् पालयितुं अशक्यमान: अपि ।**
**व्यवहारेण अपि अलीकं न वदति य: सत्यवादी स: ।।३९८।।**

**અર્થ :- જે મુનિ જિનસૂત્ર (અનુકૂળ) વચનને જ કહે, વળી તેમાં જે આચારાદિ કહ્યા છે તે પાલન કરવામાં પોતે અસમર્થ હોય તો પણ અન્ય પ્રકારથી ન કહે. વ્યવહારથી પણ અલીક એટલે અસત્ય ન કહે, તે મુનિ સત્યવાદી છે અને તેને જ ઉત્તમસત્યધર્મ હોય છે.**

**ભાવાર્થ :- જૈનસિદ્ધાંતમાં આચારાદિકનું જેવું સ્વરૂપ કહ્યું હોય તેવું જ કહે પણ એમ નહિ કે પોતાથી ન પાલન કરી શકાય એટલે તેને અન્યપ્રકારથી કહે–જેમ છે તેમ ન કહે, પોતાનું માનભંગ થાય તેથી જેમ તેમ કહે. વળી વ્યવહાર જે ભોજનાદિ વ્યાપાર તથા પૂજા–પ્રભાવનાદિ વ્યવહાર તેમાં પણ જિનસૂત્ર અનુસાર વચન કહે પણ પોતાની ઈચ્છાનુસાર જેમ**

તેમ ન કહે. અહીં દસ પ્રકારથી સત્યનું વર્ણન છે–નામસત્ય, રૂપસત્ય, સ્થાપનાસત્ય, પ્રતીતિસત્ય, સંવૃતિસત્ય, સંયોજનાસત્ય, જનપદસત્ય, દેશસત્ય, ભાવસત્ય તથા સમયસત્ય. હવે મુનિજનોનો મુનિજનની તથા શ્રાવકની સાથે વચનાલાપરૂપ વ્યવહાર છે ત્યાં ઘણો વચનાલાપ થાય તોપણ સૂત્રસિદ્ધાંતાનુસાર આ દસ પ્રકારથી સત્યરૂપ વચનની પ્રવૃતિ હોય છે.

અર્થ :- (૧) ગુણ વિના પણ વક્તાની ઈચ્છાથી કોઈ વસ્તુનું નામ–સંજ્ઞા કરવામાં આવે તે નામસત્ય છે.

(૨) રૂપમાત્રથી કહેવામાં આવે અર્થાત્ ચિત્રમાં જેમ કોઈનું રૂપ આલેખી કહેવામાં આવે કે `આ સફેતવર્ણવાળો ફલાણો પુરુષ છે' તે રૂપસત્ય છે.

(૩) કોઈ પ્રયોજન અર્થે કોઈની મુર્તિ સ્થાપી કહેવામાં આવે તે સ્થાપનાસત્ય છે.

(૪) કોઈ પ્રતીતિના અર્થે આશ્રયપૂર્વક કહેવામાં આવે તે પ્રતીતિસત્ય છે. જેમ `તાલ' એવું પરિમાણ વિશેષ છે તેના આશ્રયથી કહેવામાં આવે કે `આ તાલપુરુષ છે' અથવા લાંબો કહે તો નાનાની પ્રતીતિ કરીને કહે.

(૫) લોકવ્યવહારના આશ્રયથી કહે તે સંવૃતિસત્ય છે. જેમ કમળની ઉત્પત્તિનાં અનેક કારણો છે તોપણ તે પંકમાં થયું છે માટે પંકજ કહીએ છીએ.

(૬) વસ્તુને અનુક્રમે સ્થાપવાનું વચન કહે તે સંયોજનાસત્ય છે. જેમ દસલક્ષણનું મંડલ કરે તેમાં અનુક્રમપૂર્વક ચૂર્ણના કોઠા કરે અને કહે કે આ ઉત્તમક્ષમાનો (કોઠો) છે, ઈત્યાદિ જોડરૂપ નામ કહે, અથવા બીજું દૃષ્ટાંત–જેમ ઝવેરી મોતીની લટો કરે તેમાં મોતીઓની સંજ્ઞા સ્થાપી લીધી છે એટલે જ્યાં જેવું જોઈએ તે જ અનુક્રમથી મોતી પરોવે.

(૭) જે દેશમાં જેવી ભાષા હોય તે કહેવી તે જનપદસત્ય છે.

(૮) ગામ, નગરાદિનું ઉપદેશકવચન તે દેશસત્ય છે. જેમ ચોતરફ વાડી હોય તેને ગામ કહે છે.

(૯) છદ્મસ્થના જ્ઞાનથી અગોચર અને સંયમાદિક પાલન અર્થે જે વચન બોલાય તે ભાવસત્ય છે. જેમ કોઈ વસ્તુમાં છદ્મસ્થના જ્ઞાનથી અગોચર જીવ હોય તોપણ પોતાની દૃષ્ટિમાં જીવ નહિ દેખાવાથી આગમઅનુસાર કહે કે `આ પ્રાસુક છે'.

(૧૦) આગમગોચર વસ્તુને આગમનાં વચનાનુસાર કહેવી તે સમયસત્ય છે. જેમ પલ્ય--સાગર ઈત્યાદિ કહેવા.

આ દસ પ્રકારના સત્યનું કથન ગોમ્મટસારમાં પણ છે. ત્યાં સાત નામ તો આમાં છે તે જ છે તથા ત્રણ નામ – દેશ, સંયોજના અને સમયની જગ્યાએ ત્યાં સંભાવના, વ્યવહાર અને ઉપમા એમ છે, અને ઉદાહરણ અન્ય પ્રકારથી છે. એ વિવક્ષાનો ભેદ સમજવો, તેમાં

**વિરોધ નથી.[૧] એ પ્રમાણે જિસૂત્રાનુસાર સત્યવચનની પ્રવૃત્તિ કરે તેને (ઉત્તમ)સત્યધર્મ હોય છે.**

અર્થ :- જે મુનિ જિનસૂત્ર અનુકૂળ વચનને જ કહે, વળી તેમાં જે આચારાદિ કહ્યા છે તે પાલન કરવામાં પોતે અસમર્થ હોય તો પણ અન્ય પ્રકારથી ન કહે. વ્યવહારથી પણ અસત્ય ન કહે, તે મુનિ સત્યવાદી છે અને તેને જ ઉત્તમસત્યધર્મ હોય છે.

આ મુનિદશાનું વર્ણન છે. તેની વિચારણા સમ્યગ્દૃષ્ટિ પણ કરે છે કારણ કે તેને પણ મુનિ થવું છે. નિર્ગ્રંથ ગુરુના વચન પ્રમાણ છે તેમ જ મુનિધર્મ મોક્ષમાર્ગ છે એમ સમ્યગ્દૃષ્ટિ પ્રતીત કરે છે. મુનિપણામાં વસ્ત્ર ન હોય, એક વખત આહાર હોય, એવી મુનિદશા છે. મુનિ અન્ય પ્રકારે કથન ન કરે. કાળ બદલ્યો માટે મુનિપણું વસ્ત્રસહિત ન મનાવે તેમ જ જિનકલ્પી મુનિ નગ્ન હોય ને સ્થવીરકલ્પી વસ્ત્રસહિત હોય તેવી પ્રરૂપણા ન કરે. કોઈ આચારમાં પોતે અસમર્થ હોય તો પણ અન્ય પ્રકારથી ન કહે. વળી કોઈ પૂજા, પ્રભાવના તથા મંદિરમાં લાખોના ખર્ચ કરે તેથી તેને ધર્મ થાય – એવી પ્રરૂપણા ન કરે. પંચકલ્યાણકથી આઠ ભવે મુક્તિ થાય એવી પ્રરૂપણા ન કરે – તે બધા શુભના પ્રકારો છે, તેનાથી ધર્મ નથી. રાગરહિત સ્વભાવની દૃષ્ટિ અને એકાગ્રતાથી ધર્મ થાય છે. આમ મુનિ જેમ છે તેમ પ્રરૂપે તેથી તે સત્યવાદી છે ને તેને જ ઉત્તમસત્યધર્મ હોય છે.

ભાવાર્થ :- નિર્ગ્રંથ મુનિઓ ઊભા ઊભા એક વાર આહાર લ્યે. શરીર જીર્ણ થઈ જાય ને ઊભા ન રહી શકે તો આહાર ન લ્યે. સિંહવૃત્તિ સમાન તેમનો પુરુષાર્થ છે. સિદ્ધાંતનો એક અક્ષર પણ બદલે નહિ. શ્રી કુંદકુંદાચાર્ય સુત્રપાહુડમાં કહે છે કે એક ન્યાય ફરી જાય તો અનંતા તીર્થંકરો ને મુનિઓની આશાતના થાય. ભગવાનના દિવ્યધ્વનિ અનુસાર ગણધરે શાસ્ત્રો રચ્યાં છે, તેના અનુસાર આચાર્યોએ શાસ્ત્રની રચના કરી છે. જેમ દીકરીના પૈસા લેનાર ખાનદાન ન ગણાય પણ તે પુરતે વરાવે તે ખાનદાન છે તેમ સર્વજ્ઞના અનુસાર જે

---

१. जणवदसम्मदिठवणाणामे रूवे पडूच् च ववहारे
संभावणे य भावे उवमाए दसविहं सच्चं

(ગો. જીવ. ગા. ૨૨૨)

અર્થ :- જનપદમાં, સંવૃતિ વા સમ્મતિમાં, સ્થાપનામાં, નામમાં, રૂપમાં, પ્રતીત્યમાં, વ્યવહારમાં, સંભાવનામાં, ભાવમાં અને ઉપમામાં એવા દશ સ્થાનોમાં દશ પ્રકારથી સત્ય જાણવાં. (આ દશ સત્યની વિશેષ વ્યાખ્યા માટે જુઓ ગો. જી. ગા. ૨૨૩-૨૨૪ની ટીકા.)

શાસ્ત્રનું કથન કરે છે તે ખારદાન છે. તે એક શબ્દ પણ આડોઅવળો કહેતાં નથી. અત્યારે જૈન સંપ્રદાયમાં ભગવાનના નામે આચારાંગ આદિ શાસ્ત્રો કલ્પિત બનાવ્યા છે. માટે સાચું શું છે તેની સમજણ કરવી જોઈએ. આ વાત અપૂર્વ છે. જીવે વિચાર કરવો જોઈએ. મહાવીર ભગવાન પછી છસો વર્ષે દુકાળ પડ્યો. તે વખતે કોઈ જીવો મુનિપણું પાળી ન શક્યાં, તેણે વસ્ત્ર રાખવા માંડ્યા ને તેમને કહેવા છતાં પ્રાયશ્ચિત ન લીધું, પછી તેઓએ પ્રરૂપણા ફેરવી નાખી ને વસ્ત્રસહિત મુનિપણું મનાવવાનો સંપ્રદાય શરૂ કર્યો.

મુનિમાર્ગ તેવો હોઈ ન શકે. ભગવાનના શ્રીમુખમાંથી અર્થ નીકળે છે, તેમાંથી ગણધરો સૂત્ર રચે છે, તેની પરંપરામાથી જે જીવ સૂત્ર ફેરવી નાખે તે અનંતસંસારી છે. કાળ બદલાયો છે માટે વસ્ત્રસહિત મુનિપણું મનાવે અથવા બેઠા બેઠા આહાર લ્યે એવો માર્ગ સિંહવૃત્તિમાં ન હોય. પોતાનું માનભંગ થશે એમ માની ગોટા ન ચલાવે, પોતાને માટે બનાવેલ આહાર હોય તો મુનિ ન લ્યે. પોતાને પેટમાં ખૂબ દુઃખતું હોય તો પણ દવા માગે નહિ, એવી મુનિદશા છે. અંતર વીતરાગતા વધી હોય તેને બાહ્ય નગ્ન અવસ્થા હોય છે. આવી પર્યાયની નિમિત્તતા તથા તે પર્યાયને દ્રવ્યનો આશ્રય છે એવી વાત બીજે ક્યાંય નથી.

વળી વ્યવહાર જે ભોજનાદિ વ્યાપાર તથા પૂજા, પ્રભાવનાદિ વ્યવહાર શાસ્ત્રો અનુસાર કહે. પૂજાથી કલ્યાણ થશે, ઉપવાસથી ધર્મ થશે એમ કહે નહિ, શાસ્ત્રથી વિરુદ્ધ કાંઈ ન કહે.

અહીં દસ પ્રકારથી સત્યનું વર્ણન છે. નામસત્ય, રૂપસત્ય, સ્થાપનાસત્ય, પ્રતીતિસત્ય, સંવૃત્તિસત્ય, સંયોજનાસત્ય, જનપદસત્ય, દેશસત્ય, ભાવસત્ય તથા સમયસત્ય. હવે મુનિજનોનો મુનિજનની તથા શ્રાવકની સાથે વચનાલાપરૂપ વ્યવહાર છે. મુનિઓ આત્માના આનંદમાં વધી ગયા છે. તેઓ વાર્તાલાપ કરે તો મુનિ અથવા શ્રાવક સાથે કરે પણ અન્યમતવાળા સાથે વાત કરે એમ કહ્યું નથી. ઘણો વચનાલાપ થાય તો પણ સિદ્ધાંત અનુસાર કરે. આ દસ પ્રકારથી સત્યરૂપ વચનની પ્રવૃત્તિ હોય છે.

અર્થ :- (૧) ગુણ વિના બોલનારની ઈચ્છાથી કોઈનું નામ આપે તે નામસત્ય છે. જેમકે કોઈનું નામ લક્ષ્મીચંદ પાડ્યું ને હોય નિર્ધન, કોઈ પાપી પ્રાણી હોય ને નામ ધર્મવિજય હોય, તે નામની અપેક્ષાએ સત્ય છે.

કેટલાક જીવો પ્રતિમાનું નામ લેતાં દ્વેષ કરે ને તેને પથ્થર કહે છે ને પ્રતિમાપૂજનને જડપૂજન કહે છે, તો તે દ્વેષ છે. નામ અપેક્ષાએ નામ લેવામાં વાંધો નથી.

(૨) કોઈ ચિત્રમાં આલેખીને કહે કે આ સફેદ વર્ણવાળો પુરુષ છે. તે પુરુષ તો ચિત્રમાં નથી પણ રૂપની અપેક્ષાએ એમ કહેવાય છે, તે રૂપસત્ય છે.

(૩) ભગવાનની પ્રતિમાની સ્થાપના કરી કહેવું છે આ ભગવાન છે તે સ્થાપનાસત્ય છે. તે પથ્થર છે તે તો ખ્યાલ છે, છતાં આગમમાં "જિનપ્રતિમા જિનસારખી" કહી છે. તે સ્થાપનાસત્ય છે. ભગવાન સન્મુખ જઈને જેમ ધર્મી જીવ કહે છે કે "જિનેંદ્ર ભગવાનનો જય હો !" તેમ પ્રતિમા પાસે જઈને પણ કહે કે "તારા અક્રિય ચૈતન્યબિંબનો જય હો !" કોનો જય કહે છે ? ભગવાનનો પ્રતિમામાં આરોપ કરે છે. રાગ છે ત્યાં સુધી લક્ષ જાય છે. હે નાથ ! તારા અનંતચતુષ્ટયનો જય હો ! મહાવિદેહમાં તુ છો, તેનો આરોપ તારી મૂર્તિમાં આપીએ છીએ. એમ કહીને પોતાનો ભાવ મલાવે છે. શતરંજમાં અથવા ગંજીપામાં બાદશાહ, રાણી વગેરેનો આરોપ કરે છે તેમ ભગવાનનો આરોપ પ્રતિમામાં કરે તે અસત્ય નથી પણ સ્થાપનાસત્ય છે.

આ સત્યધર્મ નિર્વિકલ્પ છે. શુભરાગની પણ મુખ્યતા નથી, વીતરાગતા વર્તે છે. જ્ઞાનમાં સત્યનો ન્યાય વર્તે છે. ભાષા ધર્મ નથી પણ જ્ઞાનમાં વિવેક વર્તે છે તે સત્યધર્મ છે.

સ્થાપનાનિક્ષેપનો નિષેધ કરવો યોગ્ય નથી. મહાવિદેહમાં પણ ભગવાનની પ્રતિમા હોય છે. બધે સાક્ષાત્ ભગવાન વિચરતા નથી. પાંચે પરમેષ્ટીની પ્રતિમા હોય છે ને તે સ્થાપનાસત્ય છે.

(૪) કોઈ પ્રતીતિના અર્થે આશ્રયપૂર્વક કહેવામાં આવે તે પ્રતીતિસત્ય છે. જેમ કોઈ માણસને તાલ (તાડ) જેવો ઊંચો કહેવામાં આવે છે તેથી તે માણસ તાલ જેવડો ઊંચો નથી તેમ જ તેના અનાદર માટે કહેવામાં આવતું નથી પણ નાના માણસોની અપેક્ષાએ મોટો કહેવા ખાતર તાલ જેવડો કહેવામાં આવે છે તે અપેક્ષાએ સત્ય છે.

(૫) લોકવ્યવહારના આશ્રયથી કહે તે સંવૃત્તિસત્ય છે. જેમ કમળની ઉત્પત્તિમાં કારણો તો પાણી, ખાતર, કાદવ વગેરે ઘણાં છે પણ કાદવની પ્રધાનતાથી તેને પંકજ કહે છે. તે અસત્ય નથી પણ સત્ય છે.

(૬)વસ્તુને અનુક્રમે સ્થાપવાનું વચન કહે તે સંયોજનાસત્ય છે. જેમ દસ લક્ષણનું મંડલ કરે તેમાં અનુક્રમપૂર્વક ચૂર્ણના કોઠા કરે અને કહે કે આ ઉત્તમક્ષમાનો કોઠો છે. પૂજનવિધિ કરતી વખતે રાતા, પીળા ચોખા કરી મંડળ કરે ને કહે કે આ અમુક ધર્મનો કોઠો છે, તો તે સંયોજનાસત્ય છે. ઝવેરીઓ ઊંચા મોતીના નામ આપે ને જ્યાં જોઈએ તેવું અનુક્રમથી મોતી પરોવે.

(૭) જે દેશમાં જેવી ભાષા હોય તે કહેવી તે જનપદસત્ય છે.

(૮) ગ્રામ, નગરાદિનું ઉપદેશકવચન તે દેશસત્ય છે. જેમ ચોતરફ વાડી હોય તેને ગામ કહે છે.

(૯) છદ્મસ્થના જ્ઞાનથી અગોચર અને સંયમાદિક પાલન અર્થે જે વચન બોલાય તે ભાવસત્ય છે. પાણીમાં લવંગ નાખી અચેત થઈ જાય. પોતાના ખ્યાલમાં અચેત છે છતાં કોઈ જીવ પોતાના જ્ઞાનથી અગોચર હોય તો પણ આગમ અનુસાર તેને પ્રાસુક કહે તે ભાવસત્ય છે.

(૧૦) આગમગોચર વસ્તુને આગમનાં વચનાનુસાર કહેવી તે સમયસત્ય છે. જેમકે પલ્યોપમ, સાગર વગેરે કહેવા.

આ દસ પ્રકારના સત્યનું કથન ગોમ્મટસારમાં પણ છે. ત્યાં સાત નામ તો આમાં છે તે જ છે તથા ત્રણ નામ – દેશ, સંયોજના અને સમયની જગ્યાએ ત્યાં સંભાવના, વ્યવહાર અને ઉપમા એમ છે, અને ઉદાહરણ અન્ય પ્રકારથી છે. એ વિવક્ષાનો ભેદ સમજવો, તેમાં વિરોધ નથી.

એ પ્રમાણે જિસૂત્રાનુસાર સત્યવચનની પ્રવૃત્તિ કરે તેને ઉત્તમસત્યધર્મ હોય છે. અહીં બોલવાની પ્રધાનતા નથી. ભાષા ભાષાના કારણે નીકળે છે. જ્ઞાનમાં એકાગ્રતા કરે તે ધર્મ છે.

ગાથા-૩૯૯

**આગળ ઉત્તમસંયમધર્મને કહે છે :-**

**यः जीवरक्षणपरः गमनागमनादिसर्वकर्मसु।**
**तृणच्छेद अपि न इच्छति संयमभावः भवेत् तस्य।।३९९।।**

**અર્થ :- જે મુનિ, ગમનાગમનાદિ સર્વ કાર્યોમાં તૃણનો છેદમાત્ર પણ ન ઈચ્છે-ન કરે. કેવો છે તે મુનિ ? જીવોની રક્ષામાં તત્પર છે, એવા મુનિને (ઉત્તમ) સંયમભાવ હોય છે.**

**ભાવાર્થ :- સંયમ બે પ્રકારનો કહ્યો છે–ઈન્દ્રિય મનનું વશ કરવું તથા છ કાયના જીવોની રક્ષા કરવી. મુનિને આહારવિહારાદિ કરવામાં ગમન–આગમનાદિ કામ કરવું પડે છે પણ તે કાર્યો કરતાં એવો પરિણામ રહ્યા કરે કે `હું તૃણમાત્રનો પણ છેદ ન કરૂં–મારા નિમિત્તે કોઈનું અહિત ન થઓ' એવા યત્નરૂપ પ્રવર્તે છે, જીવદયામાં જ તત્પર રહે છે. અન્ય ગ્રંથોમાં સંયમનું વિશેષ વર્ણન કર્યું છે તેને અહીં ટીકાકાર સંક્ષેપમાં કહે છે :-**

**સંયમ બે પ્રકારનો છે, એક ઉપેક્ષાસંયમ તથા બીજો અપહૃતસંયમ. ત્યાં જે સ્વભાવથી જ રાગદ્વેષને છોડી ગુપ્તિધર્મમાં કાયોત્સર્ગ–ધ્યાનપૂર્વક રહે તેને ઉપેક્ષાસંયમ કહે છે. "ઉપેક્ષા" નામ ઉદાસીનતા વા વીતરાગતાનું છે, બીજા અપહૃતસંયમના ત્રણ ભેદ છે–ઉત્કૃષ્ટ, મધ્યમ અને**

જઘન્ય. ત્યાં ચાલતાં–બેસતાં જો જીવ દેખાય તો તેને ટાળીને જાય પણ જીવને સરકાવે નહિ તે ઉત્કૃષ્ટ છે, કોમળ મોરપીંછીથી જીવને સરકાવે તે મધ્યમ છે તથા અન્ય તૃણાદિકથી સરકાવે તે જઘન્ય છે. અહીં અપહૃતસંયમીને પાંચ સમિતિનો ઉપદેશ છે ત્યાં આહારવિહાર અર્થે ગમન કરે તો પ્રાસુકમાર્ગ જોઈ જુડાપ્રમાણ (ચાર હાથ) ભૂમિને જોઈ મંદ મંદ અતિ યત્નાચારપૂર્વક ગમન કરે તે ઈર્યાસમિતિ છે, ધર્મોપદેશાદિ અર્થે વચન કહે તો હિતરૂપ મર્યાદાપૂર્વક અને સંદેહરહિત સ્પષ્ટ અક્ષરરૂપ વચન કહે–અતિ પ્રલાપાદિ વચનના દોષરહિત બોલે તે ભાષાસમિતિ છે. કાયાની સ્થિતિ અર્થે આહાર કરે તે પણ મન–વચન–કાય, કૃત–કારિ–અનુમોદના દોષ જેમાં ન લાગે એવો પરનો આપેલો છેતાલીસદોષ બત્રીસઅંતરાય અને ચૌદમળદોષ રહિત પોતાના કરપાત્રમાં ઊભા ઊભા અતિ યત્નાપૂર્વક શુદ્ધઆહાર કરે તે એષણાસમિતિ છે. અતિ યત્નાચારપૂર્વક ભૂમિને જોઈ ધર્મના ઉપકરણો ઉઠાવવાં–મૂકવાં તે આદાનનિક્ષેપણસમિતિ છે. ત્રસ–સ્થાવરજીવોને જોઈ, ટાળી યત્નપૂર્વક શરીરનાં મળ–મૂત્રાદિને ક્ષેપવાં (નાખવાં–દાટવાં) તે પ્રતિષ્ટાપનાસમિતિ છે. એ પ્રમાણે પાંચ સમિતિ પાલન કરે તેનાથી સંયમ પળાય છે. (સિદ્ધાંતમાં) એમ કહ્યું છે કે–જો યત્નાપૂર્વક પ્રવર્તે છે તો તેનાથી બાહ્ય જીવોને બાધા થાય તોપણ તેને બંધ નથી તથા યત્નાચારરહિત પ્રવર્તે છે તેને બાહ્ય જીવ મરો વા ન મરો પણ બંધ અવશ્ય થાય છે.

વળી અપહૃતસંયમના પાલન અર્થે આઠ શુદ્ધિઓનો ઉપદેશ છે. (૧) ભાવશુદ્ધિ (૨) કાયશુદ્ધિ (૩) વિનયશુદ્ધિ (૪) ઈર્યાપથશુદ્ધિ (૫) ભિક્ષાશુદ્ધિ (૬) પ્રતિષ્ટાપનાશુદ્ધિ (૭) શયનાસનશુદ્ધિ (૮) વાક્યશુદ્ધિ. તેમાં ભાવશુદ્ધિ તો કર્મના ક્ષયોપશમજનિત છે. એ વિના આચાર પ્રગટ થતો નથી. જેમ શુદ્ધ ઉજ્જવળ ભીંત ઉપર ચિત્ર શોભાયમાન દેખાય છે તેમ. વળી દિગંબરરૂપ, સર્વ વિકારો રહિત યત્નરૂપપ્રવૃત્તિ છે જેમાં એવી શાંતમુદ્રાને જોઈ અન્યને ભય ન ઊપજે અને પોતે પણ નિર્ભય રહે એવી કાયશુદ્ધિ છે. જ્યાં અરહંતાદિમાં ભક્તિ તથા ગુરુજનને અનુકૂળ રહેવું એવી વિનયશુદ્ધિ છે. જીવોના સર્વ સ્થાન મુનિ જાણે છે. તેથી પોતાના જ્ઞાનદ્વારા સૂર્યના ઉદ્યોતથી નેત્ર ઈંદ્રિય વડે માર્ગમાં અતિ યત્નપૂર્વક જોઈને ચાલવું તે ઈર્યાપથશુદ્ધિ છે. ભોજન માટે જતાં પહેલાં પોતાના મળમૂત્રની બાધાને પરખે, પોતાના અંગનું બરાબર પ્રતિલેખન કરે, આચારસૂત્રમાં કહ્યાં પ્રમાણે દેશ-કાળ-સ્વભાવનો વિચાર કરે, અને આટલી જગ્યાએ આહાર માટે પ્રવેશ કરે નહિ – જ્યાં ગીત, નૃત્ય, વાજીંત્ર વડે જેની આજીવિકા હોય તેના ઘરે જાય નહિ, જ્યાં પ્રસૂતિ થઈ હોય ત્યાં જાય નહિ, જ્યાં મૃત્યુ થયું હોય ત્યાં જાય નહિ, વેશ્યાના ઘેર જાય નહિ. જ્યાં પાપકર્મ-હિંસાકર્મ થતું હોય ત્યાં જાય નહિ, દીનના ઘરે–અનાથના ઘરે, દાનશાળામાં, યજ્ઞશાળામાં, યજ્ઞપૂજનશાળામાં તથા વિવાહાદિ મંગળ જ્યાં હોય તેના ઘેર આહાર

અર્થે જાય નહિ. ધનવાનના ત્યાં જવું કે નિર્ધનના ત્યાં જવું એમ વિચારે નહિ, લોકનિંદ્યકૂળના ઘેર જાય નહિ, દીનવૃત્તિ કરે નહિ, આગમમાં કહ્યા પ્રમાણે દોષ, અંતરાય ટાળી નિર્દોષ પ્રાસુક આહાર લે તે ભિક્ષાશુદ્ધિ છે. ત્યાં લાભ-અલાભ, સરસ-નિરસમાં સમાનબુદ્ધિ રાખે. એવી ભિક્ષા પાંચ પ્રકારની કહી છે. (૧) ગોચરી (૨) અક્ષમ્રક્ષણ (૩) ઉદરાગ્નિપ્રશમન (૪) ભ્રમરાહાર (૫) ગર્તપૂરણ. ત્યાં ગાયની માફક દાતારની સંપદાદિ તરફ નહિ જોતાં, જેવો પ્રાપ્ત થયો તેવો આહાર લેવામાં જ ચિત્ત રાખે તે ગોચરીવૃત્તિ છે. જેમ ગાડીને વાંગી (ઉંજણ કરી) ગામ પહોંચાડે તેમ સંયમની સાધક કાયાને નિર્દોષ આહાર આપી સંયમ સાધે તે અક્ષમ્રક્ષણવૃત્તિ છે. અગ્નિ લાગી હોય તેને જેવા તેવા પાણીથી બૂઝાવી ઘરને બચાવે તેમ ક્ષુધાઅગ્નિને સરસ-નિરસ આહારથી બુઝાવી પોતાના પરિણામ ઉજ્જવળ રાખે તે ઉદરાગ્નિપ્રશમનવૃત્તિ છે. ભમરો જેમ ફુલને બાધા ન પહોંચે અને વાસના લે તેમ મુનિ દાતારને બાધા પહોંચાડ્યા સિવાય આહાર લે તે ભ્રમરાહારવૃત્તિ છે તથા જેમ શુભ્ર એટલે ખાડાને જેમ તેમ ભરતી કરી ભરી દેવામાં આવે તેમ મુનિ સ્વાદ-બેસ્વાદ આહારથી ઉદરને ભરે તે ગર્તપૂરણવૃત્તિ છે. એ પ્રમાણે ભિક્ષાશુદ્ધિ છે. જીવોને જોઈ, યત્નપૂર્વક મળ-મૂત્ર-શ્લેષ્મ-થૂંક વગેરે ક્ષેપણ કરે તે પ્રતિષ્ઠાપનાશુદ્ધિ છે. જ્યાં સ્ત્રી, નપુંસક, દુષ્ટજીવ, ચોર-મદ્યપાની અને જીવવધ કરવાવાળા નીચ મનુષ્યો વસતા હોય ત્યાં (મુનિ) ન વસે તે શયનાસનશુદ્ધિ છે. વળી શૃંગાર-વિકારી આભૂષણ, સુંદરવેષ ધરનારી એવી વેશ્યાદિકની જ્યાં ક્રિડા હોય, સુંદર ગીત, નૃત્ય, વાજીંત્ર જ્યાં થતા હોય, જ્યાં વિકારના કારણરૂપ નગ્ન ગુપ્તપ્રદેશ જેમા દેખાય એવા ચિત્ર હોય, જ્યાં હાસ્ય-મહોત્સવ, ઘોડા આદિને શિક્ષા આપવાનું સ્થાન હોય, વ્યાયામભૂમિ હોય તથા જેનાથી ક્રોધાદિક ઊપજી આવે એવા ઠેકાણે મુનિ ન વસે તે પણ શયનાસનશુદ્ધિ છે. જેમ કાયોત્સર્ગપૂર્વક ઊભા રહેવાની શક્તિ હોય ત્યાં સુધી સ્વરૂપમાં લીન બની ઊભા રહે, પછી બેસે તથા કોઈ વેળા ખેદ મટાડવા માટે અલ્પકાળ સૂવે (તે પણ શયનાસનશુદ્ધિ છે). જ્યાં આરંભની પ્રેરણા રહિત વચન પ્રવર્તે, પણ યુદ્ધ-કામ-કર્કશ-પ્રલાપ-પૈશુન્ય-કઠોર-પરપીડાકારક વચન ન પ્રવર્તે, અનેક વિકથારૂપ વચન ન પ્રવર્તે, પોતાનું તથા પરનું જેથી હિત થાય એવા મીઠાં-મનોહર-વૈરાગ્યહેતુરૂપ સ્વાત્મ પ્રશંસા અને પરનિંદા રહિત સંયમીને યોગ્ય વચન પ્રવર્તે તે વચનશુદ્ધિ છે. એ પ્રમાણે સંયમધર્મ છે. સંયમના પાંચ ભેદ કહે છે. (૧) સામાયિક (૨) છેદોપસ્થાપના (૩) પરિહારવિશુદ્ધિ (૪) સૂક્ષ્મસાંપરાય અને (૫) યથાખ્યાન – એવા પાંચ ભેદ છે. તેનું વિશેષ વ્યાખ્યાન અન્ય ગ્રંથોથી જાણવું.

અર્થ :- જે મુનિ, ગમનાગમનાદિ સર્વ કાર્યોમાં તૃણનો છેદમાત્ર પણ ન ઈચ્છે-ન કરે. કેવો છે તે મુનિ ? જીવોની રક્ષામાં તત્પર છે, એવા મુનિને ઉત્તમસંયમભાવ હોય છે.

અવિકારી વીતરાગી શ્રદ્ધાસહિત અંતર રમણતાનું વર્ણન નિમિત્તથી કરે છે. મુનિને હાલતાં ચાલતાં એક તણખલાના બે ટુકડા કરવાની પણ વૃત્તિ થતી નથી તો જીવને દુઃખ દેવાની વૃત્તિ કેમ ઊઠે ? ન જ ઊઠે. પરની રક્ષા કોઈ કરી શકતું નથી પણ પર જીવોને દુઃખ દેવાનો ભાવ થતો નથી, તેને પરની રક્ષા કરી એમ કહેવાય છે. સમ્યગ્દર્શન વખતે સ્વ અને પરનું ભેદજ્ઞાન થયું છે. વિશેષ આગળ વધતાં રાગ ને પરથી છૂટાપણાના જ્ઞાનમાં એકાગ્રતા વધતી જાય છે તે ચારિત્ર છે. સમ્યગ્દર્શનના ભેદજ્ઞાન પછી સ્થિરતાના કારણે સ્થિરતાનું ભેદજ્ઞાન વીતરાગદશા થતાં સુધી થાય છે, તેવા મુનિને સંયમભાવ હોય છે.

ભાવાર્થ :- સંયમ બે પ્રકારનો કહ્યો છે. ઈંદ્રિય-મનનું વશ કરવું તથા છકાયના જીવોની રક્ષા કરવી. મુનિ દર્શન કરવા જાય, આહાર લેવા જાય તે વખતે ગમનાદિકમાં એવા પરિણામ રહે કે હું તૃણમાત્રનો પણ છેદ ન કરું, મારા નિમિત્તે કોઈનું પણ અહિત ન થાય એવા પ્રયત્નરૂપ વર્તે છે. જીવદયામાં તત્પર રહે છે. અન્ય ગ્રંથોમાં સંયમનું વિશેષ વર્ણન કર્યું છે તેને અહીં ટીકાકાર સંક્ષેપમાં કહે છે :-

સંયમ બે પ્રકારનો છે. એક ઉપેક્ષાસંયમ તથા બીજો અપહૃતસંયમ. દેહાદિથી ભિન્ન એવા પોતાના ચિદાનંદ આત્માના આનંદને અનુભવે છે તે ઉપેક્ષાસંયમ છે. ઉપેક્ષા નામ ઉદાસીનતા વા વીતરાગતાનું છે. બીજા અપહૃતસંયમના ત્રણ ભેદ છે. (૧) ત્યાં ચાલતાં-બેસતાં જો જીવ દેખાય તો તેને ટાળીને જાય પણ જીવને સરકાવે નહિ તે ઉત્કૃષ્ટ છે. શરીરની ક્રિયાનો કે આ જીવને મારાથી બચાવી દઉં એવો અહંકાર નથી, પણ જ્યાં જીવ હોય ત્યાં બેસે નહિ એવી સહજદશા તે ઉત્કૃષ્ટ છે. (૨) બેસવાની જગ્યા નાની હોય તો મોરપીંછીથી જીવને આઘો કરીને બેસે તે મધ્યમ છે. (૩) અન્ય તૃણાદિકથી સરકાવે તે જઘન્ય છે. અંદરના ભાવની વાત છે. બહારની ક્રિયાની વાત નથી.

અહીં અપહૃતસંયમીને પાંચ સમિતિનો ઉપદેશ છે. ત્યાં આહાર-વિહાર અર્થે ગમન કરે તો પ્રાસુકમાર્ગ જોઈ ચાર હાથ ભૂમિને જોઈને મલપતા હાથીની જેમ શાંત રીતે વિહાર કરે તે ઈર્યાસમિતિ છે.

ધર્મઉપદેશાદિ અર્થે વચન કહે તો હિતરૂપ ને મર્યાદાપૂર્વક કહે. જુદા જુદા દેશની ભાષા જુદી જુદી હોય તો ભાષાની શેલી સમજી મર્યાદા સમજે અને સંદેહરહિત સ્પષ્ટ અભિપ્રાયથી ધર્મનું સ્વરૂપ કહે, કાંઈ ગોટા વાળે નહિ. અતિ પ્રલાપાદિ વચનના દોષરહિત બોલે. ભાષા ઉપર આત્મા કાબુ રાખી શકે છે એમ અહીં કહેવું નથી પણ મર્યાદા વિનાની ને અપ્રિય

ભાષા બોલવાનો વિકલ્પ મુનિને ઊઠતો નથી. દરેક વચન તોળી તોળીને બોલે છે તેવી વીતરાગીદશા હોય છે, તે ભાષાસમિતિ છે.

## પ્રસાદ નં. – ૨૯૨

**વી. નિ સં. ૨૪૭૮, શ્રાવણ વદ ૧૨, વર્ષ ૨જાું. પુસ્તક દસમું,**
**સોનગઢ, તા. ૧૭-૮-૫૨, રવિવાર.**

# શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(શ્રાવણ વદ ૭, મંગળવાર, ૧૨-૮-૫૨ સવાર)**

આ ધર્મ ભાવનાનો અધિકાર છે. એમાં ઉત્તમસંયમધર્મની વાત ચાલે છે. સમ્યગ્દૃષ્ટિ અને મુનિ આ ભાવના ભાવે છે, કેમ કે વીતરાગનો માર્ગ કેવો હોય એને જાણ્યા વિના સાચી ધર્મભાવના હોય નહિ. વીતરાગદશા કહો, ચારિત્રદશા કહો, મોક્ષમાર્ગ અથવા સંવરતત્વ કહો કે ગુરુપદ કહો તે બધું એક જ છે. અને તેનાં શ્રદ્ધા-જ્ઞાન યથાર્થ થવાં તે જ દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ છે. દેવ-ગુરુ-શાસ્ત્રના યથાર્થ સ્વરૂપની જેને ખબર નથી તે ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે.

સાચા સંયમમાર્ગથી વિરુદ્ધ કહે તો તે ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે કેમ કે જેનો એક તત્વમાં ફેર પડ્યો, તેનો નવતત્વ, છ દ્રવ્ય, નિમિત્તનૈમિત્તિક સંબંધ અને દેવ-ગુરુ-શાસ્ત્ર બધામાં ફેર પડી જાય છે. યથાર્થ સંયમમાર્ગથી વિરુદ્ધ જે પ્રરૂપણા હોય અને લખાણો હોય તો તે બધા ગૃહીત મિથ્યાદૃષ્ટિએ કહેલાં છે – એમ જાણવું.

છઠ્ઠા ગુણસ્થાનની મુનિદશા છે, તે સંવરતત્વ છે. તેના સ્વરૂપમાં જેણે ફેર પાડ્યો, તેનાં બધાં તત્વ ખોટા છે. માટે મુનિપણારૂપી સંયમધર્મનું સ્વરૂપ ભક્તિપૂર્વક જાણવા યોગ્ય છે – એમ આચાર્ય ભગવાને કહ્યું છે. પરમભક્તિથી એટલે પરમશ્રદ્ધાથી જાણવા યોગ્ય છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરવી તે વ્યવહારભક્તિ છે અને આત્માની શ્રદ્ધા કરવી તે નિશ્ચયભક્તિ છે. માટે મુનિદશા કેવી હોય ? એની શ્રદ્ધા ન કરે તેની બધી ભૂલ છે. જીવતત્વની ભૂલ,

અજીવતત્વની ભૂલ, દેવ-ગુરુ-શાસ્ત્રની ભૂલ, સંવરતત્વની ભૂલ, મોક્ષમાર્ગની ભૂલ, નિમિત્ત-નૈમિત્તિકની ભૂલ – એમ એક ભૂલથી બધી ભૂલ થાય છે. નિર્ગ્રંથ સંતની રીતિ જે જાણતો નથી તે ચારિત્રને પણ જાણતો નથી.

સમ્યગ્દૃષ્ટિ જીવ ગૃહસ્થાશ્રમમાં હોય તેના પરિણામ કેવા હોય છે તે કહે છે. એના પરિણામમાં દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા યથાર્થ હોવી જોઈએ. તેની જેને શ્રદ્ધા નથી તે નિશ્ચયસમ્યગ્દૃષ્ટિ નથી. માટે આ સંયમધર્મ કોને કહેવાય તે જરૂર જાણવા યોગ્ય છે. છઠ્ઠા ગુણસ્થાને આત્માની સહજ લીનતા કેવી હોય ? અને એ વખતે કેવો રાગ ન હોય અને કેવો રાગ હોય ? વળી તે રાગના નિમિત્તો પણ કેવા હોય ? તે યથાર્થ જાણવું જોઈએ. દેવ-ગુરુ-શાસ્ત્રની જેને યથાર્થ ખબર નથી તેને સંયમધર્મરૂપી મુનિદશાની પણ ખબર નથી અને તેને સંવરતત્વ કે મોક્ષમાર્ગની પણ ખબર નથી – તે મિથ્યાદૃષ્ટિ છે.

અહો ! અત્યારે જગતમાં આ જૈન સંપ્રદાયમાં આવીને પણ મૂળતત્વની વાત ચૂકીને અદ્ધરથી ને અદ્ધરથી બધી વાત ચાલી છે. વ્યવહારનાં પણ ઠેકાણા નથી. મુનિદશાને એટલી બધી વિકૃત કરી નાખી છે, ભગવાને કહેલો નિશ્ચયસંયમમાર્ગ તો રહેવા દીધો નહિ પણ વ્યવહારસંયમનાં પણ ઠેકાણાં નથી અને એના નિમિત્તો કેવા હોય ? તેની પણ ખબર નથી – તે ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે. તેને સમ્યગ્દર્શન કેવું ? એટલે કે તેને સમ્યગ્દર્શન હોય જ નહિ.

વળી કોઈ એમ કહે કે આ લાકડું ઊંચું થયું તે તેના કારણે થયું છે, હાથના કારણે થયું નથી. હાથ નિમિત્તમાત્ર છે. તો એટલેથી નિમિત્ત-નૈમિત્તિકસંબંધનું જ્ઞાન યથાર્થ થયું છે – એમ નથી. પણ આત્મામાં જ્યારે છઠ્ઠા ગુણસ્થાનની ભૂમિકા થાય ત્યારે રાગ કેવો હોય ? અને કેવા પ્રકારનો રાગ છૂટી જાય છે ? વળી તે વખતે નિમિત્તો કેવા હોય ? તે બધાનું યથાર્થ જ્ઞાન અને શ્રદ્ધાન નથી તો તે નિમિત્ત-નૈમિત્તિકસંબંધને પણ યથાર્થ સમજ્યો નથી. તે ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે, કેમકે વીતરાગમાર્ગ – નિર્ગ્રંથમાર્ગના સાચા અનુયાયીને દેવ-ગુરુ-શાસ્ત્રની યથાર્થ શ્રદ્ધા હોય છે, તે વસ્ત્ર-પાત્રવાળાને સાધુ માને નહિ, ચક્ષુ-મુગટવાળા પ્રતિમાને માને નહિ, અઢાર દોષરહિત અરિહંત ભગવાન છે તે સિવાય અન્યે કલ્પેલા રોગ-ક્ષુધા આદિ દોષવાળા અરિહંતદેવને માને નહિ. વળી સમ્યગ્દૃષ્ટિ ધર્મી ધર્માનુપ્રેક્ષાનો વિચાર કરે છે, એમાં મુનિદશા કેવી હોય ? એને જાણીને શ્રદ્ધા કરે છે. આ સાંકળ છે, જેમ સાંકળમાંથી એક મકોડો છૂટો પડી જાય તો સળંગ સાંકળ રહે નહિ, તેમ એક મુનિપણાની એટલે સંવરતત્વની ભૂલ થઈ તો સળંગતા રહેતી નથી, બધા તત્વની ભૂલ થાય છે, સળંગ નિર્દોષ શ્રદ્ધા રહેતી નથી. માટે સંયમધર્મ જાણવાની જરૂર છે.

સંયમધર્મમાં પાંચ સમિતિની વાત ચાલે છે. મુનિને વચનસમિતિ હોય છે તે વાત આવી ગઈ છે. હવે એષણાસમિતિની વ્યાખ્યા કરે છે. કાયાની સ્થિતિ અર્થે આહાર કરે, તે પણ મન-વચન-કાય, કૃત-કારિત-અનુમોદના દોષ જેમાં ન લાગે એવો પરનો આપેલો આહાર છેતાલીસદોષ, બત્રીસ અંતરાય અને ચૌદ મળદોષરહિત પોતાના કારપાત્રમાં ઊભા ઊભા અતિ યત્નપૂર્વક શુદ્ધ આહાર કરે, તે એષણાસમિતિ છે. મુનિને રોગ હોય પણ પોતા માટે દવા જોઈએ છે – એમ કહે નહિ. એવી સહજ વીતરાગદશા સંતની હોય છે. નવ નવ કોટિએ છેંતાલીસ દોષ અને બત્રીસ અંતરાયરહિત આહાર લે છે. બાર મહિનાના ઉપવાસના પારણે આહાર લેવા ગયા હોય, તો પણ દોષરહિત આહાર લે છે. આહારમાં કીડી આવી ગઈ હોય, માખીનો પગ દેખાય તો આહાર લે નહિ. સહજ આહારની વૃત્તિ તોડી નાખે, હઠથી પાછા ફરે નહિ, કેમ કે મુનિને ત્રણ કષાયનો તો અભાવ થઈ ગયો છે. આહાર લેતા લેતા પણ અપ્રમત્તદશા થઈ જાય છે. જુઓ ! આવી મુનિદશા હોય છે. અત્યારે તો મુનિદશાને જેમણે કૃત્રિમ બનાવી દીધી છે તેઓ સંયમધર્મને જાણતા નથી.

અતિ યત્નાચારપૂર્વક ભૂમિને જોઈ ધર્મના ઉપકરણો ઉપાડવા-મૂકવાં તે આદાનનિક્ષેપણસમિતિ છે. આ ચોથી સમિતિ છે. કોઈ આયાણ ભંડમત્ત નિખેવણીઆસમિતિ કહે છે, તે ખોટું છે કેમકે મુનિને ભંડમત્ત હોતા નથી. એટલે કે વસ્ત્ર-પાત્ર મુનિને હોય જ નહિ. વીતરાગના માર્ગમાં ધર્મના ઉપકરણો મોરપીંછી ને કમંડળ હોય છે, તેન યત્નાપૂર્વક લેવાં-મૂકવાં, તેને આદાનનિક્ષેપણસમિતિ કહેલ છે. ત્રસ-સ્થાવર જીવોને જોઈ-ટાળી યત્નપૂર્વક શરીરના મળ-મૂત્રાદિને ક્ષેપવા (નાખવાં-દાટવાં) તે પાંચમી પ્રતિષ્ઠાપનસમિતિ છે.

એ પ્રમાણે પાંચ સમિતિ પાલન કરે તેનાથી સંયમ પળાય છે. સિદ્ધાંતમાં એમ કહેલ છે કે જો યત્નાચારપૂર્વક પ્રવર્તે છે તો તેનાથી બાહ્ય જીવોને બાધા થાય તો પણ તેને બંધ નથી તથા યત્નાચાર રહિત પ્રવર્તે છે તેને બાહ્ય જીવો મરો વા ન મરો પણ બંધ અવશ્ય થાય છે.

વળી અપહ્રતસંયમના પાલન અર્થે આઠ શુદ્ધિઓનો ઉપદેશ છે. (૧) ભાવશુદ્ધિ (૨) કાયશુદ્ધિ (૩) વિનયશુદ્ધિ (૪) ઈર્યાપથશુદ્ધિ (૫) ભિક્ષાશુદ્ધિ (૬) પ્રતિષ્ટાપનાશુદ્ધિ (૭) શયનાસનશુદ્ધિ (૮) વાક્યશુદ્ધિ. એમાં –

(૧) ભાવશુદ્ધિ :- તો કર્મના ક્ષયોપશમજનિત છે. એ વિના આચાર પ્રગટ થતો નથી. જેમ શુદ્ધ ઉજ્જવળ ભીંત ઉપર ચિત્ર શોભાયમાન દેખાય છે તેમ. મુનિને ત્રણ કષાયનો ક્ષયોપશમ તો થઈ ગયો છે એટલે કે ત્રણ કષાયનો અભાવ થવાથી ઘણી શુદ્ધિ પ્રગટી છે, તેથી મુનિને પંચાચાર હોય છે. અજ્ઞાનીને પંચાચાર હોતા નથી કેમ કે મુનિપણાની ખબર નથી, તેથી

તે આ આચારમાં પણ ગોટાવાળા છે. એટલે વસ્ત્ર-પાત્રના પોટલે પોટલા મુનિને ઠરાવ્યા છે. તેથી તેને આચારના સ્વરૂપની સમજણમાં ભૂલ છે. વીતરાગમાર્ગને યથાર્થ સમજ્યા વિના ખોટા મુનિપણામાં મંદ કષાયના પણ ઠેકાણાં હોતા નથી તો તેને ભાવશુદ્ધિ તો હોય જ ક્યાંથી ? અહીં તો પહેલાં ભાવશુદ્ધિની વાત કરીને હવે બીજી કાયશુદ્ધિ કહે છે.

(૨) કાયશુદ્ધિ :- વળી દિગંબરરૂપ, સર્વ વિકારો રહિત યત્નરૂપપ્રવૃત્તિ છે જેમાં એવી શાંતમુદ્રાને જોઈ અન્યને ભય ન ઊપજે અને પોતે પણ નિર્ભય રહે એવી કાયશુદ્ધિ છે. અહો ! મુનિના શરીરની સ્થિતિ પણ અંતર વીતરાગતા પ્રગટ કરાવે એવી હોય છે.

(૩) વિનયશુદ્ધિ :- મુનિમાર્ગમાં અરિહંતાદિમાં ભક્તિ તથા ગુરુજનને અનુકૂળ રહેવું એવી વિનયશુદ્ધિ હોય છે. મુનિ ભગવાનની પ્રતિમાની ભક્તિ કરે છે, પણ તે વીતરાગમુદ્રા હોય – શૃંગાર, દાગીના વગેરે હોય નહિ એવી પ્રતિમાની ભક્તિ કરે છે. એથી વિપરીત હોય તો તેને માને નહિ. અઢાર દોષરહિત ભગવાનને સ્વીકારે છે અને એની ભક્તિ કરે છે તે વિનયશુદ્ધિ છે.

(૪) ઈર્યાપથશુદ્ધિ :- જીવોના સર્વ સ્થાન મુનિ જાણે છે. તેથી પોતાના જ્ઞાનદ્વારા સૂર્યના ઉદ્યોતથી નેત્ર ઈંદ્રિય વડે માર્ગમાં અતિ યત્નપૂર્વક જોઈને ચાલવું તે ઈર્યાપથશુદ્ધિ છે. મુનિ અંધ ન હોય – એમ આ વાતથી નક્કી થાય છે. કોઈ મુનિને આંખના રોગના કારણે અંધાપો થઈ ગયો હોય તો તે સહજ વીતરાગી મુનિ નિરાલંબન આત્મસ્વભાવમાં પુરુષાર્થની ઉગ્રતા વધારી સમાધિ-મરણ કરે છે. મુનિઓની સહજ એવી દશા હોય છે. વળી જીવોના સ્થાનના જાણકાર હોય છે, છતાં અંધારે જોઈ શકતા નથી માટે સૂર્યના અજવાળે જોઈને ચાલે છે, તેને ઈર્યાપથશુદ્ધિ કહે છે.

(૫) ભિક્ષાશુદ્ધિ :- મુનિ ભોજન માટે જતાં પહેલાં પોતાના મળમૂત્રની બાધાને પરખે, પોતાના અંગનું બરાબર પ્રતિલેખન કરે, આચારસૂત્રમાં કહ્યાં પ્રમાણે દેશ-કાળ-સ્વભાવનો વિચાર કરે, અને આટલી જગ્યાએ આહાર માટે પ્રવેશ કરે નહિ – જ્યાં ગીત, નૃત્ય, વાજીંત્ર વડે જેની આજીવિકા હોય તેના ઘરે જાય નહિ, જ્યાં પ્રસૂતિ થઈ હોય ત્યાં જાય નહિ, જ્યાં મૃત્યુ થયું હોય ત્યાં જાય નહિ, વેશ્યાના ઘેર જાય નહિ. સ્થૂલિભદ્ર વેશ્યાના ઘેર રહ્યા – એ વાત ખોટી છે. કોઈ કહે કે બ્રહ્મચર્યની પરીક્ષા માટે રહ્યા હતા, પણ જેમ જગતમાં ઝેરના ચાખીને પારખા કોઈ કરતું નથી તેમ આના પારખા હોય નહિ. મુનિ વેશ્યાના ઘેર જાય નહિ, જ્યાં પાપકર્મ-હિંસાકર્મ થતું હોય ત્યાં જાય નહિ, દીન-અનાથના ઘેર જાય નહિ, દાનશાળામાં, યજ્ઞશાળામાં, યજ્ઞપૂજનશાળામાં તથા વિવાહાદિ મંગળ જ્યાં હોય તેના ઘેર આહાર અર્થે મુનિ જાય નહિ. ધનવાનના ઘેર જવું કે નિર્ધનના ઘેર જવું એવો વિચાર કરે નહિ, શેઠિયાના

ઘેર જવાથી ધર્મની પ્રભાવના વધશે એમ વિચારી ત્યાં જતા નથી, કેમ કે ધર્મની પ્રભાવના શેઠિયાના ઘેર છે કે પોતાના આત્મામાં છે ? જે પોતાનો મોક્ષમાર્ગ જાળવી રાખે તે ખરેખર ધર્મની પ્રભાવના છે. માટે ધનવાનને ત્યાં જવું કે નિર્ધનને ત્યાં જવું એમ વિચારે નહિ, લોકનિંદ્યકૂળના ઘેર જાય નહિ, દીનવૃત્તિ કરે નહિ, આગમમાં કહ્યા પ્રમાણે દોષ, અંતરાય ટાળી નિર્દોષ પ્રાસુક આહાર લે તે ભિક્ષાશુદ્ધિ છે.

મુનિ એવા શ્રાવકને ત્યાં આહાર લેવા જાય કે જે પોતે પોતાના માટે જ શુદ્ધ આહાર કરતા હોય તેથી ત્યાં અશુદ્ધિ થતી નથી. અત્યારે તો સંપ્રદાયમાં એવી પદ્ધતિ થઈ ગઈ છે કે પર્યુષણ ટાણે આઠ આઠ દિવસના લોટ રાખે છે. એમાં ત્રસની ઉત્પત્તિ થાય છે. વળી અથાણાં કરે એમાં પણ ત્રસની ઉત્પત્તિ થાય છે. આવો ત્રસનો ખોરાક ખરેખર શ્રાવકને હોય જ નહિ. એવા ઘેર મુનિ આહાર લેવા જતા નથી, કેમકે ત્રસની હિંસાના ખોરાકનો ત્યાગ તો સહજ નીચલી દશામાં હોય છે.

ત્યાં લાભ-અલાભ, સરસ-નિરસમાં સમાનબુદ્ધિ રાખે એવી ભિક્ષા પાંચ પ્રકારની કહી છે. (૧) ગોચરી (૨) અક્ષમ્રક્ષણ (૩) ઉદરાગ્નિપ્રશમન (૪) ભ્રમરાહાર (૫) ગર્તપૂરણ

ગાયની માફક દાતારની સંપદાદિ તરફ નહિ જોતાં, જેવો પ્રાપ્ત થયો તેવો આહાર લેવામાં જ ચિત્ત રાખે તે ગોચરીવૃત્તિ છે. જેમ ગાડીને ઉંજણ કરી ગામ પહોચાડે તેમ સંયમની સાધક કાયાને નિર્દોષ આહાર આપી સંયમ સાધે તે અક્ષમ્રક્ષણવૃત્તિ છે. અગ્નિ લાગી હોય તેને જેવા તેવા પાણીથી બૂઝાવી ઘરને બચાવે તેમ ક્ષુધાઅગ્નિને સરસ-નિરસ આહારથી બુઝાવી પોતાના પરિણામ ઉજ્જવળ રાખે તે ઉદરાગ્નિપ્રશમનવૃત્તિ છે. ભમરો જેમ ફુલને બાધા ન પહોંચે અને વાસના લે તેમ મુનિ દાતારને બાધા પહોચાડ્યા સિવાય આહાર લે તે ભ્રમરાહારવૃત્તિ છે. તથા જેમ શુભ્ર એટલે ખાડાને જેમ તેમ ભરતી કરી ભરી દેવામાં આવે તેમ મુનિ સ્વાદ-બેસ્વાદ આહારથી ઉદરને ભરે તે ગર્તપૂરણવૃત્તિ છે. એ પ્રમાણે ભિક્ષાશુદ્ધિ છે.

(૬) પ્રતિષ્ઠાપનાશુદ્ધિ :- જીવોને જોઈ, યત્નપૂર્વક મળ-મૂત્ર-શ્લેષ્મ-થૂંક વગેરે ક્ષેપણ કરે તે પ્રતિષ્ઠાપનાશુદ્ધિ છે. મુનિને સહજ આ બધું હોય છે.

(૭) શયનાસનશુદ્ધિ :- જ્યાં સ્ત્રી, નપુંસક, દુષ્ટજીવ, ચોર-મદ્યપાની અને જીવવધ કરવાવાળા નીચ મનુષ્યો વસતા હોય ત્યાં મુનિ ન વસે તે શયનાસનશુદ્ધિ છે. વળી શૃંગાર-વિકારી આભૂષણ, સુંદરવેષ ધરનારી એવી વેશ્યાદિની જ્યાં ક્રિડા હોય, સુંદર ગીત, નૃત્ય. વાજીંત્ર જ્યાં થતા હોય, જ્યં વિકારના કારણરૂપ નગ્ન ગુપ્ત પ્રદેશ જેમા દેખાય એવા ચિત્ર હોય, જ્યાં હાસ્ય-મહોત્સવ, ઘોડા આદિને શિક્ષા આપવાનું સ્થાન હોય, વ્યાયામભૂમિ હોય તથા જેનાથી

ક્રોધાદિક ઊપજી આવે એવા ઠેકાણે મુનિ ન વસે તે પણ શયનાસનશુદ્ધિ છે. જેમ કાયોત્સર્ગપૂર્વક ઊભા રહેવાની શક્તિ હોય ત્યાં સુધી સ્વરૂપમાં લીન બની ઊભા રહે, પછી બેસે તથા કોઈ વેળા ખેદ મટાડવા માટે અલ્પકાળ સૂવે તે પણ શયનાસનશુદ્ધિ છે.

(૮) વાક્યશુદ્ધિ :- જ્યાં આરંભની પ્રેરણા રહિત વચન પ્રવર્તે, પણ યુદ્ધ-કામ-કર્કશ-પ્રલાપ-પૈશુન્ય-કઠોર-પરપીડાકારક વચન ન પ્રવર્તે, અનેક વિકથારૂપ વચન ન પ્રવર્તે, પોતાનું તથા પરનું જેથી હિત થાય એવા મીઠાં-મનોહર-વૈરાગ્યહેતુરૂપ સ્વાત્મ પ્રશંસા અને પરનિંદા રહિત સંયમીને યોગ્ય વચન પ્રવર્તે તે વચનશુદ્ધિ છે. મુનિ કોઈ રાજાને સંતાડે-છૂપાવે નહિ. કોઈ યુદ્ધની વાત કરે નહિ. કોઈના સગપણ કરાવી દે નહિ – એવો મુનિનો વ્યવહાર છે. એના જેને ઠેકાણા નથી તે મુનિ કેવા ? એટલે કે તેને મુનિપણું હોતુ નથી. મુનિને તો મધુર અને નિર્દોષવચન હોય છે તે વાક્યશુદ્ધિ છે.

એ પ્રમાણે મુનિને સંયમધર્મ હોય છે. એ સંયમના પાંચ ભેદ હોય છે. (૧) સામાયિક (૨) છેદોપસ્થાપના (૩) પરિહારવિશુદ્ધિ (૪) સૂક્ષ્મસાંપરાય અને (૫) યથાખ્યાન – એવા પાંચ ભેદ છે. તેનું વ્યાખ્યાન અન્ય ગ્રંથોથી જાણવું.

ગાથા-૪૦૦

**હવે ઉત્તમ તપ ધર્મને કહે છે.**

इहपरलोकसुखानां निरपेक्षः यः करोति समभावः।
विविधं कायक्लेशं तपोधर्मः निर्मलः तस्य।।४००।।

**અર્થ :- જે મુનિ આલોક-પરલોકના સુખની અપેક્ષા રહિત બની તથા સુખ-દુઃખ, શત્રુ-મિત્ર, તૃણ-કંચન અને નિંદા-પ્રશંસાદિમાં રાગદ્વેષરહિત સમભાવી થઈ અનેક પ્રકારથી કાયક્લેશ કરે છે, તે મુનિને ઉત્તમ તપધર્મ હોય છે.**

**ભાવાર્થ :- ચારિત્ર અર્થે જે ઉદ્યમ અને ઉપયોગ કરે તેને તપ કહ્યું છે, ત્યાં તે કાયક્લેશ સહિત જ થાય છે, તેથી આત્મામાં વિભાવપરિણતિના સંસ્કાર થાય છે. તેને મટાડવાનો તે ઉદ્યમ કરે છે. પોતાના શુદ્ધસ્વરૂપ ઉપયોગને ચારિત્રમાં થંભાવે છે. તે ઘણા જોરથી થંભે છે. એ જોર કરવું એ જ તપ છે. તે બાહ્ય-અભ્યંતર ભેદથી બાર પ્રકારનું કહ્યું છે. તેનું વર્ણન આગળ ચૂલિકામાં કરવામાં આવશે. તે પ્રમાણે ઉત્તમતપધર્મનું વર્ણન કર્યું.**

અર્થ :- જે મુનિ આલોક-પરલોકના સુખની અપેક્ષા રહિત બની તથા સુખ-દુઃખ, શત્રુ-મિત્ર, તૃણ-કંચન ને નિંદા-પ્રશંસાદિમાં રાગદ્વેષરહિત સમભાવી થઈ અનેક પ્રકારથી કાયક્લેશ કરે છે, તે મુનિને ઉત્તમ તપધર્મ હોય છે. અહીં તપ એટલે મુનિપણું છે. તે મુનિપણામાં કાયક્લેશ કરે છે, એમ કહેલ છે તે નિમિત્તનું કથન છે. ખરેખર તો જ્ઞાનને રાગ અને મનથી છૂટું પાડી એકલા આત્મામાં રમે છે તે તપ છે.

ભાવાર્થ :- ચારિત્ર અર્થે જે ઉદ્યમ અને ઉપયોગ કરે તે તપ કહ્યું છે. આત્મામાં પોતાનો ઉપયોગ પુરુષાર્થપૂર્વક જોડે તે ચારિત્ર અથવા તો તપ છે. વીતરાગદશા પ્રગટ કરે તે તપ છે. તે વખતે કાયક્લેશ હોય છે પણ તેથી આત્મામાં વિભાવપરિણતિના સંસ્કાર થાય છે. તેને મટાડવાનો મુનિ ઉદ્યમ કરે છે. એટલે કે કાયક્લેશમાં શરીર કૃશ થાય, અંગોપાંગ ઝલાય જાય વગેરેના નિમિત્તે વિભાવપરિણતિ-અણગમો-દ્વેષ ન થાય પણ સ્વભાવમાં વિશેષ લીનતા થાય એવો ઉદ્યમ મુનિ કરે છે. અને પોતાના શુદ્ધસ્વરૂપ ઉપયોગને ચારિત્રમાં થંભાવે છે. તે ઘણા જોરથી થંભે છે. એ જોર કરવું તે જ તપ છે. તે બાહ્ય-અભ્યંતર ભેદથી બાર પ્રકારનું છે. તેનું વર્ણન આગળ ચૂલિકામાં કરવામાં આવશે.

**ગાથા-૪૦૧**

**આગળ ઉત્તમત્યાગધર્મને કહે છે :-**

**यः त्यजति मिष्टभोज्यं उपकरणं रागद्वेषसंजनकं।**
**वसतिं ममत्वहेतुकां त्यागगुणः सः भवेत् तस्य।।४०१।।**

**અર્થ :- જે મુનિ મિષ્ટ ભોજન છોડે, રાગ-દ્વેષને ઊપજાવવાવાળા ઉપકરણોનો ત્યાગ કરે તથા મમત્વના કારણરૂપ વસ્તિકાનો ત્યાગ કરે તે મુનિને ઉત્તમ ત્યાગધર્મ છે.**

**ભાવાર્થ :- સંસાર–દેહ–ભોગના મમત્વનો ત્યાગ તો મુનિને પહેલાંથી જ હોય છે. અહીં તો જે વસ્તુથી કાર્યની જરૂર જણાય તેને મુખ્ય કરીને કહ્યું છે. આહારથી કામ પડે છે તો ત્યાં સરસ-નિરસ આહારમાં મમત્વ કરતાં નથી, પુસ્તક, પીંછી, કમંડળ એ ધર્મોપકરણોમાં જેનાથી રાગ તીવ્ર વધે એ પ્રમાણે તેને ન રાખે કે ગૃહસ્થના કામમાં ન આવે તથા કોઈ મોટી વસ્તિકા–રહેવાની જગ્યાથી કામ પડે તો ત્યાં એવી જગ્યામાં ન રહે કે જેનાથી મમત્વ ઊપજે ! એ પ્રમાણે ઉત્તમ ત્યાગધર્મ કહ્યો.**

અર્થ :- જે મુનિ મિષ્ટ ભોજન છોડે, રાગ-દ્વેષને ઊપજાવવાવાળા ઉપકરણોનો ત્યાગ કરે તથા મમત્વના કારણરૂપ વસ્તિકાનો ત્યાગ કરે તે મુનિનો ઉત્તમ ત્યાગધર્મ છે.

મુનિને મિષ્ટ ભોજન તો હોય છે પણ અહીં વિશેષ રાગ છોડે છે ત્યારે મિષ્ટ ભોજન હોતું નથી. એવા તપની અહીં વ્યાખ્યા છે, તે વખતે વિશેષ પુરુષાર્થ હોય છે અને મિષ્ટ ભોજનનો યોગ હોતો નથી તેથી તેને છોડે છે – એમ કહેલ છે. વળી ઉપકરણોમાં ઘડિયાળ વગેરે રાખતાં નથી. જે કોઈ રાગદ્વેષ ઉપજાવે એવા ઉપકરણો રાખે તેને વ્યવહારનાં પણ ઠેકાણાં નથી અને તેવા મુનિને નિશ્ચય ચારિત્ર હોતું જ નથી. નિશ્ચયચારિત્રપૂર્વક વ્યવહાર હોય છે, તે મુનિપણું છે. એવા સાચા મુનિની શ્રદ્ધા કહો કે સંવરતત્વની શ્રદ્ધા કહો તે એક જ છે, માટે મુનિધર્મનું યથાર્થ જ્ઞાન કરવું જોઈએ.

# પ્રસાદ નં. – ૨૯૪

**વી. નિ સં. ૨૪૭૮, શ્રાવણ વદ ૧૪, વર્ષ ૨જું. પુસ્તક દસમું,**
**સોનગઢ, તા. ૧૯-૮-૫૨, મંગળવાર.**

# શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(શ્રાવણ વદ ૯, ગુરુવાર, ૧૪-૮-૫૨ સવાર)**

આ ધર્માનુપ્રેક્ષા ચાલે છે. એમાં જ્ઞાની દસ પ્રકારના ધર્મોનો વિચાર કરે છે. મુનિને ઉત્તમ ત્યાગધર્મ હોય છે. એનું વર્ણન કરતાં સાચા મુનિ કેવા હોય અને તેમને ત્યાગ શેનો હોય, તે બતાવતાં એનાથી વિરુદ્ધ ભાવો હોય તેમાં મુનિપણું રહેતું નથી – એમ કહેલ છે. એ કાંઈ બીજાના દોષો કાઢવા માટે નથી પણ એવા દોષો પોતામાં હોય તો ટાળવા જેવા છે એમ કહે છે. પરમાં એવા દોષો હોય તો જ્ઞાન કરવા જેવું છે. સમ્યગ્દૃષ્ટિ અગર મુનિ ભાવના કરે છે, એમાં રાગ ઘટીને સંવર થાય છે અને એને આનંદની વૃદ્ધિ થાય છે.

ભાવાર્થ :- સંસાર–દેહ–ભોગના મમત્વનો ત્યાગ તો મુનિને પહેલાંથી જ હોય છે. અહીં તો જે વસ્તુથી કાર્યની જરૂર જણાય તેને મુખ્ય કરીને કહ્યું છે. આહારથી કામ પડે છે તો ત્યાં મુનિ સરસ-નિરસ આહારમાં મમત્વ કરતાં નથી. ૪૬ દોષરહિત આહાર લે છે પણ એમાં મુનિ ગૃદ્ધિભાવ કરતા નથી. પુસ્તક, પીંછી, કમંડળ એ ધર્મોપકરણોમાં જેનાથી રાગ તીવ્ર વધે એ પ્રમાણે તેને ન રાખે. મુનિ, ગૃહસ્થના કામમાં ન આવે એવા ઉપકરણો રાખે. એ સિવાય મુનિ પોસ્ટકાર્ડ, ઘડિયાળ, ફાઉન્ટનપેન વગેરે રાખે નહિ, અને પોસ્ટકાર્ડ કોઈની પાસે

રખાવે પણ નહિ, મુનિ આત્માના જ્ઞાન-ધ્યાનમાં વર્તે છે, ઉપશમરસમાં ઝૂલે છે. કોઈ મોટી વસ્તિકા એટલે રહેવાની જગ્યાથી કામ પડે તો ત્યાં એવી જગ્યામાં ન રહે કે જેનાથી મમત્વ ઊપજે ! આલીશાન બંગલામાં મુનિ રહે નહિ એવો મમત્વભાવ મુનિને હોતો નથી.

આવો મુનિપણાનો ત્યાગધર્મ છે. તેવું ચારિત્ર હોય નહિ અને મુનિપણું મનાવે તો તે જીવ નિગોદનું આરાધન કરી રહ્યો છે. કુંદકુંદાચાર્યદેવ કહે છે કે કોઈ મુનિ નામ ધરાવી વસ્ત્રનો તાણો વાણો રાખે તો તે નિગોદનો કામી છે, તે મુનિ નથી પણ ગૃહિત મિથ્યાદૃષ્ટિ છે. શાસ્ત્રમાં તો મિથ્યાત્વના પોષણ કરનારને સાત વ્યસન કરતાં પણ મહાન પાપ કહેલ છે. મુનિપણું હોય નહિ છતાં મુનિપણું માને, મનાવે તો તે જીવ નિગોદનું આરાધન કરી રહ્યો છે. એટલે અહીં મુનિના ત્યાગધર્મનું વર્ણન કરતાં કહે છે કે મુનિને બીજો બધો તો ત્યાગ છે, પણ ઉપકરણો આદિનો ત્યાગ નથી છતાં એમાં મમતા કરતાં નથી, તે ઉત્તમ ત્યાગધર્મ છે.

હવે આગળ ઉત્તમ આકિંચનધર્મ કહે છે :-

**ગાથા-૪૦૨**

**આગળ ઉત્તમઆકિંચનધર્મને કહે છે :-**

**त्रिविधेन यः वर्ज्जयति चेतनं इदरं च सर्वथा सङ्गम्।**
**लोकव्यवहारविरतः निग्रन्थत्वं भवेत् तस्य।।४०२।।**

**અર્થ :- જે મુનિ મન-વચન-કાય, કૃત-કારિત-અનુમોદનાપૂર્વક સર્વ-ચેતન અચેતન પરિગ્રહનો સર્વથા ત્યાગ કરે છે. કેવો થતો થકો ? લોકવ્યવહારથી વિરક્ત થતો થકો ત્યાગ કરે છે, તે મુનિને નિર્ગ્રંથપણું હોય છે.**

**ભાવાર્થ :- મુનિ અન્ય પરિગ્રહ તો છોડે જ છે પરંતુ મુનિપણામાં યોગ્ય એવા ચેતન તો શિષ્યસંઘ તથા અચેતન, પુસ્તક-પીંછી-કમંડળ આદિ ધર્મોપકરણ અને આહાર-વસ્તિકા-દેહ એનાથી સર્વથા મમત્વ ત્યાગ કરે, એવો વિચાર કરે કે `હું તો એક આત્મા જ છું, અન્ય મારું કાંઈ પણ નથી, હું અકિંચન છું' – એવો નિર્મમત્વ થાય તેને ઉત્તમ આકિંચનધર્મ હોય છે.**

અર્થ :- જે મુનિ મન-વચન-કાય, કૃત-કારિત-અનુમોદનાપૂર્વક સર્વ ચેતન અચેતન પરિગ્રહનો સર્વથા ત્યાગ કરે છે. કેવો થતો થકો ? લોકવ્યવહારથી વિરક્ત થતો થકો ત્યાગ કરે છે, તે મુનિને નિર્ગ્રંથપણું હોય છે.

ભાવાર્થ :- મુનિ અન્ય પરિગ્રહ તો છોડે જ છે પરંતુ મુનિપણામાં યોગ્ય એવા ચેતન તો શિષ્યસંઘ તથા અચેતન, પુસ્તક-પીંછી-કમંડળ આદિ ધર્મોપકરણ અને આહાર-વસ્તિકા-દેહ એનાથી સર્વથા મમત્વ ત્યાગ કરે અને એવો વિચાર કરે કે હું તો એક આત્મા જ છું, અન્ય મારું કાંઈ પણ નથી, હું અકિંચન છું – એવો નિર્મમત્વ થાય તેને ઉત્તમ આકિંચનધર્મ હોય છે.

મુનિને કોઈ સાંસારિક ચેતન પદાર્થોનો પરિગ્રહ હોતો નથી પણ જે શિષ્ય આદિ હોય છે એના ઉપર પણ મુનિને મમત્વ ભાવ થતો નથી અને પર્યાયમાં રાગ થાય છે તે પણ મારી કાયમી ચીજ નથી. હું તો પરવસ્તુના સંબંધ વિનાનો છું, એમ મુનિ વિચારે છે. આ તો ચારિત્રદશાની વાત છે, નિર્ગ્રંથ પદ કેવું હોય ? તેની જેને ખબર નથી એણે તો મુનિપદને વીંખી નાખ્યું છે એટલે કે મુનિના માર્ગને તોડી નાખ્યો છે. આ કાળે ભાવલિંગી મુનિ સાંભળવામાં કે જોવામાં આવ્યા નથી. દ્રવ્યલિંગી હોય તો એની અહીં વાત નથી. અહીં વીતરાગીદશા પ્રગટ થઈ હોય અને આનંદમાં ઝૂલતા હોય એવા મુનિને બહારમાં મોરપીંછી, કમંડળાદિ ઉપકરણો હોય છે પણ એમાં તેમને મમત્વભાવ થતો નથી. તેનું અસંગપણું વિચારે છે. ચિત્તનો પણ સંગ છોડી દે છે અને નિર્મમત્વ થાય છે તે આકિંચનધર્મ છે.

અહો ! કેટલાકે તો મુનિધર્મ કેવો હોય તે સાંભળ્યું પણ નથી તેથી એને ધર્મ ક્યાંથી થાય ? ન જ થાય. માટે તું તારી શ્રદ્ધા સુધારવા માટે મુનિપણાના સ્વરૂપને જાણ ! ગુણને યથાર્થ જાણતાં ગુણનો આદર થયા વગર રહે નહિ અને તેથી શ્રદ્ધામાં વિપરીતતા રહેતી નથી, આ વાતને સમજ્યા વગર બબ્બે મહિનાનો સંથારો કરે પણ તેને મિથ્યાત્વ હોવાના કારણે નિગોદનું આરાધન થઈ રહ્યું છે. કદાચ તે સ્વર્ગમાં જાય તો તે અપવાદ માર્ગ છે, પણ મિથ્યાત્વી તો નિગોદમાં જાય છે તે ઉત્સર્ગ માર્ગ છે. આ વાત કોઈનો તિરસ્કાર કે અનાદર કરવા માટે નથી. એ વાત પહેલાં કહી ગયા છીએ કે પોતામાં વિપરીતતા ન આવે એ માટે આ વાત કહેવાય છે. માટે જીવોએ મૂઢતા ટાળીને મુનિપણાનું યથાર્થ જ્ઞાન કરવું જોઈએ, એ રીતે મુનિનો ઉત્તમ આકિંચન એટલે મમત્વરહિતધર્મ કહ્યો.

હવે આગળ ઉત્તમ બ્રહ્મચર્યધર્મ કહે છે :-

ગાથા-૪૦૩

આગળ ઉત્તમબ્રહ્મચર્યધર્મને કહે છે :-

**यः परिहरति संङ्गं महिलानां नैव पश्यति रूपं।**
**कामकथादिनिवृत्तः नवधा ब्रह्म भवेत् तस्य।।४०३।।**

અર્થ :- જે મુનિ, સ્ત્રીઓની સંગતિ ન કરે, તેના રૂપને ન નિરખે, કામની કથા તથા `આદિ' શબ્દથી તેના સ્મરણાદિથી રહિત હોય, એ પ્રમાણે મન-વચન-કાય, કૃત-કારિત-અનુમોદના એમ નવ પ્રકારથી તેનો ત્યાગ કરે તે મુનિને ઉત્તમ બ્રહ્મચર્યધર્મ હોય છે.

ભાવાર્થ :- અહીં એમ પણ જાણવું કે :- "બ્રહ્મ" નામ આત્મા છે તેમાં લીન થાય તે બ્રહ્મચર્ય છે. પરદ્રવ્યમાં આત્મા લીન થાય તેમાં સ્ત્રીમાં લીન થવું પ્રધાન છે. કારણ કે કામ મનમાં ઉત્પન્ન થાય છે એટલે અન્ય કષાયોથી પણ એ પ્રધાન છે અને એ કામનું આલંબન સ્ત્રી છે. એટલે તેનો સંસર્ગ છોડી મુનિ પોતાના સ્વરૂપમાં લીન થાય છે. તેની સંગતિ કરવી, રૂપ નિરખવું, તેની કથા કરવી, સ્મરણ કરવું એ સર્વ છોડે તેને બ્રહ્મચર્ય હોય છે. અહીં (સંસ્કૃત) ટીકામાં શીલના અઢાર હજાર ભેદ આ પ્રમાણે લખ્યા છે :-

અચેતન સ્ત્રી-કાષ્ટ પાષાણ અને લેપકૃત છે તેને મન-વચન-કાય તથા કૃત-કારિત-અનુમોદના એ છ એ ગુણતાં અઢાર ભેદ થયા. તેને પાંચ ઈંદ્રિયોથી ગુણતાં નેવું ભેદ થયા. તેને દ્રવ્ય અને ભાવથી ગુણતાં એકસો એંશીં ભેદ થયા. તેને ક્રોધ-માન-માયા-લોભ એ ચારેથી ગુણતાં સાતસો વીશ ભેદ થયા (એ પ્રમાણે અચેતન સ્ત્રીનિમિત્તિક કુશીલ સાતસો વીશ ભેદે થયું) તથા :-

ચેતન સ્ત્રી-દેવાંગના, મનુષ્યણી અને તિર્યંચણી, એ ત્રણને કૃત-કારિત-અનુમોદનાથી ગુણતાં નવ ભેદ થયા, તેને મન-વચન-કાયા એ ત્રણથી ગુણતાં સત્તાવીશ ભેદ થયા. તેને પાંચ ઈંદ્રિયોથી ગુણતાં એકસો પાંત્રીશ ભેદ થયા. તેને દ્રવ્ય અને ભાવથી ગુણતાં બસો શીતેર ભેદ થયા. તેને આહાર-ભય-મૈથુન-પરિગ્રહ એ ચાર સંજ્ઞાથી ગુણતાં એક હજાર એંશી ભેદ થયા. તેને અનંતાનુબંધી-અપ્રત્યાખ્યાનાવરણી-પ્રત્યાખ્યાનાવરણી અને સંજ્વલનરૂપ ક્રોધ-માન-માયા-લોભરૂપ સોળ કષાયોથી ગુણતાં સત્તર હજાર બસો એંશી ભેદ થયા. તેમાં ઉપરના અચેતન સ્ત્રીનિમિત્તિક સાતસો વીશ મેળવતાં કુશીલના ૧૮૦૦૦-અઢાર હજાર ભેદ થાય છે. વળી એ ભેદોને અન્ય પ્રકારથી પણ કહ્યા છે તે અન્ય ગ્રંથોથી જાણવા.[1] એ બધા આત્માની પરિણતિ વિકારના ભેદ છે તે બધાને છોડી જ્યારે આત્મા પોતાના સ્વરૂપમાં રમણ કરે ત્યારે ઉત્તમ બ્રહ્મચર્યધર્મ હોય છે.

અર્થ :- જે મુનિ, સ્ત્રીઓની સંગતી ન કરે, તેના રૂપને ન નિરખે, કામની કથા તથા આદિ શબ્દથી તેના સ્મરણાદિથી રહિત હોય, એ પ્રમાણે મન-વચન-કાય, કૃત-કારિત-અનુમોદના એમ નવ પ્રકારથી તેને ત્યાગ કરે તે મુનિને ઉત્તમ બ્રહ્મચર્યધર્મ હોય છે. જુઓ, અહીં મુનિના બ્રહ્મચર્યની વાત છે, મુનિ સ્ત્રીના રૂપને, સુંદરતાને, નમણાઈને રાગથી ન જુએ અને તેનું સ્મરણ પણ ન કરે, એને સાચું બ્રહ્મચર્ય હોય છે.

ભાવાર્થ :- અહીં એમ પણ જાણવું કે :- "બ્રહ્મ" નામ આત્મા છે તેમાં લીન થાય તે બ્રહ્મચર્ય છે. આ પ્રમાણે શાસ્ત્રમાં બ્રહ્મચર્યનો અર્થ આવે છે તે વાંચીને જેને આત્માનું ભાન નથી અને કુદેવાદિની શ્રદ્ધાથી પણ જે છૂટ્યા નથી એવા ગૃહીત મિથ્યાદૃષ્ટિ આ રીતે આત્માની વાત કરે છે, જેને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની ખબર નથી, એટલે યથાર્થ પદાર્થ કોણ કહે – એની જેને પરીક્ષા નથી તેને આ વાત ક્યાંથી હોય ? એટલે કે ન જ હોય, જેમ ઈમીટેશનના વેપારી અને હીરાના વેપારીની પરીક્ષા જેને ન હોય, તે ઈમીટેશનના વેપારી પાસેથી હીરા લેવા જાય તો એને મળે નહિ, તેમ જેને સાચા દેવાદિની શ્રદ્ધા હોય નહિ અને એની નકલ કરે તો એને બ્રહ્મ એવા આત્માની પ્રાપ્તિ થાય નહિ.

દયા, દાન, ભક્તિના શુભભાવથી ધર્મ થાય એવી જેની પ્રરૂપણા છે તેને ગૃહીત મિથ્યાત્વ તો પડ્યું છે પણ શાસ્ત્રના બહાના નીચે અધ્યાત્મની વાત કરે છે, તે ગૃહીત મિથ્યાત્વને પણ પુષ્ટ કરે છે. ગૃહીત મિથ્યાત્વને ટાળ્યા વિના બ્રહ્મ અર્થાત્ આત્માનું સાચું કથન પણ આવે નહિ. ઘણા માણસો સાંભળવા જાય માટે સત્ય પ્રરૂપણા હશે એમ લોકો માને છે પણ તે સત્‌નું પ્રમાણ નથી. સત્‌નું પ્રમાણ તો સત્‌ની કસોટી એ છે. દેશના નેતા હોય અને ભાષણ કરે એમાં પણ ઘણા માણસો સાંભળવા જાય છે. મુસલમાન કુરાન વાંચે તો એમાં પણ ઘણા માણસો હોય છે, પણ વસ્તુ સ્થિતિને યથાર્થ જાણ્યા વગર સત્ હોતું નથી. મોક્ષમાર્ગ કઈ રીતે

---

[1] અશુભમન-વચન-કાયને શુભમન-વચન–કાયથી હણવા એ રીતે શીલના નવ ભેદ થયા.
એ નવને અહાર, ભય, મૈથુન, પરિગ્રહરૂપ ચાર સંજ્ઞાઓથી ગુણતાં ૩૬ ભેદ થયા.
એ છત્રીસને પાંચ ઇન્દ્રિઓના જયથી ગુણતાં ૧૮૦ ભેદ થયા.

એ ૧૮૦ ને પૃથ્વી, અપ, તેજ, વાયુ, વનસ્પતિ, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચાર ઇન્દ્રિય, સંજ્ઞિપંચેન્દ્રિય અને અસંજ્ઞિપંચેન્દ્રિય એ દશ ભેદથી ગુણતાં ૧૮૦૦ ભેદ થયા.

તેને ઉત્તમક્ષમાદિ દશધર્મે ગુણતાં ૧૮૦૦૦ ભેદ થયા.

ષટ્પ્રાભૃતાદિસંગ્રહ પૃષ્ઠ–૨૬૭

પ્રગટ થાય એને જાણી, તેની શ્રદ્ધા કરી મોક્ષમાર્ગ પ્રગટ કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું હોય તેણે કહેલો માર્ગ તે સત્ય માર્ગ છે. એવા દેવાદિને જાણે નહિ, શ્રદ્ધે નહિ, તે રાગથી અને પુણ્યથી ધર્મ માને છે અને મનાવે છે તેને આત્માની ખબર નથી, તો આત્મામાં લીન થવું એ તો એને હોય જ નહિ.

પરદ્રવ્યમાં આત્મા લીન થાય એટલે રાગમાં લીન થાય. તેમાં સ્ત્રીના રાગમાં લીન થાવું પ્રધાન છે. કારણ કે કામ મનમાં ઉત્પન્ન થાય છે એટલે અન્ય કષાયોથી પણ એ પ્રધાન છે અને એ કામનું આલંબન સ્ત્રી છે. એટલે તેનો સંસર્ગ છોડી મુનિ પોતાના સ્વરૂપમાં લીન થાય છે. તેની સંગતી કરવી, રૂપ નિરખવું, તેની કથા કરવી, સ્મરણ કરવું એ સર્વ છોડે તેને બ્રહ્મચર્ય હોય છે. કામનું મૂળ તો કલ્પના છે, કલ્પનાનું દોરડું લાંબુ ચાલે અને વિકલ્પોનું લંબાણ થાય. ક્રોધ, માન, માયા અને લોભ તો બહાર દેખાય પણ કામની કલ્પના તો અંદરમાં ને અંદરમાં ગડમથલ થાય, વિશેષ થાય ત્યારે બહાર દેખાય, એ કલ્પનાને છોડીને આત્મામાં લીન થવું તે બ્રહ્મચર્ય છે. પર પદાર્થનું ચિંતવન કરનાર સ્વપદાર્થની લીનતાને છોડે છે, તે ભાવ અબ્રહ્મચર્યનું કારણ છે. અહીં તો મુનિપણાની વાત છે. આત્માનું ભાન થયા પછી નિરંતર આત્મામાં રમણતા કરે છે એ બ્રહ્મચર્ય છે.

હવે સંસ્કૃત ટીકામાં શીલના અઢાર હજાર ભેદ કહ્યા છે તે કહે છે :-

અચેતન સ્ત્રી-કાષ્ટ પાષાણ અને લેપ કૃત છે તેને મન-વચન-કાય તથા કૃત-કારિત-અનુમોદના એ છ એ ગુણતાં અઢાર ભેદ થયા. તેને પાંચ ઈંદ્રિયોથી ગુણતાં નેવું ભેદ થયા. તેને દ્રવ્ય અને ભાવથી ગુણતાં એકસો એંશીં ભેદ થયા. તેને ક્રોધ-માન-માયા-લોભ એ ચારેથી ગુણતાં સાતસો વીશ ભેદ થયા (એ પ્રમાણે અચેતન સ્ત્રીનિમિત્તિક કુશીલ સાતસો વીશ ભેદે થયું) તથા :-

ચેતન સ્ત્રી-દેવાંગના, મનુષ્યણી અને તિર્યંચણી, એ ત્રણને કૃત-કારિત-અનુમોદનાથી ગુણતાં નવ ભેદ થયા, તેને મન-વચન-કાયા એ ત્રણથી ગુણતાં સત્તાવીશ ભેદ થયા. તેને પાંચ ઈંદ્રિયોથી ગુણતાં એકસો પાંત્રીશ ભેદ થયા. તેને દ્રવ્ય અને ભાવથી ગુણતાં બસો શીતેર ભેદ થયા. તેને આહાર-ભય-મૈથુન-પરિગ્રહ એ ચાર સંજ્ઞાથી ગુણતાં એક હજાર એંશી ભેદ થયા. તેને અનંતાનુબંધી અપ્રત્યાખ્યાનાવરણી-પ્રત્યાખ્યાનાવરણી અને સંજ્વલનરૂપ ક્રોધ-માન-માયા-લોભરૂપ સોળ કષાયોથી ગુણતાં સત્તર હજાર બસો એંશી ભેદ થયા. તેમાં ઉપરના અચેતન સ્ત્રીનિમિત્તિક સાતસો વીશ મેળવતાં કુશીલના ૧૮૦૦૦-અઢાર હજાર ભેદ થાય છે. વળી એ ભેદોને અન્ય પ્રકારથી પણ કહ્યા છે તે અન્ય ગ્રંથોથી જાણવા, એ બધા આત્માની પરિણતિ વિકારના ભેદ છે તે બધાને છોડી જ્યારે આત્મા પોતાના સ્વરૂપમાં રમણ કરે ત્યારે ઉત્તમ બ્રહ્મચર્યધર્મ હોય

છે.

આ શીલના અઢાર હજાર ભેદ કોને હોય છે ? તો કહે છે કે આ અઢાર હજાર ભેદમાંહેનો એક પણ વિકલ્પ વસ્તુસ્વભાવમાં નથી, એવી પ્રતીતિ પ્રથમ કરે તેને હોય છે. કેમ કે એવી પ્રતીત થયા વિના અસ્થિરતાના વિકલ્પનો અભાવ થાય નહિ. અહીં એકલા બ્રહ્મચર્યની વાત નથી. વસ્તુના સ્વભાવને સમજ્યા વગર અને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા વગર બહારના ત્યાગથી સાધુપણું મનાવે તો તે ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે. દયા, દાન, ભક્તિ, પૂજા આદિમાં તો પાપ મનાવે અને માત્ર કથાઓ વાંચી જગતના જીવોને મુગ્ધ કરે પણ એમાં ધર્મ નથી. કથા તો ચારણ પણ કરે છે. સાધુ નામ ધરાવે પણ તત્વની ખબર હોય નહિ અને વ્યવહારના પણ ઠેકાણાં ન હોય તો તે ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે. માટે જીવે પરીક્ષા કરવી જોઈએ. એમને એમ માની લેવાની આ વાત નથી.

દુનિયા આખી કહે છે કે અમારી વાત સાચી છે પણ જેને પાંચ રૂપિયા આપવાની તાકાત નથી તે કહે કે કાલે હું લાખ રૂપિયા આપીશ તો તે વાત ખોટી છે, તેમ સુદેવ-ગુરુ-શાસ્ત્રની તો ખબર નથી અને આત્માની વાત કરે તો તે ખોટો છે. જેને તત્વ અને અતત્વની ખબર નથી, તે મિથ્યાદૃષ્ટિ છે. સર્વજ્ઞના શાસન સિવાય બીજે આવી અખંડ આત્માની વાત હોય નહિ.

હવે આગળ શીલવાનનું માહાત્મ્ય બતાવતાં બીજા શાસ્ત્રની ગાથાનો આધાર આપે છે :-

**આગળ શીલવાનનું મહાત્મ્ય કહે છે :-**

**यः न अपि याति विकारं तरूणिजनकटाक्षबाणविद्धः अपि।**
**सः एव शूरशूरः रणशूरः न भवेत् शूरः।।**

**અર્થ :- જે પુરુષ, સ્ત્રીજનના કટાક્ષરૂપ બાણોથી વિંધાયો છતાં પણ વિકારને પ્રાપ્ત થતો નથી તે શૂરવીરોમાં પ્રધાન છે પરંતુ જે રણસંગ્રામમાં શૂરવીર છે તે ખરેખર શૂરવીર નથી.**

**ભાવાર્થ :- યુદ્ધમાં સામી છાતીએ મરવાવાળા શૂરવીર તો ઘણા છે પણ જે સ્ત્રીવશ ન બની બ્રહ્મચર્યવ્રતપાલન કરે છે એવા વિરલા છે એ જ ઘણા સાહસી-શૂરવીર અને કામને જીતવાવાળા ખરા સુભટ છે. એ પ્રકારે દશ પ્રકારથી યતિધર્મનું વ્યાખ્યાન કર્યું. હવે તેને સંકોચે છે :-**

અર્થ :- જે પુરુષ, સ્ત્રીજનના કટાક્ષરૂપ બાણોથી વિંધાયો છતાં પણ વિકારને પ્રાપ્ત થતો નથી એટલે કે જેને પરદ્રવ્ય ઉપરથી આસક્તિ છૂટી ગઈ છે તેના જ્ઞાનમાં સ્ત્રીના કટાક્ષનો ખ્યાલ આવે ખરો પણ તે વિકારને પ્રાપ્ત થતો નથી તે શૂરવીરોમાં પ્રધાન છે, એટલે એની જ્ઞાનની ઉગ્રતા વિશેષ હોય છે. જેને રાગની ઉત્પત્તિ થતી નથી તે જ શૂરવીર છે. પણ રણમાં માથાં આપે તે શૂરવીર નથી કેમ કે એવું તો અભવી પણ કરે એટલે એવી શૂરવીરતા અનંતવાર કરી પણ તે ખરેખર શૂરવીર નથી. ચારણોની જમીન જ્યારે કોઈ બીજા પડાવી લેતા હોય ત્યારે ચારણ કપાસિયાનું ગાડું ભરીને એમાં ગ્યાસતેલ છાંટી ચોગાનની અંદર સળગાવી પોતે બળી મરે, રાડ પણ ન પાડે, ઉંકારો પણ કરે નહિ. વળી કોઈ રાજાનો કુંવર હોય, લડાઈમાં જાય ત્યાં યુદ્ધ કરીને મરે પણ તે ખરેખર શૂરવીરતા નથી પણ જેને વિકારના પરિણામ થતા નથી તે શૂરવીરમાં પ્રધાન છે એટલે તેને સાચી શૂરવીરતા છે.

ભાવાર્થ :- યુદ્ધમાં સામી છાતીએ મરવાવાળા શૂરવીર તો ઘણા છે પણ જે સ્ત્રીવશ ન બની બ્રહ્મચર્યવ્રત પાલન કરે છે એવા વિરલા છે એ જ ઘણા સાહસી-શૂરવીર અને કામને જીતવાવાળા ખરા સુભટ છે. એ પ્રકારે દશ પ્રકારથી યતિધર્મનું વ્યાખ્યાન કર્યું.

**શ્રાવણ વદ ૧૦, શુક્રવાર, ૧૫-૮-૫૨**

આ ધર્માનુપ્રેક્ષામાં મુનિના દશ પ્રકારના ધર્મની વાતને હવે સંકોચે છે.

**ગાથા-૪૦૪**

**एष: दशप्रकार: धर्म: दशलक्षण: भवेत् नियमात्।**
**अन्य: न भवति धर्म: हिंसा सूक्ष्मा अपि यत्र अस्ति।।४०४।।**

**અર્થ :- આ દશ પ્રકારરૂપ ધર્મ છે તે જ નિયમથી દશ લક્ષણ સ્વરૂપધર્મ છે પરંતુ બીજા કે જ્યાં સૂક્ષ્મ પણ હિંસા હોય તે ધર્મ નથી.**

**ભાવાર્થ :- જ્યાં હિંસા કરી તેમાં કોઈ અન્યમતિ ધર્મ સ્થાપન કરે તેને ધર્મ કહી શકાય નહિ. આ દશ લક્ષણસ્વરૂપ ધર્મ કહ્યા તે જ નિયમથી ધર્મ છે.**

**આગળ આ ગાથામાં કહ્યું કે – `જ્યાં સૂક્ષ્મ પણ હિંસા હોય ત્યાં ધર્મ નથી'. એ જ અર્થને સ્પષ્ટતાપૂર્વક કહે છે :-**

અર્થ :- આ દશ પ્રકારરૂપ ધર્મ છે તે જ નિયમથી દશ લક્ષણ સ્વરૂપધર્મ છે એટલે કે વીતરાગીદશા તે નિયમથી દશ પ્રકારનો ધર્મ છે પરંતુ બીજા કે જ્યાં સૂક્ષ્મ પણ હિંસા હોય તે ધર્મ નથી, રાગની તીવ્રતા હોય ત્યાં ધર્મ હોતો નથી.

ભાવાર્થ :- જ્યાં હિંસા કરી તેમાં કોઈ અન્યમતિ ધર્મ સ્થાપન કરે તેને ધર્મ કહી શકાય નહિ. આ દશ લક્ષણસ્વરૂપ ધર્મ કહ્યા તે જ નિયમથી ધર્મ છે.

આગળ આ ગાથામાં કહ્યું કે – 'જ્યાં સૂક્ષ્મ પણ હિંસા હોય ત્યાં ધર્મ નથી'. એ જ અર્થને સ્પષ્ટતાપૂર્વક કહે છે :-

ગાથા-૪૦૫

हिंसारम्भ: न शुभ: देवनिमित्तं गुरूणां कार्येषु।
हिंसा पापं इति मत: दयाप्रधान: यत: धर्म:।।४०५।।

**અર્થ :- `હિંસા થાય તે પાપ છે તથા જેમાં દયા પ્રધાન છે તે ધર્મ છે' એમ કહ્યું છે માટે દેવના અર્થે વા ગુરુ કાર્યને અર્થે હિંસા આરંભ કરવાં તે શુભ નથી.**

**ભાવાર્થ :- અન્યમતી હિંસામાં ધર્મસ્થાપન કરે છે. મીમાંસક તો યજ્ઞ કરે છે તેમાં પશુઓને હોમી તેનું શુભ ફળ બતાવે છે, દેવી-ભૈરવના ઉપાસકો બકરાં વગેરે મારી દેવી-ભૈરવને ચઢાવે છે અને તેનું શુભફળ માને છે, બૌધમતી હિંસા કરી માંસાદિકના આહાર શુભ કહે છે. તથા શ્વેતાંબરોના કેટલાંક સુત્રોમાં એમ કહ્યું છે કે :- `દેવ-ગુરુ-ધર્મના માટે ચક્રવર્તિની સેનાને પીલી નાખવી – જે સાધુ આ પ્રમાણે નથી કરતો તે અનંત સંસારી થાય છે' વળી કોઈ ઠેકાણે મદ્ય માંસનો આહાર પણ તેમાં લખ્યો છે, એ સર્વનો આ ગાથાથી નિષેધ કર્યો છે એમ સમજવું.**

**જે દેવ-ગુરુના કાર્ય માટે પણ હિંસાનો આરંભ કરે છે તે શુભ નથી, ધર્મ તો દયાપ્રધાન જ છે.**

**વળી આ પ્રમાણે પણ સમજવું કે પૂજા, પ્રતિષ્ઠા, ચૈતાલયનું નિર્માપન, સંઘ-યાત્રા તથા વસ્તિકાનું નિર્માપન આદિ ગૃહસ્થનાં કાર્યો છે તેને પણ મુનિ પોતે ન કરે – ન કરાવે – ન અનુમોદે. કારણ કે તે ગૃહસ્થોનો ધર્મ છે. તે જેમ એ (ગૃહસ્થધર્મના) સુત્રોમાં વિધાન લખ્યું હોય તેમ ગૃહસ્થ કરે. ગૃહસ્થ મુનિને આ સંબંધી પ્રશ્ન કરે તો મુનિ આમ કહે કે `જિન સિદ્ધાતમાં પૂજા-પ્રતિષ્ઠાદિ ગૃહસ્થધર્મ લખ્યો છે તેમ કરો' આ પ્રમાણે કહેવામાં હિંસાનો દોષ તો ગૃહસ્થને જ છે, માત્ર એ શ્રદ્ધાન-ભક્તિધર્મની પ્રધાનતા તેમાં જે થઈ – એ સંબંધી જે પુણ્ય થયું તેના સીરી (ભાગીદાર) મુનિ પણ છે પરંતુ હિંસા તો ગૃહસ્થની છે તેના સીરી (ભાગીદાર) નથી. વળી ગૃહસ્થ પણ જો હિંસા કરવાનો અભિપ્રાય કરે તો તે અશુભ જ છે. પૂજા-પ્રતિષ્ઠા યત્નપૂર્વક કરે છે તે કાર્યમાં ગૃહસ્થને હિંસા થાય તો તે કેમ ટળે ? તેનું સમાધાન આ છે કે – સિદ્ધાંતમાં આમ પણ કહ્યું છે કે "અલ્પ અપરાધ લાગતાં પણ જો ઘણું પુણ્ય થતું હોય તો એવું કાર્ય ગૃહસ્થને કરવું યોગ્ય છે. ગૃહસ્થ તો જેમાં નફો જાણે તે કાર્ય કરે, જેમ થોડું દ્રવ્ય આપતાં પણ જો ઘણું દ્રવ્ય આવતું હોય તો તે કાર્ય કરે છે, પણ મુનિને આવા કાર્ય હોતાં નથી. તેને તો સર્વથા યત્નપૂર્વક જ પ્રવર્તવું યોગ્ય છે એમ સમજવું".**

અર્થ :- 'હિંસા થાય તે પાપ છે તથા જેમાં દયા પ્રધાન છે તે ધર્મ છે' એમ કહ્યું છે માટે દેવના અર્થે વા ગુરુ કાર્યને અર્થે હિંસા આરંભ કરવાં તે શુભ નથી. પરની એકલી દયા તે શુભભાવ છે. અહીં તો આત્માના ભાનપૂર્વક રાગ રહિત દશા થાય તે અહિંસાભાવ ધર્મ છે અને તે વખતે અહિંસાના શુભભાવ થાય તે વ્યવહારે ધર્મ છે. પણ દેવ-ગુરુ-શાસ્ત્ર માટે હિંસા આદિના પરિણામ કરવા તે શુભ નથી.

ભાવાર્થ :- અન્યમતી હિંસામાં ધર્મસ્થાપન કરે છે. મીમાંસક તો યજ્ઞ કરે છે તેમાં પશુઓને હોમી તેનું શુભ ફળ બતાવે છે, દેવી-ભૈરવના ઉપાસકો બકરાં વગેરે મારી દેવી-ભૈરવને ચઢાવે છે અને તેનું શુભફળ માને છે, બૌધમતી હિંસા કરી માંસાદિકના આહાર શુભ કહે છે.

હવે શ્વેતાંબરોના કેટલાંક સુત્રોમાં એમ કહ્યું છે કે :- 'દેવ-ગુરુ-ધર્મના માટે ચક્રવર્તિની સેનાને પીલી નાખવી – જે સાધુ આ પ્રમાણે નથી કરતો તે અનંત સંસારી થાય છે' વળી કોઈ ઠેકાણે મદ્ય માંસનો આહાર પણ તેમાં લખ્યો છે, એ સર્વનો આ ગાથાથી નિષેધ કર્યો છે એમ સમજવું. જે દેવ-ગુરુના કાર્ય માટે પણ હિંસાનો આરંભ કરે છે તે શુભ નથી, ધર્મ

તો દયા પ્રધાન જ છે.

આ વાત કડક લાગે છે કેમકે ઘરની વાત આવે ત્યારે કડક પડે છે પણ તે સમજ્યા વિના છૂટકો નથી. જ્યારે વાત આવે ત્યારે તો બરાબર સ્પષ્ટ થવું જોઈએ. શ્વેતાંબરમાં ભગવતી સૂત્રનું પંદરમું શતક છે એમાં પાનું ૮૯૧ આગમોદયમાં સંસ્કૃત ટીકામાં આવે છે કે, "દેવ-ગુરુ-ધર્મના માટે ચક્રવર્તીની સેનાને પીલી નાખવી – જે સાધુ આ પ્રમાણે નથી કરતો તે અનંત સંસારી થાય છે." અપુલાક મુનિ કેવા હોય ? તેના અધિકારમાં શ્વેતાંબર આચાર્યે સંસ્કૃત ટીકા કરી છે તેમાં લખેલ છે, મુનિના શિથિલપણાની વાત છે પણ વસ્તુનું એવું સ્વરૂપ હોય નહિ. મધ્યસ્થથી વિચાર કરે તો આવું શિથિલપણું મુનિને હોય નહિ, માટે અહીં નિષેધ કર્યો છે.

વળી મોક્ષમાર્ગ પ્રકાશક પા.૧૬૧માં કહ્યું છે કે શ્વેતાંબર મતવાળા નિંદકને મારવામાં પાપ નથી એમ કહે છે. હવે તીર્થંકર આદિના અસ્તિત્વમાં પણ અન્યમતી નિંદકો થયા, તેમને ઈંદ્રાદિકે માર્યા નહિ, જો પાપ ન થતું હોય તો તેમને ઈંદ્રાદિકે કેમ ન માર્યા ? તો નિંદકને મારવામાં પાપ નથી તે વાત બરાબર નથી.

વળી ભગવતી સૂત્રના પંદરમા શતક પા.૬૯૧માં મદ્યમાંસનો આહાર પણ ભગવાને લખ્યો છે, એ સર્વનો આ ગાથાથી નિષેધ થાય છે.

ભગવતી સૂત્રમાં ગોશાળાના અધિકારે સંસ્કૃત ટીકામાં લખેલ છે કે ભગવાનને રોગ થયો છે અને ભગવાન સીહો અણગાર મુનિને બોલાવીને કહે છે કે રેવતીને ત્યાં બે કપોત પક્ષીનાં શરીર મીંદડીના કાલના મારેલા છે તેનો પાક બનાવ્યો છે તે લઈ આવો, આજના તાજા મારેલા છે તે લાવશો નહિ. એમ વિપરીત દૃષ્ટિથી ભગવાનને માંસનો આહાર ઠરાવે છે. સમ્યગ્દૃષ્ટિને પણ માંસનો આહાર હોય નહિ.

વળી આચારાંગમાં સાધુને જૂનું મધ ખપે નહિ એમ લખેલ છે એ ઉપરથી તાજું મધ લેવામાં બાદ નથી એમ માની સાધુઓ મધ વાપરે છે પણ નામધારી જૈનને પણ મધ ખપે નહિ. શાસ્ત્રમાં પાઠ આવે છે કે મધ ખાનારને સાત ગામ બાળે એટલું પાપ લાગે છે. માટે જૈનને મધ, માંસ, દુરૂનો ખોરાક હોય નહિ. મધમાં તો ત્રસઘાત છે, માખીનું વમન છે. ઓસડમાં પણ તે વપરાય નહિ. શ્વેતાંબરનાં શાસ્ત્રોમાં ઘણે ઠેકાણે માંસના ખોરાકની વાત આવે છે તે બધી વિપરીતતા છે. ભગવાન પછી બાર વર્ષનો દુષ્કાળ પડ્યો અને મુનિ નભી ન શક્યા, વસ્ત્રાદિ રાખ્યા અને શિથિલપણું થઈ ગયું.

વળી ખંધકના અધિકારમાં આવે છે કે ભગવાન હંમેશા ભોજન કરતા હતા અને તેથી એમનું શરીર સુંદર હતું, આ તદ્દન કલ્પિત વાત છે કેમ કે છઠ્ઠા ગુણસ્થાન પછી મુનિને આહાર હોતો નથી તો પછી ભગવાનને આહાર હોય એમ બને નહિ. આ રીતે શ્વેતાંબર

શાસ્ત્રોમાં જે અન્યથા નિરૂપણ કરેલ છે તેનો નિષેધ આ ગાથાથી થાય છે એમ સમજવું. જે દેવ-ગુરુના કાર્ય માટે પણ હિંસાનો આરંભ કરે છે તે શુભ નથી, ધર્મ તો દયાપ્રધાન જ છે, એનો વિશેષ ખુલાસો કરે છે.

વળી આ પ્રમાણે પણ સમજવું કે પૂજા, પ્રતિષ્ઠા, ચૈતાલયનું નિર્માપન, સંઘ-યાત્રા તથા વસ્તિકાનું નિર્માપન આદિ ગૃહસ્થનાં કાર્યો છે તેને પણ મુનિ પોતે ન કરે – ન કરાવે – ન અનુમોદે. કારણ કે તે ગૃહસ્થોનો ધર્મ છે. તે જેમ એ (ગૃહસ્થધર્મના) સુત્રોમાં વિધાન લખ્યું હોય તેમ ગૃહસ્થ કરે. ગૃહસ્થ મુનિને આ સંબંધી પ્રશ્ન કરે તો મુનિ આમ કહે કે 'જિન સિદ્ધાતમાં પૂજા-પ્રતિષ્ઠાદિ ગૃહધર્મ લખ્યો છે તેમ કરો' આ પ્રમાણે કહેવામાં હિંસાનો દોષ તો ગૃહસ્થને જ છે, માત્ર એ શ્રદ્ધાન-ભક્તિધર્મની પ્રધાનતા તેમાં જે થઈ – એ સંબંધી જે પુણ્ય થયું તેના સીરી (ભાગીદાર) મુનિ પણ છે પરંતુ હિંસા તો ગૃહસ્થની છે તેનાં સીરી (ભાગીદાર) નથી. વળી ગૃહસ્થ પણ જો હિંસા કરવાનો અભિપ્રાય કરે તો તે અશુભ જ છે. પૂજા-પ્રતિષ્ઠા યત્નપૂર્વક કરે છે તે કાર્યમાં ગૃહસ્થને હિંસા થાય તો તે કેમ ટળે ? તેનું સમાધાન આ છે કે :-

સિદ્ધાંતમાં આમ પણ કહ્યું છે કે "અલ્પ અપરાધ લાગતાં પણ જો ઘણું પુણ્ય થતું હોય તો એવું કાર્ય ગૃહસ્થને કરવું યોગ્ય છે. ગૃહસ્થ તો જેમાં નફો જાણે તે કાર્ય કરે, જેમ થોડું દ્રવ્ય આપતાં પણ જો ઘણું દ્રવ્ય આવતું હોય તો તે કાર્ય કરે છે, પણ મુનિને આવા કાર્ય હોતાં નથી. તેને તો સર્વથા યત્નપૂર્વક જ પ્રવર્તવું યોગ્ય છે એમ સમજવું".

જિન મંદિરમાં પ્રતિષ્ઠા, પૂજા, ભક્તિ, જાત્રા આદિમાં હિંસા તો થાય છે પણ તે ગૃહસ્થધર્મ છે. એવો રાગ ગૃહસ્થને આવ્યા વગર રહેતો નથી. ઈંદ્રો આવીને ભગવાનની પૂજા કરે છે. ભરત ચક્રવર્તીએ ૭૨ જિનબિંબો અષ્ટાપદ પર્વત ઉપર ભરાવ્યા છે તે ગૃહસ્થધર્મ છે. મુનિને એવા હિંસા આદિના કાર્યો હોતાં નથી.

## ગાથા-૪૦૬

**देवगुर्वोः निमित्तं हिंसारम्भः अपि भवति यदि धर्मः।**
**हिंसारहितः धर्मः इति जिनवचनं भवेत् अलीकं।।४०६।।**

**અર્થ :- દેવ ગુરુના અર્થે હિંસાનો આરંભ પણ જો યતિનો ધર્મ હોય તો જિનભગવાનનાં એવાં વચન છે કે 'ધર્મ હિંસા રહિત' છે એ વચન જૂઠ ઠરે.**

**ભાવાર્થ :- ભગવાને ધર્મ તો હિંસારહિત કહ્યો છે માટે દેવ-ગુરુના કાર્ય અર્થે પણ મુનિ**

**હિંસાનો આરંભ ન કરે, શ્વેતાંબર કહે છે તે મિથ્યા છે.**

**આગળ ધર્મનું દુર્લભપણું દર્શાવે છે :-**

અર્થ :- દેવ ગુરુના અર્થે હિંસાનો આરંભ પણ જો યતિનો ધર્મ હોય તો જિનભગવાનનાં એવાં વચન છે કે 'ધર્મ હિંસા રહિત' છે એ વચન જૂઠ ઠરે.

અહીં મુનિના ધર્મની વાત ચાલે છે એટલે મુનિને આરંભ આદિ હિંસાના ભાવો હોતા નથી. શાસ્ત્રો રચે તેમાં પ્રતિમાજી કેવા હોય ? તેની પ્રતિષ્ઠા કેવી કરે ? વગેરે બધું આવે એમાં દોષ નથી. પંચાધ્યાયીમાં કહેલ છે કે :- કોઈ વખત દેવ-ગુરુ ઉપર આપદા આવે તો તેના રક્ષણ અર્થે ગૃહસ્થ સામનો કરે. પ્રભાવના અર્થે પૈસા પણ ખર્ચે એ ગૃહસ્થનો ધર્મ છે. જેમ કુટુંબ માટે એના ઉપર રાગ હોય છે એટલે પૈસા ખરચે છે અને સ્ત્રી ઉપર કોઈક હુમલો કરે તો સામનો પણ કરે એમ ધર્મીને દેવ-ગુરુ-શાસ્ત્ર ઉપર રાગ હોય છે એટલે શુભ રાગ આવ્યા વિના રહેતો નથી, પણ અહીં તો મુનિની વાત છે એટલે મુનિને એવો રાગ હોતો નથી એમ કહે છે.

ભાવાર્થ :- ભગવાને ધર્મ તો હિંસા રહિત કહ્યો છે માટે દેવ-ગુરુના કાર્ય અર્થે પણ મુનિ હિંસાનો આરંભ ન કરે, શ્વેતાંબર કહે છે તે મિથ્યા છે.

મધ્યસ્થતાથી આ વાત સમજવા જેવી છે, કોઈના વાડાની આ વાત નથી. "જ્યાં જ્યાં જે જે યોગ્ય છે ત્યાં સમજવું તેહ" અનંતકાળે મનુષ્ય ભવ મળ્યો છે, ત્યાં જો યથાર્થ જ્ઞાન નહિ કરે તો આરો આવે એમ નથી. અનંતા ભવો ચાલ્યા ગયા અને આ ભવ પણ ચાલ્યો જશે માટે યથાર્થ વસ્તુસ્વરૂપ શું છે ? એનો નિર્ણય કરી લેવા જેવું છે.

હવે આગળ ધર્મનું દુર્લભપણું દર્શાવે છે :-

**ગાથા-૪૦૭**

**इति एष: जिनधर्म: अलब्धपूर्व: अनादिकाले अपि।**
**मिथ्यात्वसंयुतानां जीवानां लब्धिहीनानां।।४०७।।**

**અર્થ :- એ પ્રમાણે જે જીવ અનાદિકાળથી મિથ્યાત્વસંયુક્ત છે જેને કાળાદિ લબ્ધિ પ્રાપ્ત થઈ નથી, તેને આ જિનેશ્વરદેવનો ધર્મ અલબ્ધપૂર્વ છે અર્થાત્ પૂર્વે કદી પણ તે પામ્યો નથી.**

**ભાવાર્થ :- જીવોને અનાદિકાળથી મિથ્યાત્વની અલટ (ગાંઠ) એવી છે કે તેને જીવ-અજીવાદિ તત્ત્વાર્થોનું શ્રદ્ધાન કદી પણ થયું નથી અને તત્વાર્થશ્રદ્ધાન વિના અહિંસા ધર્મની પ્રાપ્તિ ક્યાંથી હોય ?**

અર્થ :- "એ પ્રમાણે જે જીવ અનાદિકાળથી મિથ્યાત્વસંયુક્ત છે જેને કાળાદિ લબ્ધિ પ્રાપ્ત થઈ નથી, તેને આ જિનેશ્વરદેવનો ધર્મ અલબ્ધપૂર્વ છે અર્થાત્ પૂર્વે કદી પણ તે પામ્યો નથી."

અનાદિથી આત્માના સ્વરૂપને સમજ્યા વિના અજ્ઞાનથી સંસારમાં રખડે છે. સ્વપુરુષાર્થની પ્રાપ્તિ થઈ નથી, પૂર્વે કદી પણ યથાર્થ માર્ગની પ્રાપ્તિ થઈ નથી. અનંતકાળમાં એક સેકન્ડ માત્ર પણ વીતરાગે કહેલા નિશ્ચય વ્યવહારના સ્વરૂપને પામ્યો નથી માટે ક્યાંક ક્યાંક ગોટા રહી ગયા છે. અત્યારે તો જૈન સંપ્રદાયમાં પણ ઘણો ફેરફાર થઈ ગયો છે માટે શાંતિથી વિચારવું જોઈએ. પોતે સમજે તો સમજી શકાય એમ છે. ઘણાં પડખાથી કહેવાય છે, જે સમજશે તે પરમાત્મા થશે.

કોઈ વ્યક્તિ પ્રત્યે દ્વેષ કરવા જેવું નથી પણ માર્ગનું સ્વરૂપ જેવું છે એવું કહ્યા વિના સમજાય તેમ પણ નથી, તેથી એવો જ વિકલ્પ પણ આવે અને વાણી તો વાણીના કારણે હોય છે. તેથી પક્ષપાત મૂકી દઈને સત્યનો વિચાર કરવો જોઈએ અને જો મેળ ન ખાય તો પૂછવું જોઈએ.

ભાવાર્થ :- જીવોને અનાદિકાળથી મિથ્યાત્વની અલટ (ગાંઠ) એવી છે કે તેને જીવ-અજીવાદિ તત્ત્વાર્થોનું શ્રદ્ધાન કદી પણ થયું નથી અને તત્વાર્થશ્રદ્ધાન વિના અહિંસા ધર્મની પ્રાપ્તિ ક્યાંથી હોય ?

# પ્રસાદ નં. – ૨૯૬

**વી. નિ સં. ૨૪૭૮, ભાદરવા સુદ ૧, વર્ષ ૨જું. પુસ્તક અગિયારમું,
સોનગઢ, તા. ૨૧-૮-૫૨, ગુરુવાર.**

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(શ્રાવણ વદ ૧૧, શનિવાર, ૧૬-૮-૫૨ સવાર)**

આત્માનો ધર્મ કહો કે મુનિનો ધર્મ કહો તે એક જ છે. એવા દશ પ્રકારના ધર્મનું ફળ કહે છે. વીતરાગ શું કહે છે ? એની અનંતકાળમાં પ્રાપ્તિ થઈ નથી એટલે કે જ્ઞાન-દર્શનપૂર્વક આત્મામાં રમણતા થવી તે ધર્મ છે, તેની પ્રાપ્તિ થઈ નથી. દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રતાદિ અનંતવાર કર્યા છે. પણ ધર્મ કર્યો નથી. માટે હવે કહે છે કે એવા અલબ્ધપૂર્વ એટલે કે પૂર્વે કોઈ વખતે નહિ પ્રાપ્ત કરેલ એવા ધર્મને પામીને તેને કેવળ પુણ્યના જ આશ્રયથી ન સેવવો.

ગાથા-૪૦૮

**આગળ કહે છે કે–એવા અલબ્ધપૂર્વ ધર્મને પામી તેને કેવળ પુણ્યના જ આશયથી ન સેવવો :-**

**एते दशप्रकाराः पापकर्मणः नाशकाः भणिताः।
पुण्यस्य च संजनकाः परं पुण्यार्थं न कर्तव्याः।।४०८।।**

**અર્થ :- એ દસ પ્રકારથી ધર્મના ભેદ કહ્યા તે પાપકર્મના નાશ કરવાવાળા તથા પુણ્યકર્મને ઉત્પન્ન કરવાવાળા કહ્યા પરંતુ તેને કેવળ પુણ્યના જ અર્થ એટલે પ્રયોજનથી અંગિકાર ન કરવા.**

**ભાવાર્થ :- શાતાવેદનીય, શુભઆયુ, શુભનામ અને શુભગોત્રને તો પુણ્યકર્મ કહે છે તથા ચાર ઘાતિકર્મ, અશાતાવેદનીય, અશુભનામ, અશુભઆયુ અને અશુભગોત્રને પાપકર્મ કહે છે. હવે અહીં આ દસલક્ષણધર્મ પાપને નાશ કરવાવાળો તથા પુણ્યને ઉપજાવવાવાળો કહ્યો ત્યાં કેવળ પુણ્ય ઉપજાવવાનો અભિપ્રાય રાખી તેને ન સેવવો, કારણ કે પુણ્ય પણ બંધ જ છે અને આ ધર્મ તો પાપ જે ઘાતીકર્મ છે તેને નાશ કરવાવાળો છે. તથા અઘાતીમાં જે અશુભપ્રકૃતિ છે તેનો નાશ કરે છે. પુણ્યકર્મ છે તે સંસારિક અભ્યુદયને આપે છે. હવે તેનાથી (દસલક્ષણધર્મથી) વ્યવહાર અપેક્ષાએ તેનો પણ (પુણ્યનો પણ) બંધ થાય છે તો તે સ્વયમેવ જ થાય છે પણ તેની વાંછા કરવી એ તો સંસારની જ વાંછા કરવા તુલ્ય છે અને એ તો નિદાન (ચોથું આર્તધ્યાન) થયું. મોક્ષના જિજ્ઞાસુને તે હોય નહિ. જેમ ખેડુત અનાજ માટે ખેતી કરે છે તેને ઘાસ તો સ્વયમેવ થાય છે, તેની વાંછા તે શા માટે કરે ? તેમ મોક્ષના અર્થીને પુણ્યબંધની વાંછા કરવી યોગ્ય નથી.**

અર્થ :- એ પ્રમાણે જે જીવ અનાદિકાળથી મિથ્યાત્વસંયુક્ત છે. જેને કાળાદિ લબ્ધિ પ્રાપ્ત થઈ નથી. તેને આ જિનેશ્વરદેવનો ધર્મ અલબ્ધપૂર્વ છે અર્થાત્ પૂર્વે કદી પણ તે પામ્યો નથી.

આત્મા શુદ્ધ પવિત્ર ચૈતન્યસ્વભાવ છે. એના અવલંબનથી જે દશા થાય તે દસલક્ષણધર્મ છે, તેનાથી પાપનો નાશ થાય છે. મુનિને વીતરાગદશા ઘણી વધી ગઈ છે, પણ હજુ અપૂર્ણતા છે. એટલે રાગના કારણે શુભભાવ થાય છે. તેથી તે ધર્મના કારણે પુણ્ય ઉપાર્જન થાય છે, એમ કહેલ છે પણ કેવળ પુણ્યને માટે ધર્મીને એનું સેવન હોતું નથી. ખરેખર ધર્મ તો ગુણનું ઉપાર્જન છે, પણ શુભભાવ આવ્યા વિના રહેતો નથી. તેથી પુણ્યનું ઉપાર્જન કરે છે એમ વ્યવહારથી કહેલ છે, પણ પુણ્યની ઈચ્છા રાખે તો તેને સમ્યગ્દર્શન રહેતું નથી.

ભાવાર્થ :- શાતાવેદનીય, શુભઆયુ, શુભનામ અને શુભગોત્રને તો પુણ્યકર્મ કહે છે તથા ચાર ઘાતિકર્મ, અશાતાવેદનીય, અશુભનામ, અશુભઆયુ અને અશુભગોત્રને પાપકર્મ કહે છે. હવે અહીં આ દસલક્ષણધર્મ પાપને નાશ કરવાવાળો તથા પુણ્યને ઉપજાવવાવાળો કહ્યો ત્યાં કેવળ પુણ્ય ઉપજાવવાનો અભિપ્રાય રાખી તેને ન સેવવો, કારણ કે પુણ્ય પણ બંધ જ છે અને ધર્મ તો પાપ જે ઘાતીકર્મ છે તેને નાશ કરવાવાળો છે. તથા અઘાતીમાં જે અશુભપ્રકૃતિ

છે તેનો નાશ કરે છે. પુણ્યકર્મ છે તે સંસારિક અભ્યુદયને આપે છે. હવે તેનાથી (દસલક્ષણધર્મથી) વ્યવહાર અપેક્ષાએ તેનો પણ (પુણ્યનો પણ) બંધ થાય છે તો તે સ્વયમેવ જ થાય છે પણ તેની વાંછા કરવી એ તો સંસારની જ વાંછા કરવા તુલ્ય છે અને એ તો નિદાન (ચોથું આર્તધ્યાન) થયું. મોક્ષના જિજ્ઞાસુને તે હોય નહિ. જેમ ખેડુત અનાજ માટે ખેતી કરે છે તેને ઘાસ તો સ્વયમેવ થાય છે, તેની વાંછા તે શા માટે કરે ? તેમ મોક્ષના અર્થીને પુણ્યબંધની વાંછા કરવી યોગ્ય નથી.

નિશ્ચયથી તો આત્મા સ્વભાવનો આશ્રય કરે છે ત્યારે વ્યવહારે તે પાપનો નાશ કરે છે અને પુણ્યને ઉપરાજે છે એમ કહેવાય છે. જ્ઞાનીને પણ રાગ હોય છે, તેમાં શાતાવેદનીય બંધાય છે એ કારણે પૈસા, આબરૂ, સ્ત્રી, પુત્રાદિ મળે છે, તેની ધર્મીને રુચિ હોતી નથી. એ રીતે શુભઆયુ, શુભનામ, શુભગોત્ર – એ ચાર અઘાતીકર્મમાં અડધાનો બંધ પડે છે અને બાકીના અડધાનો – ચાર અઘાતીના અશુભનો તથા ઘાતીકર્મનો નાશ કરે છે. એ રીતે ધર્મી જીવ પાપનો નાશ અને પુણ્યનું ઉપાર્જન કરે છે, પણ પુણ્યને ઈચ્છતો નથી. પુણ્યની રુચિ કરે તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. જેમ દુષ્કાળમાં અનાજને બદલે ઘાસ મળે તો ખુશી થાય છે એમ અજ્ઞાની પુણ્ય કરવાથી ખુશી થાય છે. કેમ કે એને ત્યાં ધર્મનો દુષ્કાળ વર્તે છે. સારો ખેડુત તો અનાજને માટે ખેતી કરે છે, એમાં ઘાસ થઈ જાય, એમ જ્ઞાનીને ધર્મની ભાવના હોય છે. એમાં શુભભાવ થઈ જાય છે. શુભભાવની ઈચ્છા ધર્મીને હોતી નથી.

આત્માની ઓળખાણ પૂર્વકના જે શુભભાવ થાય તેનો પુણ્યબંધ જગતના બીજા સાધારણ પ્રાણી કરતાં બીજા પ્રકારનો હોય છે. ચક્રવર્તી, ઈંદ્રપદ, બળદેવાદિના ઊંચા પુણ્યકર્મ ધર્મીને હોય છે. પણ તેઓ તેની રુચિ કરતાં નથી. જુઓ, સમયસાર, પ્રવચનસારાદિ અધ્યાત્મગ્રંથોમાં તો પુણ્યનો નિષેધ આવે છે પણ અહીં સ્વામીકાર્તિકેયાચાર્ય પણ પુણ્યનો નિષેધ કરે છે, કેમકે વીતરાગી શાંતિના અર્થીએ પુણ્યની ઈચ્છા કરવી તે વ્યાજબી નથી. સર્વજ્ઞનો ધર્મ તો આત્માના આશ્રયે થાય છે. વચમાં શુભભાવ આવે તેની વાંછા કરવી નહિ.

હવે આ વાતને વિશેષ દૃઢ કરે છે :-

ગાથા-૪૦૯

**पुण्य अपि यः समिच्छति संसारः तेन ईहितः भवति।**
**पुण्यं सद्गतिहेतुः पुण्यक्षयेण एव निर्वाणम्।।४०९।।**

**અર્થ :- જે પુણ્યને પણ ઈચ્છે છે તે પુરુષે સંસાર ઈચ્છ્યો, કારણ કે પુણ્ય છે તે સુગતિના બંધનુ કારણ છે અને મોક્ષ છે તે તો પુણ્યનો પણ ક્ષય કરી પ્રાપ્ત થાય છે.**

**ભાવાર્થ :- પુણ્યથી સુગતિ થાય છે એટલે જેણે પુણ્ય વાંચ્છ્યું તેણે સંસાર જ વાંછ્યો કારણ કે સુગતિ છે તે પણ સંસાર જ છે અને મોક્ષ તો પુણ્યનો ક્ષય થતાં થાય છે. એટલે મોક્ષાર્થીએ પુણ્યની વાંછા કરવી યોગ્ય નથી.**

અર્થ :- જે પુણ્યને પણ ઈચ્છે છે તે પુરુષે સંસાર ઈચ્છ્યો, કારણ કે પુણ્ય છે તે સુગતિના બંધનુ કારણ છે અને મોક્ષ છે તે તો પુણ્યનો પણ ક્ષય કરી પ્રાપ્ત થાય છે.

વીતરાગી ધર્મ વીતરાગ સિવાય બીજે ક્યાંય હોતો નથી. વીતરાગના વાડામાં આવીને પણ જો પુણ્યની ઈચ્છા કરે તો તેને ધર્મ થતો નથી. પુણ્યની ઈચ્છા કરે છે તે બંધની ઈચ્છા છે અને તેથી તે સંસારના પરિભ્રમણનું કારણ થાય છે. પુણ્ય બંધથી દેવ કે મનુષ્ય થાય પણ તેથી કાંઈ આત્માનું કલ્યાણ થતું નથી. કેમ કે મોક્ષ તો પુણ્ય કર્મના નાશથી થાય છે અને તેથી પુણ્ય મોક્ષનું કારણ પણ થતું નથી. અજ્ઞાની કહે છે કે "ધર્મથી ધન મળે અને ધનથી ધર્મ થાય" પણ તે વાત ખોટી છે કેમ કે ધનનો યોગ તો પુણ્યથી થાય છે, ધર્મથી થતો નથી, અને ધનથી ધર્મ તો થાય નહિ, પરંતુ પુણ્ય પણ ધનથી થાય નહિ, કેમકે પૈસો પરવસ્તુ છે. પુણ્ય અને ધર્મ તો આત્માના પરિણામથી થાય છે. તેમાં પુણ્ય તો બંધનું કારણ છે માટે ધર્મીએ પુણ્યને ઈચ્છવું નહિ.

ભાવાર્થ :- પુણ્યથી સુગતિ થાય છે એટલે જેણે પુણ્ય વાંછ્યું તેણે સંસાર જ વાંછ્યો કારણ કે સુગતિ છે તે પણ સંસાર જ છે અને મોક્ષ તો પુણ્યનો પણ ક્ષય થતાં થાય છે. એટલે મોક્ષાર્થીએ પુણ્યની વાંછા કરવી યોગ્ય નથી.

## ગાથા-૪૧૦

### यः अभिलषति पुण्यं सकषायः विषयसौख्यतृषणया।
### दूरे तस्य विशुद्धिः विशुद्धिमूलानि पुण्यानि।।४१०।।

**અર્થ :- જે કષાયસહિત થયો થકો વિષયસુખની તૃષ્ણાથી પુણ્યની અભિલાષા કરે છે તેને મંદકષાયના અભાવથી વિશુદ્ધતા દૂર વર્તે છે, અને પુણ્યકર્મ છે તે તો વિશુદ્ધતા (મંદકષાય)**

**છે મૂળ કારણ જેનું એવું છે.**

**ભાવાર્થ :- વિષયોની તૃષ્ણાથી જે પુણ્યને ઈચ્છે છે એજ તીવ્રકષાય છે અને પુણ્યબંધ થાય છે તે તો મંદકષાયરૂપ વિશુદ્ધતાથી થાય છે એટલે જે પુણ્યને ઈચ્છે છે તેને આગામી પુણ્યબંધ પણ થતો નથી, નિદાનમાત્ર ફળ થાય તો થાય.**

અર્થ :- જે કષાયસહિત થયો થકો વિષયસુખની તૃષ્ણાથી પુણ્યની અભિલાષા કરે છે તેને મંદકષાયના અભાવથી વિશુદ્ધતા દૂર વર્તે છે, અને પુણ્યકર્મ છે તે તો વિશુદ્ધ (મંદકષાય) છે મૂળ કારણ જેનું એવું છે.

પુણ્યની રુચિવાળાને વિષયસુખની તૃષ્ણા છે એટલે એને આત્માની રુચિ નથી તેથી તે પાપભાવ છે, ત્યાં પુણ્યભાવ પણ નથી. અત્યારે તો જગતમાં ધર્મને નામે એવી મૂઢતા ચાલે છે કે પુણ્ય કરો. પુણ્ય કરો તો ધર્મ થશે, પરંપરાએ ધર્મ થશે. અત્યારે પુણ્ય કર્યા હશે તો ભવિષ્યમાં મહાવિદેહમાં જશું અને ત્યાં ધર્મ પામશું. આવું માનનારને પુણ્યની રુચિ છે. જેને પુણ્યની રુચિ છે તેને પુણ્યની ભાવનાથી ઊંચો પુણ્યબંધ પણ થતો નથી.

ભાવાર્થ :- દયા, દાન, ભક્તિ, વ્રતાદિના શુભભાવો જે થાય છે તેની જેને ભાવના છે તેને વિષયોની તૃષ્ણા છે, કારણ કે તે ભાવોના ફળમાં આત્મા મળે નહિ પણ પાંચ ઈંદ્રિયોના વિષયો જ મળે છે અને તેથી તે પાપભાવ છે. આ રીતે આત્માના વીતરાગી ધર્મની અપેક્ષાએ પુણ્ય તે બંધનું કારણ હોવાથી પુણ્યના માથે તો ઘણ પડે છે કેમ કે પુણ્યબંધથી ધર્મ થતો નથી અને પુણ્યની ઈચ્છાથી પાપ થાય છે. માટે પુણ્યની ઈચ્છા કરવા જેવી નથી. અમદાવાદના માણેકચોકમાં એક ઝવેરાતનો વેપારી હતો. તેનાં પુણ્ય ફર્યા એટલે સ્થિતિ ફરી ગઈ પણ અંદરમાંથી મીઠાશ ગઈ ન હતી. તે એવી ભાવના ભાવતો હતો કે મરીને માણેકચોકનો ઝવેરાતનો વેપારી થાઉં તો સારું ! હવે તે તો પાપભાવ છે એટલે વેપારી તો ન થાય પણ ઝવેરીની ગાડીનો ઘોડો થાય. વળી તે જમવા બેસે ત્યારે ચોખાના દાણા નાખી પંદર-વીસ કાગડાને બોલાવીને પછી ખાય, કેમ કે એની સારી સ્થિતિ હતી ત્યારે પંદર-વીસ માણસોને સાથે રાખીને જમતો. તેની મીઠાશ ખસી ન હતી એટલે વલખાં મારતો હતો. પણ એમ માંગવાથી મળે નહિ. જ્ઞાની તો પુણ્યને ઈચ્છતા નથી. ચક્રવર્તીના રાજ હોય કે ઈંદ્રપદ હોય પણ તેને તરણાં સમાન માને છે, તેને ઈચ્છતા નથી. અજ્ઞાની પુણ્યને ઈચ્છે છે એટલે તેને પુણ્યબંધ તો થતો નથી પણ નિદાનમાત્ર ફળ થાય તો થાય.

ગાથા-૪૧૧

**पुण्याशया न पुण्यं यत: निरीहस्य पुण्सम्प्राप्ति:।**
**इति ज्ञात्वा यतिन: पुण्ये अपि मा आदरं कुरूध्वम्।।४११।।**

**અર્થ :- કારણ કે પુણ્યની વાંછાથી કાંઈ પુણ્યબંધ થતો નથી પરંતુ વાંછારહિત પુરુષને પુણ્યબંધ થાય છે. એટલા માટે પણ અર્થાત્ એમ જાણીને પણ હે યતિશ્વર ! તમે પુણ્યમાં પણ વાંછા-આદર ન કરો !**

**ભાવાર્થ :- અહીં મુનિજનોને ઉપદેશ્યા છે કે – પુણ્યની વાંછાથી પુણ્યબંધ થતો નથી – પુણ્યબંધ તો આશા મટતાં બંધાય છે માટે પુણ્યની આશા પણ ન કરો, માત્ર પોતાના સ્વરૂપપ્રાપ્તિની આશા કરો.**

અર્થ :- કારણ કે પુણ્યની વાંછાથી કાંઈ પુણ્યબંધ થતો નથી પરંતુ વાંછારહિત પુરુષને પુણ્યબંધ થાય છે. એટલા માટે પણ અર્થાત્ એમ જાણીને પણ હે યતિશ્વર ! તમે પુણ્યમાં પણ વાંછા-આદર ન કરો !

કોઈ રાજાની, શેઠાઈની વાંછના કરે તો તેને પુણ્યબંધ તો થતો નથી, પણ એકલો પાપબંધ થાય છે. "ત્યાગે તેને આગે અને માગે તેને આઘે" એ કહેવત પ્રમાણે જેને પુણ્યની ઈચ્છા નથી તેને સારું પુણ્ય બંધાય છે અને જેને ઈચ્છા છે તેને પુણ્યબંધ થતો નથી પણ પાપબંધ થાય છે. અહીં યતિશ્વરને એટલે મુનિને સંબોધીને કહેલ છે, પણ શ્રાવકની વાત ગૌણમાં આવી જાય છે. એટલે જ્ઞાની ધર્મીને પુણ્ય ઈચ્છવા યોગ્ય નથી – એમ સમજવું.

ભાવાર્થ :- અહીં મુનિજનોને ઉપદેશ્યા છે કે – પુણ્યની વાંછાથી પુણ્યબંધ થતો નથી – પુણ્યબંધ તો આશા મટતાં બંધાય છે માટે પુણ્યની આશા પણ ન કરો, માત્ર પોતાના સ્વરૂપપ્રાપ્તિની આશા કરો.

ગાથા-૪૧૨

**पुण्यं बन्धाति जीव: मन्दकषायै: परिणत: सन्।**
**तस्मात् मन्दकषाया: हेतु: पुण्यस्य न हि वांछा।।४१२।।**

અર્થ :- મંદકષાયરૂપ પરિણમેલો જીવ પુણ્યને બાંધે છે, માટે પુણ્યબંધનું કારણ મંદકષાય છે, પણ વાંછા પુણ્યબંધનું કારણ નથી. પુણ્યબંધ મંદકષાયથી થાય છે અને તેની (પુણ્યબંધની) વાંછા છે તે તો તીવ્રકષાય છે માટે વાંછા કરવી નહિ. નિર્વાંછક પુરુષને પુણ્યબંધ થાય છે. લૌકિકમાં પણ કહે છે કે જે ચાહના કરે તેને કાંઈ મળતું નથી અને ચાહવિનાનાને ઘણું મળે છે. માટે વાંછાનો તો નિષેધ જ છે.

પ્રશ્ન :- અધ્યાત્મગ્રંથોમાં તો પુણ્યનો નિષેધ ઘણો કર્યો છે અને પુરાણોમાં પુણ્યનો જ અધિકાર છે માટે અમે તો એમ જાણીએ છીએ કે સંસારમાં પુણ્ય જ મોટી વસ્તુ છે, તેનાંથી તો અહીં ઈન્દ્રિયોનાં સુખ મળે છે. મનુષ્યપર્યાય, સારી સંગતિ, ભલું શરીર અને મોક્ષસાધનનાં ઉપાય એનાંથી મળે છે ત્યારે પાપથી તો નરક-નિગોદમાં જાય ત્યાં મોક્ષનું સાધન પણ ક્યાંથી મળે ? માટે એવા પુણ્યની વાંછા કેમ ન કરવી ?

સમાધાન :- એ કહ્યું તે તો સાચું છે પરંતુ માત્ર ભોગના અર્થે પુણ્યની વાંચ્છાનો અત્યંત નિષેધ છે, કારણ કે ભોગના અર્થે પુણ્યની વાંચ્છા કરે છે તેને પ્રથમ તો સાતિશય પુણ્યબંધ થતો જ નથી, અહીં તપશ્ચરણાદિ કરી કાંઈક પુણ્ય બાંધી ભોગ પામે અને ત્યાં અતિ તૃષ્ણાપૂર્વક ભોગોને સેવે તો નરક–નિગોદ જ પામે, તથા બંધ–મોક્ષનું સ્વરૂપ સાધવા માટે પુણ્ય પામે તેનો તો નિષેધ છે નહિ. પુણ્યથી મોક્ષ સાધવાની સામગ્રી મળે એવો ઉપાય રાખે તો ત્યાં પરંપરાએ મોક્ષની જ વાંચ્છા થઈ–પુણ્યની વાંચ્છા ન થઈ. જેમ કોઈ પુરુષ ભોજન કરવાની વાંચ્છાથી રસોઈની સામગ્રી ભેળી કરે તેની વાંચ્છા પહેલી હોય તો તેને ભોજનની જ વાંચ્છા કહેવાય. પરંતુ ભોજનની વાંચ્છા વિના માત્ર સામગ્રીની જ વાંચ્છા કરે તો ત્યાં સામગ્રી મળવા છતાં પણ પ્રયાસમાત્ર જ થયો પણ કાંઈ ફળ તો ન થયું એમ સમજવું. પુરાણોમાં પુણ્યનો અધિકાર છે તે પણ મોક્ષના જ અર્થે છે–સંસારનો તો ત્યાં પણ નિષેધ જ છે.

આગળ દસલક્ષણધર્મ છે તે દયાપ્રધાન છે અને દયા છે તે જ સમ્યક્ત્વનું મુખ્ય ચિન્હ છે, કારણ કે સમ્યક્ત્વ છે તે જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ એ તત્વાર્થોના જ્ઞાનપૂર્વક શ્રદ્ધાનસ્વરૂપ છે, એ હોય તો સર્વ જીવોને તે પોતાસમાન અવશ્ય જાણે, તેઓને દુઃખ થાય તો પોતાના દુઃખ માફક જાણે એટલે તેઓની કરૂણા અવશ્ય થાય.

વળી પોતાનું શુદ્ધસ્વરૂપ જાણે ત્યારે કષાયોને અપરાધરૂપ દુઃખરૂપ જાણે અને તેનાથી પોતાનો ઘાત જાણે ત્યારે કષાયભાવના અભાવને પોતાની દયા માને, એ પ્રમાણે અહિંસાને ધર્મ જાણે તથા હિંસાને અધર્મ માને અને એવું શ્રદ્ધાન, તે જ સમ્યક્ત્વ છે. તેના નિઃશંકિતાદિ આઠ અંગ છે, તેને જીવદયા ઉપર જ લગાવીને અહીં કહે છે ત્યાં :-

અર્થ :- મંદકષાયરૂપ પરિણમેલો જીવ પુણ્યને બાંધે છે, માટે પુણ્યબંધનું કારણ મંદકષાય છે, પણ વાંછા પુણ્યબંધનું કારણ નથી. પુણ્યબંધ મંદકષાયથી થાય છે અને તેની (પુણ્યબંધની) વાંછા છે તે તો તીવ્રકષાય છે માટે વાંછા કરવી નહિ. નિર્વાંછક પુરુષને પુણ્યબંધ થાય છે. લૌકિકમાં પણ કહે છે કે જે ચાહના કરે તેને કાંઈ મળતું નથી અને ચાહવિનાનાને ઘણું મળે છે. માટે વાંછનાનો તો નિષેધ જ છે.

વીતરાગના માર્ગમાં કોઈ પણ શાસ્ત્ર લ્યો તો એક જ વાત કરે કે આત્માના આશ્રયે ધર્મ થાય પણ પુણ્યના આશ્રયે થાય નહિ અને પુણ્યથી ધર્મ થાય એમ જે શાસ્ત્ર કહે તે આત્માથી ધર્મ થાય એમ કહે નહિ–એવા શાસ્ત્રોને માનવા નહિ. શુભભાવ પરંપરાએ મોક્ષનું કારણ છે એવું જેનું શુભભાવ ઉપર વજન છે તેને પણ વિકારની રુચિ છે. પુણ્યને જેણે મીઠું માન્યું છે તેને ધર્મ તો થતો નથી પરંતુ સાચું પુણ્ય પણ થતું નથી. કેમ કે પરિણામમાં લોભ ઘટાડવો તે પુણ્યનું કારણ છે પણ પુણ્યની ઈચ્છા પુણ્યનું કારણ નથી. માટે પુણ્યની ઈચ્છા છોડવા યોગ્ય છે.

હવે પ્રશ્નકાર પ્રશ્ન કરે છે :- અધ્યાત્મગ્રંથોમાં તો પુણ્યનો નિષેધ ઘણો કર્યો છે અને પુરાણોમાં પુણ્યનો જ અધિકાર છે માટે અમે તો એમ જાણીએ છીએ કે સંસારમાં પુણ્ય જ મોટી વસ્તુ છે, તેનાથી તો અહીં ઈંદ્રિયોનાં સુખ મળે છે. મનુષ્યપર્યાય, સારી સંગતિ, ભલું શરીર અને મોક્ષસાધનના ઉપાય એનાથી મળે છે, ત્યારે પાપથી તો નરક-નિગોદમાં જાય ત્યાં મોક્ષનું સાધન પણ ક્યાંથી મળે ? માટે એવા પુણ્યની વાંછા કેમ ન કરવી ?

શિષ્ય કહે છે કે આદિપુરાણ, પદ્મપુરાણ આદિમાં પુણ્યના સ્વરૂપનું વર્ણન કર્યું છે માટે પુણ્ય આદરણીય છે. શિષ્યે બે વાત પકડી છે કે પુરાણ શું કહે છે ? અને અધ્યાત્મગ્રંથમાં શું કહે છે ? અધ્યાત્મશાસ્ત્રમાં પુણ્યની ઈચ્છા ન કરવી એમ કહ્યું છે તે બરાબર છે. પણ સંસારમાં પુણ્ય મોટી વસ્તુ છે. પુણ્ય હોય તો "ગાંગજીભાઈ" કહેવાય. પુણ્ય વગર એને "ગાંગલો" કહેવાય છે. પુણ્યને લઈને લક્ષ્મી આદિ ગયેલી વસ્તુ પાછી મળે છે અને પાપનો ઉદય હોય તો સાંપડેલી વસ્તુ ચાલી જાય છે. માટે પુણ્ય સારું છે – એમ શિષ્ય કહે છે. વળી પુણ્યને લઈને ગુરુવાણીનો યોગ થાય છે, પુણ્યને લઈને મહાવિદેહમાં ભગવાન પાસે જવાય અને પુણ્ય હોય તો સોનગઢમાં રહેવાય ! એવો શિષ્યનો પ્રશ્ન છે.

શ્રીગુરુ ઉત્તર આપે છે કે, પુણ્યથી તો બહારની સામગ્રી મળે છે. એમાં આત્માને શું લાભ ? આત્મા – હું ચૈતન્યદ્રવ્ય છું એની દૃષ્ટિ ન કરે તો મહાવિદેહમાં જાય કે સોનગઢમાં રહે પણ એના આત્માને કાંઈ લાભ થતો નથી. વળી શિષ્ય ફરીને કહે છે કે પુણ્યથી ખાવાપીવાના

સાધન મળે, મનુષ્યભવ મળે, લોકોમાં આદર થાય અને મોક્ષના નિમિત્તો પણ પુણ્યના કારણે મળે છે અને પાપના લઈને નરક-નિગોદમાં જાય છે અને ત્યાં મોક્ષના સાધન મળતાં નથી માટે પુણ્યને ઈચ્છવું જોઈએ – તો તેનું સમાધાન કરે છે :-

એ કહ્યું તે તો સાચું છે, પરંતુ માત્ર ભોગના અર્થે પુણ્યની વાંછાનો અત્યંત નિષેધ છે, કેમ કે ભોગની વાંછાથી સારું પુણ્ય પણ થતું નથી માટે પુણ્ય ઈચ્છવા યોગ્ય નથી. વળી પુણ્યથી તો બહારની સામગ્રી મળે છે પણ આત્માનો ધર્મ થતો નથી, તેથી પણ પુણ્ય આદરણીય નથી.

## શ્રાવણ સુદ ૧૨, રવિવાર, ૧૭-૮-૫૨

આ અધિકાર ધર્માનુપ્રેક્ષાનો છે. આત્માનો વિચાર કરતાં મુનિનો ધર્મ કેવો હોય તેનો વિચાર કરે છે. મુનિદશામાં સ્વભાવનું ભાન હોય છે ને રાગ ઘટતો જાય છે ને સંવર વધતો જાય છે. પુણ્ય ઈચ્છવા જોગ નથી એમ બતાવે છે. હવે શિષ્ય પ્રશ્ન કરે છે.

પ્રશ્ન :- અધ્યાત્મગ્રંથોમાં પુણ્યનો નિષેધ ઘણો કર્યો છે. આત્મા શુદ્ધ ચિદાનંદ છે. જ્ઞાન જ વસ્તુ છે, તેનો જ આદર હોવો જોઈએ. તેની રુચિ કરી, આદર કરી એકાગ્ર થાય તે ધર્મ છે. પુણ્યનો આદર કરે તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે, એમ અધ્યાત્મગ્રંથોમાં કહ્યું છે. વળી પુરાણોમાં પુણ્યનો મોટો અધિકાર છે. ભગવાને પણ પુણ્યની વાત કરી છે. પુણ્ય મોટી ચીજ છે. પુણ્યથી માણસો આવકાર આપે, નિરાંતે ધર્મ થાય તેમ જ ઈંદ્રિય સુખનાં સાધનો મળે છે. સારી સંગતિ મળે, ત્રિલોકનાથ તથા તેની વાણી પૂર્વના પુણ્યથી મળે છે. નીરોગી શરીર મળે ને મોક્ષસાધનના નિમિત્તો દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરે પણ પુણ્યથી મળે છે ને પાપથી તો નરક-નિગોદમાં જાય તો ત્યાં મોક્ષનું સાધન પણ ક્યાંથી મળે ? માટે એવા પુણ્યની વાંછા કેમ ન કરવી ?

સમાધાન :- પુણ્યથી એવા નિમિત્તો મળે તે વાત તો સાચી છે. પરંતુ ભોગના અર્થે પુણ્યની ઈચ્છા કરવાનો અત્યંત નિષેધ છે. પુણ્યની ઈચ્છા કરવી તે અશુભભાવ તીવ્રકષાય છે. તેથી સારું પણ્ય બંધાય નહિ. અહીં તપશ્ચરણ કરી વ્રત કરીને દયા, દાનાદિ પરિણામ કરી પુણ્ય

બાંધી ભોગ પામે, પણ હું આત્મા જ્ઞાનસ્વભાવી છુ, એવી રુચિ થઈ નથી તેથી વિષયોને ભોગવશે ને તત્વનો વિરોધ કરશે તો નિગોદમાં જશે ને તીવ્રપાપ કરશે તો નરકમાં જશે.

બંધ-મોક્ષનું સ્વરૂપ શું છે તેનું જ્ઞાન થવામાં દેવ-ગુરુ-શાસ્ત્રનો યોગ મળે તેવા પુણ્ય પામે તેનો તો નિષેધ નથી, કારણ કે અધૂરીદશામાં એવો રાગ આવ્યા વિના રહેતો નથી. બિલકુલ એવો રાગ આવતો જ નથી એમ નથી.

પ્રશ્ન :- ઊંધી પ્રરુપણા કરનારાનો યોગ મળે ને આત્મજ્ઞાન સંભળાવનાર મળે તે બન્નેના પુણ્યમાં શું ફેર છે ?

સમાધાન :- કુદેવ, કુગુરુ આદિ મળ્યાને તેના નિમિત્તે રાગ મંદ પાડ્યો તેવા પુણ્યના ફળમાં ઊંધી પ્રરુપણા કરનાર મળે છે ને સાચા દેવ તથા વીતરાગ માર્ગની અનુમોદના કરી રાગ મંદ પાડેલ હોય તેના ફળમાં સાચી વાત કહેનારા મળે છે એવો યોગ અનંતવાર મળી ચૂક્યો, દિવ્યધ્વનિ સાંભળી પણ નિમિત્ત ને રાગ વિનાના આત્માની રુચિ વિના સાચું જ્ઞાન થયું નહિ.

પુણ્યથી મોક્ષ સાધવાની સામગ્રી મળે એવો ઉપાય રાખે એટલે કે ધર્મી જીવને સ્વરૂપની પૂર્ણ શુદ્ધિ ન થાય ત્યાં સુધી તેવો વિકલ્પ આવે છે. મારો આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. તેમાં નિમિત્તરૂપે ભગવાન મળે તેવી ઈચ્છામાં પણ પરંપરા મોક્ષની ઈચ્છા છે. આત્માના શુદ્ધ સ્વભાવની પ્રધાનતા છે, પુણ્યની ઈચ્છા નથી. જેમ કોઈ પુરુષ ભોજન કરવાની ઈચ્છાથી રસોઈની સામગ્રી ભેળી કરે તો ભોજનની ઈચ્છા કહેવાય, પરંતુ ભોજનની ઈચ્છા વિના માત્ર સામગ્રીની ઈચ્છા કરે ને સામગ્રી ભેગી કર્યા કરે તો તે પ્રયાસ માત્ર થયો પણ કાંઈ ફળ ન થયું. એક માણસ પૈસા વિના જૈનશાળા જમાડે, સંઘ જમાડે પણ તેના ખર્ચના પૈસા ચૂકવતો નથી તો જેમ તે માણસ ઠગ છે, તેમ શુદ્ધ આત્મા કોણ છે તેની રુચિ વિના પુણ્ય ભેગું કરવા માગે તે ઠગ છે.

પુરાણોમાં પુણ્યનો અધિકાર છે ત્યાં પણ પુણ્યનો અભાવ કરી મોક્ષની શુદ્ધતા લાવ એમ કહ્યું છે, પણ પુણ્યથી મોક્ષ થાય એમ કહ્યું નથી. પુણ્ય હશે તો દેવમાં જશું ને ત્યાંથી ભગવાન પાસે જશું ને ભગવાનની વાણી સાંભળશું એમ કેટલાક કહે છે. અહીં પુણ્યની રુચિ કરી ભગવાનનો વિરોધ કરે છે તથા વિરોધ લઈને તો જાય છે તો ભગવાન પાસે તે શું સમજવાનો હતો ? માટે પુણ્યની રુચિ છોડી આત્માની રુચિ કર, એમ કહી સંસારનો ત્યાં નિષેધ કર્યો છે.

દસ લક્ષણ ધર્મ છે તે દયા પ્રધાન છે. રાગરહિત આત્માનો સ્વભાવ તે જ ધર્મ છે. મુનિના ધર્મના દસ દિવસો ભાદરવા સુદ પાંચમથી ચૌદસ સુધી આવે છે. રાગરહિત આત્માનો

સ્વભાવ તે જ દયા છે. એવી આત્મદયા એ જ સમ્યગ્દર્શનનું મુખ્ય ચિન્હ છે. રાગ અથવા પુણ્ય સમકિતનું ચિન્હ નથી, કારણ કે સમ્યક્ત્વ નવ તત્વાર્થોના જ્ઞાનપૂર્વક શ્રદ્ધાન સ્વરૂપ છે. હું જીવ છું તેમ બીજા જીવો પણ છે. બીજા જીવને હું બચાવી શકું કે મારી શકું એ વાત છે જ નહિ. તેમ અજીવને અજીવ માને, પુણ્યને પુણ્ય માને, પાપને પાપ માને, આસ્રવને આસ્રવ, બંધને બંધ માને, સંવરને સંવર, નિર્જરાને નિર્જરા, મોક્ષને મોક્ષ માને, આમ શુદ્ધ સ્વભાવને શુદ્ધ સ્વીકારવો, પુણ્ય વગેરેને બંધના કારણ સ્વીકારવા બીજા જીવોને સ્વતંત્ર માનવા તે અહિંસા છે. હું પરને મારી શકું કે બચાવી શકુ એમ માનનારે જીવને જ્ઞાનસ્વરૂપ ન માન્યો. શુભરાગથી ધર્મ માન્યો તે હિંસા છે, જીવને અનાદિથી એવી ઊંધી વાત બેઠી છે. આત્મા જ્ઞાનસ્વભાવી છે, જ્ઞાનની મૂર્તિ છે, એમ જ્ઞાનમાં પકડાયા વિના લાખ વ્યવહાર કરે તો તેમાં કાંઈ માલ નથી. વીતરાગ દેવ કહે છે કે અમો તમારાથી પર છીએ, વાણી પર છે, તારો શુભરાગ પણ તારા શુદ્ધ ચૈતન્યથી પર છે, તેથી તને લાભ નથી, તારા શુદ્ધ ચૈતન્યના આશ્રયે લાભ છે. એમ જીવને જીવપણે, પુણ્યને પુણ્યપણે વગેરે નવતત્વોને ભેળશેળ થવા ન દે, એવા જ્ઞાનપૂર્વક શ્રદ્ધા તે સમ્યક્ત્વ છે. તેનું એંધાણ તે દયા છે, તે અરાગીતત્વ છે. પરતરફની, રાગનીને નિમિત્તની સંધિ તોડે તે સ્વભાવની સંધિ જોડે તે સમકિતનું ચિન્હ છે.

આમ હોય તો સર્વ જીવોને પોતા સમાન અવશ્ય જાણે કે બધા જીવો શક્તિએ સમાન છે. "તેઓને દુઃખ થાય તો પોતાના દુઃખ માફક જાણે" એટલે કે પોતાના નિમિત્તે સામાજીવને દુઃખ થાય તો સમજે કે મને હજી રાગ છે તેમ સામાજીવને હજી રાગ છે એટલે તેઓની કરુણા અવશ્ય થાય. અહીં કરુણાનો અર્થ સમજવા જેવો છે. પોતાનો આત્મા શુદ્ધ ચૈતન્ય મૂર્તિ છે એવું જ્ઞાન થતાં નવેતત્વની યથાર્થ શ્રદ્ધા-જ્ઞાન થાય છે. પોતાનો આત્મા સ્વભાવે પરિપૂર્ણ ભગવાન છે ને પર્યાયમાં રાગ છે પણ તે રાગ સ્વભાવમાં નથી – એમ સમજી અનંતા જીવો પણ દ્રવ્યે પરિપૂર્ણ ભગવાન છે ને પર્યાયમાં રાગ છે, એમ જેવા છે તેવા સમજણમાં રાખવા તે કરુણા છે. આવી જીવની સત્તાની કબૂલાત તે જીવની કરુણા છે. તે જીવ તેના શરીરને રાખી શકતો નથી તો તું તેના શીરીરને કેવી રીતે રાખી શકે છે ? ચૈતન્યસ્વભાવ પરિપૂર્ણ છે ને ક્ષણિકપર્યાયમાં અપૂર્ણ છે. એવી પ્રતીતિ ને જ્ઞાન કરવા તે કરુણા છે.

પરની દયા પાળી શકું છું એમ જે માને છે તેણે પર્યાય સ્વતંત્ર માની નહિ, તેથી પોતાના સ્વભાવનો ઘાત કર્યો.

જ્યારે પોતાના આત્માને શુદ્ધ સ્વરૂપ જાણે ત્યારે રાગ-દ્વેષાદિ દુઃખરૂપ જાણે ને તે ભાવોથી પોતાનો ઘાત જાણે ત્યારે કષાયભાવોના અભાવને પોતાની દયા માને ને બીજાને દુઃખ થાય એવા ભાવ થવા ન દે. તે પરની દયા છે. એ પ્રમાણે અહિંસાને ધર્મ જાણે તથા હિંસાને અધર્મ

માને અને એવું શ્રદ્ધાન તે જ સમ્યક્ત્વ છે. તેના નિઃશંકાદિ આઠ અંગ છે, તેને જીવ દયા ઉપર જ લગાવીને અહીં કહે છે :-

ગાથા-૪૧૩

**પ્રથમ નિઃશંકિતઅંગ કહે છે :-**

**किं जीवदया धर्म: यज्ञे हिंसा अपि भवति किं धर्म:।**
**इत्येवमादिशंका तदकरणं जानीहि नि:शंक:।।४१३।।**

**અર્થ :- આમ વિચાર કરે છે કે શું જીવ દયા ધર્મ છે કે યજ્ઞમાં પશુઓનો વધ કરવો એ રૂપ હિંસા તે ધર્મ છે ? ઈત્યાદિ ધર્મમાં સંશય થાય તે શંકા છે અને તેવી શંકા ન કરવી, તે નિઃશંકિત (ગુણ) છે.**

**ભાવાર્થ :- અહીં `આદિ' શબ્દથી એમ કહ્યું છે કે–દિગંબરયતિનો જ મોક્ષ છે કે તાપસ–પંચાગ્નિ આદિ તપ કરે છે તેમનો પણ છે ? અથવા દિગંબરનો જ મોક્ષ છે કે શ્વેતાંબરનો પણ છે ? અથવા કેવલી, કવલાહાર કરે છે કે નથી કરતા ? અથવા સ્ત્રીનો મોક્ષ છે કે નહિ ? અથવા જિનદેવે વસ્તુને અનેકાન્ત કહી છે તે સત્ય છે કે અસત્ય ? આવી આશંકા ન કરે તે નિઃશંકિતઅંગ છે.**

અર્થ :- આમ વિચાર કરે છે કે શું જીવ દયા ધર્મ છે કે યજ્ઞમાં પશુઓનો વધ કરવો એ રૂપ હિંસા તે ધર્મ છે ? ઈત્યાદિ ધર્મમાં સંશય થાય તે શંકા છે અને તેવી શંકા ન કરવી, તે નિઃશંકિત (ગુણ) છે.

ભાવાર્થ :- અહીં આદિ શબ્દથી એમ કહ્યું છે કે દિગંબર મુનિનો જ મોક્ષ છે કે પંચાગ્નિ તપ કરે તેમનો પણ છે ? જે લોકો અગ્નિમાં શરીર બાળે તેનો મોક્ષ થતો હશે, એવી શંકા ધર્મીને હોતી નથી. શરીરાદિની ક્રિયા તો બાહ્ય ક્રિયા છે, કાંઈક રાગ મંદ કરે તે ધર્મ નથી. શુદ્ધ આત્માના ભાનપૂર્વક જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, વીર્યાચાર ને તપાચાર એવા પાંચ આચાર તે પંચાગ્નિના કરનારા છે ને તે જ મોક્ષનું કારણ છે, એમ નિઃશંકપણે સમજે છે.

દિગંબરનો મોક્ષ છે કે શ્વેતાંબરોનો પણ છે તેવી શંકા ન હોવી જોઈએ અને તે નિઃશંકિત

અંગ છે. વસ્ત્ર રાખવાનો રાગ રાખીને મોક્ષ થતો હશે કે વસ્ત્રરહિત નિર્ગ્રંથ દશામાં મોક્ષ થતો હશે, એવી શંકા ન થવી તે નિઃશંકિતપણું છે.

પ્રશ્ન :- મૂર્છા વિના વસ્ત્ર રાખે તો શું વાંધો ?

સમાધાન :- મુનિની છઠ્ઠી ભૂમિકા અરાગી અહિંસા છે, તેને શરીર સિવાય કોઈ પણ સંયોગો પ્રત્યે મૂર્છા ન હોય. કેવળજ્ઞાન લેવાની તૈયારીવાળા મુનિ જે ઘડીમાં સાતમી ને ઘડીમાં છઠ્ઠી ભૂમિકામાં ઝૂલે છે, આનંદમાં ઝૂલે છે, તેને વસ્ત્રના રાગવાળી દશા હોય નહિ, રાગવાળી દશાને ચારિત્ર માનવું તે હિંસા છે.

જેવી રીતે પંચાગ્નિ તપ કરવાવાળાને દિગંબર મુનિ વચ્ચે ફેર છે તેવો જ ફેર શ્વેતાંબરને દિગંબર વચ્ચે છે. પરમાર્થે શ્રદ્ધા અપેક્ષાએ શ્વેતાંબર ને પંચાગ્નિ તપવાળામાં કાંઈ ફેર નથી. હવે માર્ગમાં ઢીલાશ ચાલે તેમ નથી. સર્વજ્ઞના માર્ગમાં નિર્ગ્રંથ મુનિપણું એક જ પ્રકારે છે.

પ્રશ્ન :- પંચમકાળ છે માટે છૂટ આપવી પડશેને ?

સમાધાન :- મુનિપણું પાલન ન કરી શકે તો શ્રાવક ને બ્રહ્મચારી તરીકે રહી શકે છે. દૂધપાક બનવાને વાર હોય તો છોકરાને બે કલાક ભૂખ્યો રાખીને પણ દૂધપાક તૈયાર થયે દેવાય પણ ઝેર-ગરલ પડેલો ખોરાક ખાવા અપાય નહિ, તેવી રીતે મુનિપણું પાલન ન કરી શકે તો શ્રાવક ને બ્રહ્મચારી રહે પણ વસ્ત્રસહિત મુનિપણું મનાવી શકાય નહિ.

જેને વીતરાગનો માર્ગ સમજવો હોય તેણે દરેક વસ્તુ સમજવી જોશે. છઠ્ઠી ભૂમિકામાં રાગ કેટલો ઘટ્યો ને નિમિત્તનું અવલંબન કેટલું ઘટ્યું તે સમજવું જોઈએ. જે યથાર્થ સમજતો નથી તે દેવ-ગુરુ-શાસ્ત્રના સ્વરૂપને સમજતો નથી.

કેવળી કવળાહાર કરે છે કે નથી કરતા એવી શંકા ન કરવી તે નિઃશંકિત ગુણ છે. તીર્થંકર ભગવાનને જન્મથી રોગ, પેશાબ, વિષ્ટા ન હોય, ઈંદ્રોને પેશાબ વિષ્ટા ન હોય તો ઈંદ્રો જેને પૂજે તેવા તીર્થંકરને ન હોઈ શકે.

જે જીવો ભગવાનને આહાર માને છે ને ખોરાક મળ્યે ક્ષુધા મટે એમ માને છે તે તીર્થંકરને અશાતાનું કર્મ જોરદાર માને છે. એટલે તેમના જીવે પૂર્વે એવા પ્રકારનો રાગ તોડ્યો નથી, જેથી કરીને અશાતામાં તીવ્ર રસ હોય અને તેથી ભગવાન ખોરાક વિના નભી ન શકે – એમ અજ્ઞાની માને છે, પણ તે વાત ખોટી છે. ચારિત્રદશા પ્રગટ કરી ધ્યાનમાં એવો રાગ તૂટી જાય છે. તેના કારણે અશાતાકર્મમાં તીવ્ર રસ રહે નહિ. લોકોએ વિચાર કરવો પડશે. છઠ્ઠા ગુણસ્થાન પછી આહાર જ હોતો નથી. વળી બીજી વાત એમ છે કે વેદનીયકર્મની ઉદિરણા વિના આહાર હોઈ શકે નહિ. જો વેદનીયકર્મના ઉદય માત્રથી જ આહાર હોય તો દરેક સમયે આહાર હોવો જોઈએ. કારણ કે વેદનીયકર્મનો ઉદય તો દરેક સમયે છે, માટે નક્કી થાય

છે કે વેદનીયકર્મનો ઉદય હોવા છતાં તેની ઉદિરણા હોય તો જ ખોરાક લેવાનો ભાવ હોય. છઠ્ઠા ગુણસ્થાન પછી ઉદિરણા છે જ નહિ તો પછી તેરમે ગુણસ્થાને ઉદિરણા ક્યાંથી હોય ? ઉદય ને ઉદિરણામાં મોટો ફેર છે. માટે ભગવાનને કવળાહાર હોતો નથી, એ નિઃશંકિતપણું છે.

સ્ત્રીનો મોક્ષ છે કે નહિ તે શંકા ન કરવી તે નિઃશંકિત અંગ છે. સ્ત્રીને મુનિપણાનું વીર્ય જ ઊપડતું નથી, એવી જ તેની પર્યાય છે તો પછી તેને મોક્ષ ક્યાંથી હોય ? ન જ હોય.

જે લોકો સ્ત્રીને મુનિપણું મનાવે ને મોક્ષ મનાવે તે સ્વરૂપમાં શંકા લાવે છે ને તે સ્વરૂપની હિંસા કરે છે. જિનદેવે કહેલી વસ્તુ સત્ય છે કે અસત્ય છે તે શંકા ન કરવી તે નિઃશંકિત અંગ છે. મુનિદશામાં ઘણો રાગ ટળ્યો તેને વસ્ત્ર નિમિત્તરૂપે ન હોય ને રાગ ટળે ને વસ્ત્ર રહે તેમ બને નહિ. એમ અનેકાન્ત સમજે તે નિઃશંકિત અંગ છે.

# પ્રસાદ નં. – ૩૦૬

**વી. નિ સં. ૨૪૭૮, ભાદરવા સુદ ૧૧, વર્ષ ૨જું. પુસ્તક અગિયારમું, સોનગઢ, તા. ૩૧-૮-૫૨, રવિવાર.**

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(ભાદરવા સુદ ૬, મંગળવાર, ૨૬-૮-૫૨ સવાર)**

**ગાથા-૪૧૩**

આત્માની શુદ્ધતા થતાં સમ્યગ્દષ્ટિને નિઃશંકાદિ આઠ ગુણો હોય છે. તેની વાત કરે છે. આત્માના અહિંસાધર્મમાં આ આઠ ગુણોનો સમાવેશ કરેલો છે. જગતમાં કેટલાક લોકો શંકામાં ડામાડોળ હોય છે, પણ સમ્યગ્દષ્ટિને એવી શંકા હોતી નથી. કોઈ તો હિંસામાં ધર્મ માને છે. યજ્ઞમાં પુણ્ય થતું હશે કે ધર્મ થતો હશે ? એવી શંકા જ્ઞાનીને થતી નથી. આત્મા અકષાયસ્વરૂપી છે. પ્રાણીને મારવાનો ભાવ તો હિંસા છે. એનાથી રહિત પોતાનું સ્વરૂપ છે, એમ માનવું તે અહિંસા છે. એવી નિઃશંકતા થવી તે દયાધર્મ છે. પોતાની નબળાઈના કારણે શુભભાવ થાય તેને પણ જ્ઞાની ધર્મ માનતો નથી.

આત્મામાં અકષાયભાવ થતાં બહારમાં નગ્નપણું હોય છે. એની મુક્તિ થતી હશે કે અન્યમતી નગ્ન થઈ જંગલમાં રહેતા હોય એની મુક્તિ થતી હશે ? એવી શંકા સમ્યગ્દષ્ટિને હોતી નથી. વળી જૈનમાં દિગંબરની મુક્તિ થતી હશે કે શ્વેતાંબરની મુક્તિ થતી હશે ? એવી શંકા કરવી તેને પણ હિંસા કહેલ છે. આત્મામાં ત્રણ કષાયરહિત પરિણામ થાય ત્યારે શરીરમાં નગ્નપણું આદિ હોય છે. હવે જેને વસ્ત્ર-પાત્રાદિ હોય અને ત્રણ કષાયરહિત પરિણામ હોતા નથી તેની પણ મુક્તિ થાય એમ માને તો રાગમાં ધર્મ માન્યો. તેને અહીં હિંસા કહે

છે. રાગવાળી દશાને મુનિપણું માનવું તે મિથ્યાદૃષ્ટિ છે. મુનિને વસ્ત્ર-પાત્રાદિનો રાગ હોતો નથી.

જુઓ, આ સ્વામી કાર્તિકેયનું લખેલું શાસ્ત્ર છે. શ્રીમદ્ રાજચંદ્રે એમના વખાણ કર્યા છે અને જયચંદ્ર પંડિતે એનો ભાવાર્થ ભર્યો છે. તેમાં કહે છે કે શ્વેતાંબરસાધુ પણ સાધુ છે અને દિગંબરસાધુ પણ સાધુ છે એમ જે માને તે મુનિપણાની પર્યાયને પણ સમજતો નથી. વસ્ત્ર-પાત્રાદિ રાખવાનો ભાવ તે રાગનું ચિન્હ છે. પણ વીતરાગતાનું ચિન્હ નથી. રાગ અને વીતરાગ બન્ને પ્રકારને સરખા માનવા તે નિઃશંકપણું નથી.

વળી પૂર્ણ વીતરાગદશા થઈ હોય તેને તીવ્ર અશાતાનો ઉદય હોતો નથી કે જેથી તેઓ આહાર લે. કવળાહાર તો તીવ્ર અશાતામાં જોડાણ થતાં રાગ થતાં જ થાય છે. તો જેણે ભગવાનને કવળાહાર માન્યો તેણે ભગવાનમાં વીતરાગતા માની નહિ, એટલે કે રાગવાળીદશા માની. તેને અહીં હિંસા કહે છે. સ્ત્રીને ત્રણ કષાયનો અભાવ થતો જ નથી તો સ્ત્રીને કેવળજ્ઞાન થાય એમ કદી બનતું નથી. બે કષાયના નાશમાં ત્રણ કષાયનો નાશ અને સર્વથા અકષાયપણું બતાવે તે રાગમાં વીતરાગતા બતાવે છે, તે પણ હિંસા છે. જે કષાયરહિત થયેલ નથી તેને કષાયરહિત માનવો તે મિથ્યાદૃષ્ટિ છે. સ્ત્રીનો દેહ છે માટે અકષાય પરિણામ થતાં નથી – એમ નથી, પણ એ જીવની એવી જ યોગ્યતા છે. સ્ત્રીને મુનિદશા ત્રણકાળમાં હોતી નથી – એમાં શંકા કરવી તે હિંસા છે.

કોઈ કહે છે કે આપણે ઉદરતા બતાવવી જોઈએ, પણ કોઈને ઘેર ગયા હોઈએ અને ત્યાં માંસની કઢી કરી હોય ને તે આપણને આગ્રહ કરે તો શું આપણે ઉદારતા બતાવી તે ખાઈ લેવી જોઈએ ? નહિ જ, એ કાંઈ ઉદારતા કહેવાય નહિ. ઉદારતા તો સત્ય અને અસત્યનો વિવેક કરવો તે છે. અવિવેકને ઉદારતા માનવી તે મિથ્યાદૃષ્ટિ કંજુસ છે. વ્યવહારથી ધર્મ ન થાય એને નિશ્ચયથી જ ધર્મ થાય એવો ભગવાનનો માર્ગ છે. એ અનેકાંતમાર્ગમાં શંકા કરે તેને અહીં હિંસા કહી છે. આત્મા અકષાયીસ્વરૂપ છે. એમાં જે નિઃશંક છે તે અહિંસાધર્મ છે. એમાં ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા, નવતત્વની શ્રદ્ધા, છ દ્રવ્ય, પંચાસ્તિકાયની શ્રદ્ધા વગેરે આવી જાય છે. જેમ છે તેમ માને તો નિઃશંક થવાય છે. મધ્યસ્થ થઈને વિચારવાની આ વાત છે. જગત સાથે સંબંધ નથી. ભગવાનની વાણીમાં તો અનેક પ્રકારનાં કથનો આવે છે. માટે તેનો યથાર્થ નિર્ણય કરવો તે જ દયાધર્મ છે.

ગાથા-૪૧૪

**दयाभाव: अपि च धर्म: हिंसाभाव: न भण्यते धर्म:।**
**इति सन्देहाभाव: नि:शंका निर्मला भवति।।४१४।।**

**અર્થ :- નિશ્ચયથી દયાભાવ જ ધર્મ છે. પણ હિંસાભાવને ધર્મ કહી શકાય નહિ. આવો નિશ્ચય થતાં સંદેહનો અભાવ થાય તે જ નિર્મલ નિઃશંકિતગુણ છે.**

**ભાવાર્થ :- અન્યમતીએ માનેલું જે વિપરીત દેવ-ધર્મ-ગુરુનો વા તત્વના સ્વરૂપનો સર્વથા નિષેધ કરી જિનમતમાં કહેલું શ્રદ્ધાન કરવું તે નિઃશંકિતગુણ છે. જ્યાં સુધી શંકા રહે ત્યાં સુધી શ્રદ્ધાન નિર્મળ થાય નહિ.**

અર્થ :- નિશ્ચયથી દયાભાવ જ ધર્મ છે. પણ હિંસાભાવને ધર્મ કહી શકાય નહિ. આવો નિશ્ચય થતાં સંદેહનો અભાવ થાય તે જ નિર્મલ નિઃશંકિતગુણ છે.

ભાવાર્થ :- અન્યમતીએ માનેલું જે વિપરીત દેવ-ધર્મ-ગુરુનો વા તત્વના સ્વરૂપનો સર્વથા નિષેધ કરી જિનમતમાં કહેલું શ્રદ્ધાન કરવું તે નિઃશંકિતગુણ છે. જ્યાં સુધી શંકા રહે ત્યાં સુધી શ્રદ્ધાન નિર્મળ થાય નહિ.

અકષાયભાવ તે દયા છે. ચોથા કે પાંચમા ગુણસ્થાને તે તે ભૂમિકાને યોગ્ય જેટલો અકષાયભાવ પ્રગટ્યો હોય તે અહિંસા છે. પણ રાગથી લાભ માને તો તે હિંસા છે. મિથ્યાદૃષ્ટિને એવો સંદેહ હોય છે, જ્ઞાનીને સંદેહ નથી. કોઈ ઓછા કષાયમાં અકષાયપણું માને છે પણ એ ધર્મ નથી. એમ નિઃશંકપણું માનવું જોઈએ.

આજે ઉત્તમ અર્જવધર્મનો દિવસ છે, એટલે કે ધર્મમાં કુટિલતા વક્રતા થવા દેવી જોઈએ નહિ. આત્માનો જ્ઞાનસ્વભાવ છે. જ્ઞેયને જાણીને કુટિલતા ન થવા દેવી તે સરળતાધર્મ છે. આત્માનો આર્યસ્વભાવ છે, એમાં દંભનો અભાવ છે, તેથી સમ્યગદૃષ્ટિને કુટિલતાનો અભાવ હોય છે. મિથ્યાદૃષ્ટિને કુટિલતાનો યથાર્થ અભાવ હોતો નથી. મિથ્યાત્વનો ત્યાગ તે જ કુટિલતાનો ત્યાગ છે અને તે સરળતાધર્મ છે.

પુરુષાર્થસિદ્ધિઉપાયમાં શ્રી અમૃતચંદ્રાચાર્યે કહ્યું છે કે ઉત્તમ ક્ષમાદિધર્મની પ્રધાનતા મુનિને હોય છે, પણ આત્માના ભાનસહિત શ્રાવકને પણ અંશે તે ક્ષમાદિધર્મ હોય છે. જેટલા પ્રકાર ધર્મના વર્ણવ્યા છે તેટલા અંશે શ્રાવકને પણ હોય છે.

**ગાથા-૪૧૫**

**આગળ નિઃકાંક્ષિતગુણ કહે છે :-**

## य: स्वर्गसुखनिमित्तं धर्मं न आचरति दु:सहतपोभि:।
## मोक्षं समीहमान: नि:काङ्क्षा जायते तस्य।।४१५।।

**અર્થ :- જે સમ્યગ્દષ્ટિ, દુર્ધરતપ કરવા છતાં પણ સ્વર્ગના સુખોને માટે ધર્મ આચરતો નથી, તેને નિઃકાંક્ષિતગુણ હોય છે, કેવા છે તે ? એ દુર્ધરતપ કરી માત્ર એક મોક્ષને જ વાંછે છે.**

**ભાવાર્થ :- જે માત્ર એક મોક્ષાભિલાષાથી જ ધર્મનું આચરણ કરે છે – દુર્ધરતપ કરે છે પણ સ્વર્ગાદિકના સુખોને વાંછતો નથી તેને નિઃકાંક્ષિતગુણ હોય છે.**

અર્થ :- જે સમ્યગ્દષ્ટિ, દુર્ધરતપ કરવા છતાં પણ સ્વર્ગના સુખોને માટે ધર્મ આચરતો નથી, તેને નિઃકાંક્ષિતગુણ હોય છે, કેવા છે તે ? એ દુર્ધરતપ કરી માત્ર એક મોક્ષને જ વાંછે છે.

બાર બાર મહિનાના ઉપવાસ કરે પણ પુણ્યની ઈચ્છા ધર્મીને હોતી નથી. કેમ કે પુણ્યની ઈચ્છા મિથ્યાદૃષ્ટિને થાય છે. પુણ્યની ઈચ્છાવાળાને ભોગની ઈચ્છા છે, માટે સમ્યગ્દષ્ટિને પુણ્યની ઈચ્છા નથી. તે તો અંતર્સ્વભાવમાં લીન છે. ધર્મીને મોક્ષની ઈચ્છા છે એમ કહેવું તે પણ વ્યવહારથી છે કેમ કે ઈચ્છા તો રાગ છે ને ધર્મીને રાગની ભાવના હોતી નથી. સ્વર્ગની ઈચ્છા નથી તે બતાવવા મોક્ષની ઈચ્છા છે એમ કહેલ છે. કોઈ પણ પ્રકારની ઈચ્છા ન થવી તે નિઃકાંક્ષિતગુણ છે અને તે દયાધર્મ છે. રાગરહિત પરિણામ તે અહિંસા છે અને ચૈતન્યસ્વભાવને ચૂકીને રાગની રુચિ થવી તે જ હિંસા છે. હિંસા કે અહિંસા બહારમાં નથી. અહીં નિઃશંકાદિ આઠે ગુણોને અહિંસામાં ઉતાર્યા છે.

ભાવાર્થ :- જે માત્ર એક મોક્ષાભિલાષાથી જ ધર્મનું આચરણ કરે છે – દુર્ધરતપ કરે છે પણ સ્વર્ગાદિના સુખોને વાંછતો નથી તેને નિઃકાંક્ષિતગુણ હોય છે.

જે પોતાના ભાવમાં રમે છે તે પરની ઈચ્છા કરતો નથી માટે તે નિઃકાંક્ષિત છે. રાગની ઈચ્છા કરી રાગમાં ધર્મ માન્યો તે હિંસાધર્મી છે. જ્ઞાનીને રાગ હોય ખરો પણ તેને રાગની રુચિ હોતી નથી. દયાદાનાદિની ભાવના પણ તેને હોતી નથી. એની ભાવના કરે તો મિથ્યાદૃષ્ટિ

થઈ જાય છે. તે પણ હિંસા છે.

ગાથા-૪૧૬

આગળ નિર્વિચિકિત્સાગુણ કહે છે :-

**दशविधधर्मयुतानां स्वभावदुर्गन्धाशुचिदेहेषु।**
**यत् निन्दनं न क्रियते निर्विचिकित्सागुणः सः स्फूटं।।४१६।।**

**અર્થ :- પ્રથમ તો દેહનો સ્વભાવ જ દુર્ગંધ-અશુચિમય છે અને બહારમાં સ્નાનાદિ સંસ્કારના અભાવથી વધારે અશુચિ-દુર્ગંધરૂપ દેખાય છે. એવા દસ પ્રકારના યતિધર્મ સંયુક્ત મુનિરાજના દેહને દેખીને તેમની અવજ્ઞા ન કરે તે નિર્વિચિકિત્સાગુણ છે.**

**ભાવાર્થ :- સમ્યગ્દૃષ્ટિ પુરુષની દૃષ્ટિ મુખ્યપણે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ગુણો ઉપર પડે છે, દેહ તો સ્વભાવથી જ અશુચિ-દુર્ગંધરૂપ છે તેથી મુનિરાજના દેહ તરફ શું દેખે ? તેના રત્નત્રય(સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર) તરફ દેખે તો ગ્લાનિ શી રીતે આવે ? એ ગ્લાનિ ન ઊપજાવવી તે જ નિર્વિચિકિત્સાગુણ છે. પણ જેને સમ્યક્ત્વગુણ પ્રધાન નથી તેની દૃષ્ટિ પહેલી દેહ ઉપર પડતાં જ તેને ગ્લાનિ ઊપજે છે અને ત્યારે આ ગુણ તેને નથી એમ સમજવું.**

અર્થ :- પ્રથમ તો દેહનો સ્વભાવ જ દુર્ગંધ-અશુચિમય છે અને બહારમાં સ્નાનાદિ સંસ્કારના અભાવથી વધારે અશુચિ-દુર્ગંધરૂપ દેખાય છે. એવા દસ પ્રકારના યતિધર્મ સંયુક્ત મુનિરાજના દેહને દેખીને તેમની અવજ્ઞા ન કરે તે નિર્વિચિકિત્સાગુણ છે.

શરીરનો સ્વભાવ અપવિત્ર છે. મુનિ પોતાના ઉત્તમ ક્ષમાદિધર્મમાં ઝૂલતા હોય છે. તેમના શરીરમાં મેલાદિ દેખીને જે મુનિનો અનાદર કરે તે હિંસાધર્મી છે, એમ અહીં કહે છે. મુનિ કમંડળ રાખે છે પણ તે તો માત્ર અશુચિ ટાળવા માટે હોય છે. મુનિ સ્નાન કરતા નથી. તેથી શરીરમાં મેલાદિ હોય તે દેખીને કોઈ કહે કે મુનિ સ્નાન કરતા હોય તો ઠીક ! તો તે રાગની પ્રશંસા કરે છે ને અરાગી પરિણામની દુગંછા કરે છે. માટે તે જીવને અરાગી પરિણામની ખબર નથી.

ભાવાર્થ :- સમ્યગ્દૃષ્ટિ પુરુષની દૃષ્ટિ મુખ્યપણે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ગુણો ઉપર પડે છે, દેહ તો સ્વભાવથી જ અશુચિ-દુર્ગંધરૂપ છે તેથી મુનિરાજના દેહ તરફ શું દેખે ?

તેના રત્નત્રય તરફ દેખે તો ગ્લાનિ શી રીતે આવે ? એ ગ્લાનિ ન ઊપજાવવી તે જ નિર્વિચિકિત્સાગુણ છે. પણ જેને સમ્યક્ત્વગુણ પ્રધાન નથી તેની દૃષ્ટિ પહેલી દેહ ઉપર પડતાં જ તેને ગ્લાનિ ઊપજે છે અને ત્યારે આ ગુણ તેને નથી એમ સમજવું.

જ્ઞાની શરીરના સ્વભાવને જાણે ખરો પણ તેની દૃષ્ટિ ગુણો ઉપર હોવાથી તેની મુખ્યતામાં શરીરની મુખ્યતા તેને હોતી નથી. તેથી મુનિના શરીરની અશુચિથી તેને ગ્લાનિ થતી નથી. આત્માની ખખડધજ વીતરાગદશા પ્રગટી છે તેની દૃષ્ટિવાળાને અશુચિની ગ્લાનિ થતી નથી.

ગાથા-૪૧૭

**આગળ અમૂઢદૃષ્ટિગુણ કહે છે :-**

**भयलज्जालाभात् हिंसारम्भः न मन्यते धर्मः।**
**यः जिनवचने लीनः अमूढदृष्टी भवेत् सः स्फूटं।।४१७।।**

**અર્થ :- જે ભયથી, લજ્જાથી તથા લાભથી પણ હિંસાના આરંભને ધર્મ ન માને તે પુરુષ અમૂઢદૃષ્ટિગુણ સંયુક્ત છે. કેવો છે તે ? જિનવચનમાં લીન છે, `ભગવાને અહિંસાને જ ધર્મ કહ્યો છે' એવી દૃઢશ્રદ્ધાયુક્ત છે.**

**ભાવાર્થ :- અન્યમતીઓ યજ્ઞાદિક હિંસામાં ધર્મ સ્થાપે છે. તેને રાજાના ભયથી, કોઈ વ્યંતરના ભયથી, કોઈની લજ્જાથી, વા કોઈ ધનાદિના લોભથી ઈત્યાદિ અનેક કારણથી પણ ધર્મ ન માને, પરંતુ એવી શ્રદ્ધા રાખે કે `ધર્મ તો ભગવાને અહિંસાને જ કહ્યો છે' તેને અમૂઢદૃષ્ટિગુણ કહે છે. અહીં હિંસારંભ કહેવાથી હિંસાના પ્રરૂપક દેવ-ગુરુ-શાસ્ત્ર આદિમાં પણ મૂઢદૃષ્ટિવાન ન થાય, એમ સમજવું.**

અર્થ :- જે ભયથી, લજ્જાથી તથા લાભથી પણ હિંસાના આરંભને ધર્મ ન માને તે પુરુષ અમૂઢદૃષ્ટિગુણ સંયુક્ત છે. કેવો છે તે ? જિનવચનમાં લીન છે, 'ભગવાને અહિંસાને જ ધર્મ કહ્યો છે' એવી દૃઢશ્રદ્ધાયુક્ત છે.

સમ્યગ્દૃષ્ટિ જીવ જગતના કોઈ પણ ભયથી હિંસામાં ધર્મ માને નહિ અને રાગમાં પણ ધર્મ માને નહિ. રાગ ટળ્યો ન હોય છતાં રાગ ટળી ગયો છે – એમ માની રાગમાં ધર્મ મનાવતા હોય તે હિંસામાં ધર્મ માને છે. જ્ઞાની એમાં ધર્મ માનતો નથી. જ્ઞાની અકષાય પરિણામમાં

જ ધર્મ માને છે, એવી તેની દૃઢ શ્રદ્ધા છે.

ભાવાર્થ :- અન્યમતીઓ યજ્ઞાદિક હિંસામાં ધર્મ સ્થાપે છે. તેને રાજાના ભયથી, કોઈ વ્યંતરના ભયથી, કોઈની લજ્જાથી, વા કોઈ ધનાદિના લોભથી ઈત્યાદિ અનેક કારણથી પણ ધર્મ ન માને, પરંતુ એવી શ્રદ્ધા રાખે કે 'ધર્મ તો ભગવાને અહિંસાને જ કહ્યો છે' તેને અમૂઢદૃષ્ટિગુણ કહે છે. અહીં હિંસારંભ કહેવાથી હિંસાના પ્રરૂપક દેવ-ગુરુ-શાસ્ત્ર આદિમાં પણ મૂઢદૃષ્ટિવાન ન થાય, એમ સમજવું.

ભગવાનના પંચકલ્યાણકાદિમાં યજ્ઞ હોય છે એની અહીં વાત નથી કેમ કે ત્યાં શુભભાવની પ્રધાનતા છે. તે શ્રાવકનો ધર્મ છે. ભગવાન ઋષભદેવ અષ્ટાપદ ઉપર મોક્ષ પધાર્યા ત્યારે સાથે ગણધર અને મુનિઓ પણ મોક્ષ પધાર્યા હતા. તે વખતે ઈંદ્રો આવીને યજ્ઞ કરીને પૂજા કરે છે ત્યાં અગ્નિમાં કેવળજ્ઞાનનો આરોપ કરે છે. એમાં શુભભાવની મુખ્યતા હોવા છતાં જેટલો અકષાયભાવ છે તેટલો તો ધર્મ છે. રાગમાં અરાગપણું મનાવે છે તેવા દેવ-ગુરુ-શાસ્ત્રમાં જ્ઞાની મૂઢદૃષ્ટિ થવા દેતો નથી. કુદેવાદિમાં અનુમોદન તે હિંસાભાવ છે. જે એવો મૂઢભાવ થવા દેતો નથી તે અહિંસાધર્મ છે.

# પ્રસાદ નં. – ૩૦૮

**વી. નિ સં. ૨૪૭૮, ભાદરવા સુદ ૧૩, વર્ષ ૨જાું. પુસ્તક અગિયારમું, સોનગઢ, તા. ૨-૯-૫૨, મંગળવાર.**

# શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(ભાદરવા સુદ ૯, શુક્રવાર, ૨૯-૮-૫૨ સવાર)**

## ઉત્તમ સત્યધર્મ

આ દસલક્ષણધર્મના દિવસો ચાલે છે. તેમાં આજે ઉત્તમ સત્યધર્મનો પાંચમો દિવસ છે. આ શાસ્ત્રમાં ૩૯૮મી ગાથામાં ઉત્તમસત્યધર્મનું વર્ણન કર્યું છે કે :-

જે મુનિ જિનસૂત્ર અનુકૂળ વચનને જ કહે, વળી તેમાં જે આચારાદિ કહ્યા છે તે પાલન કરવામાં પોતે અસમર્થ હોય તો પણ અન્ય પ્રકારથી ન કહે અને વ્યવહારથી પણ અસત્ય ન કહે તે મુનિ સત્યવાદી છે અને તેને જ ઉત્તમસત્યધર્મ હોય છે.

આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે એના ભાનપૂર્વક દિગંબરદશા અને ૨૮મૂળગુણાદિનું પાલન તે મુનિપણું છે. તે મુનિ આગમ પ્રમાણે પ્રરૂપણા કરે, કાંઈ ગોપવે નહિ, ઊંધી પ્રરૂપણા કરે નહિ અને મુનિપણું જેવું છે તેવું જ કહે, એમાં જૂઠું બોલે નહિ. ત્રિલોકનાથે કહ્યા પ્રમાણે કદાચ પોતાને મુનિપણું ન હોય તો પણ મુનિપણાનું બીજું સ્વરૂપ તે કહે નહિ, વિપરીત વાત કરે નહિ. જેમ કોઈ દેવાદાર હોય, તે પૈસા દેવામાં પહોચી શકે તેમ ન હોય છતાં બીજી વાત કરે નહિ, મારે તમારા રૂપિયા દૂધે ધોઈને આપવા છે એમ તે કહે. તેમ વીતરાગ ભગવાને કહ્યું હોય તે જ પ્રમાણે મુનિ કહે તે ઉત્તમસત્ય છે અને વ્યવહારમાર્ગમાં પણ જૂઠું બોલે નહિ. જેને આગમની ઓળખાણ ન હોય, અને આત્માની ઓળખાણ પણ ન હોય તેની

અહીં વાત નથી. કેમ કે તેને આ ઉત્તમસત્યધર્મ ન હોય. આત્માની ઓળખાણપૂર્વક નિશ્ચય-વ્યવહારનું જ્ઞાન હોય તેને ઉત્તમસત્યધર્મ હોય છે.

**શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ગાથા-૪૧૮**

હવે ચાલતા અધિકારમાં સમ્યગ્દૃષ્ટિના પાંચમા ઉપગુહનગુણની વાત કરે છે. આત્મા શુદ્ધ છે તેના આશ્રયે નિર્વિકલ્પ પવિત્રદશા પ્રગટ થાય છે, તે ધર્મ છે અને રાગ ને નિમિત્ત હોય છે તે વ્યવહાર છે પણ એનાથી ધર્મ થતો નથી તે કહે છે.

**ગાથા-૪૧૮**

**આગળ ઉપગુહનગુણ કહે છે :-**

**यः परदोषं गोपायति निजसुकृतं नो प्रकाशयते लोके।**
**भवितव्यभावनारतः उपगुहनकारकः सः स्फूटं।।४१८।।**

**અર્થ :- જે સમ્યગ્દૃષ્ટિ, પરના દોષને ઢાંકે-ગોપવે તથા પોતાના સુકૃત અથાત્ પુણ્ય-ગુણો લોકમાં પ્રકાશે નહિ-કહેતો ફરે નહિ પણ આવી ભાવનામાં લીન રહે કે 'જે ભવિતવ્ય છે તે થાય છે તથા થશે' તે ઉપગુહનગુણવાળો છે.**

**ભાવાર્થ :- 'જે કર્મનો ઉદય છે તે અનુસાર લોકમાં મારી પ્રવૃત્તિ છે અને જે થવા યોગ્ય છે તે જ થાય છે' એવી ભાવના સમ્યગ્દૃષ્ટિને રહે છે. તેથી તે પોતાના ગુણને અને પરના દોષને પ્રકાશતો ફરતો નથી. વળી સાધર્મીજનમાં વા પૂજ્ય પુરુષોમાં કર્મોદયવશ કોઈ દોષ જણાય તો તેને છૂપાવે–ઉપદેશાદિકથી તે દોષ છોડાવે, પણ એમ ન કરે કે જેથી તેની અને ધર્મની નિંદા થાય. ધર્મ તથા ધર્માત્મામાંથી દોષનો અભાવ કરવો ત્યાં છૂપાવવું એ પણ અભાવ કરવા તુલ્ય છે. અર્થાત્ જેને લોક ન જાણે તે અભાવ બરાબર જ છે. એ પ્રમાણે ઉપગુહનગુણ હોય છે.**

અર્થ :- જે સમ્યગ્દૃષ્ટિ, પરના દોષને ઢાંકે-ગોપવે તથા પોતાના સુકૃત અથાત્ પુણ્ય-ગુણો લોકમાં પ્રકાશે નહિ-કહેતો ફરે નહિ પણ આવી ભાવનામાં લીન રહે કે 'જે ભવિતવ્ય

છે તે થાય છે તથા થશે' તે ઉપગુહનગુણવાળો છે.

ધર્માત્મા પરના દોષ ઉઘાડા પાડે નહિ. કોઈ સમ્યગ્દ્રષ્ટિ જીવને ક્રોધ, માન, માયા, લોભાદિના દોષો હોય તો તેને ધર્મી ગોપવે છે. જ્યાં ત્યાં અવર્ણવાદ કે નિંદા ન કરે. અહીં ધર્મીની વાત છે. કોઈ મિથ્યાદૃષ્ટિ સ્વચ્છંદી બની પાપ કાર્યો કરે છે તેને ગોપવવાની વાત અહીં નથી. કેમ કે જેને સાચી શ્રદ્ધાની જ ખબર નથી તેના આચરણમાં તો દોષ જ છે. પણ કોઈ ધર્મી જીવમાં દોષ હોય તો તેને ગોપવે એ ઉપગુહનગુણ છે. ખોટાં શાસ્ત્રો વાંચીને પ્રરૂપણા કરતો હોય ને જેને નીતિનાં પણ ઠેકાણાં ન હોય એવાઓની અહીં વાત નથી.

વળી ધર્મી જીવ પોતાના ગુણો જગત પાસે કહેતો ફરે નહિ, એટલે કે પોતાના ગુણોની પ્રશંસા કરે નહિ. સમ્યગ્દ્રષ્ટિનો નિર્ણય છે કે જે થવાનું હોય તે થાય છે અને એમ જ થશે, કોઈના હાથની વાત નથી. જુઓ, અહીં પણ ભવિતવ્યની વાત આવી છે, જાણે છે કે જે કાળે જે થવાનુ છે તે જ થાય છે. તેથી તે પરના દોષોને ઉઘાડા પાડે નહિ અને પોતાના ગુણોની પ્રશંસા કરે નહિ. બહારમાં એવો ઉદય હોય તો જ્ઞાનીની કદાચ નિંદા થાય અને અજ્ઞાનીની પ્રશંસા થાય પણ જ્ઞાની જાણે છે કે પરની પર્યાય મારાથી ફરે નહિ અને મારી પર્યાય પરથી ફરે નહિ. એટલે એનો અર્થ એ થયો કે જે સમ્યક્પણે ભવિતવ્યને માને તે જ સમ્યગ્દ્રષ્ટિ છે. પરની પર્યાય એના કાળે એના કારણે થશે એવી શ્રદ્ધા સમ્યગ્દ્રષ્ટિને હોય છે. સ્વભાવદૃષ્ટિપૂર્વક જે થવાનું હોય તે થાય છે એમ તે માને છે. પણ એકાંતે ભવિતવ્યને જ માને તો મિથ્યાદૃષ્ટિ છે.

ભાવાર્થ :- 'જે કર્મનો ઉદય છે તે અનુસાર લોકમાં મારી પ્રવૃત્તિ છે અને જે થવા યોગ્ય છે તે જ થાય છે' એવી ભાવના સમ્યગ્દ્રષ્ટિને રહે છે. તેથી તે પોતાના ગુણને અને પરના દોષને પ્રકાશતો ફરતો નથી. વળી સાધર્મીજનમાં વા પૂજ્ય પુરુષોમાં કર્મોદયવશ કોઈ દોષ જણાય તો તેને છૂપાવે–ઉપદેશાદિકથી તે દોષ છોડાવે, પણ એમ ન કરે કે જેથી તેની અને ધર્મની નિંદા થાય. ધર્મ તથા ધર્માત્મામાંથી દોષનો અભાવ કરવો ત્યાં છૂપાવવું એ પણ અભાવ કરવા તુલ્ય છે. અર્થાત્ જેને લોક ન જાણે તે અભાવ બરાબર જ છે. એ પ્રમાણે ઉપગુહનગુણ હોય છે.

પૂર્વકર્મના ઉદય પ્રમાણે બહારમાં જશ કે અપજશ બોલાય છે. એક શેઠ હતો. તે પૈસા તો વાપરતો હતો પણ તેને જશ મળતો ન હતો. એક વખત નાતમાં જમણવાર આપ્યું અને દિવસે મિઠાઈ બનાવી હતી. તેમાં વધારે ઘી નાખે તો નાત એનું સારું બોલે એમ વિચારી ને રાત્રે ઊઠ્યો અને એક ખૂણાંમાં પાંચ ડબા એરંડિયાના પડ્યા હતા તે ઘીના જાણીને મિઠાઈમાં નાખ્યા. સવારે નાત જમવા બેઠી ત્યારે પોતાનું કેવું સારું બોલાય છે તે જોવા નીકળ્યો, તો

નાતમાં દેકારો ઊઠ્યો – બૂમાબૂમ ઊઠી. આવો તેનો અપજશનો ઉદય હતો. તેથી સમ્યગ્દૃષ્ટિ વિચારે છે કે લોકમાં જે થવાનું હોય તે થાય છે – એમ જાણીને તે આકુળતા થવા દેતો નથી. જુઓ, આ સમ્યક્ ભવિતવ્યની વાત જગતને બેસતી નથી અને પોકર કરે છે કે આમાં પુરુષાર્થ રહેતો નથી. પણ અહીં તો કહે છે કે જે થવાનું હોય તે થાય છે એમ માનવું તે જ સમ્યગ્દર્શનનો પુરુષાર્થ છે.

ધર્માત્મા પોતાના સાધર્મીભાઈઓ – શ્રાવક, શ્રાવિકાઓમાં કાંઈ દોષ જણાય તો ખાનગી કહીને તે દોષોને છોડાવે, પણ બહારમાં ફેલાવો કરે નહિ અને ધર્મની નિંદા થાય એમ પણ કરે નહિ. આ ધર્મી જીવના ચારિત્રના દોષોની વાત છે, પણ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા ન હોય અને આત્માનું ભાન ન હોય તે દોષો કરે અને છૂપાવે – ચલાવે છે તેવાની વાત અહીં નથી. પણ કોઈ ધર્મી જીવને ક્યારેક રાગાદિનો દોષ થતો જાણે તો તેને ગોપવે છે.

ગાથા-૪૧૯

**આગળ સ્થિતિકરણગુણ કહે છે :-**

## धर्मात: चलमानं य: अन्यं संस्थापयति धर्मे।
## आत्मानं अपि सुदृढयति स्थितिकरणं भवति तस्य एव।।४१९।।

**અર્થ :- ધર્મથી ચલાયમાન થતા એવા અન્યને ધર્મમાં સ્થાપવો તથા પોતાના આત્માને પણ (ધર્મથી) ચલિત થતો (ધર્મમાં) દૃઢ કરવો તેને નિશ્ચયથી સ્થિતિકરણગુણ હોય છે.**

**ભાવાર્થ :- ધર્મથી ચલિત થવાનાં અનેક કારણો હોય છે, ત્યાં નિશ્ચય-વ્યવહારરૂપ ધર્મથી પરને તથા પોતાને ચલિત થતો જાણી ઉપદેશથી વા જેમ બને તેમ દૃઢ કરવો તેને સ્થિતિકરણગુણ હોય છે.**

અર્થ :- ધર્મથી ચલાયમાન થતા એવા અન્યને ધર્મમાં સ્થાપવો તથા પોતાના આત્માને પણ (ધર્મથી) ચલિત થતો (ધર્મમાં) દૃઢ કરવો તેને નિશ્ચયથી સ્થિતિકરણગુણ કહે છે.

પોતા સિવાય અન્ય શ્રાવક, શ્રાવિકાને કે પોતાને શ્રદ્ધા કે ધર્મથી ચલાયમાન થતો જાણે

તો ધર્મમાં સ્થિર કરવો તે સ્થિતિકરણગુણ છે. જેને આત્માનું ભાન હોય તે સ્થિર કરે પણ જેને ભાન નથી તે શું સ્થિર કરે ? સ્થિતિકરણઅંગમાં ક્ષેણિકરાજાના વારિષેણ પુત્રનું શાસ્ત્રમાં દૃષ્ટાંત આવે છે. વિદ્યુત નામનો ચોર હતો. વેશ્યાના પ્રેમને લીધે તેણે એક શેઠને ત્યાંથી, વેશ્યાને આપવા માટે, હારની ચોરી કરી પણ સિપાઈને ખબર પડવાથી તે એની પાછળ પડ્યા. વારિષેણકુમાર સ્મશાનમાં ધ્યાન કરતા હતા. તેમની પાસે હાર નાખીને ચોર ભાગી છૂટ્યો. પોલીસે કુમાર ઉપર ચોરીનું આળ-તહોમત નાખ્યું. છતાં પોતે કાંઈ બોલતા નથી. કર્મના ઉદય પ્રમાણે જે થવાનું હશે તે થશે, તે ધર્મથી ડગતા નથી. પોલીસ તરવાર મારવા માટે ઉગામે છે પરંતુ તરવાર શરીર ઉપર લાગતી નથી. દેવોએ પુષ્પવૃષ્ટિ કરી. લોકોને રાજકુમાર ઉપર ઘણી પ્રીતિ હતી તેથી આ વાત સાંભળીને લોકો ખૂબ આનંદમાં આવી ગયા. થવાનું હશે તે થશે – એ દૃઢતામાં તે સ્થિર રહ્યાં. શ્રેણિકરાજાએ માફી માગી, કુમાર કહે છે કે પિતાજી, દુઃખી ન થાઓ – એમ કહીને પોતે મુનિપણું અંગીકાર કરે છે, ત્યાર બાદ વિદ્યુતચોર આવીને પોતાનો ગુન્હો કબૂલ કરે છે અને તે પણ દીક્ષા લે છે. આ રીતે ધર્મી જીવ કોઈનો દોષ કાઢતા નથી.

ભાવાર્થ :- ધર્મથી ચલિત થવાનાં અનેક કારણો હોય છે, ત્યાં નિશ્ચય-વ્યવહારરૂપ ધર્મથી પરને તથા પોતાને ચલિત થતો જાણી ઉપદેશથી વા જેમ બને તેમ દૃઢ કરવો તેને સ્થિતિકરણગુણ હોય છે.

ધર્મી પોતાના ધર્મમાંથી ડગતા નથી. પાપનો ઉદય હોય તો શરીરમાં રોગ પણ આવે અને અજ્ઞાનીને પુણ્યનો ઉદય હોય તો શરીર સારું હોય, જગતના લોકો કહે છે કે 'કસાઈને ત્યાં કુશળ અને ધર્મીને ત્યાં ધાડ'– તે વાત ખોટી છે. કેમ કે એ તો બધી બહારના સંયોગની વાત છે. ધર્મી વર્તમાન બહારની પ્રતિકૂળતાને ગણતો નથી. પોતે ડગતો નથી, અસ્થિર થતો નથી. માટે ધર્મી હંમેશા અંતરમાં સુખી જ છે, અને અધર્મી દુઃખી જ છે.

**ગાથા-૪૨૦**

**આગળ વાત્સલ્યગુણ કહે છે :-**

**यः धार्मिकेषु भक्तः अनुचरणं करोति परमश्रद्धया।**
**प्रियवचनं जल्पन् वात्सल्यं तस्य भव्यस्य।।४२०।।**

**અર્થ :- જે સમ્યગ્દૃષ્ટિ જીવ, ધાર્મિક અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ શ્રાવક–મુનિજનોમાં ભક્તિવાન**

**હોય, તેઓના અનુસારે પ્રવર્તે તથા પરમશ્રદ્ધાપૂર્વક પ્રિયવચન બોલતો થકો પ્રવર્તે તે ભવ્યને વાત્સલ્યગુણ હોય છે.**

**ભાવાર્થ :- વાત્સલ્યગુણમાં ધર્માનુરાગ પ્રધાન હોય છે. ધર્માત્માપુરુષોમાં જેને ઉત્કૃષ્ટપણે ભક્તિ–અનુરાગ હોય, તેઓમાં પ્રિયવચન સહિત જે પ્રવર્તે, તેમનાં ભોજન–ગમન–આગમન આદિ ક્રિયામાં અનુચર જેવો બની જે પ્રવર્તે તથા ગાય–વાછરડા જેવી પ્રીતિ રાખે તેને વાત્સલ્યગુણ હોય છે.**

અર્થ :- જે સમ્યગ્દ્રષ્ટિ જીવ, ધાર્મિક અર્થાત્ સમ્યગ્દ્રષ્ટિ શ્રાવક–મુનિજનોમાં ભક્તિવાન હોય, તેઓના અનુસારે પ્રવર્તે તથા પરમશ્રદ્ધાપૂર્વક પ્રિયવચન બોલતો થકો પ્રવર્તે તે ભવ્યને વાત્સલ્યગુણ હોય છે.

ધર્મીને અન્ય ધર્મી પ્રત્યે પ્રેમ ઊછળે છે. સમ્યગ્દ્રષ્ટિને સાચા ગુરુ પ્રત્યે કે સાધર્મી પ્રત્યે પ્રેમ આવ્યા વિના રહે નહિ. તે દ્વેષ કરે નહિ. મારી આબરૂ કરતાં આની આબરૂ વધી ગઈ એમ દ્વેષ કરે નહિ. શિષ્ય કદાચ વહેલો મોક્ષે જાય તો પણ ગુરુને દ્વેષ થાય નહિ. જેમ જેને પોતાના દીકરા ઉપર પ્રેમ હોય ને તે પૈસામાં વધી જાય તો તેના પ્રત્યે દ્વેષ કરે નહિ. ઊલટો પ્રેમ અને ઉલ્લાસ બતાવે છે તેમ શિષ્યની દશા વધતી જાણી તેના ઉપર ધર્માત્માને દ્વેષ થતો નથી. શાસ્ત્રમાં રેવતી રાણીનું દ્રષ્ટાંત આવે છે. એક મુનિ રેવતીરાણીને બ્રહ્મચારી સાથે ધર્મવૃદ્ધિ કહેવડાવે છે, ત્યારે તે બ્રહ્મચારી વિચાર કરે છે કે આ રેવતીબાઈ કેવી ? અને મુનિ કેવા ? તેની પરીક્ષા કરે છે. પોતે એક એક દિવસે બ્રહ્મા, વિષ્ણુ, મહેશનું રૂપ ધારણ કરે છે. ચોથે દિવસે પચીસમા તીર્થંકરનું રૂપ કરીને સમવસરણાદિ રચે છે. લોકો રેવતીબાઈને કહે છે કે ચાલો પચીસમા તીર્થંકર પધાર્યા છે. બાઈ કહે છે કે પચીસમા તીર્થંકર હોય નહિ. પછી બ્રહ્મચારી પોતે અસલ રૂપમાં જાય છે ત્યારે તેનો આદર કરે છે, ત્યાં ભોજન કરે છે અને ઊલટી કરે છે, પણ બાઈ દુગંછા કરતી નથી ત્યારે બ્રહ્મચારી કહે છે કે અરે બાઈ ! મુનિએ ધર્મવૃદ્ધિ કહેલ છે. આ રીતે આખું ગામ ચળી ગયું પણ રેવતીબાઈ પોતાના ધર્મમાં અડગ રહ્યા.

ભાવાર્થ :- ધર્મી, ધર્મી પ્રત્યે પ્રેમ જાહેર કરે છે, પોતે સેવક બને, આવે ત્યારે લેવા જાય અને જાય ત્યારે મૂકવા જાય. અનુકૂળ વર્તે, બોલવામાં, ચાલવામાં ધાર્મિકપ્રેમ જાહેર કરે, ગાયને વાછરડા ઉપર પ્રેમ હોય છે, વાછરડો ગાયને ઘાસ લાવી આપે કે ચાકરી કરે એવી આશા નથી પણ કુદરતી એના પ્રત્યે પ્રેમ હોય છે. એમ ધર્મી જીવને ધર્મી પ્રત્યે પ્રેમ

હોય છે.

**ગાથા-૪૨૧**

**આગળ પ્રભાવનાગુણ કહે છે :-**

**य: दशभेद धर्मं भव्यजनानां प्रकाशयति विमलं।**
**आत्मानं अपि प्रकाशयति ज्ञानेन प्रभावना तस्य।।४२१।।**

**અર્થ :- જે સમ્યગ્દષ્ટિ, ભવ્યજીવોની પાસે પોતાના જ્ઞાનદ્વારા દશભેદરૂપ ધર્મને પ્રગટ કરે, તથા પોતાના આત્માને પણ દશ પ્રકારરૂપ ભેદથી પ્રકાશિત કરે, તેને પ્રભાવનાગુણ હોય છે.**

**ભાવાર્થ :- ધર્મને વિખ્યાત કરવો તે પ્રભાવનાગુણ છે, ત્યાં ઉપદેશાદિકથી તો પરમાં ધર્મને પ્રગટ કરે તથા પોતાના આત્માને પણ દશવિધધર્મના અંગીકારથી કર્મકલંકરહિત પ્રકાશિત કરે તેને પ્રભાવનાગુણ હોય છે.**

અર્થ :- જે સમ્યગ્દષ્ટિ, ભવ્યજીવોની પાસે પોતાના જ્ઞાનદ્વારા દશભેદરૂપ ધર્મને પ્રગટ કરે, તથા પોતાના આત્માને પણ દશ પ્રકારરૂપ ભેદથી પ્રકાશિત કરે, તેને પ્રભાવનાગુણ હોય છે.

ભાવાર્થ :- ધર્મને વિખ્યાત કરવો તે પ્રભાવનાગુણ છે, ત્યાં ઉપદેશાદિકથી તો પરમાં ધર્મને પ્રગટ કરે તથા પોતાના આત્માને પણ દશવિધધર્મના અંગીકારથી કર્મકલંકરહિત પ્રકાશિત કરે તેને પ્રભાવનાગુણ હોય છે.

ધર્માત્મા દશ પ્રકારના ધર્મથી પોતાની શુદ્ધી કરે છે અને પૂર્ણદશા નથી એટલે રાગ આવ્યા વિના રહેતો નથી, તે વ્યવહારપ્રભાવના છે. પોતાની શુદ્ધિ થઈ તે નિશ્ચયપ્રભાવનાઅંગ છે. વર્તમાન અશુદ્ધતા છે તેની ગૌણતા કરીને શુદ્ધતાની મુખ્યતા કરે તે સાચી ધર્મની પ્રભાવના છે.

# પ્રસાદ નં. – ૩૧૦

**વી. નિ સં. ૨૪૭૮, ભાદરવા સુદ ૧૫, વર્ષ ૨જું. પુસ્તક અગિયારમું, સોનગઢ, તા. ૪-૯-૫૨, ગુરુવાર.**

# શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(ભાદરવા સુદ ૧૦, શનિવાર, ૩૦-૮-૫૨ સવાર)**

આજે દશ લક્ષણધર્મમાં છઠ્ઠા ઉત્તમ સંયમધર્મનો દિવસ છે. આત્માના ભાન વિના સંયમ હોતો નથી. પાંચ ઈંદ્રિયાદિનો સંયમ થવો એટલે કે આત્મા ઈંદ્રિય અને વિકાર રહિત છે એવી દૃષ્ટિપૂર્વક શુદ્ધ આત્મામાં લીનતા કરવી તે ઉત્તમ સંયમ છે. અકષાય પરિણામ તે સંયમ છે. એકલી એકેંદ્રિયાદિની હિંસા ન કરવી, અને એમાં ઉપયોગ રાખવો તે સંયમ નથી. એવો ભાવ તો અભવ્ય પણ કરે છે, એમાં કાંઈ નવું નથી. મિથ્યાદૃષ્ટિ એવા ભાવ અનંતવાર કરી ચૂક્યો છે પણ પોતાના સ્વભાવની રુચિપૂર્વક અંતરલીનતા થતા સહજશાંતિની ઉત્પત્તિરૂપ સંયમભાવ એને નથી, પર જીવની રક્ષા કરવાનો ભાવ તે શુભભાવ છે. સ્વભાવમાં લીન થતાં શુભાશુભભાવ થવા ન દેવો તે સ્વદયા છે. શુદ્ધતા થતાં અશુદ્ધતાની ઉત્પત્તિ ન થાય તે ઉત્તમ સંયમધર્મ છે.

દશલક્ષણધર્મ પર્વ અનંતવાર આવી ગયા. બાર મહિનામાં માહ, ચૈત્ર અને ભાદરવામાં સુદ ૫ થી સુદ ૧૪ સુધી દશલક્ષણધર્મ પર્વ આવે છે, પણ એમાં ભાદરવાના પર્વની પ્રધાનતા છે. આજે ધૂપ દશમી છે, જે પોતાનામાં સંયમભાવ પ્રગટ કરે તેને સાચી સુગંધદશમી કહેવાય છે. ઘણાં લોકો ધૂપને બાળે છે, અને કર્મનો નાશ થઈ જાય એમ માને છે, પણ પરની ક્રિયા હું કરી શકું છું એમ માનવામાં આત્માનો ધર્મ બળી જાય છે. માટે તે ખરેખર સગંધદશમી નથી પણ આત્મામાં પરની ક્રિયા છે જ નહિ એવા ભાનપૂર્વક શુદ્ધ આત્મામાં લીન થતાં વિકાર

થતો જ નથી એનું નામ સુગંધદશમી છે.

હવે પ્રભાવનાગુણની વાત કરે છે. આ પ્રભાવનાગુણ મહાન છે. સમ્યગ્દૃષ્ટિ પુરુષોને પ્રભાવનાગુણ અવશ્ય હોય છે. ખોટા દેવાદિની વાત સાંભળીને જ્ઞાનીને એવો વિકલ્પ આવે કે આ વાત ખોટી છે અને પુણ્ય દેખે તો વાદવિવાદ પણ કરે, અને ધર્મની પ્રભાવના કરે. વળી પૂજા આદિ પણ કરે તે બધી વ્યવહાર પ્રભાવના છે અને આત્મામાં શુદ્ધતાની વૃદ્ધિ કરે તે નિશ્ચય પ્રભાવના છે. એવી નિશ્ચય પ્રભાવના વખતે લોકોમાં પ્રભાવના થાય તે વ્યવહાર પ્રભાવના છે.

હવે 'નિઃશંકિતાદિ ગુણો કેવા પુરુષને હોય છે ?' તે કહે છેઃ-

ગાથા ૪૨૩

**આગળ 'નિઃશંકિતાદિ ગુણો કેવા પુરુષને હોય છે ?' તે કહે છે :-**

**य: न करोति परतार्तिं पुन: पुन: भावयति शुद्धं आत्मानं।**
**ईन्द्रियसुखनिरपेक्ष: नि:शंकादिगुणा: तस्य।।४२३।।**

**અર્થઃ- જે પુરુષ, પરની નિંદા ન કરે, શુદ્ધ આત્માને વારંવાર ચિંતવતો હોય, તથા ઈંદ્રિયસુખની અપેક્ષા-વાંછારહિત હોય તેને નિઃશંકિતાદિ આઠ ગુણ અને અહિંસાધર્મરૂપ સમ્યક્ત્વ હોય છે.**

**ભાવાર્થઃ- અહિં ત્રણ વિશેષણ છે તેનું તાત્પર્ય આ છે કે જે પરની નિંદા કરે તેને નિર્વિચિકિત્સા, ઉપગૂહન, સ્થિતિકરણ, તથા વાત્સલ્ય ગુણ ક્યાંથી હોય ? માટે પરનો નિંદક ન હોય ત્યારે આ ચાર ગુણ હોય છે. વળી જેને પોતાના આત્માના વસ્તુસ્વરૂપમાં શંકા-સંદેહ હોય તથા મૂઢદૃષ્ટિ હોય તે પોતાના આત્માને વારંવાર શુદ્ધ ક્યાંથી ચિંતવે ? તેથી જે પોતાને શુદ્ધ ભાવે (ચિંતવે) તેને જ નિઃશંકિત અને અમૂઢદૃષ્ટિગુણ હોય છે, તથા પ્રભાવના પણ તેને જ હોય છે. વળી જેને ઈંદ્રિયસુખની વાંછા હોય તેને નિઃકાંક્ષિતગુણ હોતો નથી પણ ઈંદ્રિયસુખની વાંછારહિત થતાં જ નિઃકાંક્ષિતગુણ હોય છે. એ પ્રમાણે આઠગુણો હોવાનાં આ ત્રણ વિશેષણો છે.**

અર્થઃ- જે પુરુષ, પરની નિંદા ન કરે, શુદ્ધ આત્માને વારંવાર ચિંતવતો હોય, તથા

ઇંદ્રિયસુખની અપેક્ષા-વાંછારહિત હોય તેને નિઃશંકિતાદિ આઠ ગુણ અને અહિંસાધર્મરૂપ સમ્યક્ત્વ હોય છે.

જુઓ આ ગાથામાં આઠે ગુણોનું વર્ણન આવી જાય છે, ધર્માત્માને કોઈ દોષ આવી ગયો હોય તો જ્ઞાની તેની નિંદા કરે નહિ. આખી દુનિયા ખોટી વાતો કરે તો પણ જ્ઞાની એમાં મૂંઝાય નહિ. પરની વાત સાચી હશે એવી ઈચ્છા કરે નહિ. હું ચૈતન્યસ્વરૂપી જ્ઞાયક છું પરની ક્રિયા મારી નથી એવા ભાનમાં જ્ઞાન એકાગ્ર થાય, આમાં આઠે ગુણોનો સમાવેશ થઈ જાય છે અને તે જ અહિંસાધર્મ છે.

ભાવાર્થઃ- અહિં ત્રણ વિશેષણ છે તેનું તાત્પર્ય આ છે કે જે પરની નિંદા કરે તેને નિર્વિચિકિત્સા, ઉપગૂહન, સ્થિતિકરણ, તથા વાત્સલ્ય ગુણ ક્યાંથી હોય ? માટે પરનો નિંદક ન હોય ત્યારે આ ચાર ગુણ હોય છે. વળી જેને પોતાના આત્માના વસ્તુસ્વરૂપમાં શંકા-સંદેહ હોય તથા મૂઢદૃષ્ટિ હોય તે પોતાના આત્માને વારંવાર શુદ્ધ ક્યાંથી ચિંતવે ? તેથી જે પોતાને શુદ્ધ ભાવે (ચિંતવે) તેને જ નિઃશંકિત અને અમૂઢદૃષ્ટિગુણ હોય છે, તથા પ્રભાવના પણ તેને જ હોય છે. વળી જેને ઇંદ્રિયસુખની વાંછા હોય તેને નિઃકાંક્ષિતગુણ હોતો નથી પણ ઇંદ્રિયસુખની વાંછારહિત થતાં જ નિઃકાંક્ષિતગુણ હોય છે. એ પ્રમાણે આઠગુણો હોવાનાં આ ત્રણ વિશેષણો છે.

આ સમ્યગ્દૃષ્ટિના ગુણની વાત છે. જેને આત્માનું ભાન નથી, તેને આવા ગુણો યથાર્થ હોતા નથી. તે આત્માની ચિંતવના પણ કરી શકતો નથી. આત્મવસ્તુ આનંદકંદ છે, એમાં પુણ્ય-પાપ ઉપર તરે છે, તે અંદર પ્રવેશ કરતા નથી, એવી નિઃશંક પ્રતીતિ જેને ન હોય તે આત્માનું યથાર્થ ચિંતવન કરી શકે નહિ.

આગળ કહે છે કે આ આઠ ગુણ ધર્મીમાં કહ્યા તેમ દેવ-ગુરુ-આદિમાં પણ સમજવાઃ-

ગાથા-૪૨૪

**આગળ કહે છે કે જેમ આ આઠ ગુણો ધર્મમાં કહ્યા તેમ દેવ–ગુરુ આદિમાં પણ સમજવા :-**

**निशंकाप्रभृतिगुणाः यथा धर्मे तथा च देवगुरूत्त्वेषु।**
**जानीहि जिनमतात् सम्यक्त्वविशुद्धिकराः एते।। ४२४।।**

**અર્થઃ- જેમ આ નિઃશંકાદિ આઠ ગુણ ધર્મીમાં પ્રગટ થાય છે તેમ દેવના સ્વરૂપમાં, ગુરૂના**

**સ્વરૂપમાં, છ દ્રવ્ય-પંચાસ્તિકાય-સાત તત્વ-નવ પદાર્થના સ્વરૂપમાં પણ હોય છે. તેને પ્રવચન સિદ્ધાંતથી સમજવા. આ આઠ ગુણ સમ્યક્ત્વને નિરતિચાર વિશુદ્ધ કરવાવાળા છે.**

**ભાવાર્થ :- દેવ, ગુરુ અને તત્વમાં શંકા ન કરવી, તેની યથાર્થ શ્રદ્ધા વડે ઈંદ્રિયસુખની વાંછારૂપ કાંક્ષા ન કરવી, તેમાં ગ્લાનિ ન લાવવી, તેમાં મૂઢદૃષ્ટિ ન રાખવી, તેના દોષોનો અભાવ કરવો વા તેને ઢાંકવા, તેનું, શ્રદ્ધાન દ્રઢ કરવું, તેમાં વાત્સલ્ય એટલે વિશેષ અનુરાગ કરવો અને તેનું માહાત્મય પ્રગટ કરવું એ આઠ ગુણ તેમાં (દેવ-ગુરુ તથા તત્વાદિમાં) જાણવા. આગળ સમ્યગ્દૃષ્ટિ થઈ ગયા તેઓની કથા જિનપ્રવચનથી જાણવી. આ આઠે ગુણો અતિચારદોષ દૂર કરી સમ્યક્ત્વને નિર્મળ કરવાવાળા છે, એમ સમજવું.**

અર્થઃ- જેમ આ નિઃશંકાદિ આઠ ગુણ ધર્મીમાં પ્રગટ થાય છે તેમ દેવના સ્વરૂપમાં, ગુરૂના સ્વરૂપમાં, છ દ્રવ્ય-પંચાસ્તિકાય-સાત તત્વ-નવ પદાર્થના સ્વરૂપમાં પણ હોય છે. તેને પ્રવચન સિદ્ધાંતથી સમજવા. આ આઠ ગુણ સમ્યક્ત્વને નિરતિચાર વિશુદ્ધ કરવાવાળા છે.

શુદ્ધ ચૈતન્ય સિવાય પુણ્યાદિની રુચિ કે ઈચ્છા ધર્મીને હોતી નથી, ધર્મીને ધર્મ પ્રત્યે દુગંછા થતી નથી, કુદેવાદિની ઊંધી પ્રરૂપણાથી તે મૂંઝાતો નથી. એ બધા સમકિતના ગુણો છે. વળી અરિહંતના સ્વરૂપમાં પણ શંકા આદિ જ્ઞાનીને હોય નહિ, ક્ષુધા, તૃષા, રોગાદિ ભગવાનને હોય નહિ અને એવા અરિહંત બીજામાં હોય નહિ, તેથી એવા અરિહંતમાં શંકા કરવી નહિ. સત્તાસ્વરૂપમાં સ્થાનનિર્ણયમાં આવ્યું હતું કે સાચા અરિહંત તો એક જ સ્થાને હોય છે. માટે બીજામાં હશે એવી શંકા કે ઈચ્છા કરવી નહિ. એક કેવળી અનંતા કેવળીને અને લોકાલોકને જાણે. એવો કેવળીનો એક સમયનો પર્યાય કેટલો મોટો હશે, એમાં ધર્મીને મૂંઝવણ થાય નહિ, અરિહંતના સ્વરૂપની પ્રીતિમાં તે આત્માને જોડે, એમાં સ્થિર કરે, અને એની પ્રભાવના કરે. એ રીતે અરિહંતમાં લેવું.

નિઃશંકાદિ આઠે ગુણો અરિહંતની જેમ ગુરૂમાં પણ સમ્યગ્દૃષ્ટિને વ્યવહારે હોય છે. નિર્ગ્રંથ ભાવલિંગી મુનિપણું શુદ્ધઉપયોગસ્વરૂપ છે અને પંચમહાવ્રતાદિ રાગ છે તે વ્યવહાર છે, આવું ગુરૂનું સ્વરૂપ હોય છે, આમાં સમકિતી નિઃશંક હોય છે. એવા ગુરૂ સિવાય બીજા વસ્ત્રાદિવાળા ગુરૂ હશે એમ જ્ઞાની ઈચ્છતો નથી. નિર્ગ્રંથ ગુરૂની દુગંછા કરે નહિ, વીતરાગી નગ્ન દિગંબર સંત સિવાય બીજા ગુરૂ હોય નહિ તેથી અન્યમાં મૂંઝાય નહિ. ગુરૂને કોઈ ચારિત્રની અસ્થિરતાના કારણે દોષ હોય તો તેને ગોપવે, ગુરૂની ભક્તિમાં સ્થિર રહે, અને પ્રભાવના કરે.

આ પ્રમાણે ધર્મમાં પણ નિઃશંક હોય, બીજા ધર્મની વાંછા કરે નહિ, દુગંચ્છા પણ કરે નહિ, ધર્મમાં મૂઢભાવના ન હોય, ધર્મમાં સ્થિરભાવ કરે તથા ધર્મની પ્રભાવના આદિ સમ્યગ્દૃષ્ટિ કરે છે. વળી તે છ દ્રવ્યમાં નિઃશંક હોય, બીજા કાળદ્રવ્યને માનતા નથી માટે પાંચ દ્રવ્ય હશે કે કેમ ? પંચાસ્તિકાયના સ્વરૂપમાં નિઃશંક હોય છે. જીવદ્રવ્ય અસંખ્યપ્રદેશી છે, આકાશ અનંતપ્રદેશી છે, ધર્મ-અધર્મદ્રવ્ય પણ અસંખ્યપ્રદેશી છે, પદ્ગલ સંખ્ય, અસંખ્ય, અને અનંતપ્રદેશી છે. તેમાં ધર્મીને શંકા હોય નહિ. આ સિવાય પંચાસ્તિકાયનું બીજું સ્વરૂપ હશે એવી બીજા પ્રરૂપણા કરે તેની ઈચ્છા ન કરે. એમાં મૂઢભાવ કે દુગંછા ભાવ કરે નહિ અને એમાં જ સ્થિરભાવ તથા પ્રભાવના કરે.

સાત તત્વ તથા નવ પદાર્થના સ્વરૂપમાં પણ ધર્મી નિઃશંક હોય છે. શુદ્ધઉપયોગ છે તે જ સંવર છે એમ જાણે, નિર્જરા તથા મોક્ષાદિ તત્વમાં જ્ઞાનીને શંકા હોતી નથી, તત્વનું સ્વરૂપ કોઈ બીજી રીતે બતાવતા હોય તો એની વાંછા કરે નહિ, એમાં મૂઢભાવને સેવે નહિ, સ્થિરતા આદિ આઠે ગુણ એમાં લઈ લેવા.

ભાવાર્થ :- દેવ, ગુરુ અને તત્વમાં શંકા ન કરવી, તેની યથાર્થ શ્રદ્ધા વડે ઈંદ્રિયસુખની વાંછારૂપ કાંક્ષા ન કરવી, તેમાં ગ્લાનિ ન લાવવી, તેમાં મૂઢદૃષ્ટિ ન રાખવી, તેના દોષોનો અભાવ કરવો વા તેને ઢાંકવા, તેનું, શ્રદ્ધાન દ્રઢ કરવું, તેમાં વાત્સલ્ય એટલે વિશેષ અનુરાગ કરવો અને તેનું માહાત્મય પ્રગટ કરવું એ આઠ ગુણ તેમાં (દેવ-ગુરુ તથા તત્વાદિમાં) જાણવા. આગળ સમ્યગ્દૃષ્ટિ થઈ ગયા તેઓની કથા જિનપ્રવચનથી જાણવી. આ આઠે ગુણો અતિચારદોષ દૂર કરી સમ્યક્ત્વને નિર્મળ કરવાવાળા છે, એમ સમજવું.

આ ગાથામાં દેવ-ગુરુ આદિની ઘણી વાત આવી, હવે આગળની ગાથામાં કહે છે કે આવા ધર્મને જાણવાવાળા તથા આચરણ કરવાવાળા દુર્લભ છે.

**ગાથા-૪૨૫**

**આગળ `આ ધર્મને જાણવાવાળા તથા આચરવાવાળા દુર્લભ છે' એમ કહે છે :-**

**धर्मं न जानाति जीवः अथवा जानाति कथमपि कष्टे।**
**कर्तुं तदपि न शक्यते मोहपिशाचेन भोलवितः।। ४२५।।**

**અર્થ :- આ સંસારમાં પ્રથમ તો જીવ ધર્મને જાણતો નથી, વળી કોઈ પ્રકારથી ઘણા કષ્ટવડે જો જાણે છે તો ત્યાં મોહરૂપ પિશાચથી ભ્રમિત થતો થકો ધર્મ આચરવાને સમર્થ થતો નથી.**

**ભાવાર્થ :- અનાદિસંસારથી મિથ્યાત્વવડે ભ્રમિત એવો આ પ્રાણી પ્રથમ તો ધર્મને જાણતો જ નથી, વળી કોઈકાલલબ્ધિથી, ગુરુના સંયોગથી અને જ્ઞાનાવરણીના ક્ષયોપશમથી કદાપિ જાણે છે તો ત્યાં તેને આચરવો દુર્લભ છે.**

અર્થ :- આ સંસારમાં પ્રથમ તો જીવ ધર્મને જાણતો નથી, વળી કોઈ પ્રકારથી ઘણા કષ્ટો વડે જો જાણે છે તો ત્યાં મોહરૂપ પિશાચથી ભ્રમિત થતો ધર્મ આચરવામાં સમર્થ થતો નથી.

ધર્મ કોને કહેવો ? તેને અજ્ઞાની પ્રથમ તો જાણતો નથી. લોકો બહારમાં અઠ્ઠાઈ આદિ ઉપવાસ કરીને એમાં ધર્મ મનાવે છે, અને કહે છે કે શુ અમે આ અધર્મ કરી રહ્યા છીએ ? પણ અરે ભાઈ ! જેને ધર્મ શું ચીજ છે એની ખબર ન હોય તે મિથ્યાત્વરૂપી મહાન અધર્મને તો સેવી જ રહ્યો છે. પછી ભલે બહારમાં ત્યાગ દેખાતો હોય કે મંદ-કષાય હોય, પણ સમ્યગ્દર્શન વિના એને ધર્મ થતો નથી. સમ્યગ્દૃષ્ટિને સ્વરૂપનું ભાન છે અને રાગ ઘટતાં બહારમાં આહારાદિની ઈચ્છા હોતી નથી ત્યારે સહજ એવા સંયોગો છૂટી જાય છે. એને વ્યવહરે તપ કહેવાય છે. અજ્ઞાનીને રાગનો અભાવ તો થતો નથી પણ યથાર્થ રાગ પણ ઘટતો નથી.

વળી કોઈ તો એવા છે કે આત્માના પુરુષાર્થ વડે પોતાના સ્વભાવને જાણે છે પણ અંદરથી આસક્તિભાવ ટાળતા નથી. માટે ધર્મને દુર્લભ કહ્યો છે. અહિં સમ્યગ્દૃષ્ટિના અચરણની વાત છે. જ્યાં સુધી અસ્થિરતારૂપી દોષને ટાળે નહિ ત્યાં સુધી આચરણ પણ યથાર્થ થતું નથી. માટે પરુષાર્થપૂર્વક આચરણ કરવા માટે અહિં ધર્મની દુર્લભતા બતાવી છે.

ભાવાર્થ :- અનાદિથી આત્મા એક તો પોતાના ધર્મને જાણતો નથી. કદચિત્ પોતાના પુરુષાર્થથી જાણે છતાં એનું આચરણ દુર્લભ છે એમ કહે છે. ખ્યાલમાં આવવા છતાં એનું પરિણમન થઈ, અંતર આચરણમાં મૂકવું તે દુર્લભ છે. સ્વભાવે સહજ હોવા છતાં અનંતકાળમાં પુરુષાર્થ નહિ કરેલો હોવાથી દુર્લભ છે. પુરુષાર્થ પરમાં રોકાયેલો હોવાથી ધર્મ દુર્લભ થઈ પડ્યો છે.

આ ગાથામાં ધર્મને દુર્લભ કહેલ છે, હવેની ગાથામાં ધર્મ સહજ અને સુલભ છે એમ બતાવીને અનેકાંત કહે છે અને ધર્મગ્રહણનું માહાત્મ્ય બતાવે છે.

ગાથા–૪૨૬

**આગળ ધર્મગ્રહણનું માહાત્મ્ય દ્દષ્ટાંતપૂર્વક કહે છે :-**

**यथा जीव: करोति रतिं पुत्रकलत्रेषु कामभोगेषु।**
**तथा यदि जिनेन्द्रधर्मे तत् लीलया सुखं लभते।। ४२६।।**

**અર્થ :- જેમ આ જીવ પુત્ર-કલત્રમાં તથા કામ-ભોગમાં રતિ-પ્રીતિ કરે છે તેમ જો જિનેન્દ્રના વીતરાગધર્મમાં કરે તો લીલામાત્ર અલ્પકાળમાં જ સુખને પ્રાપ્ત થાય.**

**ભાવાર્થ :- આ પ્રાણીને જેવી સંસારમાં તથા ઈન્દ્રિય વિષયોમાં પ્રીતિ છે તેવી જો જિનેશ્વરના દસલક્ષણધર્મસ્વરૂપ વીતરાગધર્મમાં પ્રીતિ થાય તે થોડા જ કાળમાં તે મોક્ષને પામે.**

અર્થ :- જેમ આ જીવ પુત્ર-કલત્રમાં તથા કામ-ભોગમાં રતિ-પ્રીતિ કરે છે તેમ જો જિનેન્દ્રના વીતરાગધર્મમાં કરે તો લીલામાત્ર અલ્પકાળમાં જ સુખને પ્રાપ્ત થાય.

પાંચ ઈંદ્રિયના વિષયોમાં અને સ્ત્રી-પુત્રાદિના પ્રેમમાં વીર્યને રોકીને, રતિ-પ્રીતિ આદિ કરે છે, તે આત્માનો ઊંધો પુરુષાર્થ છે, છોકરાના લગ્ન હોય ત્યારે સગાવહાલા આવે ત્યારે હરખાય છે અને 'તમે આવ્યા તમે આવ્યા તે સારું કર્યું' એમ કહી હરખઘેલો બની જાય છે. આ રીતે જીવને પ્રેમ કરતાં તો આવડે છે. હવે તે પ્રેમને વિતરાગમાર્ગમાં જોડે અને દિશા બદલે તો આત્મા સહજ માત્રમાં મોક્ષસુખને પ્રાપ્ત કરે, એટલે કે આત્માની રુચિ કરી, પોતાના તરફ પરુષાર્થ વાળે તેને લીલામાત્રમાં એટલે સુલભપણે મોક્ષ થાય છે.

ભાવાર્થ :- સંસારની રુચિવાળા જીવોને રાત્રે સ્વપ્નાં પણ એનાં જ આવે, અને એની જ રટણતા હોય, દિવસનો લોહવાટ કર્યો હોય તે સ્વપ્નમાં ખડો થાય. સંસારની પ્રીતિવાળાને મરીને તું દેવ થઈશ એમ કોઈ કહે તો ખુશીખુશી થઈ જાય, અને જ્યોતિષી કહે કે તને કરોડ રૂપિયા મળશે તો તે ખુશી થાય છે. તેમ આત્માની રુચિવાળાને કોઈ કહે કે તું વીતરાગ થઈશ અને કેવળજ્ઞાન તને પ્રગટ થશે, તો એમાં એને પ્રીતિ આવ્યા વિના રહે નહિ, એનું પડખું ફરી ગયું છે, એટલે આત્માની પ્રીતિ કરે છે. એમાં પ્રીતિ કરે તો ધર્મ થયા વિના રહે નહિ અને એ જ સાચી સુગંધદશમી છે, માટે દશ લક્ષણધર્મ જે આત્માની શુદ્ધતા છે એમાં જ પ્રીતિ કર - એમ કહે છે.

# ઉત્તમ તપધર્મ

## ભાદરવા સુદ ૧૧, રવિવાર, ૩૧-૮-૫૨

આજે દશલક્ષણ ધર્મમાં ઉત્તમ તપધર્મનો દિવસ છે.

સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષાની ગાથા ૪૦૦ માં ઉત્તમ તપધર્મની વાત આવી ગઈ છે. ચારિત્રરૂપ ધર્મનાં દશ પ્રકાર છે, અને દશલક્ષણ ધર્મ કહે છે તે ધર્મ મિથ્યાદૃષ્ટિને હોતા નથી. સમ્યગ્દૃષ્ટિને ઉત્તમ તપ હોય છે. તે તપ ધર્મ કોને કહેવાય ? તે હવે કહે છે.

**ગાથા ૪૦૦**

અર્થ :- જે મુનિ આલોક-પરલોકના સુખની અપેક્ષારહિત બની તથા સુખદુઃખ, શત્રુ-મિત્ર, તૃણ-કંચન અને નિંદા-પ્રશંસાદિમાં રાગદ્વેષ રહિત સમભાવી થઈ અનેક પ્રકારથી કાયકલેશ કરે છે તે મુનિને ઉત્તમ તપ ધર્મ હોય છે.

અહીં મુનિની પ્રધાનતાથી વાત ચાલે છે. આત્માના આનંદની અભિલાષા કરનારને આલોક કે પરલોકની અભિલાષા હોતી નથી કેમકે તે વારંવાર પોતાના આત્માનંદનો અનુભવ કરવા ઈચ્છે છે, જેમ કોઈને હીરામાણેકની ખાણ મળી જાય તો તે કપાસિયાના વેપારમાં લક્ષ આપે નહિ. તેનું લક્ષ હીરાની ખાણમાંથી હીરા કાઢવા તરફ જ હોય અને તે હીરા કાઢ્યા જ કરે. એમ આત્મા અમૃતનો કુંડ - સહજાનંદની મુર્તિ છે એમ જણાયું એટલે એ ખાણમાં જ ધર્મી વારંવાર ખોજ કર્યા કરે છે, આ આત્મા મન-વાણી-દેહરહિત પુણ્ય-પાપરહિત ચૈતન્યનિધાન છે. એની શાંતિનો પાર નથી, તેના ખજાને ખોટ પડે એમ નથી. તેથી મુનિ વારંવાર છઠ્ઠામાંથી સાતમાનાં અનુભવમાં ઝૂલે છે અને શ્રાવકને પણ તેની ભૂમિકાના પ્રમાણમાં અનુભવ હોય છે. મુનિ શત્રુ-મિત્રમાં સમભાવ રાખે છે. શરીર કદાચ મોળું પડે પણ મુનિનો આત્મા તો પુષ્ટ થાય છે, એવા મુનિને ઉત્તમ તપ ધર્મ હોય છે.

ભાવાર્થ :- આત્માના સ્વરૂપમાં રમણતા કરવી એટલે કે ઉપયોગને સ્વભાવમાં લગાડવો તે ખરેખર તપ છે. અકષાય સ્વભાવમાં પુરુષાર્થને લગાડવો તે તપ છે. એ વખતે આહાર લેવાની વૃત્તિ હોતી નથી અને આહાર લેવાની ક્રિયા પણ સહજ હોતી નથી. એના કારણે શરીર મોળું પડી જાય, શરીરમાં ભાઠા પણ પડી જાય, પણ મુનિ આત્માના આનંદમાં હોય છે, શરીરને જીવડા કરડે, ડાંસ મચ્છરનો પરિષહ હોય તે વખતે પણ મુનિ પોતાના શુદ્ધ ઉપયોગને આત્માના આનંદમાં થંભાવે છે તે ખરેખર તપ છે. આત્માની સમજણ વગર માત્ર કાયક્લેષ કરે એની વાત નથી. અત્યારે તો કેટલાક આત્માના ભાન વિના અભિગ્રહ અને

તપ કરે છે તે ખરેખર તપ નથી. આ રીતે આજે દશલક્ષણ ધર્મમાં ઉત્તમ તપધર્મની વ્યાખ્યા થઈ. હવે ચાલુ અધિકાર ગાથા ૪૨૭માં કહે છે કે જીવ લક્ષ્મીને ઈચ્છે પણ ધર્મ વિના તે મળતી નથી.

ગાથા-૪૨૭

**આગળ કહે છે કે જીવ, લક્ષ્મી ઈચ્છે છે પણ ધર્મ વિના ક્યાંથી હોય ?**

**लक्ष्मी वांछति नरः नैव सुधर्मेषु आदरं करोति।**
**बीजेन विना कुत्र अपि किं दृश्यते शस्यनिष्पत्तिः।।४२७।।**

**અર્થ :- આ જીવ લક્ષ્મીને ઈચ્છે છે પણ જિનેન્દ્રના કહેલાં મુનિ–શ્રાવકધર્મમાં આદર–પ્રીતિ કરતો નથી, હવે લક્ષ્મીનું કારણ તો ધર્મ છે એટલે એ વિના તે ક્યાંથી આવે ? જેમ બીજ વિના ધાન્યની ઉત્પત્તિ ક્યાંય દેખાય છે ? નથી દેખાતી.**

**ભાવાર્થ :- જેમ બીજ વિના ધાન્ય ન થાય તેમ ધર્મ વિના સંપદા પણ ન થાય એ પ્રસિદ્ધ છે.**

લક્ષ્મી તો બધાને જોઈએ છે. ઘેર હાથી ઝૂલતા હોય, મોટરો હોય, મહેલો હોય તેવા ગૃહસ્થને જોઈને પૈસાની રુચિવાળાને પૈસાની ઈચ્છા થઈ જાય પણ પુણ્ય વિના લક્ષ્મી મળતી નથી. સમ્યગ્દર્શનરૂપી ધર્મ વિના સારા પુણ્ય પણ હોતા નથી. માટે ધર્મ વિના ધન મળતું નથી એમ કહેલ છે. ''ધર્મ વિના ધન નહિ અને ધન વિના ધર્મ નહિ'' એમ લોકો કહે છે તે વાત ખોટી છે. અહિં તો પુણ્ય વિના ધન મળતું નથી એમ કહે છે. અત્યારના અમુક પંડિતો કહે છે કે સમાજની વ્યવસ્થા બરાબર નથી, માટે પૈસા મળતા નથી. અહિં આચાર્ય ભગવાન કહે છે કે તે વાત ખોટી છે. પુણ્ય વિના ત્રણ કાળમાં કોઈને પૈસા મળે નહિ. જેમ બીજ વિના ધાન્ય થાય નહિ તેમ પુણ્ય વિના લક્ષ્મી મળતી નથી, આમ સ્પષ્ટ વાત હોવા છતાં પંડિતો પોતાની કલ્પનાથી નવા નવા ફતવાઓ કાઢે છે. કોઈ પંડિત કહે છે કે નિમિત્તથી ઉપાદાનમાં કામ થાય, એમ અનેક પ્રકારે ગપ્પા મારે છે. નિમિત્ત અને ઉપાદાન બન્ને સ્વતંત્ર હોવા છતાં પંડિતો નિમિત્તમાં અટકીને એના વિના કાર્ય થતું નથી એમ માને છે, અને કહે છે કે સૂત્રનો આધાર આપીએ છીએ છતાં ઉપાદાનવાળા માનતા નથી. વળી કહે છે કે પહેલાં

બ્રિટિશના ગીતો ગાતા હતા અને હવે કોંગ્રેસના ગાવા લાગ્યા, એવો દાખલો આપીને અષ્ટસહસ્ત્રીની પ્રતિષ્ઠા ઘટાડીને એનું પદ હવે સમયસારે લઈ લીધું છે, એવી કલ્પના કરે છે. સમયસારનો મહિમા થાય છે એ વાત તેમને રુચતી નથી. અહો ! દિગંબર આચાર્યોના અષ્ટસહસ્ત્રી આદિ કે સમયસાર આદિ ગમે તે શાસ્ત્ર લો તો તે બધાનો એક જ આશય છે પણ તેના અર્થને યથાર્થ સમજ્યા વગર એમાં વિરોધ માને છે. ચારે અનુયોગનો સાર એક વીતરાગતા જ છે, એમાં વિરોધ નથી. અત્યારે સમયસારના વાંચનારા ઘણાં નીકળ્યા છે અને જે આત્માના ખપી છે તેની પાસે એ પંડિતોની ઊંધી માન્યતા હવે ચાલે એમ નથી. આ વાતને સમજનારા ઘણાં તૈયાર થયા છે અને એનો જવાબ પણ બરાબર આપે છે. પંડિતોને એમ થઈ ગયું કે અમો ઘણા જૂના સંસ્કૃત-વ્યાકરણ ન્યાયગ્રંથોના અનુભવી છીએ અને આ નવા સ્થાનકવાસીમાંથી નીકળીને અમારી વાત ખોટી ઠરાવે છે પણ ભાઈ ! સત્ય તો સત્ય જ રહેશે. હવે ખોટું ચાલે તેમ નથી. આ વાતને છંછેડવા જેવી છે, ગોપવી રાખવા જેવી નથી.

ભાવાર્થ :- જેમ બીજ વિના ધાન્ય ન થાય તેમ ધર્મ વિના સંપદા પણ ન થાય એ પ્રસિદ્ધ છે. આગળ ધર્માત્મા જીવોની પ્રવૃતિ કેવી હોય છે તે કહે છે.

**ગાથા-૪૨૮**

**આગળ ધર્માત્માજીવોની પ્રવૃત્તિ કહે છે :-**

**यः धर्मस्थः जीवः सः रिपुवर्गे करोति क्षमाभावं।**
**तावत् परद्रव्यं वर्जयति जननीसमं गणयति परदारान्।।४२८।।**

**અર્થ :- જે જીવ ધર્મમાં સ્થિર છે તે વૈરીઓના સમુહમાં પણ ક્ષમાભાવ કરે છે, પરદ્રવ્યને તજે છે-અંગિકાર કરતો નથી તથા પરસ્ત્રીને કન્યા, માતા અને બહેન સમાન ગણે છે.**

અર્થ :- જે જીવ ધર્મમાં સ્થિર છે તે વૈરીઓના સમુહમાં પણ ક્ષમા કરે છે, પરદ્રવ્યને તજે છે-અંગિકાર કરતો નથી તથા પરસ્ત્રીને કન્યા, માતા અને બહેન સમાન ગણે છે,

જે આત્મા પોતાના ચૈતન્ય શુદ્ધ સ્વભાવમાં શ્રદ્ધા-જ્ઞાનપૂર્વકલીન રહે છે તે વૈરીના ટોળા હોવા છતાં ક્ષમાભાવ રાખે છે કેમકે તે જાણે છે કે જે પર્યાય થવાની તે થવાની જ, એને કોઈ રોકી શકે એમ નથી. વળી પરની પર્યાયથી મને કાંઈ લાભ-નુકશાન થતું નથી એમ માની જ્ઞાતા દ્રષ્ટા રહે છે. ચારિત્રનું નિધાન મારામાં છે એમ જ્ઞાની જાણે છે તેથી તેમાં જ સ્થિર

રહે છે. બહારમા લોકો ગમે તેટલો વિરોધ કરે, અપરાધ વગર પરિષહ આપે તો પણ જ્ઞાની પોતાની શાંતિ અને ક્ષમાને ચૂકતો નથી. દુશ્મનનો સામનો ન કરે તો લોકો કહે છે નામર્દ છે-કાયર છે, પણ જ્ઞાની માને છે કે આત્મા પરમાં કાંઈ કરી શકતો જ નથી. પરદ્રવ્ય પ્રત્યે ઉપેક્ષાભાવ કરીને સ્વદ્રવ્યમાં રહે છે. સ્ત્રી વિષયનું મુખ્ય નિમિત્ત હોવાથી તેની ઉપેક્ષા કરે છે એટલે કે સ્વભાવમાં રહેતા એની ઉપેક્ષા થઈ જાય છે.

ગાથા-૪૨૯

**तावत् सर्वत्र अपि कीर्तिः तावत् सर्वस्य अपि भवति विश्वासः।**
**तावत् सर्वं प्रियं भाषते तावत् शुद्धं मानसं करोति।।४२९।।**

**અર્થ :- જે જીવ ધર્મમાં સ્થિર છે તેની સર્વ લોકમાં કીર્તિ (પ્રશંસા) થાય છે. સર્વ લોક તેનો વિશ્વાસ કરે છે, વળી તે પુરુષ સર્વને પ્રિય વચન કહે છે, જેથી કોઈ દુઃખી થતો નથી, તે પુરુષ પોતાના અને પરના દિલને શુદ્ધ-ઉજ્વળ કરે છે, કોઈને તેના માટે કલુષતા રહેતી નથી, તેમ તેને પણ કોઈના માટે કલુષતા રહેતી નથી, ટૂંકામાં ધર્મ સર્વ પ્રકારથી સુખદાયક છે.**

અર્થ :- જે જીવ ધર્મમાં સ્થિર છે તેની સર્વ લોકમાં કીર્તિ (પ્રશંસા) થાય છે. સર્વ લોક તેનો વિશ્વાસ કરે છે, વળી તે પુરુષ સર્વને પ્રિય વચન કહે છે, જેથી કોઈ દુઃખી થતો નથી, તે પુરુષ પોતાના અને પરના દિલને શુદ્ધ-ઉજ્વળ કરે છે, કોઈને તેના માટે કલુષતા રહેતી નથી, તેમ તેને પણ કોઈના માટે કલુષતા રહેતી નથી, ટૂંકામાં ધર્મ સર્વ પ્રકારથી સુખદાયક છે.

ધર્મી જીવની લોકમાં પ્રશંસા થાય છે અને એના સમાગમ કરતાં જીવો સુધરશે પણ બગડશે નહિ એમ માને છે. વળી ધર્મી મીઠાં વચનો બોલે છે. એટલે કે ભાષા તો ભાષાના કારણે થાય છે પણ એવો ભાવ ધર્મીને હોય છે. પોતામાં ઉજ્વળ પરિણામ કરે છે અને બીજાને નિમિત્ત થાય, કેમકે આત્મા શુદ્ધ નિર્મળ પરિણામ સ્વરૂપ છે, તે બધાને સુખદાયક જ હોય છે. ધર્માત્મા વિશ્વાસ, કીર્તિ વગેરેનું સ્થાન છે, ધર્મી સિવાય બીજામાં યથાર્થપણે એવું સ્થાન હોતું નથી. ટૂંકામાં સર્વ પ્રકારે ધર્મ તો સુખનો દેવાવાળો છે, દુઃખને દેવાવાળો નથી,, ધર્મથી દુઃખ થતું નથી.

ગાથા-૪૩૦

**આગળ ધર્મનું મહાત્મ્ય કહે છે.**

**उत्तमधर्मेणयुत: भवति तिर्यंञ्च: अपि उत्तम: देव:।**
**चाण्डाल: अपि सुरेन्द्र: उत्तमधर्मेण संभवति।।४३०।।**

**અર્થ : સમ્યક્ત્વ સહિત ઉત્તમ ધર્મ યુક્ત જીવ ભલે તિર્યંચ હો તો પણ દેવપદને પ્રાપ્ત થાય છે તથા સમ્યક્ત્વ સહિત ઉત્તમ ધર્મથી ચંડાલ પણ દેવોનો ઈન્દ્ર થાય છે.**

અર્થ : સમ્યક્ત્વ સહિત ઉત્તમ ધર્મ યુક્ત જીવ ભલે તિર્યંચ હો તો પણ દેવપદને પ્રાપ્ત થાય છે તથા સમ્યક્ત્વ સહિત ઉત્તમ ધર્મથી ચંડાલ પણ દેવોનો ઈન્દ્ર થાય છે.

સિંહ, વાઘ, હરણ કે માછલાને પણ સમ્યગ્દર્શન થઈ શકે અને કેટલાકને પાંચમુ ગુણસ્થાન પણ હોય છે તેથી તેને પણ અંશે ઉત્તમધર્મ હોય છે, તે ઢોર મરીને દેવ થાય છે. ભગવાનના સમવસરણમાં તિર્યંચો હોય છે, એમાં જેની દૃષ્ટિ અંતર આત્મા ઉપર પડી છે એટલો એને ધર્મ છે, રાગ રહ્યો છે એને તે જાણે છે. વળી ચંડાળ હોય પણ જો તેને આત્માનું ભાન થયું હોય તો મરીને ઈન્દ્ર પણ થાય છે. આમાં આત્માના જ્ઞાનનો મહિમા છે.

ગાથા-૪૩૧

**अग्नि: अपि च भवति हिमं भवति भुजङ्ग: उत्तम रत्नं।**
**जीवस्य सुधर्मात् देवा: अपि च किंकरा: भवन्ति।।४३१।**
**।**

**અર્થ : આ જીવને ઉત્તમ ધર્મના પ્રસાદથી અગ્નિ પણ શીતળ પાલો (બરફ) થઈ જાય છે, સર્પ છે તે ઉત્તમ રત્નમાળા થઈ જાય છે તથા દેવ છે તે પણ કિંકર-દાસ બની જાય છે.**

અર્થ : આ જીવને ઉત્તમ ધર્મના પ્રસાદથી અગ્નિ પણ શીતળ પાલો (બરફ) થઈ જાય છે, સર્પ છે તે ઉત્તમ રત્નમાળા થઈ જાય છે તથા દેવ છે તે પણ કિંકર-દાસ બની જાય છે.

ધર્મી જીવને આત્માનું ભાન હોય છે અને એ ભૂમિકામાં જે શુભરાગ હોય છે તેનાથી જે પુણ્ય બંધાય છે તેના ફળમાં કોઈ વખતે અગ્નિનો પરિષહ હોય તો તે પણ શીતળ થઈ જાય છે. સીતાજીને અગ્નિપરીક્ષા વખતે પુણ્યનો યોગ હતો તો અગ્નિનું પાણી થઈ ગયું ને તેમાં કમળ થઈ ગયું. લક્ષ્મણજીને સીતાજી પ્રત્યે માતા સમાન પ્રેમ હતો. રામચંદ્રજીનો હુકમ અગ્નિપરીક્ષાનો થયો ત્યારે તેમને ઘણો ખેદ થયો પણ મોટા ભાઈ પ્રત્યે વિનય ઘણો હતો તેથી કાંઈ બોલી શક્યા નહિ પણ તેઓ ભગવાનની સ્તુતિ કરે છે કે સતી સીતાનું આ કામ પાર પાડી દો. ધર્મના પ્રતાપે પૂર્વના પુણ્યનું ફળ આવ્યું. આ રીતે ધર્મના કારણે અગ્નિ પણ શીતળ થઈ જાય છે એમ કહેલ છે. શાસ્ત્રમાં સુભદ્રાની વાત આવે છે કે કરંડિયાની અંદર સર્પ પૂર્યો છે અને અંદર હાથ નાખતાં તે ફૂલનો હાર થઈ જાય છે. એ પણ પૂર્વનાં પુણ્ય હતા તો થયું છે. એને ઉપચારથી ધર્મના કારણે થયું કહેવાય છે.

મુનિ ધ્યાનમાં બેઠા હોય ને પુણ્યનો યોગ ન હોય તો માથામાં અગ્નિ મૂકે અને શરીર બળી જાય, વાઘ-સિંહ ખાઈ જાય. ધર્મ પ્રગટ્યો છે માટે બહારમાં આપદા ન જ હોય એમ નથી પણ જેને પુણ્યયોગ હોય તેની અહીં વાત છે, અજ્ઞાની હોય અને પુણ્યનો ઉદય હોય તો બહારમાં આપદા ન હોય, જ્ઞાનનો ઉઘાડ હોય તો કયારે મરણ થશે એ પણ કદાચ કહી દે. અને જ્ઞાની મુનિ હોય અને રસ્તામાં મરણ પામે એની સાથે ધર્મને કાંઈ સંબંધ નથી. અહીં તો આત્માનો ધર્મ પ્રગટ થયો છે અને રાગ રહી જાય તો એનાં કેવા પુણ્ય હોય છે તેનો મહિમા બતાવેલ છે.

## પ્રસાદ નં. – ૩૧૨

**વી. નિ સં. ૨૪૭૮, ભાદરવા વદ ૩, વર્ષ ૨જું. પુસ્તક અગિયારમું,**
**સોનગઢ, તા. ૬-૯-૫૨, શનિવાર.**

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(ભાદરવા સુદ ૧૨, સોમવાર, ૧-૯-૫૨ સવાર)**

# ઉત્તમ ત્યાગધર્મ

આજે દસલક્ષણધર્મ પર્વનો આઠમો ઉત્તમ ત્યાગધર્મનો દિવસ છે. આ શાસ્ત્રની ગાથા ૪૦૧ માં ઉત્તમ ત્યાગધર્મ કોને કહેવો તે વાત આગળ આવી ગઈ છે. એમાં મુખ્ય તો મુનિપણાની વાત છે પણ એના પેટામાં સમ્યગ્દૃષ્ટિ અને શ્રાવકની વાત પણ આવી જાય છે.

જે મુનિ મિષ્ટ ભોજન છોડે, રાગદ્વેષને ઉપજાવવાવાળા ઉપકરણોનો ત્યાગ કરે તથા મમત્વના કારણરૂપ વસ્તિકાનો ત્યાગ કરે તે મુનિને ઉત્તમ ત્યાગધર્મ હોય છે. આત્મા પરદ્રવ્યનો ત્યાગ કરી શકતો નથી માટે ખરેખર આત્મા મિષ્ટભોજનને છોડતો નથી પણ એના પ્રત્યેનો રાગ છોડે છે, એમ કહેવું તે પણ વ્યવહારનું કથન છે, કેમકે જેનો ત્યાગ કરવો છે એવો રાગ પણ આત્મામાં નથી. જે સમયે પર્યાયમાં વિકાર થાય છે તે સમયે એને આત્મા છોડે એમ બનતું નથી પણ જ્ઞાનસ્વરૂપી આત્મામાં લીન થતાં રાગની ઉત્તપત્તિ થતી નથી. તેથી રાગને છોડ્યો એમ કહેવાય છે અને તે વખતે મિષ્ટભોજનનો યોગ હોતો નથી માટે તેને છોડે છે એમ નિમિત્તથી કહેલ છે.

આત્મામાં જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ છે તે આત્માથી તદ્રૂપ છે માટે તે છૂટી શકે નહિ પણ ચારગતિનો ભાવ અથવા જે ભાવથી તીર્થંકરનામકર્મ બંધાય તે ભાવ પણ આત્મા સાથે તન્મય

નથી. તે છૂટી શકે છે. વિકાર એક સમયની પર્યાય છે તે છૂટી શકે છે. આત્મા વિકારરૂપે થયો જ નથી એવી દ્રષ્ટિ થયા પછી જ રાગનો સાચો ત્યાગ હોય છે. શાસ્ત્રનાં લખાણોનો મર્મ શું છે તે ખ્યાલમાં ન આવે ત્યાં સુધી ધર્મ થતો નથી અને સાચો ત્યાગ પણ થતો નથી.

મુનિને મોરપીંછી, કમંડળ અને પુસ્તક સિવાય બીજા ઉપકરણો હોતા નથી. વસ્ત્ર પાત્રાદિ તો મુનિને હોય નહિ. સ્વરૂપની લીનતા થતાં મુનિને ચારિત્રની ઉગ્રતા વર્તે છે. એમાં આહારનો રાગ છૂટી જતાં મિષ્ટભોજનાદિનો યોગ હોતો નથી. આહાર છોડવો પડતો નથી કેમકે આત્મામાં પરદ્રવ્યનાં ગ્રહણ-ત્યાગ નથી. કોઈ પરદ્રવ્યના ગ્રહણ-ત્યાગ માને તો તે મિથ્યાદ્દષ્ટિ છે. આત્માના સ્વભાવમાં રાગના ગ્રહણ-ત્યાગ પણ નથી તો પછી પરદ્રવ્યને આત્મા ગ્રહણ કરે કે મૂકે એમ બનતું જ નથી. આ વાત સમયસારમાં સ્પષ્ટ રીતે આવી છે છતાં અહીં મિષ્ટભોજનને ત્યાગે છે એમ કહેલ છે તો તેનો અર્થ બરાબર સમજવો જોઈએ. આત્માના આનંદના સ્વાદમાં મિષ્ટ ભોજનની લાગણી જ ઉત્પન્ન થતી નથી, તેથી આહારને છોડે છે એમ ઉપચારથી કહેલ છે. મોરપીંછી ને કમંડળ મુનિને હોય છે પણ એના પ્રત્યે મમત્વભાવ મુનિને નથી. અજ્ઞાની ત્યાગના સ્વરૂપને જાણ્યા વિના બહારથી આહાર છૂટી ગયો હોય છે તેથી ધર્મ માને છે. જેને દેવ-ગુરુ-શાસ્ત્ર કેવા હોય એનું ભાન નથી, વળી આત્મા શું ત્યાગ કરી શકે ? અને શું ગ્રહણ કરી શકે ? એ વાતની પણ જેને ખબર નથી તેને ધર્મ થતો નથી પણ એકલો અધર્મ જ થાય છે. આત્મા મિષ્ટભોજનનો સ્વાદ લેતો જ નથી પણ રાગનો સ્વાદ લે છે. તેવો રાગ અસ્થિરતાના કારણે મુનિને હોય છે. સ્વરૂપમાં લીન થતાં એ રાગ પણ મુનિને હોતો નથી, એને અહીં ઉત્તમ ત્યાગધર્મ કહ્યો છે. ચૈતન્ય જ્ઞાતાસ્વરૂપ આત્માની દ્રષ્ટિપૂર્વક ઉપકરણો અને મકાનાદિ પ્રત્યે આસક્તિનો ભાવ પણ મુનિ થવા દેતા નથી એ ઉત્તમ ત્યાગધર્મ છે.

હવે ચાલતા અધિકારમાં ૪૩૧ ગાથા થઈ છે. અહીં સમ્યગ્દર્શનનું મહાત્મ્ય બતાવતાં બીજી ગાથાનો આધાર આપે છે.

**तिक्खं खग्गं माला दुज्जयरिउणो सुहंकरा सुयणा।**
**हालाहालं पि महापया संपया होदि।।१।।**

**અર્થ :- ઉત્તમ ધર્મ સહિત જીવને તીક્ષ્ણ ખડગ પણ ફૂલની માળ બની જાય છે, જીત્યો ન જાય એવો દુર્જન વેરી પણ સુખ કરવાવાળો સ્વજન અર્થાત્ મિત્ર બની જાય છે તથા હળાહળ**

**ઝેર છે તે પણ અમૃતરૂપ પરિણમી જાય છે, ઘણું શું કહીએ, મહાન આપદા પણ સંપદા બની જાય છે.**

અર્થ :- ઉત્તમ ધર્મ સહિત જીવને તીક્ષ્ણ ખડગ પણ ફૂલની માળ બની જાય છે, જીત્યો ન જાય એવો દુર્જન વેરી પણ સુખ કરવાવાળો સ્વજન અર્થાત્ મિત્ર બની જાય છે તથા હળાહળઝેર છે તે પણ અમૃતરૂપ પરિણમી જાય છે, ઘણું શું કહીએ, મહાન આપદા પણ સંપદા બની જાય છે.

જેને દશ પ્રકારનો ધર્મ આત્મામાં પ્રગટ થયો હોય તેને પુણ્યના યોગે બહારમાં તરવારને બદલે ફૂલની માળા થઈ જાય છે. વારિષેણકુમારને પોલીસ તરવાર મારવા જાય છે ત્યાં ફૂલની વૃષ્ટિ થઈ હતી. અકંપનાચાર્યની સાથે રહેલાં મુનિને ઉપસર્ગ આવેલો ત્યારે રાજાના પ્રધાને તરવાર ઉગામેલી તે મુનિના પુણ્યના યોગે થંભી ગઈ હતી. ધર્મનું માહાત્મ્ય બતાવવું હોય ત્યારે પુણ્યનું ફળ આવ્યું હોય તેનો આરોપ અપાય છે પણ ખરેખર તો પુણ્યના કારણે બહારના સંયોગોની પ્રાપ્તિ થતી નથી અને ધર્મની પર્યાયના કારણે પુણ્યની પર્યાય નથી. ખરેખર એક દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યને કારણે થતી નથી. માટે પાઠમાં લખાણ છે એનો અર્થ બરાબર સમજવો જોઈએ.

આત્મા પોતાનો મિત્ર થઈ ગયો એટલે કે આત્માની પર્યાય પોતા તરફ ઢળી, ઓનો અરોપ બહારમાં આવ્યો કે શત્રુ પણ ધર્મીને મિત્ર બની જાય છે, પણ જો પુર્વના પુણ્ય હોય તો તેમ થાય છે. કોઈ મુનિને તો બહારમાં અશાતાનો ઉદય હોય અને શરીર સળગતું પણ હોય, શરીરને પાણીમાં ડુબાડી દે છતાં આત્મામાં લીન થઈ મુક્તિને પામે છે. ધર્મ પ્રગટ્યો હોય તેને બહારમાં પુણ્યનો ઉદય હોય જ એવું નથી પણ અહીં તો જેને પુણ્યનો ઉદય હોય છે એની વાત છે, આત્મા અમૃતમય છે એવી દ્રષ્ટિ થઈ એટલે બહારમાં પુણ્યનો યોગ હોય તો ઝેરનું અમૃત થઈ જાય તેથી તે ધર્મનો મહિમા છે એમ કહેવામાં આવે છે. ઘણું શું કહીએ ? મહાન આપદા પણ સંપદા બની જાય છે એ બધું ધર્મનું મહાત્મ્ય છે.

**ગાથા-૪૩૨**

**अलीकवचनं अपि सत्यं उद्यमरहिते अपि लक्ष्मीसंप्राप्तिः।**
**धर्मप्रभावेन: नर: अनय: अपि सुखंकर: भवति।।४३२।।**

**અર્થ :- ધર્મના પ્રભાવથી જીવનાં જૂઠવચન પણ સત્યવચન થઈ જાય છે, ઉદ્યમરહિતને પણ લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે, તથા અન્યાયકાર્ય પણ સુખ કરવાવાળા થાય છે.**

**ભાવાર્થ :- અહીં આ અર્થ સમજવો કે જો પૂર્વે ધર્મ સેવ્યો હોય તો તેના પ્રભાવથી અહીં જૂઠ બોલે તે પણ સાચ બની જાય છે, ઉદ્યમ વિના પણ સંપત્તિ મળી જાય છે, અન્યાયરૂપ વર્તે તો પણ તે સુખી રહે છે, અથવા કોઈ જૂઠવચનનો તુક્કો લગાવે તો પણ અંતમાં તે સાચો થઈ જાય છે તથા ``અન્યાય કર્યો'' એમ લોક કહે છે તો ત્યાં ન્યાયવાળાની સહાય જ થાય છે એમ પણ સમજવું.**

---

અર્થ :- ધર્મના પ્રભાવથી જીવનાં જૂઠવચન પણ સત્યવચન થઈ જાય છે, ઉદ્યમરહિતને પણ લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે, તથા અન્યાયકાર્ય પણ સુખ કરવાવાળા થાય છે.

જુઓ, અહીં ધર્મીને બહારમાં પુણ્યનો ઉદય કેવો હોય છે તે કહે છે. કદાચિત્ ધર્માત્મા સાચા જ્ઞાની પરુષ કોઈ તુક્કો લગાવી દે તો તે જૂઠુ પડે નહિ એમ કહે છે, સાચુ પરિણામ આવે અને જૂઠૂ ગોપવાઈ જાય એવો મેળ ખાઈ જાય છે.

વાદિરાજ મુનિને શરીરમાં કોઢ હતો, હંમેશા એમનો ભક્ત શ્રાવક દર્શન કરવા આવે. એક વખત રાજદરબારમાં કોઈએ ચાડી ખાધી કે આ શ્રાવકના ગુરુ કોઢીયા છે. એમના દર્શન કરીને હંમેશા તે શ્રાવક આવે છે અને બધાને ચેપ લગાડે છે. રાજાએ શ્રાવકને પૂછ્યું. શ્રાવકના મનમાં એમ થયું કે મારા ગુરુને કોઢિયા ઠરાવે છે પણ મારાથી એમ કેમ કહેવાય ? એમ વિચારી એનાથી બોલી જવાયું કે મારા ગુરુ કોઢિયા નથી. રાજાએ કહ્યું કે હું કાલે દર્શન કરવા આવીશ. શ્રાવક મુનિ પાસે ગયો અને બધી વાત કરી. મુનિરાજે કહ્યું કે તું મુંઝાઈશ નહિ. મુનિ ભગવાનની સ્તુતિ કરવા બેઠા. અહો પ્રભુ ! જે નગરીમાં આપ પધારો છો એ નગરીને ઈન્દ્રો સોનાની બનાવે છે તો આપે મારા આત્મામાં સ્થાન લીધું અને આ શરીર સોનાનું ન થાય એ કેમ બને ? એટલે કે સોનાનું થયા વિના રહે નહિ. એમ સ્તુતિ કરતા આખું શરીર સોનાની વીંટી જેવું થઈ ગયું. એક આંગળી નો ભાગ કોઢવાળો રાખ્યો. રાજા આવ્યો મુનિને જોયા અને બધી વાત કરી. મુનિએ કહ્યું કે લોકો ખોટા નથી. જુઓ, આ આંગળીએ કોઢ છે પણ અહીં તો કહેવું છે કે જ્ઞાનીએ તુક્કો લગાવ્યો પણ પૂર્વનાં પુણ્ય હતા તો સાચું થઈ ગયું. શ્રાવકનો હેતુ તો ધર્મની નિંદા ન થાય એ હતો. મારા ગુરુને કોઢિયા કહે તે તેને રુચતું ન હતું.

શાસ્ત્રમાં વાત આવે છે કે રામચંદ્રજીએ વજ્રકર્ણરાજાને સહાય કરી, શિહોદર રાજા મોટો હોવાથી તેને લૌકિક દ્રષ્ટિએ વજ્રકર્ણે નમવું જોઈએ પણ તે જૈન સિવાય બીજાને નમતો ન હતો, એટલે તેમને રામચંદ્રજીએ મદદ કરી. લૌકિક અપેક્ષાએ તો અન્યાય કહેવાય પણ પુણ્યશાળીને બધું સવળું પડી જાય છે, શિહોદરને બાંધ્યો, તે અન્યાય બહાર આવ્યો નહિ અને સફળતા મળી.

સીતાજી સતી હતા. રામચંદ્રજીને કળજામાં ખાતરી હતી કે સીતાજી સતી હતાં, છતાં લૌકિક ખાતર અગ્નિપરીક્ષા કરી પણ પૂર્વનાં પુણ્યના કારણે બધી સફળતા મળી. સીતાજીને અન્યાય થયો હતો પણ સવળું પડી ગયું. હવે એ જ રામચંદ્રજી જ્યારે સીતાજીને રાવણ હરી ગયો ત્યારે ઝાડે ઝાડે અને ડુંગરે ડુંગરે ''સીતા છે'' એમ પુછતા હતા. લૌકિક અપેક્ષાએ આવું એક સામાન્ય મનુષ્ય પણ ન કરે. વળી વસુદેવનું મૃત્યુ થાય છે ત્યારે બળદેવ કે જે ધર્માત્મા છે તે ખભે લઈને ફરે છે. આવું તો એક સાધારણ બુદ્ધિવાળો પણ ન કરે, છતાં પુણ્યના કારણે તે ડાહ્યા કહેવાણા. બે ભાઈઓને ઘણો પ્રેમ હતો માટે એમ થયું. એ રીતે ધર્મીને પુણ્યના કારણે અવળું હોય તે સવળું પડી જાય છે.

વળી ધર્મી વેપાર ધંધો ન કરતો હોય અને બીજાને તે આળસુ લાગે, પણ તેને પુણ્યના કારણે નિધાન મળી આવે. ધર્મીને નિશ્ચયથી આત્માની શાંતિ હોય છે અને વ્યવહારથી પુણ્યનો ઉદય હોય તો બહારમાં પૈસા આદિ મળે છે એમ અહીં બતાવેલ છે. ધર્મીને તો કેવળજ્ઞાનરૂપી લક્ષ્મીનું નિધાન પ્રગટ થાય છે. બહારથી લક્ષ્મી પ્રાપ્ત થવી તે વર્તમાન પરુષાર્થનું કાર્ય નથી. કાલની કઠીયારી હોય અને આજે દેવ થાય. એ પ્રમાણે ધર્મનું મહાત્મ્ય છે. અજ્ઞાની અધર્મી હોય અને પાપનો ઉદય હોય તો સવળું નાખે તો ઊંધુ પડે છે. જ્ઞાનીને ચારિત્રનો જરા રાગ હોય છે પણ અંતરવેદન હોવાથી તે રાગને સવળાઈમાં લેવાય છે. આ ધર્મનું મહાત્મ્ય છે.

ભાવાર્થ :- અહીં આ અર્થ સમજવો કે જો પૂર્વે ધર્મ સેવ્યો હોય તો તેના પ્રભાવથી અહીં જૂઠ બોલે તે પણ સાચ બની જાય છે, ઉદ્યમ વિના પણ સંપત્તિ મળી જાય છે, અન્યાયરૂપ વર્તે તો પણ તે સુખી રહે છે, અથવા કોઈ જૂઠવચનનો તુક્કો લગાવે તો પણ અંતમાં તે સાચો થઈ જાય છે તથા ''અન્યાય કર્યો'' એમ લોક કહે છે તો ત્યાં ન્યાયવાળાની સહાય જ થાય છે એમ પણ સમજવું.

**ગાથા-૪૩૩**

**આગળ ધર્મરહિત જીવની નિંદા કહે છે :-**

**देव: अपि धर्मत्यक्त: मिथ्यात्ववसेन तरूवर: भवति।**
**चक्री अपि धर्मरहित: निपतति नरके न सम्पदे भवति।।४३३।**
**।**

**અર્થ :- ધર્મરહિત જીવ છે તે મિથ્યાત્વવશ દેવ પણ વનસ્પતિકાય એકેન્દ્રિય બની જાય છે તથા ધર્મરહિત ચક્રવર્તિ પણ નરકમાં પડે છે એટલાં માટે પાપ છે તે સંપદાનો હેતુ નથી.**

અર્થ :- ધર્મરહિત જીવ છે તે મિથ્યાત્વવશ દેવ પણ વનસ્પતિકાય એકેન્દ્રિય બની જાય છે તથા ધર્મરહિત ચક્રવર્તિ પણ નરકમાં પડે છે એટલાં માટે પાપ છે તે સંપદાનો હેતુ નથી.

આ ઉપર કહેલા દશ પ્રકારના ધર્મથી રહિત જે જીવો છે તે મિથ્યાદૃષ્ટિ છે તેથી કદાચિત્ તે જીવ પુણ્યબંધ કરે તો દેવ પર્યાય પામી ત્યાંથી એકેન્દ્રિયાદિમાં પાછો ઊપજે છે કેમકે ધર્મ તો આત્મામાં છે એની એને ખબર નથી. તે પણ્યના ફળમાં દેવમાં જાય પણ પાછો ત્યાંથી ફૂલમાં ઊપજે છે. બ્રહ્મદત્ત ચક્રવર્તી નરકમાં ગયો છે કેમકે એને આત્માનું ભાન ન હતું. અહીં હીરાના પલંગમાં સૂતો હતો, અને સોળ હજાર દેવ એની સેવા કરતા હતા, પણ પોતાના આત્માનું શરણ ન હતું તેથી મરીને નરકે ગયો.

પહેલાં ધર્મનાં ફળનું વર્ણન કર્યું હતું. ધર્મી જીવોને પુણ્યબંધ થાય છે તેથી બહારમાં બધું સવળું હોય છે અને અજ્ઞાનીને મિથ્યાત્વના કારણે અંતરશાંતિ તો નથી પણ સારા પુણ્ય પણ તેને હોતા નથી. કદાચિત્ મંદકષાય કરે તો દેવલોકમાં જાય પણ ત્યાંથી પાછો સંસારમાં રખડે છે.

# ઉત્તમ આકિંચન ધર્મ

**ભાદરવા સુદ ૩, મંગળવાર, ૨-૯-૫૨**

આજે દશલક્ષણ ધર્મનો નવમો દિવસ છે. સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા ગાથા ૪૦૨માં આકિંચન ધર્મનું વર્ણન કર્યું છે તે કહેવાય છે.

નિર્ગ્રંથ ધર્મ કહો કે આકિંચન ધર્મ કહો તે એક જ છે. કેવળજ્ઞાનનું કારણ ચારિત્ર છે અને ચારિત્રનું કારણ સમ્યગ્દર્શન છે. જે સમ્યગ્દૃષ્ટિ છે એને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું પણ યથાર્થ જ્ઞાન હોય છે. મુનિપણું ચોથા ગુણસ્થાનમાં ન હોય પણ ચોથા ગુણસ્થાનવાળાને મુનિ કેવા હોય ? કેવળજ્ઞાની દેવ કેવા હોય ? એની સાચી પ્રતીતિ તો જરૂર હોય છે અને એવા ધર્મી જીવને જ વિશેષ લીનતા થતાં ચારિત્ર દશા હોય છે. એ ચારિત્રધર્મના આ દશ પ્રકાર છે. એમાં આ નવમો ઉત્તમ આકિંચન ધર્મ કેવો હોય તે કહે છે.

જે મુનિ મન-વચન અને કાયા, કૃત-કારિત અનુમોદનાપૂર્વક સર્વ ચેતન-અચેતન પરિગ્રહનો સર્વથા ત્યાગ કરે છે, એટલે કે ઉપકરણાદિમાં મમત્વભાવ કરતો નથી તેમને ઉત્તમ આકિંચન ધર્મ હોય છે.

સાધુ તો નગ્ન દિગંબર જ હોય છે. નવ નવ કોટિએ તેમને ત્યાગ હોય છે. વસ્ત્ર, પાત્ર રાખતા નથી. લોકો શું કહેશે એના સામું જોતા નથી. લોકોને ઠીક લાગે એમ કરવું એમ માની મુનિ લોકોને રાજી રાખવા ખાતર પણ પરિગ્રહ રાખતા નથી. નિર્ગ્રંથ મુનિને ચેતન-અચેતન પદાર્થોનો ત્યાગ હોય છે. મુનિધર્મ કહો કે આકિંચનધર્મ કહો તે બધું એક જ છે. હું તો અખંડાનંદ શુદ્ધ છું એવા ભાનમાં મોરપીંછી આદિ ઉપકરણોમાં પણ મુનિને મમત્વભાવ થતો નથી, કેમકે હું આત્મા છું પર ચીજ મારી નથી એમ મુનિ માને છે.

વળી મુનિ નિર્દોષ આહાર લે છે, એમાં પણ મમત્વભાવ નથી. પંચમહાવ્રતનો રાગ છે એને પોતાનો માનતા નથી, એવી ભાવના નિર્ગ્રંથપણામાં હોય છે તે આકિંચનધર્મ છે. સમ્યગ્દૃષ્ટિને અંશે આકિંચનધર્મ હોય છે. મુનિ તો એકાંત જંગલમાં ધ્યાનમાં વિચરતા હોય છે. વીતરાગ માર્ગમાં આવું મુનિપણું હોય છે. આવી જેની દૃષ્ટિ હોય તે સમ્યગ્દૃષ્ટિ છે. આથી

વિરુદ્ધ માને તે મિથ્યાદ્રષ્ટિ છે. મુનિદશામાં મોરપીંછી, કમંડળ આદિ ઉપકરણો હોય છે, એ સિવાય વસ્ત્ર, પાત્ર હોતા નથી. એમ ન માને તે મિથ્યાદ્રષ્ટિ છે. તે મુનિના સ્વરૂપને સમજતો નથી. પોતાના આત્મામાં આકાગ્ર થવું તે જ મોક્ષમાર્ગ છે. આ જ માર્ગ સત્ય છે. ઈન્દ્રો આ માર્ગને સ્વીકારે છે. ગણધરદેવ આ જ માર્ગ પ્રરૂપે છે, બીજો માર્ગ હોય નહિ.

હવે ચાલતો અધિકાર કહે છે.

**धर्मविहीनः जीवः करोति असह्यं अपि साहसं यद्यपि।**
**तत् न अपि प्राप्नोति इष्टं सुष्ठु अनिष्टं परं लभते।।४३४।**

**અર્થ :- ધર્મ રહિત જીવ જો કે મોટું ન સહન થાય તેવું સાહસિક પરાક્રમ કરે તો પણ તેને ઈષ્ટવસ્તુની પ્રાપ્તિ થતી નથી પણ ઉલટો માત્ર અતિશય અનિષ્ટને પ્રાપ્ત થાય છે.**

**ભાવાર્થ :- પાપના ઉદયથી ભલું કરતાં પણ બુરું થાય છે એ જગત્પ્રસિધ્ધ છે.**

ઉપર કહેલા દશ લક્ષણ ધર્મની જેને ખબર નથી-પ્રતીત નથી તે ધર્મરહિત જીવ-વ્રત-તપાદિ કરે પણ એના આત્માને કાંઈ લાભ નથી. આત્મા ચિદાનંદ, વિકારરહિત શરીરાદિથી પર છે, એનું જેને ભાન નથી એ જીવ શરીરના ખંડ ખંડ જેટલા ટુકડા કરી નાખે છતાં ક્રોધ ન કરે તો પણ એની મુક્તિ થતી નથી. ચૈત્ર મહિનાના તડકામાં ભૂખ્યો-તરસ્યો ઊભો રહે પણ આત્માના ભાન વિના એને શાંતિ મળતી નથી. વીતરાગમાર્ગમાં દશ પ્રકારના ધર્મ કહ્યા છે એ ધર્મ જેને નથી, તેની મુક્તિ થતી નથી.

આત્મા જ્ઞાનસ્વભાવી છે અને વિભાવરહિત છે એવી દ્રષ્ટિના અભાવમાં શરીરને કૃષ કરે તો પણ આત્માનું કલ્યાણ થતું નથી કેમકે જેમાંથી કલ્યાણ થાય છે અને જે કલ્યાણ સ્વરૂપ છે એને તે જાણતો નથી. એકલી બહારની ક્રિયાથી ધર્મ માન્યો તેને શાંતિ મળતી નથી, તેને આકુળ-વ્યાકુળ પરિણામ થયા વગર રહેતા નથી. ઉપવાસ કરે અને પછી તરસ લાગી હોય, ગરમી સહન કરી ન શકે અને સંથારો કર્યો હોય તે એકલા આર્તધ્યાન અને રૌદ્રધ્યાનરૂપ પરિણામ કરીને મરણ પામે છે કેમકે આત્મા શાંતસ્વરૂપ છે એની એને ખબર નથી. વળી તે અજ્ઞાનપૂર્વક હઠાગ્રહથી તપ કરે છે, તેથી એને આત્માના ધર્મનો તો લાભ થતો નથી પણ આર્તધ્યાન કરે છે તેથી ઉલ્ટો પાપભાવ હોય છે, અને કદાચ કોઈ જીવ શુભ

પરિણામ કરે તો પુણ્ય બંધાય પણ આત્માનું ભાન નથી તેથી એની પણ મુક્તિ થતી નથી. સ્વભાવની શાંતિ જેને નથી એને તપમાં અનાદરબુદ્ધિ થાય છે અને તે ચારગતિમાં પરિભ્રમણ કરે છે.

ભાવાર્થ :- પાપના ઉદયથી ભલું કરતાં પણ બુરું થાય છે એ જગત્પ્રસિધ્ધ છે.

આ બાર ભાવનાના અધિકારની છેલ્લી ગાથા હવે કહે છે.

**ગાથા-૪૩૫**

**इति प्रत्यक्षं दृष्टवा धर्माधर्मयो: विविधमाहात्म्यं।**
**धर्मं आचरत सदा पापं दूरेण परिहरत।।४३५।।**

**અર્થ :- હે પ્રાણી ! આ પ્રમાણે ધર્મ તથા અધર્મનું અનેક પ્રકારનું માહાત્મ્ય પ્રત્યક્ષ જોઈને તમે ધર્મને આદર કરો તથા પાપને દૂરથી જ છોડો !**

**ભાવાર્થ :- દશ પ્રકારથી ધર્મનું સ્વરૂપ કહી આચાર્યદેવે અધર્મનું ફળ પણ બતાવ્યું અને હવે અહીં આ ઉપદેશ આપ્યો કે હે પ્રાણી ! ધર્મ-અધર્મનું પ્રત્યક્ષ ફળ લોકમાં જોઈને તમે ધર્મને આદર કરો તથા પાપને છોડો. આચાર્ય મહાન નિષ્કારણ ઉપકારી છે. પોતાને કાંઈ જોઈતું નથી. માત્ર નિઃસ્પૃહ થયા થકા જીવોના કલ્યાણ અર્થે જ વારંવાર કહી પ્રાણીઓને જગાડે છે. એવા શ્રી ગુરુ વંદન, પૂજન યોગ્ય છે. એ પ્રમાણે યતિધર્મનું વ્યાખ્યાન કર્યું.**

**દોહરો**

**મુનિ-શ્રાવકના ભેદથી, ધર્મ બે પરકાર,**
**તેણે સુણી ચિંતવો સતત્ ગ્રહી પામો ભવપાર**

ઇતિ ધર્માનુપ્રેક્ષા સમાપ્ત

અર્થ :- હે પ્રાણી ! આ પ્રમાણે ધર્મ તથા અધર્મનું અનેક પ્રકારનું માહાત્મ્ય પ્રત્યક્ષ જોઈને તમે ધર્મને આદર કરો તથા પાપને દૂરથી જ છોડો ! ધર્મનું અનેક પ્રકારથી માહાત્મ્ય બતાવ્યું અને અધર્મનું અનેક પ્રકારથી માહાત્મ્ય બતાવ્યું તે બન્નેને જેમ છે તેમ જાણીને ધર્મને ગ્રહણ કરવો અને અધર્મને છોડવો. અહીં તો ધર્મ અને અધર્મ બન્ને પ્રત્યક્ષ છે એમ કહેલ છે.

ભાવાર્થ :- દશ પ્રકારથી ધર્મનું સ્વરૂપ કહી આચાર્યદેવે અધર્મનું ફળ પણ બતાવ્યું અને હવે અહીં આ ઉપદેશ આપ્યો કે હે પ્રાણી ! ધર્મ-અધર્મનું પ્રત્યક્ષ ફળ લોકમાં જોઈને તમે

ધર્મને આદર કરો તથા પાપને છોડો.

ધર્મનું ફળ તો પ્રત્યક્ષ શાંતિ અને સમાધાન છે અને અધર્મનું ફળ પ્રત્યક્ષ અશાંતિ અને દુઃખ છે. ધર્મી નામ ધરાવીને એમ માને કે અમો ધર્મી છીએ માટે અમારો આદર થવો જોઈએ, એમ અનેક પ્રકારે અશાંતિને વેદ્યા કરે છે. આત્માની ખબર નથી એટલે ખરેખર એને શાંતિ મળતી નથી. ધર્મી બહારમાં કોઈનો વાંક કાઢતા નથી. હું સહન કરી શકતો નથી એ જ મારો વાંક છે એમ તે જાણે છે. જ્ઞાતાદ્રષ્ટાપણે રહીને સહન કરવું તે જ મારું કર્તવ્ય છે. વૃત્તિ ઉઠે તે અપરાધ છે, તેને જ ધર્મી હિંસા ગણે છે, એમ તે જાણીને ધર્મનો જ આદર કરે છે, અધર્મનો આદર કરતો નથી એટલે કે અધર્મને થવા દેતો નથી.

આચાર્ય મહાન નિષ્કારણ ઉપકારી છે. પોતાને કાંઈ જોઈતું નથી. નિઃસ્પૃહ થયા થકા જીવોના કલ્યાણ અર્થે જ વારંવાર કહી પ્રાણીઓને જગાડે છે. એવા શ્રી ગુરુ વંદન, પૂજન યોગ્ય છે. મુનિ નિઃસ્પૃહી હોય છે એમને કાંઈ લેવું નથી. તેથી પરની દરકાર એમને હોતી નથી. માત્ર કરૂણાબુધ્ધિથી ઉપદેશ આપે છે કે તમો ધર્મને ઓળખો. વારંવાર કહે છે કે ચેતો ચેતો. આ સ્વામીકાર્તિકના શ્રીમદ્ રાજચંદ્રે પણ વખાણ કર્યા છે. તેઓ મુનિનુ સ્વરૂપ આવું વર્ણવે છે. દશ લક્ષણ ધર્મ, સાધુ ધર્મ કે યતિ ધર્મ કહો તે એક જ છે. જે શુદ્ધતાનો યત્ન કરે તે યતિ છે. વિકાર કે પુણ્યનો યત્ન કરે તે યતિ નથી. એ રીતે મુનિધર્મનું વર્ણન કર્યુ છે.

**દોહરો**

**મુનિ-શ્રાવકના ભેદથી, ધર્મ બે પરકાર,**
**તેણે સુણી ચિંતવો સતત્ ગ્રહી પામો ભવપાર**

ધર્મ બે પ્રકારના છે– એક મુનિધર્મ છે અને બીજો શ્રાવકધર્મ છે. મુનિધર્મ ન પાળી શકે તેણે શ્રાવકધર્મ પાળવો, પણ મુનિ નામ ધરાવીને મુનિધર્મ ન પાળે તો એ પાપ થાય છે માટે આ ધર્મનાં સ્વરૂપને જાણીને શ્રાવક અથવા મુનિધર્મને ગ્રહણ કરો અને એ ધર્મ પાળીને તુરત મુક્તિને પ્રાપ્ત કરો. આ રીતે બાર ભાવનામાં આ છેલ્લી ધર્મભાવનાનો અધિકાર પૂર્ણ કર્યો.

આ ગ્રંથ બાર ભાવનાનો હોવા છતાં કાર્તિકેયસ્વામી એમાં બાર પ્રકારનાં તપનું સ્વરૂપ બતાવે છે. આત્માનાં ભાનપૂર્વક આ બાર પ્રકારના તપ હોય છે તે તપનું વર્ણન કરે છે.

# દ્વાદશતપનું વર્ણન

આગળ ધર્માનુપ્રેક્ષાની ચૂલિકા કહેતા થકા આચાર્યદેવ બાર પ્રકારના તપ વિધાનનું નિરૂપણ કરે છે.

ગાથા-૪૩૬

**द्वादशभेदं भणितं निर्जराहेतुः तपः समासेन।**
**तस्य प्रकाराः एते भण्यमानाः मन्तव्याः।।४३६।।**

**અર્થ :- જિનાગમમાં સંક્ષેપમાં બાર પ્રકારનું તપ કહ્યું છે, કેવું છે તપ ? કર્મનિર્જરાનું કારણ છે તેના બાર પ્રકાર આગળ કહીશું તે જાણવા.**

**ભાવાર્થ :- નિર્જરાનું કારણ તપ છે અને તેના બાર પ્રકાર છે. અનશન, અવમોદર્ય, વૃત્તિપરિસંખ્યાન, રસપરિત્યાગ, વિવિક્તશૈયાસન અને કાયક્લેશ એ છ પ્રકારનાં બાહ્યતપ છે તથા પ્રાયશ્ચિત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, વ્યુત્સર્ગ અને ધ્યાન એ છ પ્રકારનાં અંતરંગતપ છે. તેનું જ વ્યાખ્યાન હવે કરીએ છીએ, તેમાં પહેલાં અનશન નામના તપને ચાર ગાથામાં કહે છે :-**

અર્થ :- જિનાગમમાં સંક્ષેપમાં બાર પ્રકારનું તપ કહ્યું છે, કેવું છે તપ ? કર્મનિર્જરાનું કારણ છે. તેના બાર પ્રકાર આગળ કહીશું તે જાણવા.

સર્વજ્ઞ વિતરાગના દિવ્યધ્વનિમાં બાર પ્રકારના તપનું વર્ણન આવ્યું છે એવા તપથી નિર્જરા થાય છે, લોકો તો આહાર ન લેવાથી નિર્જરા થાય એમ માને છે પણ તે બરાબર નથી. આત્મસન્નમુખ પરિણામ થતાં આહારની વૃત્તિ જ થતી નથી એ નિર્જરા છે. ત્રણ પ્રકારે નિર્જરા છે. (૧) આત્મામાં શુદ્ધિની વૃદ્ધિ થવી, (૨) અશુદ્ધતાનો નાશ અને (૩) જડ કર્મનું ખરવું. કર્મનું ખરવું તે દ્રવ્ય નિર્જરા છે અને અશુદ્ધતા નાશ થવો તથા શુદ્ધિની વૃદ્ધિ થવી તે ભાવ નિર્જરા છે. આત્મા કર્મને છોડતો નથી પણ સ્વરૂપમાં લીન થતાં, અશુદ્ધતા થતી નથી ત્યારે કર્મો એના કારણે છૂટી જાય છે. આવી તપની વ્યાખ્યા છે તે લોકો સમજતા નથી અત્યારે લોકો તેને તપ માને છે એવા તપ તો અભવીએ અનંતીવાર કર્યા છે પણ આત્મામાં પ્રતપન થઈને શુદ્ધતા પ્રગટ કરી નથી. તેથી એને સાચો તપ થયો નથી.

હવે અનશન તપની વ્યાખ્યા કરે છે.

ગાથા-૪૩૭

**उपशमने अक्षाणां उपवास: वर्णित: मुनीन्द्रै: ।**
**तस्मात् भुञ्जमाना: अपि च जितेन्द्रिया: भवन्ति उपवासा: ।।४३७।।**

**અર્થ :- ઈંદ્રિઓનો ઉપવાસ અર્થાત્ તેને વિષયોમાં ન જવા દેવી તથા મનને પોતાના આત્મસ્વરૂપમાં જોડવું તેને મુનિન્દ્રોએ ઉપવાસ કહ્યો છે. એટલા માટે જિતેન્દ્રિય પુરૂષને આહાર કરતો છતાં પણ ઉપવાસ સહિત જ કહ્યો છે.**

**ભાવાર્થ :- ઈંદ્રિયોને જીતવી તે ઉપવાસ છે, એટલા માટે ભોજન કરતા હોવા છતાં પણ યતિપુરુષ ઉપવાસી જ છે, કારણ કે તેઓ ઈંદ્રિયોને વશ કરી પ્રવર્તે છે.**

અર્થ :- ઈંદ્રિઓનો ઉપવાસ અર્થાત્ તેને વિષયોમાં ન જવા દેવી તથા મનને પોતાના આત્મસ્વરૂપમાં જોડવું તેને મુનિન્દ્રોએ ઉપવાસ કહ્યો છે. એટલા માટે જિતેન્દ્રિય પુરૂષને આહાર કરતો છતાં પણ ઉપવાસ સહિત જ કહ્યો છે.

આત્મા અતિન્દ્રિય છે. તેમાં એકાગ્ર થતાં ઈંદ્રિઓ તરફનું લક્ષ છૂટી જવું તેને અહીં ઈંદ્રિયોનો ઉપવાસ કહે છે. દ્રવ્ય ઈંદ્રિયો તો આત્મામાં નથી પણ ભાવેંદ્રિય જે ખંડ ખંડ છે એનું લક્ષ પણ છૂટી જવું અને ઈંદ્રિયોના નિમિત્તે થતાં શુભાશુભ ભાવોને આત્માના લક્ષે ઉત્પન્ન થવા ન દેવા એને અહીં ઈંદ્રિયોના વિષયોને છોડ્યા કહેવાય છે. તીર્થંકરનાં વજીર ગણધરદેવે આવા શુદ્ધપરિણામને ઉપવાસ કહ્યો છે. મુનિ આત્મામાં એકાગ્ર હોય છે તેથી તેમને શુભાશુભ વૃત્તિ થતી નથી. તે મુનિ આહાર કરતી વખતે પણ ઉપવાસી છે એમ કહેવાય છે.

## પ્રસાદ નં. – ૩૧૪

**વી. નિ સં. ૨૪૭૮, ભાદરવા વદ ૫, વર્ષ ૨જું. પુસ્તક અગિયારમું,**
**સોનગઢ, તા. ૮-૯-૫૨, સોમવાર.**

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(ભાદરવા સુદી ૧૪, બુધવાર, ૩-૯-૫૨ સવાર)**

# ઉત્તમ બ્રહ્મચર્ય ધર્મ

આજે દશ લક્ષણ ધર્મના પર્વનો છેલ્લો દિવસ છે. સનાતન જૈન ધર્મની અંદર મુનિના ક્ષમા આદિ દસ ધર્મ છે. આ ધર્મની ઊજવણી ભાદરવા સુદ ૫ થી સુદ ૧૪ સુધીના દિવસોમાં થાય છે. એવો અનાદિ નિયમ છે. એમાં આજે ઉત્તમ બ્રહ્મચર્યનો દિવસ છે. તે ઉત્તમ બ્રહ્મચર્ય કોને કહેવાય તે આ સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ગાથા ૪૦૩ માં કહ્યું છે કે :-

બ્રહ્મ નામ આત્મા અને ચર્ય નામ લીન થવું - આત્મામાં લીન થવું તેનું નામ બ્રહ્મચર્ય છે. પ્રથમ તો આત્મા કોને કહેવો એ જાણ્યા વિના તેમાં લીન થઈ શકે નહિ, આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદની ગાંઠ છે અને દયાદનાદિના વિકલ્પો તે વિકાર છે. શુદ્ધ આત્માની દ્રષ્ટિપૂર્વક જ ચારિત્ર હોય છે. ચારિત્ર કાંઈ દેહની ક્રિયા કે રાગની ક્રિયામાં નથી. દિગંબર ધર્મમાં આ પર્વના દિવસોમાં તત્વાર્થસૂત્રની વાંચણીની પદ્ધતિ ચાલી આવે છે, પણ તત્વજ્ઞાન ગમે તે સૂત્રમાંથી લ્યો તો તે બધા તત્વાર્થસૂત્ર છે. આત્મા શરીર પ્રમાણે અસંખ્યાત્ પ્રદેશી છે, તે અનંતગુણ અનંતશક્તિના સ્વભાવવાળો એકલો અમૃતનો ગાંગડો છે, જેમ મીઠાની ગાંગડી ખારથી ભરેલી છે, સાકર મીઠાશથી ભરેલી છે, તેમ આત્મામાં બધે આનંદ જ ભર્યો છે. પર્યાયમાં ભલે વિકાર

હોય, પણ સ્વભાવ શક્તિએ તો તે આનંદકંદ છે. આમ આત્મવસ્તુનું માહાત્મ્ય આવે તો વિકારનો નાશ થયા વિના રહે નહિ. શ્રીમદ્દે કહ્યું છે કે :-

''ઊપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર,
અંતર્મુખ અવલોકતાં વિલય થતાં નહિ વાર''

અંતર્મુખ અને બહિર્મુખ બે વાત છે, અંતર્મુખદશા થતાં મુક્તિ થાય છે, અને બહર્મુખદશામાં સંસાર પરિભ્રમણ છે, બાકી બીજી બધી વાતો સમજવા જેવી છે. અહિ તો મુનિના ચારિત્ર ધર્મની વાત કહે છે. મુનિ કે જેમને છઠ્ઠું-સાતમું ગુણસ્થાન એક દિવસમાં હજારોવાર આવે છે અને જે દિગંબર નગ્ન સંત હોય છે અને જંગલમાં વિચરતા હોય છે. તેમને આ ઉત્તમ બ્રહ્મચર્ય ધર્મ હોય છે.

શરીરના રૂવાંટે રૂવાંટે તેમને વૈરાગ્ય હોય છે, અને અંતરમાં તેઓ આનંદથી ઝૂલી રહ્યા હોય છે. એવા મુનિ સ્ત્રીનો સંગ કરતા નથી. જેને સ્વભાવનો સંગ થયો છે તેને સ્ત્રીના સંગનો વિકલ્પ હોતો નથી. પરદ્રવ્યમાં મુખ્યપણું સ્ત્રીનું છે એટલે અહિ સ્વરૂપના સંગવાળાને સ્ત્રીના સંગનો ભાવ હોતો નથી એમ કહેલ છે. સ્ત્રીનો જેને પ્રેમ હોય છે તે સ્ત્રીને જ દેખે છે, બીજાને ભાળતો નથી. તેમ આત્માની લીનતા છે તેને પરની લીનતા હોતી નથી. એટલે આત્માને દેખવાવાળો પરને દેખતો નથી. જેને ચૈતન્યનો પ્રેમ છે એવા મુનિને પરનો પ્રેમ હોતો નથી.

આત્મા અખંડઆનંદસ્વરૂપ નિર્વિકાર નિરાવરણ છે. એનું રૂપ નિહાળનાર મુનિને સ્ત્રીનું રૂપ નિહાળવાની લાગણી સહજ થતી નથી, મુનિનામ ધરાવીને કાયા વડે પણ બ્રહ્મચર્ય પાળતા નથી તે લૌકિક સજ્જન પણ નથી અહીં તો યથાર્થ મુનિ કે જેમને પર દ્રવ્યનો રાગ છૂટી ગયો છે. અને બ્રહ્માનંદના પ્રેમમાં જેઓ લપેટાઈ ગયા છે, તે મુનિને સ્ત્રીનો પ્રેમ થતો નથી. વળી તે સ્ત્રીની કથા પણ કરતા નથી. પૈસાનો પ્રેમ હોય તે પૈસાની કથની કરે છે અને સ્ત્રીનો પ્રેમ હોય તે સ્ત્રીની કથની કરે છે, અને મુનિ આત્માના પ્રેમી છે, તેથી તે આત્માની કથની કરે છે પરની કથની કરતા નથી, મુનિનું સ્વરૂપ આવું હોય છે, એમ સમ્યગ્દૃષ્ટિ જાણે છે. તેને હજી સ્ત્રીનો રાગ છૂટ્યો નથી. તેથી વિષયાદિના સંગમાં હોય છે, પણ મુનિને તો સ્ત્રીનો સંગ કે કથની હોતાં નથી.

સ્ત્રીનું સ્મરણ પણ મુનિ કરતા નથી બ્રહ્માનંદ આત્માનો પ્રેમ છે તેથી સ્ત્રીઓના વિષયોને મુનિ યાદ કરતા નથી, જેમ પાંચ લાખની ઊપજ હોવા છતાં વીસ વરસનો એકનો એક દિકરો મરી જાય તો તે વખતે પેદાશ ઉપર તેના પિતાનું લક્ષ હોતું નથી, તેમ આત્માના પ્રેમમાં સ્ત્રી આદિના પ્રેમને મુનિ યાદ કરે નહિ. દેહાતીત, મનાતીત, વચનાતીત અને વિકારથી

પાર એવા આત્માના ભાનપૂર્વક અંતરમાં લીન થવું તે ઉત્તમ બ્રહ્મચર્ય છે. આ રીતે દશ લક્ષણ ધર્મ પર્વમાં દસ ધર્મોનું વર્ણન થયું. ભાદરવા સુદી ૫ થી ઉત્તમ ક્ષમા ધર્મથી શરૂઆત કરીને ભાદરવા વદ ૧ શ્રમાવણી દિન ઊજવીને પર્યુષણ પર્વ પૂરાં થાય છે. આત્માના ભાનપૂર્વક વીતરાગી પરિણામ થતાં આ ધર્મ પ્રગટે છે, એમાં બધું સમાઈ જાય છે.

હવે ચાલતો અધિકાર, બાર પ્રકારના તપનો છે, તેમાં પહેલો અનશન તપ કોને કહેવો તે વાત ચાલે છે.

**ગાથા-૪૩૭**

ભાવાર્થ :- ઈંદ્રિયોને જીતવી તે ઉપવાસ છે, એટલા માટે ભોજન કરતા હોવા છતાં પણ યતિપુરુષ ઉપવાસી જ છે, કારણ કે તેઓ ઈંદ્રિયોને વશ કરી પ્રવર્તે છે. સર્વજ્ઞ ભગવાન ઉપવાસ કોને કહે છે ? કે ઈંદ્રિયોને જીતવી તે ઉપવાસ છે, એટલે ઈંદ્રિયો મારામાં છે જ નહિ, એમ જાણી ઈંદ્રિયોનું લક્ષ છૂટી જવું તે ઉપવાસ છે. આત્મા અતિન્દ્રિય છે, એનું જેને ભાન નથી તે આહારનો રાગ ઘટાડે તો શુભભાવ થાય પણ સાથે મિથ્યાત્વનું પાપ થાય છે. કેમકે એનાથી લાભ માને છે. ઉપદેશ સાંભળવો કે ભગવાનના દર્શન કરવાં તે પણ શુભભાવ છે માટે તેના તરફનું પણ વલણ છૂટી જવું તેને ભગવાન ઉપવાસ કહે છે. વસ્તુસ્થિતિ આવી છે. સર્વજ્ઞ ભગવાન મહાવિદેહમાં બિરાજે છે અને અનંતા કેવલી ભગવંતો થઈ ગયા તે બધા એ એક જ માર્ગ કહે છે. બે હજાર વર્ષ પહેલાં આ સ્વામી કાર્તિકેય થઈ ગયા છે તે પોતે કહે છે કે ઈંદ્રિયોનું જીતવું તે ઉપવાસ છે. આત્મા ઈંદ્રિયોને તો જીતી શકતો નથી, પણ એના તરફનું લક્ષ છોડવું તે પણ વ્યવહાર કથન છે. કેમ કે પરનું લક્ષ છોડવાં જતાં રાગ થાય છે પણ આત્મા અખંડ જ્ઞાનસ્વભાવી છે, તેની રુચિ અને વેદન થતાં પરની ઈચ્છા થતી જ નથી. તેણે ઈંદ્રિયોને જીતી એમ કહેવાય છે.

આત્માના ભાનપૂર્વક ઈચ્છા તોડે તે સાચો ઉપવાસ છે. બાકી બધી લાંઘણ છે. જેના જેટલા દોકડા હોય એટલાં અપાય. લીંબોળીને કાંઈ નીલમણિ કહેવાય નહિ. એમ ખોટાં ઉપવાસ કરવાથી કાંઈ નિર્જરા કે આત્માની શાંતિ થાય નહિ. આત્માના ભાન સહિત મુનિ હોવાથી તેમને નિર્દોષ આહાર લેવાની ક્રિયા હોવા છતાં તે ઉપવાસ છે એમ કહે છે, કેમકે આત્મા અનાહારી છે એનું લક્ષ તેમને છૂટતું નથી, અતીન્દ્રિય આનંદ છૂટતો નથી. અલ્પ રાગ હોવા છતાં અંતર્મુખ ઘોલણ છૂટતું નથી, માટે તે ઉપવાસી છે. આ પ્રમાણે સમ્યગ્દષ્ટિને પણ આ વાત લાગુ પડે છે, એમ સમજી લેવું. આત્મા આહારને વ્યવહારે પણ લાવી-મૂકી કે ગ્રહી શકતો નથી. તેના તરફનો રાગ આત્માના સ્વભાવમાં નથી, એવું જેને ભાન છે તે મુનિ ચોવીસ કલાકમાં

એકવાર વસ્તીમાં જાય છે અને ઊભા ઊભા હાથમાં નિર્દોષ આહાર લે છે. શુભ વિકલ્પ હોવા છતાં અંતર મગ્નતાની મુખ્યતા કદી છૂટતી નથી, માટે ઉપવાસી છે.

આગળ અનસન તપની વિશેષ વ્યાખ્યા કરે છે.

ગાથા ૪૩૮-૪૩૯

**यः मनः इन्द्रियविजयी इहभवपरलोकसौख्यनिरपेक्षः।**
**आत्मनि च एव निवसति स्वाध्यायपरायणः भवति।।४३८।।**
**कर्मणां निर्जरार्थं आहारं परिहरति लीलया।**
**एकदिनादिप्रमाणं तस्य तपः अनशनं भवति।।४३९।।**

**અર્થ :- જે મન અને ઇંદ્રિઓનો જીતવાવાળો છે, આ ભવ પરભવના વિષયસુખોમાં અપેક્ષા રહિત છે અર્થાત્ વાંચ્છા કરતો નથી, પોતાના આત્મસ્વરૂપમાં જ રહે છે વા સ્વાધ્યાયમાં તત્પર છે, તથા કર્મનિર્જરા અર્થે ક્રિડા એટલે લીલા માત્ર ક્લેશરહિત–હર્ષસહિત એક દિવસની મર્યાદાપૂર્વક જે આહારને છોડે છે તેને અનશન તપ હોય છે.**

**ભાવાર્થ :- ઉપવાસનો આવો અર્થ છે કે - ઇંદ્રિય તથા મન, વિષયોમાં પ્રવૃતિરહિત થઈને આત્મામાં રહે તે ઉપવાસ છે. આલોક, પરલોક સબંધી વિષયોની વાંચ્છા ન કરવી તે ઇંદ્રિય જય છે તથા આત્મસ્વરૂપમાં લીન રહેવું વા શાસ્ત્રના અભ્યાસ-સ્વાધ્યાયમાં મન લગાવવું એ ઉપવાસમાં પ્રધાન છે. વળી જેમ ક્લેશ ન ઊપજે એવી રીતે ક્રિડા માત્રપણે એક દિવસની મર્યાદારૂપ આહારનો ત્યાગ કરવો, એ પ્રમાણે ઉપવાસ નામનું અનશન તપ થાય છે.**

અર્થ :- જે મન અને ઇંદ્રિઓનો જીતવાવાળો છે, આ ભવ પરભવના વિષયસુખોમાં અપેક્ષા રહિત છે અર્થાત્ વાંચ્છા કરતો નથી, પોતાના આત્મસ્વરૂપમાં જ રહે છે વા સ્વાધ્યાયમાં તત્પર છે, તથા કર્મનિર્જરા અર્થે ક્રિડા એટલે લીલા માત્ર ક્લેશરહિત–હર્ષસહિત એક દિવસની મર્યાદાપૂર્વક જે આહારને છોડે છે તેને અનશન તપ હોય છે.

સમ્યગ્દર્શનપૂર્વક મુનિપણાનું વર્ણન કરે છે, એની જેને ખબર નથી એ તો મિથ્યાદૃષ્ટિ છે, માટે આ જાણવાની ખાસ જરૂર છે. આઠ પાંખડીના કમળના આકારે છાતીમાં મન હોય છે, એનો સંગ મુનિને નથી. ભગવાન આત્મા અસંગ છે, તેમાં એકાગ્રતા વર્તે છે એ ઉપવાસ છે. તે આનંદની ભાવનાવાળો સુખામૃતનો સ્વાદી છે. એવા મુનિને આલોક અને પરલોકની

ઈચ્છા હોતી નથી. આવો મુનિમાર્ગ અને ઉપવાસનું સ્વરૂપ એને ઓળખવું જોઈએ. સર્વજ્ઞે કહેલા સંતોનો માર્ગ દુર્લભ છે. અત્યારે તો એવા સંતો દેખવા દુર્લભ થઈ પડ્યા છે, એટલું જ નહિ પણ સાંભળવા પણ દુર્લભ છે, સાચા મુનિ ક્યાંય દેખાતા નથી. છઠ્ઠા ગુણસ્થાનવાળા મુનિની જાત આવી છે, જેમ વાત હોય એમ થાય. મુનિ મુખ્યત્વે આત્મામાં લીન હોય છે. જ્યારે રાગ હોય ત્યારે સ્વાધ્યાયમાં રહે છે. મુનિ તો જંગલમાં વસે છે, સ્ત્રીને મુનિપણું હોતું જ નથી. આજ માનો, કાલ મનો કે અનંત ભવે માનો પણ આ માન્યા વિના છૂટકો નથી. સર્વજ્ઞના દિવ્યધ્વનિમાં આ માર્ગ આવ્યો છે, તેથી સમજ્યે છૂટકો છે.

મુનિ સર્વજ્ઞનાં શાસ્ત્રોનો અભ્યાસ કરે છે. મિથ્યાદૃષ્ટિના બનાવેલાં શાસ્ત્રો વાંચે નહિ. પરંપરાએ સંતોએ કહેલાં શાસ્ત્રોનો, આત્મામાં લીન ન રહી શકે ત્યારે, સ્વાધ્યાય કરે છે અને ધ્યાનમાં રહે છે. મુનિના ઉપવાસ આનંદ અને લહેરમાં થાય છે. રમતમાત્રમાં ઉપવાસનો કાળ જાય છે, કાળ કેમ ગયો એની ખબર પડતી નથી. આનંદ આનંદ કરતો ઉપવાસનો કાળ જાય છે. વીતરાગે કહેલા માર્ગની આવી પદ્ધતિ છે. માત્ર આહાર છોડી દેવો એ કાંઈ ઉપવાસનું કે મુનિપણાનું સ્વરૂપ નથી. વેપારી દુકાને બેઠો હોય તેને કમાણી થતી હોય તો તેના રસમાં એક ટંક ખાવાનું પણ ભૂલી જાય છે, તેમ આત્માના આનંદની પેદાશમાં મુનિને આહારની ઈચ્છા જ થતી નથી, તે ઉપવાસ છે. મુનિને ઉપવાસમાં જરાએ ખેદ કે ક્લેશ નથી. રમતમાત્રમાં આનંદથી વખત પસાર કરે છે. સ્વભાવદૃષ્ટિની રમતમાં તેમને ક્લેશ થતો નથી, આનું નામ અનશન તપ છે.

ભાવાર્થ :- ઉપવાસનો આવો અર્થ છે કે - ઈંદ્રિય તથા મન, વિષયોમાં પ્રવૃતિરહિત થઈને આત્મામાં રહે તે ઉપવાસ છે. આલોક, પરલોક સબંધી વિષયોની વાંચ્છા ન કરવી તે ઈંદ્રિયજય છે તથા આત્મસ્વરૂપમાં લીન રહેવું વા શાસ્ત્રના અભ્યાસ-સ્વાધ્યાયમાં મન લગાવવું એ ઉપવાસમાં પ્રધાન છે. વળી જેમ ક્લેશ ન ઊપજે એવી રીતે ક્રિયા માત્રપણે એક દિવસની મર્યાદારૂપ આહારનો ત્યાગ કરવો, એ પ્રમાણે ઉપવાસ નામનું અનશન તપ થાય છે.

## ભાદરવા સુદી ૧૫, ગુરુવાર, ૪-૯-૫૨

બાર પ્રકારના તપનો અધિકાર છે. બાર ભાવનામાં છેલ્લી ધર્માનુપ્રેક્ષા પૂરી થઈ. તેમાં શ્રાવકના બાર પ્રકારના ધર્મની વાત આવી હતી. તે ધર્મમાં સમ્યગ્દર્શન રૂપી ધર્મ પહેલો હતો, પછી મુનિના દશ પ્રકારના ધર્મની વ્યાખ્યા થઈ. હવે બાર પ્રકારના તપની વ્યાખ્યા કરે છે, એમાં પહેલો અનશન તપ છે. તે તપ આત્માના ભાન વિના જે કરે છે તેને ક્લેશ હોય છે, તે હવેની ગાથામાં કહે છે.

ગાથા-૪૪૦

**उपवासं कुर्वाणं आरम्भं यः करोति मोहतः।**
**तस्य क्लेशः अपरं कर्मणां नैव निर्जरणं।।४४०।।**

**અર્થ :- જે ઉપવાસ કરતો થકો પણ મોહથી આરંભ-ગૃહકાર્યાદિને કરે છે, તેને પ્રથમ ગૃહકાર્યનો ક્લેશ તો હતો જ અને બીજો આ ભોજન વિના ક્ષુધા-તૃષાનો ક્લેશ થયો, એટલે કે એ પ્રમાણે થતાં તો ક્લેશ જ થયો, પણ કર્મનિર્જરા તો ન થઈ.**

**ભાવાર્થ :- જે આહારને તો છોડે પણ વિષય-કષાય-આરંભને ન છોડે તેને પહેલાં તો ક્લેશ હતો જ અને હવે આ બીજો ક્લેશ ભૂખ-તરસનો થયો, એવા ઉપવાસમાં કર્મનિર્જરા ક્યાંથી થાય ? કર્મનિર્જરા તો સર્વ ક્લેશ છોડી સામ્યભાવ કરતાં જ થાય છે, એમ સમજવું.**

અર્થ :- જે ઉપવાસ કરતો થકો પણ મોહથી આરંભ-ગૃહકાર્યાદિને કરે છે, તેને પ્રથમ ગૃહકાર્યનો ક્લેશ તો હતો જ અને બીજો આ ભોજન વિના ક્ષુધા-તૃષાનો ક્લેશ થયો, એટલે કે એ પ્રમાણે થતાં તો ક્લેશ જ થયો, પણ કર્મનિર્જરા તો ન થઈ.

ઉપવાસ કરીને દુકાનના ધંધા કરે કે ઘરનાં કામો કરે તેને નિર્જરા થતી નથી. હું ચૈતન્ય જ્ઞાતા છું, એવું ભાન હોય, ધંધા આદિના અશુભ કાર્યમાં જોડાય નહિ, પણ સ્વાધ્યાય - ધ્યાનાદિ કરે અને આત્માની વિશેષ વિચારણામાં ઉપયોગને જોડે તો તેને તપ અને નિર્જરા હોય છે, પણ સોગઠાંબાજીમાં કે ગંજીપાની રમતમાં કે ઉંઘમાં ઉપયોગને જોડે તો એને તે જાતનો ક્લેશ તો છે, ઉપરાંત ભૂખ-તરસનો વધારે ક્લેશ થાય છે, એમ ક્લેશ થતાં એને પાપ જ થાય છે. તેથી નિવૃત્તિ લઈને સમ્યગ્દર્શનપૂર્વક આહારની ઈચ્છા ન કરે અને આત્મા શાંતસ્વરૂપ છે એના વિચારમાં વખત ગાળે તો નિર્જરા થાય છે, ઉપવાસાદિ કરીને ક્લેશમાં વખત ગાળે તેને નિર્જરા થતી નથી.

ભાવાર્થ :- જે આહારને તો છોડે પણ વિષય-કષાય-આરંભને ન છોડે તેને પહેલાં તો ક્લેશ હતો જ અને હવે આ બીજો ક્લેશ ભૂખ-તરસનો થયો, એવા ઉપવાસમાં કર્મનિર્જરા ક્યાંથી થાય ? કર્મનિર્જરા તો સર્વ ક્લેશ છોડી સામ્યભાવ કરતાં જ થાય છે, એમ સમજવું.

આહારની ઈચ્છા તો છોડે પણ સંસારની તૃષ્ણા-આરંભાદિના ભાવો છોડે નહી તો તેને અનશન તપનું ફળ મળતું નથી, બે હજાર વર્ષ પહેલાં આ આચાર્ય થઈ ગયા છે અને શ્રીમદ્દે તેમને વંદન કર્યું છે. તેઓ કહે છે કે આત્મા શુદ્ધચૈતન્ય જ્ઞાતા-દ્રષ્ટા છે. આખી દુનિયામાં જે કાંઈ થાય તેને હું જાણનાર-દેખનાર છું, એવી દૃષ્ટિપૂર્વક રાગ-દ્વેષ થવા ન દેવા, એ સામ્યભાવ છે, અને એ તપ છે. એનાથી જ નિર્જરા થાય છે. આ રીતે અનશન તપની વ્યાખ્યા પૂરી થઈ.

---

**ગાથા-૪૪૧**

**આગળ અવમોદર્યતપને બે ગાથામાં કહે છે :-**

**आहारगृद्धिरहित: चर्यामार्गेण प्राशुकं योग्यं।**
**अल्पतरं य: भुक्तें अवमौदर्यं तप: तस्य।।४४१।।**

**અર્થ :- જે તપસ્વિ, આહારની અતિ ચાહના રહિત થઈ સૂત્રમાં કહ્યાં પ્રમાણે ચર્યાના માર્ગાનુસાર યોગ્ય પ્રાસુકઆહાર પણ અતિશય અલ્પ ગ્રહણ કરે તેને અવમોદર્યતપ હોય છે.**

**ભાવાર્થ :- મુનિરાજ, આહારના છેંતાલીસ દોષ, બત્રીસ અંતરાય ટાળી ચૌદ મળદોષરહિત પ્રાસુક યાગ્ય ભોજન ગ્રહણ કરે છે તોપણ તે ઉણોદરતપ કરે છે, તેમાં પણ પોતાના આહારના પ્રમાણથી થોડો આહાર લે છે, આહારનું પ્રમાણ એક ગ્રાસથી બત્રીસ ગ્રાસ સુધી કહ્યું છે. તેમાં યથા ઈચ્છાનુસાર ઘટતા પ્રમાણમાં (આહાર) લે તે અવમોદર્યતપ છે.**

---

અર્થ :- જે તપસ્વિ, આહારની અતિ ચાહના રહિત થઈ સૂત્રમાં કહ્યાં પ્રમાણે ચર્યાના માર્ગાનુસાર યોગ્ય પ્રાસુકઆહાર પણ અતિશય અલ્પ ગ્રહણ કરે તેને અવમોદર્યતપ હોય છે.

જે કોઈ ધર્માત્મા આત્મામાં લક્ષ રાખીને શાસ્ત્રમાં કહ્યાં પ્રમાણે આત્માની શાંતિને અવલંબીને દોષ રહિત થોડો આહાર લે, તેને ઉણોદરી તપ હોય છે. નિર્દોષ પ્રાસુકઆહારમાં પણ રાગ ઘટાડે તેને નિર્જરા થાય છે. આહાર છોડવાની વાત નથી, કેમકે તે તો આત્માના હાથની વાત નથી. આત્મા આહાર લે કે મૂકે એ તો નિમિત્તનું કથન છે. અહિ તો કહે છે કે રાગનો ઘટાડો સ્વભાવના લક્ષે થાય, એટલો સ્વભાવ પુષ્ટ થાય છે. એનું નામ ઉણોદરી તપ છે.

આ સાક્ષાત્ મુનિની વાત છે. પેટામાં શ્રાવકને પણ અંશે ઉણોદરી તપ હોય છે એમ સમજી લેવું.

મુનિ ભિક્ષા લેવા જાય ત્યારે અગ્નિનો ભડકો દેખે, કે બાળકને રડતું દેખે, અથવા મડદું સામું મળે તો આહારની ઈચ્છા તોડીને પાછા વળી જાય છે. આત્માનો આનંદામૃત ખોરાક છે એને આવો યોગ કેમ ? એમ વિચારીને પાછા ફરી જાય છે. અંદરમાં ખેદ થતો નથી. એ તપ છે. ઉગ્ર તપશ્ચર્યા કર્યા પછી આહાર માટે જાય પણ જો નિર્દોષ આહાર ન મળે તો ખેદ પામતા નથી. આત્માના આનંદપૂર્વક પાછા ફરે છે.

રામચંદ્રજી જંગલમાં રહેતા હતા, એ વખતે આકાશમાં બે મુનિ ચાલ્યા જતા હતા. તેમણે અભિગ્રહ ધારણ કર્યો હતો કે રાજકુમાર જંગલમાં હોય અને પોતાના હાથથી તાજાં માટીનાં વાસણમાં રસોઈ બનાવી હોય તો તેના હાથથી આહાર લેવો. રામચંદ્રજીએ વાસણ બનાવેલા ને આહાર તૈયાર કરેલો પછી ભાવના ભાવી ત્યાં મુનિ નીચે ઊતર્યા ને તેમને આહારદાન કરેલ. આવો ઉગ્ર અભિગ્રહ હતો, છતાં બહારનો યોગ થવાનો હતો તો મેળ ખાઈ ગયો, આવો અભિગ્રહ હોય ને કદાચ આહાર ન મળે તો સંથારો કરે, મુનિ અંતરના આનંદનો અખતરો કરે છે. મુનિને તેમાં ખેદ થતો નથી. આત્મામાં અશાંતિ ન થાય એ તપ છે.

આત્માને સમજ્યા વિના માયા કપટથી ઉણોદરી તપ કરે છે એને કાંઈ લાભ થતો નથી, તે હવેની ગાથામાં કહે છે.

ગાથા-૪૪૨

**यः पुनः कीर्तिनिमित्तं मायया मिष्टभिक्षालाभार्थं।**
**अल्पं भुक्ते भोज्यं तस्य तपः निष्फलं द्वितीयं।।४४२।।**

**અર્થ :- જે મુનિ, કીર્તિને માટે વા માયા-કપટ કરી વા મિષ્ટ ભોજનના લાભ અર્થે અલ્પ ભોજન કરી તેને તપનું નામ આપે છે, તેનું આ બીજું અવમોદર્ય તપ નિષ્ફળ છે.**

**ભાવાર્થ :- જે એમ વિચારે છે કે અલ્પ ભોજન કરવાથી મારી પ્રસંશા થશે, તથા કપટથી લોકને ભૂલાવામાં નાખી પોતાનું કોઈ પ્રયોજન સાધવા માટે વા થોડું ભોજન કરવાથી મિષ્ટરસ સહિત ભોજન મળશે એવા અભિપ્રાયથી ઉણોદર તપ જે કરે છે તે તપ નિષ્ફળ છે, એ તપ નથી પણ પાખંડ છે.**

અર્થ :- જે મુનિ, કીર્તિને માટે વા માયા-કપટ કરી વા મિષ્ટ ભોજનના લાભ અર્થે અલ્પ ભોજન કરી તેને તપનું નામ આપે છે, તેનું આ બીજું અવમોદર્ય તપ નિષ્ફળ છે.

જે કોઈ સાધુ નામ ધરાવીને જગતની કીર્તિ માટે અવમોદર્ય તપ કરે છે અર્થાત્ અલ્પ ભોજન કરે છે તેને ધર્મ થતો નથી, તે માયા કપટી હાવાથી તેને મિથ્યા ભ્રાંતિ અને અજ્ઞાનનો લાભ થાય છે. માન, આબરૂ માટે અને જગતને દેખાડો કરવા તપ કરે છે તેની દ્રષ્ટિ સ્વ ઉપર નથી પણ બહારમાં છે, એટલે અને આત્માની શાંતિનો લાભ થતો નથી.

ભાવાર્થ :- જે એમ વિચારે છે કે અલ્પ ભોજન કરવાથી મારી પ્રસંશા થશે, તથા કપટથી લોકને ભૂલાવામાં નાખી પોતાનું કોઈ પ્રયોજન સાધવા માટે વા થોડું ભોજન કરવાથી મિષ્ટરસ સહિત ભોજન મળશે એવા અભિપ્રાયથી ઉણોદર તપ જે કરે છે તે તપ નિષ્ફળ છે, એ તપ નથી પણ પાખંડ છે.

હું ઓછો આહાર કરીશ તો જગતમાં વખાણ થશે, અથવા તો થોડું ખાઈશું તો આહાર સારો મળશે, એવી બુદ્ધિથી ઉણોદરી તપ કરે તે તો પાખંડ છે. વીતરાગના માર્ગમાં તો સ્વલક્ષે રાગ ઘટાડે ત્યારે આહાર તો એના કારણે ઓછો હોય છે, તેને વ્રત અથવા ઉણોદરી તપ કહે છે. આત્મા આહારને ઓછો કરતો નથી. આત્માએ રાગ ઘટાડ્યો માટે આહાર ઓછો લેવાણો છે એમ પણ નથી અને આહાર ઓછા લેવાણો માટે રાગ ઘટ્યો છે એમ પણ નથી. એ વખતે એટલો જ આહાર આવવાનો હતો. બત્રીશ કોળિયાના આહારમાંથી સાત કોળિયા ઓછા લીધા તો તે આત્માની ઈચ્છાના કારણે ઓછા લવાણા છે એમ નથી, પણ એ કાળે એટલા જ આવવાના હતા, કેમકે તે સ્વતંત્ર દ્રવ્ય છે. આગળ વાત આવી ગઈ છે કે મુનિને આહાર કરવા છતાં પણ પાંચ ઈંદ્રિયોના વિષયોનો રાગ છૂટી ગયો છે તો તે ઉપવાસ છે, પણ જે માત્ર બહારથી સંસારની આબરૂની ઈચ્છાથી તપ કરે છે તે તો એકલો અજ્ઞાનભાવ છે, પાખંડ છે.

હવે વૃત્તિ પરિસંખ્યાન નામે ત્રીજો તપ કહે છે.

**ગાથા-૪૪૩**

**આગળ વૃત્તિપરિસંખ્યાનતપ કહે છે :-**

**एकादिगृहप्रमाणं किं वा संकल्पकल्पितं विरसं।**
**भोज्यं पशुवत् भुंक्ते वृत्तिप्रमाणं तपः तस्य।।४४३।।**

**અર્થ :- મુનિ આહાર લેવા નીકળે ત્યારે પ્રથમથી જ મનમાં આવી મર્યાદા કરી નીકળે કે - આજ એક ઘરે વા બે ઘરે વા ત્રણ ઘરે જ આહાર મળી જાય તો લેવો, નહિ તો પાછા ફરવું. વળી એક રસની, આપવાવાળાની તથા પાત્રની મર્યાદા કરે, વા આવો દાતાર - આવી પદ્ધતિથી - આવા પાત્રમાં (આહાર) ધારણ કરી આપે તો જ લેવો, સરસ-નિરસ વા ફલાણો આહાર મળે તો જ લેવો, એમ આહારની પણ મર્યાદા કરે, ઈત્યાદિક વૃત્તિની સંખ્યા-ગણના-મર્યાદા મનમાં વિચારી એ જ પ્રમાણે (આહાર) મળે તો જ લે, બીજા પ્રકારે ન લે. વળી આહાર લે તો પશુ અને ગાય વગેરેની માફક આહાર કરે અર્થાત્ જેમ ગાય આમ તેમ જોયા સિવાય માત્ર ચારો ચરવા તરફ જ દ્રષ્ટિ રાખે છે તેમ (મુનિ આહાર) લે તેને વૃત્તિપરિસંખ્યાનતપ કહે છે.**

**ભાવાર્થ :- ભોજનની આશાનો નિરાસ કરવા સારૂ આ તપ કરવામાં આવે છે, કારણ કે સંકલ્પ અનુસાર વિધિ મળી જવી એ દૈવયોગ છે અને એવું મહાન કઠણતપ મહામુનિ કરે છે.**

અર્થ :- મુનિ આહાર લેવા નીકળે ત્યારે પ્રથમથી જ મનમાં આવી મર્યાદા કરી નીકળે કે - આજ એક ઘરે વા બે ઘરે વા ત્રણ ઘરે જ આહાર મળી જાય તો લેવો, નહિ તો પાછા ફરવું. વળી એક રસની, આપવાવાળાની તથા પાત્રની મર્યાદા કરે, વા આવો દાતાર - આવી પદ્ધતિથી - આવા પાત્રમાં (આહાર) ધારણ કરી આપે તો જ લેવો, સરસ-નિરસ વા ફલાણો આહાર મળે તો જ લેવો, એમ આહારની પણ મર્યાદા કરે, ઈત્યાદિક વૃત્તિની સંખ્યા-ગણના-મર્યાદા મનમાં વિચારી એ જ પ્રમાણે (આહાર) મળે તો જ લે, બીજા પ્રકારે ન લે. વળી આહાર લે તો પશુ અને ગાય વગેરેની માફક આહાર કરે અર્થાત્ જેમ ગાય આમ તેમ જોયા સિવાય માત્ર ચારો ચરવા તરફ જ દ્રષ્ટિ રાખે છે તેમ (મુનિ આહાર) લે તેને વૃત્તિપરિસંખ્યાનતપ કહે છે.

મુનિ જંગલમાંથી વસ્તીમાં આહાર લેવા આવે ત્યારે સ્વભાવની શાંતિપૂર્વક ચિદાનંદનો અખતરો કરે છે કે અમુક ઘરેથી આહાર મળે તો લેવો, નહિતર પાછા ફરવું, એમ વૃત્તિને મર્યાદામાં રાખે છે. જેમ સરણિયો છરી કે ચપ્પુને સજતી વખતે વારંવાર જોયા કરે છે, એમ મુનિ પોતાનામાં શુદ્ધ પરિણતિ કેટલી વધે છે એનો અખતરો વારંવાર કરે છે. એમાં દેહની ક્રિયા પાછા ફરવાની કે અમુક ઘરે જવાની એના કારણે અને એના કાળે થાય છે પણ તે વખતે મુનિને જે શાંતિ રહે છે તે તપ છે. મુનિ આનંદમાં ઝૂલતા એવો નિયમ કરે છે કે આજે તો એક જ રસ લેવો, પાણીનો બિંદવો પણ ભોજનમાં હોય તો લેવો નહિં, એમ

ચૈતન્યમાં પુરૂષાર્થને અજમાવે છે. વસ્તુ છૂટી ગઈ હોય છે એના ઉપર તો મુનિને લક્ષ નથી પણ એના પ્રત્યેનો રાગ છૂટી ગયો હોય છે તેના ઉપર પણ તેમને લક્ષ હોતું નથી. મુનિ તો નિજસ્વભાવમાં રમે છે. તેઓ એવો પણ અભિગ્રહ કરે કે બળદના શિંગડામાં ગોળની ભેલી જોયા પછી આહાર માટે ભીક્ષાએ જવું અને આહાર મળવાનો હોય તો એવો યોગ પણ બની જાય. ગોળની ભેલીનું ગાડું હોય, કોઈ બળદ એમાં માથું મારે અને માથું ઊંચું કરે ત્યારે તેમાં ગોળની ભેલી ભરાઈ જાય, એ બધી ક્રિયા તો એના કારણે થાય છે, પણ મુનિ પોતાની શાંતિની વૃદ્ધિ માટે અખતરા કરે છે અને આહારની વૃત્તિને તોડે છે, તે વૃત્તિ પરિસંખ્યાન તપ છે.

છ મહિનાના ઉપવાસનું પારણું હોય એમાં દાળિયા અગર તો એનાં ફોતરાં મળે તો આહાર લેવો, એવી પણ વૃત્તિની મર્યાદા કરે છે. જેમ વેપારી પોતાની મૂડી વધારવા માટે અનેક પ્રકારના વેપારમાં અખતરા કરે છે. અમુક મૂડી ઝવેરાતમાં, અમુક રૂ માં, અમુક અનાજમાં, અમુક કરિયાણામાં એમ અનેક પ્રકારથી પેદાશમાં અખતરા કરે છે, તેમ મુનિ આત્માના આનંદની પેદાશ માટે અનેક પ્રકારના અખતરા કરે છે. પૈસા તો પુણ્ય હોય તો મળે પણ પૈસા મેળવવાના ભાવ તો કરે છે, તેમ મુનિ ચૈતન્યના આનંદ માટે પુરુષાર્થ કરી રહ્યા છે. એમાં આહાર ન મલે તો વિકલ્પને તોડી નાખે છે. જેમ ગાયને કોઈ ખવડાવે તો તેનું લક્ષ ખાવા ઉપર રહે છે પણ ખવડાવનાર કોણ છે એના સામું તે જોતી નથી. એમ મુનિને પોતાના આત્મા તરફ જ લક્ષ હોય છે, એને જ વૃત્તિપરિસંખ્યાન તપ કહે છે.

આત્મા તો જાણનાર-દેખનાર છે. આહાર મળવો તે પુણ્યનો યોગ હોય તો મળે છે અને ન મળે તો પણ મુનિને ખેદ થતો નથી. આ રીતે અનશન તથા વૃત્તિપરિસંખ્યાન એમ બે તપની વ્યાખ્યા થઈ.

આગળ રસપરિત્યાગતપ કહે છે :-

**ગાથા-૪૪૪**

**આગળ રસપરિત્યાગતપ કહે છે :-**

**संसारदु:खत्रस्त: विषसमविषयं विचिन्तयन् य: ।**
**नीरसज्भोयं भुक्तें रसत्याग: तस्य सुविशुद्ध: ।।४४४।।**

**અર્થ :- જે મુનિ, સંસાર દુઃખથી તપ્તાયમાન થઈ આ પ્રમાણે વિચારે છે કે- ઈંદ્રિયોના વિષયો વિષ જેવા છે. વિષ ખાતાં તો એકવાર મરાય છે પણ વિષય સેવનથી ઘણાં જન્મ-**

**મરણ થાય છે, એમ વિચારી જે નિરસ ભોજન કરે છે તેને રસપરિત્યાગતપ નિર્મળ થાય છે.**

**ભાવાર્થ :- રસ છ પ્રકારનાં છે - ઘી, તેલ, દહીં, મિઠાઈ, લવણ અને દૂધ એવા તથા ખાટો, ખારો, મીઠો, કડવો, તીખો અને કષાયલો, એ પણ રસ છે. તેનો ભાવનાનુસાર ત્યાગ કરવો અર્થાત્ કોઈ એક જ રસ છોડે - બે રસ છોડે - વા બધાય રસ છોડે, એ પ્રમાણે રસપરિત્યાગતપ થાય છે.**

**પ્રશ્ન :- કોઈ રસત્યાગને જાણતો ન હોય, અને મનમાં જ ત્યાગ કરે, તો એ પ્રમાણે જ વૃત્તિપરિસંખ્યાન પણ છે તો પછી તેમાં અને આમાં તફાવત શો ?**

**સમાધાન :- વૃત્તિપરિસંખ્યાનમાં તો અનેક પદ્ધતિઓની સંખ્યા છે અને આમાં રસનો જ ત્યાગ છે, એટલી વિશેષતા છે. વળી આ પણ વિશેષતા છે કે - રસપરિત્યાગ તો ઘણા દિવસનો પણ થાય અને તેને શ્રાવક જાણી પણ જાય છે, ત્યારે વૃત્તિપરિસંખ્યાન ઘણાં દિવસનો થતો નથી.**

અર્થ :- જે મુનિ, સંસાર દુઃખથી તપ્તાયમાન થઈ આ પ્રમાણે વિચારે છે કે- ઈંદ્રિયોના વિષયો વિષ જેવા છે. વિષ ખાતાં તો એકવાર મરાય છે પણ વિષય સેવનથી ઘણાં જન્મ-મરણ થાય છે, એમ વિચારી જે નિરસ ભોજન કરે છે તેને રસપરિત્યાગતપ નિર્મળ થાય છે.

આત્મા રસને છોડી શકતો નથી, પણ રસ તરફનો રાગ છૂટી જતાં રસનો યોગ હોતો જ નથી, એને રસને છોડ્યો એમ નિમિત્તથી કહેવાય છે. મુનિ વિચારે છે કે અનંતઅવતાર કર્યા એમાં આત્માની સમજણ વગર બધે એકલું દુઃખ જ છે. આશા અને તૃષ્ણાથી જીવો બળી જળી રહ્યાં છે. આત્માને ચૂકીને પર તરફ ઝૂકાવ કરે છે તે જ દુઃખ છે, એમ મુનિ માને છે. લાડવાનો રાગ પણ ઝેર છે, એમ વિચારીને મુનિ રસનો રાગ ત્યાગે છે અને આત્માના આનંદરસનો વધારો કરે છે, એ જ રસપરિત્યાગ ધર્મ છે.

# પ્રસાદ નં. – ૩૧૬

**વી. નિ સં. ૨૪૭૮, ભાદરવા વદ ૭, વર્ષ ૨જું. પુસ્તક અગિયારમું, સોનગઢ, તા. ૧૦-૯-૫૨, બુધવાર.**

# શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(ભાદરવા વદ ૨, શુક્રવાર)**

અહીં તપ કોને કહેવો ? અને તે કોને હોય છે ? તે કહે છે. સમ્યગ્દૃષ્ટિ જીવને આત્મા ચૈતન્યમૂર્તિ છે. એવું ભાન હોવાથી એના આશ્રયે ઈચ્છા તૂટી જાય છે. તેને તપ કહે છે. અહીં રસનો ત્યાગ કરવો તેને તપ કહેલ છે. તે વાત સમજવા જેવી છે. લખાણની શૈલી બીજી હોય છે, અને મર્મ બીજો હોય છે.

આત્મા રસનો ત્યાગ કરી શકતો નથી. આત્મા અમૃતરસથી ભરેલો છે. એના આશ્રયે રસનો વિકલ્પ થતો નથી. તેને રસ ત્યાગ કર્યો એમ ઉપચારથી કહેવાય છે. જેમ લાકડું પોતાથી ઊંચું થાય છે, એમાં આંગળી નિમિત્ત માત્ર છે. આંગળીએ લાકડાને ઊંચું કર્યું નથી. તેમ દૂધ, દહીં, સાકરાદિ આવવાના હતા અને આત્માએ તેને છોડી દીધા એમ નથી. ખરેખર તો તે આવવાના જ ન હતા. તેને છોડ્યાં એમ કહેવાય છે.

વસ્તુવિજ્ઞાનસારનાં દશ હજાર પુસ્તકો બહાર પડ્યા છે અને એમાં આ બાબતની ઘણી સ્પષ્ટતા આવી છે. પણ આત્માની રુચિ કરીને વાંચવા નવરો થાય નહિ અને સમજવાની દરકાર કરે નહિ, તો ક્યાંથી સમજાય ? અત્યારે તો વિચારવા માટે પણ ઘણાં સાધનો બહાર પડ્યાં છે. તો ખોજ કરવી જોઈએ, અને જાણવું જોઈએ કે પરનું કામ પરના કારણે થાય છે, અને સ્વનું કામ સ્વના કારણે થાય છે. પાણી અગ્નિના કારણે ગરમ થતું નથી, પણ પોતાની યોગ્યતાના કારણે ગરમ થાય છે, ત્યારે અગ્નિને નિમિત્ત કહેવાય છે. અજ્ઞાની માને છે કે અગ્નિ વિના

પાણી ગરમ થતું નથી માટે અગ્નિના કારણે થાય છે, પણ તે વાત ખોટી છે. આત્મામાં વિકાર થાય તે કર્મના કારણે થતો નથી પણ પોતે સ્વતંત્રપણે કરે તો થાય છે. કર્મ તો નિમિત્ત જ છે. દરેક પદાર્થની પર્યાય પૃથક-પૃથક પોતાના કારણે થાય છે. પોતાની વિકારી પર્યાય પણ સ્વતંત્ર છે, એમ સંયોગી દ્રષ્ટિવાળો નક્કી કરી શકતો નથી. વિકાર પોતાના સ્વકાળે થયો છે, તેમાં કર્મ નિમિત્ત છે એમ જાણે તો સંયોગી દ્રષ્ટિ છોડે. એટલે કે પોતે પરદ્રવ્ય - સ્ત્રી, કુટુંબના કારણે કે કર્મના ઉદયના કારણે વિકાર થાય છે, એમ માને નહિ. મારા કારણે, મારી નબળાઈથી એ વિકાર થયો છે, એમ માને તેને સ્વ-તરફ જોવાનો અવકાશ રહે છે. જ્યાં સુધી સંયોગ તરફ દ્રષ્ટિ છે, ત્યાં સુધી સ્વભાવ સ્વતંત્ર છે, એવી દ્રષ્ટિ થતી નથી. દરકાર કરીને વિચારવાનો વખત લે, તો આ વાત સમજાય તેવી છે. જેને આ વાત અંતરમાં બેસી ગઈ હોય તેને સ્વપ્ને પણ બીજી વાત બેસે નહિ. અહીં આ વાત સત્ય છે એમ કહે, અને બહાર જઈને બીજી વાત સાચી છે, એમ કહે નહિ. જેમ પોતાનું નામ ભુલાતું નથી, એ નિર્ણય ફરતો નથી, તેમ દરેક આત્માનું પરિણમન પોતાથી થઈ રહ્યું છે, એ વાત જેને બેઠી છે, તેને કોઈ કાળે પરથી કે નિમિત્તથી પોતાની પર્યાય થાય, એવી માન્યતા થતી નથી.

જુઓ ! કોઈ કહે કે, લાકડી આંગળીનાં કારણે ચાલી, આંગળી આત્માનાં વિકલ્પનાં કારણે ચાલી અને આત્માનો વિકલ્પ કર્મને કારણે થયો અને કર્મનું પરિણમન કાળદ્રવ્યના કારણે થયું. તો કાળદ્રવ્યનું પરિણમન કોના કારણે થયું ? તો કહે કે તેના પોતાના કારણે થયું. એટલે ખરેખર એમ જ સિદ્ધ થયું કે દરેકનું પરિણમન પોતાના કારણે થયું છે. દરેકની સ્વતંત્ર પર્યાય પોતાથી જ થાય છે. એમ સ્વીકારતાં આત્મા તેનો માત્ર જાણનાર-દેખનાર સ્વતંત્ર છે, એમ માન્યતા થાય છે, ને તે સમ્યગ્દર્શન છે. એ માન્યતા થઈ પછી બીજી વાત તેને બેસતી નથી. આત્માનો સ્વભાવ કેવો છે, એને જાણવા માટે જીવે વિવેક કરવો જોઈએ. કોઈ માણસ વાઘરી પાસે જઈને પૂછે કે " સોનાનો ભાવ કેટલો ?" તો તે બરાબર ન કહેવાય. પણ સોનાના વેપારી (સોની)ને પૂછે તો તે બરાબર કહેવાય. એમ આ આત્મા જ્ઞાનનો ગાંગડો છે. એની પર્યાયમાં વિકાર છે, તે સ્વતંત્ર પોતાના કારણે છે, છતાં તે વિકાર આત્માના ત્રિકાળશુદ્ધ સ્વભાવમાં નથી - એવું જ્ઞાન જેને કરવું હોય, તેણે એના જાણનાર સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની પરીક્ષા વિવેકપૂર્વક કરવી પડશે. બીજા પાસેથી મળે એમ નથી. આવું સ્વરુપ જાણ્યા પછી આત્મા પોતામાં લીન થતાં રસની ઈચ્છા જ થતી નથી, તે રસપરિત્યાગ તપ છે. આવી દ્રષ્ટિ જેને થઈ નથી તે બહારથી કદાચ રસ છોડી દે, પણ તેને ભાવમાં તો અનંતા રસો ખપે છે, માટે પ્રથમ આત્માનું જ્ઞાન કરવું, તે જીવોનું કર્તવ્ય છે.

ભાવાર્થ :- રસ છ પ્રકારનાં છે - ઘી, તેલ, દહીં, મિઠાઈ, લવણ અને દૂધ એવા તથા

ખાટો, ખારો, મીઠો, કડવો, તીખો અને કષાયલો, એ પણ રસ છે. તેનો ભાવનાનુસાર ત્યાગ કરવો અર્થાત્ કોઈ એક જ રસ છોડે - બે રસ છોડે - વા બધા રસ છોડે, એ પ્રમાણે રસપરિત્યાગતપ થાય છે.

પ્રશ્ન :- કોઈ રસત્યાગને જાણતો ન હોય, અને મનમાં જ ત્યાગ કરે, તો એ પ્રમાણે જ વૃત્તિપરિસંખ્યાન પણ છે તો પછી તેમાં અને આમાં તફાવત શો ?

સમાધાન :- વૃત્તિપરિસંખ્યાનમાં તો અનેક પદ્ધતિઓની સંખ્યા છે અને આમાં રસનો જ ત્યાગ છે, એટલી વિશેષતા છે. વળી આ પણ વિશેષતા છે કે - રસપરિત્યાગ તો ઘણા દિવસનો પણ થાય અને તેને શ્રાવક જાણી પણ જાય છે, ત્યારે વૃત્તિપરિસંખ્યાન ઘણાં દિવસનો થતો નથી.

વૃત્તિ પરિસંખ્યાનતપમાં તો અમુક દ્રવ્યો, અમુક કાળ માટે છોડવાની વાત છે. અનેક પ્રકારથી વૃત્તિનો ત્યાગ તે વાત કરી છે, અને રસપરિત્યાગમાં તો રસની વૃત્તિ છૂટી જવી તેટલી જ વાત છે. એટલે બેમાં ફેર છે (તફાવત છે).

આગળ વિવિક્તશૈયાસનતપ કહે છે. આ બાહ્યતપનો પાંચમો પ્રકાર છે.

ગાથા-૪૪૫

**આગળ વિવિક્તશૈયાસનતપ કહે છે.**

य: रागद्वेषहेतु: आसनशय्यादिकं परित्यजति।
आत्मा निर्विषय: सदा तस्य तप: पञ्चमं परमं।।४४५।।

**અર્થ :- જે મુનિ, રાગ-દ્વેષના કારણરૂપ જે આસન-શૈયા વગેરેને છોડે છે, સદાય પોતાના આત્મસ્વરૂપમાં સ્થિર રહે છે તથા નિર્વિષય અર્થાત્ ઈંદ્રિય વિષયોથી વિરક્ત થાય છે, તે મુનિને આ પાંચમું વિવિક્તશૈયાસનતપ ઉત્કૃષ્ટ થાય છે.**

**ભાવાર્થ :- બેસવાનું સ્થાન તે આસન છે અને સુવાનું સ્થાન તે શૈયા છે, તથા ``આદિ'' શબ્દથી મળમૂત્રાદિ નાંખવાનું સ્થાન સમજવું. એ ત્રણે એવાં હોય કે જ્યાં રાગ-દ્વેષ ઉત્પન્ન થાય નહિ અને વીતરાગતા વધે, એવા એકાન્તસ્થાનકમાં (મુનિ) બેસે સૂવે. કારણ કે મુનિજનોને તો પોતપોતાનું સ્વરૂપ સાધવું છે, પણ ઈંદ્રિય વિષય સેવવા નથી માટે એકાન્તસ્થાનક કહ્યું છે.**

અર્થ :- જે મુનિ, રાગ-દ્વેષના કારણરૂપ જે આસન-શૈયા વગેરેને છોડે છે, સદાય પોતાના આત્મસ્વરૂપમાં સ્થિર રહે છે તથા નિર્વિષય અર્થાત્ ઈંદ્રિય વિષયોથી વિરક્ત થાય છે, તે મુનિને આ પાંચમું વિવિક્તશૈયાસનતપ ઉત્કૃષ્ટ થાય છે.

જુઓ, દિગંબર સંત મુનિની મુખ્યતાએ આ વાત છે. પણ ગૌણતામાં શ્રાવકોને અંશે એ પ્રકારનો ગુણ છૂટી ગયો હોય છે. જેને રાગ છે અને રાગનાં નિમિત્ત એવાં આસન-શૈયા વગેરે હોય છે, પણ મુનિને તો એનું લક્ષ છૂટી ગયું છે અને આત્મામાં લીન રહે છે, એટલે નિમિત્ત છોડે છે, એમ કહેલ છે. સંતોની દશા એવી હોય છે કે અંતરમાં કેવળજ્ઞાન લીધું કે લઉં એવા ઉગ્ર પુરૂષાર્થને લીધે પરથી વિરમી ગયા હોય છે. તેને વિવિક્ત શૈયાસન તપ કહે છે.

ભાવાર્થ :- બેસવાનું સ્થાન તે આસન છે અને સુવાનું સ્થાન તે શૈયા છે, તથા ''આદિ'' શબ્દથી મળમૂત્રાદિ નાંખવાનું સ્થાન સમજવું. એ ત્રણે એવાં હોય કે જ્યાં રાગ-દ્વેષ ઉત્પન્ન થાય નહિ અને વીતરાગતા વધે, એવા એકાન્તસ્થાનકમાં (મુનિ) બેસે સૂએ, કારણ કે મુનિજનોને તો પોતપોતાનું સ્વરૂપ સાધવું છે, પણ ઈંદ્રિય વિષય સેવવા નથી માટે એકાન્તસ્થાનક કહ્યું છે.

મુનિ ત્રણ લોકના પદાર્થથી ઉદાસ છે - ત્રણ લોકના નાથ સર્વજ્ઞદેવને ભાળે, તો પણ એના કારણે રાગ થાય છે, એમ માનતા નથી. નબળાઈથી રાગ થાય, તો તે રાગને પણ જાણે છે. મુનિ દુનિયાના બાદશાહને પણ ભિખારી ભાળે છે. એવા સંતો એકાંત ગુફામાં કે ઊંચી ટેકરીઓની મધ્યમાં સિંહની જેમ ચિદાનંદની શિખાને જલાવતા અંતરમાં મગ્ન રહે છે. શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કે :-

''એકાકી વિચરતો વળી સ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘસિંહ સંયોગ જો;
અડોલ આસન ને મનમાં નહીં ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો.''

મુનિ ચિદાનંદની રમતમાં રમતા પરથી ઉદાસ થઈ ગયા છે. તે જંગલમાં વિચરે છે, વાઘ, સિંહના સંયોગમાં રહે છે. સૂવાની જગા એટલે - આડેપડખે થઈને લેટવાની જગામાં પણ મુનિને રાગ હોતો નથી. મુનિને બે ઘડીથી વધારે નિદ્રા હોય નહિ. માત્ર રાત્રિના પાછલા પહોરમાં (મુનિ) સૂએ છે. પાછા સાતમા ગુણસ્થાનની જાગ્રત દશામાં આવી જાય છે. આવા મુનિ સિંહ જેવા છે. આવું મુનિપણું જેણે સાંભળ્યું પણ નથી તેને મુનિપણું કેવી રીતે હોય ? ન જ હોય. મુનિ તો સર્વ દોષમાંથી છૂટવાનો પ્રયાસ કરી રહ્યા છે. બિનગુન્હેગાર ઉપર

પોલીસે ગુન્હો નાંખ્યો હોય, તો એમાંથી આબરૂદાર માણસ બિનગુન્હેગાર ઠરવા માટે પ્રયાસ કરે છે, એમ મુનિ પોતે જાણે છે કે મારો આત્મા બિનગુન્હેગાર છે. એ કોઈ જગ્યામાં ગુન્હેગાર ન થાય, એવા પુરુષાર્થમાં તેઓ વર્તે છે. રાગ-દ્વેષ થાય તે જ ગુન્હો છે. તે ન થવા દેવાનો પ્રયાસ મુનિનો છે, તેમાં એકાંત સ્થાનમાં રહેવાનો વિકલ્પ હોય છે. તેથી તેને વિવિક્ત શૈયાસન તપ કહેલ છે. (આગળની બે ગાથાઓમાં વિવિક્ત શૈયાસન તપની વ્યાખ્યા વિશેષ કહે છે).

ગાથા ૪૪૬-૪૪૭

**पूजादिषु निरपेक्ष: संसारशरीरभोगनिर्विण्ण:।**
**अभ्यन्तरतप:कुशल: उपशमशील: महाशान्त:।।४४६।।**
**य: निवसति स्मशाने वनगहने निर्जने महाभीमे।**
**अन्यत्र अपि एकान्ते तस्य अपि एतत् तप: भवति।।४४७।।**

**અર્થ :- જે મહામુનિ, પૂજા આદિમાં તો નિરપેક્ષ છે, અર્થાત્ પોતાના પૂજા-મહાત્મ્ય આદિને ઈચ્છતા નથી, સંસાર-દેહ-ભોગથી વિરક્ત છે. સ્વાધ્યાય, ધ્યાન આદિ અંતરંગ તપમાં પ્રવીણ છે, અર્થાત્ ધ્યાન-અધ્યયનનો નિરંતર અભ્યાસ રાખે છે, ઉપશમશીલ અર્થાત્ મંદકષાયરૂપ શાંતપરિણામ જ છે સ્વભાવ જેનો, તથા જે મહાપરાક્રમી અને ક્ષમાઆદિ પરિણામયુક્ત છે, એવા મહામુનિ સ્મશાનભૂમિમાં, ગહનવનમાં, જ્યાં લોકની આવ-જાવ ન હોય એવા નિર્જનસ્થાનમાં, મહાભયાનક ઉદ્યાનમાં તથા અન્ય પણ એવા એકાન્ત સ્થાનમાં રહે છે તેને નિશ્ચયથી આ વિવિક્તશૈયાસનતપ હોય છે.**

**ભાવાર્થ :- મહામુનિ, વિવિક્તશૈયાસનતપ કરે છે, ત્યાં એવા એકાન્તસ્થાનમાં તેઓ સૂવે–બેસે છે કે જ્યાં ચિત્તમાં ક્ષોભ કરવાવાળા કોઈ પદાર્થો ન હોય, એવાં સુનાં ઘર ગિરિગુફા, વૃક્ષનાં કોતર, ગૃહસ્થોએ પોતે બનાવેલાં ઉદ્યાન–વસ્તીકાદિક, દેવમંદિર તથા મશાણભૂમિ ઈત્યાદિ એકાન્તસ્થાન હોય ત્યાં ધ્યાન–અધ્યયન કરે છે, કારણ કે તેઓ દેહથી તો નિર્મમત્વ છે, વિષયોથી વિરક્ત છે અને પોતાના આત્મસ્વરૂપમાં અનુરક્ત છે, એવા મુનિ વિવિક્તશૈયાતપ સંયુક્ત છે.**

અર્થ :- જે મહામુનિ, પૂજા આદિમાં તો નિરપેક્ષ છે, અર્થાત્ પોતાના પૂજા-મહાત્મ્ય આદિને ઈચ્છતા નથી, સંસાર-દેહ-ભોગથી વિરક્ત છે. સ્વાધ્યાય, ધ્યાન આદિ અંતરંગ તપમાં પ્રવીણ

છે, અર્થાત્ ધ્યાન-અધ્યયનનો નિરંતર અભ્યાસ રાખે છે, ઉપશમશીલ અર્થાત્ મંદકષાયરૂપ શાંતપરિણામ જ છે સ્વભાવ જેનો, તથા જે મહાપરાક્રમી અને ક્ષમાઆદિ પરિણામયુક્ત છે, એવા મહામુનિ સ્મશાનભૂમિમાં, ગહનવનમાં, જ્યાં લોકની આવ-જાવ ન હોય એવા નિર્જનસ્થાનમાં, મહાભયાનક ઉદ્યાનમાં તથા અન્ય પણ એવા એકાન્ત સ્થાનમાં રહે છે તેને નિશ્ચયથી આ વિવિક્તશૈયાસનતપ હોય છે.

મુનિ જગતમાં પોતાનું માહાત્મ્ય અને માન વધે, તેમ ઈચ્છતા નથી. મુનિને ચારગતિના ભવમાં વૈરાગ્યભાવ છે. દેવના ભવને પણ મુનિ ઈચ્છતા નથી. પાંચ ઈંદ્રિયોનાં ભોગથી જેમની લાગણી છૂટી ગઈ છે, આવું બાહ્ય તપ છે. એ વખતે અંતરંગ તપ પણ મુનિને હોય છે. અંતરાત્મામાં આત્માનો જ પ્રેમ હોય છે. જેમ કોઈને એકનોએક વીસ વર્ષનો પુત્ર મરી ગયો હોય, તો તેને મોહને લીધે કાળજામાં ઘા લાગે, તેની મુખ્યતામાં જગતના બીજા પદાર્થોનો પ્રેમ ભૂલી જાય છે, તેમ મુનિને આત્માનો પ્રેમ છે, તેથી પરનો પ્રેમ થતો નથી અને જે કોઈને પાંચમહાવ્રતાદિનો પ્રેમ હોય છે, તે આત્માનાં પ્રેમને ભૂલી જાય છે.

મુનિ શાસ્ત્ર સ્વાધ્યાયના ઉપયોગમાં જ્ઞાનને જ ઘૂંટે છે. જેમ કોઈ ગરીબ માણસને સાકરનો ગાંગડો મળ્યો હોય, તો તે મોઢામાં ઓગાળે છે - ગલોફામાં આમતેમ ફેરવે છે, તેમ મુનિ એકાંતસ્થાનમાં પોતાના આત્માનું ધ્યાન કરે છે, એનું જ ઘોલન કરે છે. મુનિ મહાપરાક્રમી છે. એકલા ચૈતન્યને પ્રાપ્ત કરવાના અભિલાષી છે. ક્ષમાદિ દશ ધર્મોને ધારણ કરેલા છે, સ્મશાનાદિમાં રહે છે, અને ત્યાં વીતરાગતાની વૃદ્ધિ કરે છે.

જુઓ, આવી વીતરાગદશા અને આત્માની સહજ શાંતિની દશા સ્વતંત્ર છે. એને સમજ્યા વિના અત્યારના પંડિતો પરધીનતપ ઠરાવે છે. નિમિત્તના કારણે ઉપાદાનમાં કાર્ય થાય છે, નિમિત્ત વિના થતું નથી. એમ અદ્ધરથી જ વાતો ચલાવે છે, પણ વસ્તુનું સ્વરૂપ એવું નથી. આજે ક્ષમાવણી દિન છે. પર્યુષણ પર્વ પૂરાં થાય છે. ખરેખર તો આત્મામાં પૂર્ણ કેવળજ્ઞાનદશા થાય, ત્યારે સાચા પર્વ પૂરાં થયા કહેવાય. એવી પૂર્ણદશા માટે મુનિ પ્રયાસ કરી રહ્યાં હોય છે. જગતમાં જ્યાં લોકોની અવરજવર ન હોય, ત્યાં એકાંતમાં પોતે સ્થિર ધ્યાન ધરે છે, એને વિવિક્તશૈયસન તપ કહે છે.

## પ્રસાદ નં. ૩૧૬-બ
### ગાથા ૪૪૬-૪૪૭
### ભાદરવા વદ ૩, શનિવાર, ૬-૯-૫૨

જુઓ તપનો અધિકાર ચાલે છે. લોકો જેને તપ માને છે, એની વાત નથી, પણ આત્માની પ્રતીત અને જ્ઞાનપૂર્વક તેમાં લીન થતાં રાગ ઘટી જાય, તેને તપ કહે છે. આત્માને સમજ્યા વિના મંદ કષાય કરે, તો પુણ્ય બંધ થાય, પણ ધર્મ કે તપ તેને હોય નહિ. પરતરફથી ઉદાસ થઈ સ્વતરફ એકાગ્ર થાય છે, તે તપ છે. તેમાં પાંચમા વિવિક્તશૈયાસન તપની વાત ચાલે છે.

ભાવાર્થ :- મહામુનિ, વિવિક્તશૈયાસન તપ કરે છે, ત્યાં તેવા એકાંતસ્થાનમાં તેઓ સૂવે-બેસે છે, કે જ્યાં ચિત્તમાં ક્ષોભ કરવાવાળા કોઈ પણ પદાર્થો ન હોય, એવા સૂના ઘર, ગિરિગુફા, વૃક્ષના કોતર, ગૃહસ્થોએ પોતે બનાવેલા ઉદ્યાન-વસ્તીકાદિક, દેવમંદિર તથા સ્મશાનભૂમિ ઈત્યાદિ એકાંતસ્થાન હોય, ત્યાં ધ્યાન-અધ્યયન કરે છે કારણ કે તેઓ દેહથી તો નિર્મમત્વ છે, વિષયોથી વિરક્ત છે અને પોતાના આત્મસ્વરૂપમાં અનુરક્ત છે, એવા મુનિ વિવિક્તશૈયાસન તપ સંયુક્ત હોય છે.

અંતર ભાવલિંગ હોય ને બાહ્યમાં નગ્નદશા હોય, તે મુનિ છે, એ સિવાય મુનિ જ ન હોય. તે મુનિને સૂવા-બેસવાનાં સ્થાન એવાં હોય છે, કે જેમાં રાગનો અભાવ થાય છે. ખરેખર તો આત્માથી રાગનો અભાવ થાય છે, બહારના કારણે થતો નથી, પણ શાસ્ત્રમાં વ્યવહારથી કથન આવે કે મુનિ એકાંતસ્થાનમાં રહે છે. તે વિવિક્તશૈયાસન તપ છે. મુનિને પરપદાર્થનું લક્ષ છૂટી ગયું હોય છે, એટલે તેમને ક્ષોભ થતો નથી પણ આત્મામાં ઘણી શાંતિ વર્તે છે.

જેમ કોઈ પૈસાનો સંગ્રહ કરીને ગુપ્ત રીતે તેને ભોગવે છે, બીજા કોઈને ખબર પડવા દેતો નથી, તેમ મુનિ ગુપ્ત રીતે પોતામાં આનંદનો સંગ્રહ કરે છે, અને તેને ભોગવે છે. આવું મુનિનું સ્વરૂપ છે. ભગવાન પછી ૬૦૦ વર્ષ સુધી તો એક જ ધારાએ વીતરાગમાર્ગ ચાલતો હતો, ત્યાર બાદ ઘણો ફેરફાર થઈ ગયો. મુનિ તો વસ્તીની બહાર રહે અથવા ભગવાનનાં મંદિરોમાં વસે છે. સ્મશાનમાં પણ વસે છે, અને ત્યાં ધ્યાન ધરીને બેસે. ખરેખર તો આત્માના આનંદરૂપી નિર્ભયસ્થાનમાં મુનિ રહે છે. એવા મુનિ વિવિક્તશૈયાસન તપ સંયુક્ત છે.

હવે કાયક્લેશ તપની વાત કહે છે, આ બાહ્ય તપનો છઠ્ઠો ભેદ છે.

---

**दुस्सहोपसर्गजयी आतापनशीतवातखिन्न: अपि।**
**य: न अपि खेदं गच्छति कायक्लेशं तप: तस्य।।४४८।।**

ગાથા-૪૪૮

**આગળ કાયક્લેશતપ કહે છે :-**

**दुस्सहोपसर्गजयी आतापनशीतवातखिन्न: अपि।**

**य: न अपि खेदं गच्छति कायक्लंशं तप: तस्य।।४४८।।**

**અર્થ :- જે મુનિ, દુસ્સહ ઉપસર્ગને જીતવાવાળો હોય, આતાપ-શીત-વાતથી પીડિત થવા છતાં પણ ખેદને પ્રાપ્ત ન થતો હોય, તથા ચિત્તમાં ક્ષોભ-ક્લેશ ન ઊપજતો હોય તે મુનિને કાયક્લેશ નામનું તપ હોય છે.**

**ભાવાર્થ :- ગ્રીષ્મકાળમાં પર્વતના શિખર આદિ ઉપર કે જ્યાં સૂર્યકિરણોનો અત્યંત આતાપ થઈ રહ્યો છે અને નીચે ભૂમિશીલાદિક પણ તપ્તાયમાન છે, ત્યાં મહામુનિ આતાપનયોગ ધારણ કરે છે. શીતકાળમાં નદી આદિના કિનારે ખૂલ્લા મેદાનમાં, જ્યાં અતિ ઠંડી પડવાથી વૃક્ષ પણ દાઝી જાય, ત્યાં ઉભા રહે છે, તથા ચોમાસામાં વર્ષા વરસતી હોય, પ્રચંડ પવન ચાલતો હોય અને ડાંસ-મચ્છર ચટકા ભરતા હોય એવા સમયમાં વૃક્ષની નીચે યોગ ધારણ કરે છે તથા અનેક વિકટ આસન કરે છે, એ પ્રમાણે કાયક્લેશના અનેક કારણો મેળવે છે, છતાં સામ્યભાવથી ચિગતા નથી, અનેકપ્રકારનાં ઉપસર્ગોને જીતવાવાળા છે, છતાં ચિત્તમાં જેને ખેદ ઊપજતો નથી. ઉલટા પોતાના સ્વરૂપધ્યાનમાં નિમગ્ન રહે છે. તેને (એવા મુનિને) કાયક્લેશ તપ હોય છે. જેને કાયા તથા ઈંદ્રિયોથી મમત્વ હોય છે, તેને ચિત્તમાં ક્ષોભ થાય છે. પરંતુ આ મુનિ તો એ બધાયથી નિસ્પૃહ વર્તે છે, તેને શાનો ખેદ હોય ? એ પ્રમાણે છ પ્રકારનાં બાહ્યતપોનું નિરુપણ કર્યું.**

અર્થ :- જે મુનિ, દુસ્સહ ઉપસર્ગને જીતવાવાળો હોય, આતાપ-શીત-વાતથી પીડિત થવા છતાં પણ ખેદને પ્રાપ્ત ન થતો હોય, તથા ચિત્તમાં ક્ષોભ-ક્લેશ ન ઊપજતો હોય તે મુનિને કાયક્લેશ નામનું તપ હોય છે.

મુનિ ડુંગરની ટોચ પર ગરમીના વખતે રહે છે. ત્યાં પણ આત્મા ઉપશમરસ સ્વભાવવાળો છે, એવાં ભાનપૂર્વક તેમાં સ્થિર રહેવાથી શીતળતાનો અનુભવ કરે છે. માહ મહિનાનાં હિમમાં ખૂલ્લા મેદાનમાં નગ્નદશાવાળા મુનિ ધ્યાનમાં બેસે છે, છતાં એમાં મુનિને ખેદ થતો નથી. આવી મુનિદશા હોય છે. આનું નામ કાયક્લેશ તપ છે.

ભાવાર્થ :- ગ્રીષ્મકાળમાં પર્વતના શિખર આદિ ઉપર કે જ્યાં સૂર્યકિરણોનો અત્યંત આતાપ થઈ રહ્યો છે અને નીચે ભૂમિશીલાદિક પણ તપ્તાયમાન છે, ત્યાં મહામુનિ આતાપનયોગ

ધારણ કરે છે. શીતકાળમાં નદી આદિના કિનારે ખૂલ્લા મેદાનમાં, જ્યાં અતિ ઠંડી પડવાથી વૃક્ષ પણ દાઝી જાય, ત્યાં ઉભા રહે છે, તથા ચોમાસામાં વર્ષા વરસતી હોય, પ્રચંડ પવન ચાલતો હોય અને ડાંસ-મચ્છર ચટકા ભરતા હોય એવા સમયમાં વૃક્ષની નીચે યોગ ધારણ કરે છે તથા અનેક વિકટ આસન કરે છે, એ પ્રમાણે કાયક્લેશના અનેક કારણો મેળવે છે, છતાં સામ્યભાવથી ચિગતા નથી, અનેક પ્રકારનાં ઉપસર્ગોને જીવવાવાળા છે, છતાં ચિત્તમાં જેને ખેદ ઊપજતો નથી. ઉલટા પોતાના સ્વરૂપધ્યાનમાં નિમગ્ન રહે છે. તેને (એવા મુનિને) કાયક્લેશ તપ હોય છે. જેને કાયા તથા ઈંદ્રિયોથી મમત્વ હોય છે, તેને ચિત્તમાં ક્ષોભ થાય છે. પરંતુ આ મુનિ તો એ બધાયથી નિસ્પૃહ વર્તે છે, તેને શાનો ખેદ હોય ? એ પ્રમાણે છ પ્રકારનાં બાહ્યતપનું નિરુપણ કર્યું.

બહારમાં તાપ હોય કે ઠંડી હોય, એમાં મુનિને ખેદ કે ક્લેશ થતો નથી. કેમકે મુનિએ આત્માનો શીતળ સ્વભાવ જાણ્યો છે. શુદ્ધચૈતન્ય દેહરહિત છે, એમાં લીનતા વર્તે છે. તેથી અંતરમાં આનંદના ફૂવારા છૂટે છે. તેથી બહારની ગરમી કે ઠંડી મુનિને લાગતી નથી. જેમ પોતાના મકાનમાં બગીચો હોય અને તેમાં ઠંડા પણીના ફૂવારા હોય તો બહારની ગરમી ત્યાં લાગતી નથી. મુનિને કાયક્લેશમાં દુઃખ કે આકુળતા નથી, કેમકે અંતર આનંદના ઘરમાં શીતળતાના ફૂવારા છે. તેમાંથી શાંતિના કિરણો વહે છે. એ કાયક્લેશ તપ છે. આ રીતે છ પ્રકારનાં બાહ્યતપની વાત પૂરી થઈ.

આગળ છ પ્રકારના અંતરંગ તપોનું વ્યાખ્યાન કરે છે, ત્યાં પ્રથમ પ્રાયશ્ચિત નામના તપને કહે છે.

## ગાથા-૪૪૯

**આગળ છ પ્રકારનાં અંતરંગતપોનું વ્યાખ્યાન કરે છે ત્યાં પ્રથમ પ્રાયશ્ચિત નામના તપને કહે છે :-**

**दोषं न करोति स्वयं अन्यं अपि न कारयति यः त्रिविधं।**
**कूर्वाणं अपि न इच्छति तस्य विशुद्धिः परा भवति।।४४९।।**

**અર્થ :- જે મુનિ, પોતે દોષ કરે નહિ, બીજા પાસે દોષ કરાવે નહિ તથા કોઈ દોષ કરતો હોય, તેને ઈષ્ટ-ભલો જાણે નહિ, તેને ઉત્કૃષ્ટ વિશુદ્ધતા હોય છે.**

**ભાવાર્થ :- અહીં `વિશુદ્ધિ' નામ પ્રાયશ્ચિતનું છે. ``પ્રાયઃ'' શબ્દથી તો પ્રકૃષ્ટચારિત્રનું ગ્રહણ છે, અર્થાત્ એવું ચારિત્ર જેને હોય, તેને ``પ્રાયઃ'' કહે છે, અથવા સાધુલોકનું ચિત્ત જે કાર્યમાં હોય તેને પ્રાયશ્ચિત કહે છે. અથવા આત્માની વિશુદ્ધતા કરે તે પ્રાયશ્ચિત છે. વળી (પ્રાયશ્ચિત શબ્દનો) બીજો અર્થ આવો પણ છે કે ``પ્રાયઃ'' નામ અપરાધનું છે, તેને `ચિત્ત' એટલે તેની શુદ્ધિ કરવી તેને પણ પ્રાયશ્ચિત કહીએ છીએ. મતલબ કે પૂર્વે કરેલા અપરાધથી જે વડે શુદ્ધિ થાય તે પ્રાયશ્ચિત છે. એ પ્રમાણે જે મુનિ મન-વચન-કાય અને કૃત-કારીત-અનુમોદનાથી દોષ ન લગાવે તેને ઉત્કૃષ્ટ વિશુદ્ધતા હોય છે અને એ જ પ્રાયશ્ચિત[1] નામનું તપ છે.**

અર્થ :- જે મુનિ, પોતે દોષ કરે નહિ, બીજા પાસે દોષ કરાવે નહિ તથા કોઈ દોષ કરતો હોય, તેને ઈષ્ટ-ભલો જાણે નહિ, તેને ઉત્કૃષ્ટ વિશુદ્ધતા હોય છે.

ભાવાર્થ :- અહીં 'વિશુદ્ધિ' નામ પ્રાયશ્ચિતનું છે. ''પ્રાયઃ'' શબ્દથી તો પ્રકૃષ્ટચારિત્રનું ગ્રહણ છે, અર્થાત્ એવું ચારિત્ર જેને હોય, તેને ''પ્રાયઃ'' કહે છે, અથવા સાધુલોકનું ચિત્ત જે કાર્યમાં હોય તેને પ્રાયશ્ચિત કહે છે. અથવા આત્માની વિશુદ્ધતા કરે તે પ્રાયશ્ચિત છે. વળી (પ્રાયશ્ચિત શબ્દનો) બીજો અર્થ આવો પણ છે કે ''પ્રાયઃ'' નામ અપરાધનું છે, તેને 'ચિત્ત' એટલે તેની શુદ્ધિ કરવી તેને પણ પ્રાયશ્ચિત કહીએ છીએ. મતલબ કે પૂર્વે કરેલા અપરાધથી જે વડે શુદ્ધિ થાય તે પ્રાયશ્ચિત છે. એ પ્રમાણે જે મુનિ મન-વચન-કાય અને કૃત-કારીત-અનુમોદનાથી દોષ ન લગાવે તેને ઉત્કૃષ્ટ વિશુદ્ધતા હોય છે અને એ જ પ્રાયશ્ચિત[1] નામનું તપ છે.

આત્મા જ્ઞાનસ્વરૂપ છે. એમાં લીન થવું તે પ્રાયશ્ચિત છે. ચૈતન્યસ્વભાવમાં સાધુનું ચિત્ત હોય છે. એને પ્રાયશ્ચિત કહે છે. આત્મા ચિદાનંદ પવિત્ર સુખધામ છે, એમાં મુનિનું ચિત્ત વારંવાર રહ્યા કરે છે, એ જ મુનિનું કામ હોવાથી પ્રાયશ્ચિત છે. જેમ સોનાને ઓપવામાં આવે

---

[1]યતિના આચારમાં દશ પ્રકારનું પ્રાયશ્ચિત કહ્યું છે યથા :–

**आलोयण पडिकमणं उभय विवेगो तहा विओसग्गो।**
**तवछेदो मूलं पि य परिहारो चेव सद्दहणं।।**

મૂલાચાર-પંચાચારાધિકાર ગા. ૧૬૫

ગો. જી. ગા. ૩૪

છે તેમ ચૈતન્યધાતુ વિકારરહિત છે. એના ભાનપૂર્વક વિશેષ શુદ્ધતા વડે આત્માને ઓપે છે, તે તપ છે. અપરાધરહિત થવું તે પ્રાયશ્ચિત છે. નવો દોષ ન થવા દેવો તે નિરઅપરાધ છે. આત્મા ક્ષણે ક્ષણે ભવમરણથી મરી રહ્યો છે. એને જીવતો રખે નહિ, અને બીજા જીવો મરી ગયા હોય, એનું પ્રાયશ્ચિત લે, તો તે કાંઈ ખરું પ્રાયશ્ચિત નથી. અહીં તો કહે છે કે, આત્મામાં વિશેષ શુદ્ધતા થવી તે પ્રાયશ્ચિત છે.

હવે આગળની ગાથામાં વ્યવહાર પ્રાયશ્ચિતની વાત કહે છે.

ગાથા-૪૫૦

**अथ कथमपि प्रमादेन च दोषः यदि एति तं अपि प्रकटयति।**
**निर्दोषसाधुमूले दशदोषविवर्जितः भवितुं।।४५०।।**

**અર્થ :- કોઈ પ્રકારથી પ્રમાદ વડે પોતાના ચારિત્રમાં દોષ આવી ગયો હોય તો તેને નિર્દોષસાધુ, આચાર્યની નીકટ દશ દોષરહિતપણે પ્રગટ કરે-આલોચન કરે.**

**ભાવાર્થ :- પ્રમાદથી પોતાના ચારિત્રમાં દોષ લાગ્યો હોય તો આચાર્ય પાસે જઈ દશ દોષરહિત આલોચના કરે. પાંચ ઈંદ્રિય, ચાર કષાય, ચાર વિકથા, એક નિદ્રા અને એક સ્નેહ એ પાંચે પ્રમાદ છે. તેનાં પંદર ભેદ છે.[1] (વિશેષ) ભંગોની અપેક્ષાએ તેના ઘણા (૩૭૫૦૦) ભેદ છે, તેનાથી દોષ લાગે છે.**

**વળી આલોચનાના દશ દોષ છે.[2] તેનાં નામ – આકંપિત, અનુમાનિત, બાદર, સૂક્ષ્મ, દ્રષ્ટ, પ્રચ્છન્ન, શબ્દાકુલિત, બહુજન, અવ્યક્ત અને તત્સેવી એ દસ દોષ છે. તેનો અર્થ આ પ્રમાણે છે કે :-**

**આચાર્યને ઉપકરણાદિક આપી પોતા પ્રત્યે કરૂણા ઊપજાવી જાણે કે ``આમ કરવાથી મને પ્રાયશ્ચિત થોડું આપશે'' એમ વિચારી આલોચના કરે તે આકંપિતદોષ છે.**

---

[1] विक्हा तहा कसाया इंदियणिद्दा तहेव पणयोय।
चदु चदु पणमेगेगं होंति पमादा हु पण्णरस।। ગો. જી. ગા. ૩૪

[2] आकंपिय अणुमाणिय जं दिट्ठं बादरं च सुहमं च।
छण्णं सद्दाकुलियं बहुजण मव्वत्त तस्सेवी।।

(ભગવતીઆરાધના પૃષ્ટ ૨૫૭
તથા મૂલાચાર ભા. ૨ શીલગુણાધિકાર-ગા.૧૫)

**વચનદ્વારા જ આચાર્યની વડાઈ આદિ કરી આલોચના કરે તે એવા અભિપ્રાયથી કે "આચાર્ય મારા પ્રત્યે પ્રસન્ન રહે તો પ્રાયશ્ચિત થોડું બતાવશે" તે અનુમાનિતદોષ છે.**

**પ્રત્યક્ષ દેખાતા દોષ હોય તે કહે પણ અણદેખતા ન કહે તે દ્રષ્ટદોષ છે.**

**સ્થૂલ-મોટા દોષ તો કહે પણ સૂક્ષ્મ ન કહે તે બાદરદોષ છે.**

**"સૂક્ષ્મ જેણે કહી દીધાં તે બાદરદોષ શા માટે છુપાવે" એવા માયાચારથી જે સૂક્ષ્મદોષ જ કહે પણ બાદર ન કહે તે સૂક્ષ્મદોષ છે.**

**છુપાવીને કહે, તે એમ કે કોઈ બીજાએ પોતાનો દોષ કહી દીધો હોય ત્યારે જ કહે કે "એવો જ દોષ મને લાગ્યો છે" પણ દોષનું નામ પ્રગટ ન કરે તે પ્રચ્છન્નદોષ છે.**

**"રખે કોઈ સાંભળી ન જાય !" એવા અભિપ્રાયથી ઘણા શબ્દોના કોલાહલમાં પોતાના દોષ પણ કહી દે તે શબ્દાકુલિતદોષ છે.**

**પોતાના ગુરુ પાસે આલોચના કરી ફરી પાછો અન્ય ગુરુ પાસે પણ આલોચના કરે, તે આવા અભિપ્રાયથી કે "તેમનું પ્રાયશ્ચિત જોઉં, તે અન્ય ગુરુ શું બતાવે છે" એ બહુજનદોષ છે.**

**"આ દોષ છુપાવ્યો છુપાવાનો નથી માટે કહેવો જ જોઈએ" એમ વિચારી પ્રગટ-વ્યક્તદોષ હોય તે કહે, તે અવ્યક્તદોષ છે.**

**પોતાને લાગેલા દોષની ગુરુ પાસે આલોચના કરી, કોઈ અન્ય મુનિએ પ્રાયશ્ચિત લીધું હોય, તેને જોઈ તે પ્રમાણે પોતાને પણ દોષ લાગ્યો હોય તેની આલોચના ગુરુ પાસે નહિ કરતાં પોતાની મેળે પ્રાયશ્ચિત લઈ લે પરંતુ દોષ પ્રગટ કરવાનો અભિપ્રાય ન હોય તે તત્સેવીદોષ છે. આવા દશ દોષરહિત સરળચિત્ત બની બાળકની માફક આલોચના કરે.**

અર્થ :- કોઈ પ્રકારથી પ્રમાદ વડે પોતાના ચારિત્રમાં દોષ આવી ગયો હોય તો તેને નિર્દોષસાધુ, આચાર્યની નીકટ દશ દોષરહિતપણે પ્રગટ કરે-આલોચન કરે.

આ વ્યવહાર આલોચન કોને હોય છે ? જે વીતરાગી મુનિ છે એમને સ્વપ્નામાં કે બીજી રીતે કોઈ અલ્પદોષ થઈ ગયો હોય તો દિગંબર જૈનાચાર્ય કે જે આત્માને ઉજ્જવળ કરતાં હોય તેમની પાસે જઈને છુપાવ્યા વગર દોષ જાહેર કરે તે પ્રાયશ્ચિત છે, એમ કહે છે.

ભાવાર્થ :- પ્રમાદથી પોતાના ચારિત્રમાં દોષ લાગ્યો હોય તો આચાર્ય પાસે જઈ દશ દોષરહિત આલોચના કરે. પાંચ ઈન્દ્રિય, ચાર કષાય, ચાર વિકથા અને એક નિંદ્રા અને એક સ્નેહ એ પાંચે પ્રમાદ છે. તેનાં પંદર ભેદ છે. (વિશેષ) ભંગોની અપેક્ષાએ તેના ઘણા (૩૭૫૦૦) ભેદ છે, તેનાંથી દોષ લાગે છે.

વળી આલોચનાના દશ દોષ છે. તેનાં નામ – આકંપિત, અનુમાનિત, બાદર, સૂક્ષ્મ, દ્રષ્ટ, પ્રચ્છન્ન, શબ્દાકુલિત, બહુજન, અવ્યક્ત અને તત્સેવી એ દસ દોષ છે. તેનો અર્થ આ પ્રમાણે છે કે :-

આચાર્યને ઉપકરણાદિક આપી પોતા પ્રત્યે કરૂણા ઉપજાવી જાણે કે "આમ કરવાથી મને પ્રાયશ્ચિત થોડું આપશે" એમ વિચારી આલોચના કરે તે આકંપિતદોષ છે.

વચનદ્વારા જ આચાર્યની વડાઈ આદિ કરી આલોચના કરે તે એવા અભિપ્રાયથી કે "આચાર્ય મારા પ્રત્યે પ્રસન્ન રહે તો પ્રાયશ્ચિત થોડું બતાવશે" તે અનુમાનિતદોષ છે.

પ્રત્યક્ષ દેખાતા દોષ હોય તે કહે પણ અણદેખતા ન કહે તે દ્રષ્ટદોષ છે.

સ્થૂલ-મોટા દોષ તો કહે પણ સૂક્ષ્મ ન કહે તે બાદરદોષ છે.

"સૂક્ષ્મ જેણે કહી દીધાં તે બાદરદોષ શા માટે છુપાવે" એવા માયાચારથી જે સૂક્ષ્મદોષ જ કહે પણ બાદર ન કહે તે સૂક્ષ્મદોષ છે.

છુપાવીને કહે, તે એમ કે કોઈ બીજાએ પોતાનો દોષ કહી દીધો હોય ત્યારે જ કહે કે "એવો જ દોષ મને લાગ્યો છે" પણ દોષનું નામ પ્રગટ ન કરે તે પ્રચ્છન્નદોષ છે.

"રખે કોઈ સાંભળી ન જાય !" એવા અભિપ્રાયથી ઘણા શબ્દોના કોલાહલમાં પોતાના દોષ પણ કહી દે તે શબ્દાકુલિતદોષ છે.

પોતાના ગુરુ પાસે આલોચના કરી ફરી પાછો અન્ય ગુરુ પાસે પણ આલોચના કરે, તે આવા અભિપ્રાયથી કે "તેમનું પ્રાયશ્ચિત જોઉં, તે અન્ય ગુરુ શું બતાવે છે" એ બહુજનદોષ છે.

"આ દોષ છુપાવ્યો છુપાવાનો નથી માટે કહેવો જ જોઈએ" એમ વિચારી પ્રગટ-વ્યક્તદોષ હોય તે કહે, તે અવ્યક્તદોષ છે.

પોતાને લાગેલા દોષની ગુરુ પાસે આલોચના કરી, કોઈ અન્ય મુનિએ પ્રાયશ્ચિત લીધું હોય, તેને જોઈ તે પ્રમાણે પોતાને પણ દોષ લાગ્યો હોય તેની આલોચના ગુરુ પાસે નહિ કરતાં પોતાની મેળે પ્રાયશ્ચિત લઈ લે પરંતુ દોષ પ્રગટ કરવાનો અભિપ્રાય ન હોય તે તત્સેવીદોષ છે. આવા દશ દોષરહિત સરળચિત્ત બની બાળકની માફક આલોચના કરે.

દશ પ્રકારના દોષરહિત હોય, તે વ્યવહાર આલોચના છે. મુનિની સેવા કરવાથી પ્રાયશ્ચિત થોડું આપશે એવી બુદ્ધિથી આલોચના કરે, તો તે આલોચના નથી. સરળતાથી પોતાનો દોષ જાહેર કરે. સંતમુનિ તો પોતાના સ્વરૂપમાં લીનતા કરે છે. એમને કોઈ અલ્પ દોષ રહી ગયો હોય તેનું પ્રાયશ્ચિત કરે છે. જે કાળે, જે ક્ષેત્રે અને જે નિમિત્તે જે થવાનું હશે તે થશે, એવી પ્રતીત તો મુનિને પહેલાં થઈ છે. ઈંદ્ર-નરેંદ્રાદિ કોઈ પણ તેમાં ફેરફાર કરવાને સમર્થ નથી.

એવો વિશ્વાસ તો મુનિને હોય છે, અને એવા વિશ્વાસપૂર્વક અંતરમાં વિશેષ શાંતિ વધી ગઈ છે. એવા મુનિને કોઈ દોષ રહી ગયો હોય છે તેની આ વ્યવહાર આલોચના છે. તેને પણ મુનિ બરાબર જાણે છે, અને ફરી એવો દોષ થવા દેતા નથી. મુનિ સરળચિત્તથી બાળકની જેમ આલોચના કરે છે. તે પ્રાયશ્ચિત તપ છે. હવે મુનિ પ્રાયશ્ચિતમાં સંદેહ કરતા નથી, તે કહે છે.

ગાથા-૪૫૧

## यत् किमपि तेन दत्तं तत् सर्वं स: करोति श्रद्धया।
## नो पुन: ह्रदये शंकते किं स्तोकं किमु बहुकं वा।।४५१।।

**અર્થ :- દોષની આલોચના કર્યા પછી આચાર્યે જે કાંઈ પ્રાયશ્ચિત આપ્યું હોય, તે સર્વને જ શ્રદ્ધાપૂર્વક ગ્રહણ કરે પણ હ્રદયમાં એવી શંકા-સંદેહ ન રાખે કે આ આપેલું પ્રાયશ્ચિત થોડું છે કે ઘણું છે ?**

**ભાવાર્થ :- તત્વાર્થસૂત્રમાં પ્રયશ્ચિતના નવ ભેદ કહ્યા છે. આલોચન, પ્રતિક્રમણ, તદુભય, વિવેક, વ્યુતસર્ગ તપ, છેદ, પરિહાર અને ઉપસ્થાપના. ત્યાં દોષને યથાવત્ કહેવો તે આલોચના છે. દોષને મિથ્યા કરાવવો તે પ્રતિક્રમણ છે. આલોચના - પ્રતિક્રમણ બન્ને કરાવવા તે તદુભય છે. ભવિષ્યનો ત્યાગ કરાવવો તે વિવેક છે. કાયોત્સર્ગ કરાવવો તે વ્યત્સર્ગ છે. દીક્ષાછેદન કરવો અર્થાત્ ઘણાં દિવસના દીક્ષિતને થોડા દિવસનો કરવો તે તપ અને છેદ છે. સંઘ બહાર કરવો તે પરિહાર છે તથા ફરીથી નવેસરથી દીક્ષા આપવી તે ઉપસ્થાપના છે. આ પ્રમાણે પ્રાયશ્ચિત નવ પ્રકારથી છે, તથા તેના પણ અનેક ભેદ છે. ત્યાં દેશકાળ, અવસ્થા, સામર્થ્ય અને દોષનું વિધાન જોઈ આચાર્ય યથાવિધિ પ્રાયશ્ચિત આપે છે. તેને શ્રદ્ધાપૂર્વક અંગીકાર કરે પણ તેમાં સંશય ન કરે.**

અર્થ :- દોષની આલોચના કર્યા પછી આચાર્યે જે કાંઈ પ્રાયશ્ચિત આપ્યું હોય, તે સર્વને જ શ્રદ્ધાપૂર્વક ગ્રહણ કરે પણ હ્રદયમાં એવી શંકા-સંદેહ ન રાખે કે આ આપેલું પ્રાયશ્ચિત થોડું છે કે ઘણું છે ?

ભાવાર્થ :- તત્વાર્થસૂત્રમાં પ્રયશ્ચિતના નવ ભેદ કહ્યા છે. આલોચન, પ્રતિક્રમણ, તદુભય,

વિવેક, વ્યુતસર્ગ તપ, છેદ, પરિહાર અને ઉપસ્થાપના. ત્યાં દોષને યથાવત્ કહેવો તે આલોચના છે. દોષને મિથ્યા કરાવવો તે પ્રતિક્રમણ છે. આલોચના - પ્રતિક્રમણ બન્ને કરાવવા તે તદુભય છે. ભવિષ્યનો ત્યાગ કરાવવો તે વિવેક છે. કાયોત્સર્ગ કરાવવો તે વ્યત્સર્ગ છે. દીક્ષાછેદન કરવો અર્થાત્ ઘણાં દિવસના દીક્ષિતને થોડા દિવસનો કરવો તે તપ અને છેદ છે. સંઘ બહાર કરવો તે પરિહાર છે તથા ફરીથી નવેસરથી દીક્ષા આપવી તે ઉપસ્થાપના છે. આ પ્રમાણે પ્રાયશ્ચિત નવ પ્રકારથી છે, તથા તેના પણ અનેક ભેદ છે. ત્યાં દેશકાળ, અવસ્થા, સામર્થ્ય અને દોષનું વિધાન જોઈ આચાર્ય યથાવિધિ પ્રાયશ્ચિત આપે છે. તેને શ્રદ્ધાપૂર્વક અંગીકાર કરે પણ તેમાં સંશય ન કરે.

આ બધી વાત સાચા મુનિની છે. જેને દેવ-ગુરુ-શાસ્ત્રની પણ ખબર નથી, એવા મુનિની આ વાત નથી, એમ સમજવું.

**ગાથા-૪૫૨**

**पुन: अपि कर्त्तु न इच्छति तं दोषं यद्यपि याति शतखण्डम्।**
**एवं निश्चयसहित: प्रायश्चित्तं तप: भवति।।४५२।।**

**અર્થ :- લાગેલા દોષનું પ્રાયશ્ચિત લઈને પાછો તે દોષને કરવા ન ઈચ્છે. પોતાના સેંકડો ખંડ થઈ જાય તો પણ તે દોષ ન કરે, એવા નિશ્ચયપૂર્વક પ્રાયશ્ચિત નામનું તપ હોય છે.**

**ભાવાર્થ :- ચિત્ત એવું દૃઢ કરે કે પોતાના શરીરના સેંકડો ખંડ થઈ જાય તો પણ લાગેલાં દોષને ફરીથી ન લગાવે તે પ્રાયશ્ચિત્તતપ છે.**

અર્થ :- લાગેલા દોષનું પ્રાયશ્ચિત લઈને પાછો તે દોષને કરવા ન ઈચ્છે. પોતાના સેંકડો ખંડ થઈ જાય તો પણ તે દોષ ન કરે, એવા નિશ્ચયપૂર્વક પ્રાયશ્ચિત નામનું તપ હોય છે.

ભાવાર્થ :- ચિત્ત એવું દૃઢ કરે કે પોતાના શરીરના સેંકડો ખંડ થઈ જાય તો પણ લાગેલાં દોષને ફરીથી ન લગાવે તે પ્રાયશ્ચિત્તતપ છે.

હવેની ગાથામાં આ પ્રાયશ્ચિતતપ ખરેખર કોને કહેવો એ કહે છે. આ ગાથા ઘણી સરસ છે.

ગાથા-૪૫૩

**यः चिन्तयति आत्मानं ज्ञानस्वरूप पुनः पुनः ज्ञानी ।**
**विकथादिविरक्तमनाः प्रायश्चित्तं वरं तस्य ।।४५३।।**

**અર્થ :- જે જ્ઞાનીમુનિ, આત્માને વારંવાર - ફરી ફરી જ્ઞાનસ્વરૂપ ચિંત્વન કરે, વિકથાદિક પ્રમાદથી વિરક્ત બની માત્ર જ્ઞાનને જ નિરંતર સેવન કરે, તેને શ્રેષ્ઠ પ્રાયશ્ચિત હોય છે.**

**ભાવાર્થ :- નિશ્ચય પ્રાયશ્ચિત આ છે કે–જેમાં સર્વ પ્રાયશ્ચિતના ભેદો ગર્ભિત છે, અર્થાત્ પ્રમાદરહિત થઈ પોતાના શુદ્ધ જ્ઞાનસ્વરૂપ આત્માનું ધ્યાન કરવું કે જેનાથી સર્વ પાપોનો પ્રલય થાય છે. એ પ્રમાણે પ્રાયશ્ચિત નામના અંતરંગતપના ભેદ કહ્યા.**

---

અર્થ :- જે જ્ઞાનીમુનિ, આત્માને વારંવાર - ફરી ફરી જ્ઞાનસ્વરૂપ ચિંત્વન કરે, વિકથાદિક પ્રમાદથી વિરક્ત બની માત્ર જ્ઞાનને જ નિરંતર સેવન કરે, તેને શ્રેષ્ઠ પ્રાયશ્ચિત હોય છે.

જુઓ, વ્યવહારની વાત કરી પણ મુનિને ''હું જ્ઞાનસ્વરૂપ છું'' એ વાત ખસતી નથી. વિકલ્પ ઉઠ્યો તે પણ હું નથી. દેહરહિત કેવળચૈતન્યનું જ્ઞાન જેને વર્તે છે, અને વારંવાર તેનું ચિંતવન કરવું છે, તે પ્રાયશ્ચિત છે. વ્યવહારનું જ્ઞાન કરાવ્યું પણ આત્મા જ્ઞાનાનંદ ચૈતન્યમૂર્તિ છે એનો નિર્ણય અને લીનતા એ જ નિશ્ચય પ્રાયશ્ચિત છે.

આત્મા પરનો તો કર્તા નથી પણ રાગને કરે એવો પણ તેનો સ્વભાવ નથી. રાગ થાય એને જાણવાનો સ્વભાવ છે. ''જ્ઞાનસ્વરૂપી હું છું'' એવો નિર્ણય તો ધર્માત્માને પ્રથમ જ હોય છે. ગૃહસ્થદશામાં રાગદ્વેષ વધારે અને મુનિદશામાં ઓછા હોય, છતાં તે વખતે પણ ધર્માત્માને મારો સ્વભાવ તો જ્ઞાન છે, એવો નિર્ણય ખસતો નથી. જ્ઞાન સિવાય અન્ય કાંઈ મારૂં સ્વરૂપ નથી. નિગોદમાં કે સિદ્ધદશામાં પણ આત્મા તો જ્ઞાનસ્વરૂપ જ છે. આમ નક્કી કરીને સ્વરૂપમાં સ્થિર થવું તે પ્રાયશ્ચિતતપ છે.

જુઓ, આ ગાથા અલૌકિક છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, એમ વારંવાર ચિંતવ્યા વિના બહારમાં ક્યાંય ધર્મ નથી. મુનિને કદાચ પ્રમાદથી અલ્પદોષ થાય, તેનો પણ મુનિ જાણનાર છે. તે ક્રમબદ્ધ છે, એમ તે જાણે છે. વિકલ્પ ઊઠ્યો હોય તેનું જ્ઞાન કરાવે, પણ ક્રમ ફરતો નથી. આત્મા તો જાણનાર છે. તે કોઈને ફેરવતો કે હલાવતો નથી. કદાચ ગુરુનો યોગ થયો અને રાગ પણ થયો, તો તેનો પણ જાણનાર રહે છે. મુનિ એ રીતે માત્ર જ્ઞાનનું સેવન કરે છે. આ સાચું પ્રાયશ્ચિત છે અને તે જ તપ છે.

# પ્રસાદ નં. – ૩૧૮

**વી. નિ સં. ૨૪૭૮, ભાદરવા વદ ૯, વર્ષ ૨જું. પુસ્તક અગિયારમું,**
**સોનગઢ, તા. ૧૨-૯-૫૨, શુક્રવાર.**

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(ભાદરવા વદ ૪, રવિવાર, ૭-૯-૫૨ સવાર)**

બાર પ્રકારના તપની વ્યાખ્યા ચાલે છે. આત્મા શુદ્ધ જ્ઞાનાનંદ છે. એની પર્યાયમાં અશુદ્ધતા છે. સ્વભાવના આશ્રયે શુદ્ધતા થાય છે. એને તપ કહે છે. પુણ્ય-પાપના પરિણામ તે અપરાધ છે. આત્માનો સ્વભાવ અપરાધરહિત છે, એવો નિર્ણય કરી સ્વરૂપમાં એકાગ્રતા કરવી તે ચારિત્ર અથવા તપ છે.

પરવસ્તુથી લાભ-નુકશાન થાય અને વિકાર જેટલો આત્માને માની તેનો સ્વીકાર કરે છે તે શુદ્ધ સ્વભાવનો અનાદર અને અરુચિ કરે છે, તેને ભગવાન અપરાધ કહે છે, અને એ અપરાધનું ટળવું તે પ્રાયશ્ચિત છે.

અર્થ :- જે મુનિ જ્ઞાનસ્વરૂપનું ચિત્વન કરે તે પ્રાયશ્ચિત છે. પ્રથમ જ્ઞાન મારૂં સ્વરૂપ છે, એમ નક્કી કરે તો એનું ચિત્વન કરે. આત્મા કોઈનું કરનાર નથી, અને આત્મા કોઈથી થાય એવો નથી, પણ જાણનાર-દેખનાર છે. એવો નિર્ણય કર્યા વિના એનું ચિંતવન સાચું હોય નહિ અને એને પ્રાયશ્ચિત પણ હોય નહિ. જ્ઞાનસ્વભાવ પૂર્ણ પ્રગટ થયો છે તે સર્વજ્ઞદેવ છે, એને સાધનાર તે ગુરુ છે, અને એમણે કહેલાં તે યથાર્થ શાસ્ત્ર છે. એમ દેવ-ગુરુ-શાસ્ત્રનો પ્રથમ યથાર્થ નિર્ણય કરવો જોઈએ. આત્મા એકલો પરને જ જાણનાર છે એમ નથી પણ, સ્વને જાણતાં પરને દેવ-ગુરુ-શાસ્ત્રને યથાર્થ જાણે એવો આત્માનો સ્વભાવ છે, અને નિમિત્ત પ્રત્યે જે રાગ પોતાની નબળાઈથી થાય છે, તેને પણ સમ્યગ્દૃષ્ટિ બરાબર જાણે છે. આત્મા પરના કામ તો કરે નહિ પણ આત્મામાં રાગ થાય એને કરવાનો પણ આત્માનો સ્વભાવ નથી પણ તેને જાણવાનો આત્માનો સ્વભાવ છે. પર સુધરે કે બગડે તે આત્માના હાથની વાત નથી, છતાં મૂઢ અજ્ઞાની એમ માને છે કે ધ્યાન ન રાખ્યું માટે પરકાર્ય બગડ્યું, તે જ અપરાધ છે, અને એ જ દુઃખ અને ઉપાધિ છે. તે ઉપાધિ ક્ષણિક છે, ત્રિકાળી સ્વભાવમાં તો નથી. સ્વભાવ તો જાણવા-દેખવાનો છે અને એવા આત્મામાં વારંવાર ઉગ્ર પુરુષાર્થ કરવો

તે ચારિત્ર છે. આત્માનું ચારિત્ર બહારમાં નથી. જ્ઞાનાનંદમાં વસવું તે ચારિત્ર અથવા તો ઉપવાસરૂપી તપ છે. જ્ઞાની આહાર આવે છે તેને પણ જાણે છે પણ તેને હું લાવું છું કે આહાર હું લઉં છું એમ તે માનતો નથી. આહાર લેવાનો વિકલ્પ થાય છે એનો પણ જાણનાર છે. તેથી આહાર વખતે પણ જ્ઞાની ધર્માત્મા ઉપવાસી છે એમ કહેલ છે.

અહિ તો આત્માના ભાન ઉપરાંત ચારિત્રની વાત છે. તેથી વારંવાર આત્માનું ચિંત્વન કરે તે ચારિત્ર છે, પ્રાયશ્ચિત છે અને તેને પૂર્વનો અપરાધ નાશ થાય છે. આ પ્રાયશ્ચિતનું સ્વરૂપ લોકો કહે છે, એના કરતાં જુદી જાતનું છે. ભગવાનની કૃપા થાય તો આત્માનું કલ્યાણ થઈ જાય એમ છે જ નહિ. ભગવાન તારી દે, એમ માનવામાં આવે તો અત્યાર સુધી ભગવાને ન તાર્યા એમ થયું, પણ એમ નથી. આત્મા પોતે સમજે તો કલ્યાણ થાય એમ છે. આત્મા પુણ્ય-પાપમાં એકાગ્ર થાય તે રખડવું છે. આત્મા એક સ્થળેથી બીજે સ્થળે જાય તે રખડવું નથી. મનમાં કલ્પનાનાં ઘોડા ઘડે તે સ્વઘર છોડીને બહાર ગયો છે. અહારકથા, દેશકથા આદિ ચારે કથા વિકથા છે. રળવાનીકથા, ઘરનીકથા, છોકરાનીકથા, તે બધી રાગકથા હોવાથી વિકથા છે. તે આત્માથી વિપરીત કથા છે. તે પ્રમાદ છે. એનાથી રહિત થઈ આત્માનું ચિત્વન કરવું તે પ્રાયશ્ચિત છે. આને શ્રેષ્ઠ એટલે નિશ્ચય પ્રાયશ્ચિત કહે છે.

ભાવાર્થ :- નિશ્ચય પ્રાયશ્ચિત આ છે કે–જેમાં સર્વ પ્રાયશ્ચિતના ભેદો ગર્ભિત છે, અર્થાત્ પ્રમાદરહિત થઈ પોતાના શુદ્ધ જ્ઞાનસ્વરૂપ આત્માનું ધ્યાન કરવું કે જેનાથી સર્વ પાપોનો પ્રલય થાય છે. એ પ્રમાણે પ્રાયશ્ચિત નામના અંતરંગતપના ભેદ કહ્યા.

આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે. તેની પ્રતીતિ અને લીનતામાં બધાં પ્રાયશ્ચિત આવી જાય છે. જેમાં જેની રુચિ હોય એનું ધ્યાન કરે. જેમ ઘરમાં રૂ પડ્યું હોય, એની પૂણી રેંટિયામાં સાંધ્યા કરે છે, એમ જેની જેને રુચિ હોય એનું પીંજણ પીંજ્યા કરે છે. પૈસાની રુચિવાળો પૈસાનું પીંજણ કર્યા કરે છે. એમ જ્ઞાનીને આત્માની રુચિ હોવાથી આત્માનું રટણ કર્યા કરે છે. આ નિશ્ચયપ્રાયશ્ચિત નામના અંતરંગતપની વ્યાખ્યા થઈ. આગળ ત્રણ ગાથામાં વિનયતપ કહે છે.

## ગાથા-૪૫૪

**આગળ ત્રણ ગાથામાં વિનયતપ કહે છે :–**

**विनय: पञ्चप्रकार: दर्शने ज्ञाने तथा चारित्रे च।**
**द्वादशभेदे तपसि उपचार: बहुविध: ज्ञेय:।।४५४।।**

**અર્થ :- વિનયના પાંચ પ્રકાર છે. દર્શનમાં, જ્ઞાનમાં, ચારિત્રમાં, બારભેદરૂપ તપમાં તથા ઉપચારવિનય એમ ઘણાં પ્રકારથી છે.**

વિનય તે તપ છે, અને તપ તે આત્માની શુદ્ધિ છે અને તે ચારિત્ર છે, તેના ઉપર કહ્યા પ્રમાણે પાંચ ભેદ છે. તેનો ખુલાસો હવેની ગાથામાં કહે છે.

**ગાથા-૪૫૫**

**दर्शनज्ञानचारित्रेषु सुविशुद्धः यः भवति परिणामः।**
**द्वादशभेदे अपि तपसि सः एव विनयः भवेत् तेषां।।४५५।।**

**અર્થ :- દર્શન–જ્ઞાન–ચારિત્રમાં તથા બારભેદરૂપ તપમાં જે વિશુદ્ધપરિણામ થાય છે તે જ તેનો વિનય છે.**

**ભાવાર્થ :- સમ્યગ્દર્શનના શંકાદિક અતિચારરહિત પરિણામ થાય તે દર્શનવિનય છે, જ્ઞાનનો સંશયાદિરહિત પરિણામે અષ્ટાંગ અભ્યાસ કરવો તે જ્ઞાનવિનય છે, અતિચારરહિત અહિંસાદિ પરિણામપૂર્વક ચારિત્રનું પાલન કરવું તે ચારિત્રવિનય છે, એ જ પ્રમાણે તપોના ભેદોને નિરખી–દેખી નિર્દોષતપ પાલન કરવું તે તપવિનય છે.**

અર્થ :- દર્શન-જ્ઞાન-ચારિત્રમાં તથા બારભેદરૂપ તપમાં જે વિશુદ્ધ પરિણામ થાય છે તે જ તેનો વિનય છે.

ભાવાર્થ :- પાંચ પ્રકારનું વિનય તપ છે. તેમાં પ્રથમ દર્શનવિનય તપની વ્યાખ્યા કરે છે.

(૧) શંકાદિક અતિચારરહિત પરિણામ થાય છે, તે દર્શનવિનય છે.

સમ્યગ્દર્શન એટલે શું ? તે કહે છે. આત્મા જ્ઞાનાદિ અનંત ગુણનો ભંડાર છે, પરિપૂર્ણ શુદ્ધ નિર્દોષ છે. એવી શુદ્ધતાનો ભાસ તથા નિર્ણય થવો, તે સમ્યગ્દર્શનનો વિનય છે, તે તપ છે અને તે ચારિત્રની શુદ્ધિ છે. જ્ઞાનનું પ્રગટપણું જે દેખાય છે તે આત્મા જ્ઞાનશક્તિનો ભંડાર છે, તેનો અંશ છે, એવો નિર્ણય થવો તે સમ્યગ્દર્શન વિનય એટલે કે આત્માનો વિનય છે.

આ વિનયતપની વાત છે. ખરેખર તો કોઈ પરનો વિનય કરતું જ નથી. જેને જે ગમે છે, તેનાં તે ગાણા ગાય છે. પૈસાવાળાના ગાણા ગવાય છે, તે ખરેખર પૈસો ગોઠ્યો છે, એના ગાણા ગવાય છે. ત્યાગીઓ પૈસાવાળાનાં ગાણા ગાતાં નથી, પણ ધર્માત્મા ત્યાગીઓના ગાણા

ગાય છે. એટલે કે આત્માની રુચિવાળો આત્માની સાધના કરી રહ્યો છે, તે એને ગોઠે છે, એનાં ગાણા ગાય છે, માટે ખરેખર તો કોઈ પરનો વિનય કરતું નથી.

પરથી લાભ થાય એવી માન્યતા થવા ન દેવી, તે દર્શનવિનય છે. પૈસા કોઈને પણ શરણરૂપ નથી. આત્મ-લક્ષ્મીથી ભરેલો એવો આત્મા જ પોતાને પોતે શરણભૂત છે, એમાં શંકા થવા ન દેવી, એનું નામ સાચો વિનયતપ છે. બહરની તપસ્યા કાંઈ આત્માને શરણભૂત નથી. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય કરવો તેનો વ્યવહાર છે, એવી વાત આ સમ્યગ્દર્શન વિનયમાં કરી નથી. કેમકે તે તો રાગ છે માટે તેને ગૌણ કરેલ છે. અહીં તો નિશ્ચયતપની વ્યાખ્યા છે.

(૨) <u>જ્ઞાનનો સંશયાદિ રહિત પરિણામે અષ્ટાંગ અભ્યાસ કરવો, તે જ્ઞાનવિનય છે.</u>

આત્માનો જ્ઞાનસ્વભાવ છે. એમાં સંશય થવા દેવો નહિ. આત્મા જ્ઞાન છે કે રાગ છે, એવો સંશય થવા દેવો નહિ. શાસ્ત્રાભ્યાસ કાળે વિનય કરવો. જે શાસ્ત્રના નિમિત્તે જ્ઞાન થયું હોય તેનો વિનય કરવો. જે ગુરુજી નિમિત્તે જ્ઞાન થયું હોય તેનો વિનય કરવો. એમ આઠ પ્રકારથી જ્ઞાનનો વિનય કરવો તે જ્ઞાનવિનય છે. ગુરુના ચોર થવું નહિ એટલે કે જે ગુરુના નિમિત્તે જ્ઞાન થયું હોય, તેની પ્રસંશા વિનયાદિ કરવાં એમનું બહુમાન જગતમાં જાહેર કરવું, તે વિનયતપ છે. અને પોતાના સ્વરૂપનો આદર કરવો તે જ્ઞાનવિનય છે. જ્ઞાનસ્વરૂપ પોતાને સમજે તો તેનો આદર કરે, પણ આત્માને ઓળખે જ નહિ તો વિનય કોનો કરે ? માટે પ્રથમ યથાર્થ ઓળખાણ કરવી જોઈએ. રાજા જંગલમાં વાઘરીના વેષે ફરતો હોય તો એને કોઈ ઓળખે નહિ તો વિનય પણ ન કરે, એમ આત્મા ચિદાનંદ રાજા છે, તે રાગદ્વેષનો વેષ પહેરી એટલો જ પોતાને માને તો એનો સાચો વિનય થાય નહિ પણ જેવું સ્વરૂપ છે, તેવું જ જાણે ને તેમાં એકાગ્ર થાય તો સાચો વિનય થાય.

(૩) <u>અતિચારરહિત અહિંસાદિ પરિણામપૂર્વક ચારિત્રનું પાલન કરવું તે ચારિત્રવિનય છે.</u> આત્મામાં રાગની ઉત્પત્તિ ન થવા દેવી, તે અહિંસારૂપ ચારિત્ર છે. વીતરાગભાવરૂપ શાંતિ થવી તે ચારિત્રવિનય છે. અહિંસા ચારિત્રનું આવું સ્વરૂપ છે. પરની હિંસા કે અહિંસા આત્મા કરી શકતો નથી. આત્માના સ્વરૂપને ભૂલીને પરની હિંસાનો પાપભાવ કે પરની અહિંસાનો શુભરાગ થાય તે સ્વઆત્માની હિંસા છે. જ્ઞાતાનો નિર્ણય કરી આત્મામાં લીન થવું તે અહિંસા છે. આત્મા પૂર્ણ સત્ સ્વરુપ છે, તેનો આદર કરવો તે સત્ય છે. રાગથી લાભ માનવો તે ચોરી છે. મારાથી મને લાભ-નુકશાન છે. પરના કારણે નથી, એમ માનવું તે અચોર્ય છે. રાગાદિ તે મારૂં ખરૂં સ્વરૂપ નથી, એમ સમજી બ્રહ્મ નામ આત્મામાં વિચરવું તે બ્રહ્મચર્ય છે અને રાગાદિ પરિગ્રહમાંથી રહિત થવું તે અપરિગ્રહ છે. અજ્ઞાનીની અહિંસાદિની વ્યાખ્યામાં અને

આ વ્યાખ્યામાં ફેર છે.

આ પ્રમાણે તપોના ભેદોને નિરખી-દેખી નિર્દોષતપનું પાલન કરવું તે તપવિનય છે. આત્માના સ્વભાવને ઓળખીને ઈચ્છા વિનાની નિર્દોષદશા પ્રગટ કરવી તે તપવિનય છે. આ નિશ્ચય વિનયની વાત કરી. હવે પાંચમા ઉપચાર વિનયની એટલે વ્યવહાર વિનયની વાત કરે છે.

ગાથા-૪૫૬

**रत्नत्रययुक्तानां अनुकूलं यः चरति भक्त्या।**
**भृत्य यथा राज्ञां उपचारः सः भवेत् विनयः।।४५६।।**

**અર્થ :- સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયના ધારક મુનિજનોને અનુકુળ ભક્તિપૂર્વક આચરણ કરે જેમ રાજાનો નોકર રાજાને અનુકૂળ પ્રવર્તે છે તેમ. તે ઉપચારવિનય છે.**

**ભાવાર્થ :- જેમ રાજાના ચાકર-કિંકરલોક રાજાને અનુકૂળ પ્રવર્તે છે, તેની આજ્ઞા માન્ય કરે છે. તેના હુકમ પ્રમાણે પ્રવર્તે છે. તેને પ્રત્યક્ષ જોઈ ઉઠી ઉભા થવું-સન્મુખ જવું-હાથ જોડવા-પ્રણામ કરવા-તે ચાલે ત્યારે તેની પાછળ થઈ ચાલવું-અને તેના પોષાકાદિ ઉપકરણ સંભાળવા (એ આદિ જેમ તે ચાકર કરે છે) તેમજ મુનિજનોની ભક્તિ, તેમનો વિનય, તેમની આજ્ઞાનું પાલન, તેમને પ્રત્યક્ષ જોઈ ઉભા થઈ સન્મુખ જવું, હાથ જોડવા, પ્રણામ કરવા, તે ચાલે ત્યારે પાછળ થઈ ચાલવું તથા તેમનાં ઉપકરણ સંભાળવાં ઈત્યાદિક તેમનો વિનય કરવો તે ઉપચારવિનય છે.**

અર્થ :- સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયના ધારક મુનિજનોને અનુકુળ ભક્તિપૂર્વક આચરણ કરે જેમ રાજાનો નોકર રાજાને અનુકૂળ પ્રવર્તે છે તેમ. તે ઉપચારવિનય છે.

ભાવાર્થ :- જેમ રાજાના ચાકર-કિંકરલોક રાજાને અનુકૂળ પ્રવર્તે છે, તેની આજ્ઞા માન્ય કરે છે. તેના હુકમ પ્રમાણે પ્રવર્તે છે. તેને પ્રત્યક્ષ જોઈ ઉઠી ઉભા થવું-સન્મુખ જવું-હાથ જોડવા-પ્રણામ કરવા-તે ચાલે ત્યારે તેની પાછળ થઈ ચાલવું-અને તેના પોષાકાદિ ઉપકરણ સંભાળવા (એ આદિ જેમ તે ચાકર કરે છે) તેમજ મુનિજનોની ભક્તિ, તેમનો વિનય, તેમની આજ્ઞાનું પાલન, તેમને પ્રત્યક્ષ જોઈ ઉભા થઈ સન્મુખ જવું, હાથ જોડવા, પ્રણામ કરવા, તે ચાલે ત્યારે પાછળ થઈ ચાલવું તથા તેમનાં ઉપકરણ સંભાળવાં ઈત્યાદિક તેમનો વિનય કરવો તે ઉપચારવિનય છે.

આત્માના ભાનપૂર્વક છઠ્ઠા સાતમા ગુણસ્થાને ઝૂલતા એવા કુંદકુંદાચાર્યઆદિ મુનિઓ થઈ ગયા અને એવા મુનિઓ અત્યારે મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે, એમનો વિનય કરવો એમને અનુકૂળ વર્તવું, એમની ભક્તિ કરવી, એમનો આદર કરવો તે ઉપચારવિનય છે.

જેમ રાજાના નોકરો રાજાને અનુકૂળ વર્તે છે, એની સેવા કરે છે, તેની આજ્ઞા પાળે છે. એ પ્રમાણે ગુરુની સેવા-ભક્તિ કરવી તે વિનયતપ છે. શ્રીમદ્દે સત્‌સૂત્રોનાં નામ લખ્યાં એમાં મોક્ષમાર્ગ પ્રકાશકને પણ સત્‌સૂત્ર તરીકે કહેલ છે. હવે મોક્ષમાર્ગ પ્રકાશકના પાંચમાં અધ્યાયમાં શ્વેતાંબર, સ્થાનકવાસી આદિને અન્યમતમાં નાખ્યાં છે. એટલે ખરેખર જૈન નથી, છતાં તેણે કહેલાં દેવ-ગુરુ-શાસ્ત્રને માને તે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને માનતો નથી, અને શ્રીમદ્દે તો નિષેધ કર્યો હોવા છતાં એ જ માનવાં તે શ્રીમદ્‌નો પણ અનાદર કરે છે. એટલે કે ખરેખર શ્રીમદ્‌ને પણ તે માનતો નથી. મુનિનું સ્વરૂપ નગ્નદિગંબર જ છે. તેમણે જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે માનવું તે વ્યવહાર વિનય છે. નિશ્ચય વિનયવાળાને આવો વ્યવહારવિનય હોય જ છે. લોકો વ્યવહાર વિનયને પણ સમજતાં નથી. જેની પાસેથી જ્ઞાન મળ્યું હોય એનો વિનય કરે નહિ તો તે ઉપચાર વિનયને પણ સમજતો નથી. તેથી તેને નિશ્ચય વિનય તો છે જ નહિ.

## ભાદરવા વદ ૫, સોમવાર, ૮-૯-૫૨

આ તપનો અધિકાર છે. આત્માની શુદ્ધિ થવી તે તપશ્ચર્યા છે. બહારની ક્રિયાની વાત નથી. અંતર આત્માનુ ભાન વર્તે છે, તે ઉપરાંત વિશેષ સ્થિરતા થઈ છે તેવા મુનિને રાગ વખતે દેવ-ગુરુ-શાસ્ત્રનું બહુમાન આવે છે, પરનું બહુમાન કરવું તે તો રાગ છે પણ જ્ઞાનીને અંતર ભાન વર્તે છે ને શુદ્ધતા વધે છે તે ખરેખર વિનય તપ છે.

ભાવાર્થ :- જેમ રાજાનો નોકર રાજાને અનુકૂળ પ્રવર્તે છે, તેની આજ્ઞા માને છે ને તે પ્રમાણે વર્તે છે. તે પરોક્ષની વાત થઈ, ને તે રાજા પ્રત્યક્ષ આવતા ઊભો થાય, સન્મુખ જાય ને હાથ જોડીને પ્રણામ કરે, તે ચાલે તેની પાછળ પાછળ જાય અને તેના પોષાક, દાગીના વગેરે બધું સંભાળે, તેવી રીતે મુનિજનોની ગેરહાજરીમાં મુનિઓની ભક્તિ કરવી. જે સમ્યગ્દર્શન-

જ્ઞાન-ચારિત્રદશા પામેલા હોય ને બાહ્યથી નગ્ન દિગંબરદશા હોય તેને મુનિ કહે છે. અત્યારે એવા મુનિઓ દેખાતા નથી તો શું કરવું ?

સમાધાન :- તેમની પરોક્ષ ભક્તિ કરવી. સર્વજ્ઞદેવની વાણી અનુસાર કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય, પૂજ્યપાદસ્વામી, સમન્તભદ્રાચાર્ય આદિ મહાન આચાર્યો કે જેમણે શાસ્ત્રની રચના કરી ધર્મને ટકાવ્યો છે, તેમજ જેઓ ધર્મના થાંભલાં છે, તેઓની ભક્તિ-પ્રશંસા-બહુમાન કરવા ને તેમનો ઉપકાર ગાવો.

આ મુનિથી વિરુદ્ધ મુનિનું સ્વરૂપ બતાવનારની જે ભક્તિ કરે તે જીવ મિથ્યાદૃષ્ટિ છે. જે સર્વજ્ઞની વાણીથી એક અક્ષર પણ આઘો પાછો કરે તે મિથ્યાદૃષ્ટિ છે ને પોતાના ગુરુ તથા શાસ્ત્ર કે જેની પાસેથી જાણ્યું છે, તેનો વિનય ન કરે-તેનું નામ ગોપવે, તે મોટો ચોર છે. તે જ્ઞાનમાં દોષ કરે છે. વ્યવહાર વિનયમાં આઠ પ્રકારના જ્ઞાનના દોષ ટાળવા જોઈએ, તે બાબત કુંદકુંદાચાર્ય અથવા વટકે સ્વમી કૃત મૂલાચાર ગાથા ૧૦૫ પાનું ૧૭૨માં કહ્યું છે કે :-

**कुलवय शील विहिणे सूतत्थं सम्ममाग मित्ताय**
**कुलवय शील महल्ले णिण्हव दोसो हु जप्प तो।।१०५।।**

જ્ઞાન થવામાં જે શાસ્ત્રનું નિમિત્ત હોય તેનું નિમિત્ત ન માનતાં બીજા શાસ્ત્રથી પામ્યો એમ કહેનાર મોટો ચોર છે. અહીં ત્રણ પ્રકારે વાત કરે છે.

જેની કુળ પરંપરા સત્ય નથી તે કુળ વિહીન છે. જેની પરંપરામાં સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર નિમિત્તરૂપે નથી, જેની ચારિત્ર દશા સાચી નથી, તે કુળ વિહીન જાણવા. સાચું ચારિત્ર તો નિર્ગ્રંથ મુનિઓમાં છે, આત્માના ભાનપૂર્વક યથાર્થ વ્રત અને તપ હોય છે, તેવા ચારિત્રની પરંપરા જેમાં નથી, તે કુળહીન જાણવા. તેવા કુળહીનમાં હોવા છતાં મને સાચા ગુરુની વાત મળી છે એમ કહેવું તે દોષ છે. મિથ્યાદૃષ્ટિ છે.

તીર્થંકર, ગણધરો તથા સપ્તઋદ્ધિધારી સંયમીઓ ઊંચા કુળના ગણાય છે. તે સિવાયના સાધારણ મુનિઓ હલકા કહેવાય છે. સાધારણ મુનિ પાસે ભણવા છતાં એમ કહેવું કે હું કુળ, વ્રત, શીલવાન, તીર્થંકર, ગણધરાદિ પાસે ભણ્યો છું તે નિહ્નવ દોષ છે.

સર્વજ્ઞની પરંપરાથી જે શાસ્ત્રો રચાયાલાં છે તે શાસ્ત્રોના નિમિત્તે જ્ઞાન થવાં છતાં મારી મેળે જ્ઞાન થયું છે ને શાસ્ત્રો મને મળ્યા જ નથી, એમ કહેવું તે શાસ્ત્રનો નિહ્નવ દોષ છે ને જે ગુરુનું નિમિત્ત છે તેને છુપાવે તે ગુરુનો ચોર છે.

વળી જિનેન્દ્રની આજ્ઞા અનુસારનાં શાસ્ત્રોના નિમિત્તે જ્ઞાન થવા છતાં મને તે શાસ્ત્રોના નિમિત્તે જ્ઞાન થયું નથી, પણ નૈયાયિકો તથા બીજા અજ્ઞાનીનાં બનાવેલાં શાસ્ત્રોથી બોધ થયો છે એમ કહેવું તે પણ ચોર છે. વર્તમાનમાં આત્માના નામે ખૂબ વાતો ચાલે છે. અત્રેથી સત્ય વાત બહાર આવી એટલે તેની નકલ કરવા માંડ્યા છે. જેની કુળ પરંપરા, સાધુપણું, ચારિત્ર પરંપરા સાચી નથી, ને કોઈની વાતો લઈને આત્માની વાતો કરે છે, તે મોટો ચોર છે. તે વ્યવહારનો પણ ચોર છે, નિશ્ચયનો ચોર તો છે જ.

વળી કોઈને સાચા મુનિ પાસે ભણીને લોકપૂજા, આબરૂ વગેરે માટે ને જગતમાં બતાવવા માટે તેનો ઉપયોગ કરે તે મિથ્યાદૃષ્ટિ છે.

સમાનતાવાળા મુનિ પાસે ભણીને કહે કે હું તીર્થંકરદેવ પાસે ભણ્યો છું, તે પણ જ્ઞાનનો ચોર વ્યવહારે છે. જે વ્યવહારે ચોર છે તે નિશ્ચય ચોર તો છે જ.

આ પ્રમાણે યથાર્થ સ્વરૂપ સમજી જે દેવ-ગુરુ-શાસ્ત્રના નિમિત્તે પોતાને જ્ઞાન થયું હોય તેનું નામ નહીં ગોપવતા, તેમનો ઉપકાર, મહિમા ને પ્રશંસા કરવાં જોઈએ તે બાહ્ય વિનયતપનું અંગ છે.

મુનિના સ્વરૂપનો નિર્ણય કરવો જોઈએ, જેની પરંપરામાં ચારિત્ર રહેલું છે તે સાચા મુનિ છે, તેવા મુનિઓના વિનયની વાત ચાલે છે. તેમને પ્રત્યક્ષ જોઈ ઊભા થઈ સન્મુખ જવું, હાથ જોડવા, પ્રણામ કરવા, જો કે હાથ જોડવા આદિની ક્રિયા તો જડની છે ને તેને આત્મા કરી શકતો નથી, પણ તેની પાછળ ચૈતન્યનો જે ઉત્સાહ વર્તે છે તે વિનય છે ને જ્યાં આવો ઉત્સાહ વર્તે છે ત્યાં વ્યવહાર વિનય હોય છે, ને તે હોય ત્યાં શરીરની ક્રિયાને લગભગ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. જે જીવને ચૈતન્યસ્વભાવનું બહુમાન છે તેને મુનિ આદિ ધર્માત્માનું બહુમાન આવ્યા વિના રહેતું નથી. આત્મા પોતે ધર્મી છે ને ધર્મ તેનો સ્વભાવ છે. રત્નકંડ શ્રાવકાચારમાં કહ્યું છે કે :- ''**नधर्मो धार्मिके र्विना**'' ધર્મી વિના ધર્મ હોતો નથી. આત્માના ભાન વિના ધર્મ હોતો નથી, ને ધર્મીજીવને ધર્માત્મા પ્રત્યે બહુમાન આવ્યા વિના રહેતું નથી, જેને ધર્મી પ્રત્યે બહુમાન નથી, તેને ધર્મની રુચિ નથી, માટે ધર્માત્મા મુનિઓનાં ઉપકરણ સંભાળવાં, તેમનો વિનય કરવો તે વગેરે ઉપચાર વિનય છે.

મુનિ નિર્ગ્રંથ દિગંબહ હોય છે. તેઓએ અનાદિ સનાતન વીતરાગ માર્ગ ટકાવી રાખ્યો છે. અષ્ટપાહુડમાં લખે છે કે, વસ્ત્રસહિત મુનિપણું માને મનાવે તે મિથ્યાદૃષ્ટિ છે, તે ઉન્માર્ગ છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ અષ્ટપાહુડ, સમયસાર, પંચાસ્તિકાય, મોક્ષમાર્ગ પ્રકાશ વગેરેને સત્ શાસ્ત્ર કહ્યાં છે. તેમાં અષ્ટપાહુડ, મોક્ષમાર્ગ પ્રકાશમાં ચોખ્ખુ લખ્યું છે કે વસ્ત્રસહિત મુનિપણું માને તે મિથ્યાદૃષ્ટિ છે, તેના કહેલાં દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્વરૂપ વિપરિત છે. સનાતન જૈન માર્ગ

તો નિર્ગ્રંથ દિગંબર મુનિઓનો એક જ છે. દુનિયા માનો કે ન માનો પણ માર્ગ તો આ એક જ છે.

પ્રશ્ન :- દરિયામાં રહીને મગરમચ્છ સાથે વેર બાંધવું એ કેમ ચાલે ?

સમાધાન :- કોઈ ઢેઢના મેળામાં વાણિયો જઈ ચડે તો વાણિયો ભ્રમમાં પડતો નથી. મોક્ષમાર્ગ પ્રકાશકમાં પાનું-૧૯૮ માં કહ્યું છે કે :-

**निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु,**
**लक्ष्मी: समाविशतु गच्छतु वा यथेष्टम्;**
**अद्यैव वा मरणमस्तु युगान्तरे वा,**
**न्यायात्पथ: प्रविचलन्ति पदं न धीरा:।**

અર્થ :- "કોઈ નિંદે છે તો નિંદો, સ્તુતિ કરે છે તો સ્તુતિ કરો, લક્ષ્મી આવો વા જાઓ તથા મરણ આજે જ થાઓ વા યગાંતરે થાઓ ! પરંતુ નીતિમાં નિપુણ પુરુષો ન્યાય માર્ગથી એક પગલું પણ ચલિત થતાં નથી, એવો ન્યાય વિચારી, નિંદા-પ્રશંસાદિના ભયથી વા લોભાદિકથી પણ અન્યાયરૂપ મિથ્યાત્વ પ્રવૃત્તિ કરવી યોગ્ય નથી, અહો ! દેવ-ગુરુ-ધર્મ તો સર્વોત્કૃષ્ટ પદાર્થ છે. એના આધારે તો ધર્મ છે, તેમાં શિથિલતા રાખે તો અન્ય ધર્મ કેવી રીતે થાય ? ઘણું શું કહેવું ? સર્વથા પ્રકારે એ કુદેવ કુગુરુ કુધર્મના ત્યાગી થવું જોઈએ. કારણ કે કુદેવાદિકનો ત્યાગ ન કરવાથી મિથ્યાત્વભાવ ઘણો પુષ્ટ થાય છે, અને આ કાળમાં અહીં તેની પ્રવૃત્તિ વિશેષ જોવામાં આવે છે. માટે અહીં તેના નિષેધરૂપ નિરુપણ કર્યું છે. તેને જાણી મિથ્યાત્વભાવ છોડી પોતાનું કલ્યાણ કરો !"

આગળ બે ગાથામાં વૈયાવૃત્ય તપ કહે છે :-

**ગાથા-૪૫૭**

**આગળ બે ગાથામાં વૈયાવૃત્યતપ કહે છે :-**

**य: उपचरति यतिनां उपसर्गजरादिक्षीणकायानां।**
**पूजादिषु निरपेक्षं वैयावृत्यं तप: तस्य।।૪૫૭।।**

**અર્થ :- કોઈ મુનિ-યતિ ઉપસર્ગથી પીડિત હોય તથા વૃદ્ધાવસ્થા વા રોગાદિકથી ક્ષીણકાય હોય તેમનો પોતાની ચેષ્ટાથી, ઉપદેશથી તથા અલ્પ વસ્તુથી ઉપકાર કરે તેને વૈયાવૃત્ય નામનું**

**તપ હોય છે. તે કેવી રીતે કરે ? પોતે પોતાનાં પૂજા-મહિમાદિની અપેક્ષા-વાંછારહિત જેમ બની શકે તેમ કરે.**

**ભાવાર્થ :- પોતે નિસ્પૃહ બનીને મુનિજનોની ચાકરી કરે તે વૈયાવૃત્ય છે. આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વિ, શૈક્ષ્ય, ગ્લાન, ગણ, કૂલ, સંઘ, સાધુ અને મનોજ્ઞ એ દસ પ્રકારના યતિપુરુષો વૈયાવૃત્ય કરવા યોગ્ય કહ્યા છે. તેમનો યથાયોગ્ય પોતાની શક્તિની વૃદ્ધિ માટે વૈયાવૃત્ય કરે.**

અર્થ :- ''કોઈ મુનિ-યતિ ઉપસર્ગથી પીડિત હોય તથા વૃદ્ધાવસ્થા વા રોગાદિકથી ક્ષીણકાય હોય તેમનો પોતાની ચેષ્ટાથી, ઉપદેશથી તથા અલ્પ વસ્તુથી ઉપકાર કરે તેને વૈયાવૃત્ય નામનું તપ હોય છે. તે કેવી રીતે કરે ? પોતે પોતાનાં પૂજા-મહિમાદિની અપેક્ષા-વાંછારહિત જેમ બની શકે તેમ કરે''

કોઈ મુનિને શરીરમાં રોગ હોય, વૃદ્ધાવસ્થા હોય તેમનો પોતાની ચેષ્ટાથી, ઉપદેશથી, ઉપકાર કરે તે વૈયાવૃત્ય તપ છે. મિથ્યાદૃષ્ટિની સેવાની વાત નથી. સાચા ભાવ લિંગી સંતની વાત છે, તે પણ પોતાની મહિમા કે વખાણ માટે નહિ તેમ જ પાછળથી શિષ્યની પરંપરા રહે તે માટે પણ નહિ, સંપ્રદાયમાં સાધુ વૈરાગ્યવાળા હોય છે, આખી જીંદગી વૈરાગ્ય પાળે પણ આત્માના ભાન વિના નકામું છે. આ વાત કાને પડવી પણ મુશ્કેલ છે. સંપ્રદાયમાં તો એવી માન્યતા છે કે જીવને બચાવવો તે ધર્મ છે ને દેહની ક્રિયા ભજે તેથી પુણ્ય થાય, પણ તે માન્યતા જૂઠી છે. માત્ર દ્રવ્યના આશ્રયે જ ધર્મ થાય છે. પર્યાયના આશ્રયે પણ ધર્મ થતો નથી, તે વાત સંપ્રદાયમાં જૂની દીક્ષાવાળાએ પણ સાંભળી નથી. પુણ્ય હોય તો તેને કાને આ વસ્તુસ્વભાવની વાત પડે છે, તેની હા પાડીને શ્રદ્ધા કરે તેની શી વાત ? તે તો ધર્મ પામી ભવનો નાશ કરે છે.

ભાવાર્થ :- પોતે નિસ્પૃહ બનીને મુનિઓની સેવા કરવી તે વૈયાવૃત્ય છે. દશ પ્રકારના મુનિઓ હોય છે. આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી, શૈક્ષ્ય, ગ્લાન, ગણ, કૂલ, સંઘ, સાધુ અને જેની પ્રશંસા મોટી હોય ને કૂળ સારું હોય, પુણ્ય પ્રકૃતિએ જબરા હોય તેવા સાધુને મનોજ્ઞ કહે છે. તેમની યથાશક્તિ સેવા કરવી તે વૈયાવૃત્ય છે. આત્માના ભાનવાળા સેવા કરે તો નિર્જરા થાય ને મિથ્યાદૃષ્ટિ સાચા મુનિની સેવા કરે તો ઉત્કૃષ્ટ પુણ્ય બાંધે તો જુગલિયામાં અવતાર મળે.

**य: व्यावृणोति स्वरूपे शमदमभावे शुद्धयुपयुक्त: ।**
**लोकव्यवहारविरत: वैयावृत्यं परं तस्य ।।४५८।।**

**અર્થ :- જે મુનિ, શમદમ ભાવરૂપ પોતાના આત્મસ્વરૂપમાં શુદ્ધોપયોગથી યુક્ત થઈને પ્રવર્તે છે તથા લોક-વ્યવહારરૂપ બાહ્ય વૈયાવૃત્યથી જે વિરક્ત છે તેને ઉત્કૃષ્ટ નિશ્ચય વૈયાવૃત્ય હોય છે.**

**ભાવાર્થ :- શમ એટલે રાગદ્વેષરહિત સામ્યભાવ તથા દમ એટલે ઈન્દ્રિયોને વિષયોમાં ન જવા દેવી, એવા જે શમદમરૂપ પોતાના આત્મસ્વરૂપમાં જે મુનિ તલ્લીન હોય છે તેને લોક-વ્યવહારરૂપ બાહ્યવૈયાવૃત્ય શા માટે હોય ? તેને તો નિશ્ચયવૈયાવૃત્ય જ હોય છે. શુદ્ધોપયોગી મુનિજનોની આ રીત છે.**

---

અર્થ :- જે મુનિ, શમદમ ભાવરૂપ પોતાના આત્મસ્વરૂપમાં શુદ્ધોપયોગથી યુક્ત થઈને પ્રવર્તે છે તથા લોક-વ્યવહારરૂપ બાહ્ય વૈયાવૃત્યથી જે વિરક્ત છે તેને ઉત્કૃષ્ટ નિશ્ચય વૈયાવૃત્ય હોય છે.

અહીં શુદ્ધ વૈયાવૃત્યની વાત કરે છે. જે મુનિ પોતાના આત્મામાં શમ અને દમ ભાવ કરે છે, ઈન્દ્રિયોને દમે છે ને શુદ્ધોપયોગમાં પ્રવર્તે છે, લોક-વ્યવહારૂપ બાહ્ય વૈયાવચ્ચના વિકલ્પથી પર થઈને અંતરમાં રમે છે તેને નિશ્ચય વૈયાવૃત્ય હોય છે.

ભાવાર્થ :- મુનિઓને રાગદ્વેષરહિત સમતાભાવ પ્રગટ્યો છે. જેમને અનુકુળ-પ્રતિકૂળ સંયોગો સરખા છે, જે મુનિ અતીન્દ્રિય વીતરાગી આત્મસ્વભાવમાં તલ્લીન છે. તેવા મુનિને લોક-વ્યવહાર રૂપ બાહ્ય વૈયાવૃત્ય હોતો નથી. મુનિના વૈયાવચ્ચના વિકલ્પને પણ લોક-વ્યવહાર કહ્યો છે. અહીં શુદ્ધ સ્વરૂપમાં તલ્લીન છે એવા મુનિની વાત છે. પ્રથમ બાહ્ય વૈયાવૃત્યના વિકલ્પોની વાત કરી ત્યાં પણ બધું ક્રમસર હતું, પણ રાગ વખતે બાહ્ય લક્ષ હતું તેવા ભેદોનું વર્ણન હતું. ક્ષુલ્લક ધર્મદાસજી કહે છે કે, આત્મા એક ને તપના બાર ભેદો કેવી રીતે હોય ? બાર ભેદોનો વિચાર કરતાં રાગ થાય છે. આત્મા જ્ઞાતાદ્રષ્ટા છે. એમાં એકતા પામે તે નિર્મળ પર્યાયો અનેક હોવા છતાં આત્મા એકતાને પામે છે, તે સાચો તપ છે. એવા શુદ્ધોપયોગી મુનિને નિશ્ચય વૈયાવૃત્ય તપ હોય છે. શુદ્ધોપયોગી મુનિની આ રીત છે.

ગાથા-૪૫૯

**परतातिनिरपेक्ष: दुष्टविकल्पानां नाशनसमर्थ: ।**
**तत्वविनिश्चयहेतु: स्वाध्याय: ध्यानसिद्धिकर: ।।४५९।।**

य: व्यावृणोति स्वरूपे शमदमभावे शुद्धयुपयुक्त:।
लोकव्यवहारविरत: वैयावृत्यं परं तस्य।।४५८।।



## પ્રસાદ નં. – ૩૨૦

વી. નિ. સં. ૨૪૭૮, ભાદરવા વદ ૧૧, વર્ષ ૨જું. પુસ્તક અગિયારમું,
સોનગઢ, તા. ૧૪-૯-૫૨, રવિવાર.

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

(ભાદરવા વદ ૬, મંગળવાર, ૯-૯-૫૨ સવાર)

ગાથા-૪૫૯

આગળ છ ગાથાઓમાં સ્વાધ્યાયતપને કહે છે :-

परतातिनिरपेक्ष: दुष्टविकल्पानां नाशनसमर्थ: ।
तत्वविनिश्चयहेतु: स्वाध्याय: ध्यानसिद्धिकर: ।।४५९।।

અર્થ :- જે મુનિ, પરનિંદામાં નિરપેક્ષ છે–વાંચ્છારહિત છે તથા મનના દુષ્ટ–ખોટા વિકલ્પોનો નાશ કરવામાં સમર્થ છે તેને તત્વનો નિશ્ચય કરવાના કારણરૂપ તથા ધ્યાનની સિદ્ધિ કરવાવાળું સ્વાધ્યાય નામનું તપ હોય છે.

ભાવાર્થ :- જે પરનિંદા કરવામાં પરિણામ રાખે તથા મનમાં આર્ત–રૌદ્રધ્યાનરૂપ ખોટા વિકલ્પો ચિંતવન કર્યા કરે તેનાથી શાસ્ત્રાભ્યાસરૂપ સ્વાધ્યાય શી રીતે થાય ? માટે એ સર્વ છોડીને જે સ્વાધ્યાય કરે તેને તત્વનો નિશ્ચય તથા ધર્મ–શુક્લધ્યાનની સિદ્ધિ થાય એવું સ્વાધ્યાયતપ છે.

ભાવાર્થ :- જે પરનિંદા કરવામાં પરિણામ રાખે તથા મનમાં આર્ત-રૌદ્ર ધ્યાનરૂપ ખોટા વિકલ્પોનું ચિંતવન કર્યા કરે, તેનાથી શાસ્ત્રાભ્યાસરૂપ સ્વાધ્યાય શી રીતે થાય ? માટે એ સર્વને છોડીને જે સ્વાધ્યાય કરે તેને તત્વનો નિશ્ચય તથા ધર્મ-શુક્લ ધ્યાનની સિદ્ધિ થાય એવું સ્વાધ્યાય નામનું તપ હોય છે.

સર્વજ્ઞ ભગવાને કહેલાં તત્વો પ્રમાણે જે શાસ્ત્રો રચેલાં હોય તેનો સ્વાધ્યાય કરે તે તપ છે. જેમાં જેની રુચિ હોય તે કામની કળા શીખ્યા વિના રહે નહિ. પૈસાની રુચિવાળા પૈસા કમાવાની કળા શીખે છે. જો કે પૈસા તો પુણ્યથી મળે છે, પણ એવો રાગ કર્યા કરે છે, તેમ આત્માની રુચિ અને પ્રેમ છે તે આત્માના નિર્ણય માટે આત્માના લક્ષે સ્વાધ્યાય કરે છે. એકલા પરલક્ષે સ્વાધ્યાય કરે તે ખરેખર સ્વાધ્યાય જ નથી.

આત્મા જ્ઞાનાનંદ ચૈતન્ય જ્યોત છે. એના લક્ષે નિર્ણય કરવો જોઈએ, પણ એવા નિર્ણય માટે બિલકુલ સ્વાધ્યાય, વાંચન, વિચારાદિ કરે નહિ તો તે નિર્ણય ક્યાંથી થાય ? એટલે કે પ્રથમ વીતરાગે કહેલાં શાસ્ત્રોનો સ્વાધ્યાય કરે નહિ તેને આત્માનો નિર્ણય થતો નથી, પણ સાચાં શાસ્ત્રોનો એવો સ્વાધ્યાય કરવો જોઈએ કે એના વિચારો લંબાતા અંતરમાં ધ્યાન થઈ જાય. માટે સ્વાધ્યાય ને ધ્યાનનું કારણ પણ કહેલ છે.

કોઈ કહે કે, શાસ્ત્રાદિનો સ્વાધ્યાય કરતી વખતે બીજા વિચારો આવી જાય છે એનું કારણ શું ? તો કહે છે કે એ વિચારો કાંઈ મફતના આવતા નથી, પણ એ પ્રકારની અંદર રુચિ પડેલી હોય છે. એ પ્રકારનો વિકલ્પ અને રાગ આત્મા પોતે કરે છે તો થાય છે. એવા વિચારો ન થવા દેવા માટે ભગવાને સ્વાધ્યાય જેવો બીજો તપ નથી, એમ કહેલ છે. તે સ્વાધ્યાય માટે પ્રથમ સર્વજ્ઞ કોણ છે અને એમણે કહેલાં શાસ્ત્રો કોણ છે તેનો પણ નિર્ણય કરવો પડશે. એવા નિર્ણયવાળાને જ સ્વાધ્યાય હોય છે.

શ્રી ગણધરદેવનાં રચેલાં શાસ્ત્રોમાં છ બાહ્યતપ અને છ અભ્યંતરતપની વ્યાખ્યા આવે છે. તેમાં સ્વાધ્યાયને મહાન અનુષ્ઠાન કહેલ છે. એનાં જેવું બીજું અનુષ્ઠાન નથી. ધ્યાનનું કારણ પણ સ્વાધ્યાય છે. એ સ્વાધ્યાયથી મુનિઓને નિર્જરા થાય છે, અને મિથ્યાદૃષ્ટિને આત્માનો નિર્ણય યથાર્થ થવામાં તે સ્વાધ્યાય ઉપાયરૂપ છે. એકલા મુનિને માટે આ વાત નથી, તેમ એકલા પરલક્ષે સ્વાધ્યાય કરે તેની વાત પણ નથી. ખોટા વિકલ્પોવાળાને સ્વાધ્યાય થતો નથી. સ્વાધ્યાય બરાબર કરે તો તેનું ફળ શુક્લધ્યાન અને કેવળજ્ઞાન છે.

ગાથા-૪૬૦

**पूजादिषु निरपेक्ष: जिनशास्त्रं य: पठति भक्त्या।**
**कर्ममलशोधनार्थं श्रुतलाभ: सुखकर: तस्य।।४६०।।**

**અર્થ :- "જે મુનિ, પોતાના પૂજા-માહાત્મ્યાદિમાં તો નિરપેક્ષ હોય-વાંછા રહિત હોય તથા ભક્તિપૂર્વક કર્મમળ શોધન અર્થે શાસ્ત્રાભ્યાય કરે તેને શ્રુતનો લાભ સુખદાયક થાય છે"**

**ભાવાર્થ :- જે પોતાના પૂજા-મહિમા આદિ માટે શાસ્ત્રાભ્યાસ કરે છે તેને શાસ્ત્રાભ્યાસ સુખકારક થતો નથી પણ જે માત્ર કર્મક્ષય અર્થે જ જિનશાસ્ત્રોનો અભ્યાસ કરે છે તેને સુખકારક થાય છે.**

અર્થ :- "જે મુનિ, પોતાના પૂજા-માહાત્મ્યાદિમાં તો નિરપેક્ષ હોય-વાંછા રહિત હોય તથા ભક્તિપૂર્વક કર્મમળ શોધન અર્થે શાસ્ત્રાભ્યાય કરે તેને શ્રુતનો લાભ સુખદાયક થાય છે"

મોટી સભામાં માન મળશે, બીજા કરતાં હું અધિક છું એમ લોકો મને માને એવાં માન અને પૂજાના ભાવથી સ્વાધ્યાય કરે તો તેને કાંઈ લાભનું કારણ થતું નથી પણ શાસ્ત્રનું બહુમાન કરીને આત્માના લક્ષે સ્વાધ્યાય કરે તો લાભનું કારણ થાય. જગતના માન ખાતર કે શિષ્યના લોભને અર્થે શાસ્ત્રો ભણે તો તેને એકલી આકુળતા અને દુઃખ જ થાય છે.

ભાવાર્થ :- જે પોતાના પૂજા-મહિમા આદિ માટે શાસ્ત્રાભ્યાસ કરે છે તેને શાસ્ત્રાભ્યાસ સુખદાયક થતો નથી પણ જે માત્ર કર્મ ક્ષય અર્થે જ જિન શાસ્ત્રોનો અભ્યાસ કરે છે તેને સુખદાયક થાય છે.

જુઓ, અહીં એકલા વીતરાગ શાસ્ત્રોના અભ્યાસથી લાભદાયક એમ કહેલ છે. એ સિવાય બીજાનાં શાસ્ત્રોની વાત કરેલ નથી, એટલે કે વીતરાગ ધર્મના નામે શાસ્ત્રો બનાવ્યાં હોય એવાં શાસ્ત્રો વાંચે તો પણ લાભ થતો નથી. વળી એકલો લૌકિક અભ્યાસ કરે તે તો પાપભાવ છે. એમાં તો એકલું દુઃખ જ છે. વર્તમાન સંસારની કળાનો ઉઘાડ દેખાય છે તે વર્તમાન પુરુષાર્થના કારણે નથી. પૂર્વનો જેટલો ઉઘાડ લઈને આવ્યો હોય એટલી લૌકિક કળા દેખાય છે. જ્યાં સુધી મોહ રાગાદિ છે ત્યાં સુધી લૌકિક ભણતરનો વિકલ્પ આવ્યા વિના રહેતો નથી, પણ તે વિકલ્પના કારણે કળા ખીલતી નથી. જેમ પૈસો વર્તમાન પુરુષાર્થના કારણે મળતો નથી, પણ પૂર્વના પુણ્યના કારણે મળે છે. તેમ વર્તમાન લૌકિક જ્ઞાન વર્તમાન પુરુષાર્થનું ફળ નથી. અશુભભાવ તે જ્ઞાનના ઉઘાડનું કારણ બને નહિ. આત્મામાં શુદ્ધિ થાય તેને શાસ્ત્ર અભ્યાસ લાભકારી થાય છે, પણ શાસ્ત્રમાં અનેક પ્રકારનાં લખાણ આવે તેનો અર્થ સમજે નહિ અને

ઊંધા તર્ક કરે તો તેને શાસ્ત્ર અભ્યાસ લાભનું કારણ થતું નથી.

ગાથા-૪૬૧

**य: जिनशास्त्रं सेवते पण्डितमानी फलं समीहन्।**
**साधर्मिकप्रतिकूल: शास्त्रं अपि विष भवेत् तस्य।।४६१।।**

**અર્થ :- જે પુરુષ, જિનશાસ્ત્ર તો ભણે છે અને પોતાનો પૂજા-લાભ-સત્કાર ઈચ્છે છે તથા જે સાધર્મી-સમ્યગ્દષ્ટિ-જૈનજનોથી પ્રતિકૂલ છે તે પંડિતમન્ય છે. જે પોતે પંડિત તો નથી અને પોતેને પંડિત માને છે, તેને પંડિતમન્ય કહે છે. એવાને એજ શાસ્ત્ર વિષરૂપ પરિણમે છે.**

**ભાવાર્થ :- જે જિન શાસ્ત્રનો અભ્યાસ કરીને પણ તીવ્ર કષાયી તથા ભોગાભિલાષી હોય-જૈનીજનોથી પ્રતિકૂલતા રાખે એવા પંડિતમન્યને શાસ્ત્ર જ વિષ થાય છે, તે મુનિ પણ હોય તો પણ તેને વેષધારી-પાખંડી જ કહીએ છીએ.**

અર્થ :- જે પુરુષ, જિનશાસ્ત્ર તો ભણે છે અને પોતાનો પૂજા-લાભ-સત્કાર ઈચ્છે છે તથા જે સાધર્મી-સમ્યગ્દષ્ટિ-જૈનજનોથી પ્રતિકૂલ છે તે પંડિતમન્ય છે. જે પોતે પંડિત તો નથી અને પોતેને પંડિત માને છે, તેને પંડિતમન્ય કહે છે. એવાને એજ શાસ્ત્ર વિષરૂપ પરિણમે છે.

જે પુરુષ ભણવાથી મોટા ગણાશું અને બહારનો લાભ થશે એમ માનીને શાસ્ત્ર અભ્યાસ કરે છે, અને સાચા દેવાદિથી વિરોધરૂપ વર્તે છે, અને ખોટાઓની પૂજા કરે છે, તે પોતે પંડિત નથી છતાં પોતાને પંડિત માને છે. તેને શાસ્ત્ર અભ્યાસ ઝેરરૂપ પરિણમે છે. જ્ઞાનીના પ્રત્યક્ષ સમાગમ વિના પોતાની મતિ કલ્પનાએ શાસ્ત્ર અભ્યાસ કરે તે પોતાને હિતરૂપ થતો નથી.

ભાવાર્થ :- જે જિન શાસ્ત્રનો અભ્યાસ કરીને પણ તીવ્રકષાયી તથા ભોગાભિલાષી હોય-જૈનીજનોથી પ્રતિકૂલતા રાખે એવા પંડિતમન્યને શાસ્ત્ર જ વિષ થાય છે, તે મુનિ પણ હોય તો પણ તેને વેષધારી-પાખંડી જ કહીએ છીએ.

વીતરાગના શાસ્ત્રોનો અભ્યાસ કરે પણ તીવ્રકષાયી હોય અથવા તો લોભી હોય તે સાચા ધર્મીથી પ્રતિકૂળ થયા વિના રહે નહિ, માટે તે અભ્યાસ તેને ઝેરરૂપ થાય છે. એટલે કે તેનું જ્ઞાન અજ્ઞાનરૂપે પરિણમી જાય છે. એવા જીવો શાસ્ત્રો વાંચીને પણ કુયુક્તિ કાઢે છે અને

શબ્દોના અર્થને સમજતા નથી. તે માત્ર વેશધારી પાખંડી કહેવાય છે, અપૂર્વ પુરુષાર્થ વડે વીતરાગ માર્ગ સમજાય એમ છે. તેથી માત્ર આત્માના હિત માટે અભ્યાસ કરવો જોઈએ પણ બીજા આશયથી શાસ્ત્રો વાંચે તો તે મુનિ હોવા છતાં પાખંડી છે.

ગાથા-૪૬૨

**यः युद्धकामशास्त्रं रागद्वेषैः परिणतः पठति।**
**लोकवञ्चनहेतु स्वाध्यायः निष्फलः तस्य।।४६२।।**

**અર્થ :- જે પુરુષ, યુદ્ધનાં તથા કામકથાનાં શાસ્ત્ર રાગદ્વેષ પરિણામપૂર્વક લોકોને ઠગવા માટે ભણે છે તેનો સ્વાધ્યાય નિષ્ફળ છે.**

**ભાવાર્થ :- જે પુરુષ યુદ્ધના-કામકુતૂહલનાં-મંત્ર-જ્યોતિષ-વૈદક આદિનાં લૌકિક શાસ્ત્રો લોકોને ઠગવા અર્થે ભણે છે તેને સ્વાધ્યાય શાનો ? અહીં કોઈ પ્રશ્ન કરે કે, – મુનિ અને પંડિત પુરુષો તો બધાંય શાસ્ત્રો ભણે છે ! જો એમ છે તો તે શા માટે ભણે છે ? તેનું સમાધાન – અહીં રાગ-દ્વેષથી પોતાના વિષય-આજીવિકાદિક પોષવા માટે લોકોને ઠગવા માટે જે ભણે છે, તેનો નિષેધ છે પણ જે ધર્માર્થી થયો થકો કાંઈક (પારમાર્થિક) પ્રયોજન જાણી એ શાસ્ત્રોને ભણે, જ્ઞાન વધારવા માટે, પરોપકાર કરવા માટે, પુણ્ય-પાપનો વિશેષ નિર્ણય કરવા માટે, સ્વ-પર મતની ચર્ચા જાણવા માટે, અને પંડિત હોય તો ધર્મની પ્રભાવના થાય તેથી અર્થાત્ 'જૈન મતમાં આવા પંડિત છે' ઈત્યાદિ પ્રયોજન માટે, એવા શાસ્ત્રાભ્યાસનો નિષેધ નથી, પરંતુ માત્ર દુષ્ટ અભિપ્રાયથી ભણે તેનો નિષેધ છે.**

અર્થ :- જે પુરુષ, યુદ્ધનાં તથા કામકથાનાં શાસ્ત્ર રાગદ્વેષ પરિણામપૂર્વક લોકોને ઠગવા માટે ભણે છે તેનો સ્વાધ્યાય નિષ્ફળ છે.

ભગવાનના શાસ્ત્રો મૂકીને લડાઈનાં કે વિષય કષાય વધે એવા શાસ્ત્રો લોકોને ઠગવા માટે ભણે તો એનાથી આત્માને કાંઈ લાભ થતો નથી. કોઈ કહે કે, લોકોના ભલા માટે બીજી કળાનાં શાસ્ત્રો ભણે તો શું વાંધો ? તો તેને કહે છે કે, એ પણ રાગ-દ્વેષને પોષે છે, કેમકે કોઈ પરનું ભલું-બુરું તો કરી શકતું જ નથી. વસ્તુ છે તો એની પર્યાય એના કારણે થાય છે, એમ ન માનતાં મારા કારણે થાય છે એમ માનવું એ જ મહાન પાપ છે. માટે પરના ઉપકાર માટે ભણતર ભણવું સારું છે, એમ જે માને છે તે મોટો મૂઢ અને પાખંડી છે. આ વાત હવે ગુપ્ત રહી નથી, ઢંઢેરો પીટીને બહાર આવી છે કે દરેક વસ્તુ સ્વતંત્ર છે, તે પોતાના

કારણે પરિણમી રહી છે. નિમિત્ત આવે છે માટે પરિણમે છે એમ નથી, છતાં જે કોઈ પરના કારણે પર્યાય થાય છે એમ માને તે મિથ્યાઅભિમાની છે.

આ વાત સાંભળીને હવે ઘણાં એમ કહે છે કે આત્માના કારણે પરની અવસ્થા થતી નથી એ વાત તો બરાબર છે પણ આપણે નિમિત્ત તો થઈએ ને ? તો તેને કહે છે કે નિમિત્ત તો ત્યારે કહેવાય કે, જ્યારે ઉપાદાનમાં પોતાના કારણે પોતાના કાળે સ્વતંત્ર પરિણમન થઈને કાર્ય થાય છે, ત્યારે પણ નિમિત્ત આવ્યું માટે કાર્ય થાય છે એમ નથી. નિમિત્ત નથી એમ નથી. લોકોને સુખી થવું હોય અને ધર્મ કરવો હોય તો આ માન્યે છૂટકો છે. દરેક પદાર્થ છે તો એનું વર્તમાન પણ છે, એના વર્તમાનને ન માને તો વસ્તુને જ માની નહી. આ વાત અનંત કેવળીઓ કહી ગયા છે તે છે. આવી વાત સાંભળીને ઘણાં ત્યાગીઓ નકલ કરવા મંડી ગયા છે, પણ જેને હજુ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા નથી અને ઓળખાણ પણ નથી, તેને કોઈ રીતે, આ વાત બેસે એમ નથી. આત્માનું ભાન થાય ત્યારે એને ધર્મનું એવું માહાત્મ્ય આવે કે દેવ-ગરુ-શાસ્ત્ર માટે લાખો રૂપિયા ખરચવાનો ભાવ આવ્યા વિના રહે નહિ. જિન મંદિરો માટે અને ધર્મની પ્રભાવના માટે નિરંતર પ્રયાસ કર્યા કરે છે. અત્યારે તો આ વાતને સમજનારા ઘણાં નીકળ્યા છે અને આફ્રિકા સુધી આ વાત પહોંચી છે અને ત્યાં હંમેશા સ્વાધ્યાય ચાલે છે, જેને જેની રુચિ હોય તેમાં તે નિરંતર વખત ગાળે છે.

ભાવાર્થ :- જે પુરુષ યુદ્ધના-કામકુતૂહલનાં-મંત્ર-જ્યોતિષ-વૈદક આદિનાં લૌકિક શાસ્ત્રો લોકોને ઠગવા અર્થે ભણે છે તેને સ્વાધ્યાય શાનો ? અહીં કોઈ પ્રશ્ન કરે કે, – મુનિ અને પંડિત પુરુષો તો બધાંય શાસ્ત્રો ભણે છે ! જો એમ છે તો તે શા માટે ભણે છે ? તેનું સમાધાન – અહીં રાગ-દ્વેષથી પોતાના વિષય-આજીવિકાદિક પોષવા માટે લોકોને ઠગવા માટે જે ભણે છે, તેનો નિષેધ છે પણ જે ધર્માર્થી થયો થકો કાંઈક (પારમાર્થિક) પ્રયોજન જાણી એ શાસ્ત્રો ભણે, જ્ઞાન વધારવા માટે, પરોપકાર કરવા માટે, પુણ્ય-પાપનો વિશેષ નિર્ણય કરવા માટે, સ્વ-પર મતની ચર્ચા જાણવા માટે, અને પંડિત હોય તો ધર્મની પ્રભાવના થાય તેથી અર્થાત્ 'જૈન મતમાં આવા પંડિત છે' ઈત્યાદિ પ્રયોજન માટે, આવા શાસ્ત્રાભ્યાસનો નિષેધ નથી, પરંતુ માત્ર દુષ્ટ અભિપ્રાયથી ભણે તેનો નિષેધ છે

રાગ-દ્વેષ અને વિષય કે આજીવિકા અર્થે શાસ્ત્રો ભણે તો તેનો અહીં નિષેધ કર્યો છે, પણ નિઃસ્પૃહ રીતે શાસ્ત્રો ભણે કે બનાવે એનો નિષેધ નથી. જંગલમાં વિચરતાં સંત મુનિઓને ધર્મની પ્રભાવના અર્થે વૈદકાદિ શાસ્ત્રો બનાવવાનો કોઈ વખતે વિકલ્પ આવ્યો, અને શાસ્ત્રો રચાઈ ગયાં. મુનિ તો નિઃસ્પૃહ હોય છે પણ કોઈ વખતે અન્યમતોમાં વૈદોનું જોર હોય તો જૈનમાં પણ વૈદકનું જ્ઞાન છે, એમ બતાવવા દવા કેમ બને ? અને ક્યા રોગમાં કઈ

દવા લાગુ પડે ? એના શાસ્ત્રો રચે પણ એમાં માત્ર જૈન ધર્મની પ્રભાવનાનો હેતુ હોય છે. વિષય-કષાયનો કે માન-પૂજાનો ભાવ મુનિને હોતો નથી, માટે એનો નિષેધ હોતો નથી.

ભાદરવા વદ ૭ બુધવાર તા. ૧૦-૯-૧૯૫૨

આ અધિકાર સ્વાધ્યાય તપનો છે. જૈન વીતરાગનાં શાસ્ત્રોનાં સ્વાધ્યાયનો સાર આ ગાથામાં કહે છે. એટલે કે આખા જૈન શાસનનો સાર આ ગાથામાં છે. સમયસાર ગાથા ૧૫ માં અબદ્ધ સ્પૃષ્ટાદિ આત્માને જાણે છે તે જૈન શાસનને જાણે છે, એમ કહેલ છે. તે આ ગાથામાં સનાતન વીતરાગ માર્ગનું આખું શાસન સમાડી દીધું છે. માટે આ ગાથા ઘણી ઊંચી છે. વાંચણી લે, પ્રશ્ન કરે, શાસ્ત્રનો અભ્યાસ કરે એ બધાનો સાર આ ગાથામાં છે.

ગાથા-૪૬૩

**य: आत्मानं जानाति अशुचिशरीरात् तत्वत: भिन्नं।**
**ज्ञायकरूपस्वरूपं स: शास्त्र जानाति सर्वे।।४६३।।**

**અર્થ :- જે મુનિ આ અપવિત્ર શરીરથી પોતાના આત્માને ભિન્ન જ્ઞાયકસ્વરૂપ જાણે છે, તેણે સર્વ શાસ્ત્રો જાણ્યાં.**

**ભાવાર્થ :- જે મુનિ, શાસ્ત્રાભ્યાસ અલ્પ પણ કરે છે પરંતુ જો પોતાના આત્માનું સ્વરૂપ આ અશુચિમય શરીરથી ભિન્ન જ્ઞાયક દેખવા–જાણવાવાળું શુદ્ધોપયોગરૂપ છે એમ જાણે છે તો તે બધાંય શાસ્ત્રો જાણે છે, પરંતુ જેણે પોતાનું સ્વરૂપ તો જાણ્યું નહિ અને ઘણાં શાસ્ત્રો ભણ્યો તો તેથી શું સાધ્ય થયું ?**

અર્થ :- જે મુનિ આ અપવિત્ર શરીરથી પોતાના આત્માને ભિન્ન જ્ઞાયકસ્વરૂપ જાણે છે, તેણે સર્વ શાસ્ત્રો જાણ્યાં.

આત્મા જ્ઞાયકસ્વરૂપ છે. તે પુણ્ય-પાપાદિ તત્વોથી ભિન્ન છે. આત્મા શરીરથી ભિન્ન છે એટલે કાર્મણ શરીરથી પણ ભિન્ન છે. પુણ્ય-પાપ તે પણ કાર્મણ શરીરમાં સમાઈ જાય છે. એનાથી આત્મા જુદો છે એમ જાણવું તે ચારે અનુયોગનો સાર છે. ચારે અનુયોગનાં શાસ્ત્રોમાં આ એક જ વાત કરી છે કે, આત્મા રાગાદિ અને શરીરાદિ પર દ્રવ્યોથી ભિન્ન છે, એમ જાણવું તે ધર્મ છે. જે શાસ્ત્રો રાગથી, પુણ્યથી કે શરીરાદિ નિમિત્તથી આત્માને લાભ થાય એમ કહે તે શાસ્ત્રો જ નથી અને વીતરાગનાં શાસ્ત્રો વાંચીને એમાંથી સાર એમ કાઢે કે રાગથી અને પરથી લાભ થાય, તો તે શાસ્ત્રોના અર્થને સમજ્યો નથી. આત્મા જ્ઞાયકસ્વરૂપી, પરથી

ભિન્ન છે એમ જાણવું તે જૈન શાસનનો સાર છે. માટે જેને સમજવું હોય તેણે આ જ સમજવું, વિચારવું હોય તેણે આ જ વિચારવું અને પ્રશ્ન કરવો હોય તેણે આ જ પ્રશ્ન કરવો એ સાર છે.

સમયસાર ગાથા ૧૫ માં સકળ જિનશાસનનો સાર છે. કોઈને એમ થયું છે કે કુંદકુંદાચાર્યદેવ બીજું કહે છે અને સમંતભદ્રાચાર્ય બીજું કહે છે. પણ એમ નથી. અષ્ટસહસ્ત્રી આદિ વ્યવહાર અને ન્યાયના ગ્રંથોમાં નિમિત્ત બીજો પદાર્થ છે એનું જ્ઞાન કરાવે છે પણ નિમિત્તના કારણે ઉપાદાનમાં કાંઈ કામ થાય છે એમ નથી. જેને આ વાત સમજાતી નથી, તેનામાં ખળભળાટ ઊઠ્યો છે કે નિમિત્ત હોય તો જ ઉપાદાનમાં કામ થાય. પણ અહીં તો આ ગાથામાં કહે છે કે આત્મા જ્ઞાયકસ્વરૂપ નિમિત્ત અને રાગાદિથી ભિન્ન છે એમ જાણ્યું તેણે જિનશાસન જાણ્યું. બધાં શાસ્ત્રોનો સાર આમાં આવી જાય છે. હા, નિમિત્ત બીજી વસ્તુ છે ખરી, પણ ઉપાદાનમાં પોતાના કારણે કાર્ય થાય ત્યારે પર વસ્તુમાં નિમિત્તપણાનો આરોપ આવે છે, એમ જાણે તેણે સર્વ શાસ્ત્રોને જાણ્યા. બીજા શાસ્ત્રો નિમિત્ત અને વ્યવહારની વાત કરે છે તો ત્યાં નિમિત્ત અને વ્યવહાર છે, એવું જ્ઞાન કરવું પણ તેનાથી ઉપાદાનમાં કાંઈ કાર્ય થાય છે કે નિશ્ચય પ્રગટે છે એમ સમજવું નહીં.

સર્વજ્ઞ ભગવાને ચારે અનુયોગોમાં જ્ઞાયકસ્વભાવી આત્મા શરીર આદિથી ભિન્ન છે એમ કહ્યું છે, આમ જાણતાં તેમાં દેવ-ગુરુ-શાસ્ત્રની યથાર્થ ઓળખાણ પણ આવી ગઈ.

દ્રવ્યાનુયોગની અપેક્ષાએ જ્ઞાન આત્માથી થાય અને ચરણાનુયોગની અપેક્ષાએ રાગ અને નિમિત્તથી જ્ઞાન થાય એમ નથી. આખા જૈન શાસનનો સાર તો એ છે કે આત્મા જ્ઞાયક સ્વરૂપી છે અને પરથી ભિન્ન છે એમ જાણવું. આમ જાણ્યું તેણે સર્વ શાસ્ત્રો જાણ્યાં.

આત્મા પરથી ભિન્ન જ્ઞાયક છે. એની જેને ખબર નથી તે પોતાની કલ્પનાથી શાસ્ત્રો વાંચીને, જ્ઞાનકાંડ, કર્મકાંડ, ભક્તિકાંડ એવા ત્રણ કાંડથી આત્મામાં કાર્ય થાય એમ માને છે અને બીજાને મનાવે છે, પણ એ વાત ખોટી છે. આત્માને પરની ભક્તિથી, કર્મથી કે રાગથી ધર્મ થતો નથી, કેમકે પરની સાથે એને કાંઈ સંબંધ નથી. પરથી કાર્ય થાય એમ જે માને છે તે શાસ્ત્રોના અર્થને સમજ્યો નથી. આત્મા જ્ઞાયક છે એને જાણ્યો ત્યારે જે ભક્તિ આદિનો શુભભાવ હોય છે તેને નિમિત્ત કહેવાય છે, પણ કર્મકાંડ કે ભક્તિકાંડથી જ્ઞાનકાંડ પ્રગટ થાય એમ નથી.

સર્વજ્ઞ વીતરાગદેવનાં શાસ્ત્રોનું યથાર્થ જ્ઞાન થયું એટલે અન્ય શાસ્ત્રો શું કહે છે તેનું જ્ઞાન પણ થઈ જાય છે. દિગંબર સંતોનો રચેલો નાનામાં નાનો ગ્રંથ લ્યો કે મોટો ગ્રંથ લ્યો તો તે બધાનો સાર એક જ છે. સમયસારની ગાથા ૧૫મીમાં આ વાત કરી છે અને અહીં

સ્વાધ્યાયની વાત કરતાં જ્ઞાયકની વાત મૂકી છે. આનાથી વિરુદ્ધ માને તે સ્વાધ્યાયને સમજતો પણ નથી.

આત્મા ચૈતન્યમૂર્તિ છે. એની પર્યાય સમયે સમયે જે થાય છે તે પોતાના કારણે પોતામાં થાય છે છતાં દ્રવ્યદૃષ્ટિને મુખ્ય કરી તેને અભૂતાર્થ કહે છે. વસ્તુદૃષ્ટિમાં પદાર્થને ભૂતાર્થ કહેલ છે. અપેક્ષાએ પોતાની પર્યાયને અભૂતાર્થ કહી છે. તો પછી પરની પર્યાય મારાથી થાય છે, એમ માનીને પર પર્યાયને ભૂતાર્થ કરવા માંગે છે તે તો સ્થૂલ મિથ્યાદૃષ્ટિ છે. એને દ્રવ્ય સન્મુખ જોવાનો અવકાશ પણ નથી, અને જે પોતાની પર્યાય પોતાથી છે તેને નિમિત્તના કારણે છે એમ માને તે ભૂતાર્થને અભૂતાર્થ કરવા માંગે છે તે પણ ખોટો છે. દ્રવ્યદૃષ્ટિની મુખ્યતાએ પર્યાયને અભૂતાર્થ કરવી જોઈએ એમ ન કરતાં નિમિત્તના કારણે માનીને અભૂતાર્થ કરે છે. તેને પણ સ્વભાવદૃષ્ટિ ત્રણ કાળમાં થતી નથી. શાસ્ત્રમાં અભેદની દૃષ્ટિએ ભેદનો ગૌણ કરીને વ્યવહાર કહી તેને અભૂતાર્થ કહેલ છે. છતાં અજ્ઞાની નિમિત્તના કારણે પર્યાય થાય છે, એમ માની છતી પર્યાયને અછતી માને છે તેને દ્રવ્યદૃષ્ટિ થવાનો અવકાશ નથી.

પર્યાય દૃવ્યમાં અભેદ થતાં ભેદ દેખાતો નથી. માટે પર્યાયને અભૂતાર્થ કહેલ છે, પણ પર્યાય છે જ નહીં એમ એનો અર્થ નથી, અને પર્યાય પરથી થાય છે એમ પણ નથી. આમ હોવા છતાં પર્યાય પરથી થાય છે અથવા પર્યાયનો અભાવ છે એમ જે માને છે તે એકાંત મિથ્યાદૃષ્ટિ છે. સર્વજ્ઞે કહેલાં શાસ્ત્રોમાં આ વાત હોય છે. સર્વજ્ઞના નામે કલ્પિત શાસ્ત્રો રચ્યાં છે તેમાં આ વાત છે જ નહિ, કેમકે એ તો ગૃહીત મિથ્યાદૃષ્ટિના લખેલાં છે.

ચૌદ પૂર્વ અને બાર અંગનો સાર આ ગાથામાં આચાર્ય ભગવાને નાંખી દીધો છે. જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ છૂટે નહિ અને અંતર્લીનતા રહે એ જ મુનિપણું છે. જે જે મુનિને જે જે કાળે જેવો જોવો વિકલ્પ આવ્યો તેવાં તેવાં શાસ્ત્રો એના કારણે લખાઈ ગયાં છે.

શરીરાદિ પર દ્રવ્યો આત્માથી ભિન્ન છે અને તેનાં નિમિત્તે થતાં રાગાદિ પરિણામો પણ છે પણ તે આત્માના ત્રિકાળી સ્વભાવમાં નથી, એમ જાણવું તે ભેદાભેદનું યથાર્થ જ્ઞાન છે. આવા વિચારો સાધકને હોય છે, કેવલીને હોતાં નથી. એથી કરીને કેવલીને પર્યાય હોતી જ નથી એમ નથી. પર્યાયને અભૂતાર્થ માનવામાં બે દ્રષ્ટિ છે. એક તો પરના કારણે પર્યાય થતી માને તે છતી પર્યાયને અભૂતાર્થ માને છે તે ભ્રાંતિ છે એટલે મિથ્યાદૃષ્ટિ છે અને પોતાના ત્રિકાળી સ્વભાવમાં નથી માટે અભૂતાર્થ છે એમ જે માને છે તે સમ્યગ્દૃષ્ટિ છે. આ વાત સમજ્યા વિના આ મનુષ્યભવ પૂરો થઈ ગયો તો પછી પત્તો ખાશે નહિં. માટે સમ્યગ્જ્ઞાનરૂપી દોરો આત્મારૂપી સોયમાં પરોવી લેવો એ આત્માનું કર્તવ્ય છે અને તો જ આત્મા ચોરાશીના અવતારમાં ખોવાશે નહિ.

ભાવાર્થ :- જે મુનિ પોતાના આત્માનું સ્વરૂપ અશુચિમય શરીરથી ભિન્ન છે અને જાણવા-દેખવાના શુદ્ધ ઉપયોગવાળું છે એમ જાણે અને નિર્ણય કરે તે બધાં શાસ્ત્રને જાણે છે, પણ પોતાના સ્વરૂપને જાણે નહિં અને હજારો ગ્રંથો વાંચે-સ્વાધ્યાય કરે તો પણ એથી એના આત્માને કાંઈ લાભ થતો નથી. શાસ્ત્રનું થોડું જ્ઞાન હોય પણ એનો સાર કાઢી લે તો શાસ્ત્રોને જાણ્યા કહેવાય અને જેને આત્માનું ભાન હોય છે એ દેવાદિના સ્વરૂપને પણ બરાબર જાણે છે. એનો વિવેક એને બરાબર હોય છે. અજ્ઞાનીને એમ લાગે છે કે નિમિત્તને લીધે ઉપાદાનમાં કાર્ય થતું માનો તો નિમિત્ત માન્યું કહેવાય. વળી એને એમ લાગે છે કે એમ ન માને તો અમારો વિનય પછી કોણ કરશે ? પણ તે શાસ્ત્રને સમજ્યો નથી.

ગાથા-૪૬૪

**यः न अपि जानाति आत्मानं ज्ञानस्वरूपं शरीरतः भिन्नं।**
**सः न अपि जानाति शास्त्रं आगमपाठं कुर्वन् अपि।।४६४।।**

**અર્થ :- જે મુનિ, પોતાના આત્માને જ્ઞાનસ્વરૂપ અને શરીરથી ભિન્ન જાણતો નથી તે આગમનો પાઠ કરે છે તોપણ શાસ્ત્રને જાણતો નથી.**

**ભાવાર્થ :- જે મુનિ, શરીરથી ભિન્ન એવા જ્ઞાનસ્વરૂપ આત્માને જાણતો નથી તે ઘણો શાસ્ત્રાભ્યાસ કરે છે તો પણ અભ્યાસ વિનાનો જ છે, શાસ્ત્રાભ્યાસનો સાર તો આ છે કે પોતાનું સ્વરૂપ જાણી રાગદ્વેષરહિત થવું. હવે જો શાસ્ત્ર ભણીને પણ જો એમ ન થયું તો તે શું ભણ્યો ? પોતાનું સ્વરૂપ જાણી તેમાં સ્થિર થવું તે નિશ્ચય સ્વાધ્યાયતપ છે. વાચના, પૃચ્છના, અનુપ્રેક્ષા, આમ્નાય અને ધર્મોપદેશ એ પ્રમાણે પાંચ પ્રકારનો વ્યવહાર સ્વાધ્યાય છે અને તે વ્યવહાર પણ નિશ્ચયના માટે હોય તો તે વ્યવહાર સાચો છે બાકી તો નિશ્ચય વિનાનો વ્યવહાર થોથું છે.**

અર્થ :- જે મુનિ પોતાના આત્માને જાણતો નથી, તે આગમ પાઠ કરે છે છતાં તેના રહસ્યને જાણતો નથી. શરીરથી આત્મા ભિન્ન છે, માટે શરીરથી આત્મામાં કાંઈ કામ થાય નહિ અને આત્માથી શરીરમાં કાંઈ કાર્ય થાય નહિ એમ માને તો બન્નેને ભિન્ન માન્યાં કહેવાય. એ વાતની જેને ખબર નથી તે શાસ્ત્રને જાણતો નથી, શાસ્ત્રને ભણવાં છતાં શાસ્ત્રને તે ખરેખર ભણ્યો જ નથી.

આત્મા, પુદ્‌ગલ, આદિ છ દ્રવ્યો પૃથક પૃથક છે, દરેક પદાર્થની ક્રિયા પૃથક પૃથક થઈ રહી છે અને પોતપોતાના કારણે થઈ રહી છે, એમ ન માને તો પૃથક પૃથક દ્રવ્ય પણ સિદ્ધ થતાં નથી અને એનું જ્ઞાન પણ સમ્યક્ થતું નથી. આત્મા અને દશ પ્રાણો પૃથક પૃથક છે, છતાં આત્મા પ્રાણોને ધારણ કરે છે એમ કહેવું તે વ્યવહાર કથન છે. દરેકે દરેક પરમાણુ ભિન્ન ભિન્ન છે અને આત્માથી શરીરના પરમાણુ ભિન્ન છે, એમ શાસ્ત્રનો સ્વાધ્યાય કરીને જે સમજતો નથી તે શાસ્ત્રને જાણતો નથી.

ભાવાર્થ :- શાસ્ત્રો વાંચવાનો અને અભ્યાસ કરવાનો સાર તો પોતાનું સ્વરૂપ જાણી રાગદ્વેષરહિત થવું એ છે. હવે જો શાસ્ત્રો ભણીને પણ એમ ન થયું તો તે શું ભણ્યો ? પોતાનું સ્વરૂપ જાણી તેમાં સ્થિર થવું તે નિશ્ચય સ્વાધ્યાયતપ છે. દિગંબર સંત મુનિઓની એકધારી વાત હોય છે. એ સિવાય બીજાઓની વાતમાં તો મેળ જ હોતો નથી. છાસ બાકળાની જેમ મેળ વગરની મિથ્યાદૃષ્ટિઓની વાતો હોય છે. એવા જીવો તો ચારગતિમાં રખડે છે. ખોટા શાસ્ત્રો ભણવાથી લાભ થતો નથી, માટે આત્મા જ્ઞાયક છે એનો નિર્ણય કરી તેમાં લીન થવું તે સાચો સ્વાધ્યાય તપ છે એમ જાણવું.

# પ્રસાદ નં. – ૩૨૨

**વી. નિ સં. ૨૪૭૮, ભાદરવા વદ ૧૩, વર્ષ ૨જું. પુસ્તક અગિયારમું,**
**સોનગઢ, તા. ૧૬-૯-૫૨, મંગળવાર.**

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(ભાદરવા વદ ૯, શુક્રવાર, ૧૨-૯-૫૨ સવાર)**

આ તપશ્ચર્યાનો અધિકાર છે. તેમાં સ્વાધ્યાય તપની વાત ચાલે છે. આત્મા જ્ઞાયકમૂર્તિ છે, એના નિર્ણયપૂર્વક લીનતા થતાં નિશ્ચય સ્વાધ્યાય થાય છે. તે વખતે વ્યવહાર સ્વાધ્યાય હોય છે. તેનાં પાંચ પ્રકાર છે.

વાંચ્છાના, પૃચ્છના, અનુપ્રેક્ષા, અમ્નાય, અને ધર્મોપદેશ, એ પ્રમાણે પાંચ પ્રકારનો વ્યવહાર સ્વાધ્યાય છે. અને તે વ્યવહાર પણ નિશ્ચયના માટે હોય તો તે વ્યવહાર સાચો છે. બાકી તો નિશ્ચય વિનાનો વ્યવહાર થોથું છે.

આગળ વાત આવી ગઈ છે કે પોતાનું અભિમાન પોષવા ખાતર ખોટાં શાસ્ત્રોનું વાંચન, સ્વાધ્યાય કરે તો તે ઝેરરૂપ પરિણમે છે. અહીં તો ભગવાન સર્વજ્ઞદેવના કહેલા શાસ્ત્રો છે, એની વાંચણી લેવી દેવી તેને વ્યવહાર સ્વાધ્યાય કહ્યો છે. કુદેવાદિનાં શાસ્ત્રોની વાંચણી તે તો વ્યવહાર પણ નથી, એકલું મિથ્યાત્વનું પોષણ છે. જે કુળમાં જન્મ્યો હોય એનાં શાસ્ત્રો વાંચવા એ કાંઈ વ્યવહાર નથી.

જુઓ, જેમ વેપારી પોતાના ધંધા માટે બધા પડખાંથી પ્રથમ નક્કી કરે છે. જેને રૂપિયા આપવા હોય તે આસામી કેવો છે ? વ્યાજ સહિત તે રૂપિયા પાછા આપશે કે નહિ ? અને જે નોકર હથું કામ કરવાનું હોય તે નોકર ખાનદાન છે કે નહિ ? તે બધું પ્રથમ નક્કી

કરે છે. તેમ સ્વાધ્યાય કરવાવાળાએ પ્રથમ આ શાસ્ત્રો સર્વજ્ઞ વીતરાગના કહેલાં છે કે નહિ ? એમ પ્રથમ નક્કી કરવું જોઈએ, અને પછી આત્માને સમજવા માટે એવાં શાસ્ત્રોનો સ્વાધ્યાય કરવો, વાંચણી કરવી, પ્રશ્ન કરવા, ધારણા કરવી, વારંવાર પરિયટણા કરવી અને એનો ઉપદેશ આપવો તે વ્યવહાર સ્વાધ્યાય છે.

નિયમસાર ગાથા ૮મીમાં શ્રી કુંદકુંદાચાર્યદેવ કહે છે કે :-

સર્વજ્ઞ પરમાત્માના મુખમાંથી નીકળેલી વાણી જે પૂર્વાપર દોષરહિત અને શુદ્ધ છે તેને આગમ કહે છે, અને તેમણે જે તત્વાર્થો કહ્યા છે, તેનો અભ્યાસ કરવો. મોક્ષમાર્ગ પ્રકાશકમાં પંડિતવર્ય શ્રી ટોડરમલ્લજી એ પણ કહ્યુ છે કે :- પૂર્વાપર વિરોધરહિત જે શાસ્ત્રો હોય તે વાંચવા, કુદેવાદિના કહેલાં ખોટા શાસ્ત્રો વાંચવાથી આત્માને તે ઝેરરૂપ પરિણમે છે. જ્ઞાની ધર્માત્મા અથવા મુનિ કે જેમની દૃષ્ટિ ખૂલી ગઈ છે, જેમને આત્માનો યથાર્થ અનુભવ થયો છે. એવા કદાચ અન્યમતિનાં શાસ્ત્રો કઈ રીતે ખોટું સિદ્ધ કરે છે એ જાણવા માટે વાંચે તો તેમાં દોષ નથી, પણ તેનાથી લાભ થશે એવી બુદ્ધિથી વાંચે તો મિથ્યાત્વ દૃઢ થાય છે, તેથી તે વ્યવહાર પણ નથી.

અજ્ઞાની પોતાનું માન પોષવા માટે પૂર્વાપર વિરોધ જેમાં છે એવાં શાસ્ત્રો વાંચીને અમારામાં પણ આત્માની વાત છે અને તમારા જેવી બધી વાત એમાં આવે છે એમ કહીને લોકોને ભ્રમણામાં નાખે છે. તેને સાચાં ખોટાં શાસ્ત્રોનો ભેદ પાડવાનો અવકાશ રહેતો નથી. પણ જે જીવ જેના નિમિત્તે આ વાત મલી હોય તેની પ્રશંસા કરે અને જ્યાંથી આ વાત નીકળી હોય તેને કબૂલે અને કહે કે આપણા શાસ્ત્રોમાં આ વાત ન હતી, આ વાત તો અપૂર્વ છે એમ સજ્જનતાપૂર્વક શાસ્ત્રો વાંચે તો વ્યવહાર સ્વાધ્યાય કહેવાય. જે શાસ્ત્રોમાં વ્યવહારથી નિશ્ચય પ્રગટે એમ કહ્યું હોય એ શાસ્ત્રોમાં નિશ્ચયની સ્વતંત્ર વાત હોઈ શકે નહિ, જેમાં પૂર્વાપર વિરોધવાળી વાત હોય તેમાં અવિરોધ વાત હોય નહિ.

વળી અત્યારે તો યથાર્થ સ્વરૂપ સમજ્યાં વગર પણ ઘણાં આત્માની વાતો કરતા થઈ ગયા છે. દયા, દાન, ભક્તિ આદિ શુભભાવ છે, તેને પાપ મનાવે છે. જેને પુણ્ય-પાપનો પણ વિવેક નથી તે પણ કહે છે કે અમારા સાધુઓ અધ્યાત્મના સાધક છે. પૂર્વાપર વિરોધ માન્યતા છે તેમાં આ વાત આવી ક્યાંથી ? જેને શુભભાવની પણ ખબર નથી તેને તે બન્ને રહિત શુદ્ધ આત્માની વાત હોય નહિ. જેને વીતરાગની ભાવના હોય છે તે અશુભભાવ છોડીને શુભમાં જોડાય છે, પણ નિશ્ચયથી શુભાશુભ બન્ને ભાવોને બંધસ્વરૂપ જાણે છે. માટે પ્રથમ પુણ્ય-પાપનો વિવેક આવવો જોઈએ. જો સમ્યગ્દૃષ્ટિ જીવને શુભભાવ ન હોય તો મરીને સ્વર્ગે કેમ જાય ? પાપભાવ છોડીને પુણ્યભાવ જ્ઞાનીને પણ હોય છે અને તેવો ધર્માનુરાગ હોય

ત્યારે જિનમંદિર આદિ બનાવવાનો તથા દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ-પૂજાનો ભાવ જરૂર હોય છે, માટે જેમ છે તેમ જે પ્રથમ સમજે તેને વ્યવહાર સ્વાધ્યાય હોય છે.

ગાથા-૪૬૫-૪૬૬

આગળ વ્યુત્સર્ગ કહે છે :-

**जल्लमललित्तगत्तो दुस्सहवाहीसु णिप्पडीयारो।**
**मुहधोवणादिविरओ भोयण सेज्जादिणिरवेक्खो।।४६५।।**
**ससरूवचिंतणरओ दुज्जणसुयणाण जो हु मज्झत्थो।**
**देहे वि णिम्ममत्तो काओसग्गो तवो तस्स।।४६६।।**

जल्लमललिप्तगात्रः दुःसहव्याधिषु निःप्रतीकारः।
मुखधोवनादिविरतः भोजनशय्यादिनिरपेक्षः।।४६५।।
स्वरूपरूपचिन्तनरतः दुर्जनस्वजनानां यः स्फूटं मध्यस्थः।
देहे अपि निर्ममत्वः कायोत्सर्गः तपः तस्य।।४६६।।

**અર્થ :- જે મુનિ જલ્લ અર્થાત્ પરસેવો તથા મળથી લિપ્ત શરીરયુક્ત હોય, સહન ન થઈ શકે એવો તીવ્ર રોગ થવા છતાં પણ તેનો પ્રતિકાર–ઈલાજ કરે નહિ, મુખ ધોવું આદિ શરીરનો સંસ્કાર ન કરે, ભોજન–શૈયાદિની વાંચ્છા ન કરે, પોતાના સ્વરૂપચિંત્વનમાં રત–લીન હોય, દુર્જન–સજ્જનમાં મધ્યસ્થ હોય, શત્રુ–મિત્ર બંનેને બરાબર જાણે, ઘણું શું કહીએ, દેહમાં પણ મમત્વરહીત હોય તેને કાયોત્સર્ગ નામનું તપ હોય છે. મુનિ, કાયોત્સર્ગ કરે ત્યારે સર્વ બાહ્યાભ્યંતરપરિગ્રહનો ત્યાગ કરી સર્વ બાહ્ય આહારવિહારાદિ ક્રિયાથી પણ રહિત થઈ–કાયાથી મમત્વ છોડી માત્ર પોતાના જ્ઞાનસ્વરૂપ આત્મામાં રાગદ્વેષરહિત શુદ્ધોપયોગરૂપ થઈ તલ્લીન થાય છે, તે વેળા ભલે અનેક ઉપસર્ગ આવે–રોગ આવે તથા કોઈ શરીરને કાપી જાય છતાં તેઓ સ્વરૂપથી ચલિત થતાં નથી તથા કોઈથી રાગદ્વેષ ઊપજાવતા નથી તેને કાયોત્સર્ગ તપ હોય છે.**

અર્થ :- જે મુનિ પરસેવો તથા મળથી લિપ્ત શરીર યુક્ત હોય, સહન ન થઈ શકે તેવો તીવ્ર રોગ થવા છતાં પણ તેનો ઈલાજ કરે નહિ. ચિદાનંદ મારો સ્વભાવ છે, એનો આશ્રય જેને વર્તે છે, તેને શરીરનો આશ્રય હોતો નથી. તેથી શરીરમાં રોગ આવે તો તેની

દવા કરાવતા નથી. આત્માની સુરતા માંડી છે તેને શરીરની સુરતા છૂટી ગઈ છે.

મુનિ મોઢું ધોતા નથી, તેઓ શરીરનો સંસ્કાર ન કરે, ભોજન શૈયાદિની વાંચ્છા ન કરે, સૂવાનું ઠેકાણું સારું હોય તો ઠીક એવી ઈચ્છા મુનિને હોતી નથી. આવી સંત મુનિની દશા હોય છે. તેને બદલે અત્યારે તો મુનિના અને કેવળીના સ્વરૂપને ઘણાં પ્રકારથી વિકૃત કરી નાખ્યું છે. અજ્ઞાનીઓએ કેવળીના નામે શાસ્ત્રો લખ્યાં છે. તેમાં કેવળીને સમુદ્ઘાત થયા પછી મોક્ષમાં જવું છે, તે પહેલાં પાટ પાટલાં ગૃહસ્થને પાછા સોંપી દે છે, એવો મૂળ પાઠ છે. તેમણે કાવળીને રાગી જીવો જેવા કલ્પ્યા છે. અહિ તો કહે છે કે મુનિને પણ પાટ પાટલા હોતા નથી, તો કેવળીને તે હોય એમ બને જ નહિ. ભગવાનનું નામ આપીને ઘણું ન્યાય વિરૂદ્ધ કહ્યું છે. સનાતન માર્ગ તો એક નગ્ન દિગંબર મુનિનો છે. એ સિવાય બીજો સત્ય માર્ગ છે જ નહિ.

જુઓ, આ વાત આટલી બધી સ્પષ્ટ આવી છે તેનું કારણ એ છે કે ઘણા જિજ્ઞાસુ જીવો આ વાતને બરાબર સમજીને ગ્રહવા તૈયાર થઈ ગયા છે. હવે ખોટું નભી શકે તેમ નથી. મુનિને શરીર ઉપર પણ મમતા નથી, તો પછી બહારના શત્રુ કે મિત્ર ઉપર રાગ-દ્વેષ થાય એમ હોતું જ નથી.

ઘણું શું કહીયે ? દેહમાં પણ મમત્વરહિત હોય તેને કાયોત્સર્ગતપ હોય છે. મુનિ કાયોત્સર્ગ કરે ત્યારે એમને બાહ્ય અને અભ્યંતર બન્ને પ્રકારનો પરિગ્રહ છૂટી ગયો હોય છે અને માત્ર પોતાના જ્ઞાનાનંદ ચૈતન્યસ્વરૂપ આત્મામાં સુરતા માંડે છે. રાગ-દ્વેષ રહિત થઈ શુદ્ધ ઉપયોગમાં તલ્લીન થાય છે તે વખતે ભલે અનેક પ્રકારનાં ઉપસર્ગ આવે, તથા કોઈ શરીરને કાપી જાય, રોગ આવે છતાં તેઓ સ્વરૂપથી ચલીત થતાં નથી, કોઈ શરીર ઉપર ચંદન ચોપડે તો રાગ થતો નથી અને કોઈ શરીરને ઉપસર્ગ આપે તો તેના પ્રત્યે મુનિને દ્વેષ થતો નથી. એ રીતે કોઈથી રાગદ્વેષ ઉપજાવતા નથી, તેને કાયોત્સર્ગ તપ હોય છે.

ગાથા-૪૬૭

**जो देहपालणपरो उवयरणादीविसेससंसत्तो।**
**बाहिरववहाररओ काओसग्गो कुदो तस्स।।४६७।।**

**यः देहपालनपरः उपकरणादिविशेषसंसक्तः।**
**बाह्यव्यवहाररतः कायोत्सर्गः कुतः तस्य।।४६७।।**

**અર્થ :- જે મુનિ દેહ પાલનમાં તત્પર હોય, ઉપકરણાદિમાં વિશેષ આસક્ત હોય, લોકરંજન કરવા માટે બાહ્ય વ્યવહારમાં લીન હોય-તત્પર હોય તેને કાયોત્સર્ગ તપ ક્યાંથી હોય ?**

**ભાવાર્થ :- જે મુનિ ``લોકો જાણે કે આ મુનિ છે'' એમ વિચારી બાહ્ય વ્યવહાર પૂજા-પ્રતિષ્ટાદિ તથા ઈર્યાસમિતિ આદિ ક્રિયામાં તત્પર હોય, આહારાદિ વડે દેહ પાલન કરવો, ઉપકરણાદિની વિશેષ સાર–સંભાળ કરવી તથા શિષ્યજનાદિથી ઘણી મમતા રાખી પ્રસન્ન થવું ઈત્યાદિમાં લીન હોય પણ જેને પોતાના આત્મસ્વરૂપનો યથાર્થ અનુભવ નથી તથા તેમાં કદી પણ તલ્લીન થતો જ નથી અને કાયોત્સર્ગ પણ કરે તો ઊભા રહેવું આદિ બાહ્ય વિધાન પણ કરી લે છતાં તેને કાયોત્સર્ગતપ કહેતા નથી, (કારણ કે) નિશ્ચય વિનાનો બાહ્ય વ્યવહાર નિરર્થક છે.**

---

અર્થ :- જે મુનિ દેહ પાલનમાં તત્પર હોય, ઉપકરણાદિમાં વિશેષ આસક્ત હોય, લોકરંજન કરવા માટે બાહ્ય વ્યવહારમાં લીન હોય-તત્પર હોય તેને કાયોત્સર્ગ તપ ક્યાંથી હોય ? એટલે જેને આત્મા તરફ લીનતા નથી પણ પરમાં તત્પરતા છે તેને કાયોત્સર્ગ તપ હોતો નથી.

ભાવાર્થ :- જે મુનિ ''લોકો જાણે કે આ મુનિ છે'' એમ વિચારી બાહ્ય વ્યવહાર પૂજા-પ્રતિષ્ટાદિ તથા ઈર્યાસમિતિ આદિ ક્રિયામાં તત્પર રહે, આહારાદિ વડે દેહ પાલન કરવો, ઉપકરણાદિની વિશેષ સંભાળ રાખવી તથા શિષ્યજનાદિથી ઘણી મમતા રાખી પ્રસન્ન થવું, ઈત્યાદિમાં લીન રહે પણ જેને પોતાના આત્મસ્વરૂપનો યથાર્થ અનુભવ નથી તથા તેમાં કદી પણ તલ્લીન થતો જ નથી અને કાયોત્સર્ગ પણ કરે તો ઊભા રહેવું આદિ બાહ્ય વિધાન પણ કરી લે છતાં તેને કાયોત્સર્ગ તપ કહેતા નથી, કારણ કે નિશ્ચય વિનાનો બાહ્ય વ્યવહાર નિરર્થક છે.

---

## ગાથા-૪૬૮

**આગળ ધ્યાન નામના તપનું વિસ્તારથી વર્ણન કરે છે.**

**अंतो मुहुत्तमेत्तं लीणं वत्थुम्मि माणसं णाणं।**
**ज्झाणं भण्णइ समए असुहं च सुहं च तं दुविहं।।४६८।।**

**अन्तर्मुहूर्तमात्रं लीनं वस्तुनि मानसं ज्ञानं।**
**ध्यानं भण्यते समये अशुभं च शुभं च तत् द्विविधं।।४६८।।**

**અર્થ :- મનસંબંધી જ્ઞાનવસ્તુમાં અંતર્મુહર્ત માત્ર લીન થવું એકાગ્ર થવું તેને સિદ્ધાંતમાં ધ્યાન કહ્યું છે અને તે શુભ તથા અશુભ એવા બે પ્રકારનું કહ્યું છે.**

**ભાવાર્થ :- પરમાર્થથી જ્ઞાનનો ઉપયોગ એ જ ધ્યાન છે. અર્થાત્ જ્ઞાનનો ઉપયોગ એક જ્ઞેય વસ્તુમાં અંતર્મુહર્ત માત્ર એકાગ્ર-સ્થિર થાય તે ધ્યાન છે અને તે શુભ તથા અશુભ એવા બે પ્રકારથી છે.**

અર્થ :- મન સંબંધી જ્ઞાન વસ્તુમાં અંતર્મુહર્ત માત્ર લીન થવું એકાગ્ર થવું તેને સિદ્ધાંતમાં ધ્યાન કહ્યું છે અને તે શુભ તથા અશુભ એવા બે પ્રકારથી કહ્યું છે.

જુઓ, અહીં મનને જ્ઞાનવસ્તુમાં જોડી દેવું તેને ધ્યાન કહેલ છે. જ્ઞાનવસ્તુ કહેતાં તેમાં બીજા પણ ગુણો છે એમ ગૌણપણે આવી જાય છે. તેમાં રમણતા કરવી તે ખરેખર ધ્યાન છે, પણ જ્ઞાનસ્વરૂપી આત્માને જાણ્યો જ ન હોય તો એકાગ્રતારૂપી ધ્યાન ક્યાંથી થાય ? ન થાય. જેમ પૈસાની રુચિવાળાને પૈસા કમાવાના વિચારમાં એકાગ્રતા શીખવવી પડતી નથી. કલાકોના કલાકો સુધી તેમાં તે એકાગ્ર થઈ જાય છે. એ અશુભ ધ્યાન છે. જેની જેને રુચિ તેની તેને પરંપરા ચાલ્યા કરે છે. તેમ આત્માની રુચિવાળાને આત્માના વિચારોની પરંપરા ચાલ્યા કરે છે, તે ધ્યાન છે. વળી વિષ્ટાની ગોળીઓ કીડો ફેરવ્યાં કરે છે કેમકે તેમાં તેને પ્રેમ છે. એવી રીતે સંસારની રુચિવાળા સંસારના વિચારો ફેરવ્યાં કરે છે, એ પણ એક માઠું ધ્યાન છે.

ભાવાર્થ :- પરમાર્થથી જ્ઞાનનો ઉપયોગ એ જ ધ્યાન છે. અર્થાત્ જ્ઞાનનો ઉપયોગ એક જ્ઞેય વસ્તુમાં અંતર્મુહર્ત માત્ર એકાગ્ર-સ્થિર થાય તે ધ્યાન છે અને તે શુભ તથા અશુભ એવા બે પ્રકારથી છે. જ્યારે આત્મામાં એકાગ્ર થાય છે ત્યારે વ્યવહારે દેવાદિની શ્રદ્ધા-ભક્તિ આદિનો વિકલ્પ છે તેને શુભભાવરૂપી ધ્યાન કહેવાય છે. પણ ખરેખર જ્ઞાનનો ઉપયોગ એ જ ધ્યાન છે.

ગાથા-૪૬૯

**આગળ શુભ-અશુભધ્યાનના નામ તથા સ્વરૂપ કહે છે :-**

**असुहं अट्ट रउद्दं धम्मं सुक्कं च सुहयरं होदि।**
**आदं तिव्वकसायं तिव्वतमकसायदो रूद्दं।।४६९।।**
**अशुभं आर्तं रौद्रं धर्म्यं शुक्लं च सुखकरं भवति।**
**आर्त्तं तीव्रकषायं तीव्रमकषायतः रौद्रं।।४६९।।**

**અર્થ :- આર્ત અને રૈદ્ર એ બંને તો અશુભધ્યાન છે તથા ધર્મધ્યાન અને શુક્લધ્યાન એ બંને શુભ તથા શુભત્તર છે. તેમાં પ્રથમનું આર્તધ્યાન તો તીવ્રકષાયથી થાય છે તથા રૈદ્રધ્યાન અતિ તીવ્રકષાયથી થાય છે.**

અર્થ :- આર્ત અને રૈદ્ર એ બન્ને તો અશુભ ધ્યાન છે. સંસારની વિચારણા, ખાવા, પીવા, રળવા વગેરેના ભાવો થાય છે તે આર્ત અને રૈદ્રધ્યાન છે, તથા ધર્મધ્યાન અને શુક્લધ્યાન એ બન્ને શુભ અને શુભત્તર છે. તેમાં પ્રથમનું આર્તધ્યાન તો તીવ્ર કષાયથી થાય છે તથા રૈદ્રધ્યાન અતિ તીવ્ર કષાયથી થાય છે. હિંસા આદિના ભાવોમાં આનંદ માનવો તે અતિ તીવ્ર કષાય હોવાથી રૈદ્રધ્યાન છે. મુનિને રૈદ્રધ્યાન હોતું નથી. પાંચમાં ગુણસ્થાન સુધી રૈદ્રધ્યાન હોય છે પણ તે મિથ્યાદર્શનપૂર્વક હોતું નથી.

# પ્રસાદ નં. – ૩૨૪

**વી. નિ સં. ૨૪૭૮, ભાદરવા વદ ૧૪, વર્ષ ૨જું. પુસ્તક અગિયારમું, સોનગઢ, તા. ૧૮-૯-૫૨, શનિવાર.**

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(ભાદરવા વદ ૧૦, શનિવાર, ૧૩-૯-૫૨ સવાર)**

આ તપનો અધિકાર છે. આ બાર પ્રકારના તપમાં છેલ્લો ધ્યાનતપ કોને કહેવો ? તે કહે છે. આ ઊંચામાં ઊંચો તપ છે. તપની વ્યાખ્યા રોટલા ન ખાવા તે નથી, પણ આત્મા સ્વતંત્ર જ્ઞાનાનંદ ચૈતન્યમૂર્તિ છે, એવો નિર્ણય થયા પછી અંતરમાં એકાગ્ર થતાં જે ઉજ્જવળતાના પરિણામ થાય છે તેને ભગવાન તપ કહે છે અને તે વખતે વિકલ્પ હોય તેને વ્યવહાર તપ કહેવાય છે. આત્માની લીનતામાં વિશેષ ઉગ્રતા થાય છે તે ધર્મધ્યાન અને શુક્લધ્યાનરૂપી તપ છે.

ગાથા-૪૭૦

**मंदकसायं धम्मं मंदतमकसायदो हवे सुक्कं।**
**अकसाए वि सुयट्टे केवलणाणे वि तं होदि।।४७०।।**

**मन्दकषायं धर्म्यं मन्दतमकषायतः भवेत् शुक्लं।**
**अकषाये अपि श्रुताढ्ये केवलज्ञाने अपि तत् भवति।।४७०।।**

**અર્થ :- ધર્મધ્યાન મંદકષાયથી થાય છે અને શુક્લધ્યાન મહામુનિ શ્રેણિ ચઢે ત્યારે તેમને અતિશય મંદકષાયથી થાય છે.તથા કષાયનો અભાવ થતાં શ્રુતજ્ઞાની, ઉપશાંતકષાયી, ક્ષિણકષાયી,**

**કેવળજ્ઞાની, સયોગીકેવળી તથા અયોગકેવળીને પણ શુક્લધ્યાન કહીએ છીએ.**

**ભાવાર્થ :- પંચપરમેષ્ટી, દશલક્ષણસ્વરૂપધર્મ તથા આત્મસ્વરૂપમાં વ્યક્ત (પ્રગટ) રાગસહિત ઉપયોગ એકાગ્ર થાય છે, ત્યારે તે મંદકષાયસહિત છે એમ કહ્યું છે, અને એ જ ધર્મધ્યાન છે તથા શુક્લધ્યાન છે. ત્યાં ઉપયોગમાં વ્યક્તરાગ તો નથી અર્થાત્ પોતાના અનુભવમાં પણ ન આવે એવા સૂક્ષ્મરાગ સહિત (મુનિ) શ્રેણી ચઢે છે. ત્યાં આત્મપરિણામ ઉજ્જવળ હોય છે. તેથી પવિત્ર ગુણના યોગથી તેને શુક્લ કહ્યું છે. મંદકષાયથી અર્થાત્ અતિશય મંદકષાયથી તે હોય છે તથા કષાયનો અભાવ થતાં પણ કહ્યું છે.**

અર્થ :- ધર્મધ્યાન મંદ કષાયથી થાય છે. એટલે કે મંદ કષાય પોતે ધર્મધ્યાન નથી, પણ આત્મા ચિદાનંદ જ્ઞાયક છે, એની દૃષ્ટિ અને એકાગ્રતાની ભૂમિકામાં મંદ કષાયનો વિકલ્પ હોય છે, તેને વ્યવહારે ધર્મધ્યાન કહેવાય છે, અને શુક્લધ્યાન મહામુનિ શ્રેણી ચઢે ત્યારે એટલે આઠમે ગુણસ્થાને આત્મામાં વિશેષ ઉગ્રતા થતા શુક્લધ્યાન હોય છે. તે વખતે તેમને અતિશય મંદ કષાય હોય છે. તેથી શુક્લધ્યાન અતિ મંદ કષાયથી થાય છે એમ ઉપચારથી કથન કર્યું છે.

શુદ્ધિની વૃદ્ધિ થવી તે જ ધર્મધ્યાન અને શુક્લધ્યાન છે. કષાયનો અભાવ થતાં શ્રુતજ્ઞાની, ઉપશાંતકષાયી. ક્ષિણકષાયી, કેવળજ્ઞાની, સયોગકેવળી તથા અયોગકેવળીને પણ શુક્લધ્યાન કહીએ છીએ. સંસારના કામમાં તો એકલું આર્તધ્યાન અને રૌદ્રધ્યાન હોય છે. કેમકે એમાં એકલા આકુળતાના ભાવ હોય છે, અને પુણ્ય-પાપરહિત આત્મા ચૈતન્યબિંબ છે. એનો મહિમા અને મહાત્મ્ય આવીને લીનતા થાય તે ધર્મધ્યાન અને શુક્લધ્યાન છે. એમાં જેટલી શુદ્ધિની વૃદ્ધિ થાય છે તેના પાંચ પ્રકાર છે. તે પાંચેયમાં કષાયનો અભાવ હોય છે.

ભાવાર્થ :- પંચ પરમેષ્ટી, દશલક્ષણ-સ્વરૂપધર્મ તથા આત્મસ્વરૂપમાં વ્યક્ત રાગસહિત ઉપયોગ એકાગ્ર થાય છે, ત્યારે તે મંદ કષાયસહિત છે એમ કહ્યું છે, અને એ જ ધર્મધ્યાન છે અને શુક્લધ્યાન છે. ત્યાં ઉપયોગમાં વ્યક્ત રાગ તો નથી અર્થાત્ પોતાના અનુભવમાં પણ ન આવે એવા સૂક્ષ્મ રાગસહિત મુનિ શ્રેણી ચઢે છે. ત્યાં આત્મપરિણામ ઉજ્જવળ હોય છે.

જેને પંચ પરમેષ્ટિની ઓળખાણ નથી એને ધર્મ થતો નથી, કેમકે આ વીતરાગનો માર્ગ છે. આલીહુવાલીનો આ માર્ગ નથી, સર્વજ્ઞ ભગવાન દેવાધિદેવ કેવળજ્ઞાનીની દિવ્યધ્વનિ અનુસાર પંચ પરમેષ્ટિનું સ્વરૂપ છે. અઢાર દોષરહિત અરિહંતનું સ્વરૂપ છે અને કેવળજ્ઞાન તથા કેવળદર્શનનો ઉપયોગ એક સમયે સાથે અરિહંતને તથા સિદ્ધને હોય છે અને છેલ્લા શરીરથી કિંચિત ન્યૂન અવગાહના સિદ્ધની હોય છે. નગ્ન દિગંબર જૈન માર્ગમાં મુનિયોનું સ્વરૂપ ત્રણકાળે

જ હોય છે. સિંહવૃત્તિ જેવા મુનિ હોય છે. એવા પંચ પરમેષ્ટિને ઓળખીને આત્માનો નિર્ણય કરી, લીનતા કરે તેને ધર્મ થાય છે.

સનાતન ધર્મની રીત શું છે ? અનાદિની કેવી રીત છે ? એની ઓળખાણ કરવી જોઈએ. મુનિને દશલક્ષણ ધર્મ હોય છે. તેને પંચ પરમેષ્ટિની ભક્તિ આદિનો વિકલ્પ હોય છે, તે મંદ કષાય છે. તેને વ્યવહારથી ધર્મધ્યાન કહે છે. અજ્ઞાનીને આવો મંદ કષાય હોતો નથી. આ સત્‌ની એક વખત હા તો પાડે, તો હા ની લત લાગતાં હાલત ઉઘડી જશે. ના પાડશે તો એમાંથી હા આવશે નહિ. આઠમા ગુણસ્થાને શુક્લધ્યાન હોય છે. ત્યાં રાગ છે એ ખ્યાલમાં આવતો નથી. તેથી સૂક્ષ્મ રાગને વ્યવહારે શુક્લધ્યાન કહેલ છે.

જુઓ, આ વાતના સમજનારા ઘણાં થોડા હોય છે. ઝવેરાત અને સોનાના લેનારા થોડા હોય તેથી કાંઈ સોનાની કે ઝવેરાતની કિંમત ઓછી છે એમ નથી. એમ ધર્મના સમજનારા હંમેશા ઓછા હોય છે. તેથી સત્ તો સત્ જ રહે છે. ઘણાઓને આ વાત સાંભળીને એમ થયું છે કે આનો પ્રચાર સૌરાષ્ટ્ર બહાર આખા હિંદુસ્તાનમાં થવો જોઈએ, માટે હવે વિહાર થાય તો સારું, એમ ગુજરાત અને હિંદુસ્તાનમાંથી માંગણી આવે છે, પણ અહિ તો કહે છે કે પોતે તો પહેલા સમજે. બીજા આત્મા ધર્મ પામે એમાં આ આત્માને શું લાભ છે ? સંખ્યા વધે એની સાથે આત્માના ધર્મને સંબંધ નથી. માટે પ્રથમ આત્માને સમજે અને પછી એમાં લીન થતાં ધર્મધ્યાન અને શુક્લધ્યાન પ્રગટે છે.

### ગાથા-૪૭૧-૪૭૨

**આગળ આર્તધ્યાનને કહે છે :-**

**दुक्खयरविसयजोए केण इमं चयदि इदि विचिंतंतो।**
**चेट्ठदि जो विक्खित्तो अट्टं ज्झाणं हवे तस्स।।४७१।।**
**मणहरविसयविजोगे कह तं पावेमि इदि वियप्पो जो।**
**संतावेण पयट्टो सो चिय अट्टं हवे ज्झाणं।।४७२।।**

दु:खकरविषययोगे केन इमं त्यजति इति विचिन्तयन्।
चेष्टते य: विक्षिप्त: आर्त्तध्यानं भवेत् तस्य।।४७१।।
मनोहरविषयवियोगे कथं तत् प्रापयामि इति विकल्प: य:।

**અર્થ :- દુઃખકારી વિષયનો સંયોગ થતાં જે પુરુષ આવું ચિંત્વન કરે કે `આ મારાથી કેવી રીતે દૂર થાય ?' વળી તેના સંયોગથી વિક્ષિપ્ત ચિત્તવાળો થયો થકો ચેષ્ટા કરે તથા રૂદનાદિક કરે, તેને આર્તધ્યાન હોય છે.વળી જે મનોહર-વ્હાલી સામગ્રીનો વિયોગ થતાં આ પ્રમાણે ચિંત્વન કરે કે - `તેને હવે હું શી રીતે પામું ?' એમ તેના વિયાગથી સંતાપરૂપ–દુઃખરૂપ પ્રવર્તે તે પણ આર્તધ્યાન છે.**

**ભાવાર્થ :- સામાન્યપણે દુઃખ–કલેશરૂપ પરિણામ છે તે આર્તધ્યાન છે, તે દુઃખમાં એવો લીન રહે કે બીજી કાંઈ ચેતનતા (જાગૃતિ) જ રહે નહિ. એ આર્તધ્યાન બે પ્રકારથી કહ્યું છે, પ્રથમ તો દુઃખકારીસામગ્રીનો સંયોગ થતાં તેને દૂર કરવાનું ધ્યાન રહે, તથા બીજું ઈષ્ટ–સુખકારીસામગ્રીનો વિયોગ થતાં તેને ફરીથી મેળવવાનું ચિંત્વન–ધ્યાન રહે તે આર્તધ્યાન છે. અન્ય ગ્રંથોમાં તેના ચાર ભેદ કહ્યા છે–ઈષ્ટવિયોગનું ચિંત્વન, અનિષ્ટસંયોગનું ચિંત્વન, પીડાનું ચિંત્વન તથા નિદાનબંધચિંત્વન. અહીં બે કહ્યા તેમાં આ ચારે ગર્ભિત થઈ જાય છે. અનિષ્ટસંયોગ દૂર કરવામાં પીડાચિંત્વન આવી જાય છે તથા ઈષ્ટને મેળવવાની વાંચ્છામાં નિદાનબંધ આવી જાય છે. એ બંને ધ્યાન અશુભ છે, પાપબંધ કરનારાં છે માટે તેને ધર્માત્માપુરુષોએ તજવા યોગ્ય છે.**

અર્થ :- દુઃખકારી વિષયનો સંયોગ થતાં જે પુરુષ આવું ચિંત્વન કરે કે આ મારાથી કેવી રીતે દૂર થાય ? વળી તેના સંયોગથી વિક્ષિપ્ત ચિત્તવાળો થયો થકો ચેષ્ટા કરે તથા રૂદનાદિક કરે, તેને આર્તધ્યાન હોય છે.

શરીરમાં રોગ આવે, દીકરો મરે, દીકરી રાંડે, મકાનમાં આગ લાગે, વીમાવાળો ભાંગે, દાટ્યા કોલસા થાય વગેરે પ્રતિકુળ સંયોગોમાં ચિંતા કરે કે આ ક્યારે દૂર થાય ? એમ પરને ખસેડવાનો ભાવ તે મિથ્યાદૃષ્ટિનું આર્તધ્યાન છે, અને એ વખતે જ્ઞાનીને પણ નબળાઈના કારણે એવો ભાવ થયો તો તે પણ આર્તધ્યાન છે. સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિના આર્તધ્યાનમાં ફેર છે. કેમકે મિથ્યાદૃષ્ટિ સંયોગને ફેરવવા માંગે છે અને જ્ઞાની નબળાઈને કારણે ભાવ થયો છે એમ જાણે છે. જ્ઞાયકની મુખ્યતા રાખીને તે ભાવ થયો છે, છતાં તે આર્તધ્યાન છે. મિથ્યાદૃષ્ટિ સંયોગને ફેરવીને દુઃખ કાઢવા માગે છે, પરંતુ દુઃખ સંયોગના કારણે થયું નથી. દુઃખ તો પોતે ઉભું કર્યું છે. પ્રતિકુળતાના સંયોગમાં આફત આવી, એમ અજ્ઞાની માને છે, પણ સંયોગમાં આફત નથી. પોતે સંયોગનાં કારણે આફત માની એ જ મોટી આફત અને દુઃખ છે. પૈસા, આબરૂ, શરીર વગેરેની ચિંતા કરવી, તે બધું આર્તધ્યાન છે.

વળી જે મનોહર વ્હાલી સામગ્રીનો વિયોગ થતાં આ પ્રમાણે ચિંત્વન કરે કે :- તેને હવે હું શી રીતે પામું ? એમ તેના વિયાગથી સંતાપરૂપ - દુઃખરૂપ પ્રવર્તે તે પણ આર્તધ્યાન છે. વહાલી સ્ત્રી મરી જાય, આબરૂ જાય, પૈસા જાય તો તે વખતે તેને પ્રાપ્ત કરવાની ચિંતા કરવી, તે પણ આર્તધ્યાન છે. દાગીનો ખોવાયો હોય, ઘડિયાળ ખોવાઈ હોય, મોટર સારી હોય અને જાય, ઘોડો સારો હોય ને જાય, તે વખતે અજ્ઞાની તે ઈષ્ટ વસ્તુના વિયોગના કારણે દુઃખ માને છે. જ્ઞાનીને પણ નિર્બળતાના કારણે ચિંત્વન થાય છે. પણ તે બન્નેના આર્તધ્યાનમાં ફેર છે. દીકરો મરી જાય અને કાંઈ નુકશાન થાય તો કળજામાં તેલ રેડ્યું હોય એમ દુઃખી થાય. અજ્ઞાનીને ઘણું આકરું લાગે છે, જ્ઞાનીને એટલું લાગતું નથી. અજ્ઞાની બહારમાં ધાર્યું ન થાય તો અફીણ ખાય છે. પ્રતિકૂળ સંયોગોમાં તે સહન કરી શકતો નથી. અનંત ભવમાં નરકનિગોદમાં પરાધિનતાથી સહન કર્યું છે, પણ તે બધું આર્તધ્યાન-રૌદ્રધ્યાન છે.

ભાવાર્થ :- સામાન્યપણે ક્લેશરૂપ પરિણામ તે આર્તધ્યાન છે. તે દુઃખમાં એવો લીન રહે કે, બીજી કાંઈ ચેતનતા જ રહે નહિ. એ આર્તધ્યાનના બે પ્રકાર છે. (૧) અનિષ્ટ સામગ્રીને ખસેડવાના ભાવ (૨) ઈષ્ટ સામગ્રીને મેળવવાના ભાવ. બીજા ગ્રંથોમાં ચાર પ્રકારથી આર્તધ્યાન કહેલ છે. (૧) ઈષ્ટ વિયોગનું ચિંત્વન (૨) અનિષ્ટ સંયોગનું ચિંત્વન (૩) નિદાનબંધ ચિંત્વન (૪) પીડાનું ચિંત્વન. એમાંથી પીડાનું ચિંત્વન અનિષ્ટ સંયોગ દૂર કરવામાં આવી જાય છે, અને ઈષ્ટને મેળવવામાં નિદાનબંધ આવી જાય છે. આ બન્ને અશુભ છે, પાપબંધ કરનારા છે, માટે તેને ધર્માત્મા પુરુષોએ તજવા યોગ્ય છે.

અહિ મિથ્યાદ્રષ્ટિના આર્તધ્યાનની વાત છે. તેથી તે આર્તધ્યાનમાં સ્વભાવને ભૂલી જાય છે માટે ચેતનતા જરાએ રહેતી નથી, એમ કહેલ છે. પ્રતિકુળ સંયોગોમાં આત્માની જાગૃતિ ચૂકીને દુઃખની લાળને લંબાવ્યા કરે છે. તે એકલું દુઃખ જ ભોગવે છે. જેની સત્તામાં પ્રતિકુળતા દેખાય છે, એ સત્તાવાન ભગવાન છે. એની શ્રદ્ધા અને જ્ઞાન વિના શાંતિ મળે એમ નથી. માટે આત્માનો વિચાર કરવો કે ચૈતન્ય ભગવાનની સત્તા અને ભગવાન સિદ્ધની સત્તા એક પ્રકારની છે.

કોઈ કહે કે આર્તધ્યાનનો તે કાળ હતો માટે આર્તધ્યાન થયું છે, તો કહે છે કે, એ વાત બરાબર છે. પણ જેને સ્વભાવદ્રષ્ટિ હોય તે સ્વભાવને ચૂકતો નથી. તે આર્તધ્યાનને બરાબર જાણે છે. વાત તો ક્રમબધ્ધ પ્રમાણે છે પણ એનો નિર્ણય કરનારની દ્રષ્ટિ ક્યાં પડી છે ? આર્તધ્યાનનો કાળ તો એક સમયનો છે, દ્રવ્યનો કાળ ત્રિકાળ છે. એવાં દ્રવ્યદ્રષ્ટિવાળાને મિથ્યાદ્રષ્ટિ જેવું આર્તધ્યાન હોય નહિ. કેમકે તે સંયોગના કારણે આર્તધ્યાન થાય છે એમ માને નહિ, અને આર્તધ્યાન સ્વભાવમાં નથી એમ જેને ભેદજ્ઞાન વર્તે છે તે

આર્તધ્યાનના કાળે આર્તધ્યાન થાય છે એમ યથાર્થ જાણે છે.

ઘણાં લોકો ક્રમબદ્ધને જાણતા નથી અને એનો નિર્ણય નથી. તે એમ કહે છે કે, ક્રમબદ્ધ પ્રમાણે થાય છે તો કુદેવાદિની શ્રદ્ધા હોય તો શું વાંધો ? ગમે તેવો અશુભભાવ થાય તો શું વાંધો ? કેમકે તે બધું ક્રમબદ્ધ છે, એમ સ્વચ્છંદે વર્તે છે, પણ તે ક્રમબદ્ધ સમજ્યો નથી. વળી કહે છે કે, "ભગવાને જોયું છે એ સંપ્રદાયમાં આવ્યા છીએ, તો તે ફેરવવું શા માટે પડે ? પૂર્વ કર્મના કારણે એ બધું છે માટે ઉતાવળ કરવી ન જોઈએ અને પુરુષાર્થ કરજે એમ શાસ્ત્રમાં કહ્યું નથી પણ પ્રમાદ કરીશ નહિ" એમ કહેલું છે. આ રીતે શાસ્ત્રોના શબ્દનો ઊંધો અર્થ કરે છે. ગજબ વાત છે. તે મૂળ વાતને ચૂકી જાય છે. કેવળીના માર્ગમાં આડુંઅવળું ચાલે એમ નથી. ઊંધા અર્થ કરી કુદેવાદિની શ્રદ્ધા છોડે નહિ અને ઊંધો તર્ક કાઢે તો તે ક્રમબદ્ધને સમજ્યો નથી. વીતરાગનો માર્ગ એકલો પુરુષાર્થનો છે. ક્રમબદ્ધના નિર્ણયમાં કે કેવળીના નિર્ણયમાં પુરુષાર્થ અનંતો છે. જે થવાનું તે થવાનું એવો નિર્ણય કોણ કરી શકે ? કે નિમિત્ત વ્યવહારની રુચિ ખસી ગઈ હોય અને સ્વભાવની રુચિ થઈ હોય તેને સાચો નિર્ણય હોય છે.

આ વાત તો ઘણા વર્ષો પહેલાની છે. સંપ્રદાયમાં પણ આવા પ્રશ્નો થતાં હતા કે ઉપાદાનના ૫૧ દોકડા અને નિમિત્તના ૪૯ દોકડા રાખો, પણ બન્નેના ૧૦૦ ૧૦૦ દોકડા છે એ વાત એને બેસતી નથી. અહીં દિગંબર સંપ્રદાયમાં પણ એ વાત બેસતી નથી. પંડિતો અને ત્યાગીઓમાંથી પણ એ વાત આવે છે એટલે કે બધા એક જાતના છે. કાંઈ નવું નથી. ખરેખર તો ઊંધો ભાવ કરે તે આત્માનો પુરુષાર્થ છે અને સવળો કરે તો પણ આત્માનો પોતાનો પુરુષાર્થ છે, માટે આર્તધ્યાનમાં જે પરિણામ થાય છે તેમાં આત્મા પોતે પીડાય છે, તે ધ્યાન છોડવા યોગ્ય છે. એટલે કે સ્વસન્મુખ થતાં તે ધ્યાન છૂટી જાય છે. તેને છોડવું એ તો વ્યવહારનું કથન છે. પાઠ તો છોડવું એમ છે પણ એ તો ઉપદેશનું વાક્ય છે.

### ગાથા-૪૭૩

**આગળ રૈદ્રધ્યાન કહે છે :–**

**हिंसाणंदेण जुदो असच्चवयणेण परिणदो जो दु।**
**तत्थेव अथिरचित्तो रूद्दं ज्झाणं हवे तस्स।।४७३।।**

**हिंसानन्देन युतः असत्यवचनेन परिणतः यः तु।**
**तत्र एव अस्थिरचित्तः रैद्रं ध्यानं भवेत् तस्य।।४७३।।**

**અર્થ :- જે પુરુષ હિંસામાં આનંદયુક્ત હોય, અસત્ય વચનરૂપ પરિણમતો રહે - ત્યાં જ વિક્ષિપ્ત રહે, તેને રૌદ્રધ્યાન હોય છે.**

**ભાવાર્થ :- જીવ ઘાત કરવો તે હિંસા છે. એ કરીને જે અતિ હર્ષ માને, શિકારાદિમાં અતિ આનંદથી પ્રવર્તે, પરને વિઘ્ન થતાં અતિ સંતુષ્ટ થાય, જૂઠવચન બોલી તેમાં પોતાનું પ્રવીણપણું માને તથા પરદોષ નિરંતર દેખ્યા કરે, કહ્યા કરે અને તેમાં આનંદ માને તે બધું રૌદ્રધ્યાન છે. એ પ્રમાણે આ બે ભેદ રૌદ્રધ્યાનના કહ્યા.**

અર્થ :- જે પુરુષ હિંસામાં આનંદયુક્ત હોય, અસત્ય વચનરૂપ પરિણમતો રહે - ત્યાં જ વિક્ષિપ્ત રહે, તેને રૌદ્રધ્યાન હોય છે. એકેંદ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના જીવોને મારવાના ભાવ કરીને ખુશી ખુશી થાય છે તે મિથ્યાદૃષ્ટિને અજ્ઞાનપૂર્વક થયેલું રૌદ્રધ્યાન છે, અને જ્ઞાનીને ચારિત્રના દોષના કારણે થાય છે તેને પણ રૌદ્રધ્યાન હોય છે.

ભાવાર્થ :- જીવ ઘાત કરવો તે હિંસા છે. એ કરીને જે અતિ હર્ષ માને, શિકારાદિમાં અતિ આનંદથી પ્રવર્તે, પરને વિઘ્ન થતાં અતિ સંતુષ્ટ થાય, જૂઠવચન બોલી તેમાં પોતાનું પ્રવીણપણું માને તથા પરદોષ નિરંતર દેખ્યા કરે, કહ્યા કરે અને તેમાં આનંદ માને તે બધું રૌદ્રધ્યાન છે. એ પ્રમાણે આ બે ભેદ રૌદ્રધ્યાનના કહ્યા.

## ભાદરવા વદ ૧૧, રવિવાર, ૧૪-૯-૫૨

આ અધિકાર ધ્યાનનો છે. સંસાર અને મોક્ષ બન્ને ધ્યાનથી થાય છે. વિકારની અને પરની એકાગ્રતાથી સંસાર છે અને આત્મા ચિદાનંદ છે, એવી શ્રદ્ધા જ્ઞાન અને રમણતારૂપી એકાગ્રતાથી મોક્ષ થાય છે. ચિદાનંદની એકાગ્રતા તે મોક્ષમાર્ગ છે, અને એનું ફળ તે મોક્ષ છે. સંસારનું ધ્યાન પરલક્ષી છે અને મોક્ષનુ ધ્યાન સ્વલક્ષી છે. હિંસાદિમાં આનંદ માનવો તે રૌદ્રધ્યાન છે અને આત્માને ચૂકીને ઈષ્ટવિયોગ તથા અનિષ્ટ સંયોગમાં પરલક્ષી ચિંત્વન થાય

તે આર્તધ્યાન છે. રૌદ્રધ્યાનના બે ભેદની વાત થઈ છે. હવે બીજા બે ભેદની વાત કરે છે.

ગાથા-૪૭૪

**આગળ (રૌદ્રધ્યાનના) બીજા બે ભેદ કહે છે :-**

**परविसयहरणसीलो सगीयविसयेसु रक्खणे दक्खो।**
**तग्गयचित्ताविट्ठो णिरंतरं तं पि रूद्दं पि।।४७४।।**
**परविषयहरणशील: स्वकीयविषयसुरक्षणे दक्ष:।**
**तद्गतचिन्ताविष्ठ: निरन्तरं तदपि रौद्रं अपि।।४७४।।**

**અર્થ :- જે પુરુષ પરની વિષયસામગ્રી હરવાના સ્વભાવવાળો હોય, પોતાની વિષય સામગ્રીની રક્ષા કરવામાં પ્રવીણ હોય તથા એ બન્ને કાર્યોમાં નિરંતર તલ્લીન ચિત્ત રાખ્યા કરે તે પુરુષને આ પણ રૌદ્રધ્યાન જ છે.**

**ભાવાર્થ :- પરસંપદા ચોરવામાં પ્રવીણ હોય, ચોરી કરીને હર્ષ માને, પોતાની વિષયસામગ્રી રાખવાનો અતિ પ્રયત્ન કરે, તેની રક્ષા કરીને ખુશી થાય એ પ્રમાણે આ (ચૌર્યાનંદ તથા વિષયસંરક્ષણાનંદ) બે ભેદ પણ રૌદ્રધ્યાનના છે. આ ચારે ભેદરૂપ રૌદ્રધ્યાન અતિ તીવ્રકષાયના યોગથી થાય છે—મહા પાપરૂપ છે તથા મહા પાપબંધના કારણરૂપ છે. ધર્માત્માપુરુષ એવા ધ્યાનને દૂરથી જ છોડે છે. જેટલાં કોઈ જગતને ઉપદ્રવનાં કારણો છે તેટલાં રૌદ્રધ્યાનયુક્ત પુરુષથી બને છે. જે પાપ કરી ઉલટો હર્ષ માને—સુખ માને તેને ધર્મોપદેશ પણ લાગતો નથી, તે તો અચેત જેવો અતિ પ્રમાદી બની પાપમાં જ મસ્ત રહે છે.**

અર્થ :- જે પુરુષ પરની વિષયસામગ્રી હરવાના સ્વભાવવાળો હોય, પોતાની વિષયસામગ્રીની રક્ષા કરવામાં પ્રવીણ હોય તથા એ બન્ને કાર્યોમાં નિરંતર તલ્લીન ચિત્ત રાખ્યા કરે તે પુરુષને આ પણ રૌદ્રધ્યાન જ છે.

આત્મા પરની સામગ્રીને હરી શકતો નથી અને પોતાની સામગ્રીને રાખી શકતો નથી. છતાં એમાં આનંદ માનવો તે મિથ્યાદૃષ્ટિનું રૌદ્રધ્યાન છે. અહીં બે વાત કરી છે. એક ચોરી કરવાના ભાવ અને રક્ષા કરવાના ભાવ, આ બન્ને ભાવમાં તલ્લીન છે તે રૌદ્રધ્યાન છે અને એનાથી સંસારમાં રખડે છે. કોઈ ચોરી કરી શકે કે પરવસ્તુની રક્ષા કરી શકે એની વાત નથી, પણ એવો ભાવ કરે કે હું છું તો રક્ષણ થાય છે. એવી લીનતામાં ચિદાનંદની લીનતા

ચૂકી જાય છે. પૈસા કેમ વધે અને કેમ ન ઘટે ? એનું ચિંત્વન તે પાપ છે. છતાં એ માને કે મેં સારૂં કામ કર્યું તે રૌદ્રધ્યાન છે.

ભાવાર્થ :- પર સંપદા ચોરવામાં પ્રવિણ હોય અને એમાં હર્ષ માને, પોતાની વિષય સામગ્રી રાખવાનો અતિ પ્રયત્ન કરે, તેની રક્ષા કરીને ખુશી થાય, આ બન્ને ભેદ રૌદ્રધ્યાનના છે. ચારે ભેદરૂપ રૌદ્રધ્યાન તીવ્ર કષાયના કારણથી થાય છે, માટે મહાપાપ છે, અને તે મહાબંધના કારણરૂપ છે. મહાપુરુષ એવા ધ્યાનને દૂરથી જ છોડે છે. જેટલાં કોઈ જગતમાં ઉપદ્રવના કારણો છે, તેટલા રૌદ્રધ્યાન યુક્ત પુરુષથી બને છે. જે પાપ કરી ઉલ્ટો હર્ષ માને-સુખ માને તેને ધર્મોપદેશ પણ લાગતો નથી. તે તો અચેત જેવો અતિ પ્રમાદી બની પાપમાં જ મસ્ત રહે છે.

અજ્ઞાની પાપના પરિણામ કરીને આનંદ માને છે. જ્ઞાની આનંદ માનતો નથી. અમે હોશિયાર હતાં અને ડહાપણ કર્યું તો આ બહારની વ્યવસ્થા બરાબર થઈ એમ માની ખુશી થાય છે, તે ધર્મના ઉપદેશને સાંભળવાને પણ લાયક નથી. પૈસાની, આબરૂની, મોટરની, ઘોડાગાડીની, મકાનની વગેરેની વ્યવસ્થામાં આનંદ માને તે મિથ્યાદૃષ્ટિ છે. તે જીવ - ''આત્મા પુણ્ય-પાપથી રહિત છે અને જગતની ચીજનું આત્મા કાંઈ કરી શકે નહિ'' એ વાત સાંભળવાને લાયક નથી.

પાંચ ઈંદ્રિયોના વિષયો કેમ રહે ? એનું ચિંતવન કરવું તે રૌદ્રધ્યાન છે. એવા રૌદ્રધ્યાની પુરુષો ઉપદ્રવના નિમિત્તો થાય છે. પૈસા કેમ રાખવા ? અને કેમ આપવા ? એની વ્યવસ્થા મારા સિવાય બીજાને આવડે નહિ એમ અભિમાન કરે, તે જીવોને ધર્મોપદેશ લાગતો નથી. આત્મા જ્ઞાનસ્વરૂપ છે. દેહની ક્રિયા પણ તારાથી થતી નથી એ વાત એને બેસતી નથી. મૂર્ખાઓ મૂર્ખાઈ કરીને મૂર્ખાઈમાં આનંદ માને છે. તે અચેતન જડ જેવો થઈ ગયો હોવાથી એને ધર્મની વાત બેસતી નથી. મૂઢ જેવો થઈને પરમાં મસ્ત થઈ ગયો છે. પરમાં એકાગ્ર થઈને પરનું રક્ષણ કરવાની જ જેને બુદ્ધિ છે તે આર્તધ્યાન અને રૌદ્રધ્યાન કરીને હોંશીયારી માને છે, તે મિથ્યાદૃષ્ટિ અને પાપી છે. અહીં જ્ઞાનીને નબળાઈના કારણે આર્તધ્યાન અને રૌદ્રધ્યાન થાય છે. એની વાત લીધી નથી. જ્ઞાનીનો દોર હાથમાં હોવાથી મિથ્યાદૃષ્ટિની જેમ આર્તધ્યાન અને રૌદ્રધ્યાન એને હોતું નથી.

ગાથા-૪૭૫

**આગળ ધર્મધ્યાન કહે છે :-**

**विण्णिवि असुहे ज्झाणे पावणिहाणे य दुक्खसंताणे।**
**णच्चा दूरे वज्जह धम्मे पुण आयरं कुणह।।४७५।।**

द्वे अपि अशुभे ध्याने पापनिधाने च दुःखसन्ताने।
ज्ञात्वा दूरे वर्जध्वं धर्मे पुनः आदरं कुरूत।।४७५।।

**અર્થ :- હે ભવ્યપ્રાણી ! આ બંને આર્ત–રૈદ્રધ્યાન અશુભ છે એને પાપના નિધાનરૂપ દુઃખના સંતાનરૂપ જાણી દૂરથી જ ત્યાગ કરો અને ધર્મધ્યાનમાં આદર કરો !**

**ભાવાર્થ :- આર્ત–રૈદ્ર બંને ધ્યાન અશુભ છે, પાપનાં ભરેલાં છે અને એમાં દુઃખની જ પરંપરા ચાલ્યા કરે છે માટે એનો ત્યાગ કરી ધર્મધ્યાન કરવાનો શ્રીગુરૂનો ઉપદેશ છે.**

અર્થ :- હે ભવ્ય પ્રાણી ! આ બન્ને આર્ત રૈદ્રધ્યાન અશુભ છે, અને પાપના નિધાનરૂપ અને દુઃખના સંતાનરૂપ જાણી દુરથી જ ત્યાગ કરો અને ધર્મધ્યાનમાં આદર કરો ! હિંસા આદિના પાપ કરીને એમાં આનંદ માને તો તે મિથ્યાત્વરૂપી પાપની ખાણ છે. ને ચિદાનંદ આત્મા આનંદની ખાણ છે તેને ભૂલ્યો એટલે આર્તધ્યાન અને રૈદ્રધ્યાન થાય છે, તે પાપનું નિધાન છે. આનંદનું ધ્યાન. સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે, માટે હે ભવ્ય પ્રાણી ! તું તે ધર્મધ્યાનનો આદર કર, અને આર્ત અને રૈદ્રધ્યાનને છોડ.

ભાવાર્થ :- આર્ત રૈદ્ર બન્ને ધ્યાન અશુભ છે. પાપના ભરેલાં છે. અને એમાં દુઃખની જ પરંપરા ચાલ્યા કરે છે. માટે એનો ત્યાગ કરી ધર્મધ્યાન કરવાનો શ્રીગુરુનો ઉપદેશ છે. કોઈ કહે કે પૈસો ભેગો કરીએ પછી નિરાંતે ધર્મ થાય તો એ વાત ખોટી છે. સાતમી નારકીમાં તેત્રીસ સાગરની સ્થિતિમાં પાણી કે અન્નનો દાણો પણ મળતો નથી. એટલા પ્રતિકુળ સંયોગો છે. છતાં ત્યાં જીવો ધર્મ પામે છે. "નિર્ધનતા દોષ નથી અને સધનતા તે ગુણ નથી" હું નિર્ધન છું અને હું સધન છું એવો ભાવ તે દોષ છે. અને એની પરંપરાની લાળમાં સંસાર છે. બુદ્ધ પુરુષો તે લાળને છોડી દે છે. આત્મા ચિદાનંદ છે અની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતારૂપી ચિંતવન કરે છે. તે ધર્મધ્યાન છે.

ગાથા-૪૭૬

**આગળ ધર્મનું સ્વરૂપ કહે છે :-**

**धम्मो वत्थुसहावो खमादिभावो य दशविहो धम्मो।**
**रयणत्तयं च धम्मो जीवाणं रक्खणं धम्मो।।४७६।।**
**धर्मः वस्तुस्वभावः क्षमादिभावः च दशविधः धर्मः।**
**रत्नत्रयं च धर्मः जीवानां रक्षणं धर्मः।।४७६।।**

**અર્થ :- વસ્તુનો સ્વભાવ તે ધર્મ છે, જેમ જીવનો દર્શનજ્ઞાનસ્વરૂપ ચૈતન્યસ્વભાવ તે જ તેનો ધર્મ છે. વળી દસ પ્રકારના ક્ષમાદિ ભાવ તે પણ ધર્મ છે, સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ રત્નત્રય છે તે ધર્મ છે તથા જીવોની રક્ષા કરવી તે પણ ધર્મ છે.**

**ભાવાર્થ :- અભેદવિવક્ષાથી તો વસ્તુનો સ્વભાવ છે તે જ ધર્મ છે અર્થાત્ જીવનો ચૈતન્યસ્વભાવ છે તે જ તેનો ધર્મ છે, ભેદવિવક્ષાથી ઉત્તમક્ષમાદિ દસલક્ષણ તથા રત્નત્રયાદિક છે તે ધર્મ છે. નિશ્ચયથી પોતાના ચૈતન્યની રક્ષા કરવી અર્થાત્ વિભાવપરિણતિરૂપ ન પરિણમવું તે ધર્મ છે તથા વ્યવહારથી પરજીવોને વિભાવરૂપ દુઃખ–કલેષરૂપ ન કરવા અર્થાત્ તેના જ ભેદરૂપ અન્ય જીવોને પ્રાણાંત ન કરવા તે પણ ધર્મ છે.**

અર્થ :- વસ્તુનો સ્વભાવ તે ધર્મ છે. જેમ જીવનો દર્શન-જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય સ્વભાવ છે તે જ તેનો ધર્મ છે. વળી દશ પ્રકારના ક્ષમાદિ ભાવ તે પણ ધર્મ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રય છે, તે ધર્મ છે. તથા જીવોની રક્ષા કરવી તે પણ ધર્મ છે.

(૧) જુઓ ધર્મની વ્યાખ્યા કરે છે. સ્વભાવ તો ત્રિકાળ છે અને ધર્મ તો વર્તમાન ક્ષણિક પર્યાય છે છતાં અહીં ત્રિકાળ સ્વભાવનો નિર્ણય કરીને એમાં વળીને અભેદ થાય છે. તેથી સ્વભાવને પણ ધર્મ કહ્યો છે. બધા આત્માને ત્રિકાળ સ્વભાવ તો છે પણ વસ્તુ સ્વભાવને ધર્મ કેમ કહ્યો ? કે પર તરફનું લક્ષ છોડાવી સ્વભાવના આશ્રયે ધર્મ થાય છે, એમ બતાવીને વસ્તુ સ્વભાવમાં ધર્મનો પર્યાય અભેદ થાય છે. માટે એને ધર્મ કહ્યો છે. ધર્મ બહારની ક્રિયામાં તો નથી પણ દયા, દાન, ભક્તિ, પૂજાના શુભભાવ થાય એમાં પણ નથી. આખા જગતના જ્ઞાતા દૃષ્ટાપણે રહેવું તે આત્માનો ધર્મ છે. એમ નિર્ણય થયો એ જ ધર્મ છે. અત્યારે અભેદની અપેક્ષાએ ત્રિકાળી સ્વભાવને ધર્મ કહ્યો છે. પર્યાયમાં ધર્મ થાય છે તે ધર્મની વાત નથી. કેમકે તે ભેદ વિવિક્ષામાં જાય છે. જેમ ગોળનો ગળપણ, મીઠાનો ખારો, અફીણનો કડવો અને લીંબુનો ખાટો સ્વભાવ છે એમ આત્માનો જ્ઞાનદર્શન સ્વભાવ છે. એની વાત છે.

(૨) દશ પ્રકારના સમાધિ ભાવો તે પણ ધર્મ છે.

(૩) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ધર્મ છે.

(૪) જીવોની રક્ષા કરવી તે પણ ધર્મ છે.

આ ચાર પ્રકારના ધર્મમાં ત્રણ તો નિશ્ચય ધર્મ છે. અને ચોથો, જીવોની રક્ષા કરવી, તે વ્યવહાર ધર્મ છે. આ વાતને જેમ છે તેમ યથાર્થ સમજ્યા વિના આ મનુષ્યભવનું પચીસ-પચાસ વર્ષનું આયષ્ય મળ્યું છે તે પુરું થઈ જશે તો ક્યાંય આરો આવશે નહિ. આ જગતની કોઈ વસ્તુ પૈસો, સ્ત્રી-કુટુંબ, મકાન અને આબરૂ કાંઈ સાથે આવશે નહિ માટે સમજો અને આત્માનો સ્વભાવ તે ધર્મ છે એનું ગ્રહણ કરો.

ભાવાર્થ :- અભેદ કથનથી આત્માને ચૈતન્યસ્વભાવ એ જ ધર્મ છે. અને ભેદથી કહીએ તો ઉત્તમ ક્ષમાદિ દશ લક્ષણ અને રત્નત્રયાદિ ધર્મ છે. વળી નિશ્ચયથી તો પોતાના ચૈતન્યની રક્ષા કરવી અને વિભાવ પરિણતિરૂપ ન પરિણમવું તે ધર્મ છે. અને વ્યવહારથી પરજીવોને વિભાવરૂપ એટલે દુઃખ-કલેષરૂપ ન કરવા અર્થાત્ તેના જ ભેદરૂપ અન્ય જીવોને પ્રાણાંત ન કરવા તે પણ ધર્મ છે.

આત્માની શ્રદ્ધા કરીને આત્મામાં અભેદ થયો તે ધર્મ છે. જેમ સોનું જોઈતું હોય તેણે સોનાની ખાણ સામું જુએ તો મળે એમ આનંદસુખ જોઈતું હોય તેણે આત્માના આશ્રયે મળે એમ છે. તે જ ધર્મ છે. એ દશ લક્ષણ તથા રત્નત્રયી વગેરે રૂપ છે. જુઓ, અહીં ચોથો ધર્મ જીવની રક્ષા કરવી તે છે. તો જીવમાં તો પોતાનો જીવ પણ આવી ગયો. માટે પોતાની રક્ષા કરવી તે નિશ્ચય એટલે ખરેખર ધર્મ છે. પરની રક્ષા તો કોઈ પણ આત્મા ત્રણકાળમાં કરી શકતો નથી. પરની પર્યાય પરના કારણે થાય છે એના બદલે હું એ પર્યાયને કરી દઉં એ તો ભ્રાંતિ છે. ધર્મ નથી. એમાં તો પોતાની હિંસા થાય છે.

શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે, 'ક્ષણ ક્ષણ ભયંકર ભાવ મરણે કાં અહો રાચી રહો ?' 'હું પરની રક્ષા કરી શકું છું અને એવી અહિંસાનો ભાવ થાય છે એ ધર્મ છે' એમ જે માને છે તે પોતાના ચૈતન્ય પ્રાણને હણી રહ્યો છે. તે જીવની રક્ષા કરતો નથી. સ્ત્રી કુટુંબાદિ રક્ષાના ભાવ કરતાં પોતાની રક્ષા જાય છે, ચૈતન્યનું રક્ષણ ચૂકી જાય છે. આત્મા ચૈતન્ય જાણનાર-દેખનાર છે. એ માનવું તે જીવદયા છે. લોકો હિંસા અહિંસાના સ્વરૂપને જાણતા નથી. આ સિવાય હિંસા અહિંસાનું બીજું સ્વરૂપ જ નથી. સસલાને શિંગડા ઉગે તો આત્મા પરની દયા પાળી શકે. પણ એમ બનતું નથી. આત્મા જ્ઞાતા છે અનો નિર્ણય કરી લીન થવું તે અહિંસા અને સાચી જીવદયા છે. જગતના જીવોની આત્મા રક્ષા કરી શકતો હોય તો સ્ત્રી, દીકરો, બાપ વગેરે કુટુંબમાં કોઈને મરવા દે નહિ.

જગતની અંદર પાંજરોપોળ, હોસ્પીટલ, જીવદયામંડળી વગેરે જે ચાલી રહ્યું છે તે એના કારણે ચાલી રહ્યું છે. આત્મા કાંઈ કરી શકતો નથી એમ જે માનતો નથી, તે મોટી હિંસા કરી રહ્યો છે. ચૈતન્ય આત્માનું ખૂન કરી રહ્યો છે. જગત તો ઊંધું માનતું આવ્યું છે. જેમ માણસને ઉલટી થાય તે બહાર નીકળે છે અને સાચો આહાર હોય તે તો અંદર પેટમાં જાય છે, એમ આત્મામાં વિકાર થાય છે એનું લક્ષ બહાર હોય છે અને આત્માનો આનંદરૂપી આહારનો પર્યાય થાય તે અંદર અભેદ થાય છે. તેને ત્રિલોકનાથ તિર્થંકરદેવ ધર્મ કહે છે.

હવે કોઈ એમ કહે કે આત્મામાં શ્રદ્ધા, જ્ઞાન અને રમણતારૂપ અભેદ થવું તે જ ધર્મ છે. ધર્મ બહારમાં નથી. તો પછી આ જિનમંદિરો, સ્વાધ્યાયમંદિરો, માનસ્થંભ વગેરે કેમ થાય છે ?

આ જિનમંદિરો વગેરે જગતના ક્રમ પ્રમાણે એના કાળે એના કારણે થાય છે. કોઈ બીજાએ એને કર્યાં નથી. ઉપદેશના કારણે પણ થયા નથી. જરા ધીરા થઈને સાંભળે તો આ બધું સમજાય એમ છે. જ્ઞાની ધર્મીને જ્યાં સુધી પૂર્ણ દશા થઈ નથી ત્યાં સુધી ધર્માનુરાગ એ પ્રકારનો આવ્યા વિના રહેતો નથી. પણ એ શુભરાગના કારણે થયા નથી. વીતરાગ પૂર્ણ ન થાય ત્યાં સુધી પૂજા, ભક્તિ, દાન, પ્રભાવના વગેરેનો રાગ ન આવે તો સમજવું કે તેને ધર્મની રુચિ જ નથી, અને એવો રાગ આવે એને ધર્મ માની લે તો તે મિથ્યાદ્દષ્ટિ છે. અને ધર્મનો રાગ હોય તો બહારમાં એવો યોગ એના કારણે હોય છે. એવો નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. જેમ છોકરા ઉપર રાગ હોય તો તેને માટે પૈસા રાખવાનો, ખરચવાનો ભાવ આવે છે, ત્યારે એવો બહારમાં મેળ દેખાય છે, એમ ધર્માનુરાગ ધર્મીને થાય છે, તેમાં બહારનો યોગ એના કારણે હોય છે. એમ પરજીવની દયાનો ભાવ થાય તે રાગ છે. સ્વરૂપનું ભાન હોવાથી તેને વ્યવહારે અહિંસા કહેવાય છે અને એ રીતે તેને ધર્મ પણ વ્યવહારથી કહેલ છે.

# પ્રસાદ નં. – ૩૨૬

**વી. નિ સં. ૨૪૭૮, આસો સુદ ૧, વર્ષ ૨જું. પુસ્તક અગિયારમું,**
**સોનગઢ, તા. ૨૦-૯-૫૨, શનિવાર.**

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

આ ધર્મધ્યાનનો અધિકાર છે. આત્મામાં પૂર્ણ શ્રદ્ધાદશા કેમ થાય ? એનો આ ઉપાય છે, તે કેવા જીવોને હોય છે ? તે કહે છે.

ગાથા-૪૭૭

**આગળ કેવા જીવને ધર્મધ્યાન હોય તે કહે છે :-**

**धम्मे एयग्गमणो जो ण हि वेदेइ इंदियं विसयं।**
**वैरग्गमओ णाणी धम्मज्झाणं हवे तस्स।।४७७।।**

**धर्मे एकाग्रमना: य न हि वेदयति इन्द्रिय: विषयं।**
**वैराग्यमय: ज्ञानी धर्मध्यानं भवेत् तस्य।।४७७।।**

**અર્થ :- જે જ્ઞાની પુરુષ ધર્મમાં એકાગ્રચિત્ત થઈ વર્તે, ઈન્દ્રિયોના વિષયોને ન વેદે (અનુભવે) તથા વૈરાગ્યમય હોય તે જ્ઞાનીને ધર્મધ્યાન હોય છે.**

**ભાવાર્થ :- ધ્યાનનું સ્વરૂપ એક જ્ઞેયમાં જ્ઞાનનું એકાગ્ર થવું તે છે. જે પુરુષ ધર્મમાં**

**એકાગ્ર ચિત્ત કરે છે, તે કાળમાં તે ઈંદ્રિયોને વેદતો નથી, અને તેને જ ધર્મધ્યાન હોય છે. તેનું મૂળ કારણ સંસાર–દેહ–ભોગથી વૈરાગ્ય છે, કારણ કે વૈરાગ્ય વિના ધર્મમાં ચિત્ત થંભતું નથી.**

અર્થ :- જે જ્ઞાની પુરુષ ધર્મમાં એકાગ્રચિત્ત થઈ વર્તે, ઈન્દ્રિયોના વિષયોને ન વેદે (અનુભવે) તથા વૈરાગ્યમય હોય તે જ્ઞાનીને ધર્મધ્યાન હોય છે.

જુઓ અહીં જ્ઞાની શબ્દ પડ્યો છે. એટલે કે આત્મા જ્ઞાનાદિ અનંત ગુણોનો પિંડ છે. પુણ્યપાપ, દયાદાન, કામક્રોધના ભાવો થાય છે, તે વિકાર છે, અને શરીરાદિ પર છે. એવી દૃષ્ટિ થઈ હોય તેને જ્ઞાની અને ધર્મી કહે છે. જેને પરની અપેક્ષા છૂટી ગઈ છે, પર્યાયમાં વિકાર થાય છે, એટલો હું નથી. ઈન્દ્રિયો વગેરે પર છે. હું તો અતીંદ્રિય પદાર્થ છું. એવી દૃષ્ટિ થઈ અને વૈરાગ્ય જેને હોય છે, તેને ધર્મ થાય છે.

ખરેખર ધર્મીને ધર્મધ્યાન હોય છે. અજ્ઞાનીને હોતું નથી. કામક્રોધાદિના પરિણામ હોવાં છતાં એની બુદ્ધિ છૂટી ગઈ છે અને સ્વભાવબુદ્ધિ થઈ છે, તેવાઓને ધર્મ હોય છે. ધર્મ કરવો હોય તેણે શું કરવું ? જ્યાંથી ધર્મ થાય એને પ્રથમ સમજવું જોઈએ. એની વીધિ અને રીતિ સમજવી જોઈએ ! તો એની રીતિ તો એવી છે કે આ આત્મા એક છે, અને એ સિવાય બીજા અનંતા આત્માઓ અને અનંત પુદ્ગલો વગેરે છે. તે બધા ભિન્ન ભિન્ન સ્વતંત્ર પદાર્થો છે. આત્મા અનંત કાળથી પરની રુચિ છોડતો નથી. તો હવે પરની રુચિ છોડ અને સ્વની રુચિ કર. પરને લઈને સુખ થાય છે એવી બુદ્ધિ છોડ અને સ્વભાવના આશ્રયે સુખ થાય છે એવી બુદ્ધિ કર - આ ધર્મની રીત છે.

આત્માની રુચિ છોડીને પરમાં સુખ અને દુઃખ માનીને વીર્ય ત્યાં રોકાઈ ગયું છે. તેને અનંતસંસારનું કારણ એવો લોભ કહે છે. ઘણા લોકો એમ કહે છે કે પરની રુચિ છોડવાનું કહો છો પણ પૈસા વગર તો કોઈને ચાલતું નથી. તમે તો એને ધૂળ કહો છો પણ જગતમાં પૈસા વગર એકેય કામ થતાં નથી. તો તેને કહે છે કે, આનો ખુલાસો તો ઘણી વખત આવી ગયો છે કે - આ જગતના દરેક પદાર્થોએ બીજા પદાર્થ વગર જ ચલાવ્યું છે. કેમકે એક પદાર્થમાં બીજા પદાર્થનો અભાવ છે. તેમ આત્માએ અનાદિ કાળથી પૈસાના અભાવથી ચલાવ્યું છે. હા, એના વિના મારે ચાલે નહિ, એવી મમતા વિના અજ્ઞાનીએ ચલાવ્યું નથી. જો પરના અભાવથી ન ચલાવ્યું હોય તો અનંત પદાર્થો મધ્યમાં આત્મા એકલો છૂટો રહી શકે નહિ. દરેક આત્મા પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં છે, માટે પર વિના જ અત્યાર સુધી ચલાવ્યું છે.

આત્માની સાથે કાયમ એ પદાર્થો રહેતા નથી માટે એના આશ્રય વિના આત્મા ટકી રહ્યો છે.

જુઓ આ બે આંગળી છે, તેમાં આ એક આંગળી બીજી આંગળીના સહારા વિના ટકી રહી છે. જો બીજી આંગળીના કારણે આ આંગળી હોય તો બે આંગળી પૃથક પૃથક રહેતી નથી. આ ન્યાયથી સમજાવાય છે. ન્યાય ખ્યાલમાં આવે તો સમજાય. વેપારીને ન્યાય આપતાં પકડાયા વિના રહે નહિ, ભરવાડને પકડાય નહિ. છતાં શ્રીમદ્ રાજચંદ્રે એક વખત જંગલમાં ભરવાડની પાત્રતા જોઈને પોતાની પાસે બોલાવીને કહ્યું કે, ભાઈઓ, આંખ બંધ કરી દો. હું પરમેશ્વર છું એમ ચિંતવો, અંદર જુઓ ! આમ સાંભળીને ભરવાડને શંકા થતી નથી કે અમે બકરાનાં ચારનાર ભગવાન કેમ હોઈએ ? ભગવાન તો હજાર હાથવાળો બીજો હશે ! એમ શંકા કરતા નથી. એમ અહિ આચાર્ય કહે છે કે તું એકવાર નક્કી તો કર કે હું પરના અભાવથી ટકવાવાળો પરમ શક્તિવાળો પરમાત્મા છું.

આત્માએ અત્યાર સુધીમાં કદી પરપદાર્થને ભોગવ્યા જ નથી. પૈસા, મકાન, સ્ત્રી, કર્મ, છોકરા અને શરીરના અભાવથી જ ચલાવ્યું છે પણ અજ્ઞાનીને એ વાત બેસતી નથી. મારું તત્વ બીજા અનંત તત્વોને લઈને નથી અને અનંત તત્વો મારે લઈને નથી, અને ક્ષણિક વિકારી પર્યાય થાય છે એટલો હું નથી. એવા નિર્ણયપૂર્વક પરની રુચિ ખસી સ્વભાવની રુચિ થાય એ સમ્યગ્દર્શન છે અને તે જ્ઞાની છે. લાખો ક્રોડો મણનો પાણીનો લોઢ સમુદ્રમાં હોય છે. એ લોઢની ઉપર એક ઘાસનું ફોતરૂં જે તરવાના સ્વભાવવાળું છે, તેથી તે તરે છે. સમુદ્રના લોઢ તેને દાબી શકે નહિ. તે તો માથે ને માથે એકલો છૂટો રહે છે. એમ આત્માનો સ્વભાવ પરથી ભિન્ન છૂટા રહેવાનો છે. તે અનંત પુદ્ગલ અને અનંત આત્માની મધ્યમાં હોવા છતાં તે પોતાથી ટકતો અને તરતો જુદો જુદો રહે છે. એવો આત્માનો સ્વભાવ છે, એમ જાણતાં પરની રુચિ છૂટી જાય છે અને સ્વભાવની રુચિ થાય છે, એને જ સાચો વૈરાગ્ય હોય છે. જ્ઞાનીને અસ્થિરતાનો રાગ હોય છે પણ તે પરના અભાવરૂપ થઈને થયેલો હોય છે. એ પોતાની નબળાઈથી વર્તમાન યોગ્યતાના કારણે હોવા છતાં તે વિકારો ઊપજાવે એવો આત્માનો સ્વભાવ જ નથી. એ શ્રદ્ધા, જ્ઞાન અને સ્વસન્મુખતા - એકાગ્રતા થાય છે, તેને ધ્યાન હોય છે. જેને સાચી રુચિ થઈ જ નથી તેને આત્માની સબળાઈની ખબર નથી. એટલે જે રાગ થાય છે તે નબળાઈનો નથી, પણ સ્વચ્છંદે થયેલો ઊંધાઈનો રાગ હોય છે. તેથી તે મિથ્યાદૃષ્ટિનો રાગ છે.

દરેક આત્મા અને દરેક પરમાણું પૃથક પૃથક છે. તે એક બીજાને શક્તિ આપતા નથી, અને કોઈ આત્મા કે પરમાણું બીજાને શક્તિ આપે એવો પણ કોઈનો સ્વભાવ નથી. પચાસ

મણની લોઢાની કેચી મકાન ઉપર પચીસ માણસ ભેગા થઈને ચડાવી છે એમ નથી. કેચી જે ઉપડી છે તે પચીસ માણસોનાં કારણે ઉપડી નથી. કેમકે જેમ એક માણસની શક્તિથી કેચી ઊંચી થતી નથી એમ પચીસ માણસથી પણ થઈ નથી. કેમકે પચીસ માણસો ભિન્ન ભિન્ન છે. તેમની શક્તિ પણ ભિન્ન ભિન્ન છે. કોઈની શક્તિ ભેગી થતી જ નથી. માટે તે બધાની શક્તિ ભેગી થઈને કેચી ઉપડી છે તે વાત ખોટી છે. કેચી પોતાના કારણે ઊંચી થાય છે ત્યારે તેને બીજી ચીજ નિમિત્ત કહેવાય છે. ખરેખર કેચીના રજકણે રજકણ ભિન્ન છે. કેચીને કેચી કહેવી તે વ્યવહારનું કથન છે. નિશ્ચયથી તો બધા રજકણો છે. એ વાત લોકોને કઠણ પડે છે, કેમકે સંયોગને જ દેખે છે, સ્વતંત્ર વસ્તુ સ્વભાવને ભૂલે છે. લોકો ઊંધી રીતે માને એટલે કાંઈ સત્ય હોય તે અસત્ય થાય નહિ. ઘૂવડ, ચીબરી, કાનકડીયુ વગેરે એ સૂર્યનો પ્રકાશ જોયો ન હોય, એથી કરીને સૂર્યના પ્રકાશનો અભાવ થતો નથી. તેમ સ્વતંત્ર વસ્તુસ્થિતિ જેમ છે તેમ ન સમજે તેથી શું ? સુખી થવું હોય તેણે સત્યવાત સમજ્યે છૂટકો છે.

કર્મ, શરીર, પૈસો, કેચી વગેરેનું વ્યવહારે સાચું જ્ઞાન ક્યારે કર્યું કહેવાય કે પ્રથમ તે દરેક સ્કંધના રજકણો પૃથક પૃથક પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયથી રહેલાં છે. એક બીજામાં પ્રવેશ કર્યા વિના પરના અભાવથી ટકી રહેલાં છે, એમ નિર્ણય કરે ત્યારે સ્કંધમાં વ્યવહારનો આરોપ આવે છે. કર્મ તે કર્મ નથી, શરીર તે શરીર નથી, પૈસા તે પૈસા નથી એમ નિશ્ચયથી પ્રથમ નક્કી કરવું જોઈએ. કેમકે કર્મમાં રહેલો એક એક પરમાણું તે કાંઈ કર્મ નથી. શરીરના અનંત પરમાણું છે, તે એક એક પરમાણું શરીર નથી. જો એક પરમાણું શરીર કે કર્મ નથી, તો બધા ભેગા મળીને કર્મ થાય છે એ વાત જ નિશ્ચયથી બરાબર નથી. આમ નક્કી કર્યા પછી વ્યવહારે પર્યાયનું જ્ઞાન કરતાં પરમાણુંઓના સંયોગરૂપ સ્કંધપર્યાયને કર્મ, શરીરાદિ કહેવાય છે. હવે જો ખરેખર કર્મ જ નથી અને શરીર જ નથી તા કર્મે આત્માને હેરાન કર્યો એ વાત રહેતી નથી, અને ઈન્જેક્શનના કારણે શરીરનો રોગ ગયો એ વાત રહેતી જ નથી. નિશ્ચય વગરનો એકલો વ્યવહાર તે આંધળો છે. આ વાત સરળ અને સીધી હોવા છતાં અને સ્વતંત્ર વસ્તુ છે એ ખ્યાલમાં આવ્યા વિના લોકોને આ વાત અઘરી લાગે છે.

શાસ્ત્રમાં શરીર, પ્રાણ, કર્મ આદિની ઘણી વાત આવે છે, પણ તે સાથે તે વાત નક્કી કરવી જાઈએ. જ્યારે એક રજકણને કર્મ નથી કહેવાતાં તો અનંતને કર્મ ક્યાંથી કહેવાય ? માત્ર પર્યાય વ્યવહારનું જ્ઞાન કરતાં કર્મ કહેવાય છે. નિશ્ચયપૂર્વક વ્યવહાર જ્ઞાન તે સાચું છે. આ કેવળજ્ઞાનનું સાધન છે. આ વાત સમજ્યા વિના આરો આવે તેમ નથી. અવલદોમ વાત છે. લોકો ચાલું વાત કરી રહ્યાં છે. એનાં કરતાં આ જુદી વાત છે. માટે પ્રથમ આ વાત કહેનાર સર્વજ્ઞ કોણ છે ? ગુરુ કોણ છે ? અને એના કહેલાં શાસ્ત્રો કોણ છે ? અને એ

શાસ્ત્રોમાં કહેલા તત્વાર્થ કોણ છે ? એનું નક્કી કર્યા વિના વિર્ય સ્વભાવ તરફ વળે એમ નથી.

અહીં તો કહે છે કે જ્યારે આત્માને દરેક પદાર્થ સ્વતંત્ર ભિન્ન ભન્ન છે, એમ નિર્ણય કરે ત્યારે ધર્મ થાય એમ છે. અજ્ઞાની જે વસ્તુ જગત ઉપર નથી એની મમતા કરે છે. પૈસો તે જગતનો મૂળ પદાર્થ નથી. પૈસો તે વ્યવહારે છે. અજ્ઞાની એ કલ્પના કરે છે કે આ પૈસા છે અને તે મારા છે. જ્ઞાનીને સ્વ-પરનું ભેદજ્ઞાન હોવાથી એની મમતા નથી. અજ્ઞાની વર્તમાન પર્યાય જેટલી વસ્તુ માને છે. તેથી સ્વ-પરનું ભાન નથી તેથી મમતા કરે છે. જ્ઞાની પૈસો, સ્ત્રી, મકાનાદિમાં મમતા કરતા નથી, કેમકે દ્રવ્યદૃષ્ટિ હોવાથી ક્ષણિક પર્યાયને દેખીને મમતા થતી નથી. પેઘડે પગ અને બ્રહ્મ ઉપદેશ એમ બને એમ નથી. તેમ આ વાત જલ્દી સમજાય એમ નથી. તેના માટે નિવૃત્તિ જોઈએ.

અનંત પદાર્થો છે. તેને અનંતપણે સ્વતંત્રપણે ન માને અને બધાને એક કરીને માને તેને સ્વતંત્ર દ્રવ્યની પ્રતીત વિના સ્કંધરૂપી પર્યાયનું સાચું જ્ઞાન પણ નથી. અજ્ઞાનીને રૂપીયાનું પણ સાચું જ્ઞાન નથી. દાળ, ભાત, રોટલા, શરીર વગેરે કોઈ પણ પદાર્થનું સાચું જ્ઞાન અજ્ઞાનીને નથી. કેમકે તે સ્કંધમાં રહેલાં એક એક પરમાણું સ્વતંત્ર છે. એની એને ખબર નથી. માટે પ્રથમ - પરના અભાવરૂપ પોતે નિત્ય જ્ઞાનસ્વભાવી છે. એવું સ્વતંત્ર પદાર્થજ્ઞાન અને નિર્ણય કરી પોતાનાં આત્મામાં એકાગ્ર થાય, તેને ધર્મધ્યાન હોય છે.

જ્ઞાનીને સાચો વૈરાગ્ય હોય છે. એટલે જ્ઞાન પોતાનો સ્વભાવ છે. તે પરના અભાવરૂપ છે. તે જ્ઞાન અને વૈરાગ્ય છે. નિશ્ચયથી ઈંદ્રિયો અને ઈંદ્રિયોના વિષયભૂત પદાર્થો છે જ નહિ, એમ જાણી પરથી ઉદાસ થઈ આત્મામાં એકાગ્રતા થાય છે. ત્યારે ઈંદ્રિયો અને વિષયભૂત પદાર્થોનું વ્યવહારે જ્ઞાન કર્યું કહેવાય છે. સર્વજ્ઞ સિવાય આ વાત બીજે ક્યાંય હોય નહિ. કોઈનું તત્વજ્ઞાન સાંભળીને માત્ર ધારણા કરીને આ વાત કહે એટલે એના ઘરની થઈ જાય નહિ. સંપ્રદાયમાં તો ઉપવાસ કરો, સામાયિક કરો વગેરેનો ઉપદેશ હોય છે. પણ આ વાતને સમજ્યા વિના સાચા ઉપવાસ કે સામાયિક હોતી નથી. બુદ્ધિ વગરના બાવા થાય તો એમાં કાંઈ વળે નહિ. ઘેટાંને પણ છ છ મહિને મૂંડે છે. કાંઈ મુંડાઈ જવાથી આત્માનું કલ્યાણ થતું નથી. સ્વભાવ સ્વમુખ વિર્ય અને તોલ મહિમા આવ્યા વિના પરનો તોલ ઘટે નહિ અને આત્માને લાભ થાય નહિ.

ઈંદ્રિયોના વિષયો ક્યારે છૂટ્યા કહેવાય કે ઈંદ્રિયો મારામાં છે જ નહિ, એમ પ્રથમ નિર્ણય કરવો જોઈએ. જગતમાં નિશ્ચયથી પૈસો છે જ નહિ. તો પછી આત્મા સધન છે અને નિર્ધન છે એ વાત રહેતી નથી. અજ્ઞાનીને શરીરમાં રોગ, આવ્યો પૈસા ન હોય, કુટુંબ સારૂં ન હોય

તો તેના વિચારો કરીને ચિત્તમાં અશાંતિ વેધ્યા કરે છે તે એની મૂઢતા છે. આત્મામાં પરનો અભાવ છે, માટે પર વસ્તુના કારણે અશાંતિ નથી. એની એને ખબર નથી. જ્ઞાની એવી અશાંતિને વેદતો નથી. અંતરમાં એકાગ્ર થઈને શાંતિને અનુભવે છે.

ભાવાર્થ :- ધ્યાનનું સ્વરૂપ એક જ્ઞેયમાં જ્ઞાનનું એકાગ્ર થવું તે છે. જે પુરુષ ધર્મમાં એકાગ્ર ચિત્ત કરે છે, તે કાળમાં તે ઈંદ્રિયવિષયોને વેદતો નથી, અને તેને જ ધર્મધ્યાન હોય છે. તેનું મૂળ કારણ સંસાર - દેહ - ભોગથી વૈરાગ્ય છે, કારણ કે વૈરાગ્ય વિના ધર્મમાં ચિત્ત થંભતું નથી. આત્માને સ્વમાં અપેક્ષા થઈ એટલે પરની ઉપેક્ષા થયા વિના રહેતી નથી. તે વૈરાગ્ય છે, અને એમ પરની ઉપેક્ષા કરે તેને અંતરમાં સ્થિરતા હોય છે. ધર્મધ્યાનવાળો વિકારમાં એકાગ્ર થતો નથી, પણ અંદર પોતે જ્ઞાનમાત્ર સ્વભાવ એક છે, તેને લક્ષમાં લે છે. આર્તધ્યાન, રૌદ્રધ્યાનવાળો વિકાર અને પરને લક્ષમાં લે છે માટે એને ધર્મધ્યાન થતું નથી

## ભાદરવા વદ ૧૩, મંગળવાર, ૧૬-૯-૫૨

આ ધ્યાનનો અધિકાર છે. બાર ભાવના પૂરી થઈને તપનો અધિકાર ચાલે છે. એમાં ધ્યાન કોને કહેવાય અને તે ધ્યાન કોને હોય છે તે કહેવાય છે.

ગાથા-૪૭૮

**सुविसुद्धरायदोसो वाहिरसंकप्पवज्जिओ धीरो।**
**एयग्गमणो संतो जं चिंतइ तं पि सुहज्झाणं।।४७८।।**
**सुविशुद्धरागद्वेषः बाह्यसंकल्पवर्जितः धीरः।**
**एकाग्रमनाः सन् यत् चिन्तयति तदपि शुभध्यानं।।४७८।।**

**અર્થ :- જે પુરુષ રાગદ્વેષરહિત થઈ બાહ્ય સંકલ્પોથી છૂટી ધીર ચિત્તથી એકાગ્ર મનવાળો થઈ ચિંતવન જે કરે છે તે પણ શુભધ્યાન છે.**

**ભાવાર્થ :- જે રાગદ્વેષમયી પરવસ્તુ સંબંધી સંકલ્પ છોડી, કોઈનો ચળાવ્યો પણ ન ચળે એવો એકાગ્રચિત્ત બની ચિંતવન કરે છે. તે પણ શુભધ્યાન છે.**

અર્થ :- જે પુરુષ રાગદ્વેષરહિત થઈ બાહ્ય સંકલ્પોથી છૂટી ધીર ચિત્તથી એકાગ્ર મનવાળો થઈ ચિંતવન જે કરે છે તે પણ શુભધ્યાન છે.

જુઓ, ધર્મધ્યાન કોને હોય છે ? જે પ્રથમ નક્કી કરે કે રાગદ્વેષ મારા સ્વભાવમાં જ નથી, તેને ધર્મધ્યાન હોય છે. જેના રહિત થવું છે એ જો સ્વભાવમાં હોય તો તે નીકળી શકે નહિ. એકમેક થઈ ગયા હોય તો એમાંથી છૂટી શકાય નહિ. એ માટે રાગદ્વેષરહિત મારો સ્વભાવ છે, એવો નિર્ણય પ્રથમ કરવો જોઈએ અને એવો નિર્ણય કરીને અનંતા જીવો પૂર્ણ પદને પામ્યા છે. એની પાસે શ્રવણ કરે પણ રાગદ્વેષ અને અજ્ઞાનસહિત હોય એવા કુદેવાદિ નિમિત્ત હોય નહિ. જે વક્તા પોતે ધર્મ સમજ્યો હોય નહિ, તે બીજાને નિમિત્ત થઈ શકે નહિ. પુરુષ પ્રમાણે વચન પ્રમાણ હોય છે. માટે સર્વજ્ઞ સિવાય બીજાની પાસે સાંભળવા જતાં ગુણ ગ્રહણ થતો નથી. કેમકે જેનામાં ગુણ નથી તેનામાંથી ગુણ ગ્રહણ કરવાનું રહેતું નથી.

જેને ધર્મધ્યાન કરવું હોય તેણે પ્રથમ જ્ઞાની પાસેથી ધર્મની વાત સાંભળવી જોઈએ, તે કહે છે. જેમ કોઈ માણસને નોકરી કરવી હોય તો પહેલાં જેની નોકરી કરવી હોય તેની બરાબર પરીક્ષા કરે કે આ માણસ મને મહિને પૂરેપૂરો પગાર આપી શકે એમ છે કે નહિ ? તે પછી તેની નોકરી કરે. તેમ જેની પાસેથી ધર્મ સાંભળવો છે, તેને ધર્મ પ્રગટ થયો છે કે નહિ તે પ્રથમ જાણવું જોઈએ.

જુઓ, આગળ આચાર્ય ભગવાન પાંચ બ્રહ્મચારી તીર્થંકરોને નમન કરશે. આચાર્ય પોતે બાળ બ્રહ્મચારી હતાં એટલે મુખ્ય બ્રહ્મચારી તીર્થંકરોને વંદન કર્યું છે. એથી કરીને તીર્થંકરોમાં ફેર છે એમ નથી. પણ એ વખતે એવો વિકલ્પ આવ્યો. શ્રી વાસુપૂજ્ય સ્વામી, શ્રી મલ્લિનાથ સ્વામી, શ્રી નેમનાથ સ્વામી, શ્રી પાર્શ્વનાથ સ્વામી અને મહાવીર સ્વામી એ પાંચ તીર્થંકરો બાળ બ્રહ્મચારી હતાં. માટે પાંચને વંદન કર્યુ છે. આ ઉપરથી એમ નક્કી થયું કે વીતરાગ સર્વજ્ઞની પરંપરામાં પાંચ તીર્થંકરો બ્રહ્મચારી હતાં. એમ ન માને તો સમજવું કે તે સાચી પરંપરા નથી. જગતમાં માલ લેવા જાય તો ત્યાં પણ બરાબર પરીક્ષા કરે અને ધર્મ જે અપૂર્વ છે, તેની પરીક્ષા ન કરે તો ચાલે નહિ. પરીક્ષા કર્યા વગર એમ ને એમ ધર્મ થઈ જાય એમ નથી. માટે જેને કલ્યાણ કરવું હોય તેણે પહેલાં પુરુષને નક્કી કરવો પડશે. રેંગીફેંગીનાં આ કામ નથી. "રણે ચડ્યો રજપૂત છૂપે નહીં"

એક વખત વાણિયાની જાનમાં એક ગરાસિયાને લઈ ગયા. રસ્તામાં ચોર આવ્યાં. ત્યારે

રજપૂત ગરાસિયો કહે આ વાણિયાએ મને ગાડે બેસાડ્યો છે. હું સાથે છું ત્યાં સુધી કોઈના ઉપર હાથ પડવો ન જોઈએ. કેમકે અમે ક્ષત્રિય છીએ. કાં મારીએ, અને કાં મરીએ. વાણિયાની જેમ વેવલાપણું કરીએ નહિ. એમ આત્મા રાજપૂત્ર છે. પોતાના જ્ઞાનદર્શન શક્તિથી શોભી રહ્યો છે, તે ટાણાં આવે ત્યારે માયકાંગલાપણું કરે નહિ. વખત આવ્યે ધર્મી માથા આપે. રાગથી કે નિમિત્તથી ધર્મ માને નહિ. કુદેવાદિને વંદન કરે નહિ. દેહ જતો હોય તો જતો કરે, પણ તે ડગતાં નથી. કેમકે આત્મા કાંઈ વાણિયો નથી. આત્માને શરીર નથી. તો શરીરનું નામ આપ્યું તે આત્મા કેમ હોય ? માટે બરાબર પરીક્ષા કરવી જોઈએ.

કોઈ કહે કે આપણે પરીક્ષા કરવાનું શું કામ છે ? જે હોય તે માની લો. પણ એમ એવી રીતે ચાલે નહિ. ધર્મ અપૂર્વ ચીજ છે. ધર્મની પર્યાય કેવી હોય ? તેમાં નિમિત્ત કેવું હોય ? તે પહેલાં જાણવું જોઈએ. જેણે રાગ, પુણ્ય અને નિમિત્તના આશ્રયે ધર્મ મનાવ્યો છે. એવા કુદેવાદિના નિમિત્તે રાગદ્વેષરહિત થવાય નહિ પણ વીતરાગી સર્વજ્ઞ પુરુષે રાગાદિથી રહિત આત્મા છે, એમ કહ્યું છે. એવા સાચા દેવાદિના નિમિત્તે રાગાદિ રહિત થવાય છે. આત્માએ રાગદ્વેષથી રહિત થવું તે પણ નાસ્તિનું કથન છે. સ્વભાવ શુદ્ધ છે, એના આશ્રયે રાગદ્વેષ થતાં નથી. એ વાત યથાર્થ છે. તે પર્યાયને શુભધ્યાન એટલે શુદ્ધ-સારૂં ધ્યાન કહે છે.

ભાવાર્થ :- જે રાગદ્વેષમયી પરવસ્તુ સંબંધી સંકલ્પ છોડી, કોઈનો ચળાવ્યો પણ ન ચળે એવો એકાગ્રચિત્ત બની ચિંતવન કરે છે. તે પણ શુભધ્યાન છે. અહીં રાગદ્વેષમયી પરવસ્તુનું એટલે રાગદ્વેષોના નિમિત્તોનું લક્ષ છોડી દે છે, એમ કહેવું છે. સ્વભાવમાં એકાગ્ર થતાં પરનું લક્ષ છૂટી જાય છે તે શુભધ્યાન છે એટલે કે ધર્મધ્યાન છે.

ગાથા-૪૭૯

**ससरूवसमुब्भासो णट्ठममत्तो जिदिंदिओ संतो।**
**अप्पाणं चिंतंतो सुहज्झाणरओ हवे साहू।।४७९।।**
**स्वरूपसमुद्भासः नष्टममत्वः जितेन्द्रियः सन्।**
**आत्मानं चिन्तयन् शुभध्यानरतः भवेत् साधुः।।४७९।।**

**અર્થ :- જે સાધુ પોતાના સ્વરૂપનો સમુદ્‌ભાસ એટલે પ્રગટતા થઈ છે જેને એવો થયો થકો, પરદ્રવ્યમાં નષ્ટ થયું છે મમત્વ જેને એવો બનીને, જીત્યા છે ઈન્દ્રિયવિષય જેણે એવો થઈ એક આત્માને ચિંત્વન કરતો થકો પ્રવર્તે છે તે સાધુ શુભધ્યાનમાં લીન હોય છે.**

**ભાવાર્થઃ- જેને પોતાના સ્વસ્વરૂપનો પ્રતિભાસ થયો હોય, પરદ્રવ્યમાં મમત્વ ન કરતો હોય અને ઈંદ્રિયોને વશ કરે. એ પ્રમાણે જે આત્માનું ચિંતવન કરે તે સાધુ શુભધ્યાનમાં લીન હોય છે, બીજાને શુભધ્યાન હોતું નથી.**

અર્થ :- જે સાધુને પોતાના સ્વરૂપનો સમુદ્‌ભાસ એટલે પ્રગટતા થઈ છે, એવા સાધુને પરદ્રવ્યમાં મમત્વ રહેતું નથી અને તે પુરુષે પાંચ ઈંદ્રિયોના વિષયોને જીતી લીધા છે અને એક આત્માનું જ ચિંતવન કરતો થકો પ્રવર્તે છે. તે શુભધ્યાનમાં લીન હોય છે.

જેને ચિદાનંદ આત્માની ખ્યાતિ થઈ છે. તેને પુણ્યપાપ અને પરની ખ્યાતિનો નાશ હોય છે, તે ધર્મધ્યાન છે. આત્મામાં જે શક્તિ પડેલી છે, તેની રુચિ, જ્ઞાન અને રમણતા કરીને પ્રગટરૂપે કરે છે, તે સાધુ છે અને પરદ્રવ્યમાંથી સુખબુદ્ધિ અંતરથી ટળી ગઈ છે, તેને શુભધ્યાન હોય છે.

ભાવાર્થઃ- જેને પોતાના સ્વરૂપનો પ્રતિભાસ થયો હોય, જે પરદ્રવ્યમાં મમત્વ ન કરતો હોય અને ઈંદ્રિયોને વશ કરે. એ પ્રમાણે જે આત્માનું ચિંતવન કરે તે સાધુ શુભધ્યાનમાં લીન હોય છે, બીજાને શુભધ્યાન હોતું નથી.

જેને ધ્યાનરૂપી તપની ખબર નથી, તે તો બહારમાં તપસ્યા કરીને ધર્મ માને અને વરઘોડા કાઢે, પણ હજુ કુદેવાદિની શ્રદ્ધા જેને છૂટી નથી, તેને ધર્મધ્યાન થતું નથી. પણ તે ગૃહીતમિથ્યાદ્રષ્ટિ છે. એવા જીવને પુણ્યપાપ રહિત આત્મા છે એ વાત રુચતિ નથી અને આત્માની જે ધર્મક્રિયા છે તે તેના લક્ષમાં આવતી નથી. જડની-શરીરની ક્રિયામાં ધર્મ માનીને તે અધર્મને સેવે છે. માટે અહીં તો કહે છે કે એવી દ્રષ્ટિ જેને છૂટી ગઈ હોય તેને જ ધર્મધ્યાન હોય છે. જેને સ્વભાવદૃષ્ટિ થઈ હોય તેને જ ધર્મધ્યાન હોય છે. એમ અસ્તિથી વાત આવે ત્યારે એ સિવાય બીજાને ધર્મધ્યાન હોતું નથી, એમ નાસ્તિની વાત પણ તેમાં સમજી લેવી.

ગાથા-૪૮૦

**वज्जियसयलवियप्पो अप्पसरूवे मणं णिरूंभित्ता।**
**जं चिंतइ साणंदं तं धम्मं उत्तमं ज्झाणं।।४८०।।**

वर्जितसकलविकल्पः आत्मस्वरूपे मनः निरून्ध्य।
यत् चिन्तयति सानन्दं तत् धर्मं उत्तमं ध्यानं।।

અર્થ :- જે બધાય અન્ય વિકલ્પોને છોડી, આત્મસ્વરૂપમાં મનને રોકી આનંદસહિત ચિંતવન હોય તે ઉત્તમ ધર્મધ્યાન છે.

ભાવાર્થ :- સમસ્ત અન્ય વિકલ્પરહિત આત્મસ્વરૂપમાં મનને સ્થિર કરવાથી જે આનંદરૂપ ચિંત્વન રહે છે તે ઉત્તમ ધર્મધ્યાન છે. અહીં સંસ્કૃત ટીકાકારે અન્ય ગ્રંથાનુસાર ધર્મધ્યાનનું વિશેષ કથન કર્યું છે તેને સંક્ષેપમાં લખીએ છીએ :-

ધર્મના ચાર ભેદ કહ્યા છે. આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય તથા સંસ્થાનવિચય. ત્યાં જીવાદિક છ દ્રવ્ય, પંચાસ્તિકાય, સાતતત્વ અને નવપદાર્થોના વિશેષ સ્વરૂપવિશિષ્ટ ગુરુના અભાવથી તથા પોતાની મંદબુદ્ધિવશ પ્રમાણ–નય–નિક્ષેપથી સાધી શકાય એવું (સ્વરૂપ) જાણ્યું ન જાય ત્યારે એવું શ્રદ્ધાન કરે કે `જે સર્વજ્ઞવીતરાગદેવે કહ્યું છે તે મારે પ્રમાણ છે' એ પ્રમાણે આજ્ઞા માની તે અનુસાર પદાર્થોમાં ઉપયોગને સ્થિર કરે તે આજ્ઞાવિચયધર્મધ્યાન[1] છે.

``અપાય'' નામ નાશનું છે, ત્યાં જેમ કર્મોનો નાશ થાય તેમ ચિંતવે. મિથ્યાત્વભાવ એ ધર્મમાં વિઘ્નનું કારણ છે. તેનું ચિંતવન રાખે અર્થાત્ તે પોતાનામાં ન થવા દેવાનું અને પરને મટવાનું ચિંતવન રાખે તે અપાયવિચય છે.

"વિપાક" નામ કર્મના ઉદયનું છે. ત્યાં જેવો કર્મનો ઉદય થાય તેના તેવા સ્વરૂપનું ચિંતવન કરે તે વિપાકવિચય છે.

અને લોકસ્વરૂપનું ચિંતવન કરે તે સંસ્થાનવિચય છે.

વળી આ ધર્મધ્યાન દશ પ્રકારથી પણ કહ્યું છે. અપાયવિચય, ઉપાયવિચય, જીવવિચય, આજ્ઞાવિચય, વિપાકવિચય, અજીવવિચય, હેતુવિચય, વિરાગવિચય, ભવવિચય અને સંસ્થાનવિચય એ પ્રમાણે આ દશેનું ચિંતવન છે. તે આ ચારે ભેદોના વિશેષ ભેદ છે. વળી પદસ્થ, પિંડસ્થ, રૂપસ્થ અને રૂપાતીત એવા ચાર ભેદરૂપ પણ ધર્મધ્યાન હોય છે.[2] ત્યાં પદ તો અક્ષરોના

---

[1] सूक्ष्म जिनोदितं तत्त्वं हेतुभिर्नैव हन्यते।
आज्ञासिद्धं तु तद्ग्राह्यं नान्यथा वादिनो जिनाः।।

[2] पदस्थं मन्त्रवाक्यस्थं पिण्डस्थं स्वात्मचिन्तनम्।
रूपस्थं सर्वचिद्रूपं रूपातीतं निरञ्जनम्।।

સમુદાયનું નામ છે અને તે પરમેષ્ટીવાચક અક્ષર છે જેની મંત્ર સંજ્ઞા છે, એ અક્ષરોને પ્રધાન કરી પરમેષ્ટીનું ચિંત્વન કરે ત્યાં તે અક્ષરમાં એકાગ્રચિત્ત થાય તેને તેનું ધ્યાન કહે છે. ત્યાં નમોકારમંત્રના પાંત્રીસ[૩] અક્ષરો પ્રસિદ્ધ છે તેમાં મનને જોડે તથા તે જ મંત્રના ભેદરૂપ ટુંકામાં સોળ અક્ષરો છે. `અરહંત–સિદ્ધ–આયરિય–ઉવઝાય–સાહૂ'[૪] એ સોળ અક્ષર છે તથા તેના જ ભેદરૂપ `અરહંત–સિદ્ધ' એ છ અક્ષર છે તથા તેના જ સંક્ષેપમાં અ–સિ–આ–ઉ–સા એ આદિ અક્ષરરૂપ પાંચ અક્ષર છે, `અરહંત' એ ચાર અક્ષર છે, `સિદ્ધ' વા `અર્હં' એ બે અક્ષર છે અને `ૐ'એ એક અક્ષર છે. તેમાં પરમેષ્ટીના સર્વ આદિ અક્ષરો છે. અરહંતનો `अ' અશરીરી જે સિદ્ધ તેનો `अ' આચાર્યનો `आ' ઉપાધ્યાયનો `उ' અને મુનિનો `म' એ પ્રમાણે `अ+अ+आ+उ+म=ॐ [૫]'એવો ધ્વનિ સિદ્ધ થાય છે. એ મંત્રવાક્યોને ઉચ્ચારણરૂપ કરી મનમાં તેનું ચિંત્વનરૂપ ધ્યાન કરે, એનો વાચ્ય અર્થ જે પરમેષ્ટી તેનું અનંતજ્ઞાનાદિ સ્વરૂપ વિચારી ધ્યાન કરે તથા અન્ય પણ બારહજાર શ્લોકપ્રમાણ નમસ્કારગ્રંથ અનુસાર તથા લઘુ–બૃહદ્‌સિદ્ધચક્ર પ્રતિષ્ટાગ્રંથોમાં મંત્રો કહ્યા છે તેનું ધ્યાન કરે. એ મંત્રોનું કેટલુંક કથન સંસ્કૃતટીકામાં છે ત્યાંથી જાણવું. અહીં તો માત્ર સંક્ષેપમાં લખ્યું છે. એ પ્રમાણે પદસ્થધ્યાન છે.

વળી `પિંડ' નામ શરીરનું છે, ત્યાં પુરુષાકાર અમૂર્તિક અનંતચતુષ્ટયયુક્ત જેવું પરમાત્માનું સ્વરૂપ છે તેવું આત્માનું ચિંત્વન કરવું તે પિંડસ્થધ્યાન છે.

વળી `રૂપ' અર્થાત્ સમોવસરણમાં ધાતિકર્મરહિત, ચોત્રીસ અતિશય અને આઠ પ્રાતિહાર્યસહિત, અનંતચતુષ્ટયમંડિત, ઈન્દ્રાદિદેવોદ્વારા પૂજ્ય તથા પરમૌદારિકશરીરયુક્ત એવા અરિહંતને ધ્યાવે–તથા એવો જ સંકલ્પ પોતાના આત્માનાં સંબંધમાં કરીને પોતાને ધ્યાવે તે રૂપસ્થધ્યાન છે.

વળી દેહ વિના બાહ્યઅતિશયાદિ વિના સ્વ–પરના ધ્યાતા–ધ્યાન–ધ્યેયના ભેદવિના સર્વ વિકલ્પરહિત પરમાત્મસ્વરૂપમાં તલ્લીનતાને પ્રાપ્ત થાય તે રૂપાતીતધ્યાન છે. આવું ધ્યાન સાતમા ગુણસ્થાનમાં હોય ત્યારે મુનિ શ્રેણિ માંડે છે, તથા આ ધ્યાન વ્યક્તરાગસહિત ચોથા ગુણસ્થાનથી માંડી સાતમા ગુણસ્થાન સુધી અનેક ભેદરૂપ પ્રવર્તે છે.

---

[૩] णमो अरहंताणं णमो सिद्धाणं णमो आइरीयाणं।
णमो उवज्झायाणं णमो लोए सव्वसाहूणं।।

[૪] अर्हत्सिद्धाचार्योपाध्यायसर्वसाधुभ्यो नमः।

[૫] अरहंता असरीरा आइरिया तह उवज्झया मुणिणो।
पढमक्खरणिप्पण्णो ओंकारो पंचपरमेष्ठी।।

અર્થ :- જે બધાય અન્ય વિકલ્પોને છોડી આત્મસ્વરૂપમાં મનને રોકી આનંદસહિત ચિંતવન હોય તે ઉત્તમ ધર્મધ્યાન છે.

આનંદ જ આત્માનું સ્વરૂપ છે. જ્ઞાન સાથે આનંદ વણાયેલો છે. એવા આત્માની જેને પ્રતીતિ થઈ છે તે શુભાશુભ વૃત્તિને છોડીને આનંદમય અમૃતરસનું પાન કરે છે. એવા ચિંતવનને ધર્મધ્યાન કહે છે. આત્મા ત્રિકાળ અનાકુળ સ્વરૂપ છે, તેમાં આનંદ અને અમૃતનો ઘૂંટડો આવે તે આકુળતા રહિત થાય છે. આવા આત્માના વેપારમાં નુકશાની કદી થતી નથી. દિન-પ્રતિદિન આનંદની વૃદ્ધિ-લાભ થાય છે. પણ તે કેવી રીતે થાય છે, એનું પહેલાં જ્ઞાન કરવું જોઈએ.

અહીં આનંદસહિત ચિંતવનની વાત કરી છે. આનંદસ્વરૂપી આત્માને સમજ્યા વિના એમ ને એમ ચિંતવન કરે એની વાત નથી. વળી શુભધ્યાન એટલે શુદ્ધધ્યાનની વાત છે. ગોળનો રવો હોય તો તેમાંથી ગોળ જ નીકળે. કાળીજીરી નીકળે નહિ. તેમ આનંદસ્વરૂપી આત્મામાંથી તો આનંદ જ ઝરે છે. તેમાંથી દુઃખ નીકળે નહિ, કેમકે એમાં દુઃખ છે જ નહિ, એમ જાણી આત્મામાં એકાગ્ર થવું તે ઉત્તમ ધ્યાન છે.

ભાવાર્થ :- સમસ્ત અન્ય વિકલ્પરહિત આત્મસ્વરૂપમાં મનને સ્થિર કરવાથી જે આનંદરૂપ ચિંતવન રહે છે, તે ઉત્તમધર્મધ્યાન છે. આવા ધર્મધ્યાનની જેને ખબર નથી, તે પૂછે છે કે ભાઈ ! ધર્મધ્યાન કરો છો ? એટલે સામાયિક, પ્રતિક્રમણ આદિ કરો છો ? જો એ પ્રમાણે કરતા હોય તો શ્રાવકને બીજું કાંઈ કરવાનું રહેતું નથી, એમ માને છે. હવે એવા સંપ્રદાયના શ્રાવક પાછા પ્રશ્ન કરે કે મહારાજ ! કેટલા પરમાણુંનો આત્મા બન્યો હશે ? જુઓ, હજી આટલી પણ ખબર નથી. તેને ધર્મધ્યાન કેવું થતું હશે ? આંધળું ગાડું ચાલે છે. લોકો વિચાર પણ કરતા નથી. એવા જીવો તો આ વાતને સાંભળી પણ શકતા નથી. કદાચ સત્ય વાત સાંભળવા મળી હોય તો આ વાત ઊંચી છે એમ કહીને કાઢી નાખે છે. એવા જીવોને ધર્મધ્યાન તો થાય નહિ, પણ તે જીવ સમ્યગ્દર્શન પ્રગટ કરવાને પણ પાત્ર નથી. માટે પ્રથમ આત્માનો નિર્ણય કરી તેમાં એકાગ્ર થતાં પરનું ચિંતવન છૂટી જાય તેને ઉત્તમ ધ્યાન હોય છે એમ કહે છે.

હવે આનંદ સહિત ઉત્તમ ધર્મધ્યાનનું ટીકાકાર અન્ય ગ્રંથો અનુસાર વિશેષ કથન કરે છે. ધર્મધ્યાનના ચાર ભેદ કહ્યા છે. (૧) આજ્ઞાવિચય (૨) અપાયવિચય (૩) વિપાકવિચય અને (૪) સંસ્થાનવિચય.

(૧) પોતાની સાધક દશાનો વિચાર કરવો તે આજ્ઞાવિચય છે.

(૨) પોતાની પર્યાયમાં રહેલી બાધક દશાનો વિચાર કરી તેને મટાડવાનો વિચાર કરવો તે અપાયવિચય છે.

(૩) પોતાનાં પૂર્વ કર્મના વિપાકનો વિચાર કરવો તે વિપાકવિચય છે.

(૪) પોતાની પૂર્ણ દશા ક્યારે પ્રગટશે એ સબંધી વિચાર કરવો તે સંસ્થાનવિચય છે.

આ ધ્યાન છે. એ આજ્ઞા વિચયાદિનું વર્ણન બીજા ગ્રંથો અનુસાર કર્યું છે. તે હવે અહીં કહેવાશે.

# પ્રસાદ નં. – ૩૨૮

**વી. નિ સં. ૨૪૭૮, આસો સુદ ૩, વર્ષ ૨જું. પુસ્તક અગિયારમું,**
**સોનગઢ, તા. ૨૨-૯-૫૨, સોમવાર.**

# શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(ભાદરવા વદ ૧૪, બુધવાર, ૧૭-૯-૫૨ સવાર)**

**ગાથા-૪૮૦**

ધર્મધ્યાનનો અધિકાર છે. ધર્મધ્યાન અને શુક્લધ્યાન તે તપ છે. જ્ઞાયક ચૈતન્યમૂર્તિ આનંદ સ્વભાવી આત્માની શ્રદ્ધા થઈ હોય તેને ધર્મધ્યાન હોય છે. તે જીવ કેવો વિચાર કરે છે તે કહે છે.

ધર્મધ્યાનના ચાર ભેદ છે. આજ્ઞાવચય, અપાયવિચય, વિપાકવિચય અને સંસ્થાનવિચય. તેમાં પ્રથમ આજ્ઞાવિચયની વાત કરે છે.

જીવાદિ છ દ્રવ્યો, પંચાસ્તિકાય, સાત તત્વ અને નવ પદાર્થોના વિશેષ સ્વરૂપ વિશિષ્ટ ગુરુના અભાવથી તથા પોતાની મંદ બુદ્ધિવશ પ્રમાણ-નય-નિક્ષેપથી સાધી શકાય એવું સ્વરૂપ જાણ્યું ન જાય ત્યારે એવું શ્રદ્ધાન કરે કે "જે સર્વજ્ઞ વીતરાગ દેવે કહ્યું છે તે મારે પ્રમાણ છે" એ પ્રમાણે આજ્ઞા માની તે અનુસાર પદાર્થોમાં ઉપયોગને સ્થિર કરે તે <u>આજ્ઞાવિચય</u> ધર્મધ્યાન છે.

વીતરાગની આજ્ઞા બરાબર અંતરમાં બેઠી છે. સ્વભાવની રુચિ છે. પરની રુચિ છૂટી ગઈ છે. છતાં તે જીવ વીતરાગની આજ્ઞાનો વિચાર કરે છે. છ દ્રવ્યોનું, પંચાસ્તિકાયનું અને

નવ પદાર્થોનું સામાન્ય પ્રકારે તો જ્ઞાન થઈ ગયું છે, પણ વિશેષ પ્રકારથી-બધાં પડખાથી કોઈ સૂક્ષ્મ વાતનો ખ્યાલ ન હોય તો તે ભગવાનની આજ્ઞા પ્રમાણે માને છે. શાસ્ત્રમાં કહ્યું છે તે મારે પ્રમાણ છે, એવો વિચાર કરવો તે આજ્ઞાવિચય ધર્મધ્યાન છે.

સામાન્યપણે દેવ-ગુરુ-શાસ્ત્ર, છ દ્રવ્ય, નવ તત્વ વગેરે પ્રયોજનભૂત પદાર્થનું જ્ઞાન અને શ્રદ્ધા બરાબર કરવાં જોઈએ. એમાં પરીક્ષા કર્યા વિના ભગવાને કહ્યું છે માટે માની લો તો એમ ચાલે નહિ. સર્વજ્ઞ ભગવાને કહેલાં શાસ્ત્રો હોય તે આગમ છે. એ સિવાયનાં શાસ્ત્રો તે આગમ નથી. માટે જેમ છે તેમ યથાર્થપણે પ્રથમ જાણવું જોઈએ. એ વિના આગમને માને તો પણ તે મિથ્યાદૃષ્ટિ છે.

આ દિગંબર ધર્મ જ સત્ય છે. આ વાત આજે નવી કહીએ છીએ એમ નથી. સંવત ૧૯૯૧ માં પહેલો જ આ પાર્શ્વનાથ ભગવાનનો ફોટો મૂક્યો હતો. નગ્ન દિગંબર કંદોરા વગરનો તે ફોટો છે. વળી સંવત ૧૯૯૪ માં શ્રી કુંદકુંદાચાર્ય રચિત શ્રી સમયસારની પ્રતિષ્ઠા થઈ. સંવત ૧૯૯૭ માં શ્રી જિનમંદિરમાં શ્રી સીમંધર ભગવાનની પ્રતિષ્ઠા થઈ છે.

પણ આ વાતનો કોઈ દિવસ વિચાર કરે તો ખબર પડે ને ? વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરના દિવ્ય ધ્વનિ અનુસાર કુંદકુંદાચાર્યઆદિએ જે શાસ્ત્રો રચ્યાં છે તે સિવાય અન્ય કોઈનાં શાસ્ત્રો સાચાં નથી. એ અનુસાર છ દ્રવ્યો, નવ તત્વો આદિનો વિચાર કરે અને અંતરમાં આનંદ આવે તે આજ્ઞાવિચય ધર્મધ્યાન છે.

''અપાય'' નામ નાશનું છે, ત્યાં જેમ કર્મોનો નાશ થાય તેમ ચિંતવે. મિથ્યાત્વભાવ એ ધર્મમાં વિઘ્નનું કારણ છે. તેનું ચિંતવન રાખે અર્થાત્ તે પોતાનામાં ન થવા દેવાનું અને પરને મટવાનું ચિંતવન રાખે તે <u>અપાયવિચય</u> છે.

અહો ! મારો આત્મા જ્ઞાનાનંદ છે. પર્યાયમાં વિકાર થાય છે તેમાં કર્મ નિમિત્ત છે. કર્મોનો નાશ થવો તે મારા હાથની વાત નથી પણ વિકારનો નાશ કેમ થાય ? એનું ચિંતવન કરવું, જ્ઞાનસ્વભાવી આત્મા છે, તેમાં પુણ્ય-પાપના વિકલ્પ નથી, વિકલ્પ થાય છે તે અનર્થનું કારણ છે એવી વિચાર શ્રેણી ચલાવવી તે અપાયવિચય નામનું ધર્મધ્યાન છે. પાપભાવ તો અનર્થનુ કારણ છે જ પણ અહીં તો કહે છે કે પુણ્યભાવ પણ અનર્થનુ કારણ છે એમ ચિંતવન કરવું. કોઈ કહે કે શુભભાવ અનર્થનું કારણ હોય તો શા માટે કરવો જોઈએ તેનો ઉત્તર કહે છે :-

જ્યારે અશુભભાવ હોય છે ત્યારે સ્ત્રી, કુટુંબ, પૈસાદિ ઉપર લક્ષ જાય છે. તેમ જ્યાં સુધી પૂર્ણ વીતરાગદશા ન થાય ત્યાં સુધી જ્ઞાનીને પણ શુભભાવ આવ્યા વિના રહેતો નથી. તે વખતે દેવ-ગુરુ-શાસ્ત્રાદિ ઉપર તેને પ્રેમ આવ્યા વિના રહે નહિ. ધર્મી વિચારે છે કે પુણ્ય

અને પાપ બન્ને આત્માને માટે અનર્થનું કારણ છે, તે ચિદાનંદ અમૃતરસને લૂંટે છે, તેથી એના નાશનો વિચાર કરે છે. વળી કુદેવાદિનું ચિંતવન તો ગૃહિત મિથ્યાત્વ રૂપી પાપનું કારણ છે. તે આત્માની શાંતિમાં વિઘ્ન કરનાર છે. જગતમાં એના જેવું મોટું બીજું પાપ નથી. સાત વ્યસન કરતાં પણ મિથ્યાત્વનું પાપ મોટું છે, એમ ધર્મી ચિંતવે છે અને સાચા દેવાદિનો અનાદર તથા ખોટાનો આદર તે વિઘ્નનું કારણ છે એમ ચિંતવન કરવું તે અપાયવિચય ધર્મધ્યાન છે. પોતાનું મિથ્યાત્વ ન રહે એવું ચિંતવન તો જ્ઞાની કરે છે જ. પરંતુ પરનું પણ મિથ્યાત્વ કેમ ટળે એવો વિચાર પણ તે કરે છે અને એમાં આનંદ થવો તે અપાયવિચય ધર્મધ્યાન છે,

વિપાક નામ કર્મના ઉદયનું છે. ત્યાં જેવો કર્મનો ઉદય થાય તેના તેવા સ્વરૂપનું ચિંતવન કરે તે <u>વિપાકવિચય</u> છે. પ્રતિકુળ સંયોગો આવે ત્યારે વિચાર કરે કે એવો જ કર્મનો ઉદય હશે. આત્માના આનંસહિતનું એવું જે ચિંતવન છે તે વિપાકવિચય ધર્મધ્યાન છે.

લોકસ્વરૂપનું ચિંતવન કરે તે સંસ્થાનવિચય છે. દેવ છે, નરક છે, અસંખ્ય દ્વીપસમુદ્ર છે અને આ લોક છે તે અનાદિનો છે એનો કોઈ કર્તા નથી, એનો કોઈ રક્ષક નથી અને એનો કોઈ નાશકરનાર નથી. એમ લોકસબંધી વિચાર કરતાં આત્મામાં જે આનંદ થાય છે તેને <u>સંસ્થાનવિચય</u> ધર્મધ્યાન કહે છે.

વળી આ ધર્મધ્યાન દશ પ્રકારથી પણ કહ્યું છે. અપાયવિચય, ઉપાયવિચય, જીવવિચય, આજ્ઞાવિચય, વિપાકવિચય, અજીવવિચય, હેતુવિચય, વિરાગવિચય, ભવવિચય અને સંસ્થાનવિચય એ પ્રમાણે આ દશેનું ચિંતવન છે. તે આ ચારે ભેદોના વિશેષ ભેદ છે.

<u>અપાયવિચય</u>ની વાત પહેલા આવી ગઈ છે. <u>ઉપાયવિચય</u>માં મોક્ષ થાય છે તેનો ઉપાય આત્મામાં સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રરૂપી રત્નત્રય છે, એવા આનંદસહિતના ચિંતવનને ઉપાય વિચય ધર્મધ્યાન કહે છે. <u>જીવવિચય</u>માં આત્મા અનંત જ્ઞાનદર્શનની શક્તિવાળો છે. પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી પરિપૂર્ણ અસ્તિરૂપે છે અને પરથી ભિન્ન છે, એમ ચિંતવન કરવું તે જીવવિચય છે. <u>આજ્ઞાવિચય</u> અને <u>વિપાકવિચય</u>ની વાત આવી ગઈ છે. <u>અજીવવિચય</u>માં મારા આત્મા સિવાય બધું અજીવ છે, કર્મ જડ અજીવ છે તે મને નુકશાન કરતું નથી, કેમકે કર્મ મારામાં નથી. શરીર પૈસાદિ અજીવ પદાર્થો છે, એમ અજીવનો વિચાર કરવો તે અજીવવિચય ધર્મ ધ્યાન છે. <u>હેતુવિચય</u>, હેતુ એટલે નિમિત્ત અને વિચય એટલે વિચાર કરવો, કર્મ પ્રેરક થઈને વિકાર કરાવતાં નથી, અને સાચા દેવાદિથી સમ્યગ્દર્શન કે ધર્મ થતો નથી પણ આત્મામાં પ્રગટ ધર્મ થાય ત્યારે તે નિમિત્ત હોય છે પણ કુદેવાદિ હોતાં નથી. શુભરાગમાં દયા દાન ભક્તિ આદિના નિમિત્તો હોય છે. ધર્મીને જાત્રાનો, જિનમંદિરો બંધાવવા વિગેરેનો વિચાર આવે છે તે વખતે નિમિત્તો પણ એવા હોય છે, એવો વિચાર કરવો તે હેતુવિચય ધર્મધ્યાન છે.

આ ચિંતવનમાં પણ આનંદ હોય છે.

સુધર્મ સ્વર્ગના ઈંદ્ર અને ઈંદ્રાણી એકાવતારી છે. અહીં જ્યારે તીર્થંકર ભગવાનનો જન્મ થાય ત્યારે તેઓ જાતે આવે છે. ઈંદ્ર હજાર આંખો કરીને ભગવાનનું રૂપ જુએ છે પણ તૃપ્તિ થતી નથી અને તે બાળકની જેમ ભક્તિથી નાચી ઊઠે છે. ભગવાનના માતા પિતાને કહે છે કે તમો આખા જગતના માતા પિતા છો, એવો રાગ ધર્મીને આવ્યા વિના રહેતો નથી. એ રાગ વખતે નિમિત્ત પણ એવા હોય છે, એવો વિચાર કરવો અને પાપભાવ વખતે સ્ત્રી, કુટુંબાદિના નિમિત્તો હોય છે, એવો વિચાર કરવો તે હેતુ વિચય ધર્મધ્યાન છે. સર્વજ્ઞદેવ વીતરાગ છે. એમને રાગ હોતો નથી. તેઓ ત્રણલોકના સાક્ષી છે અને હું પણ વીતરાગતા પ્રગટ કરી શકું એમ છું, એવો વિચાર કરવો અને એમાં આનંદ થાય તે <u>વિરાગવિચય</u> ધર્મધ્યાન છે. અહો ! આત્માએ અનંતાનંત નરક-નિગોદ આદિના ભવો કર્યા છે. શેઠ થયો, નિર્ધન થયો, કાગડો થયો, કૂતરો થયો, કંથવો થયો અને આ મનુષ્યભવ મળ્યો તે પાંચ-પચીસ વર્ષમાં પૂરો થઈ જશે એમ ભવનો આનંદસહિત વિચાર કરવો તે <u>ભવવિચય</u> ધર્મધ્યાન છે. આ ભવની રમતું માંડી છે તે તને શોભતી નથી, એવો પણ વિચાર કરે. <u>સંસ્થાનવિચય</u>ની વાત આગળ આવી ગઈ છે. એમ દશ પ્રકાનનાં ધર્મધ્યાનનું વર્ણન થયું.

વળી પદસ્થ, પિંડસ્થ, રૂપસ્થ અને રૂપાતીત એવા ચાર ભેદ રૂપ પણ ધર્મધ્યાન હોય છે. ત્યાં પદ તો અક્ષરોના સમુદાયનું નામ છે અને તે પરમેષ્ઠી વાચક અક્ષર છે, જેની મંત્ર સંજ્ઞા છે. એ અક્ષરોને પ્રધાન કરી પરમેષ્ઠીનું ચિંતવન કરે ત્યાં તે અક્ષરમાં એકાગ્રચિત્ત થાય તેને તેનું ધ્યાન કહે છે. જુઓ, અહીં પંચપરમેષ્ઠીના ચિંતવનને પદસ્થ ધ્યાન કહે છે. પણ જેને હજુ અરિહંતાદિ પરમેષ્ઠીના સ્વરૂપની જ ખબર ન હોય તેને આ ધ્યાન હોતું નથી. તેને તો મિથ્યાત્વનું ધ્યાન હોય છે માટે તેના સ્વરૂપને પ્રથમ જાણવું જોઈએ.

નમોકાર મંત્રના પાંત્રીસ અક્ષરો છે. તે પ્રસિદ્ધ છે. તેમાં મનને જોડે. તે જ મંત્રના ભેદ રૂપ ટૂંકામાં સોળ અક્ષરો છે. અરિહંત, સિદ્ધ, આયરિય, ઉવઝાય, સાહૂ-એ સોળ અક્ષરો છે, તથા તેના જ ભેદ રૂપ અરિહંત-સિધ્ધ છ અક્ષર છે અને તેના જ સંક્ષેપમાં અ-સિ-આ-ઉ-સા-એ આદિ અક્ષર રૂપ પાંચ અક્ષર છે. અરહંત એ ચાર અક્ષર છે, સિદ્ધ વા અર્હ એ બે અક્ષર છે અને ૐ એ એક અક્ષર છે. તેમાં પરમેષ્ઠીના સર્વ આદિ અક્ષરો છે. અરહંતનો अ, અશરીરી જે સિધ્ધ તેનો अ, આચાર્યનો आ, ઉપાધ્યાયનો उ, અને મુનિનો म, એ પ્રમાણે अ+अ+आ+उ+म=ॐ એવો ધ્વનિ સિદ્ધ થાય છે. એ મંત્ર વાક્યોને ઉચ્ચારણ રૂપ કરી મનમાં તેનું ચિંતવન રૂપ ધ્યાન કરે.

હવે મંત્ર વાક્યરૂપ જે અક્ષરો એનો વાચ્ય અર્થ જે પરમેષ્ઠી તેનું અનંત જ્ઞાનાદિ સ્વરૂપ

વિચારી ધ્યાન કરે તથા અન્ય પણ બાર હજાર શ્લોક પ્રમાણ નમસ્કાર ગ્રંથ અનુસાર તથા લઘુ-બૃહદ્ સિધ્ધચક્ર પ્રતિષ્ઠા ગ્રંથોમાં મંત્રો કહ્યા છે તેનું ધ્યાન કરે એ મંત્રોનું કેટલુંક કથન સંસ્કૃત ટીકામાં છે, ત્યાંથી જાણવું. અહીં તો માત્ર સંક્ષેપમાં લખ્યું છે એ પ્રમાણે પદસ્થ ધ્યાન છે.

જુઓ, અહીં પંચપરમેષ્ઠી અક્ષર મંત્રનો વાચ્ય પંચપરમેષ્ઠી છે. એ વાચક અને વાચ્ય બન્નેનો વિચાર કરવો એને પદસ્થ ધ્યાન કહે છે. અરિહંતનુ શરીર છૂટી જાય છે ત્યારે કપુરની ગોટીની જેમ ઊડી જાય છે, પાછળ પડ્યું રહેતું નથી. વળી અરિહંત અઢાર દોષરહિત હોય છે. એથી વિપરિત સ્વરૂપ જે માને છે તે બરાબર નથી. માટે અરહંત-સિદ્ધનું સ્વરૂપ બરાબર જાણવું જોઈએ, મુનિ તો નગ્ન દિગંબર જ હોય છે. એનું સ્વરૂપ પ્રથમ બરાબર જાણીને એનું ચિંતવન કરવું. એમ આત્માના આનંદસહિત ચિંતવન કરવું તે પદસ્થ ધર્મધ્યાન છે.

**ભાદરવા વદ ૧૪, ગુરુવાર, ૧૮-૯-૫૨**

**ગાથા-૪૮૦**

આ ધર્મધ્યાનનો અધિકાર છે. વસ્તુનો ધર્મ શો છે તે બતાવે છે. સ્વભાવનું ભાન થયા પછી આ ધ્યાન હોય છે. આત્માનું જ્ઞાન થયા પછી એકાગ્ર થાય તેને ધર્મધ્યાન કહે છે. દયા દાનાદિ શુભભાવ અને હિંસાદિ અશુભભાવમાં એકાગ્રતા તે સંસારનું કારણ છે. પુણ્ય-પાપરહિત આત્મામાં એકાગ્રતા કરવી તે ધર્મધ્યાન છે. તે ધર્મધ્યાનનો ચાર ભેદમાં પદસ્થ ધ્યાનની વાત આવી ગઈ. હવે પિંડસ્થધ્યાનની વાત કરે છે.

પિંડસ્થ ધ્યાન :- વળી પિંડ નામ શરીરનું છે. તેમાં રહેલો આત્મા સિદ્ધ સમાન છે એમ ચિંતવન કરવું તે પિંડસ્થધ્યાન છે. સંસારદશામાં શરીર દીઠ પ્રત્યેક આત્મા ભિન્ન ભિન્ન રહેલો છે. બધાં થઈને એક આત્મા માને તેને ધ્યાન હોઈ શકે નહિ. દરેકનું શરીર ભિન્ન ભિન્ન છે. તેમાં રહેલો આત્મા શરીરથી જુદો છે તેમ નક્કી કરવું જોઈએ. તે આત્માને સિદ્ધ સમાન ચિંતવવો. કેવો છે સિદ્ધ ભગવાન ? પુરુષાકાર હોય છે. જેટલા સિદ્ધ થાય તે પુરુષના આકારે હોય

છે. કોઈ સ્ત્રી આકારે હોય નહિ. કારણ કે સ્ત્રી પર્યાયમાં મુક્તિ હોતી નથી. સ્ત્રીની પર્યાય જેને હોય છે તે આત્માનું વીર્ય મંદ હોય છે. સ્ત્રી મુનિ થઈ શકે નહિ તો પછી કેવળજ્ઞાન પામી સિદ્ધ થાય તેમ બને નહિ. મલ્લીનાથ ભગવાન સ્ત્રી હતાં તે સ્ત્રી દેહે મુક્તિ પામ્યા એમ શ્વેતાંબરો કહે છે તે વાત ખોટી છે. સ્ત્રી પાંચમા ગુણસ્થાન ઉપર જઈ શકે નહિ. વળી મલ્લીનાથ સ્ત્રી હતા તો મલ્લીનાથ ભગવાનની પ્રતિમા સ્ત્રીના આકારવાળી કેમ નથી ? મલ્લીનાથ ભગવાનની પ્રતિમા તો પુરુષની છે. વળી તીર્થંકરને પૂજનાર ઈંદ્રો, ચક્રવર્તી આદિ પુરુષો હોય ને તેમનાથી પૂજ્ય એવા તીર્થંકર સ્ત્રી દેહે હોય એમ કદી બને નહિ. શ્વેતાંબરો તેને અચ્છેરું કહે છે પણ અસંભવિત વસ્તુને અચ્છેરું કહેવાય નહિ. લીંબડાને દૂધ ને દ્રાક્ષનાં પાણી પાવામાં આવે તો પણ કદી કેરી ન પાકે. ઈશ્વર કે કોઈ માણમ એવો ફેરફાર કરી શકે નહિ. ઘઉંમાંથી બાજરો ન થાય. જેમ ચેતનની પર્યાય જડ થાય નહિ તેમ જે જેની જાત હોય તે ફરે નહિ. સ્ત્રીના શરીરમાંથી વાંદરું જન્મે નહિ પણ મનુષ્ય જન્મે, તેમ કેવળજ્ઞાન પુરુષની પર્યાયમાં થાય છે માટે અહીં પુરુષાકાર શબ્દ વાપરેલ છે.

વળી કેટલાક જીવો સિદ્ધને આકાર વિનાના એટલે કે નિરાકાર કહે છે તે પણ ખોટા છે. સિદ્ધને જડનો આકાર નથી, એ અપેક્ષાએ નિરાકાર કહેવાય પણ પોતાનો આકાર તો છે જ. આત્માના ભાનપૂર્વક સ્થિરતા કરી સિદ્ધદશા થાય ત્યારે છેલ્લા દેહ પ્રમાણે સિદ્ધને આકાર હોય છે. અરૂપી આત્માને અરૂપી આકાર હોય છે. કાશીઘાટના લોટામાં પાણી ભર્યું હોય તો પાણીનો આકાર લોટાના આકારે હોય છે. તેમ આ શરીર કાશીઘાટના લોટાના આકારે છે. ચિદાનંદ આત્માનો આકાર શરીરથી ભિન્ન છે ને તે પોતાના કારણે છે. જો આકાર અથવા ક્ષેત્ર ન હોય તો વસ્તુ કેવી ? દરેક વસ્તુમાં પ્રદેશત્વનામનો ગુણ છે તેના કારણે તેનો આકાર સમયે સમયે થાય છે, તેમ સિદ્ધમાં પણ પ્રદેશત્વગુણના કારણે છેલ્લા પુરુષશરીર પ્રમાણે પોતાનો અરૂપી આકાર હોય છે.

વળી સિદ્ધ અમૂર્તિક છે. સ્પર્શ. રસ, ગંધ, વર્ણ વિનાના છે તથા અનંત જ્ઞાન દર્શન સુખ ને વીર્ય યુક્ત છે. જે શક્તિઓ અંદર પડી છે તે પૂર્ણદશામાં વ્યક્ત રૂપે થઈ છે. જેમ લીંડી પીપર ૬૪ પહોરી થાય છે ને તેની તીખાશ, લીલાશ ને સુવાંળપ પ્રગટે છે તે અંદરમાં સ્પર્શ, રસ, વર્ણ આદિ ગુણો અથવા શક્તિઓ છે તેમાંથી વ્યક્ત થાય છે. પ્રાપ્તની પ્રાપ્તિ છે. તેવી રીતે આત્મામાં જ્ઞાન દર્શન વીર્ય આનંદાદિ શક્તિ ભરેલી છે. તેની પ્રતીત, જ્ઞાન ને સ્થિરતા કરવાથી કેવળજ્ઞાનાદિ પ્રગટે છે.

આ પ્રમાણે સિદ્ધ ભગવાન પુરુષાકાર, અમૂર્તિક, અનંતચતુષ્ટય યુક્ત છે. આવા વિદેહ મુક્ત ભગવાન જેવો જ હું છું એમ ચિંતવન કરવું તે પિંડસ્થ ધર્મધ્યાન છે. જ્ઞાન, દર્શન, વીર્ય

ને ચારિત્રમય સ્વભાવ સન્મુખ એકાગ્રતા કરવી તે મુક્તિનો ઉપાય છે.

રૂપસ્થ ધ્યાન :- અર્હંતના સ્વરૂપનો વિચાર કરી એવો સંકલ્પ પોતાના આત્માના સંબંધમાં કરીને પોતાને ધ્યાવે તે રૂપસ્થ ધ્યાન છે. કેવા છે અર્હંત ભગવાન ? સમવસરણમાં સ્થિત અર્હંત ભગવાન પણ પ્રથમ સંસારદશામાં હતાં. તેમણે આત્માનું ભાન કરી સ્વભાવમાં સ્થિરતા દ્વારા રાગદ્વેષનો નાશ કરી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય ને અંતરાય એમ ચાર ઘાતી કર્મોનો નાશ કરી અનંત ચતુષ્ટય પ્રગટ કર્યા છે. શરીરને આયુ છે ત્યાં સુધી અર્હંત કહેવાય છે. શરીરને આયુ છૂટી ગયા પછી સિદ્ધ કહેવાય છે. તીર્થંકર ભગવાનને સમવસરણ હોય છે, ત્યાં સોનાના માનસ્તંભ અને સ્ફટિકના ગઢ હોય છે. ભગવાન સમવસરણમાં અધ્ધર બિરાજે છે. ઈંદ્રો, દેવો, મનુષ્યો, તિર્યંચો વગેરે ભગવાનની વાણી સાંભળવા આવે છે. વળી ભગવાનને ચોત્રીસ અતિશય હોય છે એટલે કે પુણ્યની વિશેષતા હોય છે. તેમની સભામાં ઉંદર ને બિલાડી, સિંહ અને હરણ વેરભાવ ભૂલી જાય છે, તેવી તે જીવોની પણ યોગ્યતા છે ને તેમાં ભગવાનનાં પુણ્યનું નિમિત્ત છે. શરીર સ્ફટિક જેવું પરમ ઔદારિક હોય છે. વળી તેઓ આઠ પ્રતિહાર્ય સહિત હોય છે. દેવો ચામર ઢાળે છે. દેવ દુંદુંભી વાગે છે. આકાશમાંથી પુષ્પ વૃષ્ટિ થાય છે. ભગવાનને દિવ્ય ધ્વનિ હોય છે. તેમને અક્ષરી ક્રમસર ભાષા ન હોય. ઈચ્છા વિના અનક્ષરી ૐ ધ્વનિ આખા શરીરેથી નીકળે છે. સવારે, બપોરે ને સાંજે છ છ ઘડી ધ્વનિ છૂટે છે. મનુષ્ય, તિર્યંચાદિ પોતપોતાની ભાષામાં સમજી જાય છે. તે ધ્વનિમાં દરેક સમયે બાર અંગનું પુરું જ્ઞાન આવી જાય છે. તેવા ૐ ની અત્રે સ્થાપના કરવામાં આવી છે.

વળી ભગવાન અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય, અનંતઆનંદ સહિત છે. રાગરહિત અમૃતદશાનો અનુભવ કરી રહ્યા છે. ચક્રવર્તી-દેવો વગેરેનાં સુખ ઝેર જેવાં છે. તેમાં તો રાગ છે. ભગવાન તો રાગરહિત અમૃતદશાનો અનુભવ કરે છે. વળી ભગવાન સો ઈંદ્રોથી પૂજ્ય છે. ચક્રવર્તી, ઈંદ્રાદિ મહા પુણ્યશાળી જીવો પ્રશ્ન પૂછે તો ઈચ્છા વિના તેનો જવાબ ભગવાનની વાણીમાં આવી જાય છે. શ્વેતાંબર સંપ્રદાયમાં કહે છે કે કોઈ સાધારણ બાઈએ પ્રશ્ન પૂછ્યા ને જવાબ મળ્યો તો તે વાત ખોટી છે. સાધારણ માણસ પ્રશ્ન પૂછી શકે નહિ.

વળી શ્વેતાંબર સંપ્રદાય કહે છે કે સમવસરણમાં આંધળો માણસ જાય છે તો તે વાત પણ બરાબર નથી. સમવસરણમાં આંધળો જાય તો દેખતો થાય. લૂલો હોય ને જાય તો સાજો થાય. રોગીને રોગ મટે તેવી તેની યોગ્યતા છે ને ભગવાનના પુણ્યનું નિમિત્તપણું છે.

વળી ગોશાળાએ તેજુલેશ્યા મૂકીને સાધુને સમવસરણમાં બાળી મૂક્યો તેવાત પણ સાચી

નથી. ભગવાના સમવસરણમાં એમ બની શકે નહિ.

વળી અર્હંત ભગવાનને પરમ ઔદારિક શરીર હોય છે. શરીર છૂટતાં કપુરની ગોટીની જેમ વિખરાઈ જાય છે. પછી દેવો કૃત્રિમ પૂતળું બનાવી અગ્નિ સંસ્કાર કરે છે. અર્હંતના શરીરમાં રોગ ન હોય, ક્ષુધા-તૃષા ન હોય.

આમ અર્હંતના સ્વરૂપનો ખ્યાલ કરવો જોઈએ. જગતમાં છ દ્રવ્યો ને નવ તત્વો કહેનાર આપ્ત પુરુષ કેવા હોય તેના સ્વરૂપની પણ ખબર ન હોય તે ધ્યાન કરી શકે નહિ. અર્હંત ભગવાનના સ્વરૂપનો વિચાર કરી એવો જ સંકલ્પ પોતાના આત્માના સંબંધમાં કરીને પોતાને ધ્યાવે તે રૂપસ્થ ધ્યાન છે.

રૂપાતીત ધ્યાન :- હવે સિદ્ધ ભગવાનના સ્વરૂપનો વિચાર કરી પોતાના આત્માને ચિંતવવો તે રૂપાતીત ધ્યાન છે. સિદ્ધ ભગવાન શરીર રહિત છે. તે વિદેહ મુક્ત થયા છે. તેમને અતિશય હોતા નથી. હું ધ્યાતા છું, સિદ્ધદશા ધ્યેય છે, એકાગ્ર થવું તે ધ્યાન છે એવા ભેદો અને વિકલ્પો રહિત સિદ્ધ ભગવાન છે. પરમાત્મ સ્વરૂપમાં તલ્લીનતાને પ્રાપ્ત થાય તે રૂપાતીત ધ્યાન છે. આવું ધ્યાન સાતમાં ગુણસ્થાનમાં હોય છે, ત્યારે મુનિ શ્રેણિ માંડે છે તથા આ ધ્યાન વ્યક્ત રાગસહિત ચોથા ગુણસ્થાનથી માંડી સાતમા ગુણસ્થાન સુધી અનેક ભેદરૂપ પ્રવર્તે છે.

હવે ધર્મધ્યાનથી ઊંચું શુક્લધ્યાન હોય છે. ઉપશમ શ્રેણીવાળાને સાધારણ હોય છે અને ક્ષપકશ્રેણીવાળાને ઊંચું હોય છે.

ગાથા-૪૮૧

**આગળ પાંચ ગાથામાં શુક્લધ્યાન કહે છે :-**

**जत्थ गुणा सुविसुद्धा उवसमखमणं च जत्थ कम्माणं।**
**लेसा वि जत्थ सुक्का तं सुक्कं भण्णदे ज्झाणं।।४८१।।**

**यत्र गुणाः सुविशुद्धाः उपशमक्षपणं च यत्र कर्मणां।**
**लेश्या अपि यत्र शुक्ला तत् शुक्लं भण्यते ध्यानं।।४८१।।**

**અર્થ :- જ્યાં વ્યક્તકષાયના અનુભવરહિત ભલા પ્રકારથી જ્ઞાનોપયોગાદિ ગુણો વિશુદ્ધ-ઉજ્જવલ હોય, કર્મોનો જ્યાં ઉપશમ કે ક્ષય હોય તથા જ્યાં લેશ્યા પણ શુક્લ જ હોય તેને**

**શુક્લધ્યાન કહે છે.**

**ભાવાર્થ :- આ સામાન્યપણે શુક્લધ્યાનનું સ્વરૂપ કહ્યું. વિશેષ આગળ કહે છે. વળી કર્મોનું ઉપશમન તથા ક્ષપણાનું વિધાન અન્ય ગ્રંથાનુસાર ટીકાકારે લખ્યું છે, તે પણ આગળ કહીશું.**

જેમ મેડી ચડવા માટે ચૌદ પગથિયાની સીડી હોય તેમ સિદ્ધદશા થવા માટે ચૌદ શ્રેણી હોય છે તથા આઠમી શ્રેણીમાં અથવા ગુણસ્થાનમાં શુક્લ ધ્યાનની શરૂઆત થાય છે. ત્યાં વ્યક્ત કષાય નથી પણ અવ્યક્ત કષાય છે, અલ્પ રાગ છે પણ તેનો મુખ્યપણે અનુભવ નથી. તે ગુણસ્થાનમાં જ્ઞાનને શુદ્ધ ચૈતન્યમાં જોડી દીધું છે, તેને શુક્લ ધ્યાન કહે છે. આ ધ્યાન આ કાળે આ ક્ષેત્રે હોતું નથી, મહાવિદેહમાં હોય છે.

જેમ પાણીમાં મેલ નીચે બેસી ગયો હોય ને ઉપર પાણી સ્વચ્છ હોય છે તેમ આત્મામાં પુરુષાર્થ દ્વારા કર્મોના ઉપશમસહિત શ્રેણી માંડે તેને ઉપશમશ્રેણી કહેવાય છે ને ઉગ્ર પુરુષાર્થ દ્વારા સર્વથા કર્મોના ક્ષયસહિત શ્રેણી માંડે તેને ક્ષપકશ્રેણી કહે છે. તેવી શ્રેણી કે જ્યા શુક્લ લેશ્યાના પરિણામ હોય છે, તેને શુક્લધ્યાન કહે છે. લેશ્યા છ પ્રકારે હોય છે. તેનાં દૃષ્ટાંત :- કેરી ખાવા માટે ઝાડને મૂળમાંથી કાપવાનાં ભાવ કરે તે કૃષ્ણલેશ્યા, મોટી ડાળ કાપવાનાં ભાવ કરે તે નીલલેશ્યા, નાની ડાળ કાપવાનાં ભાવ કરે તે કાપોતલેશ્યા, ને લૂમખાં કાપવાનાં ભાવ કરે તે પીતલેશ્યા, ડીંટેથી તોડી લેવાનાં ભાવ કરે તે પદ્મલેશ્યા ને નીચે પડેલી કેરીથી સંતોષ માની લે તે શુક્લલેશ્યાના પરિણામ સમજવા. અહીં કેરી ખાવાના ભાવ તો અશુભ છે પણ અશુભ અને શુભ પરિણામની તારતમ્યતા બતાવવા દૃષ્ટાંત સમજવાં. એક કામ કરવામાં છ પ્રકારના પરિણામ હોય છે. કોઈને તીવ્ર લોહવાટિયા ભાવ હોય ને કોઈને મંદ હોય એમ સમજી લેવું. અહીં શુક્લલેશ્યાના પરિણામ ઘણાં ઉજળા પરિણામ શુક્લ ધ્યાન સાથે હોય છે એમ સમજવું.

ભાવાર્થ :- આ સામાન્યપણે શુક્લધ્યાનનું સ્વરૂપ કહ્યું. વિશેષ આગળ કહે છે. વળી કર્મોનું ઉપશમ તથા ક્ષપણાનું વિધાન અન્ય ગ્રંથાનુસાર ટીકાકારે લખ્યું છે, તે પણ આગળ કરીશું.

ગાથા-૪૮૨

આગળ શુક્લધ્યાનના વિશેષ ભેદો કહે છે.

पडिसमयं सुज्झंतो अणंतगुणिदाए उभयसुद्धीए।
पढमं सुक्कं ज्झायदि आरूढो उभयसेणीसु।।४८२।।
प्रतिसमयं शुध्यन् अनन्तगुणितया उभयशुध्या।
प्रथमं शुक्लं ध्यायति आरूढः उभयश्रेणीषु।।४८२।।

અર્થ :- ઉપશમ તથા ક્ષપક બન્ને શ્રેણીમાં આરૂઢ થતો થકો સમયે સમયે કર્મોને ઉપશમ તથા ક્ષપરૂપ કરી અનંતગુણી વિશુદ્ધતાથી શુદ્ધ થતો થકો મુનિ પ્રથમ પૃથકત્વવિતર્કવિચાર નામનું શુક્લધ્યાન ધ્યાવે છે.

ભાવાર્થ :- પ્રથમ મિથ્યાત્વની ત્રણ અને અનંતાનુબંધીકષાયની ચાર પ્રકૃતિઓનો ઉપશમ વા ક્ષય કરી સમ્યગ્દષ્ટિ થાય, પછી અપ્રમત્તગુણસ્થાનમાં સાતિશયવિશુદ્ધતા સહિત થઈ શ્રેણિનો આરંભ કરે ત્યારે અપૂર્વકરણગુણસ્થાન થઈ ત્યાં શુક્લધ્યાનનો પહેલો પાયો પ્રવર્તે, ત્યાં જો મોહની પ્રકૃતિઓને ઉપશમાવવાનો પ્રારંભ કરે તો અપૂર્વકરણ–અનિવૃત્તિકરણ અને સૂક્ષ્મસાંપરાય એ ત્રણ ગુણસ્થાનોમાં સમયે સમયે અનંતગુણી વિશુદ્ધતાથી વર્ધમાન થયો થકો મોહનીયકર્મની એકવીસ પ્રકૃતિઓને ઉપશમાવી ઉપશાંતકષાયગુણસ્થાનને પ્રાપ્ત થાય છે અને જો મોહની પ્રકૃતિઓને ક્ષપાવવાનો પ્રારંભ કરે તો આ ત્રણે ગુણસ્થાનમાં મોહની એકવીસ પ્રકૃતિઓને સત્તામાંથી નાશ કરી ક્ષિણકષાય નામના બારમા ગુણસ્થાનને પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે ત્યાં પૃથકત્વવિતર્કવિચાર નામનો શુક્લધ્યાનનો પહેલો પાયો પ્રવર્તે છે. પૃથક એટલે જુદા જુદા, વિતર્ક એટલે શ્રુતજ્ઞાનના અક્ષરો તથા વિચાર એટલે અર્થનું, વ્યંજન એટલે અક્ષરરૂપ વસ્તુના નામનું તથા મન–વચન–કાયના યોગનું પલટવું એ બધું આ પહેલા શુક્લધ્યાનમાં થાય છે, ત્યાં અર્થ તો દ્રવ્ય–ગુણ–પર્યાયની પલટના છે અર્થાત્ દ્રવ્યથી દ્રવ્યાંતર, ગુણથી ગુણાંતર અને પર્યાયથી પર્યાયાંતર છે એ જ પ્રમાણે વર્ણથી વર્ણાંતર તથા યોગથી યોગાન્તર છે.

પ્રશ્ન :- ધ્યાન તો એકાગ્ર ચિંતા નિરોધ છે પણ પલટવાને ધ્યાન કેમ કહી શકાય ?

સમાધાન :- જેટલી વાર એક (જ્ઞેય) ઉપર ઉપયોગ સ્થિર થાય તે તો ધ્યાન છે અને ત્યાંથી પલટાઈ બીજા જ્ઞેય ઉપર સ્થિર થયો તે પણ ધ્યાન છે. એ પ્રમાણે ધ્યાનના સંતાનને પણ ધ્યાન કહે છે. અહીં એ સંતાનની જાતિ એક છે એ અપેક્ષા લેવી. વળી ઉપયોગ પલટાય છે ત્યાં ધ્યાતાને પલટાવવાની ઈચ્છા નથી. જો ઈચ્છા હોય તો તે રાગસહિત હોવાથી આ પણ ધર્મધ્યાન જ ઠરે. અહીં અવ્યક્ત રાગ છે પણ તે કેવળજ્ઞાનગમ્ય છે. આ ધ્યાતાના જ્ઞાનને

**ગમ્ય નથી. પોતે શુદ્ધોપયોગરૂપ બન્યો થકો એ પલટનાનો પણ જ્ઞાતા જ છે અને પલટાવું તે ક્ષયોપશમજ્ઞાનનો સ્વભાવ છે. એ ઉપયોગ ઘણો વખત એકાગ્ર રહેતો નથી, તેને ``શુક્લ'' એવું નામ રાગ અવ્યક્ત થવાથી જ કહ્યું છે.**

અર્થ :- આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપી છે. એવી એમાં લીનતા જામે કે પરમાત્મદશા પ્રગટ કરે તે દશાને શ્રેણી કહે છે. આત્મા જ્ઞાતા છે. આનંદ સ્વરૂપ છે એવું ભાન છે અને લીનતા પણ છે ને તે ઉપરાંત વિશેષ લીનતા શ્રેણીમાં જામે છે. એમ એક ધારાવાહી ઉપશમ તથા ક્ષપકશ્રેણીમાં આરૂઢ થયો થકો સમયે સમયે કર્મોને ઉપશમ તથા ક્ષયરૂપ કરે છે, તેના કારણે અનંતગુણી વિશુદ્ધતા થાય છે. આવી રીતે શુધ્ધ થયો થકો મુનિ પ્રથમ પૃથકત્વવિતર્કવિચાર નામવું શુક્લધ્યાન ધ્યાવે છે. આ પહેલો પાયો છે, શુક્લધ્યાનનો બીજો પાયો બારમે હોય છે, તેરમે ગુણસ્થાને ત્રીજો પાયો ને ચૌદમે ગુણસ્થાને ચોથો પાયો હોય છે.

ભાવાર્થ :- પ્રથમ આત્માનું ભાન હોવું જોઈએ ને ભ્રાંતિનો નાશ થવો જોઈએ. પ્રથમ સમ્યગ્દર્શન થતાં મિથયાત્વ પ્રકૃતિના ત્રણ ટુકડા થાય છે તે ત્રણ પ્રકૃતિનો તથા અનંતાનુબંધી કષાયની ચાર પ્રકૃતિઓનો ઉપશમ અથવા ક્ષય કરી સમ્યગ્દૃષ્ટિ થાય છે, ત્યાર પછી નિર્ગ્રંથ મુનિપણું આવે છે. તે મુનિને વસ્ત્રાદિનો રાગ હોય નહિ, તે મુનિપણામાં વિશેષ ઉગ્રતા કરી અતિશય લીનતા કરે ત્યારે શ્રેણીનો આરંભ થાય છે ને તેમાં શુક્લધ્યાનનો પહેલો પાયો વર્તે છે.

# પ્રસાદ નં. – ૩૩૦

**વી. નિ સં. ૨૪૭૮, આસો સુદ ૫, વર્ષ ૨જું. પુસ્તક અગિયારમું,**
**સોનગઢ, તા. ૨૪-૯-૫૨, બુધવાર.**

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(આસો સુદ ૧, શનિવાર, ૨૦-૯-૫૨ સવાર)**

### ગાથા-૪૮૧

ગાથા ૪૮૧ ફરી વખત લીધેલ છે. તેમાં શુક્લધ્યાનની વાત કરે છે.

શુક્લ એટલે ધોળું-ઉજ્જવળ અને ધ્યાન એટલે આત્માના સ્વભાવમાં એકાગ્રતા. શુક્લધ્યાનની દશા ઘણી ઊંચી છે. જેણે આત્માના સ્વભાવનો નિર્ણય કર્યો હોય તેને તે દશા પ્રગટે છે. આત્મા શું છે ? એનો ખ્યાલ કર્યા વિના એમાં એકાગ્રતા જામે નહિ. આત્મા દેહાદિથી ભિન્ન છે. જ્ઞાન-દર્શન આદિ અનંત ગુણોથી ભરેલો છે. આદિ અંત વિનાનો છે. કોઈ સંયોગે ઉત્પન્ન થાય એવો નથી. છે, છે અને છે. એને જાણી તેમાં એકાગ્ર થાય તેને ધ્યાન હોય છે.

જે બહારમાં અને બહારથી સુખ-શાંતિ થાય એમ માને છે તે આત્મામાં આત્માથી શાંતિ અને સુખ થાય એમ માને નહિ. આત્મા છે તો તે ગુણ-શક્તિ વિનાનો હોય નહિ. જે ઉજ્જવળતા પ્રગટ કરવી છે તે આત્મામાં ભરી છે એમ પ્રથમ નક્કી કરે તો એમાં એકાગ્રતા કરે. પ્રથમ પરની રુચિ છોડવી જોઈએ પણ અનાદિથી જીવોને આત્માનો વિશ્વાસ આવતો નથી. પોતાની સાવધાની ચૂકી પરમાં સુખ માની બેઠો છે. સંયોગોમાં ઉત્સાહ વર્તે છે. આત્મામાં અનંત ગુણો ભર્યા પડ્યા છે તેનો ઉત્સાહ નથી, ત્યાં સુધી ધર્મધ્યાન થતું નથી અને ધર્મધ્યાન વિના શુક્લધ્યાન તો ન જ હોય. જેને આત્માનો નિર્ણય તો થઈ ગયો છે પણ બુદ્ધિપૂર્વકનો રાગ હોય છે

તેને ધર્મધ્યાન થાય છે અને પછી બુદ્ધિપૂર્વકના કષાય ન રહે તે શુક્લધ્યાન છે અને તે જ આત્માની શાંતિનુ કારણ છે.

આત્માની પર્યાયમાં પવિત્રતા રોકાયેલી છે તે પોતાના કારણે છે. પણ એમાં નિમિત્ત પુદ્‌ગલ કર્મ છે, જે આત્માથી વિપરિત લક્ષણવાળા છે અને નવો વિકાર કરે છે. એમાં શરીરાદિ પરપદાર્થો પણ નિમિત્ત છે. શરાર સારું હોય તો ઠીક પડે. શરીર મોળું પડે ત્યારે ખ્યાલ આવે કે હવે આ શરીર રહેશે નહિ. એમ શરીર તરફનું લક્ષ કરે છે, તે વખતે નવા કર્મો બંધાય છે પણ તે વખતે જો આત્મા પોતાના સ્વભાવમાં એકાગ્ર થાય તો તે કર્મનો ઉપશમ કે ક્ષય થાય છે. આત્મા પરમાં એકાગ્ર થાય તો કર્મનો સંગ્રહ થાય છે અને સ્વભાવમાં એકાગ્ર થાય તો કર્મો ઘટતા જાય છે. આત્માની એકાગ્રતાથી શુક્લધ્યાન થાય છે અને ત્યારે શુક્લલેશ્યા હોય છે. કષાય પણ એકદમ મંદતમ હોય છે. એ કારણે તે ધ્યાનને શુક્લધ્યાન કહેલ છે.

કોઈ પણ કામ કરતી વખતે છ પ્રકારના પરિણામ હોય છે. એટલે કે છ પ્રકારની લેશ્યા હોય છે. (૧) તીવ્રતમ કષાય (૨) તીવ્રતર કષાય (૩) તીવ્ર કષાય (૪) મંદ કષાય (૫) મંદતર કષાય (૬) મંદતમ કષાય હોય છે. વેપારમાં, છોકરાના લગ્નમાં, રૂપિયાની નુકસાની વખતે, સંસારના કોઈ પણ કામમાં, સ્ત્રીને પરણવામાં, શરીરની અવસ્થામાં, કાયાકલ્પ કરવામાં વગેરે દરેક કાર્યમાં તીવ્ર લોહવાટના પરિણામ હોય કે એથી મંદ પરિણામ હોય છે. એમાં જ્યારે કષાયની ઘણી જ મંદતા હોય છે, ત્યારે શુક્લલેશ્યા હોય છે. શુક્લધ્યાન વખતે તે લેશ્યા હોય છે.

આજે વાસ્તુ છે. સાચું વાસ્તુ કોને કહેવું તે કહે છે.

આ ભગવાન આત્મા છે, એમાં જ્ઞાન દર્શનાદિ અનંત શક્તિઓ અને સમયે સમયે અવસ્થા થાય છે. તે આત્મામાં વસે છે માટે તેને વાસ્તુ કહેવાય છે. આત્મા વિકારમાં વસે તેને ખરેખર વાસ્તુ કહેતા નથી. ગોમ્મટસારમાં કહ્યું છે કે જેમાં ગુણ પર્યાય વસે તે વાસ્તુ કહેવાય છે. અનંતકાળથી કામ, ક્રોધ, દયા, દાન, ભક્તિઆદિમાં આખા આત્માને માનીને એમાં વસ્યો છે પણ તે ભ્રાંતિ છે. મારો વસવાટ તો મારામાં છે. એની શ્રદ્ધા-જ્ઞાન અને રમણતા કરીને અંતરમાં વસવું તે વાસ્તુ છે. એમાં ધર્મધ્યાન અને શુક્લધ્યાન થઈને સિદ્ધદશા પ્રાપ્ત થાય છે અને જન્મ મરણ થતાં નથી. તે આત્મા પોતાના સ્વરૂપમાં જ વસે છે. પૂર્ણતા થઈ ગઈ તેનો નાશ થતો નથી. માટે આ શુક્લધ્યાનથી આત્માનું ખરું વાસ્તુ થાય છે.

આ આત્માનો કોઈ કર્તા કે હર્તા નથી. કોઈને કર્તા માને તો વસ્તુ નિત્ય રહેતી નથી અને જે વસ્તુ ન હોય તેનો પણ કોઈ કર્તા હોઈ શકે નહિ. આત્માને પોતે જાણે નહિ તો તરાય નહિ. કોઈ ઈશ્વર સહાય કરે એમ પણ બનતું નથી. કેમકે ઈશ્વરે અત્યાર સુધી કેમ

તાર્યા નહિ ? ઈશ્વરને ખબર ન હતી એમ માનીએ તો ઈશ્વરને મૂઢ ઠરાવ્યા. વળી કોઈની કૃપાથી કલ્યાણ માનવામાં આવે તો કોઈની અકૃપાથી સંસારમાં રખડવાનું થાય. એટલે કે પોતાનો તો કાંઈ દોષ જ ન રહ્યો. પણ વસ્તુસ્વરૂપ એમ નથી. ભગવાન તો અરીસાની જેમ આદર્શ છે. આત્મા પોતા ભગવાન જેવો છે અને આત્મા પોતે ભગવાન થઈ શકે એમ છે. એવો ભાવ પોતે ઉપાડવા માટે ભગવાનમાં આરોપ કરી કહે છે કે ભગવાન આપ મને તારો. પણ ભગવાન કોઈને તારતા નથી. આ વસ્તુ સ્વભાવને બરાબર સમજી અંતરમાં વસે તો તે આત્માનું વાસ્તુ કહેવાય. બાકી તો લાખોના મકાન બંધાવે પણ આત્મા અનંત ગુણોનો ભંડાર છે તેને સમજ્યા વિના એ સાચું વાસ્તુ નથી. આત્મા દેહ, મન, વાણી અને વિકલ્પોથી પર છે અને અનંત ગુણોનો ભંડાર છે. એના શ્રદ્ધા, જ્ઞાન અને રમણતાથી ધર્મધ્યાનપૂર્વક શુક્લધ્યાન થાય છે ને તેને સિદ્ધદશા પ્રગટ થાય છે તે વાસ્તુ છે. તે વાસ્તુ લીધું તે લીધું, અનંતો આનંદ પ્રગટ્યો તે પ્રગટ્યો, પાછો નાશ પામે નહિ. આ વાસ્તુનું યથાર્થ સ્વરૂપ છે.

ભાવાર્થ :- આ સામાન્યપણે શુક્લધ્યાનનું સ્વરૂપ કહ્યું. વિશેષ આગળની ગાથામાં કહે છે. વળી કર્મોનું ઉપશમન તથા ક્ષપણાનું વિધાન અન્યગ્રંથાનુસાર ટીકાકારે લખ્યું છે. તે પણ આગળ કહેશે.

હવે શુક્લધ્યાનના વિશેષ ભેદો કહે છે.

**ગાથા ૪૮૨નો અર્થ :-** ઉપશમ તથા ક્ષપક બન્ને શ્રેણીમાં આરૂઢ થતો થકો સમયે સમયે કર્મોને ઉપશમ તથા ક્ષયરૂપ કરી અનંતગુણી વિશુદ્ધતાથી શુદ્ધ થતો થકો મુનિ પ્રથમ પૃથકત્વવિતર્કવિચાર નામનું શુક્લધ્યાન ધ્યાવે છે. આત્માની શાંતિની પ્રતીત થતાં અંતરમાં એવી જમાવટ થઈ જાય છે કે નગારાં વાગે, શરીરને સિંહ કરડે છતાં આત્માનું ધ્યાન તૂટે નહિ. એવા ધ્યાનને ધર્મધ્યાન અને શુક્લધ્યાન કહે છે.

જેમ વિષયાસક્ત જીવો વેશ્યા નાચતી હોય તો એના પ્રેમમાં તલ્લીન થઈ જાય છે તેમ પૈસા, સ્ત્રી, શરીરાદિ પરપદાર્થોમાં જેણે સુખ માન્યું છે ને તેમાં એકાગ્ર થઈ જાય છે એને સ્વની એકાગ્રતાની ખબર નથી. તે પણ વેશ્યામાં લીન થવા જેવું છે. જેમ વેશ્યા બે ઘડી નાચ કરીને ચાલી જાય પણ એની થાય નહિ, એમ પૈસા, શરીરાદિ અમુક કાળ રહીને ચાલ્યા જાય છે. તે આત્માના થતાં નથી. તો એમાં જે પ્રેમ કરીને લીન થાય છે તે વેશ્યામાં જ લીન થવા જેવું છે. કોઈ કહે કે વેશ્યા તો નખરાં કરે છે, પૈસાઆદિ ક્યા નખરાં કરે છે ? માટે એમાં ફેર છે. શરીરાદિ અનંતવાર આવીને ચાલ્યા ગયા છે. લક્ષ્મી પણ વેશ્યાની જેમ ફર્યાફર કરે છે, કેમકે અત્યારે તો પહેલાંના જેવા પુણ્ય પણ નથી. પરના પ્રેમવાળો લક્ષ્મી આદિમાં મીટ માંડે છે, તેમ જો આત્મામાં અંતરદૃષ્ટિ રાખીને–કરીને મીટ માંડે તો ધર્મધ્યાન થઈ શુક્લધ્યાન

થાય. તે શુક્લધ્યાન થતાં કર્મોનો ઉપશમ અને ક્ષય થાય છે.

ભાવાર્થ :- પ્રથમ મિથ્યાત્વની ત્રણ અને અનંતાનુબંધી કષાયની ચાર પ્રકૃતિઓનો ઉપશમ અથવા ક્ષય કરી સમ્યગ્દષ્ટિ થાય છે.

અહીં તો કહે છે કે એકવાર કૌતુહલ તો કર ! અને સ્વતત્વની રુચિમાં પ્રવેશ તો કર ! આમ કરવાથી તારી ભ્રાંતિનો નાશ થયા વિના રહેશ નહિ. પછી ભલે અલ્પ રાગ, દોષ અને વિષય કષાયના ભાવ હોય પણ એની રુચિ અને એમાં સુખ છે, એવી બુદ્ધિ છૂટી જશે. એવા જ્ઞાનીને મોહની સાત પ્રકૃતિનો ઉપશમ અથવા ક્ષય થયા વિના રહેતો નથી.

આત્માને જ્યારે પ્રથમ સમ્યગ્દર્શન થાય છે ત્યારે દર્શનમોહનીયના ત્રણ ટુકડા થાય છે. જેવી રીતે ઘંટલામાં મગ ભરડે છે, ત્યારે આખો મગ, અર્ધો મગ અને મગના નાના ટુકડા એમ ત્રણ પ્રકાર થાય છે, તેમ દર્શનમોહનીય પ્રકૃતિ ત્રણ ભાગમાં વેચાય છે. આત્માનું ભાન થતાં તે ત્રણ પ્રકૃતિનો અને અનંતાનુબંધીની ચાર પ્રકૃતિનો ઉપશમ કે ક્ષય થાય છે. આત્મામાં આનંદ છે એની અરુચિ કરવી અને પરમાં આનંદ છે એમ માની પરની રુચિ કરવી તે અનંતાનુબંધી ક્રોધ છે, કેમકે તેમાં પરનો રાગ અને આત્માનો દ્વેષ થયો. વળી આત્માને ચૂકીને પરનું અભિમાન કરવું, પરનાં કામ અમે કર્યાં, અમે હતા તો આ કામ થયું એ અનંતાનુબંધી માન છે. આત્માનો જેવો સ્વભાવ છે, એવો ન માનતાં બીજી રીતે માનવો, સ્વભાવને સમજવામાં આડ નાખવી તે અનંતાનુબંધી માયા એટલે કે કપટ છે, આત્માને ભૂલીને પૈસાદિનો લોભ કરવો, ચમડી તૂટે પણ દમડી છૂટે નહિ એ ભાવ અનંતાનુબંધી લોભનો છે. જેમ લૂગડાંમાં કોઈક પાકો રંગ લગાડ્યો હોય તો લૂગડું બળી જાય તો પણ રંગ છૂટે નહિ, એમ લોભી જીવોને સ્વપ્નામાં પણ પૈસાના વિચારો આવ્યા જ કરે છે. આત્માનું ભાન થતાં આ ચાર અનંતાનુબંધીની પ્રકૃતિનો તથા ત્રણ દર્શનમોહનીય પ્રકૃતિનો ઉપશમ કે ક્ષય થાય છે.

જેમ પુદ્ગલમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ એ ચાર એકી સાથે હોય છે, તેમ આત્મામાં એક અનંતાનુબંધીનો લોભ હોય તો બીજા ત્રણે કષાય સાથે જ હોય છે. એક છૂટી જાય ને ત્રણ રહી જાય એમ બને નહિ. પણ અહીં તો અનંતાનુબંધી કષાયનો ઉપશમ કે ક્ષય થયો હોય તેને જ ધર્મધ્યાન હોય છે અને ધર્મધ્યાનપૂર્વક શુક્લધ્યાન હોય છે એમ કહે છે.

# પ્રસાદ નં. – ૩૩૨

**વી. નિ સં. ૨૪૭૮, આસો સુદ ૭, વર્ષ ૨જું. પુસ્તક અગિયારમું,**
**સોનગઢ, તા. ૨૬-૯-૫૨, શુક્રવાર.**

# શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(આસો સુદ ૨, શનિવાર, ૨૧-૯-૫૨ સવાર)**

**ગાથા ૪૮૨**

જુઓ, આ ધ્યાનનો અધિકાર છે તે કહીને આ ગ્રંથ પૂરો કરશે. આત્માની શુદ્ધતાની ઘણી એકાગ્રતા થાય તે શુક્લધ્યાન છે.

ભાવાર્થ :- આત્મા શુદ્ધ ચૈતન્ય અને આનંદસ્વરૂપી છે. એની પર્યાયમાં વિકાર છે. તે આત્માનું ખરું સ્વરૂપ નથી. અને પરપદાર્થ તો આત્માથી ભિન્ન છે એવું જ્ઞાન થતાં સ્વભાવ સન્મુખ રુચિ તથા સમ્યગ્દર્શન થાય છે. તેને સાત પ્રકૃતિનો ઉપશમ અથવા ક્ષય હોય છે. સ્વભાવમાં અંશે સ્થિરતા થતાં પાંચમું ગુણસ્થાન એટલે શ્રાવકદશા હોય છે. વિશેષ સ્થિરતા થતાં મુનિ થાય છે, ત્યારે બહારમાં નગ્નપણું હોય છે, વસ્ત્રપાત્રાદિ હોતા નથી, એ છઠ્ઠી ભૂમિકા છે. અને સાતમી ભૂમિકામાં મુનિને ઉપદેશ, આહારપાણી આદિનો પણ વિકલ્પ હોતો નથી. તે મુનિ તો જંગલમાં વસે છે. માતાએ જન્મ્યા એવા નગ્નદશાવાળા હોય છે. સ્વભાવમાંથી અતીંદ્રિય રસ ઝરે છે. અંતર્લીનતા થાય તેને અપ્રમત્ત સાતમું ગુણસ્થાન કહે છે. આત્માના ભાન વિના દ્રવ્યલિંગી મુનિ થાય એ તો મિથ્યાદૃષ્ટિ છે. એની વાત નથી. સાતમી ભૂમિકામાં વિશેષ નિર્મળતા થાય છે ત્યારે આઠમી ભૂમિકામાં શ્રેણીનો આરંભ કરે છે. કેવળજ્ઞાન પ્રાપ્ત કરવા આગળ વધે છે, તે અપૂર્વકરણ ગુણસ્થાન છે. અને પછી નવમું અનિવૃતિકરણ તથા દશમું સુક્ષ્મસાંપરાય છે. એ ત્રણ ગુણસ્થાનોમાં સમયે સમયે અનંત ગુણી વિશુદ્ધતાથી વર્ધમાન

થયો થકો મોહનીય કર્મની એકવીસ પ્રકૃતિઓને ઉપશમાવી, ઉપશાંત કષાય ગુણસ્થાન એટલે અગિયારમું ગુણસ્થાન પ્રાપ્ત કરે છે.

જો મોહનીયની પ્રકૃતિઓને ક્ષપાવવાનો આરંભ કરે તો આ ત્રણે ગુણસ્થાનમાં મોહનીયની એકવીસ પ્રકૃતિઓને સત્તામાંથી નાશ કરી ક્ષીણકષાય નામના બારમા ગુણસ્થાનને પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે બારમાં ગુણસ્થાને પૃથકત્વવિતર્કવિચાર નામનો શુક્લધ્યાનનો પહેલો પાયો પ્રવર્તે છે. પૃથક એટલે જુદાં જુદાં, વિતર્ક એટલે શ્રુતજ્ઞાન તથા વિચાર એટલે (૧) અર્થનું (૨) વ્યંજન એટલે અક્ષરરૂપ વસ્તુના નામનું તથા (૩) મન, વચન, કાયાના યોગનું પલટવું થાય છે. એ બધું આ પહેલા શુક્લધ્યાનમાં થાય છે. ત્યાં અર્થ તો દ્રવ્ય-ગુણ-પર્યાયની પલટના છે અર્થાત્ દ્રવ્યથી દ્રવ્યાંતર, ગુણથી ગુણાંતર અને પર્યાયથી પર્યાયાંતર છે. એ જ પ્રમાણે વર્ણથી વર્ણાંતર અને યોગથી યોગાંતર છે. આ બધું અબુદ્ધિપૂર્વક હોય છે. તે જીવ નિર્વિકલ્પદશામાં જ છે. તેથી તેને આ સંક્રાંતિની ખબર નથી પણ તે દશામાં તેવી પલટના થાય છે, તે કેવળજ્ઞાની જાણે છે.

પ્રશ્ન :- ધ્યાન તો એકાગ્ર ચિંતાનિરોધ છે પણ પલટવાને ધ્યાન કેમ કહી શકાય ? અક્ષર, યોગ વગેરે પલટો ખાય છે તો ત્યાં ધ્યાન કેમ કહી શકાય ?

સમાધાન :- જેટલી વાર એક જ્ઞેય ઉપર ઉપયોગ સ્થિર થાય તે તો ધ્યાન છે અને ત્યાંથી પલટાઈ બીજા જ્ઞેય ઉપર સ્થિર થયો તે પણ ધ્યાન છે. એ પ્રમાણે ધ્યાનના સંતાનને પણ ધ્યાન કહે છે. એટલે કે પોતાના જ જ્ઞેયમાં ફરી ફરીને પલટે એને પણ ધ્યાન કહે છે કેમકે પોતાનું ધ્યાન તો છૂટતું નથી. એ સંતાનની જાતિ એક છે એ અપેક્ષા લેવી. વળી ઉપયોગ પલટાય છે ત્યાં ધ્યાતાને પલટાવવાની ઈચ્છા નથી. જો ઈચ્છા હોય તો તે રાગ સહિત હોવાથી આ પણ ધર્મધ્યાન જ ઠરે. અવ્યક્ત થોડો રાગ છે પણ તે કેવળજ્ઞાનગમ્ય છે. આ ધ્યાતાના જ્ઞાનને ગમ્ય નથી. પોતે શુદ્ધોપયોગરૂપ બન્યો થકો એ પલટનાનો પણ જ્ઞાતા જ છે અને પલટાવું તે ક્ષયોપશમજ્ઞાનનો સ્વભાવ છે. એ ઉપયોગ ઘણો વખત એકાગ્ર રહેતો નથી, તેને ''શુક્લ'' એવું નામ રાગ અવ્યક્ત થવાથી જ કહ્યું છે.

ગાથા-૪૮૩

**આગળ શુક્લધ્યાનનો બીજો ભેદ કહે છે.**

**णिस्सेसमोहविलये खीणकसाओ य अंतिमे काले।**
**ससरूवम्मि णिलीणो सुक्कं ज्झायेदि एयत्तं।।४८३।।**
**निःशेषमोहविलये क्षीणकषायः च अन्तिमे काले।**
**स्वस्वरूपे निलीनः शुक्लं ध्यायति एकत्वं।।४८३।।**

**અર્થ :- સમસ્ત મોહકર્મનો નાશ થતાં ક્ષીણકષાય ગુણસ્થાનના અંતસમયમાં પોતાના સ્વરૂપમાં તલ્લીન થતો થકો આત્મા એકત્વવિતર્કવિચાર નામના બીજા શુક્લધ્યાનને ધ્યાવે છે.**

**ભાવાર્થ :- પ્રથમના પૃથકત્વવિતર્કવિચારશુક્લધ્યાનમાં ઉપયોગ પલટતો હતો તે પલટાવું અહીં અટકી ગયું, અહીં એક દ્રવ્ય તથા ગુણ, એક પર્યાય, એક વ્યંજન અને એક યોગ ઉપર ઉપયોગ સ્થિર થઈ ગયો. પોતાના સ્વરૂપમાં લીન તો છે જ પરંતુ હવે ઘાતિકર્મનો નાશ કરી ઉપયોગ પલટાશે ત્યાં `સર્વનો પ્રત્યક્ષજ્ઞાતા થઈ લોકાલોકને જાણવો' એજ પલટાવું રહ્યું છે.**

ભાવાર્થ :- પ્રથમના પૃથકત્વવિતર્કવિચારના શુક્લધ્યાનમાં ઉપયોગ પલટતો હતો તે અહીં પલટતો નથી. એક દ્રવ્ય - એક ગુણ - એક પર્યાય - એક વ્યંજન અને એક યોગ ઉપર ઉપયોગ સ્થિર થઈ ગયો. પોતાના સ્વરૂપમાં લીન તો છે જ પરંતુ હવે ઘાતિ કર્મનો નાશ કરી ઉપયોગ પલટાશે ત્યાં સર્વનો પ્રત્યક્ષ જ્ઞાતા થઈ લોકાલોકને જાણવો એ જ પલટાવું રહ્યું છે.

ગાથ-૪૮૪

**આગળ શુક્લધ્યાનનો ત્રીજો ભેદ કહે છે.**

**केवलणाणसहावो सुहमे जोगम्मि संठिओ काए।**
**जं ज्झायदि सजोगजिणो तं तदियं सुहमकिरियं च।।४८४।।**
**केवलज्ञानस्वभावः सूक्ष्मे योगे संस्थितः काये।**
**यत् ध्यायति सयोगिजिनः तत् तृतीयं सूक्ष्मक्रियं च।।४८४।।**

**અર્થ :- કેવળજ્ઞાન છે સ્વભાવ જેનો એવા સયોગકેવળી ભગવાન જ્યારે સૂક્ષ્મકાયયોગમાં બિરાજે છે ત્યારે તે કાળમાં જે ધ્યાન હોય છે તે ત્રીજું સૂક્ષ્મક્રિયા નામનું શુક્લધ્યાન છે.**

**ભાવાર્થ :- જ્યારે ઘાતિકર્મોનો નાશ કરી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય ત્યારે તેરમા ગુણસ્થાનવર્તી સયોગ કેવળી થાય છે. ત્યાં તે ગુણસ્થાનના અંતમાં અંતર્મુહૂર્તકાળ બાકી રહે ત્યારે મનોયોગ-વચનયોગ રોકાઈ જાય છે અને કાયયોગની સૂક્ષ્મક્રિયા રહી જાય છે. ત્યારે તેને શુક્લધ્યાનનો (સૂક્ષ્મક્રિયાપ્રતિપાતી નામનો) ત્રીજો પાયો કહે છે. અહીં કેવળજ્ઞાન ઉપજ્યું ત્યારથી ઉપયોગ તો સ્થિર છે અને ધ્યાનમાં અંતર્મુહૂર્ત ટકવાનું કહ્યું છે. પરંતુ એ ધ્યાનની અપેક્ષાએ તો અહીં ધ્યાન નથી પણ માત્ર યોગ થંભાઈ જવાની અપેક્ષાએ ધ્યાનનો ઉપચાર છે અને જો ઉપયોગની અપેક્ષાએ કહીએ તો ઉપયોગ તો અહીં થંભી જ રહ્યો છે. કાંઈ જાણવાનું બાકી રહ્યું નથી. વળી પલટાવવાવાળું પ્રતિપક્ષી કર્મ પણ રહ્યું નથી. તેથી તેને સદાય ધ્યાન જ છે. પોતાના સ્વરૂપમાં રમી રહ્યાં છે, સમસ્ત જ્ઞેયો આરસીની માફક પ્રતિબિંબિત થઈ રહ્યા છે અને મોહના નાશથી કોઈ પદાર્થોમાં ઈષ્ટ-અનિષ્ટભાવ નથી, એ પ્રમાણે સૂક્ષ્મક્રિયાપ્રતિપાતી નામનું ત્રીજું શુક્લધ્યાન પ્રવર્તે છે.**

જુઓ અહીં તેરમે ગુણસ્થાને સૂક્ષ્મ ક્રિય હોય છે એમ કહેલ છે. આ વાંચીને જે લોકો સમજતાં નથી તે વાંધો ઉઠાવે છે કે ક્રિયા તો કેવળીને પણ કરવી પડે છે અને તમે ના પાડો છો તે બરાબર નથી. તો તેને કહે છે કે :-

આ જે સૂક્ષ્મ ક્રિયા કહી છે તે દેહની ક્રિયાની વાત નથી. પણ આત્માના પ્રદેશનું કંપન સૂક્ષ્મ થાય છે એની વાત છે. આત્મા દેહની ક્રિયા કરી શકતો નથી અને રાગની ક્રિયાથી કાંઈ આત્માને લાભ નથી કેમકે તે ધાર્મિક ક્રિયા નથી. આત્માની શ્રદ્ધાપૂર્વક વીતરાગતા થાય તે આત્માની ક્રિયા છે. અહીં તો કહે છે કે કેવળીને સૂક્ષ્મ ક્રિયા જે યોગનું કંપન છે એનાથી પણ બંધ થાય છે અને એ નુકસાનનું કારણ છે પણ શુક્લધ્યાનના ત્રીજા પાયામાં કાયાના નિમિત્તે જે યોગનું કંપન છે તેનું જ્ઞાન કરાવે છે.

ભાવાર્થ :- જ્યારે ઘાતિ કર્મોનો નાશ કરી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય ત્યારે તેરમા ગુણસ્થાનવર્તી સયોગ કેવળી થાય છે. ત્યાં તે ગુણસ્થાનના અંતમાં અંતર્મુહૂર્તકાળ બાકી રહે ત્યારે મનોયોગ-વચનયોગ રોકાઈ જાય છે અને કાયયોગની સૂક્ષ્મ ક્રિયા રહી જાય છે. ત્યારે તેને શુક્લધ્યાનનો (સૂક્ષ્મ ક્રિયા પ્રતિપાતી નામનો) ત્રીજો પાયો કહે છે. અહીં કેવળજ્ઞાન ઉપજ્યું ત્યારથી ઉપયોગ તો સ્થિર છે અને ધ્યાનમાં અંતર્મુહૂર્ત ટકવાનું કહ્યું છે. પરંતુ એ ધ્યાનની

અપેક્ષાએ તો અહીં ધ્યાન નથી પણ માત્ર યોગ થંભાઈ જવાની અપેક્ષાએ ધ્યાનનો ઉપચાર છે અને જો ઉપયોગની અપેક્ષાએ કહીએ તો ઉપયોગ તો અહીં થંભી જ રહ્યો છે. કાંઈ જાણવાનું બાકી રહ્યું નથી. વળી પલટાવવાવાળું પ્રતિપક્ષી કર્મ પણ રહ્યું નથી. તેથી તેને સદાય ધ્યાન જ છે. પોતાના સ્વરૂપમાં રમી રહ્યાં છે, સમસ્ત જ્ઞેયો આરસીની માફક પ્રતિબિંબિત થઈ રહ્યા છે અને મોહના નાશથી કોઈ પણ પદાર્થોમાં ઈષ્ટ-અનિષ્ટભાવ નથી, એ પ્રમાણે સૂક્ષ્મક્રિયાપ્રતિપાતી નામનું ત્રીજું શુક્લધ્યાન પ્રવર્તે છે.

આગળ વ્યુપરતક્રિયાનિવૃત્તિ નામનું ચોથું શુક્લધ્યાન કહે છે.

**ગાથા ૪૮૫**

**આગળ વ્યુપરતક્રિયાનિવૃત્તિ નામનું ચોથું શુક્લધ્યાન કહે છે :-**

**जोगविणासं किच्चा कम्मचउक्कस्स खवणकरणट्ठं।**
**ज ज्झायदि अजोगिजिणो णिक्किरियं तं चउत्थं च।।४८५।।**

**योगविनाशं कृत्वा कर्मचतुष्कस्य क्षपणकरणार्थं।**
**यत् ध्यायति अयोगिजिन: निष्क्रियं तत् चतुर्थं च।।४८५।।**

**અર્થ :- યોગોની પ્રવૃત્તિનો અભાવ કરી જ્યારે કેવળીભગવાન અયોગીજિન થાય છે, ત્યારે અઘાતિકર્મોની પંચાસી પ્રકૃતિઓ જે સત્તામાં રહી છે, તેનો ક્ષય કરવા અર્થે જે ધ્યાવે છે તે વ્યુપરતક્રિયાનિવૃતિ નામનું ચોથું શુક્લધ્યાન છે.**

**ભાવાર્થ :- ચૌદમા અયોગીજિનગુણસ્થાનની સ્થિતિ પાંચ લઘુ અક્ષર (अ-आ-इ-उ-लृ) પ્રમાણે છે, ત્યાં યોગોની પ્રવૃત્તિનો અભાવ છે અને અઘાતિકર્મોની પંચાશી પ્રકૃતિ સત્તામાં રહી છે તેના નાશનું કારણ આ યોગોનું રોકાવું છે. તેથી તેને ધ્યાન કહ્યું છે. તેરમા ગુણસ્થાનની માફક અહીં પણ ધ્યાનનો ઉપચાર સમજવો, કારણ કે ઈચ્છાપૂર્વક ઉપયોગને થંભાવવારૂપ ધ્યાન અહીં નથી. એ કર્મ પ્રકૃતિઓના નામ તથા અન્ય પણ વિશેષ કથન બીજા ગ્રંથો અનુસાર છે. તે સંસ્કૃતટીકાથી જાણી લેવાં. એ પ્રમાણે ધ્યાન નામના તપનું સ્વરૂપ કહ્યું.**

જુઓ, અહીં ચૌદમે ગુણસ્થાને ક્રિયાની નિવૃતિ થાય છે એમ કહેલ છે. માટે અજ્ઞાનીની એવી દલીલ છે કે ચૌદમા ગુણસ્થાન સુધી ક્રિયાની જરૂર પડે છે અને તમો ક્રિયાનો નિષેધ

કરો છો તે બરાબર નથી. તો તેને કહે છે કે :- આ ક્રિયા આત્માને લાભદાયક નથી એમ એ ક્રિયા વડે ચૌદમું ગુણસ્થાન થયું નથી કેમકે તે તો વિકારી ક્રિયા છે અને એનાથી તો આશ્રવ ને બંધ થાય છે. અનો અભાવ કરે ત્યારે ચોથું શુક્લધ્યાન હોય છે.

ભાવાર્થ :- ચૌદમા અયોગીજિન ગુણસ્થાનની સ્થિતિ પાંચ લઘુ અક્ષર (अ-आ-इ-उ-लृ ) પ્રમાણે છે. ત્યાં યોગોની પ્રવૃત્તિનો અભાવ છે અને અઘાતિકર્મોની પંચાશી પ્રકૃતિ સત્તામાં રહી છે તેના નાશનું કારણ આ યોગોનું રોકાવું છે. તેથી તેને ધ્યાન કહ્યું છે. તેરમા ગુણસ્થાનની માફક અહીં પણ ધ્યાનનો ઉપચાર સમજવો. કારણ કે ઈચ્છાપૂર્વક ઉપયોગને થંભાવવારૂપ ધ્યાન અહીં નથી. એ કર્મ પ્રકૃતિઓના નામ તથા અન્ય પણ વિશેષ કથન બીજા ગ્રંથો અનુસાર છે. તે સંસ્કૃતટીકાથી જાણી લેવાં. એ પ્રમાણે ધ્યાન નામના તપનું સ્વરૂપ કહ્યું.

ગાથા-૪૮૬

**આગળ તપના કથનને સંકોચે છે.**

**एसो वारसभेओ उग्गतवो जो चरेदि उवजुत्तो।**
**सो खविय कम्मपुंजं मुत्तिसुहं उत्तमं लहई।।४८६।।**

एतत् द्वादशभेदं उग्रतप: य: चरति उपयुक्त:।
स: क्षपयित्वा कर्मपुञ्जं मुक्तिसुखं उत्तमं लभते।।४८६।।

**અર્થ :- આ બાર પ્રકારના તપ કહ્યાં, તેમાં ઉપયોગને લગાવી જે મુનિ ઉગ્ર-તીવ્ર તપનું આચરણ કરે છે તે મુનિ મોક્ષસુખને પ્રાપ્ત થાય છે. કેવું છે મોક્ષસુખ ? ક્ષય કર્યો છે કર્મપૂંજ જેણે તથા અક્ષય છે–અવિનાશી છે.**

**ભાવાર્થ :- તપથી કર્મનિર્જરા થાય છે તથા સંવર થાય છે અને એ (નિર્જરા તથા સંવર) બંને મોક્ષનાં કારણ છે. જે મુનિવ્રત લઈને બાહ્ય–અભ્યંતર ભેદથી કહેલાં આ તપને તે જ વિધાનપૂર્વક આચરે છે તે મોક્ષને પ્રાપ્ત થાય છે અને ત્યારે જ કર્મોનો અભાવ થાય છે. તેનાથી જ અવિનાશી બાધારહિત આત્મિયસુખની પ્રાપ્તિ થાય છે. એ પ્રમાણે આ બાર પ્રકારના તપના ધારક તથા આ તપના ફળને પામે છે તેવા સાધુ ચાર પ્રકારના કહ્યા છે–અણગાર, યતિ, મુનિ અને ઋષિ. તેમાં ગૃહવાસ ત્યાગી અને મૂળગુણોના ધારક સામાન્યસાધુને અણગાર કહે છે, ધ્યાનમાં રહીને જે શ્રેણિ માંડે તે યતિ છે, જેમને અવધિ–મનઃપર્યય–કેવળજ્ઞાન હોય તે મુનિ છે તથા જે ઋદ્ધિધારક હોય તે ઋષિ છે. એ ઋષિના પણ ચાર ભેદ છે. રાજર્ષિ, બ્રહ્મર્ષિ, દેવર્ષિ તથા પરમર્ષિ. ત્યાં વિક્રિયાઋદ્ધિવાળા રાજઋષિ છે, અક્ષિણમહાનસઋદ્ધિવાળા**

**બ્રહ્મઋષિ છે, આકાશગામી (ચારણઋદ્ધિવાળા) દેવઋષિ છે તથા કેવળજ્ઞાની પરમઋષિ છે, એમ સમજવું.**

અર્થ :- બાર પ્રકારના તપ કહ્યાં, તેમાં ઉપયોગને લગાવી જે મુનિ ઉગ્ર-તીવ્ર તપનું આચરણ કરે છે તે મુનિ મોક્ષસુખને પ્રાપ્ત થાય છે. કેવું છે મોક્ષસુખ ? ક્ષય કર્યો છે કર્મપૂંજ જેણે તથા અક્ષય છે—અવિનાશી છે. જેટલો કાળ સંસારનો છે તેનાથી અનંતગુણો કાળ મોક્ષનો છે, કેમકે સંસારનો અંત આવી જાય છે. મોક્ષનો અંત આવતો નથી. ભૂતકાળથી ભવિષ્યકાળ પણ અનંતગુણો છે. માખણનું ઘી થાય પણ ઘીનું માખણ થાય નહિ. એમ મોક્ષમાંથી જીવ પાછો સંસારમાં આવતો નથી. જે મુનિ પોતાનામાં ઉપયોગને જોડે છે તેને એ મોક્ષ થાય છે એમ કહેલું છે. બીજી કોઈ ક્રિયાથી મોક્ષ થતો નથી.

ભાવાર્થ :- આત્મામાં ઉપયોગને લગાવે તેને ઈચ્છાની ઉત્પત્તિ થતી નથી, એનું નામ તપ છે અને તે તપથી સંવર અને નિર્જરા થાય છે. તે બન્ને મોક્ષનું કારણ છે. કોઈ પણ મુનિ ઉપર કહેલા બાર તપને આચરે છે. તેમનો મોક્ષ થાય છે અને ત્યારે જ કર્મોનો અભાવ થાય છે. તેનાથી જ અવિનાશી બાધારહિત આત્મિક સુખની પ્રાપ્તિ થાય છે. એ પ્રમાણે આ બાર પ્રકારના તપના ધારક તથા આ તપના ફળને પામે છે તે સાધુ ચાર પ્રકારનાં કહ્યા છે.

(૧) અણગાર (૨) યતિ (૩) મુનિ (૪) ઋષિ

(૧) ગૃહવાસ ત્યાગી અને મૂળ ગુણોના ધારક સામાન્ય સાધુને અણગાર કહે છે. જુઓ, અહીં પ્રથમ ગૃહવાસ છોડે ત્યારે તો મુનિપણું હોય છે. એને બદલે કૂર્મા પુત્રને ઘરમાં કેવળજ્ઞાન થયું છે અને ઘરના માણસોને છરો હાથ આવતો ન હતો તે કેવલીએ બતાવ્યો એમ માને છે તે વાત ખોટી છે. આવી કથાઓ શ્વેતાંબરમાં આવે છે. વળી એલાયચીકુમારને નાચતાં નાચતાં કેવળજ્ઞાન થયું અને મરૂદેવી માતાને હાથીના હોદ્દા ઉપર કેવળજ્ઞાન થયું તે બધી વાત ખોટી છે. કેમકે ગૃહત્યાગ વગર મુનિપણું હોય નહિ અને મુનિપણા વિના ત્રણ કાળમાં કેવળજ્ઞાન હોય નહિ.

(૨) ધ્યાનમાં રહીને જે શ્રેણી માંડે તે યતિ છે. અત્યારે જે દવા વગેરે કરે છે તેને યતિ કહેતા નથી પણ પુણ્ય-પાપના પરિણામ થવા ન દે અને સ્વભાવની યત્ના કરે તેને યતિ કહે છે.

(૩) જેમને અવધિ, મનઃપર્યય, કેવળજ્ઞાન હોય તે મુનિ છે. અહીં જ્ઞાનની પ્રધાનતાથી

વાત કરીને જ્ઞાનની વિશેષતાની અપેક્ષાએ અવધિજ્ઞાની, મનઃપર્યયજ્ઞાની અને કેવળજ્ઞાનીને મુનિ કહેલ છે.

(૪) જે ઋદ્ધિ ધારક હોય તે ઋષિ છે. આ ઋષિના પણ ચાર ભેદ છે. (૧) રાજર્ષિ (૨) બ્રહમર્ષિ (૩)દેવર્ષિ (૪)પરમર્ષિ. ત્યાં વિક્રિયા ઋદ્ધિવાળા રાજઋષિ છે. નગ્ન દિગંબર મુનિ સંત હોય અને એમને શરીર નાનાં મોટાં જેવા બનાવવા હોય એવાં બનાવવાની ઋધ્ધિ પ્રગટી હોય એને રાજર્ષિ કહે છે. અક્ષીણ મહાન ઋદ્ધિવાળા બ્રહઋષિ છે. હાથમાં પોતે કોળિયો લીધો હોય એમાંથી હજારો, લાખો માણસો જમી શકે એવી ઋદ્ધિ હોય અને જ્યાં આહાર માટે ગયા હોય ત્યાં જેમાંથી આહાર આપ્યો હોય તે આહારમાંથી લાખો કરોડો માણસો જમે પણ ખૂટે નહિ. એવી ઋદ્ધિધારીને બ્રહમઋષિ કહે છે. આકાશગામી એટલે ચારણ ઋદ્ધિવાળા દેવઋષિ છે. આકાશમાં ચાલવાની ઋદ્ધિ જેને પ્રગટી હોય તે દેવઋષિ છે અને કેવળજ્ઞાની પરમઋષિ છે. આ ચાર પ્રકારની ઋદ્ધિ મુનિને હોય છે. મિથ્યાદૃષ્ટિ ભાન વગરના સાધુ થાય એની અહીં વાત નથી. એને આ જાતની ઋદ્ધિ હોય નહિ એમ સમજવું.

આગળ ગ્રંથકર્તા શ્રી સ્વામી કાર્તિકેયમુનિ પોતાનું કર્તવ્ય પ્રગટ કરશે એટલે આગળની ગાથામાં આ ગ્રંથ બનાવવાનું પ્રયોજન આચાર્યદેવ કહેશે.

✤✤✤

## આસો સુદ ૩, સોમવાર, ૨૩-૯-૫૨

આ છેલ્લી ગાથાઓ કહીને આચાર્ય ભગવાન આ ગ્રંથ પૂરો કરે છે. આ ગ્રંથમાં ઘણી વાત આવી ગઈ છે. બાર ભાવનાનું વર્ણન કર્યું હતું તેમાં જે સમયે, જે ક્ષેત્રે અને જે વિધિથી જે થવાનું હોય તે થાય છે. એમાં કોઈ ફેરફાર કરી શકે નહિ. એવી ભાવના જ્ઞાની ભાવે છે. તે બધું વિતરાગ વચન અનુસાર કથન કર્યું હતું એમ અહીં હવે કહે છે અને આ ગ્રંથ રચવાનું પ્રયોજન પણ કહે છે.

ગાથા-૪૮૭

આગળ ગ્રંથકર્તા શ્રી સ્વામીકાર્તિકેયમુનિ પોતાનું કર્તવ્ય પ્રગટ કરે છે :-

जिणवयणभावणट्ठं सामिकुमारेण परमसद्धाए।
रइया अणुपेक्खाओ चंचलमणरुंभणट्ठं च।।४८७।।
जिनवचनभावनार्थं स्वामीकुमारेण परमश्रद्धया।
रचिता: अनुप्रेक्षा: चञ्चलमनोरून्धनार्थं च।।४८७।।

**અર્થ :- સ્વામીકુમાર અર્થાત્ સ્વામીકાર્તિકેય નામના મુનિએ આ અનુપ્રેક્ષા નામનો ગ્રંથ ગાથારૂપ રચનામાં રચ્યો છે. અહીં `કુમાર' શબ્દથી એમ સુચવ્યું જણાય છે કે આ મુનિ જન્મથી જ બ્રહ્મચારી હતા. તેમણે `આ ગ્રંથ શ્રદ્ધાપૂર્વક રચ્યો છે, પણ એમ નથી કે કથનમાત્ર બનાવી દીધો હોય !' આ વિશેષણથી અનુપ્રેક્ષામાં અતિ પ્રીતિ સુચવે છે. વળી પ્રયોજન કહે છે કે–`જિનવચનની ભાવના અર્થે રચ્યો છે,' આ વાક્યથી એમ જણાવ્યું છે કે ખ્યાતિ–લાભ પૂજાદિ લૌકિકપ્રયોજન અર્થે રચ્યો નથી. જિનવચનનું જ્ઞાન–શ્રદ્ધાન થયું છે તેને વારંવાર ભાવવું–સ્પષ્ટ કરવું કે જેથી જ્ઞાનની વૃદ્ધિ થાય–કષાયો નાશ પામે એ પ્રયોજન જણાવ્યું છે. વળી બીજું પ્રયોજન–`ચંચળ મનને સ્થિર કરવા અર્થે રચ્યો છે.' આ વિશેષણથી એમ સમજવું કે–મન, ચંચળ છે તે એકાગ્ર રહેતું નથી તેને જો આ શાસ્ત્રમાં લગાવીએ તો રાગદ્વેષના કારણો જે વિષયો છે તેમાં જાય નહિ, એ પ્રયોજન અર્થે આ અનુપ્રેક્ષાગ્રંથની રચના કરી છે. ભવ્યજીવોએ તેનો અભ્યાસ કરવો યોગ્ય છે કે જેથી જિનવચનની શ્રદ્ધા થાય, સમ્યક્જ્ઞાનની વૃદ્ધિ થાય તથા આના અભ્યાસમાં જોડાતાં ચંચળ મન અન્ય વિષયોમાં જાય નહિ.**

અર્થ :- સ્વામી કુમાર અથવા સ્વામી કાર્તિકેય નામના મુનિએ આ અનુપ્રેક્ષા નામનો ગ્રંથ ગાથારૂપ રચનામાં રચ્યો છે. તેઓ ભાવલિંગી મુનિ હતા. તેમને આ ગ્રંથ રચવાનો ભાવ થયો. ગ્રંથ તો એના કારણે લખાણો છે. તાડપત્ર ઉપર જંગલમાં પ્રાકૃત ભાષામાં શ્લોકો લખાણા અને શ્રાવકો તે લઈ ગયા. શબ્દો કોઈએ બનાવ્યા નથી. શબ્દોની આમ્નાય અનાદિની છે, કોઈએ કરી નથી. સ્વામી કાર્તિકેય આ ગ્રંથના રચયિતા હતા એમ કહેવું તે વ્યવહારનું કથન છે.

અહીં કુમાર શબ્દથી એમ સૂચવ્યું જણાય છે કે આ મુનિ જન્મથી જ બ્રહ્મચારી હતાં.

તેમણે આ ગ્રંથ શ્રદ્ધાપૂર્વક રચ્યો છે. કલ્પનાથી બનાવેલ નથી. સર્વજ્ઞ વીતરાગદેવની વાણીની શ્રદ્ધા અને જ્ઞાન થએલાં છે. એથી એ ભાવ આમાં લખાણાં છે. સર્વજ્ઞે જેવો સ્વભાવ કહ્યો એવી પ્રતીતિ થઈ છે. ભગવાન સર્વજ્ઞદેવ પરિપૂર્ણ જાણનાર-દેખનાર છે. મને આત્મજ્ઞાન હોવા છતાં મારો સ્વભાવ સર્વજ્ઞ થવાનો છે. એવી પ્રતીતિપૂર્વક આ ગ્રંથ રચ્યો છે, પણ એમ નથી કે કથન માત્ર બનાવી દીધો હોય ! આ વિશેષણથી અનુપ્રેક્ષામાં અતિ પ્રીતિ સૂચવે છે.

વળી પ્રયોજન કહે છે કે :- જિનવચનની ભાવના અર્થે રચ્યો છે. આ વાક્યથી એમ જણાવ્યું છે કે ખ્યાતિ-લાભ-પૂજાદિ લૌકિક પ્રયોજન અર્થે રચ્યો નથી. શુભરાગ છે. તેનો પણ હું તો જાણનાર-દેખનાર છું. એવી ભાવના વર્તે છે, અને જ્ઞાતા-દ્રષ્ટાપણે રહેતાં સર્વજ્ઞ વીતરાગ થવાય છે એની ભાવના મુનિને છે. જિનવચનનું જ્ઞાન-શ્રધ્ધાન થયું છે એટલે આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે એનું લક્ષ થયું છે તેણે વારંવાર ભાવવું-સ્પષ્ટ કરવું કે જેથી જ્ઞાનની વૃધ્ધિ થાય, કષાય નાશ પામે એ પ્રયોજન જણાવ્યું છે.

વળી બીજું પ્રયોજન એ છે કે :- ચંચળ મનને સ્થિર કરવા અર્થે રચ્યો છે. આ વિશેષણથી એમ સમજવું કે મન ચંચળ છે તે એકાગ્ર રહેતું નથી. તેને જો આ શાસ્ત્રમાં લગાડીએ તો રાગ-દ્વેષના કારણો જે વિષયો છે તેમાં જાય નહિ. એટલે આત્મવિચારમાં લગાવે તો વિષયો તરફનું વલણ છૂટી જાય છે. એ પ્રયોજન અર્થે આ અુનપ્રેક્ષા ગ્રંથની રચના કરી છે. ભવ્ય જીવોએ તેનો અભ્યાસ કરવો યોગ્ય છે કે જેથી જે જિનવચનની શ્રદ્ધા થાય, સમ્યક્‌જ્ઞાનની વૃદ્ધિ થાય તથા આના અભ્યાસમાં જોડાતાં ચંચળ મન અન્ય વિષયોમાં જાય નહિ. આગળ અુનપ્રેક્ષાનું માહાત્મ્ય કહી ભવ્ય જીવોને ઉપદેશરૂપ ફળનું વર્ણન કરે છે.

**ગાથા-૪૮૮**

**આગળ અનુપ્રેક્ષાનું માહાત્મ્ય કહી ભવ્યજીવોને ઉપદેશરૂપ ફળનું વર્ણન કરે છે :-**

**वारसअणुपेक्खाओ भणिया हु जिणागमाणुसारेण।**
**जो पढइ सुणइ भावइ सो पावइ उत्तमं सोक्खं।।४८८।।**

**द्वादशअनुप्रेक्षाः भणिताः स्फूटं जिनागमानुसारेण।**
**यः पठति शृणोति भावयति सः प्राप्नोति उत्तमं सौख्यं।।४८८।।**

**અર્થ :- આ બાર અનુપ્રેક્ષા જિનાગમઅનુસાર પ્રગટ કરી કહી છે, એ વચનથી એમ જણાવ્યું છે કે–મેં કલ્પના કરી કહી નથી પણ પૂર્વ (આમ્નાય) અનુસાર કહી છે, તેને જે ભવ્યજીવો ભણશે–સાંભળશે અથવા તેની ભાવના એટલે વારંવાર ચિંત્વન કરશે તે બાધારહિત–**

**અવિનાશી–સ્વાત્મિય ઉત્તમસુખને પ્રાપ્ત થશે, એ સંભાવનારૂપ કર્તવ્યઅર્થનો ઉપદેશ સમજવો. માટે હે ભવ્યજીવો ! આને ભણો–સાંભળો અને વારંવાર ચિંત્વનરૂપ ભાવના કરો.**

આ બાર અનુપ્રેક્ષા જિનાગમ અનુસાર પ્રગટ કરી છે. કોઈ કલ્પનાથી વાત કરેલ નથી. પણ પૂર્વે આમ્નાય અનુસાર કહી છે. તેને જે ભવ્ય જીવો ભણશે, સાંભળશે અથવા તેની ભાવના એટલે વારંવાર ચિંતવન કરશે તે બાધારહિત, અવિનાશી, સ્વાત્મિય ઉત્તમ સુખને પ્રાપ્ત કરશે. એ સંભાવનારૂપ કર્તવ્ય અર્થનો ઉપદેશ સમજવો. માટે હે ભવ્ય જીવો ! આને જાણો, સાંભળો અને વારંવાર ચિંતવનરૂપ ભાવના કરો.

ગાથા-૪૮૯

**આગળ અંતમંગળ કરે છે :-**

तिहुयणपहाणस्वामीं कुमारकाले वि तविय तवयरणं।
वसुपुज्जसुयं मल्लिं चरिमतियं संथुवे णिच्चं।।४८९।।
त्रिभुवनप्रधानस्वामीनं कुमारकाले अपि तप्ततपश्चरणं।
वसुपूज्यसुतं मल्लिं चरमत्रिकं संस्तुवे नित्यम्।।४८९।।

**અર્થ :- ત્રણ ભૂવનના પ્રધાન સ્વામી શ્રી તીર્થંકરદેવ કે જેમણે કુમાર કાળમાં જ તપશ્ચરણ ધારણ કર્યું. એવા વસુપૂજ્ય રાજાના પુત્ર વાસુપૂજ્ય જિન તથા મલ્લીજિન અને ચરમ અર્થાત્ છેલ્લા નેમિનાથજિન, પાર્શ્વનાથજિન, વર્ધમાનજિન એ પાંચ જિનોને હું નિત્ય સ્તવું છું, તેમના ગુણાનુવાદ કરૂં છું-વંદુ છું.**

**ભાવાર્થ :- એ પ્રમાણે કુમાર શ્રમણ જે પાંચ તીર્થંકર છે તેમનું સ્તવન–નમસ્કારરૂપ અંત મંગળ કર્યું છે. અહીં એમ સૂચવે છે કે પોતે કુમારઅવસ્થામાં મુનિ થયા છે. તેથી તેમને કુમારતીર્થંકરો પ્રત્યે વિશેષ પ્રીતિ ઉત્પન્ન થઈ છે અને એટલા માટે તેમના નામરૂપ અહીં અંત મંગળ કર્યું છે.**

**એ પ્રમાણે શ્રી સ્વામીકાર્તિકેયમુનિએ આ અનુપ્રેક્ષા ગ્રંથ સમાપ્ત કર્યો.**

અહીં ત્રણ ભૂવનના સ્વામી કહ્યા છે. એટલે તીર્થંકર ભગવાન ત્રણ લોકના જાણનાર છે એમ સમજવું. આ ચોવીસ તીર્થંકરમાં પાંચ બાળ બ્રહ્મચારી હતા અને મુનિ પોતે પણ બાળ બ્રહ્મચારી હતા. શ્વેતાંબરમાં મલ્લીનાથ તથા નેમનાથ બે જ બાળ બ્રહ્મચારી હતા એમ કહે છે પણ તે વાત ખોટી છે. ભગવાનને હજુ અઢી હજાર વર્ષ થયા છે એમાં આટલો મોટો ફેરફાર પાડી દીધો છે. આ ગ્રંથ તો બાવીસ સો વર્ષ પહેલાંનો લખાયેલો છે. મહાવીર ભગવાન પરણ્યા હતા અને એમને દીકરી, જમાઈ હતા તે બધી વાત કલ્પિત છે. સમાજને અનુકુળ આવે એવી ઘણી વાત ભગવાનના નામે ગોઠવી દીધી છે. છેલ્લા ત્રણ તીર્થંકરોને થોડો કાળ હોવાથી બ્રહ્મચારી જ હોવા જોઈએ એમ ન્યાયથી વાત બેસે છે, માટે પાંચ બાળ બ્રહ્મચારી હતા તે વાત જ સત્ય છે.

ભાવાર્થ :- એ પ્રમાણે કુમાર શ્રમણ જે પાંચ તીર્થંકર છે તેમનું સ્તવન–નમસ્કારરૂપ અંત મંગળ કર્યું છે. અહીં એમ સૂચવે છે કે પોતે કુમારઅવસ્થામાં મુનિ થયા છે. તેથી તેમને કુમારતીર્થંકરો પ્રત્યે વિશેષ પ્રીતિ ઉત્પન્ન થઈ છે અને એટલા માટે તેમના નામરૂપ અહીં અંત મંગળ કર્યું છે.

એ પ્રમાણે શ્રી સ્વામીકાર્તિકેયમુનિએ આ અનુપ્રેક્ષા ગ્રંથ સમાપ્ત કર્યો.

**આગળ આ વચનિકા થવાનો સંબંધ લખીએ છીએ :-**

**દોહરો**

**પ્રાકૃત સ્વામીકુમારકૃત, અનુપ્રેક્ષા શુભ ગ્રંથ,**
**દેશવચનિકા તેહની, ભણો લાગો શિવપંથ. ૧**

સ્વામી કાર્તિકેય મુનિ આ ૪૮૯ ગાથા રચવામાં નિમિત્ત હતા. આ બાર ભાવનાના ગ્રંથને જાણો અને એનું ચિંતવન કરીને શિવપંથમાં લાગો, આત્મા કલ્યાણસ્વરૂપ છે એની ભાવના કરો.

**ચોપાઈ**

**દેશ ઢુંઢાહડ જયપુર સ્થાન, જગતસિંહ નૃપરાજ મહાન,**
**ન્યાયબુદ્ધિ તેને નિત રહે, તેના મહિમાને કવિ કહે.૨**
**તેનો મંત્રી બહુ ગુણવાન, તેનાથી મંત્રરાજ સુવિધાન,**
**ઈતિ-ભીતિ લોકને નાહિ, જો વ્યાપે તો ઝટ દૂર થાઈ. ૩**

**ધર્મભેદ સૌ મતના ભલે, પોતપોતાના ઈષ્ટથી ચલે,**
**જૈન ધર્મની કથની તણી, ભક્તિ-પ્રીતિ જૈનોને ઘણી. ૪**
**તેમાં તેરાપંથ કહાય, ઘરે ગુણીજન કરે બઢાય,**
**તે મધ્યે છે નામ જયચંદ, હું છું આતમરામ અનંદ. ૫**
**ધર્માનુરાગથી ગ્રંથ વિચાર, કરી અભ્યાસ લઈ મનધાર,**
**બારહભાવના ચિંત્વનસાર, તે હું લખુ ઊપજ્યો સુવિચાર. ૬**
**દેશ વચનિકા કરીએ જો, સુગમ હોય વાંચે સૌ કો,**
**રચિ વચનિકા તેથી સાર, કેવળ ધર્માનુરાગ નિરધાર. ૭**
**મૂળ ગ્રંથથી વધઘટ હોય, જ્ઞાની પંડિત સોધો સોય,**
**અલ્પબુદ્ધિની હાસ્ય ન કરે, સંતપુરુષ મારગ એ ધરે. ૮**
**બારહ ભાવન સુભાવના, લઈ બહુ પુણ્યયોગ પાવના,**
**તીર્થંકર વૈરાગ્ય જબ હોય, તવ ભાવે સૌરાગ જુ ખોય.૯**
**દીક્ષા ધારે તબ નિર્દોષ, કેવળ લઈ અર પામે મોક્ષ,**
**એમ વિચાર ભાવો ભવિજીવ, સૌ કલ્યાણ સુધરો સદૈવ. ૧૦**
**પંચ પરમગુરુઅર જિનધર્મ, જિનવાણી ભાખે સૌ મર્મ,**
**ચૈત્ય-ચૈત્યમંદિર પઢિ નામ, નમું માની નવ દેવ સુધામ. ૧૧**

**ઈતિ શ્રી સ્વામિ કાર્તિકેયાનુપ્રેક્ષાનો પંડિત જયચંદ્રજીકૃત હિંદી વચનિકાનો ગુર્જરાનુવાદ સમાપ્ત. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ**

અર્થ :- ઢુઢાહડ દેશમાં જયપુર શહેર છે. એમાં અત્યારે ત્રણ હજાર જૈનોના ઘર છે અને બસો દિગંબર જૈન મંદિરો છે. ત્યાંનો રાજા જગતસિંહ કરીને હતો. અત્યારના જેવા રાજાઓ છે એવો ન હતો. એનો મંત્રી ગુણવાન હતો. રાજા ખાનગી વાત હોય તે મંત્રીને કરતો હતો. શહેરમાં લોકોને કોઈ પણ જાતનો ભય ન હતો. કદાચ કોઈ વખત ભય કે દુઃખ થાય તો જલદી દૂર કરતો હતો. અત્યારે તો રાજ એવું છે કે કૂતરા, વાંદરા, તીડને મારી નાખવાં, માછલાંનો આહાર કરવો વગેરે હિંસાના કૃત્યો કરાવે છે. તે બધી ક્રિયા તો એના કારણે થાય છે પણ કાર્ય કર્તાઓના ભાવ કેવા છે એ વાત છે.

પહેલાંના રાજાઓ તો ધર્મના કામમાં માથું મારતાં નહિ. ધર્મના ભેદ ઘણા હતા પણ એમાં રાજા વિઘ્ન કરે નહિ. એ ધર્મોમાં જૈન ધર્મની જાહોજલાલી હતી, મોટા મોટા ઘણા ભક્તો હતા. જૈન ધર્મમાં પણ તેરાપંથ અને વીસપંથ બે ફીરકા છે. વીસપંથ તો શીથીલ છે, અને તેરાપંથ કડક પંથ છે. જૈન ધર્મમાં ઊંચામાં ઊંચો પંથ હોય તો આ તેરાપંથ છે અને નીચામાં નીચો ધર્મ જૈનના નામે હોય તો સ્થાનકવાસીમાંથી એક તેરાપંથ નીકળ્યો છે તે છે. કેમકે તેના માનનારા દયા દાનાદિમાં પાપ મનાવે છે. એ તેરાપંથની અહીં વાત નથી. અહીં દિગંબર કડક પંથ છે, તે તેરાપંથ છે. એમાં શ્રી ટોડરમલ્લજી, શ્રી બનારસીદાસજી, શ્રી જયચંદ્રજીપંડીત વગેરે થઈ ગયા છે.

આ તેરાપંથમાં જયચંદજી પંડીત થઈ ગયા. તેમણે ધર્માનુરાગથી આ ગ્રંથને વિચારી, અભ્યાસ કરી, મનમાં ધારીને બાર ભાવનાનું ચિંતવન કરવા માટે દેશ વચનિકા લખી છે. તે ચાલતી ભાષામાં લખેલી બાર ભાવના સુગમ છે. તીર્થંકરો પણ સર્વજ્ઞ અને મુનિ થવા પહેલાં આ બાર ભાવનાને ભાવે છે અને રાગ ઘટતાં દીક્ષા લે છે. ઈંદ્રોના પૂજ્ય એવા તીર્થંકરો આ ભાવના ભાવતા હતા. તે ખોટી ભાવના ભાવતા ન હતા. અત્યારના પંડિતો એમ કહે છે કે :- આ ભાવનામાં જે કાળે, જે ક્ષેત્રે, જે થવાનું હોય, તે થાય છે. એમ જ્ઞાની ભાવના ભાવે છે તે આપદા વખતે આશ્વાસન માટે ભાવે છે, પણ વસ્તુસ્થિતિ એમ નથી. તો એનો અર્થ તો એમ થયો કે તે ખોટી ભાવના ભાવતા હતા, પણ એમ નથી. જેવું વસ્તુનું સ્વરૂપ છે એવી જ ભાવના જ્ઞાની ભાવે છે. મૂળગ્રંથથી લખવામાં કાંઈ ફેર પડ્યો હોય તો જ્ઞાની પડિતોએ ભૂલ સુધારવી. મારી અલ્પબુદ્ધિ જોઈને હાંસી કરશો નહિ. મોટા પુરુષોનો એ માર્ગ છે. આ બાર ભાવના દરેકે ભાવવી. તેથી પાપનો નાશ થઈ રાગ ઘટી પુણ્ય થશે. માટે ભવ્ય જીવોએ આ ભાવના ભાવવા યોગ્ય છે.

અહીં નવ પ્રકારના દેવને વંદન કરીને અંત મંગળ કહે છે. પંચ પરમેષ્ટિ તે દેવ છે. જિનધર્મ, જિનવાણી, ચૈત્ય, ચૈત્યમંદિર પણ દેવ છે.

બોધપાઠઃ ગાથા ૨૪ માં કહેલ છે કે ધન આપે તે દેવ છે. આ નવ પ્રકારના દેવ આત્મલક્ષ્મી પ્રાપ્ત કરવામાં નિમિત્ત છે માટે તે દેવ છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પ્રકારના લાભ આપે છે માટે તે દેવ છે. આત્મા શુભભાવ કરે એમાં નિમિત્ત છે. ધર્મ એટલે પૂર્ણ, અર્થ એટલે પૈસો, કામ એટલે વિષય અને મોક્ષ એટલે મુક્તિ-તે દેવ આપે છે.

વીતરાગની વાણી જગતના બધા મર્મને ખોલી નાખે છે. દ્રવ્ય પણ પર્યાયના મર્મને બતાવે છે. એટલે  શાસ્ત્રો પણ દેવ છે. ભગવાનની પ્રતિમા પણ દેવ છે, પંચપરમેષ્ટીની પ્રતિમા હોય છે, તે પણ દેવ છે. ચૈત્યમંદિર પોતે દેવ છે. જ્યાં અરિહંત, સિદ્ધાદિની પ્રતિમા બિરાજમાન

કરેલ છે એવા ચૈત્યમંદિરને પણ અહીં દેવ કહેલ છે. આ રીતે નવ દેવના નામ આપી એ ધર્મના ધામ છે એમ કહીને નમન કરેલ છે. એ રીતે અંત મંગળ કર્યું છે.

સંવત્સર વિક્રમ તણું, અષ્ટાદશ શત જાણ;
ત્રેસઠ શ્રાવણ ત્રીજ વદ, પૂરણ થયો સુમાન. ૧૨
જૈનધર્મ જયવંત જગ, જેનો મર્મ સુ પાય,
વસ્તુ યથારથરૂપ લખી, ધ્યાવે શિવપુર જાય. ૧૩

ઈતિ શ્રી સ્વામિ કાર્તિકેયાનુપ્રેક્ષાનો પંડિત જયચંદ્રજીકૃત હિંદી વચનિકાનો ગુર્જરાનુવાદ સમાપ્ત.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

**આત્મભાવના નિમગ્ન કુમાર બ્રહ્મચારી શ્રી સદ્‌ગુરુદેવનો જય હો.**